પુસ્તક ૨૫ થી ૨૮

ચરિત્રમાળા.

વર્ષ ૬ ઠું.
સં. ૧૯૭૦

પ્રસિદ્ધકર્તા

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય. મું.

ભારતનાં સ્ત્રીરત્નો.

ભાગ ૩ જો.

લેખક:
શ્રીયુત શિવપ્રસાદ દલપતરામ પંડિત.

મુખ્ય સ્થળ
મુંબઈ.

શાખા—અમદાવાદ.

વાર્ષિક રૂ ૨
ચોપડીઓ ૩
પો. માફ.

ચરિત્રમાળાઃ પુસ્તક ૨૫થી ૨૮-વર્ષ ત્રીજું.

ભારતનાં સ્ત્રીરત્નો.

ગ્રંથ ૩ જો.

હાલનાં તથા અગાઉનાં ૧૩૨ સંક્ષિપ્ત ચરિત્ર.

લેખક—શિવપ્રસાદ દલપતરામ પંડિત.

ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૧-૨, આનંદીબાઈ જોશી, કથાગુચ્છ, ભારતના સંતપુરૂષો ઈ.ના લેખક. બારાં (કોટા રાજ્ય).

પ્રસિદ્ધ કર્તા-સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

સ્થળ-કાલબાદેવી, મુંબઈ. મંત્રી ભિક્ષુ-અખંડાનંદ.

પ્રથમાવૃત્તિ. વિ. સંવત ૧૯૭૦.

પ્રત ૨૩૦૦. ઈ. સ. ૧૯૧૩

મૂલ્ય-વાર્ષિક ફાળે ॥=) પાકું પૂઠું ॥।=) છૂટક એથી દોઢું.

અમદાવાદ
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં.
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

નવીન ગ્રંથ—આ સાથેનું કાર્ડ.

રાજસ્થાનનો ઈતિહાસ—

કર્નલ જેમ્સ ટૉડ પ્રણીત ગ્રંથના હિંદી અનુવાદને અનુસરતા ગુજરાતી અનુવાદરૂપ આ મહાન ઐતિહાસિક ગ્રંથનો પહેલો ભાગ હવે પ્રસિદ્ધ થઇ ચૂક્યો છે. એમાં મેવાડ અથવા ઉદયપુર રાજ્યનો પ્રથમથી હાલ સુધીનો ઇતિહાસ ઘણીજ રસિક અને હૃદયગ્રાહી ભાષામાં આપેલો છે. બીજા ભાગમાં રાજપુતાનાનાં મારવાડ ઇત્યાદિ બીજાં રાજ્યોનો ઇતિહાસ આવશે.

આ પ્રથમ ભાગની હકીકત નીચે પ્રમાણે છે.

ચિત્રો—મેવાડના પ્રથમથી હાલ સુધીના રાણાઓનાં તેમજ બાદશાહો, વીર પુરૂષો અને અન્ય ઇતિહાસ પ્રસિદ્ધ મનુષ્યો મળીને કુલ ૪૦ વ્યક્તિઓનાં ન્હાનાં મ્હોટાં ચિત્રો આમાં છે.

વંશપત્ર—ઇક્ષ્વાકુ તથા બુધથી લઈને મહાભારતના સમય સુધીનું એક, અને બીજું મહાભારતથી ઇ. સ. ૭૨૦ સુધીનું, એવાં સૂર્ય તથા ચંદ્રવંશનાં બે મ્હોટાં વંશવૃક્ષો આ ગ્રંથને અંગે જુદાં છપાવેલાં છે.

ટીપ્પણ—કર્નલ ટૉડ, પંડિત બલદેવપ્રસાદ મિશ્ર તથા પ્રસિદ્ધ ઇતિહાસવેત્તા પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા, એમનાં સેંકડો ઉપયોગી ટીપ્પણો આમાં આપેલાં છે.

એ સિવાય—રાજપુત જાતિનો પૈરાણિક ઇતિહાસ, કર્નલ ટૉડની તથા હિંદી અનુવાદકની ઉપયોગી ભૂમિકાઓ, ટૉડ સાહેબનું ઉત્તમ જીવનચરિત્ર તથા ચિત્ર, ઇત્યાદિ અનેક ઉપયોગી બાબતો આ ગ્રંથ સાથે જોડાયલી છે.

ઉપયોગિતા—આ પુસ્તક કેવું રોચક, શિક્ષાપ્રદ અને ભાવપૂર્ણ છે, તે વિષે અહીં વર્ણન ન કરતાં એટલુંજ જણાવવું બસ છે કે, પરાક્રમી વીર નરનારીઓનાં મનોહર રસિક અને સુબોધક એવાં સેંકડો ચરિત્રોના સમુદ્રની કે ઐતિહાસિક સત્ય વાર્તાઓના મહાસાગરની અથવા તો બીજા મહાભારતની ઉપમા તેને અપાય તોપણ ઘટીતજ છે. આ ગ્રંથના આધારવડે સેંકડો ચરિત્રો અને વાર્તાઓ અંગ્રેજી, હીંદી, બંગાળી, મરાઠી, ગુજરાતી ઈ. ભાષાઓમાં રચાયલાં છે.

ખાસ વિશેષતાઓ અને ઉદ્દેશ—ગુજરાતી ભાષામાં રાજસ્થાનનાં પુસ્તકો બીજે બે સ્થળેથી નીકળેલાં હોવા છતાં વિગતો, ટીપ્પણો, ચિત્રો ઇ૦ની વિશેષતા તથા ભાષાની રસિકતા અને શુદ્ધિ ઇત્યાદિ બાબતોનો ગુજરાતી વાંચકોને વિશેષ લાભ મળી શકે, અને તે છતાં કદ ઇત્યાદિના પ્રમાણમાં માત્ર ત્રીજા ભાગ જેટલીજ કિંમતે ગ્રંથ પૂરો પાડીને ગરીબ સ્થિતિના લોકોને પણ તેનો છૂટથી લાભ લેવાની તક આપી શકાય, એજ હેતુથી આ ગ્રંથની યોજના હાથ ધરાઈ છે.

ત્રણ પ્રકારની આવૃત્તિઓ—ગરીબ તેમ શ્રીમાન સર્વ પોતપોતાની રૂચિ અનુસાર આ ઉપયોગી ગ્રંથનો લાભ લઇ શકે તેટલા માટે કાગળો અને પૂઠાંમાં કેટલોક ફેરફાર રાખી તેની ત્રણ પ્રકારની આવૃત્તિઓ કહડાવી છે. કદ, ચિત્રો તથા લખાણ સર્વમાં સરખાંજ છે.

રૂ. ૨) વાળી આવૃત્તિ—એનું પૂઠું જાડા બોર્ડ સાથે કપડાની પટીવાળું તથા મજબૂત હોઇ કાગળો વિવિધ ગ્રંથમાળાના દોઢ રૂા. વાળા વર્ગમાં આવે છે તે જાતના છે. પોસ્ટેજ વી. પી. ખર્ચ ૦।≈

રૂ. ૨ાા વાળી મધ્યમ આવૃત્તિ—એમાં પૂઠું પાકું, તથા સળંગ કપડાવાળું અને કાગળો વિવિધ ગ્રંથમાળાના રૂ. ૩) વાળા વર્ગમાં તેમજ ચરિત્રમાળામાં વપરાય છે તે ૫૦ રતલી મજબુત કેટ્રીજ પેપર છે. પોસ્ટેજ વી. પી. ખર્ચ ૦।≈

રૂ. ૩ાા વાળી ઉત્તમ આવૃત્તિ—આ આવૃત્તિનો ખરો ખ્યાલ તેને નજરે જોવાથીજ આવી શકશે. એનું પૂઠું પાકું, મજબૂત અને સોનેરી હોવા સાથે અંદરની બાજુનું **અસ્તર** સોનેરી તથા પીતળ પાનના જેવા લીલા અને લાલ પ્રકાશિત રંગનાં નખાવેલાં છે. **કાગળો** પણ એમાં વપરાયા છે તેવા કોઈકજ ગુજરાતી પુસ્તકોમાં વપરાતા હશે. વજનમાં તે ૧૦૦ રતલી હોઈ દળમાં જાડા અને ચીકાશમાં મજબૂત છે. આ જાતની માત્ર ચારસો પ્રતજ છપાવવામાં આવી છે. એનું વજન છ રતલ હોઇ પોસ્ટેજ વી. પી. ૦ાાા− વધુ આવશે.

કદ—'ચરિત્રમાળા' નાં પાન કરતાં બેવડા કદનાં આડસો પૃષ્ઠ જેટલું છે.

ખાસ કિફાયત—'વિવિધ ગ્રંથમાળા' તેમજ 'ચરિત્રમાળા' નાં જે ગ્રાહકો ચાલુ ૧૯૭૦ ના વર્ષનું પહેલું પુસ્તક પોતાને મળ્યા પછીથી વધુમાં વધુ એક માસ સુધીમાં આ પુસ્તક ખરીદશે તેમને અગાઉના ગ્રાહક દાખલ ગણીને દર પ્રત આઠ આના ઓછી કિંમતે અપાશે; અને જેઓ એક વર્ષ સુધીમાં એટલે સં. ૧૯૭૦ ની આખર સુધીમાં આ પુસ્તક ખરીદશે, તેમની પાસેથી દર પ્રતે ચાર આના કમી લેવાશે. એ મુદ્દત પછીથી એવી કિફાયતે માગવાનો વૃથા શ્રમ કોઇએ લેવો નહિ. આ સંસ્થાનું ધોરણ પડતર કિંમત લેવાનું હોવાથીજ તુરતમાં થનાર ગ્રાહકોને ઉપલી કિફાયતથી અપાય છે. કારણ કે રક્ષણનો, વીમાનો, મકાન ભાડાનો, બુકસેલરકમીશનનો, વ્યવસ્થાનો અને જાહેર ખબર ૪૦ નો ખર્ચ સત્વર વેચાતાં પુસ્તકોપર થોડો, અને ઢીલથી વેચાય તેનાપર અધિક આવે છે.

બીજી બાબતો—આ પ્રમાણે દરેક પ્રકારની બનતી સારી યોજનાપૂર્વક આ અતિ ઉપયોગી ઐતિહાસિક ગ્રંથ ગુર્જર પ્રજા સન્મુખ સાદર કરવામાં આવ્યો છે. ગુર્જર પ્રજામાં ઐતિહાસિક સાહિત્યની

અને ચરિત્રના સાહિત્યની ઉપયોગિતાનું જ્ઞાન અને રૂચિની ન્યૂનતા છે. આશા છે કે આ પ્રકારે આવાં પુસ્તકો નીકળવાથી તેમાં સુધારો થશે અને તેનો સત્વર બહોળા પ્રમાણમાં લાભ લેવાશે. આ પ્રમાણે છપાયલાં પુસ્તકોમાં રોકાયલાં નાણાં તેના વેચાણવડે વસુલ થાય તે ઉપરજ આ ખાતા તરફથી બીજાં ઉપયોગી પુસ્તકો વાલ્મીકિ રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ, રાજસ્થાનનો ઇતિહાસ ગ્રંથ ૨ જો, રામકૃષ્ણ કથામૃત, યોગવાસિષ્ઠ, ઉપનિષદ, દાસબોધ, બૃહત્ કાવ્યસંગ્રહ, સુંદર વિલાસ, કબીરની વાણી, અખાની વાણી ઇત્યાદિ પ્રસિદ્ધ થવાનો આધાર રહેલો છે. જેથી આવા ગ્રંથોને ખરીદનાર જૂજ કિંમતથી તેનો લાભ થઈ શકવા સાથે ભવિષ્યમાં બીજા ઉપયોગી ગ્રંથો સસ્તી કિંમતે કહાડવામાં પણ આ સંસ્થાને ઉત્સાહ અને સહાય આપે છે, એ વાત ભૂલવા જેવી નથી.

આ સાથેનું કાર્ડ—આ પુસ્તક સાથે પ્રત્યેક ગ્રાહકપર છૂટાં કાર્ડ મોકલવામાં આવ્યાં છે. જે ગ્રાહકો એ કાર્ડપર અથવા બીજી રીતે પોતાનો રજીસ્ટર્ડ નંબર જણાવીને, આ ગ્રંથ ઉપર જણાવેલા સમય સુધીમાં મંગાવી લેશે, તેમનેજ ઉપર જણાવેલી કિફાયતથી તે મળી શકશે.

રેલ રસ્તે—આ ગ્રંથ અથવા તો આ ખાતામાંથી મળી શકતાં બીજાં હરકોઈ પુસ્તકો મળીને કમમાં કમ જેઓ ચાર પાંચ રૂ. નાં પુસ્તકો એક સાથે રેલ રસ્તે મંગાવશે તેમને પોષ્ટ કરતાં ઓછા ખર્ચે આવશે. સગવડ હોય તેમણે કોઇની સાથે મંગાવી લઇને એટલો ખર્ચ પણ વેઠવો નહિ. રેલ રસ્તે મંગાવનારે બધાં નાણાં પ્રથમથી મોકલી આપ્યાં હશે તો રીસીટને વી. પી. કરી મોકલવામાં લાગતો બેથી ત્રણ આનાનો રજીસ્ટર્ડ ખર્ચ પણ બચી જશે.

વ્યવસ્થાપક.

નિવેદન.

૨૫ થી ૨૮ મા પુસ્તક દાખલ સાદર થતા 'ભારતનાં સ્ત્રીરત્નો'ના આ ત્રીજા ગ્રંથથી 'ચરિત્રમાળા'નો ત્રીજા વર્ષમાં પ્રવેશ થાય છે.

સ્ત્રીરત્નોનો આ સંગ્રહ તૈયાર કરવામાં તેના સુયોગ્ય લેખક શ્રીયુત્ શિવપ્રસાદ દલપતરામ પંડિતની કાળજી, પ્રયત્ન અને સાહિત્ય સેવાની વૃત્તિ માટે આગલા ગ્રંથોમાં લખાઇ ચૂકેલું હોવાથી અત્ર એટલુંજ જણાવીશું કે આ ગ્રંથ પણ તેમણે તેવાજ યત્ન અને કાળજીથી તૈયાર કર્યો છે. વળી ચોથા ગ્રંથની તૈયારી પણ તેઓએ કરવા માંડી છે.

સ્ત્રીરત્નોના આ ત્રીજા ગ્રંથમાંનાં કેટલાંએક ચરિત્રોની પસંદગી મહત્તાના ખાસ ઉંચા ધોરણ પૂર્વક થયેલી નહિ જણાય, તો પણ આ દેશની વર્તમાન સ્ત્રીજાતિની કનિષ્ઠ સ્થિતિ અને તેઓમાં કેળવણીના પ્રચારની આવશ્યકતા તર્ફ જોતાં, માત્ર વિશેષ ભણતર અને બીજી સામાન્ય વિશેષતાઓવાળાં ચરિત્રો પણ વર્તમાન સમયનાં હોવાથી વર્તમાન સ્ત્રીજાતિ માટે ઉત્સાહદાયક અને ઉપકારકજ થઇ પડવાં જોઇએ. વળી દેશની વર્તમાન આવશ્યકતાઓ સમજીને તે ખાતે પોતાના જીવન અને ધનનો થોડો, વધારે, તેમજ સર્વ અંશ અર્પણ કરનાર, તેમજ અન્ય પણ અનેક અસામાન્ય સદ્ગુણોની પ્રતિતી કરાવનાર મહાન સન્નારીઓનાં ચરિત્રોની પણ આ ગ્રંથમાં ખામી જણાશે નહિ.

કોઈ કોઇ અસામાન્ય સન્નારીઓનાં જુદાં વિસ્તૃત ચરિત્રો પણ ચરિત્રમાળાદ્વારા નીકળવા સંભવ છતાં તેજ વ્યક્તિઓનાં સંક્ષિપ્ત ચરિત્રો આ સંગ્રહમાં પણ રહેવા દેવાનું કારણ કે એથી કરીને ગ્રંથના કદમાં જાણવા જેવો ફેર પડી જતો નથી; અને કદાચ 'આ ને તે

બંને રહી જાય' એવા અનિશ્ચિત ભવિષ્ય કાળના જોખમમાં રહેવું પડતું નથી.

આ પુસ્તકની યોજના વિશેની વિશેષ વિગત આ પછી આપેલી લેખક મહાશયની પ્રસ્તાવનાથી વિદિત થશે.

ચરિત્રમાળાનાં સર્વ પુસ્તકોની એક સરખી સંખ્યા છપાતી હોવાથી તે વાર્ષિક ગ્રાહકોને અથવા આખા વર્ષનો સૅટ ખરીદનારનેજ વેચવાની સુગમતા રહે છે, અને પાછળથી પણ તેવા સૅટ ચાલુ મૂલ્યથીજ અપાય છે; જેને જે પુસ્તક છૂટક જોઇયે તે આપવા જતાં કોઈ કોઈ પુસ્તકની વધુ પ્રતો ખપી જવાથી વર્ષ આખરે સેંકડો સૅટ ટૂટક બની જઇ બાકીનાં પુસ્તકો બદલ સંસ્થાને અગવડ અને નુકશાનમાં ઉતરવું પડે એ દેખીતુંજ છે.

બીજા હાથપર કોઇ કોઇ સ્થળેથી થતી છૂટક માગણીની ના પાડવી એ પણ ઠીક લાગતી નથી; જેથી હવેથી અજમાયશી એવું ધોરણ રાખ્યું છે કે વાર્ષિક મૂલ્યને હિસાબે થાય તે કરતાં દોઢી કિંમતથી 'ચરિત્રમાળા'નાં પુસ્તક છૂટક આપવાં.

હાલમાં આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલો નવીન ઐતિહાસિક ગ્રંથ "રાજસ્થાનનો ઇતિહાસ" ની આ સાથે અપાયલી હકીકત તથા તેને કિફાયતથી મેળવવા ઇચ્છનારને અપાયલી સગવડ પ્રત્યે દરેક વાંચનારનું ધ્યાન ખેંચવામાં આવે છે. આ સાથે વહેંચાયલા છૂટા કાર્ડમાં તે ખરીદવા ઇચ્છનારે લખી જણાવવું. ॐ तत्सत्.

માર્ગશિર્ષ શુકલ પંચમી સં. ૧૯૭૦
ડિસેમ્બર ઇ. સ. ૧૯૧૩ } મંત્રી.

લેખકની પ્રસ્તાવના.

'ભારતનાં સ્ત્રીરત્નો'ના પ્રથમ બે ભાગમાં સમાવેશ કરવા યોગ્ય પરન્તુ સ્થળ સંકોચને લીધે રહી ગયેલાં ચરિત્રો, તથા છેક આધુનિક સમયની ભારતવાસી સન્નારીઓનાં જીવનનો યત્ કિંચિત્ પરિચય આપવાનો આ ત્રીજા ગ્રંથમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. જે જે ગ્રન્થો અને લેખોની સહાયથી, અનુવાદ, સાર કે અક્ષરશઃ ઉતારારૂપે આ પુસ્તકમાંનાં ચરિત્રો લખવામાં આવ્યાં છે તે સર્વના લેખકો અને પ્રકાશકોનો ખરા અંતઃકરણપૂર્વક ઉપકૃત છું. પત્રદ્વારા તથા રૂબરૂમાં કેટલીક અગત્યની સૂચનાઓ તથા પ્રોત્સાહન આપવા માટે મ્હારા વિદ્વાન્ સ્નેહીઓ રા. રા. રણજીતરામ વાવાભાઇ મહેતા તથા રા. રા. રામમોહનરાય જસવંતરાય દેસાઇનો પણ આભાર માનું છું.

હિન્દુ, બ્રાહ્મ, શિખ, પારસી, મુસલમાન, ખ્રિસ્તી આદિ વિવિધ કોમની જે જે ભારત લલનાઓના ચરિત્રમાં કાંઇક વિશેષતા દીઠામાં આવી ત્હેમનો પરિચય, જાતિ, ધર્મ કે સંપ્રદાયનો ભેદભાવ રાખ્યા વગર અત્રે કરાવવામાં આવ્યો છે. આપણા દેશમાં જીવનચરિત્રના સાહિત્યની ન્યૂનતાને લીધે આ ગ્રન્થમાંનાં ઘણાંખરાં ચરિત્રો અપૂર્ણ જેવાં છે. એ ન્યૂનતા મ્હને પણ સાલે છે. આ પુસ્તકોને માર્ગદર્શક ગણી એ સન્નારીઓનાં ચરિત્રને લગતી અધિક માહિતી મેળવીને જન-સમાજને ત્હેનો લાભ આપવાને અન્ય વિદ્વાન્ લેખકો બહાર આવશે તો મ્હારો પ્રયત્ન કેટલેક અંશે સફળ થયો એમ હું માનીશ.

આશા છે કે આ પુસ્તકના વાચન અને અધ્યયનથી વિવિધ પ્રાન્તવાસી અને વિવિધ ધર્માવલંબી ભારત દુહિતાઓમાં પરસ્પર

ભગિનિભાવ વૃદ્ધિ પામશે, અને અન્યોન્યના અધિક સમાગમમાં આ-વીને, એક બીજામાં રહેલા સદ્‌ગુણો ગ્રહણ કરીને તથા દોષોનો ત્યાગ કરીને, તેઓ ભારતમૈયાનું મુખ ઉજ્વલ કરે એવાં અનેક સત્કાર્યો કરવા ભાગ્યશાળી નીવડશે.

માતૃભૂમિ ગુજરાતની બહાર અને તે પણ ગ્રન્થો, માસિકો, સાક્ષર સમાગમ આદિ જ્ઞાન વૃદ્ધિનાં સાધનો સ્હેલાઇથી પ્રાપ્ત ન થઇ શકે એવા સ્થાનમાં વસીને માતૃભાષાનો સેવા કરવાનું કાર્ય સુગમ નહિ હોવાથી મ્હારા ગ્રન્થોમાં અશુદ્ધિ અને અપૂર્ણતારૂપી દોષો, અનિચ્છાએ પણ સ્થળે સ્થળે આવી ગયા હશે. સહૃદય વાંચકો અને વિદ્વાન્ સમાલોચકો, મિત્રભાવથી, ખાનગી પત્રોદ્વારા કે જાહેર સમા-લોચનાદ્વારા એ દોષો જણાવવા તસ્દી લેશે તો હું ત્હેમનો ચિર-કૃતજ્ઞ થઇશ.

બારાં—કોટા રાજ્ય (રાજપુતાના).

તા. ૨–૧૨–૧૩. માગશર સુદિ પંચમી સં. ૧૯૭૦

શિવપ્રસાદ દલપતરામ પંડિત.

ઉપકાર–સ્વીકાર.

આ ગ્રન્થ રચવામાં નીચે લખેલા ગ્રન્થો તથા માસિકોની મદદ લેવામાં આવી છે. જ્હેને માટે ત્હેમના લેખકો અને પ્રકાશકોનો ખરા અંતઃકરણપૂર્વક ઉપકાર માનવામાં આવે છે.

૧. મહિલા મૃદુવાણી. લે. મુનશીફ દેવીપ્રસાદજી.
૨. મશાહિર ઇ. નિસ્વાન. લે. મૌલવી મહમ્મદ અબ્બાસ.
૩. હિરોઇન્સ ઑપ્ઇન્ડિયા. લે. સ્વ. શ્રીયુત મન્મથનાથદત્ત એમ. એ.
૪. આર્યનારી બીજો ભાગ. લે. શ્રી કાલિપ્રસન્ન ગુપ્ત અને શ્રી દક્ષિણા રંજાનમજુમદાર.
૫. આર્યકીર્તિ (બં) શ્રીયુત રજનીકાન્ત ગુપ્ત.
૬. ભગવતી દેવી (બં) શ્રી પ્રિયદર્શન હાલદાર.
૭. સતી ચરિત્ર સંગ્રહ ભા. ૧લો. } શ્રીયુત રામજીવનજી.
૮. ,, ,, ,, ભા. ૨જો. }
૯. ઐતિહાસિક રાણિયાં. બાબુ કાશીનાથખત્રી.
૧૦. મહારાણી સ્વર્ણમયી લે. બિહારીલાલ સરકાર.
૧૧. આદર્શ રમણી–મૌલવી શેખ અબ્દુલ જબ્બર.
૧૨. સાક્ષરમાળા (ગુજરાતી) લે. રા. રા. જયસુખરાય પુરૂષોત્તમરાય જોશીપુરા એમ. એ.
૧૩. થેરીગાથા–શ્રી વિજયચંદ્ર મજુમદાર.
૧૪. સામ્સ ઑફ ધી સિસ્ટર્સ–મિસિઝ રીસડેવિડસ.

સરસ્વતી, પ્રવાસી, ભારતમહિલા, ઇંડિયન લેડીઝ મેગેઝીન, ઇન્ડિયન સોશિયલરિફૉર્મર, મૅન ઍન્ડવિમેન ઑફ ઇન્ડિયા, સુંદરી સુબોધ અને સ્ત્રીબોધ આદિ માસિકો.

અનુક્રમણિકા.

પરિશિષ્ટ.

બૌદ્ધયુગની સન્નારીઓ.

"ચરિત્ર ઉત્તમ વાંચતાં, અંતર ઉન્નત થાય;
'ચરિત્રમાળા' ચાહથી તે અર્થે વંચાય."

'ચરિત્રમાળા'નાં આગલાં બે વર્ષનાં પુસ્તકો.

દરેક વર્ષનાં પુસ્તકોનાં નામ નીચે પ્રમાણે છે.
દરેક સૅટના રૂ. ૨) પાકાં પૂઠાં સાથે રૂ. ૩) પો. માફ.

સં. ૧૯૬૮ નાં પુસ્તકો-પૃષ્ટ ૧૭૫૦ નાં.

૧-૨ શ્રી બુદ્ધચરિત્ર અને ઉપદેશો. ૩ થી ૮ ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૧ લો-પ્રાચીન સતી સાધ્વીઓનાં ૧૨૫ ચરિત્રો. ૯ થી ૧૨ ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૨ જો-ઐતિહાસિક સતી વીરાંગનાઓ ૬૦ નાં ૧૮૦ ચરિત્રો.

સં. ૧૯૬૯ નાં પુસ્તકો કુલ પૃષ્ટ ૧૫૦૦.

૧-૨ ભારતના મહાન પુરૂષો. ૩ આનંદીબાઇ જોશી. ૪ થી ૭ ભારતના વીર પુરષો. ૮ થી ૧૦ ભારતના સંતપુરૂષો. ૧૧-૧૨ જગવિખ્યાત પુરૂષો (સોક્રેટીસ અને ફાધર ડેમિયચન.)

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

કાલબાદેવી રોડ-મુંબઈ, અને ખમાસા ચોકી-અમદાવાદ.

ભારતનાં સ્ત્રીરત્નો.

ગ્રંથ ત્રીજો.

૧—હરબાઈ.

જયપુર રાજ્યની તંવરાટી નિઝામતમાં પાટણ નામનું એક ગામ છે. ત્હાં પંડિત હરિદત્ત નામનો એક ગૌડ બ્રાહ્મણ રહેતો હતો. હરબાઇ એ પંડિતની પત્ની હતી. પંડિત હરિદત્તની સાંસારિક સ્થિતિ સારી હતી. પાટણથી બે અઢી ગાઉ ઉપર ઇમિલોહા નામનું એક ગામ છે. એ ગામમાં હરિદત્તની કેટલીક માફીની જમીન હતી. ત્હાં આગળ એની જજમાની પણ હતી તેથી દંપતિ ઘણું ખરૂં ત્હાંજ રહેતાં હતાં.

હરબાઇની બાલ્યાવસ્થા તો અમાવાસ્યાની રાતની માફક અન્ધકારમાંજ નીકળી ગઇ. એક સાધારણ સ્ત્રીની પેઠે પિયેર, મોસાળ, સાસરૂં અને પડોશ આડોશના લોકો સિવાય બીજું કોઇ એનું નામ જાણતું નહોતું, પરન્તુ જ્યહારે એ વૃદ્ધાવસ્થામાં આવી પહોંચી, ગરદન નીચી ઝુકી ગઈ અને શરીરની બધી ઇન્દ્રિયોએ પોતપોતાનું કામ કરવું બંધ કરી દીધું, ત્યહારે સંસાર સાગરને પાર ઉતરીને જીવન યાત્રાના અન્તિમ મુકામ

ઉપર પહોંચતાં પહોંચતાં એણે એક એવું કામ કર્યું કે જેથી ત્હેનું નામ પૂર્ણિમાના ચન્દ્રની પેઠે ચારે તરફ ફેલાઇ ગયું.

હરિદત્તને બે પુત્ર હતા. પણ હરિદત્તની વૃદ્ધાવસ્થા હોવાથી જમીન અને યજમાન વૃત્તિનું કામ સંભાળવાને સારૂ હરબાઇને પણ ઘણીવાર ઇમલોહા ગામમાં રહેવું પડતું હતું. એક વખત ઇશ્વરનો એવો કોપ થયો કે એ ઇમલોહા ગામમાં હતી એવામાં ત્હેના પતિનું મૃત્યુ થઈ ગયું. પતિનો દેહાંત થયો એજ વખતે હરબાઇને એ સમાચારની પોતાની મેળેજ ખબર પડી ગઇ, અને તે પણ એટલી જલ્દી કે જાણે કે કોઈ દેવ એના કાનમાં આવીને કહી ગયો હોયને! અથવા તો કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે કહીએ તો ત્હેના પતિનો પ્રાણજ પોતાના મૃત્યુની ખબર પ્રિયતમાને આપતો ગયો.

એજ સમયે ત્હેણે પોતાના પતિના શિષ્ય ઉગ્રયાદોહલ્યા નામના બ્રાહ્મણ પાસે ઝાલરા કુંડનું પાણી અને ગાયનું છાણ લાવવાનું કહ્યું. આજ્ઞા મુજબ એ શિષ્ય કુંડમાં સ્નાન કરીને ઝાલરા કુંડનું પાણી તથા ગાયનું છાણ લઇ આવ્યો. ઝાલરા કુંડ ત્યહાં આગળ એક તીર્થ ગણાય છે. હરબાઇએ તે પવિત્ર પાણીથી સ્નાન કર્યું તથા છાણથી ચોકો કરીને બેસી ગઇ, અને થોડીવાર સૂધી ચુપચાપ ઇશ્વર પ્રાર્થના અને સ્તુતિ કરવા લાગી. ત્યહાર બાદ ત્યહાંથી ઉઠીને ઠાકુર વ્રજસિંહ આદિ બે ચાર શિષ્યોને સાથે લઇને ચાલવા લાગી અને સ્હવાર થતાં થતાંમાં પાટણ જઇ પહોંચી. ઘરમાં જઇને ત્હેણે સૌભાગ્ય સૂચક વસ્ત્ર અને આભૂષણ પહેર્યાં અને પતિના શબની સાથે જવાની તૈયારી કરી લીધી. ત્હેનો ન્હાનો પુત્ર દાન જે એ વખતે પ૯

વર્ષનો હતો. ત્હેણે માતાને સતી થતાં રોકી, પણ વૃદ્ધ હરબાઇએ ત્હેનું કહ્યું માન્યું નહીં. આખરે ત્હેણે હરબાઇને એક ઓરડીમાં બંધ કરી દીધી. એવું કહેવાય છે કે, કોઇ દૈવ સંયોગથી બારણાની બહારની સાંકળ તુટી ગઈ અને કમાડ ઉઘડી ગયાં.

પતિના શબની સાથે એ સ્મશાન ભૂમિમાં પહોંચી. જ્યહારે ચિતા તૈયાર થઈ અને શબ ચિતા ઉપર મુકવામાં આવ્યું ત્યહારે એ ચિતા ઉપર ચ્હડવા લાગી. પુત્રે ત્હેને આ વખતે પણ રોકી પરન્તુ એણે કહ્યું માન્યું નહિ અને પતિના માથાને ખોળામાં લઇને ચિતામાં જઇને બેઠી.

હરબાઇના મ્હોટા પુત્રનું નામ ભગવાન હતું. ત્હેની વય ૬૨ વર્ષની હતી. બન્ને ભાઈમાંથી એકને પણ સંતાન નહતું. હરબાઇ ચિતાના અગ્નિમાં પ્રવેશ કરવા લાગી તે વખતે લોકોએ હાથ જોડીને કહ્યું "સતી મા ! ત્હમે તો સ્વર્ગમાં સધાવો છો, પણ હમને જતી વખતે કાંઇ આજ્ઞા કરતાં જાઓ. જુઓ ! આપનો વંશ વેલો નાબૂદ થતો જાય છે. પછી હમારો ગોર કોણ બનશે ? માટે એનો કાંઇ ઉપાય બતાવતાં જાઓ."

હરબાઇએ ઉત્તર આપ્યો " ઠીક, ત્હમે પૂછો છો તો સાંભળો. ન્હાનો છોકરો તો નાલાયક છે. ત્હેણે મ્હારૂં અપમાન કર્યું છે તેથી એનો વંશ રહેશે નહિ અને એને કોડ થશે; પરન્તુ કિશોરપુરના લક્ષ્મણ નારાયણ નામના બ્રાહ્મણને એક સોળ વર્ષની કન્યા છે. ત્હેની સાથે ભગવાન લગ્ન કરશે તો ત્હેને સંતાન થશે અને કુટુંબનું નામ કાયમ રહેશે."

અસ્તુ ! ચિતામાં અગ્નિ સંસ્કાર થઇ ગયો. અગ્નિ પો-

તાની લાંબી લાંબી જ્વાળાઓથી હરબાઇના પવિત્ર દેહનું ભક્ષણ કરવા લાગ્યો. જોતજોતામાં હરબાઇ બળીને પતિલોકમાં પહોંચી. ત્હેના સ્મારકમાં ત્હેના પુત્રોએ એક પાકી સમાધિ બનાવીને ત્હેના ઉપર એક છત્રી બનાવી. આજ દિન સુધી એ છત્રી ત્ય્હાં આગળ છે અને જોનારાઓને સતી હરબાઇનું સ્મરણ કરાવે છે.

આ બનાવને ૧૫૦ વર્ષથી પણ અધિક સમય થઇ ગયો છે પરન્તુ આજ પણ એ ગામના વસનારાઓ એ વાતને ભૂલી ગયા નથી. કહેવાય છે કે ન્હાના પુત્રને સતીના શાપ અનુસાર કોડનો રોગ લાગુ પડયો અને એ રોગથીજ ત્હેનું મૃત્યુ થયું. બીજા પુત્ર ભગવાને હરબાઇએ સૂચવેલી કન્યા સાથે લગ્ન કર્યું. ત્હેનાથી ત્હેને પુત્ર થયો અને ત્હેના વંશજો હજી હયાત છે. લોકોનું એવું માનવું છે કે ૬૨ વર્ષની પાકી વયે સંતાન થવું સહજ નહિ હોવા છતાં ભગવાનને પુત્ર થયો એ સતી હરબાઇના આશીર્વાદનોજ પ્રતાપ છે.

એ ગામના લોકો હજી સુધી હરબાઇના નામને પવિત્ર ગણે છે. મરતે મરતે સતી હરબાઇએ કેટલીક વસ્તુઓ ઉપયોગ કરવાનો પોતાના વંશજોને નિષેધ કર્યો હતો. તે આજ્ઞાને અનુસરીને ત્હેના વંશની સ્ત્રીઓ નીચે લખેલી વસ્તુઓનો ઉપયોગ કરતી નથી. કસૂંબો, પગમાં પહેરવાનાં ‘ બિછિયા ’ નામનાં અલંકાર, દાંતોમાં સોનાની મેખ, તથા ઘરના પૈસા ખરચીને આણેલા સીંદુરનો ચાંલ્લો એટલી વસ્તુઓનો ઉપયોગ હરબાઇના વંશની સ્ત્રીઓ હજી નથી કરતી.

૨—બૈજાબાઈ.

એ મરાઠા સરદાર દીવાન શ્રીજીરાવ ઘટકેની પુત્રી હતી. —મિ. મેલકમ સાહેબે કૃષ્ણકુમારીના ભાઇને જોઇને જેવી રીતે ત્હેના રૂપ તથા યૌવન વિષે અનુમાન કર્યું હતું, તેવી રીતે બૈજાબાઈના ભાઇ હિંદુરાવની છબી દિલ્હીના મ્યુઝિયમ સંગ્રહસ્થાનમાં જોઇને આપણે પણ ત્હેના રૂપ યૌવન આદિનો વિચાર બાંધી શકીએ છીએ. હિંદુરાવ જો કે અત્યંત રૂપાળો નહોતો તોપણ ત્હેના શરીરનો બાંધો સુંદર તથા દેખવા લાયક હતો. એનો રંગ જરા શામળો હતો, પરન્તુ ત્હેનાં નેત્ર ઘણાં તેજસ્વી દેખાતાં હતાં.

બાળપણમાંજ બૈજાબાઇનો વિવાહ દૌલતરાવ સિંધિયાની સાથે થઇ ગયો હતો. ત્હેના વિવાહ વખતે એટલી ધામધૂમ થઇ હતી કે પહેલાં કોઇ રાજાનાં લગ્ન એટલી ધામધૂમથી થયાં ન્હોતાં. એમ કહેવાય છે, કે ત્હેના વિવાહના ખર્ચથી ખજાનો એટલો ખૂટી ગયો હતો કે સૈનિકોનો પગાર ચુકવવામાં પણ મુશ્કેલી નડી હતી. બૈજાબાઇ ઘણીજ ઉદારચિત્તની વીર સ્ત્રી હતી. સિંધિયા સરકાર એટલું બધું માન રાખતા હતા કે ત્હેને પૂછ્યા વગર કોઈ પણ કામ કરતા નહોતા. ઈ. સ. ૧૮૨૮ માં મહારાજાનો સ્વર્ગવાસ થયો. ત્હેમને કાંઇ સંતાન નહોતું, તથા ત્હેમણે પોતાની જીંદગીમાં કોઈ બાળને દત્તક પણ લીધો નહોતો એટલે પતિના મૃત્યુ પછી બૈજાબાઈ પોતે ગાદી ઉપર બેઠી. એની એવી ઇચ્છા હતી કે પોતાના પિતાના વંશમાંથી

કોઇ બાળકને ખોળે લેવો, પણ કેટલાક સંયોગોને લીધે ત્હેની એ ઇચ્છા પૂર્ણ ન થઇ શકી.

આખરે એણે પોતાની મરજી વિરૂદ્ધ પતિના વંશમાંથી મુગટરાવ નામક એક બાળકને ખોળે લીધો. એ વખતે એની ઉમર ફક્ત અગિયાર વર્ષની હતી. જ્યાં સુધી એ રાજકાજ સંભાળવાને યોગ્ય ન થયો ત્યાં સુધી બૈજાબાઇએ ઘણીજ કુશળતાપૂર્વક રાજ્યનો વહિવટ ચલાવ્યો. પરન્તુ મુગટરાવ પુખ્ત ઉમરનો થયો ત્યારે એણે ગાદી માગી. બૈજાબાઇએ એ રાજ્યનો સ્વતંત્રપણે ઉપભોગ કર્યો હતો એટલે ત્હેણે મુગટરાવને ગાદી આપવાને આનાકાની કરી. મુગટરાવ મહેલમાંથી નીકળીને રેસિડેન્ટની પાસે પહોંચ્યો. ધીમે ધીમે બન્નેનાં ઘણાં ઉંચાં મન થતાં ગયાં અને બૈજાબાઇ તથા મુગટરાવ યુદ્ધ કરવાને તૈયાર થયાં. પરન્તુ સરકારે વચમાં પડીને બન્નેનો નીવેડો આણ્યો. ત્હેમણે ફેંસલો કર્યો કે ‘ મુગટરાવ રાજગાદીનો માલિક છે, અને બાઇ બૈજાબાઇ ત્હેની સગીર ઉમર સુધી વહિવટ કરવાને માટે નિમવામાં આવી હતી પણ હવે મુગટરાવ સમર્થ થયો છે એટલે ત્હેને ત્હેની ગાદી આપી દેવી જોઇએ.’ એ પ્રમાણે મુગટરાવ સિંધિયા, ઇ. સ. ૧૮૩૩ માં ‘ આલિજાહ ’ ની ઉપાધિ ધારણ કરીને ગ્વાલિયરની ગાદીએ બેઠો.

થોડા દિવસ પછી પોતાની ધન દૌલત તથા ચાકરનોકર લઇને બૈજાબાઇ ગ્વાલિયરથી આગ્રા જઇ વસી, પણ આગ્રા ગ્વાલિયરની પાસે હતું એટલે મુગટરાવને સદા ભય રહેતો હતો કે એ રખે લશ્કરના માણસોને ઉશ્કેરીને બળવો મચાવે. સરકારે ત્હેના દરજ્જાને લાયક પેન્શન બાંધી આપીને ત્હેને ફરૂખાબાદમાં જઇ

રહેવાનો હુકમ આપ્યો. થોડા વખત પછી ગ્વાલિયરના રાજાએ એ શર્ત ઉપર ત્હેને પોતાના રાજ્યની આવકમાંથી અમુક રકમ આપવાનું કબુલ કર્યું કે બૈજાબાઇએ દક્ષિણમાં પોતાની જાગીરમાં જઇ વસવું. ઇ.સ. ૧૮૫૭ ના બળવામાં બાઇએ ઉપદ્રવી મનુષ્યોથી સિંધિયા કુટુંબનું રક્ષણ કર્યું અને અન્તમાં પોતાનો પ્રાણ બચાવીને ક્ષિપ્રા નદીને કિનારે ગઈ. ત્યાંજ થોડા દિવસ પછી ત્હેનો પરલોકવાસ થયો.

ફૈનીપાર્ક સાહેબની સ્ત્રી કે જે બૈજાબાઇને મળવા ગઇ હતી ત્હેણે પોતાની મુસાફરીના વૃત્તાંતમાં લખ્યું છે કે 'જે વખતે હું બૈજાબાઇને મળવા ગઇ તે વખતે એ જરીકામથી ભરેલી એક ગાદી ઉપર બેઠી હતી. ત્હેની એક તરફ ત્હેની પૌત્રી ગજરાજ પણ બેઠી હતી, અને બંને તરફ દાસીઓ ઘણા આદરપૂર્વક ઉભી રહી હતી. ગાદીના ઉપર રાણીની સ્હામેજ સિંધિયાની તલવાર મૂકેલી હતી; તેથી ત્હેનું દૃશ્ય ઘણુંજ રમણીય થઇ રહ્યું હતું. બૈજાબાઇના માથાના વાળ સફેદ થઇ ગયા હતા, પણ ત્હેનું મંદ હાસ્ય ઘણુંજ પ્રિયકર હતું. નિઃસંદેહ એ યુવાવસ્થામાં ઘણી મોહિની સ્ત્રી હશે. ત્હેના ન્હાના ન્હાના હાથ પગ સુડોળ તથા કોમળ હતા અને વાણી અત્યંત મધુર હતી. એણે રંગીન રેશમી વસ્ત્ર પહેર્યાં હતાં, અને હાથમાં સોનાની એક એક ચૂડી હતી. બીજા કોઇ અલંકાર એ પહેરતી નહોતી. વિધવા હોવાથી એ શારીરિક કષ્ટ જપ, તપાદિ કર્યા કરતી હતી અને ત્હેનેજ લીધે એ દુર્બળ દેખાતી હતી, પરન્તુ ત્હેના મુખની કાન્તિ ઘણી દેદીપ્યમાન હતી. ત્હેની ચાલ તથા લક્ષણ ઘણાંજ પ્રશંસનીય હતાં. મ્હોટા રાજકુળની સ્ત્રીઓમાં એવાં લક્ષણ ઘણાં થોડાં જોવામાં આવે છે. ત્હેની પૌત્રી ગજરાજ

પણ અત્યંત રૂપવતી બાલિકા હતી, ત્હેનાં નેત્ર ઘણાં ચળકતાં તથા શરીરનું લાવણ્ય ઘણુંજ મનોહર હતું. મરાઠી સ્ત્રીઓ કેવળ બેજ જાતનાં વસ્ત્ર પહેરે છે. એક તો વીસ હાથની લાંબી સાડી હોય છે. ત્હેને એ પગથી માથા સુધી કમરમાં લપેટીને પહેરે છે જે અત્યંત સુંદર લાગે છે, તે સિવાય હાથની કોણી સુધીની ચોળી પહેરે છે. ગજરાજે કાળા રંગની સાડી પહેરી હતી અને માથાના વાળનો ઘણી અદ્ભુત રીતે અંબોડો વાળ્યા હતો. કટારના આકારના, ચન્દ્રમાના આકારના તથા પુલના આકારનાં સુવર્ણાભૂષણ વાળમાં ખોસેલાં હતાં, તથા કાનમાં હીરાનાં લોલક પહેર્યા હતાં, આંખોમાં અંજન આંજ્યું હતું તથા હાથે મેંદી લગાડી હતી, જેને લીધે એ અત્યંત સુંદર દેખાતી હતી. એ ગળાથી કમર સુધી હીરા તથા મોતીનાં આભૂષણોથી ભરેલી હતી. ત્હેના નાકમાં ન્હાનીશી નથ ઝુકી રહી હતી. જેનાં મોતી ત્હેના લાલ હોઠો ઉપર પડીને ઘણી શોભા આપતાં હતાં. હાથમાં ત્હેણે અનેક રત્નજડિત કંકણ તથા પગમાં સોનાનાં સાંકળાં પહેર્યાં હતાં. એ ઘણુંજ થોડું બોલતી હતી. મેળાપ સમયે એ મ્હારી સાથે ઘણું થોડું બોલી. ત્હેની ચાલ ઘણીજ ગંભીર હતી, અને સ્વભાવ ઘણો શાંત જણાતો હતો. મ્હારી સાથે આવેલી એક મડમે ત્હેના હાથમાં ફુલનો ગોટો આપ્યો, તે ત્હેણે ઘણી પ્રસન્નતા-પૂર્વક લીધો. ત્હેને જોવાથી જણાતું હતું કે મરાઠા સ્ત્રીઓ ઘણા શૂરી હોય છે. મહારાણી બૈજાબાઇની ચારે તરફ સોનેરી સાડીઓ પહેરીને ત્હેની દાસીઓ ઉભી હતી. ત્હેમણે ઘણી કીંમતી શાલો ઓઢી હતી. એ બધી દાસીઓ જ્યારે બૈજાબાઇની પછાડી ચાલતી હતી ત્યારે દેખાવ ઘણોજ સુંદર લાગતો હતો.'

૩—પ્રતાપકુંવરબાઈ.

એ જોધપુર રાજ્યમાં જાખણ નામના ગામના ભાટી ઠાકુર ગોયંદદાસજીની પુત્રી અને મારવાડના નરેશ મહારાજા માનસિંહજીની રાણી હતી.

ચંદ્ર વંશના યદુકુળ ક્ષત્રિયોની અનેક શાખાઓમાં ભાટી એક પ્રબળ અને પ્રસિદ્ધ શાખા છે અને ભાટીઓમાં પણ ઘણી શાખા છે. તેમાંની એકનું નામ રાવલોત છે. ત્હેની બે ખાંપ દેરાવરિયા રાવલોત અને જૈસલમેરિયા રાવલોત નામથી પ્રખ્યાત છે. પ્રતાપકુંવરના પિતા ગોયંદદાસજી દેરાવરિયા રાવલોત ભાટી હતા.

દેરાવરિયા રાવલોતોની જાતિ પહેલાં દેરાવરમાં રાજ્ય કરતી હતી. પ્રતાપકુંવરના પૂર્વજોની એ પ્રાચીન રાજધાની સિંધમાં હતી અને હાલ ભાવલપુરના નવાબ સાહેબના તાબામાં છે.

દેરાવરિયા રાવલોતના મૂળ પુરૂષ રાવલ માલદેવ હતા ત્હેમની નવમી પેઢીએ પ્રતાપકુંવરનો જન્મ થયો હતો.

રાવલોત ભાટી બનતા સુધી પોતાની દીકરીઓનો વિવાહ ગઢપતિ અર્થાત રાજામહારાજા સાથે કરે છે. જ્હેના બદલમાં એમને રાજાઓ તરફથી જાગીર મળે છે. ભાટીઓની કન્યાઓ જે સાધારણ રીતે ભટિયાણી નામથી ઓળખાય છે, તે દેખાવમાં ઘણી સુંદર અને સુઘડ હોય છે, તેથી રાજાઓ પણ ત્હેમની સાથે લગ્ન કરવું ઘણું પસંદ કરે છે.

મહારાજા માનસિંહની ૧૩ રાણીઓમાંથી પાંચ અને

જયપુરના મહારાજા જગતસિંહની ૧૩ રાણીઓમાંથી સાત રાણીઓ ભટિયાણી હતી.

મહારાજા માનસિંહની પાંચ ભટિયાણીઓમાંથી ત્રીજી પ્રતાપકુંવર હતી તેથી મહારાજા સાહેબ એને ત્રીજાં ભટિયાણીજી કહેતા હતા. મહારાજા તખ્તસિંહજીના સમયમાં એ માજી ભટિયાણીજી, અને મહારાજા શ્રી જસવંતસિંહજીના સમયમાં દાદીજી શ્રી ત્રીજાં ભટિયાણીજી કહેવાતાં હતાં વ્યાકરણના કાયદા પ્રમાણે એ પુલ્લિંગ સૂચક 'ત્રીજાં' શબ્દથી ઓળખાવી નહોતી જોઇતી, પરન્તુ ત્રીજી ભટિયાણી કહેવાવી જોઇતી હતી પરન્તુ રાજપુતાનાના દેશી રાજ્યોમાં એવી મર્યાદા છે કે મ્હોટા ઘરની સ્રીઓ વિષે બોલતાં પુલિંગ બહુ વચનનો ઉપયોગ કરવામાં આવે છે. અસ્તુ.

પ્રતાપકુંવરને બાલ્યાવસ્થામાંથીજ ચંચળ જોઇને ત્હેમના પિતાએ ત્હેમનો વિવાહ કોઈ મ્હોટા ઘરમાં કરવાનો વિચાર કર્યો હતો. એજ અવસરમાં દૈવ સંયોગથી ખેડાપે ગામના રામસ્નેહી સાધુઓના મહંત પૂર્ણદાસજી કોઇ ખાસ કારણસર જાખણ ગામમાં આવી પહોંચ્યા. ઠાકોરે ત્હેમની આગળ પોતાની પુત્રીના સદ્‌ગુણ વિષે વાતચીત કરી અને ત્હેને યોગ્ય કોઇ વર શોધી કહાડવા કહ્યું. મહંતજીએ કહ્યું 'બાઇ તો ભાગ્યશાળી છે. આપની ઇચ્છા મુજબજ એનો વિવાહ સંબંધ બંધાશે, પણ આપે ત્હેને સારૂં શિક્ષણ આપવું જોઇએ.' પ્રતાપકુંવરના પિતાના ચિત્તમાં આ વાત ઠસી ગઈ અને ત્હેમણે પુત્રીના શિક્ષણનો બંદોબસ્ત કર્યો. એ દિવસથી પ્રતાપકુંવરને પણ મહંતજી ઉપર શ્રદ્ધા બેસી ગઇ અને અંત સમય સુધી ત્હેમની સેવા શ્રદ્ધાપૂર્વક કરતાં રહ્યાં.

ત્ય્હાર પછી ગોયંદદાસજીએ પ્રતાપકુંવરનું લગ્ન કરવા માટે મહારાજા માનસિંહ પાસે માગું મોકલ્યું, અને અષાઢ સુદિ નોમ સંવત ૧૮૮૯ ને દિને કિલ્લા ઉપર વાડીના મહેલમાં ઘણા હર્ષપૂર્વક ત્હેમનું લગ્ન થઇ ગયું, પરન્તુ ત્હેમને પેટે મહારાજાને કોઇ સંતાન જન્મ્યું નહિ તેમજ બીજી રાણીઓને પેટે પણ કોઇ સંતાન નહોતું, તેથી કરીને સંવત ૧૯૦૦ માં મહારાજા માનસિંહનો સ્વર્ગવાસ થયો ત્ય્હારે બધા સરદારોની અનુમતિથી અહમદનગરના મહારાજા શ્રી તખ્તસિંહજી ત્હેમના ઉત્તરાધિકારી થયા. રાણી પ્રતાપકુંવરી ઉપર મહારાજા તખ્તસિંહ સગી માના જેવો સ્નેહ રાખતા. આથી પ્રતાપકુંવરીનું ચિત્ત પતિ વિયોગથી ચિંતાતુર રહેતું હતું તે કાંઇક શાન્ત થયું. મહારાજાએ પોતાના ચોથા પુત્રને જન્મતાં વારજ ત્હેમના ખોળામાં સમર્પણ કર્યો હતો અને ત્હેમના નામ ઉપરથી કુંવરનું નામ પણ પ્રતાપસિંહ પાડયું હતું. રાણી પ્રતાપકુંવરીએ એ બાળકનું પુત્ર સમાન લાડથી લાલનપાલન કર્યું હતું અને મ્હોટો થયા પછી પોતાના ભાઈ લછમનસિંહની બે કન્યા સાથે ત્હેનું લગ્ન કરી દીધું હતું.

પ્રતાપકુંવરને રાજ્ય તરફથી સારી ઉપજવાળાં કેટલાંક ગામ મળ્યાં હતાં, ત્હેમાંથી એ પોતાનું ખર્ચ ચલાવતાં અને ધર્મ પુણ્ય પણ ઘણું કરતાં હતાં પુણ્યકાર્યોથી એમની કીર્તિ વિશેષ પ્રસરી હતી.

એમના ઇષ્ટદેવ રઘુનાથજી હતા. ગુલાબસાગર તળાવ ઉપર ત્હેમણે એક પાકું શિખરબંધ મંદિર બંધાવ્યું છે, અને ત્હેમાં સંવત ૧૯૦૨ ના ફાગણ સુદી નોમને દિવસે કળસ અને ધ્વજા

સાથે એ ઠાકુરજીની મૂર્તિ પધરાવી છે. પુષ્કરજીમાં એમણે પાકો ઘાટ બંધાવ્યો છે, તથા પોતાના પતિના ઈષ્ટદેવ જલંધરનાથજીનું મંદિર સ્થાપન કર્યું છે. એ મંદિરની પ્રતિષ્ઠા અષાઢ સુદી ૧૩ ને દિને સંવત ૧૯૦૪ માં થઈ હતી.

સંવત ૧૯૦૪ માં અધિક વર્ષાદ થવાથી ગુલાબસાગરના તટ ઉપરનું મંદિર તુટી ગયું તેથી ઘાસમંડીમાં ત્હેમણે બીજું વિશાળ મંદિર બંધાવ્યું. ત્હેમાં ત્હેમને એક લાખ રૂપિયાનું ખર્ચ થયું હતું. એ મંદિરની પ્રતિષ્ઠા ઘણી ધામધૂમથી થઇ હતી અને કુટુંબીઓને તથા રાજના અમલદારોને સિરોપાવ મળ્યો હતો. એ મંદિરમાં એક વિશેષતા એ છે કે એમાં ઘણા રાજાઓ, બાદશાહો અને દેવતાઓના ચિત્રો તૈયાર કરાવીને કાચમાં મઢાવીને મૂકવામાં આવ્યાં છે.

સંવત ૧૯૧૧ માં મહારાજા તખ્તસિંહજી સાથે રાણી પ્રતાપકુંવરીજી હરિદ્વારની યાત્રાએ ગયાં હતાં. ત્હાં આગળ પણ ત્હેમણે ઘણું પુણ્યદાન કર્યું હતું.

સંવત ૧૯૨૧ માં ત્હેમણે ગયા, કાશી, પ્રયાગ, મથુરા, વૃન્દાવન, ગોકુલ આદિ પવિત્ર તીર્થોની યાત્રા કરી, અને ત્હાં સારૂં દાન કર્યું હતું. પાછા આવતી વખતે એક માસ સુધી જયપુરમાં રહ્યાં હતાં. જયપુરના મહારાજા રામસિંહજીએ ત્હેમનો ઘણો આદર સત્કાર કર્યો હતો.

જયપુરથી પુષ્કરજી આવ્યાં અને પતિએ બનાવેલા ઘાટ તથા મંદિરોમાં સ્નાન અને દર્શન કરીને બ્રાહ્મણોને પુષ્કળ દાન આપ્યું. આ તીર્થયાત્રામાં ત્હેમને સાઠ હજાર રૂપિયાનું ખર્ચ થયું હતું. ગંગા સ્નાન વખતે મહારાજાએ પોતાની સઘળી

રાણીઓ સાથે રાજમાતા પ્રતાપકુંવરીજીના પગ દૂધથી ધોયા અને બધાએ ત્હેનું ચરણામૃત લીધું.

એ રાણી પ્રતાપકુંવરીએ બીજાં પણ ઘણાં પરોપકારીનાં કામો કર્યા હતાં.

રાજપુતાનામાં એક પ્રકારના ભાટ 'રાણી મંગા' ભાટ કહેવાય છે, તેઓ રાણીઓ સિવાય બીજા કોઈ રાજા પાસે માંગતા નથી. રાણી પ્રતાપકુંવરે એવા ભાટને ૬ હજાર રૂપિયાની કિંમતનો હાથી, રત્નજડિત આભૂષણો, સિરોપાવ તથા શસ્ત્રો વગેરે આપ્યાં હતાં, અને મહારાજાને કહીને એક ગામ પણ અપાવ્યું હતું.

વૈતરણી એકાદશીના ઉદ્યાપનમાં બાવીસહજાર રૂપિયા ખર્ચ્યા હતા તથા બ્રાહ્મણ અને રાણી મંગા ભાટોની કન્યાઓને પોતાને ખર્ચે પરણાવી હતી.

સંવત ૧૯૨૯ માં મહારાજા તખ્તસિંહના મૃત્યુથી એમને પેટના દીકરાના મૃત્યુ જેટલો ખેદ થયો. પણ ત્હેમના ઉત્તરાધિકારી રાજા જસવંતસિંહજીએ ધીરજ આપવાથી તથા આજ્ઞામાં રહેવાનું વચન આપ્યાથી, ત્હેમનું ચિત્ત કાંઇક શાન્ત થયું. રાણી પ્રતાપકુંવરીએ જ્ઞાનચક્ષુ દ્વારા સંસારને અનિત્ય ગણીને ભગવાનના ચરણોમાં મનને પરોવ્યું.

સંવત ૧૯૪૩ માં માહા વદી બારશને દિને પ્રાતઃકાળે ૭૦ વર્ષની વયે ત્હેમનું મૃત્યું થયું. મરતી વખતે પણ ત્હેમણે ઘણું પુણ્યદાન કર્યું હતું.

પ્રતાપકુંવરીજી હિન્દી ભાષામાં પ્રથમથીજ નિપુણ હતાં, પણ મહારાજા માનસિંહના સ્વર્ગગમનથી તથા પોતાના બે

ભાઈઓના અકાળ મૃત્યુથી ત્હેમનું ચિત્ત ઘણું શોકગ્રસ્ત થઈ ગયું. ત્હારે પોતાના ગુરૂ ભાઈના ઉપદેશથી ભગવત ભજનમાં ચિત્ત પરોવ્યું અને કવિતા રચવાનો અભ્યાસ કર્યો. એમણે કવિતામાં કેટલાક ગ્રન્થ પણ રચ્યા છે. એમની કવિતાનો મ્હોટો સંગ્રહ મહારાણી રત્નકુંવરીજીની પાસે છે. એ સંગ્રહમાં નીચે મૂજબ ગ્રન્થો છે. ૧ જ્ઞાનસાગર. ૨ જ્ઞાનપ્રકાશ. ૩ પ્રતાપ પચ્ચીસી. ૪ પ્રેમસાગર. ૫ રામચંદ્ર મહિમા. ૬ રામગુણ સાગર. ૭ રઘુવર સ્નેહ લીલા. ૮. રામપ્રેમ સુખ સાગર. ૯ રામસુજસ પચ્ચીસી. ૧૦ પત્રિક સંવત ૧૯૨૩ ચૈત્ર વદી ૧૧ કી. ૧૧ રઘુનાથજીકે કવિત્ત. ૧૨ ભજનપદ હરજસ.

હમે એમનાં રચેલાં થોડાંક પદ અત્રે ઉતારીને આ લેખ સમાપ્ત કરીશું.

કવિત્ત સવૈયા.

આસ તો કાહૂકો નાહિં મિટીં, જગમે ભયે રાવણસે બડ જોધા;
સાવંતસૂર સયો ધનસે બલસે, નલસે રતબાહદબિરોધા.
કેતે ભએ નહીં જાય બખાનત, જુઝમુએ સબહી કર ક્રોધા;
આસ મિટે પરતાપ કેહેં, હરિનામ જપેરૂ બિચારત બોધા.
ધર ધ્યાન રટો રઘુવીર સદા ધનુ, ધારિકો ધ્યાન હિયે ધરરે;
પરપીર મેં જાયકે બેગપરો, કરતે સુત્ત સુકૃતકો કરરે.
તરરે ભવસાગર કો ભજીકે, લજીકે અઘ ઔગુણ તે ડરરે;
પરતાપ કેંવાર કેહે પદ પંકજ, પાવ ધરી મત વીસરરે.

હોરી.

હોરી ખેલનકી રૂત ભારી.
નર તન પાય ભજન કર હરિકો, ઔસર દિનચારી.
અરે અબ ચેત અનારી. (ટેક.)

જ્ઞાન ગુલાબ અબીર પ્રેમ કરી, પ્રીત તણી પિચકારી;
સાસ ઉસાસ રામરંગ ભર ભર, સુરત સરીસી નારી.
ખેલ ઈન સંગ રચારી. (૧)
સુલટો ખેલ સકલ જગ ખેલે, ઉલટો ખેલે ખિલારી;
સતગુર સીખ ધાર સિર ઉપર, સત સંગત ચલ જારી.
ભરમ સબ દૂર ગુમારી. (૨)
ધ્રુ પ્રહુલાદ બલીખન ખેલે, મીરાં કરમા નારી;
કહે પ્રતાપકુંવર ઇમ ખેલે, સો નહીં આવે હારી.
સીખ સુન લેજે હમારી. (૩)

(હોરી.)

હોરિયા રંગ ખેલન આવો, એલા પિંગલા સુખમણિ નારી;
તા સંગ ખેલ ખિલાવો, સુરત પિચકારી ચલાવો.
કાચો રંગ જગતકો છાંડો, સાચો રંગ લગાવો;
બાહર ભૂલ કબૂ મત જાવો, કાયા નગર વસાઓ,
તબે નિરભૈ પદ પાવો. (૨)
પાંચો ઉલટ ઘેરઘટ ભીતર, અનહદ નાદ બજાવો;
સબ બકવાદ દૂર તજ દેજે, જ્ઞાન ગીત નિત ગાવો,
પ્રિયાકે મન તબહી ભાવો. (૩)
તીનોં તાપ તીનગુન ત્યાગો, સાંસો સોક સમાવો;
કહે પરતાપકુંવર હિત ચિતસોં, ફેર જનમ નહીં પાવો,
જોતમેં જોત મિલાવો. (૪)

ઉપરની કવિતાઓમાંથી એમની ભગવદ્ ભક્તિ તથા આર્ય-
શાસ્ત્રનું ઉંડું જ્ઞાન સ્પષ્ટ જણાઇ આવે છે.

૪-રાણી ચન્દા અથવા મહારાણી ઝીન્દન.

રાણી ઝીન્દનનું ચરિત્ર આલેખતાં પહેલાં શિખજાતિની સ્વતંત્રતા સંબંધી બેએક બોલ વાંચકોને કહીશું. ઈ. સ. ના અઢારમા સૈકાથી મોગલ શહેનશાહતની અધોગતિનો સૂત્રપાત થયો. એક પછી એક બાદશાહો દીલ્હીના સિંહાસનપર બેસવા અને ઉતરવા લાગ્યા. સુબાઓ શહેનશાહની આજ્ઞાની જરા પણ પરવા કર્યા વગર પોતપોતના તાબાના મુલ્ક ઉપર સ્વછંદે રાજ્ય ચલાવવા લાગ્યા. પરાક્રમી નાદીરશાહની ચ્હડાઇને લીધે મોગલ બાદશાહોનું પ્રિયનગર દીવાને ખાસ અને દીવાને-આમ સભાઓની લીલાભૂમિ સુશોભિત દીલ્હી શહેરે મહાસ્મશાનનો આકાર ધારણ કર્યો. ત્ય્હાર પછી અહમ્મદશાહ દુરાની નામના સાહસિક પઠાણે દીલ્હી ઉપર ચ્હડાઇ કરી. ત્હેના પરાક્રમ આગળ પાણીપતના પ્રસિદ્ધ યુદ્ધમાં મરાઠાઓની પ્રબળ શક્તિ પણ તૂટી પડી. દીલ્હીનો શહેનશાહ રાજ્યભ્રષ્ટ થઇને હીચકારાપણે બિહાર પ્રાન્તમાં ન્હાશી ગયો. આવા અંધાધૂંધી અને લૂંટફાટના સમયમાં પણ ગુરૂ ગોવિંદસિંહના અનુયાયી શિખ લોકોએ પોતાની તેજસ્વિતા સાચવી રાખી હતી. ગોવિન્દસિંહે ત્હેમને જે મંત્રથી દીક્ષિત કર્યા હતા તે મંત્ર તેઓ કદી ભુલી ગયા નહોતા. ત્હેમનામાં સાહસીક સેનાપતિ અને પ્રવીણ અમલદારો ઉત્પન્ન થયા હતા. ત્હેમના તાબામાં રહીને શિખો પોતાની સ્વંત્રતા

સારી પેઠે નીભાવી રહ્યા હતા. જે લોકો હથિયાર ચલાવવામાં અને ઘોડેસવાર થવામાં પ્રવીણ ન હોય ત્હેમનું ખાલસા લોકોમાં માન ગણાતું નહોતું. એટલા માટે દરેક ખાલસા પુરૂષ અસ્ત્ર ચાલન અને ઘોડેસવારીમાં પોતાની હોશિયારી બતાવી આપતો. ધીમે ધીમે ખાલસાઓ ઘણી ટુકડીમાં વ્હેંચાઇ ગયા. પ્રત્યેક ટુકડી અથવા મિસલનો એક એક સરદાર નીમાયો અને એ સરદાર પોતાના તાબાના મુલ્ક ઉપર સ્વતંત્રપણે રાજ્ય ચલાવવા લાગ્યો. આ પ્રમાણે ભિન્ન ભિન્ન રાજ્યોમાં વ્હેંચાઈ ગયા છતાં પણ ખાલસાનું ઐક્યસૂત્ર તુટ્યું નહોતું. તેઓ પરસ્પર અનન્ય ભ્રાતૃ ભાવથી બંધાયલા હતા. દર વર્ષે તેઓ અમૃતસરના ગુરૂદ્વારમાં એકઠા થતા અને પોતાની જાતિની ઉન્નતિને માટે ઉપાય શોધતા.

અઢારમી સદીના છેવટના ભાગમાં જે સમયે અંગ્રેજો દક્ષિણમાંથી ફ્રેંચ લોકોને કહાડી મુકવાનો યત્ન કરી રહ્યા હતા, અને એક બુઢ્ઢો મુસલમાન સિપાઇ મૈસુરના સિંહાસન ઉપર અધિકાર મેળવીને, બધાના હૃદયમાં વિસ્મય અને ભયનો સંચાર કરી રહ્યો હતો, તે વખતે શિખ લોકોના રાજ્યમાં એક કાર્ય કુશળ અને પરાક્રમી પુરૂષનો જન્મ થયો. એ મહા પુરૂષના આવિર્ભાવથી શિખ લોકો ઘણા બળવાન થઇ ગયા. એ મહાન પુરૂષ તે મહારાણી ચન્દા ઉર્ફે રાણી ઝીન્દનના પતિ રણજીતસિંહ હતા. આખી દુનિયામાં ઉત્પન્ન થયેલા મહા પરાક્રમી પુરૂષોમાં રણજીતસિંહનું નામ ઘણી ઉંચી પંક્તિએ બીરાજે છે. રણજીતસિંહના પિતા મહાનસિંહ શિખ લોકોની એક ટુકડીના ઉપરી હતા. રણજીતસિંહનો જન્મ ૧૭૮૦ ની ૨ જી

નવેમ્બરે થયો હતો. ત્હેના પિતા મહાનસિંહ અતિશય સાહસીક અને રણકુશળ યોદ્ધા હતા. બચપણમાં શિતળાના રોગથી રણજીતસિંહની એક આંખ ફુટી ગઇ હતી એટલા માટે લોકો એને 'કાણા રણજીત' નામથી ઓળખતા. રણજીતસિંહના આઠ વર્ષની વયમાં ત્હેના પિતા મહાનસિંહનો દેહાન્ત થયો. રણજીતસિંહ એ સમયે ત્હેની માતા અને પિતાના દીવાન લક્ષ્મીપતસિંહના રક્ષણમાં રહેવા લાગ્યા. રણજીતસિંહ ઠીંગણા પુરૂષ હતા. પણ ત્હેની બુદ્ધિ, પરાક્રમ અને સાહસ અપૂર્વ હતાં. એ ગુણોને ભરોસે એણે પોતાનું રાજ્ય સ્થાપવાની ઇચ્છા કરી. એ વખતે પંજાબમાં દુરાની રાજાનું આધિપત્ય હતું. અંગ્રેજો ધીમે ધીમે પ્રબળ થઇને પોતાનો અધિકાર ફેલાવતા હતા. સિંધિયા અને હોલ્કર અંગ્રેજોના શક્તિશાળી હરીફ નીવડયા હતા. એવે સમયે રણજીતસિંહે પોતાનું આધિપત્ય સ્થાપન કર્યું. એણે અહમ્મદશાહ દુરાનીના પૌત્ર જમાનશાહને ઘણી મદદ કરી, ત્હેના બદલામાં ત્હેને લાહોરનો કબજો મળ્યો. ધીમે ધીમે શિખ લોકોમાં ત્હેની સત્તા વધતી ગઈ, અને બધા ત્હેની સત્તા નીચે આવી ગયા.

હિન્દુ રાજાઓમાં કુસંપ જોઇને પઠાણ રાજાઓએ કેવી યુક્તિથી આપણી દેવવાંચ્છિત પવિત્ર ભૂમિમાં પગપેસારો કર્યો તે વાત ઇતિહાસના દરેક વાંચકને માલૂમ છે. મહારાજા રણજીતસિંહે પઠાણોને યોગ્ય શિક્ષા આપવાની દૃઢ પ્રતિજ્ઞા કરી હતી. જે લોકોએ શઠતાથી ભારતવર્ષમાં અધિકાર ફેલાવ્યો હતો, ત્હેમના હાથમાંથી ભારતવર્ષનો ઉદ્ધાર કરવાનો ત્હેણે યથાશક્તિ પ્રયાસ આદર્યો હતો. ત્હેનો એ પ્રયાસ ઘણે અંશે

સફળ પણ થયો હતો. પહેલાં તો હેણે મુલતાનમાંથી અફ્ગાનોને હઠાવી કહાડયા. પછીથી ભારતના નન્દનવનરૂપ કાશ્મીરમાં વિજય પતાકા ઉડાવી. ઘણે દિવસે રણજીતસિંહ અને હેના પુત્ર ખડ્ગસિંહના પરાક્રમથી, કાશ્મીરમાં હિન્દુ રાજાની ધજા ફરકવા લાગી. ત્યહાર પછી રણજીતસિંહ પેશાવર જીતવા તૈયાર થયા. ઇ. સ. ૧૮૧૩ ની ૨૩ મી માર્ચ ભારતવર્ષમાં એક યાદગાર દિવસ છે. જે લોકોએ દૃષદ્વતી નદીના કિનારે હિન્દુઓને પરાજીત કરીને ભારતવર્ષમાં પોતાના રાજ્યનો પાયો નાંખ્યો હતો, તેજ લોકોના દેશમાં જય પતાકા ઉરાડીને હિન્દુ રાજ્ય સ્થાપવા માટે, મહારાજા રણજીતસિંહ એ દિવસે અગ્રેસર થયા હતા. આર્યાવર્તનો હિન્દુ રાજા આજે છેલ્લી વાર સિન્ધુ નદીની પેલી પાર, હિન્દુ વિજયી પઠાણોના લોહીથી પૃથ્વીરાજ અને અમરસિંહના આત્માનું તર્પણ કરવા તૈયાર થયા. મહારાજા રણજીત જરા પણ ભય રાખ્યા વગર, વિપુલ સાહસ સાથે પઠાણોના રાજ્યમાં જઇ પહોંચ્યા. અફ્ગાનિસ્તાનના મુખ્ય સરદાર મહમ્મદ આજીમખાંના જંગી લશ્કર સાથે ૧૮ મી માર્ચે કાબુલ નદી ઉપર નૌશેરાની પાસે ખેરાઇ નામક સ્થાનમાં રણજીતસિંહને લ્હડાઈ થઇ. આ યુદ્ધમાં રણજીતસિંહ પોતે બધા સવારોની અગાડી રહીને પઠાણો ઉપર આક્રમણ કરવા લાગ્યા. હૃષ્ટપુષ્ટ અફ્ગાનો અચળ પર્વતની પેઠે ઉભા રહીને, જરા પણ થાકથા વગર, પૂર્ણ પરાક્રમથી શિખ લોકોના આક્રમણને રોકવા લાગ્યા. આખો દિવસ યુદ્ધ ચાલ્યું; ઘડીનો પણ વિરામ નહોતો, વિશ્રામ નહોતો. શિખ લોકો અતુલ્ય પરાક્રમપૂર્વક અફ્ગાનોના લશ્કરમાં ઘુસવા લાગ્યા. ધીમે ધીમે રાત પડી. અંધકાર ઘણો ગંભીર

થઈ ગયો. એ અંધકારમાં લોહીની નદી જોરથી વહેવા લાગી. છતાં પણ રણજીતસિંહે યુદ્ધ બંધ પાડયું નહિ. એ તો પહેલાંની પેઠેજ દુશ્મનોનું છેદન કરતોજ ગયો. આખરે અફગાનોથી પંજાબ કેસરીનું પરાક્રમ સહન થઇ શકયું નહિ, તેઓ અંધકારમાં ત્હાંથી પલાયન કરીને સંતાઇ ગયા. પંજાબ કેસરીની વિજય પતાકા પઠાણોના દેશમાં ફરકવા લાગી. ઓગણીસમા સૈકામાં ભારતના વીર પુરૂષે આવું અસાધારણ પરાક્રમ બતાવ્યું. ૧૯ મા સૈકામાં શિખોના પરાક્રમ આગળ બહાદુર પઠાણોએ પોતાનું માથું નીચું નમાવ્યું.

આ પ્રમાણે પોતાના જાતીય બન્ધુઓની મદદથી મહારાજા રણજીતસિંહ અજીત બનીને પંજાબમાં રાજ્ય ચલાવવા લાગ્યા. ત્હેનો અધિકાર રાજધાની લાહોરથી તે ઉત્તરમાં કાશ્મિર, પશ્ચિમમાં પેશાવર, દક્ષિણમાં મુલતાન અને પૂર્વમાં સતલજ નદી સુધી હતો. ત્હેનું યુદ્ધ કુશળ સૈન્ય યુરોપીય પદ્ધતિ પ્રમાણે શિક્ષણ પામેલું હોવાથી વીરપુરૂષોના વખાણને પાત્ર થયું હતું. રણજીતસિંહ અંગ્રેજોની સાથે સંધિના સૂત્રથી બંધાયલા હતા; એટલા બધા પરાક્રમી હોવા છતાં પણ કદી એ સંધિનો ભંગ કરીને, અંગ્રેજોની વિરૂદ્ધ હથિયાર પકડીને, ત્હેમણે પોતાની દોસ્તીને કલંક લગાડયું નથી.

રણજીતસિંહનું જીવન ચરિત્ર લખનાર લખે છે કે ‘ રણજીતસિંહ ખરેખર સિંહ જેવા હતા, અને સિંહની પેઠેજ ત્હેણે આ સંસારનો ત્યાગ કર્યો છે. ’ એ સિંહ જેવા પરાક્રમી યોદ્ધાની સઘળી કથા કહેવાનો અહિંયાં અવકાશ નથી અને પ્રસંગ પણ નથી. અત્રે તો ટુંકાણમાં એટલુંજ કહીશું કે રણજીતસિંહ વીર

પુરૂષોની લીલા ભૂમિ ભારતના એક સાચા વીર હતા. અઢારમી શતાબ્દિમાં ત્હેના જેવા બહાદુર પુરૂષ ભારતવર્ષમાં જન્મ્યા નહોતા.

મહારાણી ચન્દાવતી એ વીર મહારાજા રણજીતસિંહની ન્હાની રાણી હતી. રણજીતસિંહનો એના ઉપર અપ્રતિમ પ્રેમ હતો. રણજીતસિંહની આ પ્રિય પત્ની ઇતિહાસમાં મહારાણી ઝિન્દન એ નામથી પ્રસિદ્ધ છે. રણજીતસિંહ જેવા પરાક્રમી રાજાની એ યોગ્ય સહધર્મિણી હતી.

ત્હેના પતિ પંજાબ કેસરી રણજીતસિંહના મૃત્યુ પછી શિખોની સ્વતંત્રતાનો અધઃપાત શરૂ થયો. રણજીતસિંહને ત્રણ પુત્રો હતા. ખડ્ગસિંહ, શેરસિંહ અને દુલીપસિંહ. એ ત્રણે જણા રાજ્યને માટે પોતપોતાનો હક્ક ચલાવવા લાગ્યા. લાહોરનો રાજદરબાર ઉચ્છૃંખલ થઇ ગયો. ખટપટી અને પ્રપંચી લોકો પોતાની દુષ્ટતા અજમાવવા લાગ્યા. રાજમાં નરહત્યા થવા લાગી. થોડા વખતમાં રણજીતસિંહનો મ્હોટો પુત્ર ખડ્ગસિંહ માર્યો ગયો, અને ત્હેના ન્હાના ભાઈ શેરસિંહને ગાદી મળી. પરન્તુ થોડા દિવસોમાં ત્હેની પણ મ્હોટા ભાઇના જેવીજ ગતિ થઇ. લગભગ ચાર વર્ષના ટુંકા અરસામાં રણજીતસિંહના બે પુત્ર માર્યા ગયાથી પંજાબમાં કુસંપ અને અંધાધુંધીનું રાજ્ય જામી ગયું. એક પછી એક ઘણા સરદારો અને સૈનિકો રાજ્ય દબાવી પાડવાની લાલચમાં જાન ખોઇ બેઠા. આખરે રાજપુત્ર દુલીપસિંહને ગાદીએ બેસાડીને ત્હેની માતા મહારાણી ચન્દાવતીએ રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. મહારાણી ચન્દાવતી ઘણી બુદ્ધિવાન, અને ધીર તથા હિંમતવાળી સ્ત્રી હતી. ખરેખર એ

શૂર અને સાહસીક શિખ લોકોની સ્વામીની થવાને યોગ્ય હતી. એ રાજ કાર્યમાં જેટલી પ્રવીણ હતી તેટલીજ યુદ્ધ વિદ્યામાં પણ હોશીયાર હતી. સારાંશ, એ કે ત્હેના પતિનાં સર્વ ઉત્તમ લક્ષણો ત્હેનામાં વાસ કરતાં હતાં. ત્હેણે ઘણી યુક્તિથી સરદારોના માંહોમાંહેના ટંટા મટાડી દીધા, અને ત્હેમના ઉપર પોતાનો અધિકાર જમાવીને, ફરીથી શિખોને શત્રુઓની સ્હામા થવાને યોગ્ય બનાવ્યા. રાજ્યમાંના મ્હોટા મ્હોટા હોદ્દાઓ યોગ્ય અને બહાદુર લોકોને આપ્યા અને સેનાપતિ તરીકે શેરસિંહ નામના એક સરદારની નીમણુંક કરી.

અંગ્રેજી રાજ્યની સરહદ ત્હેના રાજ્ય સાથે બિલકુલ મળેલી હતી; રાણી ચન્દ્રાવતીની સૈન્ય વ્યવસ્થા અને રાજકાર્યમાં કુશળતા જોઇને અંગ્રેજ સૈનિકોને પણ મનમાં ભય રહેતો. એટલા માટે ત્હેમણે પોતાનું સૈન્ય પંજાબની સરહદ ઉપર રાખી મુકવાની આવશ્યકતા ધારી હતી. સતલજ નદીના કિનારે અંગ્રેજોનું સૈન્ય એકઠું થયું એટલે શિખ લોકોની અને ત્હેમની વચ્ચે ખટપટ થવી શરૂ થઇ. શિખ લોકો કહેતા કે, અંગ્રેજો ધીમે ધીમે હમારો સરહદ ઉપરનો ઈલાકો દબાવતા જાય છે. અંગ્રેજ લોકો પણ શિખોને માટે એવાજ પ્રકારની ફરિયાદ કરતા. એમાંથી ખરૂં કોણ હતું તે તો પ્રભુ જાણે, પણ આ સરહદી ખટપટને લીધે જે યુદ્ધ જામ્યું તે એક વર્ષ સુધી ચાલ્યું.

આ યુદ્ધમાં પોતાના કેટલાક અવિશ્વાસી અને કૃતઘ્ની અમલદારો ગુપ્તપણે અંગ્રેજોની સાથે મળી જવાને લીધે ત્હેનો પરાજય થયો. આ પ્રમાણે ત્હેના વિશ્વાસુ અમલદારો પણ બેવફા અને દેશદ્રોહી નીવડયાથી, પોતાના પ્રખ્યાત પતિનું નામ

તથા સ્વદેશનું સ્વાતંત્ર્ય કાયમ રાખવાની મ્હોટી જવાબદારી એકલી ત્હેના ઉપર આવી પડી. છતાં આવા અણીના વખતે પણ તે જરાયે ડગી નહિ. ઘણાજ ધૈર્યપૂર્વક તે પોતાના રાજ્યનું સુદ્ધ સૂત્ર ચલાવ્યા કરતી અને એક મજબૂત દિવાલની પેઠે પોતાના નિશ્ચયમાં દૃઢ રહેતી. આજ સુધી ભારતનો ખરેખરો ઇતિહાસ લખાયો નથી. વિદેશી ઇતિહાસકારોને હાથે ઘણો ભાગ ખોટી રીતે લખાયો છે, અને ઘણા ભાગમાં લખવા જેવી ઘણી ઘટનાઓ રહી ગઈ છે. પરન્તુ એમ છતાં પણ આપણા સદ્‌ભાગ્યે બેએક અપક્ષપાત લેખકોએ સત્ય નિષ્ટા અને ઉદારતાનું સન્માન કર્યું છે. જો આ પ્રમાણે અપક્ષપાત અને ઉદાર સ્વભાવના ઐતિહાસિકોને હાથે ભારતનો ઇતિહાસ લખાયો હોત તો તેઓ જરા પણ સંકોચ વગર કહી દેત કે, સ્વજાતિદ્રોહી દગાબાજ રાજા લાલસિંહ અને સરદાર તેજસિંહે ગુપ્ત રીતે કેપ્ટન નિકલસન અને કેપ્ટન લોરેન્સની સાથે મળી જઇને પ્રપંચ ન રચ્યો હોત તો પ્રથમ શિખ યુદ્ધમાં રણજીતસિંહના કેળવાયલા ખાલસા સૈનિકો બ્રિટિશ સૈનિકોને હાથે કદી હાર ખાત નહિ. એ યુદ્ધ પછી ભારતના ગવર્નર જનરલ લૉર્ડ હાર્ડીંજે લાહોર દરબાર સાથે સંધિ કરી. મહારાજા દુલીપસિંહ એ વખતે સગીર વયનો હતો. બ્રિટિશ ગવર્નમેન્ટે ત્હેનું વાલીપણું સ્વીકાર્યું. દુલીપસિંહની સગીર વયમાં રાજ્યનો વહીવટ ચલાવવાને માટે કેટલાક પ્રવીણ અમલદારોની એક સભા સ્થાપવામાં આવી, અને બ્રિટિશ રેસિડેન્ટ ત્હેનો પ્રમુખ બન્યો. આ પ્રમાણે બ્રિટિશ રેસિડેન્ટ એક પ્રકારે સીધી રીતે લાહોરના દરબારનો ઉપરી બનીને પંજાબનું રાજ્ય ચલાવવા લાગ્યો.

આ સન્ધિ થયા પછી બ્રિટિશ અમલદારો પંજાબમાં પોતાનું આધિપત્ય વધારવાનો યત્ન કરવા લાગ્યા.

દુલીપસિંહની જનની મહારાણી ઝીન્દન ઘણી તેજસ્વી સ્ત્રી હતી. ત્હેનું રાજ્ય અંગ્રેજોના હાથમાં આવ્યું હતું. સમુદ્ર પારના લોકો આવીને ત્હેના રાજ્યમાં મરજીમાં આવે એ પ્રમાણે સત્તા ચલાવતા હતા એ બધું એ વીર પત્નીને માટે અસહ્ય થઇ પડ્યું. એ સ્હમજી ગઇ કે પંજાબ થોડાજ વખતમાં બ્રિટિશ મુલક થઇ જશે. ત્હેણે જોયું કે થોડા સમયમાંજ બ્રિટિશ સરકારે પંજાબનો બધો વહિવટ પોતાના હાથમાં લઈ લીધો હતો, એટલુંજ નહિ પણ પોતાના પ્યારા પુત્ર દીલીપને પણ તેમણે પોતાના કાબુમાં લીધો હતો. અંગ્રેજોની આટલી બધી સત્તા રાણી ઝીન્દનના હૃદયમાં ઘણીજ ખુંચવા લાગી. રાણી ઝીન્દન પોતાના કામમાં હરકત નાંખે છે એવું કારણ દર્શાવીને રેસિડેન્ટ હેન્રી લૉરેન્સે એ તેજસ્વી સન્નારીને લાહોરમાંથી શેરપુર નામના એકાંત સ્થાનમાં કેદ રાખી. અંગ્રેજ ઇતિહાસ લેખકો કહે છે કે રાણી ઝીન્દન અંગ્રેજી સરકારની વિરૂદ્ધ ખટપટ કરી રહી હતી એટલા માટે ત્હેને આ સજા કરવામાં આવી હતી. પરન્તુ ત્હેના આ અપરાધની કાયદેસર તપાસ કરવામાં આવી નહોતી. રેસિડેન્ટે તપાસ કરીને દોષિત ઠરાવ્યા વગર કેવળ શક ઉપરથીજ દુલીપસિંહની માતાને શેરપુરનાં રાખી હતી. અને ત્યહાં થોડો વખત રાખ્યા પછી રેસિડેન્ટ સર ફ્રેડરિક કારિ સાહેબે ત્હેને પંજાબમાંથી પણ બહાર કહાડીને પોતાનો માર્ગ બિલકુલ નિષ્કંટક કરવાનો નિશ્ચય કર્યો. આ વખતે સગીર વયનો દીલિપ રેસિડેન્ટના પૂરા કાબુમાં આવી ગયો હતો, એટલે સર

ફ્રેડરિકને પોતાની ઇચ્છા પૂરી પાડવામાં કાંઇ અડચણ નડી નહિ. થોડાજ વખતમાં ત્હેણે રાણી ઝીન્દનના દેશવટાનો હુકમ લખ્યો અને ત્હેના ઉપર દીલીપસિંહની મહોર છાપવામાં આવી. દરબારના કેટલાક અમલદારો એ હુકમ લઇને મહારાણી ઝીન્દનની પાસે ગયા. મહારાણીએ અટલ ભાવે પ્રાણથી પણ અધિક વ્હાલા પુત્રના હસ્તાક્ષર તથા મહોર જોયાં એટલે ત્હેણે પુછ્યું 'આ હુકમ કોણે મોકલાવ્યો છે?' અમલદારે કહ્યું 'ખુદ મહારાજા સાહેબ દુલીપસિંહે.' રાણીએ કહ્યું 'ઠીક, દુલીપરાજા છે. રાજાની આજ્ઞા મ્હારે પાળવી જોઇએ. હું કાંઇ પંજાબની માલિક નથી. હું તો રાજમાતા છું. રાજાનીજ આજ્ઞા મ્હને દેશવટો દેવાની છે તો મ્હારે જવું જોઇએ. મ્હારી તરફથી હવે ત્હમારે કોઈ જાતનો ભય રાખવો નહિ. હું મ્હારા પુત્રની વિરૂદ્ધ કદી ખટપટ કરવાની નથી. એ હું કળી ગઇ છું કે પંજાબનું સત્યાનાશ વળવાનો સમય પાસે આવ્યો છે.' રાણીએ શાન્ત ચિત્તે દેશવટાનો હુકમ માથે ચ્હડાવ્યો. જે પંજાબ ત્હેને પોતાની અધિષ્ટાત્રી દેવી તરીકે પૂજતું હતું, તે પંજાબ હવે ત્હેની દૃષ્ટિથી પણ દૂર થયું. થોડા દિવસ ત્હેને ફિરોઝપુરમાં રાખીને પછી કાશીક્ષેત્રમાં લઈ ગયા. મહારાણી ઝીન્દન હિન્દુઓના પરમ આરાધ્ય તીર્થ કાશીધામમાં આવીને, મેજર જ્યોર્જ મ્યેકગ્રેગર નામના એક સૈનિક અમલદારની દેખરેખ નીચે રહેવા લાગી. ત્હેને કાશી મોકલવાનું કારણ એ હતું કે તીર્થસ્થાનમાં રાખ્યાથી ખાલસા સૈનિકો પ્રસન્ન થશે. પરન્તુ કાશી જતી વખતે રાણી ઝીન્દને કહ્યું હતું કે 'એથી મ્હારી સ્થિતિ કાંઇ સુધરતી નથી. કેદખાનામાં રહ્યા પછી પવિત્ર સ્થાન શું અને અપવિત્ર શું!'

'એ તો બધું એકજ સરખું !'

આ દેશવટાથી રાણી ઝીન્દનના હૃદયને ઘણોજ સખ્ત ઘા લાગ્યો. ત્હેણે પોતાના પુત્રનો વાંક કહાડયો નહિ, પોતાની બધી સત્તા તથા રાજ્ય વૈભવ નષ્ટ પામ્યાં ત્હેને માટે ઓછું આણ્યું નહિ; પરન્તુ પંજાબનો વૈભવ અને પંજાબની સ્વતંત્રતા પોતાની હયાતિમાં સદાને માટે નષ્ટ થયેલા જોઇને ત્હેનું હૃદય વિંધાઈ જવા લાગ્યું. એ આંતરિક શોકને લીધે એ અત્યંત માંદી પડી અને એ પવિત્ર ક્ષેત્રમાં ત્હેનો મૃત્યુ સમય પાસે આવી પહોંચ્યો.

એ સમાચાર સાંભળતાં વારજ શિખ સિપાહીઓનો પિત્તો ઉકળી આવ્યો, તે ઉપરાંત ત્હેમને ઉશ્કેરનારા બીજાં પણ કેટલાંક કારણો મળી આવ્યાં, અને ત્હેમણે અંગ્રેજોની સ્હામે યુદ્ધ આરંભ્યું. ઇ. સ. ૧૮૪૯ માં ૧૩ મી જાનેવારીએ અંગ્રેજો અને શિખો વચ્ચે ચિતિયાબાલા આગળ ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં શિખ લોકોએ અસીમ સાહસથી લ્હડીને વિજય મેળવ્યો. એ દિવસે વીર શ્રેષ્ઠ શેરસિંહના પરાક્રમથી લૉર્ડ ગફ પરાજીત થયો; એ દિવસે બ્રિટિશ પતાકા શિખોના હાથમાં આવી ગઇ. શિખોના પરાક્રમથી બ્રિટિશ સવારો પલાયન કરી ગયા; સેનાપતિ શેરસિંહે વિજયી થઇને એ દિવસે તોપોના અવાજથી ચારે દિશાઓને ગજાવી દીધી, પરન્તુ ચિતિયાબાલાની પછી ગુજરાતમાં જે યુદ્ધ થયું ત્હેમાં શિખ લોકોની હાર થઈ, અને શિખ લોકો આબરૂ ભેર અંગ્રેજોને શરણે ગયા.

ત્ય્હાર પછી લૉર્ડ ડેલહાઉસીએ પંજાબને ખાલસા કરવાના વિચારથી ઇલિયટ સાહેબને પોતાના પ્રતિનિધિ તરીકે લાહોર દરબારમાં મોકલ્યો. સર હેનરી લૉરેન્સ એ વખતે રેસિડેન્ટ હતો.

એ બન્ને જણાએ મળીને ૨૮ મી માર્ચે પંજાબનું રાજ્ય અંગ્રેજોને સોંપી દેવાનો મહારાજા દીલીપસિંહને આગ્રહ કર્યો. ત્હેને બીજે દિવસે એટલે ૨૯ મી તારીખે છેવટનો દરબાર ભરાયો. છેલ્લી વાર દીલીપસિંહ પિતાના સિંહાસન ઉપર બિરાજ્યો. થોડે દૂર હથિયારબંધ અંગ્રેજી લશ્કર હારબંધ ગોઠવાઇ ગયું. દિવાન દીનાનાથે આ બનાવને રોકવાનો ઘણો યત્ન કર્યો. એણે સંધિના કોલકરાર બતાવ્યા, પણ કાંઇ વળ્યું નહીં. ડેલહાઉસીનો ઢંઢેરો વંચાઇ રહ્યા પછી દરબાર બરખાસ્ત થયો. તરતજ રણજીતસિંહના કિલ્લા ઉપર અંગ્રેજી વાવટો ફરકવા લાગ્યો. કિલ્લા ઉપરથી તોપો ફોડવામાં આવી. લૉર્ડ ડેલહાઉસીની નીતિથી ભારતના નકશામાં પંજાબ લાલ રંગથી રંગાઇ ગયું. મહારાજા દીલીપસિંહને પંજાબમાંથી ખસેડી નાખવામાં આવ્યો. ફતેહગઢમાં ત્હેનો નિવાસ રાખવામાં આવ્યો. ત્હેની મિલ્કત અંગ્રેજોના અધિકારમાં સોંપવામાં આવી. કોહિનુરનો જગપ્રસિદ્ધ હીરો પણ અંગ્રેજોના હાથમાં ગયો. રાજ્યભ્રષ્ટ થતી વખતે દીલીપસિંહની ઉમર અગિયાર વર્ષની હતી. એ વખતે એને સર જૉન લજીત નામક એક અંગ્રેજના હાથ તળે શિક્ષણ માટે મુકવામાં આવ્યો. ઈ. સ. ૧૮૫૩ માં ફતેહગઢના એક ખ્રિસ્તી પાદરીએ ત્હેને ખ્રિસ્તી ધર્મમાં દીક્ષિત કર્યો. ત્ય્હાર પછી એક વર્ષે પંજાબ કેસરીના ખ્રિસ્તી ધર્માવલંબી પુત્રને ઇંગ્લાંડ લઇ જવામાં આવ્યો.

વાંચકો! મહારાણી ઝિન્દનની આ વખતે શી અવસ્થા થઈ હશે ત્હેનો ત્હમે વિચાર કરી શકો છો? પોતાનીજ આંખ આગળ પોતાના પતિનું રાજ્ય છિન્નભિન્ન થઈ ગયેલું, તથા પોતાના

એક પુત્રને માત્ર પર ધર્મમાં વટલાઇ ગયેલો જોવાથી ત્હેનો મંદવાડ ઘણો વધી ગયો. એને ઉન્માદ રોગ લાગુ પડયો. એ બેભાન અવસ્થામાં રાણી ઝિન્દન વારંવાર લવરી કરતી કે 'મ્હારા શૂર ખાલસા વીરો ! ચાલો યુદ્ધ કરીએ. ત્હમારો ધણી ત્હમારા શરીરમાં આવ્યો છે. ચાલો, આપણે બધાં શિખ રાજ્યની સ્વતંત્રતા અને વૈભવની રક્ષા કરીએ.'

આખરે ત્હેની હૃદયદ્રાવક અવસ્થા જોઇને અંગ્રેજોને પણ દયા આવી. ત્હેમણે ધાર્યું કે કદાચ ત્હેના પ્યારા પુત્રની પાસે ત્હેને લઈ જવાથી ત્હેના મનને શાંતિ વળશે. એ વિચારથી તેઓ ત્હેને કલકત્તા લઇ ગયા અને ત્ય્હાંથી વહાણમાં બેસાડીને ત્હેને વિલાયત રવાના કરી. પરન્તુ રાણીનો મંદવાડ વધતો જતો હતો. પોતે ક્ય્હાં અને શા માટે જાયછે ત્હેનું એને કાંઇ ભાન નહોતું. ઇશ્વરે ત્હેને એ દુઃખમાંથી જલ્દી છોડવી. ઇગ્લાંડ જતાં જતાં રસ્તામાંજ તે મૃત્યુને વશ થઇ અને ત્હેનો દેહ અગાધ સમુદ્રને સમર્પણ કરવામાં આવ્યો. આ પ્રમાણે પંજાબ કેસરી મહારાજા રણજીતસિંહની વીર મહારાણીનો જીવનસ્રોત અનન્તકાલ સાગરમાં મળી ગયો.

૫—ચાંદકુમારી.

એ પંજાબ કેસરી મહારાજા રણજીતસિંહની પુત્ર વધુ અને ખડ્ગસિંહની રાણી હતી. ઇ. સ. ૧૮૩૪ માં રણજીતસિંહનું મૃત્યુ થયું કે મૃત્યુ સમયે ત્હેણે પોતાના પુત્રને ખડ્ગસિંહનો વારસ નીમ્યો અને ધ્યાનસિંહ નામના એક અતિ વિશ્વાસુ અમલદારને ત્હેનો સંરક્ષક અને શિક્ષક નીમ્યો. પરન્તુ વિશ્વાસઘાતી ધ્યાનસિંહે રાજ્યલોભને લીધે ખડ્ગસિંહ અને ત્હેના પુત્ર નિહાલસિંહની હત્યા કરાવી. હવે રાણી ચાંદકુમારીએ રાજ્યનો કારભાર પોતાના હાથમાં લીધો. ગાદી ઉપર બેસતાં વારજ ત્હેણે ધ્યાનસિંહને પ્રધાનપદ ઉપરથી રજા આપી દીધી અને ત્હેની જગ્યાએ ઉત્તમસિંહને પ્રધાનપદ આપ્યું. હવે ધ્યાનસિંહ ખુલ્લી રીતે ચાંદકુમારી સાથે દુસ્મની રાખવા અને ત્હેની વિરૂદ્ધ પ્રપંચ રમવા લાગ્યો.

સેનાપતિ ગુલાબસિંહની સહાયતાથી ધ્યાનસિંહે ચાંદકુમારીને પદભ્રષ્ટ કરી અને રણજીતસિંહની રાખેલી સ્ત્રીના ગર્ભમાં જન્મેલા પુત્ર શેરસિંહને ગાદી ઉપર બેસાડયો. રાણી ચાંદકુમારી શેરસિંહને ઘણુંજ ધીક્કારતી હતી. શેરસિંહ ઘણો દુષ્ટાત્મા હતો. રાણી ચાંદકુમારીના સૌન્દર્ય ઉપર તે મોહિત થઈ ગયો અને ત્હેની સાથે લગ્ન કરવાનો સંકલ્પ કર્યો. રાણી ચાંદકુમારીને એ વાતની ખબર પડી ત્યહારે ત્હેણે શેરસિંહને ઘણોજ સખ્ત ઠપકો આપ્યો તથા આવો અધમ વિચાર કરવા માટે ત્હેનો

અત્યંત તિરસ્કાર કર્યો. રાણી ચાંદકુમારી પોતાના હાથમાં ન આવી શકી એટલે દુષ્ટ શેરસિંહે પ્રપંચ રચીને દાસીઓ દ્વારા ત્હેની હત્યા કરાવી. રાણી ચાંદકુમારી ઘણી બુદ્ધિમાન સ્ત્રી હતી. એનું જીવન ઘણુંજ સદાચારી હતું. એ સદાચારી બુદ્ધિમતી વીરલલનાનું જીવન ઘણુંજ શોકમય હતું. ન્હાની વયમાં પ્રાણાધાર પતિ તથા પ્રિય પુત્રનો વિયોગ થયો. વિશ્વાસઘાતી મંત્રીઓના પ્રપંચથી રાજ્ય ભ્રષ્ટ થવું પડ્યું અને અન્તમાં પૈસાની લોભી નિમકહરામ દાસીઓને હાથેજ ઇ. સ. ૧૮૪૨ માં ત્હેની હત્યા થઇ.

૬—દેવી શારદાસુન્દરી.

ધાર્મિક અને સાંસારિક સુધારા સંબંધી પોતાના તેજસ્વી ભાષણોથી એક વખત સભાઓ ગજાવી મૂકનાર, પ્રબલ ભક્તિ અને નિર્મળ ચરિત્રથી એ સમયના યુવકો ઉપર સદાને માટે પવિત્ર છાપ પાડનાર અને હિન્દુ પ્રજાને અજ્ઞાનતા અને વ્હેમના પડદામાંથી બહાર લાવી શુદ્ધ એકેશ્વરવાદનો પ્રચાર કરનાર, 'નવવિધાન' બ્રાહ્મ સમાજના સ્થાપક અને આચાર્ય બાબુ કેશવચંદ્ર સેનના નામથી હમારા પ્રિય વાચકો જાણીતા હશે એ આગેવાન સુધારકનો સ્વર્ગવાસ થયા પછી, લગભગ પચીસ વર્ષે, ત્હેમનાં વૃદ્ધ માતુશ્રી ૮૮ વર્ષની પાકી વયે ગુજરી ગયાં હતાં. જે પુણ્યવતી નારીએ કેશવચંદ્ર જેવા નરરત્નને જન્મ આપ્યો અને વિચારોમાં મતભેદ

હોવા છતાં પણ અનેક આફતોને વખતે ત્હેમના પક્ષમાં ઉભાં રહી એક સાચ્ચી માતાની ખરી દિલસોઝીથી જેમણે ત્હેમનું રક્ષણ કર્યું તે સન્નારીની જીવન કહાણી ગમે તેટલી સાદી હોવા છતાં પણ આ દેશની સ્ત્રીઓને વિશેષ લાભકારક છે.

ઈ. સ. ૧૮૧૯ માં ત્રિવેણીમાં આવેલા પોતાના મોસાળમાં શારદાસુંદરીનો જન્મ થયો હતો. ત્હેમના પિતા ગરીફાના વતની બાબુ ગૌહરીદાસ, શાક્તમાર્ગી ભક્ત પુરૂષ હતા. ધર્મની લાલસા તો એ કુટુંબની રગેરગમાં ભરેલી હતી, શારદાસુંદરીના મ્હોટાભાઈ ધર્મના આવેશમાં આવી જઈને આ અસાર સંસારનો ત્યાગ કરી ઘરબાર છોડીને સંન્યાસી બની ગયા હતા. શારદા-સુન્દરીની ધર્મ ઉપરની શ્રદ્ધાનો પરિચય પણ બાલ્યાવસ્થામાંથીજ મળવા લાગ્યો હતો. નવ વર્ષની વયે પ્રખ્યાત દિવાન રામકમલ સેનના પુત્ર પ્યારીમોહનસેન સાથે ત્હેમનું લગ્ન થયું. લગ્ન પછી બે વર્ષ બાદ હિન્દુ ધર્મ અનુસાર ત્હેમણે પોતાના સંપ્રદાયની દીક્ષા લીધી અને ત્હાર પછી નિયમિત રીતે પૂજા પાઠ વગેરેનું શિક્ષણ મેળવવા લાગ્યાં. લગ્ન થતાં અગાઉ પણ તે પોતાની ધર્મશીલ માતાની આજ્ઞા મુજબ વ્રત ઉપવાસ કરતા. આ પ્રકારે બાલ્યાવસ્થામાં ત્હેમણે જે ધર્મનિષ્ઠા મેળવી હતી ત્હેને પરિણામે ભવિષ્યમાં કેશવચંદ્ર જેવું સુંદર ફળ ત્હેમના દ્વારા ઉત્પન્ન થયું. કારણ કે, આ સંસારમાં સારી માતા વગર સારો પુત્ર કદી જન્મ પામતો નથી.

દિવાન રામકમલસેન મ્હોટા પગારવાળા, રાજ દરબારમાં આબરૂ ઈજ્જતવાળા અમલદાર હતા. તેઓ પરમ ભક્ત વૈષ્ણવ હતા; ત્હેમને ઘેર પૂજાપાઠ, કથા કીર્તન, વગેરે ધાર્મિક ક્રિયાઓ

ખરેખર પળાતી હતી. સસરાજી દીકરાની બાળક વહુ તરફ ઘણા સ્નેહની નજરથી જોતા. પરન્તુ શારદાસુંદરી બીજી ઘણી અભાગી હિન્દુ સ્ત્રીઓની માફક સાસુજીની મહેરબાની મેળવવાને ભાગ્યશાળી નીવડ્યાં નહોતાં. સાસુજીના લ્હડવાનો ત્હેમને હમેશ ડર રહેતો. ત્હેમના પતિ પ્યારિમોહન ટંકશાળમાં ઉંચા પગારના હોદ્દા ઉપર હતા. એટલે સાસુજીના ઉંચા મન સિવાય શારદાસુંદરીને સાસરાના ઘરમાં બીજું કાંઈ દુઃખ નહોતું. પરન્તુ ઈશ્વરે જાણે પૂરૂં સુખ ભોગવવાનું તો ત્હેમના નસિબમાં લખ્યુંજ નહોતું ! બાલ્યાવસ્થામાં મ્હોટા ભાઇના સંન્યાસનું સ્મરણ, સાસરાંમાં સાસુજીનું ઉંચું મન, એ બધાં વાનાં ત્હેમને સંસારના સુખ ઉપરથી દિલ ઉઠાવી લેવાનું શિક્ષણ આપી રહ્યાં હતાં. આ બધાં દુઃખમાં વધારો કરવાને ત્હેમના પ્રિય પતિ પ્યારી મોહનસેન જુવાન વયમાંજ મરણ પામ્યા. આ સમયે શારદાસુંદરીની ઉમર માત્ર ૨૫ વર્ષનીજ હતી. ત્હેમને પેટે ત્રણ પુત્ર અને ચાર કન્યાઓએ જન્મ લીધો હતો; પણ દિલગીરીની વાત એ છે કે ત્હેમના પોતાના મરણ સમયે ત્હેમની સેવા ચાકરી કરવા એમાંનું એક પણ સંતાન હૈયાત રહ્યું હતું નહિ. અનેક પૌત્ર પૌત્રીઓ અને દોહિત્ર દોહિત્રી તથા જમાઇના મરણના શોકના ઘા પણ ત્હેમને ઉપરા ઉપરી સહન કરવા પડયા હતા. ચારે તરફથી દુઃખથી ઘેરાયલાં હોવા છતાં પણ તેઓ ધીમે ધીમે પરમેશ્વરની તરફજ ખેંચાતાં હતાં. શોકથી ઘવાયલું ત્હેમનું હૃદય એકલા ભગવાનની સાથેજ સ્નેહ જોડીને શાન્તિ મેળવવા લાગ્યું હતું. કેશવચંદ્ર સેન આવીજનેતા મેળવીને ભાગ્યશાળી થઇ ગયા છે. આવી જનનીના ગર્ભમાં જન્મ

પામ્યાથીજ તેઓ જગપ્રસિદ્ધ કેશવચંદ્ર થવા પામ્યા હતા. એમ એમનું જીવન ચરિત્ર લખનારાઓ કબુલ કરે છે. તેમજ શારદાસુંદરી પણ કેશવચંદ્રને પુત્રરૂપે મેળવીને ભાગ્યવંત થઇ ગયાં છે. ધર્મનો ખરો માર્ગ શોધી કહાડવામાં કેશવચંદ્રે ત્હેમને જે મદદ આપી છે તેવી મદદ આ દુનિયામાં ઘણી થોડીજ માતાઓ પુત્ર પાસેથી મેળવવા પામે છે.

પોતાના સમયમાં ચાલી રહેલા હિન્દુ ધર્મ ઉપર જ્યહારે કેશવચન્દ્રને અવિશ્વાસ ઉત્પન્ન થયો તથા પોતાના અંતઃકરણના વિશ્વાસ અનુસાર ત્હેમણે ન્યાત જાતના ભેદ અને મૂર્તિ પૂજાનો તદ્દન ત્યાગ કર્યો, તે વખતે ત્હેમના કેટલાક કહેવાતા સ્નેહીઓ અને સંબંધીઓ પણ ત્હેમને છોડીને ચાલ્યા ગયા. પણ એવે વખતે પણ સુકોમળ માતાનો સ્નેહ એક ઢાલની માફક ત્હેમનું રક્ષણ કરવા કાયમ રહ્યો. પરન્તુ પુત્ર તરફના માતાના કુદરતી સ્નેહ ઉપરાંત પણ જ્યહારે ત્હેમણે પુત્રની ઇશ્વરભક્તિ તથા અસલી ધર્મ ઉપરનો વિશ્વાસ એ બે વાનાં જોયાં ત્યહારે ત્હેમનું ધાર્મિક હૃદય પુત્ર કેશવચન્દ્રની આગળ નમવા લાગ્યું. કૂળદીપક પુત્રને એક દેવતા તરીકે ગણીને શારદાસુંદરી ત્હેમને પૂજવા લાગ્યાં. કેશવચન્દ્ર સુધારક હતા. બ્રાહ્મ સમાજી હતા. કેશવનાં માતાજી જૂના વિચારનાં હિન્દુ ધર્મને માનનારાં હતાં. પોતાના મરણકાળ સુધી જિંદગીનાં કાર્ય એમણે પોતાના ધર્મને અનુસરીને કર્યાં હતાં. છતાં પણ બ્રાહ્મ ધર્મનાં ઉંચાં તત્ત્વો એ પોતાના હૃદયમાં ઠસાવી શક્યાં હતાં, તેઓ વખતો વખત કહેતાં કે "સાકાર દેવ દેવીઓની પૂજા કરવા છતાં પણ નિરાકાર એવા પ્રાણરૂપી પરમાત્માની હું સેવા કરૂં છું." કેશવચન્દ્રે ઉપાસના

કરવા સારૂ બાંધેલા 'કમળકુટીર' નામના દિવાનખાનામાં દેવી શારદાસુંદરીએ પોતાના મૃત્યુના થોડા દિવસ અગાઉ કરેલી પ્રાર્થના સાંભળીને ઘણા લોકો આશ્ચર્ય પામી ગયા હતા. કેશવચન્દ્ર ત્હેમને ઉપાસના કરવાનું જે શિક્ષણ આપી ગયા હતા, તેજ શિક્ષણને પરિણામે ઉત્પન્ન થયેલો પ્રાર્થના ઉપરનો શોખ ત્હેમની બાકી રહેલી જીંદગીમાં દિલાસા અને ધીરજનો એક માત્ર ઇલાજ નીવડયો હતો. તેઓ કહી ગયાં છે કે "કેશવચન્દ્રના મૃત્યુ પછી એક દિવસ વ્યાકુળ ચિત્તે રડતાં રડતાં મ્હેં ભગવાનને સવાલ કર્યો કે 'હે પરમેશ્વર! ત્હેં મ્હને મ્હારા વ્હાલા સંતાનથી કેમ વિખુટી પાડી?' અંદરથી જવાબ આવ્યો "તું મ્હને ચાહે છે કે દુનિયાની માયાને?" મ્હેં જવાબ આપ્યો 'ના, પ્રભુ! હું સંસારને ચાહતી નથી, ત્હમને ચાહું છું." ફરીથી ઉત્તર મળ્યો "ત્હારે દુનિયાનું સઘળું સુખ છોડી દેવાને તૈયાર થા."

આ જાણે ઇશ્વરની એક ભવિષ્યવાણી હતી. થોડાકજ વખતમાં ત્હેમનો મ્હોટો પુત્ર નવીનચન્દ્ર, અને ત્યહાર પછી થોડા સમયમાં સૌથી ન્હાના પુત્ર કૃષ્ણવિહારીનાં મૃત્યુ થયાં. એક એક કન્યાઓ પણ બધી ચાલી ગઇ. પરન્તુ ત્હેમણે આ બધાં દુઃખોની કાંઈ પણ પરવા કરી નહિ. પોતેજ પોતાના દિલને આશ્વાસન આપ્યું કે 'કેશવચન્દ્રે જો મ્હને પ્રાર્થના કરતાં ન શીખવ્યું હોત તો શોક અને વિલાપમાં હું કયહારનીએ મોતના મ્હોંમાં સપડાઈ ગઇ હોત.'

સ્ત્રીઓનું હૃદય કુદરતી રીતેજ કોમળ હોય છે. પોતાના એકાદ બાળકનું મૃત્યુ નીપજતાં આપણી માતાઓ રડાકુટ કરી

મુકે છે અને આખું જીવન શોક અને વિલાપમાં ગાળે છે. પણ તેથી નથી મળતી શાન્તિ મરનારના આત્માને કે શોક કરનાર પોતાને! વ્હાલી બ્હેનો! કેશવચન્દ્રની માતાની સ્થિતિમાં ત્હમે પોતાને ઘડીભરને માટે મૂકી જુઓ. ભરજુવાનીમાં પ્યારા પતિને ગુમાવવો, કેશવચન્દ્ર જેવા જગવિખ્યાત પુત્રનું કવખતનું પરલોક ચાલ્યા જવું અને સાત સન્તાન છતાં પણ વૃદ્ધાવસ્થામાં નિઃસંતાન થવું એ કાંઇ ઓછી આફત નથી. પણ ઇશ્વરની પ્રાર્થના કરવાનું અને ત્હેનાજ ઉપર વિશ્વાસ રાખવાનું રહસ્ય શારદાસુન્દરી સારી પેઠે સ્હમજતાં હતાં; અને ત્હેને લીધેજ તેઓ મરણ પામતાં સુધી શાન્તિ અનુભવી શક્યાં હતાં. આશા છે કે મ્હારી વાચક બ્હેનો પણ આપત્તિને સમયે એકજ મહા દયાળુ પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખવાનું પોતાના અંતઃકરણને શિખવશે.

કેશવચન્દ્રનાં માતા ખરેખર એક આદર્શ સ્વરૂપ સ્ત્રી હતાં. કેશવચન્દ્રે જે વખતે પ્રચલિત હિન્દુ ધર્મનો ત્યાગ કર્યો તે વખતે માતાની દિલસોજીએજ ત્હેમના દિલને મજબૂત કર્યું હતું. મતભેદને વશ થઈ તેઓ જ્યહારે પોતાના ગુરૂ મહર્ષિ દેવેન્દ્રનાથની આદિ બ્રાહ્મસમાજનાથી છૂટા પડયા ત્યહારે પણ તેમની માતાની દૃઢ સહાનુભૂતિનો લાભ ત્હેમને મળ્યો હતો. ઇનસાફ અને સચ્ચાઇનો માર્ગ આફતોથી ઘેરાયલો હોવા છતાં પણ ત્હેમાં અડગપણે આગળ વધવાનો સંતાનોને ઉત્સાહ આપીને દેવી શારદાસુન્દરી આર્ય મહિલાઓને એક મ્હોટું શિક્ષણ આપી ગયાં છે.

૭. માજી હરિકુંવરી.

આપણા આર્યાવર્ત દેશની તત્ત્વવિદ્યા બધા દેશની વિદ્યાઓ કરતાં શ્રેષ્ઠ છે. એ તત્ત્વવિદ્યાનો અભ્યાસ કેવળ પુરૂષોજ કરે છે એમ નથી પરન્તુ સ્ત્રીઓ પણ ત્હેના સુધારસનું પાન કરીને આત્માની ઉન્નતિ સાધે છે. પ્રાચીનકાળની ઘણી આત્મજ્ઞાની સન્નારીઓનાં ચરિત્ર તો વાંચકો વાંચી ચુક્યા છે પણ અત્રે હમે થોડાકજ વર્ષ પહેલાં થઇ ગયેલાં એક વિદુષીબાઇનું ચરિત્ર આલેખી, આર્ય રમણીઓના તત્ત્વજ્ઞાન તરફના શોખનું એક વધુ ઉદાહરણ બતાવીશું.

એ સન્નારી તે કાશીનિવાસી પ્રસિદ્ધ બાઇ હરિકુંવરી છે. જ્હેમને ત્હેમના મહાન ગુણોને લીધે લોકો માતાના નામથી બોલાવતા હતા.

માતા હરિકુંવરીનો જન્મ માર્ગશીર્ષ કૃષ્ણ ૬ સંવત ૧૮૮૩ માં (ઇ. સ. ૧૮૨૬) થયો હતો. એ દેખવામાં જેવાં સુંદર અને ચિત્તાકર્ષક હતાં તેવીજ રીતે ગુણોમાં પણ અદ્વિતીય હતાં. ત્હેમનું શરીર સ્થૂલ હતું, અને કદ ઘણું ઠીંગણું હતું. પણ એ ઘણાં ખૂબસુરત અને સદ્ગુણોની મૂર્તિરૂપ હતાં. એકવાર એમનાં દર્શન કર્યાથી વારંવાર ત્હેમનો સત્સંગ સાધવાની ઇચ્છા થતી.

ત્હેમના પિતા રામેશ્વર દવે નાગર બ્રાહ્મણ હતા અને કાશીમાં ત્હેમનું ઘર હતું. પરન્તુ એમના માતામહ તથા મામાનો

એમના ઉપર ઘણો પ્રેમ હોવાથી એ પોતાની સ્ત્રી સાથે ભરત-પુરમાં ઘણું રહેતા. રામેશ્વર દવે ઘણા સાદા અને સરળ સ્વભાવના માણસ હતા. સંસારની ખટપટમાં એ વધારે પડતા નહિ. એ ઘણા ભક્ત, ઉદાર અને શાન્ત પ્રકૃતિના હતા. યોગ અને મંત્ર શાસ્ત્ર ઉપર ત્હેમની દૃઢ ભક્તિ હતી અને એમાંજ એમનો બધો સમય વ્યતીત થતો. ગરીબોને ધર્માદા દવા આપવાનો તથા વિદ્યાર્થીઓને મફત ભણાવવાનો એમને ઘણો શોખ હતો. એને લીધે એમને ઘેર આખો દહાડો છોકરાઓની નિશાળ બેઠેલી જોવામાં આવતી.

માતા હરિકુંવરીના પિતા સહકુટુંબ કલકત્તા ગયા હતા. ત્ય્હાં દૈવયોગે ત્હેમની પત્નીનું મૃત્યુ થઇ ગયું, અને સાડાચાર વર્ષની બાલિકા હરિકુંવરીના પાલનપોષણ અને શિક્ષણનો ભાર રામેશ્વર દવે ઉપર આવી પડયો. પુરૂષ ગમે તેટલો કુશળ હોય પણ આખો દિવસ પોતાના ઉદરપોષણાર્થ નોકરી કે કામ ધંધો કરી આવ્યા પછી, ઘેર આવીને બાળકની ખબર રાખવી એ ત્હેને માટે ઘણું અઘરૂં કામ છે. એટલા માટે રામેશ્વરે પોતાની પુત્રીને એક સ્હમજુ દાસીના હાથમાં સોંપી. બાળકી હરિકુંવરી બચપણથીજ ઘણી બુદ્ધિમતી અને ચતુર હતી. જે શબ્દ એક વાર સાંભળી લેતી અથવા જે કામ એકવાર જોઈ લેતી ત્હેને કદી ભુલી જતી નહિ. રામેશ્વર દવેની પાસે સાધુ સન્ત ઘણા આવ્યા કરતા હતા, અને એ મહાત્માઓ ત્ય્હાં બેસીને ઘણા વિષયો ઉપર વાદવિવાદ કરતા હતા. બાળકી હરિકુંવરી ઘણી રૂચિ સાથે એ ચર્ચા સાંભળ્યા કરતી અને એનો મર્મ પોતાના હૃદયમાં ઠસાવતી. આ સત્સંગનો એના જીવન ઉપર ઘણો

સારો પ્રભાવ પડયો. ગીતા આદિ ધર્મશાસ્ત્રના ઉપદેશ વાકયો વગર ભણ્યેજ ત્હેમના હૃદયમાં ઠસી ગયાં અને ત્હેમનું ધ્યાન ભગવદ્ ભક્તિ તરફ ઝુકી ગયું.

બાઇ હરિકુંવરીની દાસી ગૃહકાર્યમાં ઘણી કુશળ હતી. એણે એને ઘર કામ, પતિ–સેવા અને રસોઈ વગેરે કામમાં નિપુણ કરી દીધી. પરન્તુ એ દાસીને ભણવું ગણવું પસંદ નહોતું. સ્ત્રીઓ વાંચતાં લખતાં શિખે ત્હેની એ વિરૂદ્ધ હતી એટલે હરિકુંવરીને વિદ્યાભ્યાસ કરતાં હમેશાં રોકયા કરતી હતી. પરન્તુ હરિકુંવરીને સ્વાભાવિક રીતેજ પઠનપાઠનનો શોખ લાગ્યો હતો એટલે એમણે ગુપ્ત રીતેજ વાંચવા લખવાનો પૂર્ણ અભ્યાચ કરી લીધો. પિતાજીના વિદ્યાર્થીઓની સાથે રહેવાથી એમને બંગાળી ભાષા બોલતાં આવડી ગયું હતું અને એમની સાથે એ બંગાળીમાંજ વાર્તાલાપ કરતાં. ગીતા અને ઉપનિષદોને વારંવાર ધ્યાનપૂર્વક શ્રવણ કરવાથી એ એવાં વિદુષી બન્યાં હતાં કે સાધારણ બુદ્ધિનો મનુષ્ય ઘણાં વર્ષોના અભ્યાસથી પણ એટલો પારાંગત ન બની શકે.

દસ વર્ષની વયમાં પિતાએ એમનો વિવાહ બનારસના એક કુલીન નાગર બ્રાહ્મણના પુત્ર સાથે કરી દીધો. એટલે થોડા વર્ષ પછી હરિકુંવરીને બનારસ જવું પડયું. ત્યહાં જઇને એમણે પોતાના સદ્ગુણો તથા સરળ નિષ્કપટ સ્વભાવથી શ્વશુર પક્ષનાં બધાં માણસોને ઘણાંજ પ્રસન્ન કરી દીધાં. ત્હેમાં વળી એમની નણંદ તો એમના ઉપર એટલી બધી પ્રસન્ન થઇ ગઇ કે દરરોજ સ્હવારમાં ભાભીનું મ્હોં જોયા વગર પથારીમાંથી ઉઠતી નહિ. અભાગ્યવશ એમના પતિને જ્વર આવ્યો, અને પંદર વર્ષની

વયે, કેવળ એકજ વર્ષનું પતિ સુખ ભોગવીને, હરિકુંવરી વૈધવ્યના દુઃખ સાગરમાં ડુબી ગયાં. થોડા દિવસ પછી ત્હેમના સસરા પણ મરી ગયા અને બાઇ હરિકુંવરીને નિરાધાર થઇને રહેવું પડયું. ઘરનાં બીજાં બધાં માણસો તથા આડોશીપાડોશી સૌ એમના સ્વભાવથી ઘણાં ખુશ હતાં પણ એમની સાસુને સ્વભાવ ઘણો કઠોર હતો. એ પોતાની દુઃખિયારી વહુથી કોઇ દિવસ રાજી નહોતી રહેતી. એણે એમના ઉપર એટલો બધો અન્યાય કર્યો કે પોતાની બધી મિલ્કત તથા સરસામાનની વારસ પોતાની પુત્રીને બનાવી દીધી અને નિરાધાર વિધવા વહુને મ્હોં તાકતી રાખી, પરન્તુ સાધ્વી હરિકુંવરીએ એની કાંઈ પરવા ન કરી. પ્રથમથીજ ત્હેમની રૂચિ ભગવદ્‌ભક્તિમાં હતી, ત્હેમાં વળી પતિદેવના અકાળ મૃત્યુથી એ સંસારને નશ્વર અને દુઃખના સાગરરૂપ માનવા લાગ્યાં અને ત્હેને લીધે ત્હેમણે જગદીશ્વરની સેવામાં પોતાના મનને રાતદિવસ પરોવ્યું.

સંવત ૧૯૦૦ માં ત્હેમના પિતા બનારસ ગયા અને પુત્રીને લઇને તીર્થ યાત્રા કરવા નીકળ્યા. પ્રયાગ, અયોધ્યા, પુષ્કર, વૃન્દાવન, અને મથુરા આદિ તીર્થ સ્થાનોમાં યાત્રા કરીને પિતાપુત્રી હરદ્વાર પહોંચ્યાં. હરિકુંવરીનો એમના પતિ ઉપર ઘણોજ પ્રેમ હતો. પરન્તુ નિર્દય કાળની આગળ એમનું કશું ચાલ્યું નહિ. એ એમને ભુલી જવાને ઘણોએ પ્રયત્ન કરતી, કારણકે વિયોગી મનુષ્યથી ભગવદ્‌ભક્તિમાં લીન થઇ શકાતું નથી. પરન્તુ એ તાજા ઘા ઉપર કોઇ દવા કામ લાગી નહિ. વખતોવખત એમને પતિનું સ્મરણ થઇ આવતું અને એ કલાકોના કલાક સુધી પડયાં પડયાં રોયા કરતાં. યાત્રા જતી વખતે એમણે

સાંભળ્યું હતું કે મથુરાંમાં એક એવા સાધુ રહે છે કે જે રૂપિયા લઈને મનુષ્યને ત્હેના મૃત સંબંધીઓ સાથે મેળાપ કરાવી આપે છે. હરિકુંવરીને આશા હતી કે મથુરાં ગયાથી એ સાધુદ્વારા પતિદેવનાં ફરીથી દર્શન થઈ શકશે. પરન્તુ એમના પિતાને પુત્રીના એ વિચારની ખબર પડી ગઈ, એટલે એમણે હરિકુંવરીને શિખામણ રૂપે કહ્યું ' બેટા ! આ સંસારમાં કોઈ કોઇનું નથી. કોઇ કોઈની સ્ત્રી નથી કે કોઇ કોઈનો પતિ નથી. બધા ઇશ્વરની માયાથી ઇશ્વરે નિર્માણ કરેલું કાર્ય બજાવવા માટે સંસારમાં કોઇને કોઇ સંબંધથી એકઠાં થાય છે. જે દેહને આપણે આપણી આંખો આગળ બાળી આવ્યા ત્હેનામાં પછી જીવતા રહેવાની શક્તિ ક્ય્હાંથી હોય ? કોઈ એનાં દર્શન કરાવી શકે એમ નથી. હવે તો ઇશ્વરનેજ પોતાનું સર્વસ્વ માનીને ત્હેની સેવામાં લીન થઈ જવું જોઇએ. '

પોતાના મનનો ભરમ પિતાને જણાઇ જવાથી હરિકુંવરીને ઘણી શરમ આવી, અને એજ સમયથી પિતાના ઉપદેશે એમના ઉપર એવી અસર કરી કે બધા તરંગો જતા રહ્યા અને જપ, તપ, ધ્યાન, પૂજા તથા આત્મવિચાર અને શાસ્ત્રોના અભ્યાસમાં એમણે પોતાનું ચિત્ત પરોવ્યું. હવે ગીતા ઉપર એમની રૂચિ એટલી બધી વધી ગઇ કે જ્ય્હારે અવકાશ મળતો ત્ય્હારે ગીતાનું મનન કરતાં. શ્રીમદ્ ભગવદ્ગીતાનું **मन्मना भव मद्भक्तो मद्याजी मान्नमस्कुरु** ' એ વાક્ય સદા એમના મુખમાંથી નીકળ્યા કરતું હતું, તેથી એમના પિતાએ એમનું નામ '**મન્મન**' પાડ્યું. અને એ નામથી એ ઘણાં પ્રખ્યાત થયાં. હરિદ્વારમાં કુંભનો મેળો કરીને બન્ને ત્ય્હાંથી ચાલ્યાં અને માર્ગમાં બીજા

તીર્થોની યાત્રા કરીને સંવત ૧૯૦૩ માં કાશી પહોંચ્યાં. બાઇના પિતા રામેશ્વર દવેના ગુરૂ શ્રીપરમહંસ પરિવ્રાજક સ્વામી સચ્ચિદાનંદ સરસ્વતી ઘણા વિદ્વાન્ હતા. એ કાશીથી પૂર્વની તરફ ગંગાજીના કિનારા ઉપર એક ગુફામાં રહેતા હતા, પરન્તુ એમના દેહ ત્યાગ પછી એ સુંદર ગુફા ખાલી પડી હતી. પિતા-પુત્રી એ ગુફામાંજ રહીને પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન ધરવામાં લીન થયાં.

જ્યહારે બાઈના પરમપૂજ્ય પિતાના દેહ ત્યાગનો સમય પાસે આવ્યો ત્યહારે લોકોએ એમને પુછ્યું કે બાઈના ભરણ-પોષણનો શો બંદોબસ્ત કર્યો છે? ત્યહારે બાઇએ પોતે પિતાની તરફથી જવાબ આપ્યો 'સંસારમાં બધાં પોતપોતાની ગરજનાં સગાં છે. કોઈ કોઈનું નથી, જે પતિનો હાથ માતપિતા હજારો લોકોની સ્હામે પકડાવે છે, તે પતિજ પણ પોતાની સ્ત્રીને છોડીને ચાલ્યો જાય છે તો બીજાની તો વાતજ શી? મ્હારૂં પાલનપોષણ કરનાર એક માત્ર પરમેશ્વરજ છે; કે જે આખા વિશ્વને પાળે છે. મ્હને એનોજ ભરોસો છે અને એજ સર્વશક્તિમાન જગદાધાર મ્હારૂં પાલન કરશે.'

બાઇનો આવો બોધજનક ઉત્તર સાંભળીને બધા લોકો આશ્ચર્ય પામ્યા. ઈ. સ. ૧૮૬૦ માં બાઇના પિતા, જે એ સમયે શ્રીપરમહંસ પરિવ્રાજક સ્વામી બ્રહ્માનંદ નામથી પ્રસિદ્ધ થયા હતા તે ૭૮ વર્ષની વયમાં પરલોકમાં સીધાવ્યા, એ વખતે ત્હેમની એકની એક કન્યા હરિકુંવરીનું વય ૩૪ વર્ષનું હતું.

એ સમયે ભારતોદ્ધારક મહાત્મા સ્વામી શ્રી દયાનંદજી સરસ્વતી પ્રવાસ કરતા કરતા કાશી પહોંચ્યા. અને બાઇની

પ્રશંસા સાંભળીને ત્હેમને મળવા ગયા તથા ત્હેમની સાથે વાર્તાલાપ કરીને એટલા બધા પ્રસન્ન થયા કે એમને 'ગાર્ગી'ની ઉપાધિથી વિભૂષિત કરીને પોતાની ભક્તિ પ્રગટ કરી. ત્હાંથી સ્વામી દયાનંદ ઉદયપુરમાં પધાર્યા. ઉદયપુરમાં કોઇ કાર્ય માટે એમને સામવેદ ભાષ્યની જરૂર પડી. પરન્તુ એ કહીં મળી શક્યું નહિ એટલે એમણે મહારાણા આગળ બાઇની ઘણી પ્રશંસા કરી અને કહ્યું કે એ પુસ્તક એમની પાસેથી મળવાનો સંભવ છે. દયાનંદ સ્વામી જેવા પક્કા સુધારક મહાત્માના મ્હોંએથી બાઇની પ્રશંસા સાંભળીને મહારાણા ઘણા પ્રસન્ન થયા અને ત્હેમનાં દર્શન કરવાને માટે એટલા બધા ઉત્સુક બન્યા કે પોતાના રાજ્યમાંથી પંડિત મોહનલાલજીને બનારસ મોકલીને, ઉદયપુર પધારવાની વિનંતિ કરી. મહારાણા સાહેબનું આમંત્રણ સ્વીકારીને બાઇ ઉદયપુર ગયાં અને ત્હાં કેટલાક દિવસ રહીને સં. ૧૯૩૯ માં કાશી પાછાં આવ્યાં.

એ અરસામાં માજી હરિકુંવરીના ગુણનો પ્રકાશ ઘણે દૂર સુધી ફેલાઇ ગયો હતો. આપણા દેશમાંથી વિવિધ પ્રાન્તોના લોકો ત્હેમનાં દર્શન સારૂ કાશી આવતાં એટલુંજ નહિ, પરન્તુ સાત સમુદ્ર પાર રહેનારા પરદેશી વિદ્વાનોમાં પણ બાઇએ સારી ખ્યાતિ મેળવી. થિયોસોફિકલ સોસાઇટીની પ્રવર્તક મેડમ બ્લેવેટસ્કી, કર્નલ ઑલ્કોટ, મિસિઝ બિસેંટ, મિસ મુલર આદિ અનેક અંગ્રેજ વિદ્વાન્ અને વિદુષીઓ કાશી જતાં ત્હારે આનંદ ગુફામાં જઇને માતાજીનાં દર્શન કર્યા વગર રહેતાં નહિ.

સંવત ૧૯૪૪ માં કલકત્તાના પ્રસિદ્ધ બાબુ કાલિકૃષ્ણ ઠાકુર જ્હારે કાશી યાત્રા કરવા ગયા ત્હારે બાઇજીના ગુણોની પ્રશંસા

એમણે એટલી બધી સાંભળી હતી કે એ બાઇના આશ્રમ ઉપર જવાની ઇચ્છાને રોકી ન શક્યા. એમણે જોયું કે એ સમયે આનંદગુહા બિલકુલ જીર્ણ થઇ ગઇ હતી અને થોડા સમયમાં ત્હેના પડી જવાનો સંભવ હતો. એ બાબુ સાહેબે એક અંગ્રેજ એનજીનિરની સલાહથી ૩૫૦૦ રૂપિયાનું ખર્ચ કરીને ત્હેહાં એક સુંદર મજબુત મકાન બંધાવી આપ્યું, અને ૧૦૦૦ રોકડા ભેટ કર્યા. એ દિવસથી બંગાળી લોકો એમને સાક્ષાત્ માતા સ્વરૂપ માનીને એમની ઘણી ભક્તિ કરવા લાગ્યા.

બાઇની સેવા ચાકરી કરવાને માટે આ સમયે છ સાત મનુષ્યો પોતાની ઇચ્છાથી રહેતા હતા, પરન્તુ એમના ભરણ-પોષણની ફિકર બાઇને કરવી પડતી નહોતી. સેવકોજ એમનું બધું ખર્ચ પોતાની ખુશીથી નિભાવતા.

બાઇએ રામગીતા, શિવગીતા, અવધૂતગીતા, ગુરૂગીતા, ગીત-ગોવિન્દ, રામપંચાધ્યાયી, રાસપંચાધ્યાયી, સપ્તશતી, યોગવાસિષ્ઠ અને ઉપનિષદોનું પૂરૂં જ્ઞાન મેળવી લીધું હતું. રામાયણનો પણ એમણે ઘણો સારો અભ્યાસ કર્યો હતો, તથા જ્યોતિષ અને વૈદ્યકનો પણ એમને ઘણો શોખ હતો. એ પોતે ઘણી કીંમતી દવાઓ બનાવીને પોતાની પાસે રાખતાં અને ગરીબ દરદીઓને મુફત આપતાં. એમણે શિવગીતા ઉપર એક ઘણીજ સરળ અને ઉત્તમ ટીકા લખી છે, જે વાંચ્યાથી ત્હેમના વિચાર, ત્હેમની યોગ્યતા વગેરેનું પૂર્ણ જ્ઞાન થાય છે. તીર્થયાત્રા ઉપર બાઇની ઘણી રૂચી હતી એટલા માટે ભારતવર્ષમાં જેટલાં મુખ્ય તીર્થો છે તેટલાં બધાંની યાત્રા કરીને બાઇએ પોતાનો દેહ પવિત્ર કર્યો હતો. આજકાલની માફક એ વખત રેલવે ચારે તરફ

ફેલાઇ ગઇ નહોતી. એટલે એ યાત્રા ઘણું કષ્ટ વેઠીને પગ રસ્તે કરવી પડી હતી.

ઈ. સ. ૧૮૯૮ ના નવેમ્બર માસમાં ૭૨ વર્ષની વયે માજી હરિકુંવરીએ સ્વર્ગવાસ કર્યો. ત્હેમના મૃત્યુથી ભારતવર્ષમાંથી એક અમૂલ્ય સ્ત્રીરત્ન ચાલ્યું ગયું.

૮—બૂંદીની પરોપકારી રાણી.

ઈ. સ. ૧૮૫૭ ના વર્ષમાં જેવી રીતે હિંદુસ્તાનની કેટલીક રાણીઓએ બળવાખોર સિપાહીઓની સાથે મળી જઇને અંગ્રેજ સરકારની વિરૂદ્ધ શસ્ત્ર ધારણ કર્યાં હતાં, તેવીજ રીતે હિંદુસ્તાનની કેટલીક સન્નારીઓએ પોતાના જાનને જોખમમાં નાંખીને પણ અંગ્રેજ અબળાઓ તથા બાળકોનું સંરક્ષણ કર્યું હતું. એવી આત્મોત્સર્ગ કરનારી પરોપકારી સન્નારીઓમાં બૂંદીની રાણી અગ્રગણ્યપદ ભોગવે છે.

૧૮૫૭ ના બળવામાં બૂંદીનો રાજા સિપાહીઓની સાથે મળી જઇને યુદ્ધમાં પ્રવૃત્ત થયો હતો. યુરોપિયન અમલદારોની ઉપરા ઉપરી કતલ થઈ રહી હતી. જે બધી સુકોમળ યુરોપીય મહિલાઓ અને ફુલ જેવાં બાળકો અપૂર્વ સુખ અને વિલાસમાં ઉછર્યાં હતાં, તે આજે પ્રાણ બચાવવા માટે કોઇ આશ્રય સ્થાન

નહિ મળ્યાથી ભુખ્યાં તરસ્યાં, ઉઘાડાં પુઘાડાં, દિવસની પ્રચંડ ગરમી અને રાત્રીની ઠંડીમાં પાસેના જંગલોમાં ઓઢયા પાથર્યા વગર પડયાં રહેતાં હતાં. યુરોપિયન સન્નારીઓ તથા બાળકોની દુર્દશાના આ સમાચાર બૂંદીની રાણીના કાને પહોંચ્યા. તે દુઃખકારક સમાચારથી ત્હેનું કોમળ હૃદય ઘણું પીગળી ગયું. ત્હેણે સ્વામીને ખબર ન પડે એવી રીતે, પોતાના વિશ્વાસુ નોકરો મારફતે યુરોપિયનોનાં બૈરાં છોકરાંઓ માટે ખાવાપીવાનો બંદોબસ્ત કરી આપ્યો, તથા ત્હેમને પહેરવા માટે વસ્ત્ર અને ઓઢવા પાથરવા માટે ગોદડાં વગેરે મોકલી આપ્યાં. બૂંદીનો રાજા એ સમયે યુદ્ધક્ષેત્રમાં ગયેલો હોવાથી શત્રુપક્ષ તરફ પોતાની રાણીએ બતાવેલી દયાનો વૃત્તાંત ત્હેના જાણ્યામાં આવ્યો નહિ. બૂંદીના રાણીની સહાયતાથી નિરાશ્રીત અંગ્રેજી મહિલાઓ પોતાના બાળકો સાથે સહિસલામત દિલ્હીની છાવણીમાં પંહોચી ગઈ. રાણીએ ત્હેમને યોગ્ય સમયે મદદ ન આપી હોત તો ત્હેમનામાંની ઘણી સ્ત્રીઓના તથા નિર્દોષ કોમળ બાળકોના પ્રાણ નષ્ટ થાત. રાણી સારી પેઠે સ્હમજતી હતી કે અંગ્રેજોની સાથે એટલે સહાનુભૂતિ દર્શાવવા માટે પતિ એનો પોતાનો પ્રાણ લીધા વગર છોડશે નહિ, પણ એટલું જાણવા છતાં તે પોતાના હૃદયમાં વ્યાપી રહેલા પરોપકાર વ્રતથી ચલિત થઈ નહિ. પરોપકારી રાણીએ ગમે તેટલું જોખમ વેઠીને પણ પોતાનું ગૌરવ સાચવ્યું. પણ હાય ! એ પરોપકાર અને ઉદારતાજ ત્હેના જીવન નાશના કારણ રૂપ થઈ પડયાં. બૂંદીરાજના યુદ્ધમાંથી પાછા આવ્યા પછી રાણી થોડા સમયમાં મરી ગઇ. અને ત્યહાર પછી થોડા સમયે સરહ્યુરોઝની સાથેના યુદ્ધમાં રાજા પણ

મરણ પામ્યો. રાણીનું ઓચિંતું મૃત્યુ શાથી થયું તે બરોબર જાણવામાં આવ્યું નથી. કેટલાક એવો સંદેહ લાવે છે કે નિઃસહાય યુરોપિયન રમણીઓને મદદ કરવાના અપરાધમાં રાજાએ ત્હેનો વધ કરાવ્યો હતો, પણ એ વાત પ્રમાણિક નથી.

૯—સ્વામીભક્ત આયા.

ઈ. સ. ૧૮૫૭ ના બળવા વખતે અવધની અંગ્રેજી છાવણીના એક કર્નલ સાહેબની સેવામાં એક દેશી આયા રહેતી હતી. એ સાહેબના એક દોઢ વર્ષના બાળકની સંભાળ રાખવી એજ ત્હેનું કામ હતું. જે દિવસે લખનૌમાં એકાએક લશ્કરી સિપાહીઓ ફિતુરી થઇ ગયા તે દિવસે એ આયા પોતાના સાહેબના બાળકને હવા ખવરાવવા લઇ ગઈ હતી. હવા ખાઇને પાછી ફરતી વખતે ત્હેણે બળવાખોર સિપાહીઓની ગડબડ સાંભળી; તરતજ બાળકને પોતાના કપડામાં સંતાડી દઇને એ બંગલે આવી, પણ એ વખતે ત્હેના શેઠ શેઠાણી કર્નલ સાહેબ અને ત્હેમનાં મડમ બંગલો છોડીને ચાલ્યાં ગયાં હતાં. શહેરના બધા યુરોપિયનો પોતાનો જીવ બચાવવા સારૂ ન્હાશી ગયા હતા, અને સિપાહીઓ ત્હેમના ઘરમાં લૂંટફાટ મચાવી રહ્યા હતા. ભોગજોગે કોઇ યુરોપિયન સ્ત્રી પુરૂષ ઉપર ત્હેમની દૃષ્ટિ પડતી તો તેઓ ત્હેને નિર્દયતાથી

મારી નાંખતા. ત્હેમની મતિ આ વખતે એટલી બધી ભ્રષ્ટ હતી કે સ્ત્રીહત્યા કે બાળહત્યાનું ત્હેમને જરા પણ ભાન નહોતું. આવે વખતે શું કરવું તે ત્હેને સુઝયું નહિ. મનમાં ને મનમાં ઘણી વાર સુધી વિચાર કર્યા પછી એ બંગલો છોડીને ન્હાશી જવાની તૈયારીમાં હતી એવામાં બળવાખોરો ત્ય્હાં આગળ આવી પહોંચ્યા. ત્હેણે એકદમ બાળકને પોતાના કપડાંમાં સંતાડી દીધું અને પોતે ત્ય્હાં બેઠી. જાનને જોખમે પણ બાળકનું સંરક્ષણ કરવાનો ત્હેણે નિશ્ચય કર્યો હતો. સિપાહીઓએ ઘરમાં પેસીને કહ્યું 'ફિરંગીકા બચ્ચા કિધર હે?' આયાએ કહ્યું 'મ્હને ખબર નથી, મેમ સાહેબ ત્હેને લઈ ગયાં હશે.' પરંતુ સિપાહીઓએ કહ્યું કે 'હમને બાબાકો દેખા હે, યકદમ બતલાઓ, વરના તુમ્હારા સિર કાટ ડાલેંગે.' ત્હેણે વારંવાર એજ વિનંતિ કરી કે 'સરદાર મ્હને જરા પણ ખબર નથી કે 'બાબા' ક્ય્હાં છે.' ત્હેની આ વિનંતિથી દયા લાવવાને બદલે એક સિપાહી ઉલટો વધારે ઉશ્કેરાઇ ગયો અને ત્હેણે ત્હેના શરીરમાં તલવારના ઘા કર્યા. એ ઘાને લીધે તે મૂર્છિત થઇ ગઈ. આ ઘરમાં કોઇ અંગ્રેજ નથી એમ ધારીને સિપાહીઓ બીજા બંગલાઓ લૂંટવા ગયા.

શુદ્ધિમાં આવતાં વારજ આયાએ કપડાંની નીચે સાહેબના બાળકને જોયું. જ્ય્હારે ત્હેની ખાત્રી થઈ કે બાળક હજુ સહીસલામત છે ત્ય્હારે ત્હેના આનંદનો પાર રહ્યો નહિ. અંધારામાં છાની માની એ પોતાને ઘેર ગઇ અને ત્ય્હાં જઇને એ બાળકના મ્હોં ઉપર મેશ ચોપડી દીધી કે જેથી એ સાહેબનું છોકરૂં છે એવી કોઇને ખબર પડે નહિ. આ પ્રમાણે એણે ઘણા દિવસ

એ બાળકને પોતાના સંતાન તરીકે ઉછેર્યું; આખરે થોડા દિવસ પછી એને ખબર પડી કે એનાં શેઠશેઠાણી લખનૌમાં છે. એ ત્હાં આગળ ગઇ અને ત્હેમના મ્હોં આગળ બાળકને મૂક્યું. આવા આપત્તિના સમયમાં જે બાળકના જીવનની તેઓ આશા મૂકી ચૂક્યાં હતાં તે બાળકને પોતાની આંખ આગળ રમતું જોયાથી એ યુરોપિયન દંપતિને કેટલો બધો આનંદ થયો હશે ત્હેની કલ્પના વાંચક બ્હેનો સહેલાઇથી કરી શકશે. બન્ને જણાંએ આયાનો ઘણોજ ઉપકાર માન્યો અને જણાવ્યું કે 'દિલગીર છીએ. આ વખતે ત્હારા ઉપકારનો લેશ માત્ર પણ બદલો વાળવાની અમારામાં શક્તિ નથી, અમે પોતે અત્યારે નિરાધાર અવસ્થામાં ટળવળીએ છીએ, જ્યહારે ફરીથી દેશમાં શાન્તિ ફેલાશે ત્યહારે અમે ત્હારા ઉપકારનો બદલો વાળવા ચુકીશું નહીં.' આયા ત્હેમની રજા લઇને, પોતાને વાગેલા ઘા ઉપર મલમપટ્ટા બાંધવા માટે પાછી પોતાને ઘેર ગઈ.

બળવો શાંત થઇ ગયા પછી તે પાછી લખનૌ જઇને પોતાના શેઠને ખોળવા લાગી, અફસોસ, ત્યહાં ગયા પછી ત્હેને ખબર મળ્યા કે કર્નલ સાહેબ અને ત્હેમનાં મડમ બંનેનો સિપાહીઓને હાથે વધ થયો હતો, અને જે બાળકને ત્હેણે જીવના જોખમે બચાવ્યું હતું, તે બાળકને બીજા નિરાશ્રીત બાળકોની સાથે વિલાયત મોકલી દેવામાં આવ્યું હતું.

નિરાશ થયેલી આયા ઘેર પાછી આવી. ધન્ય છે ત્હેની સ્વામી ભક્તિને !

૧૦—મૅડમને બચાવનાર હિંદુ સ્ત્રી.

૧૮૫૭ માં સિપાહીઓના ઉપદ્રવના સમયમાં ફૈઝાબાદના ડેપ્યુટિ કમિશ્નર સાહેબે કચેરીમાં ગયા પછી ખબર સાંભળ્યા કે પાસેની છાવણીના સિપાહીઓ યુદ્ધ કરવા તૈયાર થયા છે. એ ખબર સાંભળતાં વારજ ત્હેમના હોશ ઉડી ગયા. એમણે પોતાના એક વિશ્વાસુ પટાવાળાને બંગલે મોકલી પોતાની મડમને કહેવરાવ્યું કે ત્હેણે બધી માલમતા છોડી દઈને તરતજ નદી કિનારે ચાલ્યા જવું. એ ચપરાસીને મૅડમ સાહેબની સાથે નદી સુધી જવાનો હુકમ મળ્યો. સ્ત્રીને સમાચાર કહેવરાવીને ડેપ્યુટિ કમિશ્નર સાહેબ કોઈ કામ પ્રસંગે છાવણીમાં ગયા, પેલી તરફ ત્હેમની સ્ત્રી એક મ્યાનામાં બેસીને ચપરાસી સાથે નદીના કિનારે જવા લાગી. સિપાહીઓ એ વખતે ગામ લૂંટવા તથા અંગ્રેજોને મારવા માટે ચારે તરફ ફરી રહ્યા હતા. ત્હેમને જોતાં વારજ ભયભીત અને અસહાય થયેલી અંગ્રેજ મહિલા સંધ્યાકાળે એક ગામડામાં ન્હાશી ગઈ. એ ગામડાની એક દયાળુ સ્ત્રીએ પોતાની જીંદગીને જોખમમાં નાંખીને પણ એને આશ્રય આપ્યો, તથા એક ભાગ્યા તૂટયા ખંડેરમાં ત્હેને સંતાડી દીધી. ત્હેની સાથેનો ચપરાસી ત્યહાંથી મ્યાનો લઈને નાશી ગયો. રાતને વખતે એ ગામમાં બળવાખોર સિપાહીઓએ પ્રવેશ કર્યો, લોકોના ઘરમાં પેસી જઈને ચારે ખુણે ન્હાસી ગયેલા અંગ્રેજ સ્ત્રી પુરુ-

પોને શોધવા લાગ્યા. અને જે લોકો આશ્રિત અંગ્રેજોને ત્હેમના સ્વાધીન ન કરી દેતા ત્હેમને મારી નાંખવાનો ભય બતાવતા. ધીમે ધીમે તેઓ ફૈઝાબાદના ડેપ્યુટિ કમિશ્નરની સ્ત્રી જે ઘરમાં સંતાઇ રહી હતી ત્હાં આવી પહોંચ્યા. એ ઘરધણીઆણીને તેઓ અંગ્રેજો સંબંધી પૂછવા લાગ્યા, પરંતુ એ દયાળુ બાઇએ તે સિપાહીઓની ગમે તેટલી ધમકીઓ છતાં પણ એ અંગ્રેજ રમણીનો પત્તો આપ્યો નહિ. એ મૅડમને ગામમાં પ્રવેશ કરતી વખતે ગામના ઘણા ખેડુતોએ તથા ત્હેમની સ્ત્રીઓએ જોઇ હતી, પણ એમનામાંના કોઇ પણ મનુષ્યે બળવાખોરો આગળ જઇને ચુગલી ખાધી નહિ. ભયભીત મૅડમ આખી રાત એ ખંડેરમાં પડી રહી. ધીમે ધીમે બધો કોલાહલ શમી ગયો. બળવાખોર સિપાહીઓ બીજા ગામમાં ચાલ્યા ગયા, સ્હવાર થતાં ડેપ્યુટિ કમિશ્નરના વિશ્વાસુ પટાવાળાએ ત્હાંના પ્રસિદ્ધ જમીનદાર માનસિંહની પાસે જઇને એક હોડી માંગી. દયાળુ માનસિંહે ત્હેની વિનંતિનો સ્વીકાર કરીને એક હોડી આપી. ડેપ્યુટિ કમિશ્નરની પત્ની અને બીજી અંગ્રેજ સ્ત્રીઓ પોતાનાં સંતાનો સાથે એ હોડીના અંદરના ભાગમાં બેઠી. કેટલાક વિશ્વાસુ દેશી નોકરો અને સિપાહીઓ એ નૌકામાં બહારની તરફ બેઠા અને જાત્રાળુનો સંઘ છે એમ કહીને હોડીને ચાલવા દીધી. એ નૌકામાં યુરોપિયન સ્ત્રીઓ છે એવી ખબર બળવાખોર સિપાહીઓને ત્હેમણે પડવા દીધી નહિ. સંધ્યાકાળે એક નિર્ભય સ્થળે નૌકાને બાંધીને નોકરો રસોઈ કરવા લાગ્યા. આ ગામની સ્ત્રીઓએ પણ અંગ્રેજની સ્ત્રીઓને મદદ આપવામાં કચાશ રાખી નહિ. એક દયાળુ સ્ત્રીએ જોયું કે અંગ્રેજોનાં ઘણાં

બાળકો દૂધ વગર તરફડે છે. તરતજ એ ગામમાં ગઇ અને ધાવણવાળી કેટલીક સ્ત્રીઓને પોતાની સાથે લઇ આવીને નૌકા આગળ આવી. યુરોપિયન સ્ત્રીઓએ ઉપકારપૂર્વક પોતાનાં બાળકોને ત્હેમના હાથમાં સોંપ્યાં. એ દયાળુ ભારતવાસી મહિલાઓએ તે નિરાધાર બાળકોને સ્તનપાન કરાવીને તૃપ્ત કર્યાં. એમને ખબર હતી કે સિપાહીઓના જાણ્યામાં આ વાત આવશે તો તેઓ હમારો પ્રાણ લીધા વગર છોડશે નહિ, પરન્તુ ગમે તેટલું સંકટ આવવાની શંકા હોય તોપણ આર્ય રમણીઓથી પોતાની આંખ આગળ કોમળ સ્ત્રીઓ અને નિર્દોષ બાળકોને રીબાઇને મરતાં કેવી રીતે જોઈ શકાય ? ત્હેમણે સિપાહીઓના ત્રાસની જરા પણ પરવા કર્યા વગર નિરાશ્રિત અંગ્રેજ મહિલાઓને સહાયતા આપી અને એ સહાયતાને લીધે જ ફૈઝાબાદના ડેપ્યુટિ કમિશ્નરની પત્ની તથા બીજી યુરોપિયન સ્ત્રીઓ અલ્હાબાદ પહોંચી ગઇ.

૧૧—પ્રમાણિક આયા બમની.

આ વાર્તા પણ ઇ. સ. ૧૮૫૭ના બળવાના સમયનીજ છે. બમની એક અંગ્રેજ ડાકટરની સેવામાં હતી. એ સાહેબ અવધ પ્રાન્તના કેન્ટોન્મેન્ટ સર્જનના હોદ્દા ઉપર હતો. છાવણીમાં બળવો ફેલાયાની ખબર પડતાં વારજ ત્હેણે એક વિશ્વાસુ નોકર સાથે પોતાની મૅડમ અને ત્રણ બાળકોને લખનૌ મોકલી દીધાં. ડાકટર સાહેબની મૅડમને

એ ગભરાટના સમયમાં ઘરેણાં ગાંઠાં તથા બીજી કિંમતી વસ્તુઓ સાથે લઈ જવાનું સુઝયું નહિ. એતો અનાજના કોથળાઓની વચમાં છોકરાંઓ સાથે સંતાઇ જઈને, એક દેશી ગાડામાં બેસીને જીવ લઇને નાઠી. મૅડમ સાહેબ ગયાં તે વખતે આયા બમની ઘેર નહોતી, પણ ઘેર આવ્યા પછી ત્હેને ખબર પડી કે મૅડમ સાહેબ ઘરેણાં ગાંઠા તથા બીજી કિંમતી વસ્તુઓ બંગલામાંજ મૂકતાં ગયાં છે. એ સર્વ અલંકારોને એક કાંબળીના ટુકડામાં બાંધી લઇને એ પોતાને ઘેર ગઈ. જણાવવું જોઇએ કે ડાકટર સાહેબે પણ પોતાના બંગલામાં રહેવાનું સાહસ કર્યું નહોતું. થોડા સમય પછી બળવાખોર સિપાહીઓએ આવીને ડાકટરના બંગલાને આગ લગાડી દીધી. જોતજોતામાં કિંમતી ફરનીચરથી સુસજ્જીત થયેલો એ બંગલો ભસ્મીભૂત થઇ ગયો. બમનીએ પોતાના શેઠના બંગલાનો નાશ થતો પોતાની આંખે જોયો. પણ ત્હેને એટલો સંતોષ હતો કે સાહેબના કિંમતી અલંકારો બચી ગયા છે. પોતાના ઝુંપડામાં એક ખાડો ખોદીને બમનીએ એ અલંકારોને ઘણી લાંબી મુદત સુધી છુપાવી રાખ્યા. પોતાના અંગતના સગાઓને પણ ત્હેણે એ સંબંધી ખબર આપી નહિ, જે વખતે બળવો શમી ગયો અને બમનીને પોતાના સાહેબના નિવાસસ્થાનની ખબર પડી ત્યહારે તે જાતેજ ત્હેની પાસે ગઈ અને ત્હેનાં ઘરેણાં ત્હેમને પાછાં સોંપી દીધાં.

સાહેબે ત્હેને શું ઇનામ આપ્યું તે હમારા જાણવામાં નથી, પણ હમે તો ગરીબ વિશ્વાસુ દાસીની પ્રમાણિકતાની હજારો વાર પ્રશંસા કરીશું તથા ત્હેની શુદ્ધ નીતિ માટે ત્હેને અનેકાનેક ધન્યવાદ આપીશું.

૧૨—૧૮૫૭ની સેવિકાઓ.

ઈ. સ. ૧૮૫૭ ના બળવામાં મેરઠ શહેરના ચાલાક સિપાહીઓએ ગામોનાં ગામ ઉજડ કરી નાંખ્યાં હતાં. એ પ્રમાણે લૂંટતા લૂંટતા તેઓ દિલ્હી પહોંચ્યા. એ વખતે અંગ્રેજોથી પોતાના પ્રાણનું રક્ષણ થઇ શક્યું નહિ. ત્હેમની બહાદુરી કોણ જાણે ક્ય્હાંએ ચાલી ગઇ. તેઓ જીવ લઇને ચારે તરફ ન્હાસભાગ કરવા લાગ્યા. એ વખતે ગામડાઓની અનેક દયાળુ સ્ત્રીઓએ ત્હેમનું રક્ષણ કર્યું હતું. એ વખતે અંગ્રેજ સ્ત્રી પુરૂષોમાં જરા પણ હિંમત રહી નહોતી. બધાએ એક સાથે ઉભા રહીને શત્રુઓના સ્હામા થવા જેટલું પણ ત્હેમનામાં સાહસ રહ્યું નહોતું. જ્ય્હાં જ્હેને લાગ ફાવ્યો ત્ય્હાં તે ન્હાસી જઇને આશ્રય લેતા. એ સમયમાં બે અંગ્રેજ સ્ત્રીઓ એક ઘાયલ થયેલા ડાકટરને સાથે લઇને ઉતાવળી ઉતાવળી દિલ્હીથી ન્હાશી રહી હતી. ડાકટરના ચહેરા ઉપર ગોળી વાગી હતી. ગોળી વાગવાથી ત્હેની હડપચી તુટી ગઇ હતી. અને એ ઘામાંથી રાત દિવસ લોહી વહ્યા કરતું હતું. એને લીધે ડાકટર ઘણોજ અશક્ત થઈ ગયો હતો. એ ઘાયલ ડાકટરને સાથે લઇને બે અંગ્રેજ મૅડમો દિલ્હીથી કરનાલની તરફ જઈ રહી હતી. રસ્તામાં એમને ઘણી વિપત્તિઓ વેઠવી પડી હતી. કોઇ કોઇ વખત તો રાતે વિસામો કરવા જેટલી પણ જગ્યા મળતી નહીં. કેટલાક દિવસ સુધી ખોરાકને અભાવે ભુખ્યાં

રહેવું પડતું. એમના દુઃખની સીમા નહોતી રહી. પણ જ્યહારે જ્યહારે તેઓ કોઈ ગામડામાં પહોંચતાં ત્યહારે ત્યહાંની સ્ત્રીઓ એ યુરોપિયન ડાકટર અને બે મૅડમોનો ભોજન વગેરેથી આદર-સત્કાર કરતી. ત્હેમને આશ્રય આપતાં તથા ત્હેમની ભૂખ તરસનું નિવારણ કરતાં ભારતીય મહિલાઓ કદી પણ સંકોચ લાવતી નહિ. એક દિવસ ન્હાશી જનારાં એ ત્રણે યુરોપિયનો કોઇ ગામડાની પાસે થઇને જઈ રહ્યાં હતાં એટલામાં ત્યહાંની ભારત-મહિલાઓની દૃષ્ટિ ત્હેમના ઉપર પડી. બન્ને અંગ્રેજ સ્ત્રીઓ-ની તથા ઘાયલ ડાકટરની ભયંકર દુર્દશા જોઇને એ ગામની સ્ત્રીઓનાં હૃદય દયાથી પીગળી જવા લાગ્યાં અને ખરી સેવિ-કાઓની પેઠે તેઓ ત્હેમની શુશ્રૂષા કરવા લાગી. એક મહિલા પાણી ગરમ કરીને ડાકટરનો ઘા ધોવા લાગી. બીજી સ્ત્રીઓ ગામમાંથી સારાં સારાં શાક વગેરે લાવીને સ્વાદિષ્ટ શાક અને રોટલી બનાવીને ત્હેમને ખવરાવા લાગી. એ સમયે ઉન્મત્ત સિપાહીઓ ચારે તરફ ફરી રહ્યા હતા. જો એમને ખબર પડત કે એ ગામની સ્ત્રીઓએ અંગ્રેજ સ્ત્રી પુરૂષને બચાવ્યાં છે તો તેઓ એ સ્ત્રીઓને પણ ઠાર મારી નાંખવાનું ચૂકત નહિ. એ દયાળુ આર્ય સ્ત્રીઓ પણ સિપાહીઓના સ્વભાવથી પરિચિત હતી. પરન્તુ શરણાગતને આશ્રય આપવાનો મહા સિદ્ધાન્ત છે. એ ૧૮૫૭ ની સાલ સુધી પણ આર્ય રમણીઓના હૃદયમાંથી ખસ્યો નહોતો. તે સિપાહીઓના ત્રાસના વિચારથી એ આર્ય રમણીઓ ભયભીત થઇ નહિ. પ્રાણને હાથેલીમાં લઇને તેઓ એ દુઃખી અંગ્રેજોની સેવા કરીને ત્હેમના પ્રાણ બચાવવાનો યત્ન કરવા લાગી. એ બન્ને મૅડમો અને ડાકટર ગામની હિંદુ સ્ત્રીઓની આગતા-

સ્વાગતા તથા સેવા શુશ્રૂષાથી તૃપ્ત અને તંદુરસ્ત થઇને બીજા ગામમાં જઈ પહોંચ્યા. ત્ય્હાંની સ્ત્રીઓએ પણ એજ પ્રકારે ત્હેમનો આદરસત્કાર કર્યો. આખરે તેઓ સહિસલામત બલગઢ નામના ગામમાં પહોંચી ગયાં. એ ગામની માલિક ખત્રી જાતિની એક સ્ત્રી હતી. ત્હેણે અંગ્રેજોને પોતાના મહેલમાં આશ્રય આપ્યો. ત્હેણે એ નિરાધાર અંગ્રેજોને માટે ભોજન તૈયાર કરવાનો તથા ત્હેમની સેવાચાકરી કરવાનો પોતાના નોકરોને હુકમ આપ્યો. એ ત્રણે જણાં બલગઢમાં રહીને પોતાનો થાક ઉતારવા લાગ્યાં. એ વખતે ડાકટરની દશા તો એટલી બધી ખરાબ થઈ ગઈ હતી કે રાણીએ દયા આણીને ત્હેને આશ્રય ન આપ્યો હોત, તથા સિપાહીઓની દૃષ્ટિમાંથી ત્હેને સંતાડી રાખ્યો ન હોત તો એનાથી એક ડગલું પણ આગળ ન જવાત, અને બળવાખોરોને હાથે માઠી અવસ્થામાં મરવું પડત. આ પ્રમાણે ઠેકાણે ઠેકાણે ભારતવાસી મહિલાઓની દયાથી આશ્રય અને ભોજન મેળવીને ઘણે દિવસે એ બે અંગ્રેજ રમણીઓ તથા એ અંગ્રેજ ડાકટર ક્ષેમકુશળ કરનાલ જઇ પહોંચ્યાં.

ભારતવાસી સ્ત્રીઓએ ૧૮૫૭ના બળવામાં અપૂર્વ આત્મોત્સર્ગ કરીને અંગ્રેજ સ્ત્રી પુરૂષોને જે અમૂલ્ય સહાયતા આપી છે, તે ઉપકારનો બદલો વાળવા સારૂ અંગ્રેજ જાતિ, ભારતીય સ્ત્રી જાતિની ઉન્નતિ અર્થે જેટલા પ્રયાસ કરે તેટલા થોડા છે એમ કહ્યા વગર ચાલતું નથી.

પરોપકારને માટે આત્મબલિદાન આપનારી
૧૩–કાનપુરની આયા.

અત્રે હમે એક બીજી વફાદાર આયાની નીમકહલાલી-નો ઉલ્લેખ કરીશું. એ આયા કાનપુરના એક અંગ્રેજ અમલદારને ત્ય્હાં નોકર હતી. સત્તાવનના બળવામાં કાનપુર શહેરને બળવાખોરોના સરદાર નાના સાહેબે ઘેરો ઘાલ્યો તે વખતે ત્ય્હાંના અંગ્રેજોને ન્હાશી જતાં ઘણી મુશ્કેલી નડી હતી. પોતાના બચાવનો બીજો કાંઈ પણ ઉપાય નહિ જણાયાથી ત્હેમણે બળવાખોરોને કહ્યું કે ત્હમે હમને સહિસલામત અલ્હાબાદ જવા દો, અને હમે રાજી ખુશીથી કાનપુર ત્હમારે સ્વાધીન કરી દઈએ છીએ. નાના સાહેબે ત્હેમની એ વિનંતિ કબૂલ રાખી એટલે અંગ્રેજો ઘરબાર છોડી દઈને સ્ત્રીઓ અને બાળકો સાથે નદીની તરફ જવા લાગ્યા. એ બધા નદીમાં બેઠાં એટલે બળવાખોરોએ વિશ્વાસઘાત કરીને ત્હેમના ઉપર ધડાધડ બંદુકની ગોળીઓ છોડવા માંડી. ઉપર વર્ણવેલી આયાએ જોયું કે હવે બચવાનો કાંઈ ઉપાય નથી. સાહેબનો એક બાળક ત્હેના સ્વાધીનમાં હતો ત્હેને ગમે તેટલા જોખમે પણ બચાવવાનો ત્હેણે સંકલ્પ કર્યો હતો. આયાનો પોતાનો પંદર વર્ષનો છોકરો પણ ત્હેની સાથેજ હતો. આયા પોતાના પુત્રને તથા પોતાના અંગ્રેજ શેઠના પુત્રને લઈને હોડીમાંથી નદીમાં કુદી પડી અને તરતી તરતી કિનારે આવી પહોંચી. પણ કિનારા

આગળ તો અંગ્રેજોના લોહીના તરસ્યા સેંકડો બળવાખોરો ઉભા હતા. એક ગોરા બાળકને કાળી આયાના હાથમાં જોઇને ત્હેમણે એ આયા ઉપર ચારે તરફથી ધસારો કર્યો, અને કહ્યું 'હમે ત્હને કોઇ પણ જાતની ઇજા કરવા નથી માંગતા. તું હમને આ બાળક આપીને ચાલી જા.' પરન્તુ એ સ્વામીભક્ત આયાએ ઉત્તર આપ્યો 'જ્યહાં સુધી આ ખોળીઆમાં જીવ છે ત્યહાં સુધી તો હું બચ્ચાને આપી દેવાની નથી. ખુદાતાલાની ખાતર આ નિર્દોષ બાળક ઉપર રહેમ લાવો. એ બરહકતાલા ત્હમને ત્હમારી નેકીનું ઇનામ જરૂર આપશે.'

એ આયાનો પંદર વર્ષનો છોકરો માતાને કહી રહ્યો હતો—અમ્મા! અમ્મા! એ સાહેબના છોકરાને આપી દે, નહિતો આપણે બધાં ઠાર માર્યા જઇશું. પરન્તુ માતા પોતાના સંકલ્પમાં દૃઢ રહી. ત્હેણે સ્થિર ચિત્તે કહ્યું 'નહિ બેટા! એવું કદાપિ નહિ બને. મ્હારી હયાતીમાં એવું કદી પણ બની શકશે નહિ.'

આયાના મુખમાંથી આટલા શબ્દો નીકળતાં વારજ બળવાખોર સિપાહીની તલવાર મ્યાનમાંથી બહાર નીકળી અને એકજ સપાટામાં એ નિમકહલાલ આયાનું મસ્તક ધડથી છુટું પડયું. મરતાં સુધી ત્હેણે પોતાના શેઠ અંગ્રેજ સાહેબના બાળકને હાથમાં મજબુતીથી પકડી રાખ્યું હતું. તે મરી ગયા પછી એ બાળક નીચે પડયું, અને એ નિર્દય બળવાખોરો બંદુકની સંગીન વડે એ સુકોમળ બાળકનું શિર વીંધીને હસવા લાગ્યા.

એ વીર આયાનો પુત્ર જીવતો બચી ગયો અને ત્હેના મ્હોંએથીજ ત્હેની માતાની અપૂર્વ સ્વામીભક્તિનું આ વૃત્તાંત લોકોમાં પ્રસિદ્ધ થયું.

પરોપકારની ખાતર પોતાના પ્રાણને તુચ્છ ગણનાર હિન્દુસ્તાની નારીની તુલના કોની સાથે કરી શકાય એમ છે? એ સન્નારી દૈવી ભાવથી ઉત્તેજીત થઇને જગતની સમક્ષ પોતાનું અસાધારણ મહત્વ દેખાડી ગઈ છે.

ભારતની અબળાઓ છેક હમણાંના જમાના સુધી સ્વર્ગીય ભાવનો વિકાસ કરી ગઇ છે, જીવનની મમતા છોડી દઇને અટલ સાહસ, અવિચલિત ધૈર્ય, તથા બેહદ દયા દર્શાવીને નિરાશ્રિત, અને વિપત્તિગ્રસ્ત પરદેશી મનુષ્યોને પણ ત્હેમણે કેટલાં સુખ અને શાન્તિ આપ્યાં છે ત્હેનો પરિચય આ બળવાના સમયની ભારતવાસી સન્નારીઓએ આપ્યો છે. એ સ્ત્રીઓ ત્હેમના નિઃસ્વાર્થ પરોપકારને માટે સહ્રુદય મનુષ્યો તરફથી સદા સન્માન પામતી રહેશે.

૧૪-૧૫ અજપા બ્રહ્મચારિણી અને હકહકી માતા.

આ* લેખને મથાળે જે બે અસામાન્ય પવિત્રચરિત્રા રમણીનાં નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્હેમની આધ્યાત્મિક શક્તિ ઘણી આશ્ચર્યકારક હતી, તથા દેવદુર્લભ ગુણોથી તેઓ વિભૂષિત હતી. એમની કથા એક વાર્તા કે ઉપન્યાસના જેવી ચિત્તાકર્ષક છે, પરન્તુ ખરૂં

* શ્રીયુક્ત ધર્માનંદ મહાભારતીના બંગાળી લેખને આધારે.

જોતાં એમાં કલ્પનાનો લેશ માત્ર પણ અંશ નથી. આ ઘટના જે સમયમાં બની તે સમયના અનેક અંગ્રેજ અને ભારતવાસી અદ્યાપિ જીવિત છે અને તેઓ ત્હેના ખરાપણાની સાક્ષી પુરે છે. આ ટુંકા જીવન ચરિત્રની લાંબી પ્રસ્તાવના ન લખતાં હવે હમે સંક્ષિપ્તમાં એમનો પરિચય કરાવીશું.

ઘણાં વર્ષ પૂર્વે (કલકત્તામાં હાઇકોર્ટની સ્થાપના થતાં પહેલાં) બંગાળા પ્રાંતમાં જે બંગાળી સદ્‌ગૃહસ્થોના હાથમાં ફોજદારી અને દીવાની મુકર્દમાનું કામ સોંપવામાં આવ્યું હતું, તેઓ 'જજ–પંડિત'ના હોદ્દાથી ઓળખાતા હતા. એ લોકો ઘણું ખરૂં દીવાની મુકર્દમાનો ન્યાય કરતા અને અંગ્રેજી જાણતા નહિ હોવાથી બંગાળી ભાષામાંજ કચેરીનું કામ કરતા. ઉર્દુ ભાષા જાણનારા એ ભાષામાં કામકાજ ચલાવતા. અજપા બ્રહ્મ-ચારિણી એવા એક જજ–પંડિતની એકની એક કન્યા હતી; એના પિતા ન્યાતે બ્રાહ્મણ અને ઘરના સુખી હતા. અજપાનું નામ ત્હેમના પિતાએ 'વિલાસિની' પાડયું હતું. મ્હોટા માણ-સને ઘેર જન્મ લીધો હતો અને ત્હેમાં વળી એકની એક છોકરી હોવાથી એને લાડ લડાવવામાં કાંઇ બાકી રાખી નહોતી. બચપણથીજ મોજશોખ અને વિલાસમાં ઉછરવાથી એ બાળા નામ પ્રમાણે ગુણમાં પણ વિલાસિનીજ નીવડી. એક ધનવાન યુવકની સાથે વિલાસિનીનું લગ્ન કર્યું; પણ એનો સ્વામી બિલકુલ મૂર્ખ અને અત્યંત દુરાચારી હતો. સ્વામીના વિલાસ-પ્રિય ગુણને લીધે વિલાસિની પહેલા કરતાં પણ વધારે વિલા-સિની થઈ ગઈ. ધીમે ધીમે પતિપત્નીની વચ્ચે ઘોર અણબનાવ ઉત્પન્ન થયો. અભાગી વિલાસિની નારીના દુર્લભ ધર્મને તિલાં-

જલી આપીને કોઈ એક 'બાબુ' સાથે કાશી શહેરમાં ન્હાશી ગઈ. થોડા મહિના પછી એ બાબુનું મૃત્યુ થયું. વિલાસિની પાસે પહેલાંનું જે ધન તથા અલંકાર હતાં તે પણ તે અનેક જાતના મોજશોખમાં ગુમાવી બેઠી હતી એટલે હવે એને જાહેર રીતે વેશ્યાનો ધંધો કરીને ગુજરાન ચલાવવાની ફરજ પડી. વિલાસિની અત્યંત રૂપવતી હતી. ત્હેના સૌન્દર્યથી ચારે તરફ આકર્ષણ થઇ રહેતું. થોડા સમયમાં એક પૈસાદાર જમીનદારનો આશ્રય મળવાથી, એ ત્હેની 'રાખ' તરીકે દિવસ ગાળવા લાગી. પૈસા ટકા, વસ્ત્ર અલંકાર આદિથી પાછું એનું ઘર ભરાઇ ગયું. આ પ્રમાણે કેટલાક દિવસ ચાલ્યા ગયા એવામાં એણે એક સ્ત્રીને મ્હોંએ સાંભળ્યું કે કાશીધામમાં 'મિશ્ર પોખરા' નામના મહોલ્લામાં એક બંગાળી પુરાણી આવ્યો છે જે ગાનતાન સાથે રામાયણની કથા કરે છે. અને એનાં ગાયનોથી આખું શહેર મુગ્ધ થઈ ગયું છે. ગાયનનો શોખ તો વિલાસિ-નીને હતો જ. એ પણ એક દિવસ એ પુરાણીની કથા સાંભ-ળવા ગઈ. ધાર્મિક, સુંદર કંઠવાળા, બ્રહ્મજ્ઞાની, ભક્ત, બ્રાહ્મણ પુરાણીની કથા અને વ્યાખ્યાન સાંભળીને વિલાસિની એકદમ ચિત્રમાં આલેખેલી પુતળીની પેઠે સ્થિર બેસી રહી. ત્હેની આંખમાંથી પાણીની ધારા વહેવા લાગી. હૃદયમાં વૈરાગ્યનો પ્રબલ તરંગ વહેવા લાગ્યો. લાગલાગટ એક અઠવાડીઆ સુધી વિલાસિની એ પુરાણીની કથા સાંભળવા ગઈ. અને ઉપરાઉપરી સીતાની પતિભક્તિ, વાલ્મીકિનો ઉદ્ધાર, લક્ષ્મણની ભ્રાતૃભક્તિ, શ્રીરામચન્દ્રનું દેવચરિત્ર, સંસારની અનિત્યતા, પાપનો પરા-જય, ધર્મનો જય, ધન યૌવનની ક્ષણભંગુરતા વગેરે શ્રવણ

કરીને વિલાસિની એકદમ ગાંડા મનુષ્યની પેઠે રોવા લાગી. સોય ભોકાતાં જેમ દેહને પીડા થાય છે તેમ પાપની સોચે–પાપના જ્ઞાને ત્હેનું હૃદય વિંધી નાંખવા માંડયું. ત્હેણે એ વખતેજ પ્રતિજ્ઞા કરી કે 'હું સંપૂર્ણ રૂપે પાપથી મુક્ત થઇને નવું જીવન ગાળીશ. જ્યહારે ધાડપાડુ રત્નાકર પાપમુક્ત થઇને વાલ્મીકિ મુનિ થઈ શકયો છે. જ્યહારે પત્થરની અહલ્યા રામના ચરણથી મોક્ષ પામવા સમર્થ થઇ છે, તો મ્હારો પ્રયત્ન શું વ્યર્થ જશે?' ઉંડી મનોવેદના, અટલ અને અચલ પ્રતિજ્ઞા તથા તીવ્ર વૈરાગ્ય સાથે, અડધી રાતે, થોડાક પૈસા પોતાની સાથે રાખીને, પોતાના જાર જમીનદારની ગેરહાજરીમાં કાશીધામનો પરિત્યાગ કરીને એ વૃન્દાવન ધામમાં જવાને એકલી પ્રવૃત્ત થઇ. થોડાક ગાઉ જઇને એણે પોતાનાં શ્વેત વસ્ત્રનો પરિત્યાગ કરીને ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં. ગળામાં હરિના નામની એક માળા પહેરી. માથે ભગવા રંગનો એક ફેંટો બાંધ્યો; હાથમાં કાષ્ઠનું કમંડલ લીધું, અને બગલમાં મૃગચર્મ લઈ હરિનામ ગાતી ગાતી વૃન્દાવનના માર્ગમાં અગ્રસર થઈ. એ વખતે એના મનમાં તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો, એના હૃદયમાં શુદ્ધ ભાવ વ્યાપી રહ્યો હતો. એ સમયે ભગવત્પ્રેમમાં એ એટલી બધી તલ્લીન થઇ ગઈ હતી કે બાહ્ય જગતનું ત્હેને ભાન પણ નહોતું રહેતું. ત્હેનું પૂર્ણ યૌવન, અનુપમ સૌન્દર્ય, સંન્યાસિનીનો વેશ અને સુંદર કંઠમાંથી નીકળતું સુમધુર હરિનામ એ બધાથી આકર્ષિત થઇને વટેમાર્ગુઓ અને રસ્તામાં આવતાં ગામ તથા શહેરના લોકો ત્હેને 'મા' 'મા' કહીને સંબોધન કરતા અને ત્હેના ચરણની રજ ગ્રહણ કરીને ત્હેની

સેવા કરતા. ઘણા લોકો કહેતા કે આવી સુંદર યુવતીને માટે આવા રસ્તે એકલાં જવું એ વ્યાજબી નહોતું, પણ જ્વલન્ત હુતાશન આગળ ઘાસ જેમ ક્ષણમાત્રમાં ભસ્મીભૂત થઇ જાય છે, તેમ વિલાસિનીના મનમાં એ સમયે જે ભગવદ્‌ભક્તિ, અને તીવ્ર વૈરાગ્ય ઉપજ્યાં હતાં, ત્હેને લીધે ત્હેમની સન્મુખ આવતાં વારજ ગમે તેવા દુષ્ટ મનુષ્યની દુષ્ટતા છુટી જતી અને એ ઉલટો માતા તરીકે ત્હેની સેવા કરવા તત્પર થતો. ધર્મનું તેજ એવું છે. ભગવદ્‌ભક્તિની શક્તિ એટલી બધી છે.

અસ્તુ! વૃન્દાવનમાં કેટલાક માસ ગાળ્યાથી વિલાસિની દેવી પહેલા કરતાં પણ વધારે ધ્યાનપરાયણ અને ભક્તિમતી બની ગઇ. યમુના કિનારે એક પગે ઉભી રહીને સૂર્યની તરફ દૃષ્ટિ કરીને પણ કોઇ કોઈ દિવસ એક કલાક કરતાં વધારે વાર સૂધી જપ કરતી. કદી સળગતા અગ્નિની આગળ વીરાસન વાળીને બેસતી અને હરિનું ધ્યાન ધરતી. કદી એકાન્ત વનમાં જઈ ઉપાસનામાં નિમગ્ન થતી, કદી યમુના તટે એકલી સૂઇ રહીને પ્રેમાશ્રુ વર્ષાવતી 'મા' 'મા' શબ્દથી ભગવાનને સંબોધતી. આ સમયે આ બહિર્જગતને તે બિલકુલ વિસરી જતી. ખાવાપીવાનું ત્હેને જરા પણ ભાન રહેતું નહીં. છતાં પણ દિનપ્રતિદિન ત્હેના દેહની કાન્તિ અને મુખનું સૌન્દર્ય અનિર્વચનીય ભાવે વધવા લાગ્યાં. બધાં સ્ત્રી પુરૂષો ઘાડી ભક્તિપૂર્વક ત્હેની સેવા કરતાં, અને રખે ભુલે ચુકે ત્હેનો કોઈ અપરાધ થાય એમ ધારી હમેશાં ત્હેનાથી બ્હીતાં રહેતાં.

વૃન્દાવન પરિત્યાગ કરીને વિલાસિની દેવી પંજાબમાં આવેલા જ્વાળામુખી તીર્થમાં જઇ પહોંચી. ત્યહાં સાધુ પુરૂષોનાં

દર્શન કરીને જલન્ધર નગર પાછા જતાં જતાં રસ્તામાં 'ચિન્તા-મણિ' નામક સ્થાનમાં ભવાની દેવીના મંદિરમાં તેણે પ્રવેશ કર્યો અને વિસામો ખાવાની આશામાં ત્ય્હાં બેઠી. દેવીના મંદિરની અંદર જતાં વાર ત્હેણે પહેલવહેલું જે દૃશ્ય જોયું તેથી તે વિસ્મિત થઇને કાંપવા લાગી. ત્હેણે જોયું કે ઘણા પ્રાચીન સમયથી મંદિરનાં સ્થાનને અગણિત સાધુ પુરૂષો પવિત્ર ગણી ગયા છે. તે સ્થાનમાં ચારે દિશાઓને પોતાના તેજથી પ્રકાશિત કરી નાંખનારી એક અત્યંત મનોહર દેવી મૂર્તિ વીણા હાથમાં લઇને બેઠી છે; ધ્યાનપૂર્વક જોતાં વિલાસિનીને જણાયું કે એ મૂર્તિ નથી, પણ જીવતી મનુષ્ય મૂર્તિ છે; પરન્તુ ત્હેનું રૂપ અતુલનીય હતું. વિલાસિનીના હૃદયમાં એ સ્થળે કોઇ અદૃશ્ય દેવતા આંગળી બતાવીને કહેતો હતો કે 'જો, જો, આ દેવી મૂર્તિ ત્હારી મદદે છે. તું ત્હેના ચરણનું શરણ લે.' વિલાસિનીએ એજ ક્ષણે એ સાધુના ચરણકમળમાં પોતાનું મસ્તક નમાવ્યું. એ મહાત્માએ મૃદુ, મધુર હાસ્યપૂર્વક વિલાસિનીના મસ્તક ઉપર પોતાનો સુકોમળ હાથ મૂકીને આશીર્વાદ આપ્યો. પારસમણિના સ્પર્શથી લોઢું જેમ મણિરૂપ થઇ જાય છે, તેમ એ દેવશરીરના સ્પર્શથી વિલાસિનીનું બધું અંગ પવિત્રતાથી પરિપૂર્ણ થઇ ગયું, અને એના હૃદયમાં નવ જીવનનો સંચાર થયો. મહા પ્રભુ ચૈતન્યદેવના દેહસ્પર્શથી મહા પાપી જગાઇ અને માધાઇના જીવનમાં જે પ્રમાણે અસાધારણ ફેરફાર થયો હતો તે પ્રમાણે એ સાધુના દેહસ્પર્શથી વિલાસિનીના હૃદયમાં પણ આશ્ચર્યકારક પરિવર્તન થયું. એ સ્હમજી ગઈ કે, પાંજરામાંથી જેમ પક્ષી ઉડી જાય છે તેમ ત્હેના મનપિંજરમાંથી કુપ્રવૃત્તિ

અને દુષ્ટ સંસ્કારે આજે ઉડી જઇને ત્હેને નિષ્કલંક બનાવી દીધી. તે રોતે રોતે કહેવા લાગી 'આટલી બધી કૃપાથી હું ધન્ય થઇ છું. આટલે બધે દિવસે હું અભાગી ઉપર ભગવાનની કૃપા થઇ. આજે પાપનું પ્રાયશ્ચિત્ત થયું.' સાધુએ હાથમાંની વીણા વગાડીને હિન્દુસ્તાની ગાયન આરંભ કર્યું. વિલાસિનીએ એમાં તાલ પૂર્યો. ઉભયના કોમળ કંઠમાંથી નીકળતા એ મધુર હરિ નામના ગાનથી દિશાઓ ગુંજી ઉઠી, ગામનાં સ્ત્રી પુરૂષો કહેવા લાગ્યાં. હમારા સુભાગ્યે અહિંયાં દેવતાઓ પધાર્યા છે. ત્હેમના આગમનથી ચિંતામણિ સ્વર્ગધામ બની ગયું છે.

થોડી વાર પછી બન્ને જણીઓ મંદિરમાંથી બહાર આવી ત્યહારે વિલાસિનીને ખબર પડી કે, જે સાધુ વ્યક્તિની સાથે ત્હેનો સમાગમ થયો છે, તે વ્યક્તિ પુરૂષ નહિ પણ સ્ત્રી છે. પુરૂષના વેશમાં એ ભ્રમણ કરતી હતી. ત્યાર પછી એણે એ સાધુ સ્ત્રી સંબંધી જે કાંઇ સાંભળ્યું તથા જે કાંઇ ખબર મેળવી તેથી તો એ વધારે વિસ્મય પામી. એને ખબર પડી કે મુસલમાન પિતાના ઔરસથી મુસલમાની માતાના ગર્ભમાં એ સાધ્વીનો જન્મ થયો હતો; ત્હેનું મૂળ નામ કે જન્મસ્થાનની કોઇને ખબર નહોતી. એ મુસલમાનોના શાસ્ત્રોમાં જેટલી વાકેફ હતી તેટલીજ હિંદુ શાસ્ત્રમાં પણ પારદર્શી હતી. કોઈ પણ ધર્મશાસ્ત્ર ત્હેની પાસે લઈ જાઓ તો એ ઝટઝટ ત્હેની વ્યાખ્યા કરીને સ્હમજાવી શકતી. ત્હેને જાતિભેદ નહોતો. એ હિન્દુ અને મુસલમાન બન્નેને ત્યહાંનું અન્ન ગ્રહણ કરતી, અને બન્નેના ઉપર સમાન પ્રીતિ રાખીને બન્નેના સમાગમથી સરખો આનંદ અનુભવતી. એ કોઇ દિવસ મંદિરમાં તો કોઇ દિવસ મસજીદમાં

વાસ કરતી. ભેદાભેદનું ત્હેને જ્ઞાન નહોતું. ત્હેનો ખરો ધર્મ શો છે તે કોઈ જાણતું નહિ. સર્વદા એ આનંદમાં મગ્ન અને ભગવદ્‌ભક્તિમાં અનુરક્ત રહેતી. ત્હેનો દેહ જેવો સુંદર હતો ત્હેવુંજ ત્હેનું ચારિત્ર્ય પણ સુંદર અને પવિત્ર હતું. સ્વભાવમાં, વ્યવહારમાં અને વાતચીતમાં એ દેવીતુલ્ય હતી. ઘણા ધર્મચુસ્ત હિન્દુઓ પણ ત્હેના ચરણની રજને પવિત્ર ગણતા તથા ત્હેની સેવા કરીને પોતાને કૃતાર્થ માનતા. એ વધારે વાતચીત કરતી નહોતી, જે કાંઇ બોલતી ત્હેમાં ધર્મતત્ત્વના ઉપદેશ સિવાય બીજું કાંઇ કહેતી નહિ. એ સાધ્વીની વય કેટલી હતી ત્હેની કોઇને ખબર નહોતી, પણ જેમ જેમ વય વધતી જતી હતી તેમ તેમ ચ્યવન ઋષિની પેઠે ત્હેનું યૌવન પાછું આવતું અને ત્હેનું દૈવી શરીર તપ્ત કાંચનની પેઠે જ્યોતિર્મય થતું હતું. એ વારંવાર હક્ હક્ શબ્દનો ઉચ્ચાર કરતી એટલા માટે લોકો ત્હેને હકહકી માતા કહીને સંબોધન કરતા. ફારસી ભાષામાં હક્ શબ્દનો ભાવાર્થ ભગવાન હોય છે. સંસ્કૃત સચ્ચિદાનંદ શબ્દમાં સત્ શબ્દનો જે અર્થ છે તેવોજ અર્થ હકનો છે. અર્થાત્ નિત્ય, સ્થાયી, અમર, અનવદ્ય, અક્ષર, સત્ય.

લોકો એમ માનતા કે હકહકી માતાને વચનસિદ્ધિ છે. ત્હેમના શ્રીમુખમાંથી જે વાણી નીકળે છે તે કદી મિથ્યા થતી નથી; જવલંત સત્ય નીવડે છે. એ મહા તપસ્વિની હતી અને અસાધારણ આધ્યાત્મિક બળવડે અલૌકિક કાર્યો સાધી શકતી, લોકોની એ માન્યતા ખરી હોય કે ખોટી તે સંબંધી આપણે વધારે કામ નથી. આપણે આપણા વિષય ઉપર આવીશું. વિલાસિની દેવી ત્હેની શિષ્ય બની. હવેથી વિલાસિનીનું નામ

અજપા બ્રહ્મચારિણી રાખવામાં આવ્યું. ગુરૂ હકહકી માતાએ દીક્ષા આપતી વખતે ત્હેનું એ નામ પાડ્યું. પણ દીક્ષા આપતી વખતે એ સાધ્વીએ ત્હેને કહ્યું 'બેટા, હું તો ત્હારી ઉપદેશિકા માત્ર છું; ત્હારો ખરો ગુરૂ તો શ્રી ભગવાન છે.'

બન્ને જણીઓ બ્રહ્મનાં ગુણગાન કરતી કરતી પરમ આનંદપૂર્વક પંજાબ પ્રાન્તમાં નૌશેરા નામક સ્થાને આવી પહોંચ્યાં. એક સમાધિક્ષેત્રમાં આવીને એમણે ઉતારો લીધો. એ સ્થળે ઘણા મુસલમાન ફકિર મહાત્માઓ સમાધિસ્થ થયા હતા. ત્હેનાથી થોડેક છેટે હિન્દુ મહાત્માઓનું સ્મશાન હતું. એ બન્ને તીવ્ર વૈરાગ્યમય સ્થળોના સંધિ સ્થાને, કેટલાંક મનોહર વડનાં ઝાડો હતાં. એ વૃક્ષોની છાયામાં કેટલાક દિવસ એકાન્ત વાસ કરીને ભગવાનનું ધ્યાન ધરવાનો ત્હેમણે સંકલ્પ કર્યો હતો. એ સમયમાં બ્રિટિશ સરકાર એક છાવણી—કેન્ટોનમેન્ટ સ્થાપવાને માટે પ્રયત્ન કરતી હતી. ફરતાં ફરતાં ત્હેમને એ જગ્યા પસંદ આવી અને એ કબરસ્થાન અને સ્મશાનની વચ્ચેની જમીનમાં ગોરા સીપાઇઓનાં મકાન બાંધવા તૈયાર થઇ. બન્ને સાધ્વીઓએ ઘણોએ નિષેધ કર્યો, પણ કોઇએ ત્હેમની વિનંતિ તરફ ધ્યાન આપ્યું નહિ. આખરે હકહકી માતાએ કહ્યું 'અહિંયાં બંધાવેલાં મકાન જમીનદોસ્ત થઇ જશે. એ મકાન બાંધનારા અને ત્હેમને સહાય કરનાર કોઈ જીવતા રહેશે નહિ.' ઇત્યાદિ. વાંચકો, જાણીને આશ્ચર્ય પામશે કે એ મકાનો અને છાવણી તથા તે છાવણી બાંધવામાં મદદ કરનારા એકેએક જમીનદોસ્ત થઈ ગયા હતા. ઘણા સાધારણ વખતમાં એ અદ્દ્ભૂત ઘટના બની હતી. શ્રીયુક્ત ધર્મા-

નંદ મહાભારતીએ ઘણાં વર્ષ પૂર્વે આ વાત પંજાબમાં લુધીઆના શહેરના સુવિખ્યાત વકીલ, અને ફરીદકોટ રાજ્યના માજી દીવાન શ્રીયુક્ત રાયબહાદુર બરદાકાન્ત લાહિડી મહાશયને મુખે સાંભળી હતી. ત્યહાર બાદ એ ખબર અલ્હાબાદના જગવિખ્યાત પેપર 'પાયોનિયર'માં પ્રગટ થઈ હતી. કલકત્તાના પ્રખ્યાત વર્તમાનપત્ર 'ઇંગ્લીશમેન'ની ઓફીસમાંથી દર રવિવારે 'જર્નલ' નામનું પત્ર બહાર પડે છે, ત્હેમાં કેટલાક સમય પૂર્વે એ ઘટનાનું વિવરણ ફરીથી પ્રગટ થયું હતું. જ્હેમને જર્નલપત્ર જોવાની સગવડ ન હોય ત્હેમણે ઇંડિયન મીરરના ૧૯૦૭ ની ૧૫ માર્ચના અંકના વધારામાં The Curse of the Fakir 'ફકીરનો શાપ' નામનો નિબંધ વાંચી લેવો. પંજાબ પ્રાન્તમાં ઘણે ઠેકાણે હજુ પણ એ કહાણી સાંભળવામાં આવે છે. જર્નલપત્રમાં કોઇ એક યુરોપિયન ફોજી અમલદારે જે કાંઇ લખ્યું હતું ત્હેનો અનુવાદ નીચે ઉતારીશું:—

'હું એ બનાવ બન્યો તે સમયનો સૈનિક અમલદાર છું. હવે ઘણો ઘરડો થઇ ગયો છું અને પેન્શન ખાઉં છું. એ સાધુ સ્ત્રીઓ હતી, પુરૂષનો વેશ ધારણ કરીને ફરતી હોવાથી ઘણા લોકો ભૂલમાં એમને પુરૂષ ધારતા. ઈ. સ. ૧૮૫૯માં ત્રીજા નંબરની બેંગોલ કેવેલરી (ઘોડેસવાર ફોજ) નૌશેરાના મેદાનમાં પહોંચી, ત્યહારે હું પેશાવરમાં કપ્તાન હતો. પાંચમી ટુકડીના અધ્યક્ષ કેપ્ટન એન્ડર્સને સૌથી પહેલાં નૌશેરામાં છાવણી બાંધવાનું કામ શરૂ કર્યું અને એ સાધુ બાઇઓની વિનંતિની બેપરવાઇ કરી. એમણે પોલો રમતાં રમતાં ઘાયલ થઇને પ્રાણ ત્યજ્યો હતો. કેપ્ટન વિલિયમ સાહેબ હરણનો શિકાર ખેલવા જતાં મૃત્યુના

મુખમાં પડયા હતા. ડાકટર પામર સાહેબ ભર નદીમાં વહાણ ડુબી જવાથી મરી ગયા હતા. એનજીનિયર વોટ્લિંગન સાહેબે વાઘના મ્હોંમાં ફસાઇને જીવનલીલા સંવરણ કરી હતી અને આંધી તથા રેલ આવવાથી એ છાવણી અને ત્ય્હાંનાં મકાનો પણ જમીનદોસ્ત થઇ ગયાં હતાં. આ બધા બનાવ એ સાધુ બાઇઓના શાપ દીધા પછી થોડા દિવસોમાંજ બન્યા હતા. ” ઇત્યાદિ.

ત્ય્હાર બાદ નૌશેરાનો પરિત્યાગ કરીને વિવિધ શહેરોમાં ફરતાં ફરતાં તેઓ રાજપુતાનાના અરવલ્લી પહાડ તરફ રવાના થયાં. કોઇ વિશાળ પ્રાચીન ગુફામાં પ્રવેશ કરવાનો ત્હેમનો વિચાર હતો. અંધારી અમાવાસ્યાની રાત્રી હતી. ગુફાના દ્વાર આગળ એક ભયંકર અજગર સાપ અને ત્હેના બચ્ચાને રમતા જોઇને એ બન્ને જણીઓ પાસેના એક ઝાડ નીચે બેસી ગઈ. એકાગ્રચિત્તે એ બે જણીઓ સર્પની ક્રીડા જોઇ રહી હતી એવામાં, એક જણના હાથે હકહકી માતાની પીઠને અને બીજાના હાથે અજપા બ્રહ્મચારિણીની પીઠને સ્પર્શ કર્યો. એ બે જણાં મ્હોં ફેરવીને જોઈ ન શકયાં એટલી વારમાં એ બન્ને જણા એમને પોતાની બગલમાં ઉંચકીને ચાલવા લાગ્યા. એ લોકો કોણ છે, શા માટે લઈ જાય છે, અથવા ક્ય્હાં લઇ જાય છે ત્હેની એમને જરા પણ ખબર પડી નહિ. એ બે જણાઓ એ બે સાધ્વીને ઉંચકીને છાનામાના ન્હાસતા હતા. રસ્તામાં એ કોઇ કોઈ વાર કહેતા કે 'ત્હમે જો ચીસ પાડશો કે ઉત્પાત મચાવશો તો ત્હમારાં બન્નેનાં ગળાં કાપી નાખીશું.' બ્રહ્મચારિણી અને માતાજીને પૂર્વોક્ત મનુષ્યો ખાંધ ઉપર ઉચકી જઇને પર્વતો, ખાઇઓ, વનો અને જળાશયો ઓળંગીને ઘણા દૂરના

સ્થાને જઈ પહોંચ્યા. ત્હાં થોડો વખત વિશ્રામ લઇને પાછા એમને પહેલાંની પેઠે ખાંધે નાંખીને ચાલવા લાગ્યા અને એક સ્થળે અંગ્રેજોની છાવણી પડી હતી ત્હાં લઈ જઇને અજપા બ્રહ્મચારિણી અને માતાજીને એક ન્હાના કેદખાનામાં પૂર્યાં. રાત વીતી ગઈ અને પ્રભાત થયું એટલે એમણે જોયું કે આ સ્થાન યુરોપિયન સૈનિક અમલદારો અને અંગ્રેજ સીપાહીઓથી ભરપૂર છે. દિવસના આઠ વાગ્યાને શુમારે કારાગૃહનાં દ્વાર ઉઘાડીને એક સીપાહીએ ત્હેમને સેનાપતિ–કર્નલ સાહેબ આગળ રજુ કર્યાં. સાહેબે કહ્યું ' ઘણા દિવસ થયાં હમે ત્હમારી શોધમાં ફરતા હતા. ત્હમને પકડવાની હમારી ઈચ્છા આજ પૂર્ણ થઈ છે. જે માણસોની શોધમાં હમે હતા તે અવશ્ય ત્હમેજ છો.' બ્રહ્મચારિણીએ કહ્યું ' સાહેબ ! ત્હમે શું કહો છો તે હમે સ્હમજી શકતાં નથી.' સેનાપતિ સાહેબે કહ્યું 'ત્હમને એ તો જરૂર ખબર હશે કે આજકાલ હિન્દુ અને મુસલમાન સીપાહીઓએ પ્રપંચ કરીને આ દેશમાંથી અંગ્રેજોને હાંકી કહાડવા માટે બંડ ઉઠાવ્યું છે. એ અકૃતજ્ઞ, દુશ્ચરિત્ર, સીપાહીઓને સહાય કરવા માટે કેટલાંક સ્ત્રીપુરૂષો ઠેકાણે ઠેકાણે ફરતાં રહીને, ત્હેમને માટે ખોરાક, વસ્ત્ર તથા હથિયાર વગેરે મોકલે છે, તે ઉપરાંત અંગ્રેજોની ખાનગી હિલચાલોની બાતમી મેળવીને તે પણ સીપાહીઓને જણાવે છે. એજ ગંભીર અપરાધ માટે ત્હમને પકડવામાં આવ્યાં છે. એ આરોપ સંબંધી ત્હમારે કાંઇ કહેવું હોય તો બેલાશક કહી શકશો." સાહેબની વાત સાંભળીને બે જણીઓએ હા કે ના કાંઇ કહ્યું નહિ. કર્નલે કહ્યું ' હાલના વખતના માર્શલ લૉ (લશ્કરી કાયદા) પ્રમાણે હું ત્હમને બન્નેને દેહાન્ત

દંડની સજા કરૂ છું. કયે દિવસે અને કયે વખતે ત્હમારી એ સજા અમલમાં આવશે તે હું 'બડા સાહેબ'ની સલાહ લઇને ત્હમને જણાવીશ.' બપોરે કર્નલ સાહેબે મુખ્ય સેનાપતિ–જનરલ સાહેબની સાથે વાતચીત કરીને શું કરવું તે નક્કી કરવાની વિનંતિ કરી; ઘણા વાદવિવાદ બાદ જનરલ સાહેબે અજપા બ્રહ્મચારિણી અને હકહકી માતાની પ્રાણદંડની સજા મંજૂર કરી. સ્હાંજને વખતે એક સીપાહીએ કેદખાનાનાં બારણાં આગળ જઇને એ બે બંદીવાન બાઇઓને જણાવ્યું કે કાલ સ્હવારે નવ વાગ્યાને સમયે બંદુકની ગોળી મારી ત્હમને મારી નાંખવામાં આવશે.' સીપાહી ચાલ્યો ગયો; માતાજીએ બ્રહ્મચારિણીને કહ્યું 'ચિન્તા કે ભયનું કાંઇ કારણ નથી. દેશનો ધર્મ અને સ્વાધીનતાનું રક્ષણ કરવા સારૂ હિન્દુ મુસલમાન સીપાહીઓએ બળવો કર્યો છે; ત્હેમને લાભ પહોંચાડીને આપણે આપણું જીવન કૃતાર્થ કર્યું છે. કાલે પ્રાણ ત્યાગ કરવો પડશે તો આપણું જીવન વધારે સફળ થશે.' ખાધાપીધા વગર કારાગારની ન્હાની કોટડીમાં બેસીને બે સાધ્વીઓએ મુક્ત કંઠે, ઘણાજ મધુર સ્વરે ભગવાનની સ્તુતિ કરી અને ઈશ્વરના ગુણ ગાયા. આ પ્રમાણે અડધી રાત વીતી ગઇ. બે એક પહેરેગીર સિવાયના બધા અંગ્રેજ અમલદારો નિદ્રાદેવીને વશ થઈ ગયા. રાતના લગભગ એક વાગ્યાને સમયે કોણ જાણે ક્યહાંથી, લગભગ ચારસેં પાંચસેં શસ્ત્રધારી હિન્દુ મુસલમાન સીપાહીઓ 'હરહર મહાદેવ' અને 'અલ્લા હો અકબર'ની બૂમ પાડતા પાડતા ત્યહાં ઘણી ત્વરાથી આવી પહોંચ્યા; અને સાહેબ લોકોના તંબુને આગ લગાડી દીધી તથા ત્હેમની સેનાને પોતાના હથિયારોથી

ટુકડે ટુકડા કરી નાંખીને ત્હેમનાં હથિયારો લૂંટી લીધાં. અને ત્હાર બાદ અજપા બ્રહ્મચારિણી અને હકહકી માતાને કારાગૃહમાંથી છોડવીને ચાલ્યા ગયા. એ સ્થળે અંગ્રેજોનો પડાવ હતો ત્હેનાં કાંઈ પણ ચિહ્ન પણ બાકી રાખતા ન ગયા.

આગ્રા શહેરમાં એ સમાચાર પહોંચ્યા. સાહેબ લોકોએ એ બે સાધ્વીઓને પકડવાને માટે એક વાર ફરીથી પ્રયત્ન કર્યો પણ તે વ્યર્થ ગયો. એ વખતે પ્રસિદ્ધ નાના સાહેબ નેપાલની તરફ ન્હાસતો હતો, અને લાલા કુમારસિંહ બળવાખોરોની સાથે મળી જઈને ઘણી વૃદ્ધ વયમાં અંગ્રેજ સેના જોડે ઘોર યુદ્ધ કરવામાં મસ્ત થયો હતો. લાલા કુમારસિંહે બિહાર પ્રાન્તમાં સાહાબાદ (હાલનું નામ આરા) જીલ્લામાં બિહિયા રેલવે સ્ટેશનની પાસે જગદીશપુર નામક ગ્રામમાં જન્મ ગ્રહણ કર્યો હતો. તે ધનવાન, સાહસી, બળવાન, અને ઘણો પ્રભાવશાળી જમીનદાર હતો. એણે વૃદ્ધ વયમાં ઘણું શૌર્ય અને પરાક્રમ બતાવીને યુદ્ધક્ષેત્રમાં, કાનપુર જીલ્લામાં બિઠુર ગામની પાસે ગંગા નદીના કિનારા ઉપર મહામુનિ વાલ્મીકિના આશ્રમ સન્મુખ પ્રાણ ત્યાગ કર્યો હતો. એના મૃત્યુના થોડાક મહિના પૂર્વે અજપા બ્રહ્મચારિણી અને હકહકી માતા ત્હેની પાસે ગુપ્ત રીતે પહોંચ્યાં હતાં. કુમારસિંહે એમને ગુપ્ત રીતે જગદીશપુર મોકલી આપ્યાં હતાં. એ વખત સુધી જગદીશપુર ગામ અંગ્રેજોના હાથમાં આવ્યું નહોતું. વિદ્રોહનો અન્ત આવ્યો, બ્રિટિશ સરકારે કુમારસિંહનાં ઘરબાર અને મિલ્કત જપ્ત કરી લીધાં. હાલ એ મિલ્કત સરકારની ગણાય છે.

બ્રહ્મચારિણી અને હકહકી માતા લગભગ સાત માસ સુધી

જગદીશપુરમાં રહ્યાં હતાં. ત્ય્હાં આગળ ત્હેમણે સેનાની અવસ્થા જોઇ તથા સેનાને માટે અસ્ત્રશસ્ત્ર એકઠાં કરવા સારૂ કરવા પડેલા પ્રવાસમાં એમણે દેશની હાલત પણ સારી પેઠે જોઇ હતી. હવે ત્હેમની સ્પષ્ટ ખાત્રી થઈ કે, અંગ્રેજોનું રાજ્ય નાશ કરવા યોગ્ય આ સમય નથી. વર્તમાન સમયમાં ભારતવર્ષમાંથી અંગ્રેજોનું રાજ્ય ચાલ્યું જાય, તો ભારતમાં અંધેર વર્તશે અને ભારતવાસીઓ મ્હોટી આફતમાં આવી પડશે. એટલા માટે યુદ્ધ સંબંધી કોઇ પણ કામમાં હસ્તક્ષેપ નહિ કરવાનો નિશ્ચય કરીને એ બે સાધ્વીઓ કોણ જાણે ક્ય્હાં ચાલી ગઈ ત્હેની કોઇને ખબર પડી નહિ. ત્ય્હારથી તે આજ સુધી એમના કોઇ સમાચાર મળ્યા નથી.

બિહિયા વિભાગના ઘણા વૃદ્ધ સ્ત્રીપુરૂષોને મ્હોંએ સાંભળ્યું છે કે અજપા બ્રહ્મચારિણી અને હકહકી માતા જ્ય્હારે આ પ્રાન્તમાં વસતાં હતાં ત્ય્હારે અહિંના બધા હિન્દુ અને મુસલમાન લોકો ત્હેમને વશીભૂત હતા. ત્હેમના ઉપદેશ અને આજ્ઞાને હરકોઈ માન આપતું. ત્હેમનાં બન્નેનાં ચરિત્ર, સ્વભાવ, વ્યવહાર, અને કર્મ જોઇને બધાં મુગ્ધ થઇ જતાં. બિહારના બધા લોકો દેવીની માફક એમના ઉપર ભક્તિ રાખતા. ત્હેમનામાં એવી અલૌકિક શક્તિ હતી કે કોઇ પણ વાતનો સંકલ્પ કરીને કોઈની પાસે જતાં તો એ મનુષ્ય એમની ઇચ્છા પૂર્ણ કર્યા વગર રહેતો નહિ. કંજુસમાં કંજુસ જમીનદારો અને વાણીઆઓ જે કદી એવા કામમાં કોડી પણ આપતા નથી, તેઓ આ સાધ્વીના પહોંચતાં વારજ પાણીની માફક પૈસા ખર્ચતા. એમનામાં તપના બળે એવી કોઈ આકર્ષણ શક્તિ આવી હતી કે કોઇ પણ મનુષ્યની તરફ દૃષ્ટિપાત કરવાથીજ

ત્હેના વિચાર તેઓ બદલી શકતાં. મનુષ્યોના મનનો ભાવ એ સાધ્વીઓ યોગબળે આપોઆપજ સ્હમજી જતી. અસ્તુ! પરોપકાર, દેશ અને જનસમાજનું કલ્યાણ તથા આત્માનો ઉત્કર્ષ સાધીને અજપા બ્રહ્મચારિણી અને હકહકી માતા, વિમળ ચરિત્રનું ઉત્કૃષ્ટ દૃષ્ટાન્ત દેખાડી ગયાં છે. તેઓ ઉન્નત ચરિત્ર અને કઠોર સાધનાનું શ્રેષ્ઠ દૃષ્ટાન્ત છે. એવી રમણીઓ પૃથ્વીના કોઇ પણ દેશ અને કોઈ પણ સમાજમાં જન્મ ગ્રહણ કરે તોપણ જગતના અલંકાર સ્વરૂપ ગણાવા યોગ્ય છે.

૧૬—મહારાણી સ્વર્ણમયી.

શાકે ૧૭૪૮ અર્થાત્ ઇ. સ. ૧૮૨૭ માં માગશર માસમાં મહારાણી સ્વર્ણમયીનો જન્મ વર્ધમાન જીલ્લામાં ભાટાકુલ ગામમાં એક દરિદ્ર કુટુંબમાં થયો હતો. ભાટાકુલમાં ત્હેમનું નામ 'શારદાસુંદરી' હતું. શારદાસુંદરી ખરેખર શારદાસુંદરીજ હતાં. રૂપ પ્રમાણેજ ત્હેમનું સૌન્દર્ય અને માધુર્ય હતું. શારદાસુંદરીએ અગિયાર વર્ષની વય સુધી પિયેરમાં વાસ કર્યો હતો. એ અગિયાર વર્ષમાં ત્હેમણે રૂપ અને ગુણથી દેવકન્યાની પેઠે ગામના પ્રત્યેક નિવાસીને મંત્રમુગ્ધ કરી નાંખ્યા હતા. ગુણમાં એ રમા જેવાં અને રૂપમાં તિલોત્તમા સમાન હતાં. દરિદ્રની કન્યા હોવા છતાં પણ કરૂણામાં કમળાસમાન હતાં. હાલ હમે કહીએ છીએ કે,

મહારાણી સ્વર્ણમયીના જેવી દયા બીજા કોઇનામાં નથી; એ વખતે ભાટાકુલના રહેવાશીઓ કહેતા કે, આ જગત્‌માં શારદાસુંદરીના જેવી દયા બીજા કોઇનામાં નથી. જે મહારાણી સ્વર્ણમયી નિયમિત માસિક પગાર બાંધી આપીને અથવા એક સામટી મદદ આપીને ગરીબ વિધવાઓનું દુઃખ દૂર કરવાનો યત્ન કરતાં હતાં, તે બાલ્યાવસ્થામાં શારદાસુંદરી તરિકે ન્હાના ગામડામાં કરૂણાથી ગળગળી થઇને પોતાના પાલવથી વિધવાઓના અશ્રુ લુંછતી હતી. ઇસ્પીતાલોમાં ડાકટર, દાઈ વગેરે દ્વારા વિપન્ન દરિદ્રો અને સહાયહીન રોગીઓની સેવા શુશ્રૂષા તથા ચિકિત્સા કરવા સારૂ જે મહારાણી સ્વર્ણમયીએ પાછળથી પુષ્કળ દાન કર્યું હતું, ત્હેમણે બાલ્યાવસ્થામાં શારદાસુંદરી રૂપે સુકુમાર હસ્તથી પોતાના ગામના દુઃખી અને પીડિત લોકોની સેવા શુશ્રષા કરી હતી. મહારાણી સ્વર્ણમયીએ પોતાના જીવનમાં નિરાશ્રયા, પુત્રશોકાતુરા હતભાગિની જનનીઓના ગુજરાનનો બંદોબસ્ત કરીને ત્હેમનો શોક થોડો ઘણો ઓછો કર્યો હતો; ન્હાનપણમાં ક્ષુદ્ર બાલિકા શારદાસુંદરીએ કોમળ સ્વરે પ્રેમપૂર્વક ‘મા’ ‘મા’ કહીને અનેક પુત્રશોકાતુર માતાઓના પ્રાણમાં શાન્તિસુધાનો સંચાર કર્યો હતો. ક્ષુદ્ર બાલિકા શારદાસુંદરીના ક્ષુદ્ર હૃદયમાં કરૂણાની અનન્ત ધારા વહેતી હતી ! એ વખતે શારદાસુંદરી દરિદ્ર હતી, છતાં પણ પ્રસંગ આવ્યે દયા પ્રગટ કરવામાં ત્હેણે કોઇ દિવસ સંકોચ કર્યો નહોતો.

શારદાસુંદરીમાં રૂપ હતું તેવાજ ગુણ પણ હતા. બધા એને સુલક્ષણા બાલિકા તરિકે ઓળખતા. મુર્શિદાબાદના લોકોએ ત્હેના રૂપ, ગુણ અને સદાચારની પ્રશંસા સાંભળીને, રાણી હરસુંદ-

રીની પાસે જઇને સૂચના કરી કે, આપના કુમાર કૃષ્ણનાથની સાથે શારદાસુંદરીનું લગ્ન કરશો તો એ સંબંધ મણિ કાંચન જેવો થશે. રાણી હરસુંદરીના ધ્યાનમાં એ વાત ઉતરી. ત્હેણે દરિદ્રની કન્યા ગણીને શારદાસુંદરીનો સ્વીકાર કરવામાં જરા પણ આનાકાની કરી નહિ. એ વખતે લોકો સંબંધ બાંધતી વખતે વરકન્યાનાં લક્ષણ તથા ત્હેમના ગ્રહ એ બે વાનાંજ જોતા. બહારનો ઠાઠમાઠ, કે ધનવૈભવનો જરા પણ વિચાર કરતા નહિ. એ વખતે ઘણી પ્રતિષ્ઠા અને વૈભવવાળા પુરૂષો પણ નિર્ધનની ગુણવતી કન્યા લેતાં સંકોચાતા નહિ.

રાણી હરસુંદરીએ તો શારદાસુંદરીના ગુણનો પક્ષપાત કરીને ત્હેની સાથે પોતાના પુત્રનું લગ્ન કરવાની ઇચ્છા દર્શાવી, પણ કુમાર કૃષ્ણનાથને અંગ્રેજી સુધારાની અસર થોડી ઘણી થઇ ચૂકી હતી. ત્હેણે સ્પષ્ટ કહ્યું હતું કે, હું જ્યહાં સુધી કન્યાને નજરોનજર જોઇશ નહિ ત્યહાં સુધી એ બાબતમાં કોઇ નિર્ણય ઉપર આવીશ નહિ. આખરે એજ પ્રમાણે કરવા દેવામાં આવ્યું. કુમાર કૃષ્ણનાથે અનેક કન્યાઓ જોઇને છેવટે શારદાસુંદરીનેજ પસંદ કરી. ઇ. સ. ૧૮૩૮ ની સાલમાં શારદાસુંદરીનું લગ્ન રાજકુમાર કૃષ્ણનાથ સાથે થઇ ગયું. હવે દરિદ્ર કન્યા રાજવધૂ–રાજલક્ષ્મી બની. અવસ્થાની સાથે નામમાં પણ પરિવર્તન થયું. શારદાસુંદરીનું નામ સાસરામાં સ્વર્ણમયી પાડવામાં આવ્યું. ભાટા કુલની દરિદ્ર શારદાસુંદરી મુર્શિદાબાદની રાજરાણી સ્વર્ણમયી બની.

વાંચક બ્હેનો ! સ્વર્ણમયીના ચરિત્રનું આગળ અવલોકન કરતાં પહેલાં હમે ત્હેના શ્વશુરપદનું થોડું ઘણું વૃત્તાંત ત્હમારી આગળ રજૂ કરીશું.

સ્વર્ણમયીના સ્વામી કૃષ્ણનાથના પ્રપિતામહ સુપ્રસિદ્ધ કાન્ત બાબુ, એ રાજવંશના પ્રતિષ્ઠાતા હતા. કાન્ત બાબુના પૂર્વજો વર્ધમાન જિલ્લામાં એક ગામડામાં વાસ કરતા હતા, અને ત્ય્હાંથી ધંધા રોજગારને નિમિત્તે કાશીમબાઝારની પાસેના શ્રીપુર નામક સ્થાનમાં આવી વસ્યા હતા. કાન્ત બાબુની બે ત્રણ પેઢીથી ત્હેમના ઘરમાં રેશમ અને સોપારીનો વેપાર ચાલ્યો આવતો હતો. એ લોકો જેમ બહુ ધનાઢ્ય નહોતા તેમ છેક ગરીબ પણ નહોતા. આબરૂભેર પોતાના કુટુંબનું ગુજરાન ચલાવી લે એવા એ મધ્યમ સ્થિતિના ગૃહસ્થ હતા. કાશીમબાઝારની અંગ્રેજોની કોઠી અને રેસિડેન્સીની પડોશમાં ત્હેમની દુકાન હતી. તેથી કરીને કોઠીમાંના અંગ્રેજો ત્હેમને સારી પેઠે ઓળખતા હતા. કાન્ત બાબુ (એમનું પૂરૂં નામ કૃષ્ણકાન્ત બાબુ હતું) બાલ્યાવસ્થામાં બંગાળી, ફારસી અને થોડું ઘણું અંગ્રેજી ભણ્યા હતા. દંતકથા એવી છે કે, કાન્ત બાબુએ બે હજાર અંગ્રેજી શબ્દો કંઠસ્થ કર્યા હતા. તે ઉપરાંત બંગાળી હિસાબ કિતાબનું ત્હેમને સારૂં જ્ઞાન હતું. બુદ્ધિ અત્યંત તીક્ષ્ણ હોવાથી કાન્ત બાબુ તરફ કાશીમબાઝારના અંગ્રેજોની દૃષ્ટિ આકર્ષિત થઈ.

કાન્ત બાબુ કાશીમબાઝારની અંગ્રેજી કોઠીમાં એક કારકુન તરિકે નોકર રહ્યા. રેશમના વેપારમાં કાન્ત બાબુ પહેલેથીજ હોશિયાર હતા, એટલે એ ઑફિસમાં એમની ઉન્નતિ ઘણી જલ્દી થઈ. એ સમયે વૉર્ન હેસ્ટિંગ્સ એ અંગ્રેજી કોઠીમાં નીચા દરજ્જાનો કર્મચારી હતો. હેસ્ટિંગ્સની સાથે કાન્ત બાબુને ઓળખાણ થઈ, અને એ પરિચયમાંથી કાન્ત બાબુના ભાગ્યોદયનો માર્ગ ખુલ્લો થયો.

નવાબ સુરાજઉદ્દૌલાએ જે વખતે કલકત્તા ઉપર ચ્હડાઈ કરી તે વખતે વૉર્ન હેસ્ટિંગ્સ મુર્શિદાબાદમાં હતો. એ વખતે કલકત્તાના ગવર્નર ડ્રેક સાહેબ અને બીજા કેટલાક અંગ્રેજો કલકત્તાથી ન્હાશી જઇને ફલતામાં રહેતા હતા. હેસ્ટિંગ્સ ત્હેમને નવાબ સરકારના બધા સમાચાર ખાનગી રીતે મોકલી આપતો. ધીમે ધીમે એ વાતની ખબર નવાબને કાને પહોંચી. હેસ્ટિંગ્સ નવાબના ભયથી પલાયન કરી ગયો અને કાન્ત બાબુના ઘરમાં આશ્રય લીધો. એ વખતે કાન્ત બાબુ 'કાન્ત મોદી' કહેવાતા હતા. નવાબ તરફથી ઢંઢેરો પીટાયો કે, જે કોઈ હેસ્ટિંગ્સને આશ્રય આપશે ત્હેને દેહાંત દંડની સજા કરવામાં આવશે. કાન્ત બાબુએ પ્રાણદંડનો ભય રાખ્યો નહિ. હેસ્ટિંગ્સે કાન્ત બાબુને ઘેર ટ્હાડો ભાત અને માછલી ખાઇને દહાડા કહાડ્યા, અને લાગ જોઇને કાન્ત બાબુનીજ મદદથી છાનોમાનો ન્હાશી ગયો. ન્હાશી જતી વખતે હેસ્ટિંગ્સ કાન્ત બાબુને એક પત્ર આપતો ગયો હતો અને કહેતો ગયો હતો કે "ઈશ્વર જો કદી સારો દહાડો દેખાડશે તો હું ત્હારા ઉપકારનો બદલો વાળીશ."

અંગ્રેજ બચ્ચો કૃતજ્ઞ હોય છે. હેસ્ટિંગ્સ સેંકડો અપરાધોથી દોષિત થયો હશે, ખરૂં જોતાં ત્હેના ઉપર ઘણા અપરાધોનો આરોપ વિલાયતમાં મૂકવામાં પણ આવ્યો હતો; પરન્તુ એની કૃતજ્ઞતા અત્યંત અને અતુલનીય હતી. હેસ્ટિંગ્સ મ્હોટે દરજ્જે ચ્હડ્યા પછી પણ કાન્ત બાબુને વિસરી ગયો નહિ. કાન્ત બાબુએ ત્હેના ઉપર જે મ્હોટો ઉપકાર કર્યો હતો ત્હેનું સ્મરણ ત્હેને રાતદિવસ જાગૃત હતું. જ્હેણે પોતાના પ્રાણની મમતા છોડી દઇને, હેસ્ટિંગ્સના પ્રાણનું રક્ષણ કર્યું હતું, તે

એને મનથી દેવતા રૂપ હતો. હેસ્ટિંગ્સ ૧૭૫૦ ઇ. સ. માં મુર્શિદાબાદનો રેસિડેન્ટ નિમાયો. પહેલાંના વખતમાં ઇસ્ટ ઇંડિયા કંપનીના અમલદારો પોતપોતાનો ખાનગી ધંધો પણ ચલાવી શકતા નહોતા. હેસ્ટિંગ્સ રેસિડેન્ટ નિમાયો તે વખતે અમલદારોને ખાનગી ધંધો કરવાની પરવાનગી મળી. હેસ્ટિંગ્સ પણ વેપાર કરતો. કાન્ત બાબુ હેસ્ટિંગ્સનો મુનીમ નિમાયો. ત્ય્હારથીજ એ કાન્ત મોદીને બદલે કાન્ત બાબુ નામથી ઓળખાવા લાગ્યો. અને ત્ય્હારથીજ એના સૌભાગ્યસૂત્રનો સંચાર થયો.

ઇ. સ. ૧૭૬૪માં હેસ્ટિંગ્સે વિલાયત ગમન કર્યું. એ વખતે ત્હેનો ધંધો બંધ પડયો હતો. ત્હેને નાણાંની જરૂર પડી, અને કાન્ત બાબુની પાસે બાર હજાર રૂપિયા ઉધાર માંગ્યા. કાન્ત બાબુ રૂપિયા આપી શકયો નહિ, પણ એથી હેસ્ટિંગ્સ જરા પણ ગુસ્સે થયો નહિ. ત્હેણે જાણ્યું કે પ્રાણદાતા કાન્ત બાબુ ખરેખરજ રૂપિયા આપવાને અશક્ત હશે. એ વખતે પણ કાન્ત બાબુ હેસ્ટિંગ્સના હૃદયનો દેવતા હતો.

ઇસ્વીસન ૧૭૭૨ માં હેસ્ટિંગ્સ મદ્રાસનો ગવર્નર થયો. એ વખતે પણ ત્હેણે કાન્ત બાબુને પોતાનો મુત્સદ્દી બનાવ્યો. એ વખતે પાછો કાયદો થયો હતો કે ઇસ્ટ ઇંડિયા કંપનીના અમલદારો પોતાનો ખાનગી વેપાર કરી શકશે નહીં. હેસ્ટિંગ્સ કાન્ત બાબુને નામે અથવા કોઈ વખત નનામો વેપાર કરતો અને જમીનદારોનાં ખેતરો વગેરે ઇજારે રાખતો. એ વખતે કાન્ત બાબુ સૌભાગ્યની સીડી ઉપર એક પગથીઉં આગળ ચ્હડયો.

ઇ. સ. ૧૭૭૩ માં હેસ્ટિંગ્સ ગવર્નર જનરલ નિમાયો. આ વખતે ત્હેણે કાન્ત બાબુને અનેક મ્હોટી મ્હોટી જમીનદારીઓ

અને ખેતરો ઇજારે અપાવ્યાં. કાન્ત બાબુને પુષ્કળ ધન મળવા લાગ્યું. કાન્ત બાબુને જમીનદારી તથા ખેતરો વગેરે અપાવવા સારૂ હેસ્ટિંગ્સને ઘણા ગેરવ્યાજબી ઉપાયો પણ લેવા પડયા હતા. કાન્ત બાબુની ખાતર હેસ્ટિંગ્સ આ દેશના અનેક જમીનદારોના ઉપર અત્યાચાર કરતાં પણ અચકાયો નહોતો. હેસ્ટિંગ્સે કદાચ વિચાર્યું હશે કે, કૃતજ્ઞતા બતાવ્યાથી બધાં પાપનું પ્રાયશ્ચિત્ત વળી જશે. હેસ્ટિંગ્સે રાણી ભવાનીની બાહારબંદની જમીનદારી બળપૂર્વક છીનવી લઇને કાન્ત બાબુને આપી હતી. એ જાગીર આજે પણ કાશીમબાઝારના રાજાના તાબામાં છે. એ ઘણી મ્હોટી અને લાભજનક જમીનદારી છે. બાહારબંદ ઉપરાંત પણ બીજી કેટલીક જમીનદારી તથા મીઠાનાં ખેતરો કાન્તબાબુને ઇજારે અપાવ્યાં. ધીમે ધીમે કાન્તબાબુના પુત્ર લોકનાથને નામે પણ અનેક જમીનદારી ચ્હડાવવામાં આવી હતી. ચિરસ્થાયી જમાબંધી થઇ તે વખતે પણ હેસ્ટિંગ્સની મદદને લીધે કાન્ત બાબુને ઘણો થોડો વેરો ભરવાનું નક્કી થયું. હેસ્ટિંગ્સની આજ્ઞાથી દીવાન ગંગા ગોવિંદસિંહે જે વિઘોટી બાંધી હતી, તેજ વિઘોટી સ્થાયી જમાબંધી વખતે પણ કાયમ રાખવામાં આવી. આજ સુધી કાશિમબાઝારનો રાજવંશ એ કૃપાનો લાભ ઉઠાવે છે.

ધીમે ધીમે કાન્ત બાબુની જમીનદારી વધવા લાગી. પૈસો પૈસાને ખેંચે છે, એ ન્યાયે રળવાના બીજા રસ્તા પણ જડી આવ્યા. ઈ. સ. ૧૭૮૧ માં હેસ્ટિંગ્સે કાશીના રાજા ચેતસિંહ ઉપર ચ્હડાઇ કરી હતી. ચેતસિંહ પોતાના પરિવારને છોડીને ચાલ્યો ગયો હતો. પરિવારના મનુષ્યો અંગ્રેજોના હાથમાં સપ-

ડાયા. ત્હેમના ઉપર અત્યાચાર થયો. એ વખતે ત્હેમને અત્યાચારમાંથી બચાવવાનો કાન્ત બાબુએ યત્ન કર્યો હતો, પરન્તુ ત્હેમાં ત્હેની સફળતા પ્રાપ્ત થઇ નહોતી. કાન્ત બાબુને રાજમાતા તરફથી અનેક કિંમતી અલંકારો મળ્યા હતા. એ બધા અલંકારો મુર્શિદાબાદના રાજભવનમાં હજુ દીઠામાં આવે છે. કાશીમાંથી લુંટેલા દ્રવ્યની સાથે કાન્ત બાબુ, કાશીના રાજ ભવનમાંથી લક્ષ્મીનારાયણની મૂર્તિ; રામચંદ્રી મોહર, એકમુખ રૂદ્રાક્ષ, દક્ષિણાવર્ત શંખ વગેરે સ્મૃતિચિન્હો પણ લાવ્યો હતો; તે બધી વસ્તુઓ હાલ કાશિમબાઝારના મહેલમાં સુરક્ષિત છે. તે ઉપરાન્ત એક બીજા ઉપાયથી પણ કાન્તબાબુએ ધનની વૃદ્ધિ કરી હતી. હેસ્ટિંગ્સની લાંચ લેવા સંબંધી વાત ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. હેસ્ટિંગ્સનો પ્રીતિપાત્ર કાન્તબાબુ પણ એ બાબતમાં હઠે એવો નહોતો. લાંચ લેવાના હજારો માર્ગ ખુલ્લા હતા.

હેસ્ટિંગ્સની કૃપાથી કાન્ત બાબુ અતુલ ધનનો અધિકારી બન્યો. દરિદ્ર કાન્તમોદીની ગણત્રી હવે કરોડપતિઓમાં થવા લાગી. બંગાળા, બિહાર, અને સંયુક્ત પ્રાન્તોમાં સઘળે ત્હેની જમીનદારી ફેલાયલી હતી. હેસ્ટિંગ્સ તરફથી કાન્તબાબુને એક સરકારી કામ પણ સોંપવામાં આવ્યું હતું. કંપનીની અદાલતોમાં ન્યાત જાતના કોઇ ઝગડાઓ આવતા તો ત્હેનો ફેસલો કરવાનું કામ કાન્ત બાબુનું હતું. આ પ્રમાણે ગરીબ દુકાનદાર કાન્ત બાબુ રાજરાજેશ્વર બનવા પામ્યો હતો. પણ એ મનમાં જાણતો હતો કે, કેવા અનુચિત માર્ગથી હેસ્ટિંગ્સે ત્હેને જમીનદારી અપાવી હતી, કેવો અન્યાય કરીને પવિત્ર ચરિત્રા અન્ન-

પૂર્ણિયા ભવાની રાણીની બહારબન્દવાળી જમીનદારી પોતાને નામે ચ્હડાવી હતી. એટલા માટે હમે કહીએ છીએ કે કાન્તબાબુની વિષય સમૃદ્ધિને પાપનો સ્પર્શ થયો હતો. બ્રાહ્મણ નંદકુમારને ફાંસી દેવામાં પણ કાન્તબાબુનો મુખ્ય હાથ હતો.

હેસ્ટિંગ્સ કાન્તબાબુને રાજાની ઉપાધિ આપવા માગતો હતો, પણ ત્હેણે એ ઉપાધિ પોતે ન સ્વીકારતાં પોતાના પુત્ર લોકનાથને અપાવી.

બંગાળી સંવત્ ૧૨૦૦ ના પોષ માસમાં કાન્તબાબુ ગંગાતીરે મરણ પામ્યો. ધન પેદા કરવામાં કાન્તબાબુ અનેક સમય ખરાબ ઉપાય ગ્રહણ કરવાની લાલચને રોકી શક્યો નહોતો એ વાત ખરી; પરન્તુ ત્હેના હૃદયમાંથી હિન્દુને છાજતી ધર્મભાવનાનો તદ્દન નાશ થયો નહોતો.

કાન્તબાબુ પછી ત્હેનો પુત્ર રાજા લોકનાથ ત્હેની ગંજાવર મિલ્કતનો વારસ થયો. ત્હેણે ઘણાજ ઠાઠપૂર્વક પિતાનું શ્રાદ્ધ કર્યું હતું, એવું શ્રાદ્ધ બંગાળામાં પહેલાં કદી થયું નહોતું. ત્યહાર પછી બેશક રાજા નવકૃષ્ણે માતૃશ્રાદ્ધ નિમિત્તે બાર લાખ અને દીવાન ગોવિંદસિંહે છ લાખ રૂપિયા ખર્ચ્યા હતા. લોકનાથે પિતાની હયાતીમાંજ જમીનદારીના વહિવટનો અનુભવ મેળવ્યો હતો; એટલે ત્હેના વખતમાં સમૃદ્ધિ વધતીજ ગઇ, પણ એણે લાંબું આયુષ્ય ભોગવ્યું નહિ. પિતાના મૃત્યુ પછી તેર વર્ષે બાળક પુત્ર હરિનાથને છોડીને એ મરણ પામ્યો.

પિતાના મૃત્યુ વખતે હરિનાથની વય ફક્ત એક વર્ષની હતી, એટલે ત્હેનો વહિવટ કોર્ટ ઑફ વૉર્ડસને સોંપવામાં આવ્યો હતો. બાલ્યાવસ્થામાં પિતૃહીન થયા છતાં પણ હરિ-

નાથે સારૂં શિક્ષણ મેળવ્યું હતું. અંગ્રેજી ભણ્યા છતાં પણ એ જમાનાના કેટલાક બંગાળી યુવકોની પેઠે ત્હેની મતિ બગડી નહોતી. એ સ્વધર્મમાં નિષ્ઠા રાખતો અને દેવતા તથા બ્રાહ્મણોનો સત્કાર કરતો. ઈ. સ. ૧૮૧૮ માં કલકત્તામાં હિન્દુ કૉલેજની સ્થાપના થઇ તે વખતે રાજા હરિનાથે ત્હેમાં પંદર હજાર રૂપિયા આપ્યા હતા. તે ઉપરાંત પણ ત્હેમણે બીજાં અનેક દાન કર્યાં હતાં. ત્હેમની પ્રજાવત્સલતા સુપ્રસિદ્ધ હતી. જળનું કષ્ટ હોય એવે સ્થળે તળાવ તથા કૂવા ખોદાવીને અને અન્નનું કષ્ટ હોય એવે સ્થળે અન્નસત્ર ખોલીને, એ દુઃખી પ્રજાના નિરંતરના આશીર્વાદને પાત્ર બન્યા હતા. બંગાળીઓને ધીમે ધીમે બળહીન અને તેજોહીન થતા જોઇને રાજા હરિનાથને ઘણુંજ કષ્ટ થતું હતું. એટલા માટે કસરતબાજોને તે સદા ઉત્તેજન આપતા હતા. રાજા હરિનાથ એક આદર્શ જમીનદાર હતા. આજ દિન સુધી ત્હેમની કીર્તિ અમર છે. રાજા હરિનાથે ઇ. સ. ૧૮૩૬ માં પત્ની હરસુન્દરી રાણી, પુત્ર કૃષ્ણનાથ તથા કન્યા ગોવિંદસુંદરીને છોડીને આ સંસારમાંથી પ્રયાણ કર્યું.

રાજા હરિનાથના મૃત્યુ સમયે રાજા કૃષ્ણનાથ નગીર વયના હોવાથી રાજ્યનો વહિવટ પાછો કૉર્ટ ઑફ વૉર્ડસના હાથમાં સોંપવામાં આવ્યો. કૃષ્ણનાથને સારૂં શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં કોઇ જાતની ત્રુટી રાખવામાં આવી નહિ. ત્હેમણે ફારસી અને અંગ્રેજી ભાષાનું સારૂં શિક્ષણ મેળવ્યું. એ વખતના વિદ્યાર્થીઓમાં પ્રચલિત દોષ કૃષ્ણનાથમાં પણ આવવા પામ્યા હતા. ત્હેનામાં ગુણ અને દોષ બન્નેનો યોગ હતો. નિષિદ્ધ માંસ અને મદિરાનો પ્રયોગ એ દોષરૂપ હતા, ત્યહારે

દયા, દાન આદિ ગુણો પણ હતા. અંગ્રેજી ભણવાનો ઘણો શોખ હતો. અંગ્રેજી આચારવિચાર ઉપર ભક્તિ હતી. સારા તેમજ ખોટા કામોમાં ઘણું ખર્ચ કર્યાથી ત્હેની દૌલત ઘણી ઓછી થઇ ગઈ હતી. પાછળથી ત્હેને ઋણગ્રસ્ત પણ થવું પડયું હતું. ઇ. સ. ૧૮૩૮ માં મહારાણી સ્વર્ણમયી સાથે ત્હેનું લગ્ન થયું હતું; એ વખતે પણ કૃષ્ણનાથ સગીર વયનો હતો. ઇ. સ. ૧૮૪૧ માં તે પુખ્ત ઉમરનો થયો તે પછીને વર્ષે લૉર્ડ ઓક-લેન્ડ સાહેબે કુમાર કૃષ્ણનાથને રાજાની ઉપાધિ આપી. રાજા કૃષ્ણનાથનો હાથ ઘણોજ છુટો હતો. ત્હેણે પોતાના શિક્ષક રાજા દિગમ્બર મિત્રને એક લાખ રૂપિયા બક્ષિસ આપ્યા હતા. કલકત્તામાં હેર સાહેબનું સ્મૃતિચિન્હ સ્થાપવા સારૂ ત્હેણે સૌથી વધારે દાન આપ્યું હતું. રાજા કૃષ્ણનાથ રૂપ સૌંદર્યમાં પણ પોતાની જીવનસંગિની સ્વર્ણમયીના જેવોજ હતો.

મૃગયા રમવાનો કૃષ્ણનાથને ઘણો શોખ હતો. રાજ્યસુખ પૂર્વ જન્મના ઘણા પુણ્ય કર્મનાં ફળરૂપે પ્રાપ્ત થાય છે. પણ એ સુખ કૃષ્ણનાથ ઝાઝો વખત ભોગવી શકયો નહિ.

ઇ. સ. ૧૮૪૫ માં રાજા કૃષ્ણનાથે કલકત્તામાં ચિતપુર રોડ ઉપર આવેલી જોડા સાંકોરની હવેલીમાં પિસ્તોલદ્વારા આત્મ-હત્યા કરીને પરલોક યાત્રા કરી. એ આત્મહત્યાનું કારણ નીચે પ્રમાણે જણાવવામાં આવે છે.

ગોપાળ દફાદાર નામના, રાજા કૃષ્ણનાથના એક નોકર ઉપર કિંમતી દ્રવ્યથી ભરેલી પેટીઓ ચોરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. એ મુકદ્દમામાં રાજા કૃષ્ણનાથ ઉપર પણ આરોપ મૂકવામાં આવ્યો. મુર્શિદાબાદના મેજીસ્ટ્રેટ બેલ સાહેબે રાજાને

પકડવા વારંટ મોકલ્યું. પરન્તુ બેલિફ લોકો ત્હેમને પકડી શકયા નહિ. આખરે બહરમપુરના ડેપ્યુટિ મેજીસ્ટ્રેટ ચન્દ્રમોહન ચટ્ટોપાધ્યાયે રાજાને પકડવા સારૂ કાસિમ બજારના રાજમહેલને ઘેરો ઘાલ્યો. રાજાને પકડવામાં આવ્યો, પણ પચાસ હજાર રૂપિયાના જામીન આપીને ત્હેમણે છુટકારો મેળવ્યો. એ ચન્દ્રમોહન ચટ્ટોપાધ્યાય, દ્વારકાનાથ ઠાકુર જેવા ધનાઢ્ય પુરૂષના ભાણેજ હતા, અને ત્હેમની સાથે વિલાયત પણ જઇ આવ્યા હતા. મ્હોટા માણસની સાથે સગપણ હોવાથી ત્હેમનામાં જરા અભિમાન પણ હતું, તેથી ત્હેમણે રાજા કૃષ્ણનાથને ત્હેના દરજ્જાને છાજતો સત્કાર ન કર્યો અને ત્હેને ઘણી રીતે લાંછિત કર્યો. રાજા કાસિમ બજારથી પલાયન કરીને કલકત્તાવાળા મકાનમાં સંતાઈ ગયો. એવામાં ગોપાળ દફાદારનું મૃત્યુ થવાથી મેજિસ્ટ્રેટે રાજા કૃષ્ણનાથ ઉપર પોલિસની મારફતે થાણા દર થાના લઇને બરહમપુર આવવાનું વારન્ટ મોકલ્યું. આ અપમાન સહન ન થઇ શકયાથી રાજા કૃષ્ણનાથે પિસ્તોલ મારીને આત્મહત્યા કરી. મરતાં પહેલાં એ નીચે પ્રમાણે પત્ર લખી ગયો હતો.

I Sri Rajah Chrisnonath Roy write, I part with the desire of life solely from the fear of being disgraced as I was not concerned from the matter of Gopal's case, not did I beat or maltreat him. This I solemnly over. It is only on account of the Deputy Magistrate Chandramohan Chatterjee, that such excessive measures, have been adopted towards me, therefore write this letter that no

one else may incur blame on account of my parting with my over life.

Everything is written in my Will and Testament ઇત્યાદિ.

સારાંશ કે, ગોપાલના મુકદ્દમા સાથે મ્હારે કાંઇ સંબંધ નહોતો, મ્હેં ત્હેને માર માર્યો નહોતો. અપમાનિત થવાની બ્હીકથીજ મ્હેં આત્મહત્યા કરી છે. મ્હારી આત્મહત્યા માટે બીજું કોઇ જવાબદાર નથી.

અસ્તુ ! રાજા કૃષ્ણનાથ સાથે રાણી સ્વર્ણમયીનો સંબંધ ઘણાં થોડાં વર્ષ રહ્યો, પણ એ સમય બન્ને જણાંએ ઘણા આનંદમાં ગાળ્યો હતો. ત્હેમને એક બે કન્યાઓ પણ જન્મી હતી, પરન્તુ એક કન્યાએ રાજા કૃષ્ણનાથની જીંદગીમાંજ બાલ્યાવસ્થામાં તથા બીજી કન્યાએ ત્હેમના મરણ પછી કિશોર અવસ્થામાં દેહત્યાગ કર્યો હતો. ત્હેમની બે કન્યાઓનાં નામ લક્ષ્મી અને સરસ્વતી હતાં.

રાણી સ્વર્ણમયી ઉપર વૈધવ્યનું વજ્ર અણધાર્યું તુટી પડયું તે વખતે ત્હેમની અવસ્થા કેવળ સત્તર વર્ષની હતી. ત્હેના શોકનો પાર રહ્યો નહિ. ચારે તરફ અંધકાર દીસવા લાગ્યો. પતિના મિત્રો વેગળા ખસી ગયા અને નવા નવા શત્રુઓ ઉભા થયા. ઇસ્ટ ઇંડિયા કંપનીએ રાજાના મરણ પછી બે વસિયતનામાં દાખલ કર્યાં. એમાંના એક વિલનું તાત્પર્ય એવું હતું કે મ્હારા મુર્શિદાબાદના મહેલમાં 'કૃષ્ણનાથ વિદ્યાલય' નામની એક કોલેજ સ્થાપવી અને ત્હેનીજ પાસે એક હોસ્પિટલ સ્થાપવા સારૂ ઇસ્ટ ઇંડિયા કંપનીને

હું મ્હારી સઘળી મિલ્કત સોંપી જાઉં છું. એ વખતે ત્હેમની એક કન્યા જીવતી હતી. ત્હેના લગ્ન માટે થોડીક રકમ જુદી કહાડવામાં આવી હતી, અને વિધવા રાણી સ્વર્ણમયીને માસિક પંદરસેં રૂપિયા આપવાની વ્યવસ્થા કરી હતી; પરન્તુ એ વિલમાં રાણીને દત્તક પુત્ર લેવાનો નિષેધ કરવામાં આવ્યો હતો. એથી ઉલટું એક બીજા વિલમાં રાણીને એક પછી એક છ દત્તક પુત્ર લેવાનો અધિકાર આપવામાં આવ્યો હતો; એમ છતાં પણ વંશરક્ષા ન થઇ શકે તો એક કોલેજ સ્થાપવાનું સરકારને કહેવામાં આવ્યું હતું. બન્ને વિલના એકઝીક્યુટર રાજાના સોલિસિટર સ્ટ્રેન્ટેલ સાહેબને નિમવામાં આવ્યા હતા.

આ વિલથી રાણી સ્વર્ણમયીની સ્થિતિ ઘણીજ ખરાબ થઇ ગઇ. રાજરાજેશ્વરી આજે કંગાળ બની, કોઇની સહાય નહિ, ગુજરાનને માટે પૂરતું ધન નહિ; આ વિપત્તિમાંથી ઉગરવાનો ઉપાય શો ? પરન્તુ રાણી સ્વર્ણમયી સ્હમજુ અને જ્ઞાની હતી ત્હેણે વૈધવ્યમાં બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને, ભીડભંજન ભગવાનના ચરણકમળમાં ચિત્તને સમર્પણ કરી દીધું.

ઇશ્વર સૌનો બેલી છે. ઘોર અંધકારમાંથી એકાએક આશારૂપી પ્રકાશનાં કિરણો દેખાવા લાગ્યાં. એ વખતે રાજીવલોચનરાય નામના એક ગૃહસ્થ સરકારી નોકરીમાં અમલદાર હતા. એ દીર્ઘદર્શી, ઉત્સાહી, સાહસી, ઉદ્યોગી, સાધુ, નિઃસ્વાર્થ પુરૂષ હતા. એ વિપત્તિગ્રસ્ત સ્વર્ણમયીની મદદે આવ્યા અને ત્હેની માલ મિલ્કત પાછી અપાવવાની પ્રતિજ્ઞા કરી, ત્હેમણે સુપ્રીમ કોર્ટમાં દાવો માંડવાની સ્વર્ણમયીને સલાહ આપી. ત્હેમનીજ સલાહ મૂજબ સુપ્રીમ કોર્ટમાં મુકદ્દમો રજુ કરવામાં

આવ્યો. શ્રીરામપુરના પ્રખ્યાત એટોર્ની હરચન્દ્ર લાહિડીએ રાણી સ્વર્ણમયીને મદદ કરી.

સુપ્રીમ કોર્ટની ફુલ બેન્ચમાં વસિયતનામાનો ન્યાય કરવામાં આવ્યો. ૧૮૪૭ ની ૧૫ મી નવેમ્બરે ત્હેની સુનાવણી હતી. રાણીની તરફથી મુખ્ય બેરિસ્ટર સર્ગેવિલ ટેલર ક્લાર્ક તથા માર્ટિન હતા; અને એકઝીક્યુટર સ્ટૅન્ટેલની તરફથી કોક્રેન અને મેકફરસન બેરિસ્ટરોને રોકવામાં આવ્યા હતા. ઈસ્ટ ઈંડિયા કંપનીની તરફથી ખુદ એડવોકેટ જનરલ; અને બેરિસ્ટરો પ્રિન્સેપ અને રીચિ કામ કરતા હતા. બેરિસ્ટર લીથ એ વખતે એડવોકેટ જનરલ હતો. એ વિલના મુકદ્દમામાં કૃષ્ણચન્દ્ર સરકાર નામનો એક પુરૂષ પણ સપડાયલો હતો. ત્હેના પક્ષમાં બેરિસ્ટર ડિકન્સ હતો. ફુલબેન્ચમાં મુકદ્દમો ચાલતો હતો, કલકત્તાના મ્હોટા મ્હોટા સુપ્રસિદ્ધ બેરિસ્ટરોને પક્ષકારો તરફથી રોકેલા હતા. એ કેસ જોવાને અને ત્હેનું પરિણામ જાણવાને આખું બંગાળા આકુળવ્યાકુળ થઈ રહ્યું હતું. આખરે મ્હોટા ન્યાયાધીશે ફેંસલો સંભળાવીને રાણીના હિતૈષીઓને આનંદિત કર્યા. વીલ નામંજુર કરવામાં આવ્યું. સિદ્ધાન્ત કરવામાં આવ્યો કે રાજા કૃષ્ણનાથે સજ્ઞાન અવસ્થામાં પોતાની ઇચ્છાથી એ વિલ કર્યું નહોતું. વિલ કરવાની ત્હેમનામાં શક્તિજ નહોતી. રાણી સ્વર્ણમયીનો જય થયો. પતિના સમસ્ત ધનની વારસ ત્હેને ગણવામાં આવી.

પરન્તુ આટલાથી રાણી સ્વર્ણમયીની ચિન્તાનો અન્ત આવ્યો નહિ. આ મુકદ્દમો પૂરો થતાં વારજ રાજા કૃષ્ણનાથની માતા રાણી હરસુન્દરીએ સુપ્રીમ કોર્ટમાં ફરિયાદ દાખલ કરાવી. એ

ફરિયાદનો સારાંશ એ હતો કે, રાજા કૃષ્ણુનાથ અભક્ષ્ય ભક્ષણ તથા અપેય પદાર્થોનું પાન કરતો હતો માટે ત્હેને જાતિભ્રષ્ટ ગણીને પૈતૃક સંપત્તિનો વારસ ન ગણવો જોઇએ અને એ રીતે ત્હેની સ્ત્રી સ્વર્ણમયી પણ પતિના ધનની વારસ ન મનાવી જોઇએ. તે ઉપરાંત એક બીજો મુકદ્દમો ગવર્નમેન્ટ ઓફ઼ ઇન્ડિયાની તરફ઼થી ચલાવવામાં આવ્યો. ત્હેનો મતલબ એવો હતો કે રાજા કૃષ્ણુનાથ આત્મઘાત કરીને મરી ગયો છે, અને આત્મઘાતીની માલ મિલ્કત ઉપર ગવર્નમેન્ટનો હક પહોંચે છે. રાજા કૃષ્ણુનાથની દાદી, માતા અને બ્હેનના ભરણપોષણ સારૂ સાત લાખ રૂપિયા જુદા કહાડવામાં આવ્યા હતા. ત્હેની દાદીના મૃત્યુ પછી ભારત ગવર્નમેંટે ફ઼રિયાદ કરી હતી. પરન્તુ ચીફ઼ જસ્ટીસે ફ઼ૈંસલો આપ્યો કે, ‘આત્મઘાતીની માલ મિલ્કત ઉપર સરકારનો હક પહોંચે’ એ કાયદો આ દેશમાં ચાલી શકે એમ નથી. એ પ્રમાણે ઘણી મુસિબતો વેઠયા પછી એ મુકદ્દમામાં પણ રાણી સ્વર્ણમયીએજ વિજય મેળવ્યો હતો.

આ આપત્તિઓમાંથી મુક્ત થયા પછી રાણીએ પોતાના ઉપકાર કર્તાઓનો યોગ્ય બદલો વાળ્યો. હરચન્દ્ર લાહિડીને શાલજોટો વગેરે સિરોપાવ સાથે દસ હજાર રૂપિયા બક્ષિસ આપ્યા હતા. એ ગૃહસ્થ કેટલોક વખત સુધી રાણી સ્વર્ણમયીના દીવાન રહ્યા હતા. ત્યહાર પછી રાય રાજીવલોચનરાય બહાદુર ત્હેમના દીવાન થયા હતા. રાય રાજીવલોચન ન હોત તો સંભવ છે કે રાણી સ્વર્ણમયીને ભિક્ષાની ઝોળી લઇને ઘેરે ઘેર રખડવા વારો આવ્યો હોત. ધન્ય રાજીવલોચનને !

રાણી સ્વર્ણમયી જે વખતે કાશીમબજારના રાજ્યની એકલી

અધિકારી થઈ તે સમયે રાજા કૃષ્ણનાથના ઉડાઉપણાને લીધે થયેલું ઘણું કરજ ચુકવવાનું બાકી હતું. વળી ઈસ્ટ ઇંડિયા કંપનીના હાથમાં વહિવટ રહ્યો તેટલા અરસામાં દેવું વધી પડયું હતું. રાણી સ્વર્ણમયીએ સાહસથી છાતી કઠણ કરીને હરિના ચરણકમળમાં મન અને પ્રાણને સમર્પણ કરીને તથા રાજીવલોચનની સલાહ લઇને રાજ્યનાં બધાં કામકાજ ઉપર દેખરેખ રાખવાનો તથા પ્રજાનું પાલન અને શાસન કરવાનો આરંભ કર્યો. પરણ્યા પછી રાણી સ્વર્ણમયીએ બંગાળી લખવા વાંચવાનો અભ્યાસ કર્યો હતો. તેથી જમીનદારીના બધા દસ્તાવેજો ઉપર એમના પોતાનાજ દસ્તખત થતા હતા.

રાજરાજેશ્વરી થયા છતાં પણ મહારાણી સ્વર્ણમયી હિન્દુ વિધવાને છાજે એ પ્રમાણે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને યોગિનીરૂપે જીવન વ્યતીત કરતાં હતાં. ઈશ્વિરપરાયણ રાણી એકજ વખત આહાર કરતાં, કોઇ વખત ભૂમિશય્યા ઉપર તો કોઈ વખત કાંબળાની શય્યા ઉપર શયન કરતાં. રાજીવલોચનના પ્રખર બુદ્ધિબળથી અને સ્વર્ણમયીના અનન્ત પુણ્યબળથી ત્હેમના શત્રુઓ એકદમ શમી ગયા અને ઋણ પણ ચુકવાઇ ગયું. જમીનદારીની આવક પણ વધી ગઇ હતી. હવે સ્વર્ણમયીએ અન્નપૂર્ણાદેવીની પેઠે હાથ છુટો મૂકયો. રાજીવ ત્હેમને એવાં દાન કરવામાં મદદ અને ઉત્તેજન આપતો.

રાજીવલોચનને પોતીકી કાંઈ સંપત્તિ હતી નહિ. વિષયભોગનો ત્હેને લોભ નહોતો, એ યોગ્ય રાણીનો યોગ્ય મંત્રી હતો. ત્હેના જેવી સારી સલાહ આપનાર, દાન આપવામાં ઉત્સાહ આપનાર, તથા માનમરતબો વધારી આપનાર મંત્રી રાણી સ્વર્ણ-

મચીને બીજો કોઈ મળી શકત કે નહિ એ સંદેહની વાત છે. રાજીવલોચનના જેટલી બુદ્ધિ વિચક્ષણતા અનેકમાં હોઇ શકે; યોગ્યતા અને પ્રભુભક્તિ પણ હોઇશકે, પરન્તુ ત્હેના જેવું વિશાળ હૃદય ઘણા થોડા મનુષ્યોમાં દીઠામાં આવે છે. એ મહાપુરૂષ આ લોકમાંથી વિદાય થઈ ગયા છે એ વાત ખરી પરન્તુ ત્હેની કીર્તિ પૃથ્વી ઉપર અમર રહી છે. હમને તો એમ લાગે છે કે રાજીવલોચનનું ઉત્તેજન ન હોત તો રાણી સ્વર્ણમયી પોતાનું ગૌરવ બતાવી શકત નહિ અને રાણી સ્વર્ણમયી ન હોત તો રાજીવલોચન પણ પોતાના હૃદયની ઉદારતા પ્રકટ કરવા પામત નહિ.

રાણી સ્વર્ણમયી પાસે મદદ માગવા જનાર કોઇ પણ માણસ ખાલી હાથે પાછો ફરતો નહિ. અનેક સમયે અનેક મનુષ્યો ત્હેમની પાસેથી આશા કરતા પણ વધારે દાન મેળવીને સ્તબ્ધ થઇ જતા. એક વખત પોલિસનો એક કર્મચારી ઘણા કષ્ટમાં આવી પડયાથી મહારાણી સ્વર્ણમયીની પાસે મદદ માગવા ગયો હતો. ત્હેણે આશા રાખી હતી કે રાણી ઘણું તો વીસપચીસ રૂપિયા આપશે, પરન્તુ રાણીએ ત્હેને પાંચસે રૂપિયા આપ્યા.

એકવાર ચક્ષુરોગથી પીડાતો એક બ્રાહ્મણ રાણી સ્વર્ણમયીના દીવાન રાજીવલોચનની પાસે જઇને બોલ્યો "મહાશય ! મ્હારી આંખનો રોગ મટે એવું કાંઇ કરી આપો." રાજીવલોચન સ્હમજી ગયો કે ત્હેનો ચક્ષુરોગ અસાધ્ય છે, છતાં પણ એ વાત સ્પષ્ટ રીતે બ્રાહ્મણને કહેવાથી ત્હેના જીવને કષ્ટ પહોંચશે. એવા વિચારથી ત્હેણે બ્રાહ્મણને કહ્યું "અહિંયાં આગળ ચક્ષુરોગને મટાડવાની વ્યવસ્થા થાય એવો સંભવ નથી

ત્હમે અહિંથી માસિક વૃત્તિ લઇ જજો, એથી ત્હમારૂં ગુજરાન ચાલશે, અને નેત્રની ચિકિત્સા પણ થશે." બ્રાહ્મણે કહ્યું "મ્હારે માસિક વૃત્તિ નથી જોઈતી." રાજીવલોચને નિરૂપાય થઇને કહ્યું "ત્યહારે બીજો શો ઉપાય?" એમ કહીને એમણે ઘરમાંથી એક થાળ લાવી આપીને બ્રાહ્મણને કહ્યું "ત્હમારે આ સાકરનો થાળ તો લેવો પડશે. મહારાજ! આ દાસનો એટલો આગ્રહ આપે અવશ્ય માન્ય રાખવો પડશે." બ્રાહ્મણ ત્હેમના આગ્રહને લીધે થાળને પાછો ઠેલી શક્યો નહિ. ઘેર ગયા પછી ત્હેણે બીજાઓને થાળ બતાવ્યો તો ખબર પડી કે એ થાળ ચાંદીનો બનેલો હતો. અને ત્હેની કિંમત સો રૂપિયા કરતાં ઓછી નહોતી.

આવાં આવાં અનેક ઉદાહરણો છે. રાણી સ્વર્ણમયીની ઉદારતાનાં વધારે દૃષ્ટાન્ત આ ન્હાના સરખા લેખમાં આપી શકાય એમ નથી. ટુંકામાં એટલુંજ જણાવીએ છીએ કે, હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, શિખ, કે પારસી કોઇ પણ મહારાણી સ્વર્ણમયી પાસે મદદ માંગવા જઇને ખાલી હાથે પાછું આવતું નહિ. ગરીબોને અન્નદાન કરવું, જળનું કષ્ટ હોય તેવે સ્થળે કૂવા તળાવ ખોદાવવાં, જ્હેમનાં ઘર બળી ગયાં હોય ત્હેમને ફરીથી ઘર બંધાવી આપવાં, કન્યાદાન કરવાને અસમર્થ હોય એવા પિતાઓને ધનની મદદ આપવી, બ્રાહ્મણ પંડિતોને વર્ષાસન બાંધી આપવાં, સાધારણ બ્રાહ્મણોને વસ્ત્ર તથા દક્ષિણા આપવાં, એ વગેરે અનેક સદનુષ્ઠાનદ્વારા રાણી સ્વર્ણમયી દાન કરતાં હતાં. દરરોજ હજારો ભિખારીઓને રાણી મુઠી મુઠી અન્ન આપતાં હતાં. તે ઉપરાંત હોસ્પિટલ, હોસ્ટેલ (વિદ્યાર્થી નિવાસગૃહ)

વિદ્યાલય આદિ બંધાવવામાં પણ ત્હેમણે ઘણું દાન કર્યું હતું. દોલયાત્રા અને દુર્ગોત્સવ વખતે ધાર્મિક ક્રિયાઓ તથા પુણ્ય દાનમાં જે અઢળક ધન ખર્ચાતું હતું ત્હેનું તો પૂછવુંજ શું. સાધારણ અડસટ્ટો કહાડતાં એવું જણાયું છે કે રાણી સ્વર્ણ-મયીએ સાઠ લાખ રૂપિયા કરતાં વધારેનું દાન કર્યું હતું.

દાનશીલતાથી મુગ્ધ થઇને આપણી અંગ્રેજ સરકારે ઈ. સ. ૧૮૭૧ માં રાણી સ્વર્ણમયીને મહારાણીની ઉપાધિ બક્ષી હતી. ૧૮૭૩ ની સાલમાં ગવર્નમેન્ટે ઠરાવ કર્યો કે, મહારાણી સ્વર્ણમ-યીના ઉત્તરાધિકારીઓ પણ મહારાજા કહેવાશે. ત્હાર પછી ભાર-તેશ્વરી સ્વર્ગીયા મહારાણી વિકટોરિયાએ મહારાણી સ્વર્ણમયીને 'ક્રાઉન ઓફ ઇંડિયા'ની ઉપાધિથી વિભૂષિત કર્યાં હતાં.

રાજ્ય અને રાજરાજેશ્વરીની તરફથી આવાં સન્માનો મળવાં એ ખરેખર સૌભાગ્યની વાત છે. પરંતુ મહારાણીએ પરોપકારને પોતાના જીવનનું એક માત્ર વ્રત અને લક્ષ્ય બ-નાવ્યું હતું, તે કોઇ પણ પ્રકારની સાંસારિક પ્રતિષ્ઠાની લા-લચને લીધે નહોતું. ખરા હૃદયની લાગણીથી પ્રેરાઇને ત્હેમણે જનસેવા કરી હતી.

મહારાણી સ્વર્ણમયીના દીવાન રાજીવલોચનને પણ અંગ્રેજ સરકાર તરફથી 'રાય બહાદુર' ની ઉપાધિ મળી હતી. મહા-રાણીની જીવિતાવસ્થામાંજ ત્હેમનું મૃત્યુ થયું હતું. ત્હેના મૃત્યુ પછી રાજ્યના પ્રબંધ સારૂ છ બંગાળી ગૃહસ્થોની એક કમિટી સ્થાપવામાં આવી હતી. એક કમિટી, સુપ્રસિદ્ધ વકીલ શ્રીયુક્ત વૈકુંઠનાથ સેનની સલાહ મુજબ કાશીમ બજારના રાજ્યનો પ્રબંધ ચલાવતી હતી.

મહારાણી સ્વર્ણમયીની જમીનદારી બંગાળામાં ચારે દિશામાં ફેલાએલી હતી, અને ત્હેની વાર્ષિક આવક લગભગ ત્રીસ લાખ રૂપિયાની હતી.

બંગાળી સંવત્ ૧૩૦૪ ની ૧૦ મી ભાદ્રને દિવસે મહારાણી સ્વર્ણમયીએ પોતાની જીવનલીલા સંવરણ કરી. એમના મરણથી આખા દેશમાં શોક પ્રવર્તી રહ્યો હતો. એમ કહેવાય છે કે એવો સર્વત્રવ્યાપી શોક બંગાળામાં કેવળ રાણી ભવાનીના મૃત્યુ સમયે જોવામાં આવ્યો હતો. બંગાળીઓએ એ બે વિધવા સન્નારીઓની પાછળ જેટલો શોક કર્યો છે તેટલો શોક કોઇની પણ પાછળ કર્યો નથી. રાણી ભવાની બ્રાહ્મણકન્યા હતાં અને રાણી સ્વર્ણમયી 'તિલિ' નામની એક ક્ષુદ્ર જાતિનાં હતાં. બન્નેની ન્યાતમાં જમીન આસમાન જેટલો ભેદ હતો. પરન્તુ હૃદયની ઉદારતામાં જરા પણ ભેદ નહોતો. એ બન્નેના સત્કાર્યની પ્રકૃતિમાં પણ ભેદ હતો; પરન્તુ એ ભેદ કાળધર્મનું પરિણામ માત્ર હતું.

રાણી ભવાનીના સમયમાં જે કામો કર્તવ્યરૂપે ગણવામાં આવતાં, તે કામો કરીને રાણી ભવાનીએ પોતાનું કર્તવ્ય પરિપૂર્ણ કર્યું હતું. આધુનિક કાળમાં જે અનુષ્ઠાનોને કર્તવ્યરૂપ માનવામાં આવે છે, ત્હેની કલ્પના પણ રાણી ભવાનીના સમયમાં નહોતી. બ્રાહ્મણસેવા, ગાય અને દેવની પૂજા, મૂર્તિઓને માટે દેવસ્થાનોની સ્થાપના, બ્રાહ્મણોનું પ્રતિપાલન, દીન દુઃખીઓનું કષ્ટવિમોચન, નિરાશ્રિતોને આશ્રયદાન, વિધવાઓને અન્નદાન વગેરે રાણી ભવાનીના કાળમાં કર્તવ્યરૂપે મનાતાં હતાં, અને કાયા, મન, અને વાણીદ્વારા ત્હેનું પાલન કરીને રાણી ભવાનીએ મનુષ્ય જીવન સફળ કર્યું હતું. ઉપર લખેલાં કર્તવ્યો

રાણી સ્વર્ણમયીના સમયમાં પણ સદનુષ્ઠાન રૂપે ગણાતાં હતાં, અને એટલાંજ કર્તવ્યો કરીને એ બેસી રહ્યાં હોત તોપણ એ લોકોની શ્રદ્ધા અને ભક્તિને પાત્ર ગણાત. પરન્તુ આધુનિક સમયમાં—રાણી ભવાનીના જમાના પછી—કર્તવ્યરૂપે મનાયલા, એટલે કે સ્કુલ, હોસ્પિટલ, સભા, સમિતિ વગેરેની સ્થાપનામાં મદદ, પુસ્તક રચનારાઓને ઉત્તેજન, વિદ્યાપ્રચારને માટે સહાય આદિ અનુષ્ઠાનોમાં પણ રાણી સ્વર્ણમયીએ મુક્ત હસ્તે દાન કર્યું છે. અર્ધ શતાબ્દીની અંદર એવું એક પણ સત્કાર્ય નહિ થયું હોય કે જહેમાં મહારાણી સ્વર્ણમયીએ પોતાની શક્તિ અનુસાર દાન નહિ કર્યું હોય. રાણી ભવાનીના યુગમાં વિદેશી અને વિધર્મીને મદદ આપવાની આવશ્યકતા ઉત્પન્ન થઈ નહોતી. મહારાણી સ્વર્ણમયીના સમયમાં એવા પ્રસંગો ઉપસ્થિત થયા હતા અને એ વખતે પણ મહારાણીએ પોતાના વિશાળ હૃદયનો પરિચય આપ્યો હતો. પ્રોટેસ્ટન્ટ હોમને પણ રાણી સ્વર્ણમયીએ સારી મદદ આપી હતી. એને લીધેજ મહારાણી સ્વર્ણમયીની કીર્તિ ભારતની સીમા છોડીને યુરોપની સીમા સુધી પહોંચી હતી. અને તેથીજ ત્હેમના મૃત્યુ સમયે બંગાળ, બિહાર અને ઉડિસ્સાએ અપૂર્વ કલ્પાંત કર્યું હતું; સંયુક્ત પ્રાન્તો અને પંજાબે ઉચ્ચ સ્વરે રોદન કર્યું હતું, મુંબાઇ અને મદ્રાસે અસ્ખલિત અશ્રુધારા વહેવરાવી હતી, અને દૂરના યુરોપ દેશે સદ્‌ગુણાલંકૃત સાધ્વી સ્ત્રીના અભાવે શોકાવેશમાં મલિન વદન ધારણ કરીને દીર્ઘ નિઃશ્વાસ કહાડીને હૃદયની સહાનુભૂતિ પ્રકટ કરી હતી.

હમારા દેશની રાણીઓ અને ધનવતી સ્ત્રીઓ રાણી સ્વર્ણ-

મચીના ઉદાહરણથી પ્રોત્સાહિત થઇને સત્કર્મ અને પરોપકાર દ્વારા અક્ષય પુણ્ય પ્રાપ્ત કરો. એજ પ્રાર્થના સાથે આ લેખ સમાપ્ત કરીશું.

૧૭-જાડેચીજી શ્રીપ્રતાપબા.

એ કાઠિયાવાડમાં આવેલા જામનગર રાજ્યના આગલા જામ શ્રી રિડમલજીની રાજકુમારી અને જોધપુરના આગલા મહારાજા શ્રી તખ્તસિંહજીની રાણી થાય છે. એ ઘણાં પુણ્યાત્મા અને ધર્મપરાયણ સ્ત્રીરત્ન છે. ત્હેમનો જન્મ સંવત્ ૧૮૯૧ ના આસો વદી ૧૨ ને બુધવારે ઝાલારાણી સોનીબાના ગર્ભથી થયો હતો; અને લગ્ન સંવત્ ૧૯૦૮ ના વૈશાખ સુદી ૧૧ ને દિવસે મહારાજા શ્રી તખ્તસિંહજી સાથે થયું હતું. જોધપુરના મહારાજા પોતે પરણવા નહોતા ગયા પણ ખાંડુ મોકલ્યું હતું. ત્હેની સાથે જામશ્રી વિભાજીએ પ્રતાપબાનું લગ્ન કરી દીધું હતું. એ પાછું આવ્યું ત્યારે મહારાજા ત્હેના સત્કારાર્થે પાંચ ગાઉ સુધી લેવા આવ્યા હતા અને ગામ મોગડામાં પ્રતાપબા સાથે વિધિપૂર્વક લગ્ન કર્યું હતું. એ વિવાહમાં જામસાહેબે એટલું બધું ખર્ચ કર્યું હતું કે, જામનગરથી જોધપુર સુધી ચાંદીની નદી વહી હતી એવી લોકવાયકા છે.

સંવત્ ૧૯૧૦ ના પોષ સુદી ૧૨ ને દિને પ્રતાપબાને પેટે એકના એક કુંવર મહારાજ બહાદુરસિંહનો જન્મ થયો. એ વખતે પણ જોધપુર અને જામનગરમાં ઘણો મ્હોટો ઉત્સવ કરવામાં આવ્યો હતો.

મહારાજા શ્રી તખ્તસિંહજીને ઘણી રાણીઓ હતી, પણ સંવત્ ૧૯૨૫ ના દુકાળમાં રાણી પ્રતાપબાનું નામ ઘણું પ્રસિદ્ધિ પામ્યું, કારણ કે એ વખતે એમણે મારવાડની પ્રજાના રક્ષણ સારૂ ઉદાર દિલથી ઘણી મ્હોટી રકમ ખર્ચી હતી, ત્હેમની એ પ્રસંગની ઉદારતાનાં વખાણ ઘણા દેશી કવિઓએ કર્યાં છે એટલુંજ નહિ પણ અંગ્રેજ સરકારે પણ ઘણી પ્રશંસા કરી છે.

ઈ. સ. ૧૮૬૯ ના રાજપુતાના રિપોર્ટમાં મારવાડની દુકાળપીડિત પ્રજાની દુર્દશા બતાવીને લખ્યું છે કે, સૌથી વધારે ઉદારતા રાણી જાડેચીજીએ બતાવી છે. એ દરરોજ સાત મણ પાકું રાંધેલું ભોજન વ્હેંચતાં હતાં અને રાતની વખતે આબરૂદાર ઘરના જે માણસો શરમને લીધે માગવા ન આવી શકે ત્હેમને ઘેર પોટલીઓ ભરી ભરીને ધાન મોકલાવતાં હતાં.

પ્રતાપકુંવરીએ 'પદરત્નાવલી' નામના પોતાના ગ્રંથના અંતમાં લખ્યું છે કે, ઠેઠ વિલાયતથી ખરિતો આવ્યો હતો, જહેમાં લખ્યું હતું કે, જે સમયમાં માતા પોતાનાં સંતાનનું પાલન નહોતી કરી શકી તે સમયમાં આપે પ્રજાનું પાલન કર્યું છે તેથી સરકાર ઘણીજ પ્રસન્ન થઈ છે.

સંવત્ ૧૯૨૯ ના માઘ સુદી ૧૫ ને દિને મહારાજા શ્રી તખ્તસિંહના સ્વર્ગવાસથી પ્રતાપકુંવરને વૈધવ્ય પ્રાપ્ત થયું. એ શોકમય સમયમાં મહારાજા શ્રી બહાદુરસિંહજી એકલા

ત્હેમના જીવનના આધારરૂપ હતા, એ પણ અધિક મદ્યપાન કરવાથી સંવત્ ૧૯૩૬ ની પોષ સુદી ૯ ને દિને ગુજરી ગયા. હવે પ્રતાપબાએ ત્હેમના બાળક પુત્ર મહારાજ જીવનસિંહજીને પાળી પોષીને મ્હોટો કર્યો, એ પણ સંવત્ ૧૯૫૮ ની કાર્તિક સુદી ૯ ને દિને કાળના વિકરાળ મુખમાં ગ્રસિત થઈ ગયો. ત્યહાર પછી સંવત્ ૧૯૬૧ ના વૈશાખ સુદી ૪ ને દિને પ્રતાપકુંવરના વ્હાલા ભાઈ જામ વીભાજીનો સ્વર્ગવાસ થયો. એમ ઉપરાઉપરી અસહ્ય દારૂણ દુઃખો આવી પડયાથી મ્હોટા મ્હોટા વિદ્વાનોનાં ચિત્ત ચંચળ થઈ જાય છે અને નાસ્તિક લોકો તો ખુલ્લી રીતે સત્કર્મની નિંદા કરવા મંડી જાય છે. પણ જાડેચીજી પ્રતાપકુંવર અતિ આસ્તિક અને ધર્મજ્ઞ નારી છે. એમણે સુખ દુઃખને સમાન અને પારબ્ધાધીન ગણીને પોતાના પુણ્ય દાન અને ધર્મકાર્યમાં જરા પણ ન્યૂનતા ના આવવા દીધી. ત્હેમની ધાર્મિકવૃત્તિનો પરિચય ત્હેમણે બંધાવેલાં નીચેનાં સ્થાનોથી મળી શકે છે.

૧. આશાપુરી દેવીનું મંદિર, જે જાડેચા રાજપુતોની કુળદેવી છે.
૨. રામાહોલ્લા, રામસ્નેહી સાધુઓનું મ્હોટું ધર્મસ્થાન.
૩. દેરાવરજીના તળાવ ઉપર બાગ, ભવન અને કુવો.
૪. રામમહોલ્લામાં મીઠા પાણીનો કુવો.

એ ઉપરાંત ત્હેમણે લગભગ ૩૧ વાર જોધપુરમાં ગંજાવર બ્રહ્મભોજન કરાવ્યાં છે, એમાં એમને લાખો રૂપિયાનું ખર્ચ થયું છે.

પ્રતાપકુંવરબા ચતુર્ભુજ ભગવાનની પરમ ભક્ત છે, અને

એમનું પૂજન, સ્મરણ તથા ભજન તન, મન, ધનથી કરે છે. એ ભગવાનની સ્તુતિમાં કવિતા પણ રચે છે. એમાંની ઘણી કવિતાઓ 'પ્રતાપકુંવર પદરત્નાવલિ' નામના ગ્રન્થમાં છપાઈ છે. ત્હેમની ઇશ્વર ભક્તિની કવિતાના થોડાક નમૂનાઓ અત્ર આપીશું.

(રાગ ખમાચ)

વારી થારા મુખડારી શ્યામ સુજાન.
મંદમંદ મુખ હાસ્ય બિરાજે, કોટિક કામ લજાન
અનિયારી અંખિયાઁ રસભીની, બાંકી ભૌં હે કમાન
દાડિમ દશન અધર અરૂનારે, બચન સુધા સુખખાન
જામ સુતા પ્રભુસૌં કરજોરે, હો મેરે જીવન પ્રાન

લગન મ્હારી લાગી ચતુરભુજ નામ
શ્યામ સનેહી મ્હારો જીવન ચેહી, ઔરનસે કયા કામ
નૈન નિહારૂં પલ ન વિસારૂં, સુમરૂં નિશાદિન શ્યામ
હરિ સિમરનતે સબ દુઃખ જાવે, મન પાવે વિસરામ
તન મન ધન નોછાવર કીજે, કહત દુલારી જામ.

(જૈ જૈવંતી)

પ્રીતમ હમારો પ્યારો શ્યામ ગિરધારી હૈ.
મોહન અનાથ નાથ, સંતનકે ડોલે સાથ
વેદ ગુણગાવૈ ગાથ, ગોકુલ બિહારી હૈ
કમલ બિશાલ નૈન, નિપટ રસીલે વૈન
દીનનકો દાન દેત, ચાર ભુજા ધારીહૈ
કેશવ કૃપાનિધાન, વાહીસે હમારો ધ્યાન
તન મન વારૂં પ્રાણ, જીવન મુરારી હૈ

સુમરૂં મૈં સાંઝ ભોર, બાર બાર હાથ જોર
કહત પ્રતાપ કોર, જામકી દુલારી હૈ.

(જંગલો.)

સખીરી ચતુરભુજ શ્યામ સુંદરસે, મોરી લગન લગીરી
લાખ કહો અબ એક ન માનૂં, ઉનકી પ્રીત પગીરી
જા દિન દરશ ભયો તાદિન તેં, દુબિધાદૂર ભગીરી
જામસુતા કહે ઉર બિચ ઉનકી, ભગતી આન જગીરી.

૧૮–શરત્ સુંદરીદેવી.

બંગાળા પ્રાંતમાં આવેલા રાજશાહી તાલુકામાં પૂર્ણિયા ગામમાં શ્રીમાન્ રાજા યોગેન્દ્રનાથસેન નામના જમીનદાર રહેતા હતા. ત્હેમની રાણીનું નામ શરત્ સુંદરીદેવી હતું. એ ઘણી સુંદર, સદ્‌ગુણી અને પતિવ્રતા હતી. પરન્તુ દૈવેચ્છાથી પંદર વર્ષની અલ્પ વયમાંજ ત્હેને વૈધવ્ય પ્રાપ્ત થયું હતું. બાળ વિધવા શરત્ સુંદરીએ પતિનું સુખ જરા પણ જોયું નહોતું, છતાં પણ ઇશ્વરની ઇચ્છાને બળવતી ગણીને પોતાનું બાકીનું આયુષ્ય હરિભક્તિમાં ગાળવાનો ત્હેણે નિશ્ચય કર્યો. જમીનદારીના કામકાજનો વહિવટ કરવા સારૂ ત્હેણે એક પુત્રદત્તક લીધો અને ત્હેના હાથમાં બધો વહિવટ સોંપીને પોતે ઇશ્વરભક્તિમાં લીન થઇ. રંગીન અને સૌભાગ્યસૂચક વસ્ત્રાભૂષણો ત્હેણે ગરીબ બ્રાહ્મણોને દાન

કરી દીધાં અને પોતે સાદી સફેત ધોતી ધારણ કરવા લાગી. જે જગ્યાએ પહેલાં બબે મણના રૂનાં ગદેલાં બિછાવેલાં રહેતાં હતાં, ત્ય્હાં આગળ હવે તૃણશય્યા પાથરવામાં આવી. ટુંકામાં ખરી વિધવાને છાજે એવી રીતે ત્હેણે સાદાઈથી જીવન વ્યતીત કરવા માંડયું. પોતાની સર્વ પ્રકારની ભોગવાસનાઓનું દમન કરીને રાણી શરત્ સુંદરીએ ઇશ્વરની ભક્તિમાં મન પરોવ્યું.

રાણી શરત્ સુંદરીએ પોતાના મહેલમાં શ્રી ગોપાળજીની મૂર્તિ સ્થાપિત કરી અને આખો દહાડો એની સેવામાં તલ્લીન રહીને બ્રહ્મચર્ય પાલન કરવા લાગી. બે ઘડી રાત જતી ત્ય્હારે નિદ્રાનો ત્યાગ કરીને ઉઠતી, તથા સ્નાન કરીને શ્રી ગોપાળજી-નું વિધિ પ્રમાણે પૂજન કરતી, ત્હેમને સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરાવતી, સુગંધિત ચંદનનો લેપ કરતી, તથા મિષ્ટાન્નનો ભોગ ધરાવીને આરતી કરતી, શ્રી ગોપાળજીને સાત વર્ષના બાળક-સમાન ગણીને ત્હેમની સેવા કરતી અને માતા જેવી રીતે વા રંવાર બાળકના મ્હોં સ્હામું જોયા કરે છે તેવી રીતે શરત્ સુંદરી વારે ઘડીએ ઠાકોરજીનાં દર્શન કર્યા કરતી, અને ગોપાળજીને ધરાવેલા પ્રસાદમાંથી થોડુંક ભોજન ખાઇને સાધારણ સ્થિતિ-ના મનુષ્યની પેઠે જીવન વ્યતીત કરતી. દેહને બહુ લાડ લ-ડાવવાથી તથા એશઆરામમાં જીંદગી ગાળવાથી મનુષ્યનું ચિત્ત સ્થિર નથી રહેતું અને ત્હેનું ધ્યાન વિષય વાસનાઓ તરફ દોડે છે, તેથી દેવી શરત્ સુંદરી પોતાના મનને વશ રાખવા સારૂ હમેશાં યોગીની માફક સાદાઇથી રહેતી હતી, ત્હેનો સ્વભાવ પહેલાં ઘણો ક્રૂર હતો અને રમતગમત જોવાનો તથા ગાયન સાંભળવાનો ઘણોજ શોખ હતો, પરંતુ વૈધવ્યનું

દુઃખ માથે આવી પડચા પછી ત્હેમણે પોતાના સ્વભાવને બદલી નાંખ્યો તથા એ બધા નિંદનીય શોખ એકદમ છોડી દઇને મનને ભગવદ્ભક્તિ અને કથાશ્રવણમાં પરોવી દીધું. હવે એ જેટલાં કામ કરતી તેટલાં બધાં ગોપાળજીને નિમિત્તેજ કરતી હતી.

પરંતુ એ સદાચારી રાણીના નસિબમાં સુખ લખ્યુંજ નહોતું. દૈવકોપથી ત્હેનો દત્તક પુત્ર પણ મરણ પામ્યો. આથી એના ચિત્તને ઘણો મ્હોટો ઘા લાગ્યો પણ જ્ઞાનવડે દુઃખનું શમન કર્યું. આટલા દિવસ સુધી ત્હેણે રાજકાર્ય ઉપર જરા પણ ધ્યાન આપ્યું નહોતું. પરન્તુ પુત્રના અકસ્માત્ મૃત્યુથી એ બોજો પણ ત્હેને માથે આવી પડયો. રાણીને પહેલાં લખવા વાંચવાનો તથા હિસાબ ગણવાનો બિલકુલ અભ્યાસ નહોતો, પણ હવે એ બધું જાણવાની જરૂર પડી. એક પંડિતા સ્ત્રી પાસે ત્હેણે શિક્ષણ લેવાનું શરૂ કર્યું, અને જમીનદારીના કામકાજ ઉપર દેખરેખ રાખવાનો આરંભ કર્યો. શ્રી ગોપાળજીની સેવા શુશ્રૂષા તથા પાઠ અને જપ વગેરે કર્યા પછી રાજ્યનું કામ સંભાળતી અને ઘણી ઉત્તમ રીતે વહિવટ કરતી. ધર્મના કાર્યો ઉપર એને પૂરી રૂચિ હતી. કેટલીએ જગ્યાએ રાણીએ ધર્મશાળાઓ, કુવાઓ, તળાવો તથા દેવમંદિરો બંધાવ્યાં છે, અને ત્હેના ખર્ચને માટે વર્ષાસન બાંધી આપ્યાં છે.

રાજકીય કામોને અંગે ત્હેને પુરૂષોની સાથે બોલવું પડયું હતું, પરન્તુ એવે વખતે એક જુના વૃદ્ધ અમલદારને પોતાની પાસે રાખતી હતી અને ત્હેની મારફત બધું કામ કરતી હતી. ત્હેના સુપ્રબંધ અને પ્રજાહિતનાં કામોથી પ્રસન્ન થઈને સરકારે ત્હેમને “ મહારાણી ”ની સન્માનિત ઉપાધી અર્પણ કરી.

પ્રોફેસર વર્ડસ્વર્થ સમાન વિદ્વાને પણ મહારાણીનાં ઘણાં વખાણ કર્યાં છે. એ દિવસથી પરોપકારનાં કાર્યો તરફ એનો ઉત્સાહ ઘણો વધી ગયો, અને સત્કાર્યોદ્વારા સારો યશ પ્રાપ્ત કર્યો.

વૃદ્ધાવસ્થામાં રાણી શરત્ સુંદરીએ તીર્થયાત્રા કરવાનો વિચાર કર્યો. પોતાના રાજ્યનું કામ એક વિશ્વાસપાત્ર અમલદારને સોંપીને તીર્થયાત્રાનો આરંભ કર્યો. કાશી, પ્રયાગ, મથુરા, વૃન્દાવન, પુષ્કર, કુરૂક્ષેત્ર, બદ્રીનારાયણ, દ્વારિકા, જગન્નાથ, રામેશ્વર આદિ તીર્થોની યાત્રા કરીને ત્હેણે પોતાના જીવનને સફળ કર્યું. ત્યહાર પછી સ્વદેશહિત અને પરોપકારનાં અનેક કાર્યો કરીને મહારાણી શરત્ સુંદરીદેવીએ પ્રાણત્યાગ કર્યો. ત્હેના મૃત્યુના સમાચાર સાંભળીને પ્રજાને ઘણો ખેદ થયો. સૌભાગ્યાવસ્થામાં પતિપરાયણ તથા વૈધવ્યાવસ્થામાં ઇશ્વરભક્તિ પરાયણ રહીને ત્હેણે 'સતી' તરિકે ખ્યાતિ મેળવી. ત્હેની ધર્મનિષ્ઠા, સદાચાર અને સુસ્વભાવની પ્રશંસા વિદ્વાનોએ મુક્તકંઠે કરી છે.

૧૯—વાઘેલી શ્રી રણછોડકુંવરીજી.

આ સન્નારી રીવાં રાજ્યના મહારાજા શ્રી વિશ્વનાથસિંહજીના ભાઇ બલભદ્રસિંહજીની પુત્રી અને જોધપુરના મહારાજા શ્રી તખ્તસિંહજીની રાણી છે. ત્હેમનું લગ્ન બલભદ્રસિંહના મરણ પછી સંવત ૧૯૨૧ માં થયું હતું. એ ઘણી ભગવદ્ભક્ત છે. પોતાના પિતાના

ત્હાંની રાધાવલ્લભજીની મૂર્તિ, જ્હેને તેઓ લડાઇમાં પોતાની સાથે લઈ જતા હતા, તે રીવાંથી સાથે લેતી આવી હતી અને ત્હેને માટે જોધપુરમાં એક મ્હોટું શિખરબંધ મંદિર બંધાવ્યું છે. ધર્મના કામોમાં એમની ઘણી શ્રદ્ધા છે. દરવરસે રીવાં તથા જોધપુર રાજ્યથી ત્હેમને જે ખર્ચ મળે છે ત્હેનો ઉપયોગ એ દાન પુણ્ય અને બીજાં સત્કાર્યોમાં કરી નાંખે છે. ત્હેમનું ચિત્ત સદા ઇશ્વરભક્તિમાંજ લીન રહે છે, અને ભક્તિના આવેશમાં કવિતાદ્વારા ભગવાનના ગુણાનુવાદ ગાય છે. ત્હેમની ભક્તિરસમયી કવિતાનો એકાદ નમૂનો નીચે આપીએ છીએ.

કવિત્ત.

આભા તો નિર્મળ હોય સૂરજ કિરણ ઉગેતેં,
ચિત્ત તો પ્રસન્ન હોય ગોવિંદ ગુણ ગાએસે;
પીતર તો ઉજ્વલ હોય રેતાકે માંજેસે,
હ્રદયમેં જોતિ હોય ગુરૂ જ્ઞાન પાએસે.
ભજનમેં બિછેપ હોય દુનિયાકી સંગતિસે,
આનંદ અપાર હોય ગોવિંદકે ધ્યાએસે;
મનકો જગાવો અરૂ ગોવિંદકે શરન આઓ,
તિરનેકે ઉપાય ગોવિંદ મન ભાએસે. ૧
ગોવિંદકે પાસ આઓ, મન ન વિચાર લાઓ,
ભો ભોકે પાપ જાય દરશન કે પાએસે;
હિરદેમેં ધ્યાન લાઓ શ્રવણુકો અમી પાઓ,
મનકે ત્રિતાપ જાય ગોવિંદ ગુન ગાએસે.
ગુરૂકો રાખ ભાવ ગોવિંદસે હંસિહસાવ,

દિલમેં પ્રેમ બઢે ગોવિંદ છબ છાએસે;
ચરનમેં શીસ નાઓ ભક્તિકી રાહ પાઓ,
કલિ મેં પાર હોય ગોવિંદ નામ પાએસે.

૨૦—વાઘેલી વિષ્ણુપ્રસાદ કુંવરજી.

એ રીવાં રાજ્યના મહારાણા શ્રી રઘુરાજસિંહજીની પુત્રી અને જોધપુર રાજ્યના મહારાજા શ્રી જશવંતસિંહજીના ન્હાના ભાઈ મહારાજ શ્રી કિશોરસિંહજીની રાણી થાય છે. ત્હેમનો વિવાહ સંવત્ ૧૯૬૧ માં થયો હતો. એ પણ ઘણી ભગવદ્ભક્ત છે. શ્રી કૃષ્ણચંદ્ર આનંદકંદને દીનાનાથ કહીને રામાનુજસંપ્રદાયની રીત પ્રમાણે પૂજે છે અને પોતાના હસ્તાક્ષર પણ દીનાનાથના નામથીજ કરે છે. એમણે જોધપુરમાં દીનાનાથનું સંગીન શિખરબંધ મંદિર બંધાવ્યું છે. ત્હેની પ્રતિષ્ઠા સંવત્ ૧૯૪૭ ના વૈશાખ સુદી ૧૨ ને દિને થઇ હતી.

એમણે ‘અવધ વિલાસ’ અને ‘કૃષ્ણવિલાસ’ નામના બે ગ્રંથો રચ્યા છે. એમની કવિતા ઘણી રસીલી અને ભગવદ્ભક્તિના રંગથી રંગાયલી હોય છે. કાનપુર રસિક કવિ સભાની સમસ્યાઓના ઉત્તરમાં એમના કવિત્ત પ્રાયઃ છપાયા કરે છે.

૨૧—માતાજી તપસ્વિની.

ભારતવર્ષના સાધુઓને સુધારવાના સવાલ તરફ આજ-કાલ અનેક દેશ હિતૈષી જનોનું ધ્યાન ખેંચાયું છે. સંયુક્ત પ્રાન્તના લાલા બૈજનાથ તથા ડેરા ઇસમાયલખાનના ઉત્સાહી યુવક મીસ્તર જહલારામે ત્હેમને ઉચ્ચ શિક્ષણ આપવાના સંબંધમાં એક વખત ભારે ચર્ચા ચલાવી હતી. હરેક આદમી કબુલ કરશે કે ભારતવર્ષમાં સાધુઓની સંખ્યા એટલી બધી વિશાળ છે કે જો તેઓ સારી રીતે કેળવાઇ ઉચ્ચ સંસ્કારવાળા થાય અને પોતાનો ધર્મ યથાર્થ સહમજીને પરોપકાર કરવાનું કાર્ય કરે તો ભારતવર્ષની ઉન્નતિનો માર્ગ ઘણોજ સુલભ થઇ શકે. પરન્તુ ત્હેમનો મ્હોટો ભાગ કેવી દુર્દશામાં છે? કેવા અધમ આચારોમાં તેઓ પોતાનો જીવનકાળ વ્યતીત કરે છે તે કોઇથી અજાણ્યું નથી. આવા સંયોગોમાં એ વર્ગની એક વ્યક્તિ સારા જનહિતનાં કાર્યોમાં પોતાનું જીવન વ્યતીત કરે, તો તે નિઃસંદેહ પ્રશંસાને પાત્રજ છે. અને તેમાંએ એ વ્યક્તિ જો અબળા જાતિની હોય, તો પછી આપણું ત્હેને માટેનું માન સહસ્રગણું થયા વગર રહેતું નથી. આજ હમે હમારી વાચક ભગિનિયો સન્મુખ એક એવી પરોપકારી સાધ્વી સ્ત્રીનું ટુંકું વૃત્તાંત મુકવા માગીએ છીએ કે જ્હેણે આર્ય મહિલાઓને કેળવણીના સુમાર્ગમાં લઇ જવાને કેટલાંક વર્ષો સુધી ભગીરથ પ્રયત્ન કર્યો હતો. આ સ્ત્રી

બંગાળામાં "માતાજી તપસ્વિની" ના નામથી ઓળખાતાં હતાં. આપણા દેશમાં સંસારત્યાગી મનુષ્યોમાં સાધારણ રીતે પોતાના પૂર્વાશ્રમની અવસ્થા પ્રગટ નહિ કરવાનો રિવાજ છે. તે મુજબ માતાજી તપસ્વિની પણ પોતાનું પૂર્વ ચરિત સ્પષ્ટ રીતે કોઇને કહેતાં નહોતાં; એટલે ત્હેમનું વિસ્તૃત જીવન વૃત્તાંત લખવું દુઃસાધ્ય છે. ત્હેમના ભક્તજન આગળ વાર્તાલાપમાં અથવા ઉપદેશના પ્રસંગોમાં અનાયાસે જે વાત નીકળી ગઈ હતી તેજ ઉપરથી વાંચકોને ત્હેમનો યત્કિંચિત પરિચય આપવામાં આવે છે.

માતાજીનો જન્મ ઇ. સ. ૧૮૩૧ માં મ્હૈસુર શહેરમાં થયો હતો. ત્હેમના પિતા, પંડિત અલવત્તમ શ્રી નિવાસચર, મ્હૈસુરના એ વખતના રાજા શ્રીમાન્ મહારાજા કૃષ્ણરાજ વડયારની રાજસભામાં અગ્રગણ્ય સંસ્કૃત વિદ્વાન્ હતા.

એ સારા કવિ અને દર્શનશાસ્ત્રી હતા. શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત મતના એ અનુયાયી હતા. સંસ્કૃત ભાષામાં ત્હેમણે 'ઉષાપરિણય' નામનું એક સારૂં નાટક લખ્યું છે.

માતાજી તપસ્વિનીનું બાલ્યાવસ્થાનું નામ અનંતમા હતું. શૈશવાવસ્થામાંથીજ સંસારત્યાગ કરીને સાધુ બનવા તરફ એ બાલિકાનું વલણ વિશેષ હતું. સાધુઓની એ રાતદિવસ પ્રશંસા કર્યા કરતી, અને એમ કહેવાય છે કે, એકાદ વખત તેણે સાધ્વી થવાની ઇચ્છા પણ પિતાને દર્શાવી હતી. વિદ્વાન્ પિતાએ પુત્રીને સંસ્કૃત સાહિત્યનું ઉંચા પ્રકારનું શિક્ષણ આપવા માંડયું. કેટલાએક વર્ષો સૂધી પરિશ્રમપૂર્વક સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કર્યાથી બાલિકા એ વિષયમાં પારંગત થઈ ગઇ.

ત્હેના પિતા પાસે વિદ્યાભ્યાસ કરવા સારૂ દરરોજ અનેક વિદ્યાર્થિઓ આવતા. બાલિકા અનંતમા (માતાજી તપસ્વિનીનું બાલ્યાવસ્થાનું નામ) પિતાના ચરણ આગળ બેસી રહેતી, અને ત્હેમનો અમૂલ્ય ઉપદેશ તથા વિવિધ વિષયો સંબંધીનું શિક્ષણ સાંભળીને પોતાના જ્ઞાનભંડારમાં ઉમેરો કર્યે જતી. સંગીતનું શિક્ષણ પદ્ધતિસર ત્હેમને મળ્યું નહોતું. તોપણ ત્હેનો સ્વર સુમધુર હતો. આ સ્વર પાછલી અવસ્થામાં પણ ત્હેમને ઘણો ઉપયોગી થઇ પડયો હતો. ત્હેમના કંઠમાંથી નીકળતું સંગીત શ્રવણ કરીને શ્રોતાઓ મુગ્ધ થઇ જતા અને ત્હેમનો આત્મા સંસારની ક્ષણિક માયાઓની જાળમાંથી મુક્ત થઇને એટલો વખત તો ઉચ્ચતર પ્રદેશમાં વિચરવા લાગતો.

અનંતમાનું લગ્ન પંડિત અનંત કૃષ્ણમાચર નામના એક વિદ્વાન્ સાથે થયું. એ યુવક પરમપૂજ્ય શ્રી નિવાસ દેશીકેન્દ્ર પરકલી સ્વામીનો પીતરાઇ ભાઇ થતો હતો. એ પતિથી અનંતમાને યથા સમયે બે પુત્રરત્ન પ્રાપ્ત થયાં. નરસિંહ રાઘવાચાર્ય અને ગોપાલાચાર્ય. એ બાળકો ઘણી ન્હાની વયના હતા તે સમયે અનંતમાના પ્રિય પતિનું મૃત્યુ થયું. વિદ્વાન્ અને પ્રેમી પતિના અકાળ મૃત્યુથી અનંતમાને કેટલો ઉંડો ઘા લાગ્યો હશે એ વાચક બ્હેનો સ્હેલાઇથી સ્હમજી શકશે. પરન્તુ પોતાના બાળક પુત્રોની ખાતર એ વિધવાએ બધું દુઃખ ધૈર્યપૂર્વક સહન કર્યું.

જ્ય્હારે એ ત્હેના બે પુત્રો માતા વગર એકલા રહેવા જેટલી પુખ્ત ઉમરના થયા ત્ય્હારે ત્હેમણે ત્હેમને કૈલાસવાસી સ્વામી દેશીકેન્દ્રને સોંપી દીધા, અને પોતે દક્ષિણભારતમાં

વિવિધ તીર્થોની યાત્રા કરવા ગયાં. એક તીર્થક્ષેત્રમાં કેટલાક વૈરાગીઓ સાથે ત્હેમનો પરિચય થયો અને ત્હેમની સાથે એ ઉત્તર હિંદુસ્તાનનાં તીર્થોની યાત્રા કરવા સારૂ નીકળ્યાં ત્હેમની સાથે સાધ્વીના વેશમાં ત્હેમણે મથુરા, કાશી, પ્રયાગ આદિ તીર્થોની યાત્રા કરી. થોડા દિવસ ત્હેમણે નૈમિષારણ્યમાં પણ વાસ કર્યો. ઇ. સ. ૧૮૫૭ માં સિપાઇઓના બળવા વખતે માતાજી નૈમિષારણ્યમાં વાસ કરતાં હતાં. તે વખતમાં ઉત્તર હિન્દુસ્તાનના અનેક મ્હોટા મ્હોટા અંગ્રેજ અમલદારો માતાજીના સંસર્ગમાં આવ્યા હતા, અને તેઓ ત્હેમની અપૂર્વ પ્રતિભા અને શક્તિ જોઇને વિસ્મય પામ્યા હતા, તેઓ આખી જીંદગી સૂધી માતાજીનું ઘણું સન્માન કરતા, અને ત્હેમની સ્ત્રીઓ પણ માતાજીનાં દર્શન કરવા ઘણી વખત જતી.

નૈમિષારણ્યમાં થઇને ગંગાસ્નાન કરીને માતાજી બંગાળામાં પધાર્યાં; પરલોકવાસી મહારાણી સ્વર્ણમયીના સ્વામી જે સમયે કાસિમબાઝારની જમીનદારીના ઉત્તરાધિકારી થયા તે વખતે માતાજી ત્હેમનાં આમંત્રણથી ત્યહાં ગયાં હતાં. વર્ધમાનનાં રાણી વસન્તકુમારી સાથે રાજા દક્ષિણારંજનનો વિવાહ થયો તે વખતે પણ તેઓ હાજર હતાં. આ ઉપરથી ત્હેમની પ્રતિષ્ઠાનો કાંઇક ખ્યાલ આવી શકે છે. વળી હાઇકોર્ટના બંગાળી જજ સ્વર્ગસ્થ શંભુનાથ પંડિત અને સ્વર્ગસ્થ દ્વારકાનાથ મિત્ર એ બન્ને વિદ્વાનો માતાજીની અત્યંત ભક્તિ કરતા હતા.

બંગાળામાં થઇને માતાજી પશુપતિનાથનાં દર્શન કરવા સારૂ નેપાળ ગયાં. ત્યહાં ત્હેમણે ઘણા વર્ષો સૂધી વાસ કર્યો.

નેપાલના રાજા અને મુખ્ય અધિકારીઓ માતાજી ઉપર ઊંડી શ્રદ્ધા રાખતા હતા. નેપાલમાં ત્હેમણે ગંગાદેવીનું એક મંદિર સ્થાપન કર્યું છે; જે આજે વધીને નેપાલનું એક વિખ્યાત દેવમંદિર બની ગયું છે. નેપાલમાં હજારો રૂપિયા ખર્ચીને ત્હેમણે ચારે વેદને સુવર્ણાક્ષરે લખાવી રાખ્યા હતા.

લગભગ ૨૨ વર્ષ ઉપર માતાજી તપસ્વિની બંગદેશમાં બીજી વાર પધાર્યાં હતાં. હિન્દુધર્મ ઉપર ત્હેમની ઘણીજ નિષ્ઠા હતી, પણ બંગદેશમાં પ્રચલિત હિન્દુ ધર્મ ઉપર ત્હેમને અશ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી. આ દેશમાં ધર્મબંધન શિથિલ પડતાં જોઇને તેઓ ઘણો શોક પ્રકટ કરતાં હતાં. આ દેશની સ્ત્રીજાતિની શોચનીય અવસ્થા જોઇને તો ખરેખર ત્હેમનું કોમળ હૃદય ભેદાઇ જતું હતું; અને તેથી કરીને ત્હેમની સ્થિતિ સુધારવાને માટે ત્હેમણે વ્યાવહારિક ઉપાયો યોજ્યા હતા. સ્ત્રીજાતિની અવસ્થા ઉન્નત કરવા સારૂ ત્હેમણે આશરે ૧૮ વર્ષ થયાં 'મહાકાલી પાઠશાળા' ની સ્થાપના કરી હતી. આજકાલ એ 'મહાકાલી પાઠશાળા' વિરાટ સંસ્થા થઇ પડી છે. કલકત્તા, હાઉરા, બહરામપુર, કાશી, રાવલપીંડી વગેરે દસબાર સ્થાનમાં આ પાઠશાળાની શાખાઓ સ્થાપન કરવામાં આવી છે. હજારો બાલિકાઓ આ પાઠશાળામાં શિક્ષણ લઇને પોતાના ભાવી જીવનને ઉન્નત બનાવે છે. કેવું પુણ્યનું કામ !! એક અબળાની આવી કાર્ય ચલાવવાની શક્તિ જોઇને કોણ વિસ્મય નહિ પામે ! સાધારણ જનસમાજની સહાયતાથીજ આ બધી પાઠશાળાઓનો વહિવટ ચાલે છે, પરંતુ આવક ખર્ચનાં સરવૈયાં જોતાં માલૂમ પડે છે કે સ્વયં માતા-

જીએ પણ આ વિદ્યાલયને માટે પોતાની ગાંઠેથી હજારો રૂપિયા આપ્યા છે. એક સન્યાસિની આટલું બધું ધન ક્યહાંથી લાવે છે એ ઘણાકના સ્હમજવામાં આવતું નહિ. ત્હેમનું કહેવું હતું કે, તપસ્વિનીઓને સત્કાર્ય માટે નાણાંનો અભાવ રહેતો નથી. વિચાર કરવાથી ત્હેમના એ કથનમાં કાંઇક સત્ય સમાયલું જણાશે. આપણા ભારતવાસી બંધુઓમાં દાનશીલતાનો ગુણ અદ્યાપિ પર્યન્ત મૌજુદ છે, અને જો તે દાનનો સત્કાર્યોમાં ઉપયોગ કરવાને માટે આપણા સાધુજનો પરિશ્રમ કરે તો સાંસારિક ગૃહસ્થો કરતાં તેઓ વધારે સફળતા પ્રાપ્ત કરી શકે, એ સંભવિત છે. આવી રીતની પાઠશાળાઓ સ્થાપીને સ્ત્રી-કેળવણીનો પ્રચાર કરવા માટે બંગાલીઓ માતાજીના ચિરકાળ સુધી ઋણી રહેશે.

માતાજીએ પતિના મૃત્યુ પછી કઠોર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર્યું હતું. એકવાર ત્હેમણે આખા ભારતવર્ષની પ્રદક્ષિણા કરી હતી. સાહસ, કર્મોત્સાહ, પરિશ્રમ, ચિંતાશીલતા અને તપશ્ચર્યા એ બધા ગુણો ધરાવે એવા, આ મનસ્વી તપસ્વિનીની બરોબરી કરી શકે એવા પુરૂષો પણ વિરલજ હશે. આદમીઓના મ્હોટા કોલાહલવાળા મેળાઓમાં, તેમજ વિન્ધ્ય, હિમાલય આદિ નિર્જન કન્દરોમાં એ એકલાંજ ભ્રમણ કરતાં હતાં. હમારી આજકાલની નાજુકતામાં મ્હોટાઇ સ્હમજનારી સુકુમાર બ્હેનો વાંચીને વિસ્મય પામશે કે આ સન્યાસિની ઘોડેસ્વાર થવામાં પણ ઘણાં કુશળ હતાં. ઇત્કૃષ્ટ અંગ્રેજ ઘોડેસ્વારોની સાથે ઘોડો દોડાવવાની સરતોમાં ત્હેમણે જીત મેળવી હતી. એક તરફ આ બધા પુરૂષો ચિતગુણ હોવા છતાં, બીજી તરફ

રમણીઓને છાજતી લલિત કળાઓમાં પણ તેઓ વિશેષ પારદર્શી હતાં. વેદવેદાન્ત અને વ્યાકરણાદિ શાસ્ત્રોમાં ત્હેમનું પાંડિત્ય અગાધ કહેવાતું હતું. ચિત્રકળામાં ત્હેમની ઘણી નિપુણતા હતી. ત્હેમના પોતાના હાથની આળેખેલી ચિત્રાવલી, અને ત્હેમાંએ ખાસ કરીને પર્વતનાં દૃશ્યનાં ચિત્રો જોનારને મુગ્ધ કરી નાંખે છે.

માતાજી તપસ્વિનીની જીવનલીલા તા. ૨૦ મી એપ્રિલ ૧૯૦૭ ને દિને કાશીધામમાં સમાપ્ત થઇ ગઈ. ત્હેમના મૃત્યુની નોંધ લેતાં કલકત્તાના પ્રસિદ્ધ એંગ્લો–ઇંડિયન દૈનિક પત્રે નીચેના ઉદ્‌ગાર કહાડયા હતાઃ—

Such a life as that of Her Holiness Mataji Tapaswine would be impossible in any country other than India. Those who had no personal knowledge of her personality and work, would find it difficult to realise the nature and extent of her influence. Her house was a place of pilgrimage and pious visitors from every part of India came to do her homage. Her power over the orthodox Hindu community was unrivalled, and it would be true to say that she wielded it with a single purpose to further the cause of what she conceived to be national righteousness."

સારાંશ કે પરમપૂજ્ય શ્રીમતી માતાજી તપસ્વિની જેવી જીંદગી ગાળતાં હતાં તેવી જીંદગી ગાળવી ભારતવર્ષ સિવાયના બીજા કોઇ દેશમાં અસંભવિત થઇ પડે. જે લોકો માતાજીના

અંગત સમાગમમાં આવ્યા નથી, અથવા જેઓ ત્હેમનાં સુકૃત્યોથી પરિચિત થયા નથી, તેઓને માટે, માતાજીની અસરનું ક્ષેત્ર કેટલું વિશાળ હતું, ત્હેની કલ્પના કરવી કઠિન થઈ પડશે. ત્હેમનું ઘર હિન્દુસ્થાનના પ્રત્યેક ભાગમાંથી ત્હેમના દર્શનાર્થે આવનારા ભાવિક સજ્જનોનું તીર્થસ્થાન હતું. જુના વિચારના હિન્દુઓ ઉપર તેમની સત્તા અસાધારણ હતી, અને સત્યની ખાતર કહેવું પડશે કે, એ સત્તાનો ઉપયોગ ત્હેમણે પોતે જ્હેમાં પ્રજાનું કલ્યાણ સ્હમજતાં હતાં, તેવાં કાર્યો કરવામાં કર્યો છે.

માતાજી જેવી સન્નારીઓ દેશમાં ઘણી જન્મો !

૨૨—વીરાંગના રૂપકુમારી.

પ્રિય પાઠકો ! ભારતવર્ષની ક્ષત્રિય જાતિની મહિલાઓએ મુસલમાનોના રાજ્યકાળમાં કર્તવ્યપાલન અને શિયળના રક્ષણમાં પોતાની અસામાન્ય તેજસ્વિતા અને વીરતાનો પરિચય આપ્યો છે. સદ્‌ભાગ્યે હજુ પણ ભારતવર્ષ એવી વનિતાઓથી શૂન્ય નથી. પ્રસંગોપાત હજુ પણ ભારતીય સન્નારીઓ પોતાના નૈસર્ગિક ગુણરત્નોનો પ્રકાશ વિજળીના ચમકારાની પેઠે જગત્‌ને દેખાડી જાય છે. આજ હમારા દેશની કુલ-વધુઓના ઉપદેશ સારૂ હમે એક એવીજ રમણીનું ખરૂં બનેલું વૃત્તાંત લખીએ છીએ.

સંયુક્ત પ્રાંતની આગ્રા કમિશ્નરીમાં એક ગામડામાં ધર્મ-

સિંહ નામનો એક ધર્મશીલ ક્ષત્રિય રહેતો હતો. ત્હેની પાસે સારી જમીનદારી હતી, સદ્‌ભાગ્યે ત્હેને સ્ત્રી પણ ઘણી રૂપવતી અને સુશીલ મળી હતી. તથા એક પુત્રરત્ને પણ ત્હેના ઘરને વિભૂષિત કર્યું હતું. ધર્મસિંહ પોતાનું જીવન ઘણા આનંદમાં ગાળતો હતો. એ સચ્ચરિત્ર અને વિવેકી પુરૂષ હતો. બેએક વિદ્વાન મહાત્મા ત્હેના ઘર આગળ હમેશાં બેઠેલા દીઠામાં આવતા. ત્હેની સ્ત્રીનું નામ રૂપકુમારી હતું. રૂપકુમારી જેવી રૂપાળી હતી તેવીજ ગુણવતી પણ હતી, ત્હેના રૂપ, લાવણ્ય અને ગુણોની પ્રશંસા સ્ત્રીઓમાં ઘણી થતી હતી. ધર્મસિંહનો સંસાર ઘણો પવિત્ર અને આનંદમય હતો.

ધર્મસિંહ સહૃદય અને શાંતિશીલ પુરૂષ હતો. એ પોતાની જમીનદારીમાં કોઇ પણ જાતનો ટંટો ફિસાદ થવા દેતો નહિ. પોતાના ખેડુતોની સાથે ત્હેની વર્તણુક ઘણી ન્યાયપૂર્ણ હતી, એથી કરીને આખા ગામમાં તથા આસપાસ ધર્મસિંહનું કોઇ શત્રુ નહોતું. ધર્મસિંહ બધાની સાથે સ્નેહભાવ રાખતો હતો અને કોઈપણ માણુસ એની પાસે કોઇ પ્રકારની મદદ માંગતો તો એ તુર્તજ ત્હેને યથાશક્તિ સહાયતા કરતો હતો. ત્હેના ગામમાં એક ભગવતદાસ નામનો પુરૂષ હતો. એ ઘણો ચાલાક અને સ્વાર્થી હતો. ત્હેણે ધર્મસિંહની સૌજન્યશીલતા અને ઉદારતાનો ફાયદો ઉઠાવવા ખાતરજ ત્હેની સાથે દોસ્તી બાંધી, તથા ત્હેની પરોપકાર વૃત્તિથી અનેક પ્રકારનો લાભ ઉઠાવ્યો; પરન્તુ એમ છતાં પણ એ દુષ્ટે આખરે ત્હેની સાથે મ્હોટો વિશ્વાસઘાત કર્યો. એક દિવસ કોઇ પ્રકારે ધર્મસિંહની પરમ રૂપવતી અને પતિવ્રતા ભાર્યા રૂપવતી ઉપર ત્હેની દૃષ્ટિ પડી. બસ એજ

સમયથી એ કામાન્ધ થઇ ગયો અને ત્હેની સાથે અનુચિત પ્રેમ કરવાનો યત્ન કરવા લાગ્યો. પરન્તુ પ્રત્યક્ષમાં તો એ પોતે ઘણો સદાચારી અને ધર્માત્મા હોય એવો ડોળ ઘાલતો રહ્યો. ધર્મસિંહને ત્હાં શાસ્ત્રોક્ત વાર્તાલાપ થતો હતો તે વખતે એ બગલાભક્ત સાંસારિક વિષયો ઉપર વિરક્તિ પ્રકટ કરતો હતો. ધીમે ધીમે એ દુષ્ટરાજે પોતાને માટે ધર્મસિંહના હૃદયમાં ઘણો વિશ્વાસ ઉત્પન્ન કરી દીધો.

દુષ્ટાત્માઓ પોતાના પાપી હૃદયોમાં કેવી કેવી વાતો ગુપ્ત રાખી શકે છે, અને ખરાબ સંકલ્પોને પૂર્ણ કરવા માટે કેવી કેવી કુચેષ્ટાઓ કરી શકે છે, એ વાત ભગવન્તદાસના આચાર-વિચાર ઉપરથી જણાઇ આવે છે. ભગવતદાસ રાતદિવસ એવો યત્ન કરતો રહ્યો કે કોઇ પણ કાર્ય નિમિત્તે ધર્મસિંહને થોડા દિવસ બહારગામ જવું પડે. એવું થાય તો પોતાની આન્તરિક અભિલાષા પૂર્ણ થશે એવી એને આશા હતી. ત્હેણે ધર્મસિંહના ગામના એક ભાગીદાર સાથે ગુપ્ત રીતે મળી જઇને ધર્મસિંહ ઉપર મુકદ્દમો મંડાવ્યો. વધતે વધતે એ મુકદ્દમો હાઇકોર્ટ સુધી પહોંચ્યો. અને ધર્મસિંહને એ નિમિત્તે પ્રયાગ જવું પડ્યું. દુષ્ટ ભગવતદાસે કહ્યું કે, હું પણ ત્હમારી સાથે પ્રયાગ આવીશ. પરન્તુ એ બધી એની મિથ્યા વાગ્જાળ હતી. પ્રયાગ જવાને દહાડે જુઠું બ્હાનું કહાડીને એ માંદો પડી ગયો અને ધર્મસિંહને મુકદ્દમાને લગતી કેટલીક સૂચનાઓ આપીને પ્રયાગ વિદાય કર્યો. ચાલતી વખતે ધર્મસિંહે ભગવતદાસને કહ્યું 'ત્હમારે ભરોંસે ઘર છે. ત્હમે અહીં છો એટલે મ્હને કોઈ વાતની ચિંતા નથી. ત્હમે ઘરની ચોકસી રાખજો.' ભગવતદાસે બધી રીતે સંતોષ-કારક ઉત્તર આપીને ધર્મસિંહને વિદાય કર્યો.

જે અવસરને માટે ભગવતદાસે આ બધો પ્રપંચ રચ્યો હતો તે સમય આવી પહોંચ્યો. એ દુષ્ટ સંધ્યાકાળથીજ ધર્મસિંહના ઘર ઉપર જઇ પહોંચ્યો. ધર્મસિંહની પાસે બે વિશ્વાસપાત્ર નોકરો હતા. એમાંના એકને તો એ સાથે લઇ ગયો હતો અને બીજો ઘેર હતો. ભગવતદાસે પોતાના આવ્યાની ખબર રૂપકુમારીને પહોંચડાવી. પોતાના પતિના પ્રિય મિત્રના આવ્યાના સમાચાર સાંભળીને એ પ્રસન્ન થઈ અને પોતાના મનમાં ઈશ્વરને ધન્યવાદ આપવા લાગી કે ત્હેં કેવા સજ્જન પુરૂષ પેદા કર્યા છે. પરન્તુ રૂપકુમારીનો વિચાર બિલકુલ ભ્રમભરેલો હતો. તબિયત નરમ હોવાનું બ્હાનું કહાડીને ભગવતદાસે પોતાનો પલંગ ખડકીમાં પથરાવ્યો. રૂપકુમારી પોતાના બાળકસહિત ઘરની અંદર સૂતી હતી. ભગવતદાસે ખડકીમાંથી કહ્યું 'કોઈ વાતની ચિન્તા ન કરશો. નિશ્ચિન્ત થઇને સૂઈ રહેજો.' રાતના દશ વાગે ભગવતદાસે દવા લાવવાનું બહાનું કહાડીને ધર્મસિંહના નોકરને પાસેના ગામમાં મોકલ્યો. નોકરનું શું ગજું કે શેઠના જીવજાન મિત્રનો હુકમ પાળવામાં આનાકાની કરે? બિચારો તુર્ત દવા લેવા ગયો પણ રસ્તામાં બે માણસોએ ત્હેને પકડી લીધો તથા હાથ પગ બાંધીને એક ઉંડા અંધારા કૂવામાં ફેંકી દીધો. આ દુષ્કર્મ ભગવતદાસે કેટલાક બદમાશોને રૂપિયા આપીને કરાવ્યું હતું.

ભગવતદાસના આવ્યાથી નિર્દોષ રૂપકુમારી બિચારી નિશ્ચિન્ત થઇને સૂતી હતી. થોડી વાર પછી એના ઉપર જે ભયંકર આપત્તિ આવી પડવાની હતી ત્હેનું એને લેશ માત્ર પણ ભાન નહોતું.

ભગવતદાસને એ રાત્રે નિદ્રા ન આવી. નોકરના ગયા પછી ત્હેની પ્રત્યેક ક્ષણ અધીરાઈમાં વીતતી હતી. કદી એ પલંગમાં આળોટતો હતો, કદી ઉઠીને બેઠો થતો હતો અને કદી આમ તેમ ફર્યા કરતો હતો. ગમે તેમ કરીને ત્હેણે અડધી રાત ગાળી. હવે રાતના બાર વાગ્યા. આખા ગામમાં શૂન્યકાર છવાઈ રહ્યો. વચમાં કોઇ કોઈ વખત કુતરાઓના ભસવાનો શબ્દ સાંભળવામાં આવતો હતો. એ સિવાય ચારે તરફ શાંતિનો અટલ અધિકાર હતો.

એવા સમયમાં ભગવતદાસ એકાએક રૂપકુમારીની સમીપ પહોંચ્યો અને ત્હેની છાતી ઉપર હાથ મૂકીને ત્હેને જગાડી. રૂપકુમારી એકદમ ચમકીને જાગી ઉઠી, પહેલાં તો એ ભગવતદાસને પોતાની પાસે આવવાનું કાંઈ પણ પ્રયોજન સ્હમજી શકી નહિ. જ્યહારે ત્હેણે ભગવતદાસને પોતાની સ્હામે કાંપતો દેખ્યો ત્યહારે તે ત્હેના હૃદયનો કુત્સિત ભાવ સ્હમજી ગઈ અને ઝટ એક ઓરડામાં ચાલી જઇને એ ઓરડાનાં કમાડ અંદરથી બંધ કરી દીધાં. ભગવતદાસે કહ્યું 'ત્હારે માટે મ્હેં ઘણાં વર્ષો સુધી મ્હોટો પરિશ્રમ કર્યો છે. શું તું મ્હને ફરીથી દર્શન નહિ દે? મ્હને ત્હારો દાસાનુદાસ સ્હમજીને પ્રેમભિક્ષા આપ. રૂપકુમારીએ ગુસ્સે થઇને કહ્યું 'અરે દુષ્ટ! આજ ત્હારો પ્રપંચ જણાઈ આવ્યો, હવે તું અહિંથી ચાલ્યો જા. કોઈ પણ પતિવ્રતા સ્ત્રી તરફ કુદૃષ્ટિથી જોવું અને ત્હેમાં પણ પોતાના મિત્રની ધર્મપત્નીની સાથે એવું કરવું એ મહા અધર્મ છે. ત્હારા ઉપર મ્હારા પતિએ કેટલા બધા ઉપકાર કર્યા છે ત્હેનું સ્મરણ કર! એમ છતાં પણ તું આવો વિશ્વાસઘાત કરવા માંગે છે? ધિ-

ક્કાર છે ત્હને!' ભગવતદાસે કહ્યું 'હું હવે બહાર ચાલ્યો જાઉં છું. તું બેધડક બહાર ચાલી આવ, હું કોઇ ખરાબ વિચારથી અંદર નહોતો આવ્યો.' રૂપકુમારીએ કહ્યું 'હવે ત્હમારે ખડકીની અંદર સૂવાની કાંઇ જરૂર નથી, હવે ત્હમે કૃપા કરીને ઘેર ચાલ્યા જાઓ.' આ કથનથી નિરાશ થયેલા, કામોન્મત્ત ભગવતદાસને એટલો બધો ક્રોધ આવ્યો કે એક હાથમાં તલવાર અને બીજા હાથમાં રૂપકુમારીના ત્રણ વર્ષના પુત્રને પકડીને કહેવા લાગ્યો 'આ તલવારથી ત્હારા પુત્રનું શિર કાપી નાંખું છું. નહિ તો તું જલ્દી બહાર ચાલી આવ. હજુ સુધી કાંઇ બગડયું નથી. જલ્દી બહાર આવીને આ ત્હારા એકના એક પુત્રના પ્રાણ બચાવ.' પુત્રવધની ધમકી મળ્યા છતાં પણ રૂપકુમારી સતીત્વ ધર્મના રક્ષણમાં દૃઢ રહી અને ઉત્તર આપ્યો કે 'તું એવોજ નિષ્ઠુર થઇ ગયો છે કે આ સુકુમાર બાળકને માટે ત્હારા હૃદયમાં લેશ માત્ર પણ દયા નથી આવતી તો ત્હારી મરજીમાં આવે એ પ્રમાણે કર. જગત્પિતા પરમેશ્વરને મ્હારૂં બાળક બચાવવું હશે તો એ ત્હેની ગમે તે પ્રકારે રક્ષા કરશે.' આ વાત સાંભળતાંજ એના હૃદયમાં કોણ જાણે શો ભાવ ઉત્પન્ન થઇ આવ્યો કે બાળકને તો પલંગ ઉપર સુવાડી દીધું અને પોતે કહીંથી એક કોદાળી લઇ આવીને, જે ઓરડામાં રૂપકુમારી હતી તે ઓરડાનો ઉમરો ખોદવા લાગ્યો. એના મનમાં એમ કે જરા પેસવા જેટલી જગ્યા થાય તો અંદર જઇને બળાત્કાર કરૂં. જે વખતે એ ખાડો ખોદીને અંદર પેસવા સારૂ પોતાનું માથું અંદર ઘાલવા લાગ્યો તે વખતે રૂપકુમારીએ સાહસ કરીને ત્હેના ઉપર એક ખડ્ગ એવું સચોટ

માર્યું કે હેની અડધી ગરદન કપાઇ ગઈ અને તત્કાળ એનું અધમ જીવન સમાપ્ત થઇ ગયું. સ્હવાર થતાં વારજ એ દુષ્ટના દુષ્કૃત્યની ખબર આખા ગામમાં ફેલાઈ ગઇ. સતીત્વ ધર્મનું રક્ષણ કરવા ખાતર દુષ્ટાત્મા ભગવતદાસનો સંહાર કરવા માટે રાજ્યના કાયદાએ પણ રૂપકુમારીને મદદ આપીને નિર્દોષ ઠરાવી, તથા એ દિવસથી હેનો યશ ચારે દિશામાં પ્રસરી ગયો.

૨૩—શ્રીમતી ગિરીન્દ્રમોહિની દત્ત.

(માસિક મનોરંજન નામના મરાઠી માસિકમાંના લેખનો અનુવાદ.)

આશરે પચીસ વર્ષ ઉપર એક બંગાળી બાલિકાનો રચેલો 'કવિતાહાર' નામનો ગ્રંથ પ્રકટ થયો તે વખતે બંગીય સાહિત્યસમ્રાટ્ શ્રીયુત રાયબહાદુર બંકીમચંદ્ર ચેટરજીએ એ ગ્રંથ સંબંધી પોતાના 'બંગદર્શન' માસિકમાં નીચેના ઉદ્‌ગાર કહાડયા હતા.

'આ કાવ્યમાં કેટલીક જગ્યા તો એટલી પ્રતિભાપૂર્ણ છે કે, તે એક ન્હાની વયની છોકરીની કલમથી લખાઇ છે, તે વાત કોઇ કહે તોપણ મનાય નહિ.'

જેની બચપણની ઉજ્જવલ પ્રતિભા જોઇને પરલોકવાસી શ્રીયુત્ બંકીમચન્દ્ર જેવા સાહિત્યાચાર્ય પણ મુગ્ધ થઇ ગયા. તે બંગ કવયિત્રી શ્રીમતી ગિરીન્દ્રમોહિની દત્તનો અલ્પ પરિચય વાચક ભગિનીઓને કરાવવો એ આ લેખનો ઉદ્દેશ છે.

શ્રીમતી ગિરીન્દ્રમોહિનીનો જન્મ બંગાબ્દ ૧૨૬૫ ઇ. સ. ૧૮૫૮ ના ભાદ્રપ્રદ શુકલ તૃતીયાના દિવસે કલકત્તામાં ભવાની-પુરમાં એમના મોસાળમાં થયો હતો. ગિરીન્દ્રમોહિનીના પિતા શ્રીયુત્ હારાણચન્દ્ર મિત્ર કલકત્તાથી દૂર આવેલા પણીહાટી નામના ગામના કુળવાન કાયસ્થ હતા. પિતાના કુળની પેઠે ગિરીન્દ્ર-મોહિનીનું મોસાળ પણ પ્રસિદ્ધ હતું. એ લોકો 'વેલિંગટન સ્કવેરના દત્ત' એ નામથી કલકત્તામાં પ્રસિદ્ધ હતા. શ્રીમતી ગિરીન્દ્રમોહિનીનો જન્મ જો કે કલકત્તામાં થયો હતો પણ એમનું લગભગ બધું બાળપણ ચોવીસ પરગણામાં મજીલપુર નામના ગામડામાં ગયું હતું. એજ ગામડામાં ત્હેમનાં માતપિતા રહેતાં હતાં. શ્રીયુત્ હારાણચન્દ્ર મિત્રને ઘેરજ છોકરીઓની નિ-શાળ હતી; એજ શાળામાં ગિરીન્દ્રમોહિનીને પ્રાથમિક શિક્ષણ મળ્યું. બાળપણથીજ ભણવા ઉપર ગિરીન્દ્રમોહિનીને ઘણો શોખ હતો. એની ઉમ્મરની બીજી છોકરીઓ માફક રમવા ઉપર ત્હેનું બીલકુલ લક્ષ્ય નહોતું. નિશાળની બધી ઉંચા પ્રકારની બક્ષિસો ગિરીન્દ્રમોહિનીએ મેળવી હતી. આ શાળામાં લેખન, વાંચન, હિસાબ કિતાબ, વગેરે સામાન્ય વિષયોનું પ્રાથમિક શિક્ષણ ત્હેમણે પિતાની પાસેજ મેળવ્યું. ત્યાર બાદ એમને નિશાળમાં એવું શિક્ષણ મળ્યું નહિ; તોપણ વિદ્યાભિરૂચિ એ ન્હાની છોક-રીને પ્રથમથી ઉપજેલી હોવાથી ગામના કોઈ પંડિતો પાસેથી સંસ્કૃત અને ફલિત જ્યોતિષ સંબંધી જ્ઞાન એણે બાળવયમાંજ પ્રાપ્ત કર્યું. એજ ઉમ્મરે તેમણે ગાયન અને વાદ્યનો પણ સારો અભ્યાસ કરીને એમાં પ્રવીણતા મેળવી હતી. બીન, સતાર, હારમોનિયમ, એ વાજીંત્રો, એ છેક ન્હાનપણથી ઘણી સારી રીતે વગાડવા લાગ્યાં હતાં.

ગિરીન્દ્રમોહિનીની વય આઠ નવ વર્ષની થતાં ન થતાંમાં તો એમનામાં કાવ્યપ્રતિભા અને કાવ્યાનુરાગનો પ્રાદુર્ભાવ દૃષ્ટિગોચર થવા લાગ્યો. જે ઉમ્મરે બાળકીઓ ઢીંગલા ઢીંગલીઓ સાથે રમવામાં અને ધીંગામસ્તી કરવામાં મસ્ત હોય છે, તેજ વયે આપણી ચરિત્રનાયિકાને સરસ્વતી દેવીએ પોતાની વીણાથી મુગ્ધ કરી નાંખી. આ વયે ભીંત ઉપર પડેલા પોતાના પડછાયા સાથે એ કેટલીકવાર પદ્યમાં ગણગણાટ કરતી. આ છોકરી આગળ ઉપર ગાંડી થશે એવું એમની મા વારંવાર કહેતી, પણ આ ઘેલછા કેવી જાતની છે, તે એમના પિતા બરોબર પારખી શકયા હતા. ‘ગિરીન્દ્રમોહિની કવયિત્રી થશે’ એ એમનું ભવિષ્ય વચન અક્ષરશઃ ખરૂં પડયું.

ગિરીન્દ્રમોહિનીના વડીલ હારાણચન્દ્ર કોઇ કોઇ વખત અંગ્રેજી ભાષામાં કાવ્યરચના કરતા હતા. ગિરીન્દ્રમોહિની બાર વર્ષની થઇ ત્‍હારે ત્‍હેમણે એક દિવસે ત્‍હેને એક અંગ્રેજી કાવ્યનું બંગાળીમાં ભાષાન્તર કરીને સંભળાવ્યું; એ પછી થોડી જ વારમાં એ વિદેશી કાવ્યનો મર્મ બંગાળી છંદોબદ્ધ કવિતામાં ગોઠવીને ગિરીન્દ્રમોહિનીએ બતાવ્યો. એ વખતે એમના પિતાને કેટલું આશ્ચર્ય થયું હશે! એ કવિતા પાછળથી ગિરીન્દ્રમોહિનીના ‘ ભારતકુસુમ ’ નામના કાવ્યગ્રન્થમાં ‘તપોવન’ નામથી પ્રસિદ્ધ થઇ છે. ત્‍હાર બાદ બાલિકાના કલ્પનાવિકાસમાં સહાય કરવાના હેતુથી પિતા ત્‍હેમને Paul and Verginia, Theadocius, Constania ઇત્યાદિ પુસ્તકો અને વાર્તાઓ બંગાળીમાં સમજાવતા. એના તથા ‘મહાનાટક’ ‘કોકિલદૂત’ ‘યોજનગંધા’ ‘વાસવદત્તા’ ‘યુસફ જુલેખાં’ ‘કવિકંકણ’ ઇત્યાદિના વાંચ-

નથી ગિરીન્દ્રમોહિનીની પ્રતિભા પ્રકાશી ઉઠી.

ગિરીન્દ્રમોહિનીનું લગ્ન ૧૦ મે વર્ષે થયું. બૌબાજારના શ્રીમન્ત જમીનદાર દુર્ગાચરણ દત્તના કનિષ્ઠ પુત્ર નરેશચન્દ્ર દત્ત ત્હેમના પતિ થયા. વિવાહ થયા પછી ગિરીન્દ્રમોહિનીના શિક્ષણમાં જરાક અંતરાય પડયો પણ તેથી ત્હેમની કાવ્યાનુરક્તિ લેશ માત્ર ઓછી થઇ નહિ.

શિક્ષણના યોગથી એમની સ્વાભાવિક પ્રતિભા જુદા જુદા માર્ગમાં ઝળકી ઉઠવા લાગી. શિવવા ભરવાના કામમાં અને રસોઇમાં તે અત્યંત નિપુણ નીવડી.

ત્હેમનું પહેલું કાવ્ય 'ગણેશ વંદન' છે. ત્ય્હાર બાદ ૧૮૭૧ ની સાલમાં 'કવિતાહાર' નામનો ત્હેમનો પહેલો કાવ્યગ્રન્થ બહાર પડયો. આ પુસ્તકનો થોડોક ઇતિહાસ છે. ૧૮૭૦ ની સાલમાં ગિરીન્દ્રમોહિનીના પતિના એક જીવજાન મિત્રે ગિરીન્દ્રમોહિનીના ગદ્ય અને પદ્યમાં લખેલા પત્રોમાંથી કેટલાક 'એક હિંદુ મહિલાના પત્રો' એ મથાળાથી પ્રકટ કર્યા. પોતાના પત્રો પ્રકટ થયા છે એ જાણીને નવ-વધ ગિરીન્દ્રમોહિની અધમુઇ થઈ ગઇ. વિરક્ત થઇને ત્હેમણે પોતાના પ્રવાસમાં નીકળેલા પતિને લખ્યું કે 'મ્હારી રચના લોકોમાં પ્રસિદ્ધિ પામે એવી જો આપની ઇચ્છાજ હતી તો હું આપને બીજું કાંઇ લખી આપત. પણ મ્હારા પત્ર શા માટે પ્રકટ કર્યા ?'

ત્ય્હાર બાદ થોડા દિવસોમાં 'કવિતાહાર' પ્રકટ થયો. કવયિત્રીએ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરેલું આ પ્રથમજ કાવ્ય બહાર પડતાં, બંગાળી વર્તમાનપત્રોએ અત્યંત આદર અને કૌતુકપૂર્વક ત્હેનો સત્કાર કર્યો. આ ગ્રન્થ સંબંધી બંકીમચન્દ્રનો અભિ-

પ્રાય ઉપર આપ્યો છે. એ ગ્રન્થ કવાયત્રીને નામે પ્રકટ થયો નહોતો. 'કવિતાહાર' વાંચીને પ્રસિદ્ધ બંગનાટકકાર શ્રીયુત્ દીનબંધુ મિત્ર એટલા મુગ્ધ થઇ ગયા કે, ત્હેમણે પોતાની અમૂલ્ય નાટકાવલિ ગિરીન્દ્રમોહિનીને અર્પણ કરી, 'હિન્દુપેટ્રિયટ,' 'સ્ટેટસમેન' વગેરે જુદાં જુદાં અંગ્રેજી પત્રોએ આ ગ્રન્થની કરેલી સ્તુતિ વાંચીને ભારત મહિલાની પરમ શુભાકાંક્ષી અમેરિકન વિદુષી મેરી કાર્પેન્ટર કવયિત્રીને મળવા માટે અત્યંત ઉત્સુક થઈ ગઈ, પણ દુર્ભાગ્યે ત્હેમની એ ઉત્કંઠા પૂર્ણ થઇ નહિ.

ત્યહાર બાદ થોડા સમય પછી ગિરીન્દ્રમોહિનીનો બીજો કાવ્યગ્રન્થ 'ભારત કુસુમ' પ્રસિદ્ધ થયો. આ કાવ્ય સંબંધી 'રઇસ અને રૈયત' પત્રમાં ડૉ. શંભુચન્દ્ર મુકરજીએ નીચે લખેલા ઉદ્દ્ગાર કહાડયા હતા.

"આમાંની કેટલીક કવિતા 'આર્ય દર્શન' અને 'બંગદર્શન' જેવા માસિક પત્રોમાં પ્રકટ થઇ છે, એ કહેવાથીજ આ કાવ્યની સરસતાની કલ્પના થશે. પરન્તુ કવયિત્રીને કોઇ પ્રકારનું શિક્ષણ મળ્યું નથી. ત્હેનાં સર્વ કાવ્યો કેવળ સ્ફૂર્તિથી લખાયાં છે, એ વાત ખાસ લક્ષ્યમાં રાખવા સરખી છે. આ કવયિત્રી જનાનામાં ઉછરેલી હોવાથી ત્હેનું સઘળું શિક્ષણ જાત મહેનતથી મેળવેલું છે. 'કવિત્વશક્તિ એ કેવળ ઈશ્વરી બક્ષિસ છે.' એ સિદ્ધાન્ત કવયિત્રીના સંબંધમાં અક્ષરશઃ લાગુ પડે છે. કાવ્યમાં પ્રકટ થયેલા વિચારોનું સૌન્દર્ય અને વિશાલત્વ, કલ્પનાવૈચિત્ર્ય અને ખાસ કરીને વિચાર શુદ્ધત્વ, તેમજ ત્હેમના ખાનગી વર્તનમાં જોવામાં આવતા સૌજન્ય અને સાત્વિક સ્વાર્થત્યાગ, એ બધા ગુણો જેમાં એક સાથે મળેલા

હોય એવી સ્ત્રી કોઇ પણ દેશમાં ભૂષણ સ્વરૂપ ગણાશે !”

ઇ. સ. ૧૮૮૪ ની સાલમાં ગિરીન્દ્રમોહિનીના પતિ નરેશચન્દ્ર પરલોકવાસી થવાથી ત્હેના ઉપર વૈધવ્યનો દારૂણ વજ્રાઘાત થયો. એ પ્રસંગે હૃદયેશ્વરના અવર્ણનીય વિરહથી ગિરીન્દ્રમોહીનીના હૃદયમાં શોકના જે વિલક્ષણ ઝરાઓ વહેવા લાગ્યા, ત્હેનું યત્કિંચિત્ દર્શન ત્હેમના ત્યહાર પછી થોડાજ સમયમાં પ્રસિદ્ધ થયેલા ‘અશ્રુકણા’ કાવ્યગ્રન્થમાં થાય છે. આ કાવ્યના સ્વાભાવિક કરૂણ રસથી વાચકોનું હૃદય પીગળી જાય છે. શોક ઉપર એવાં સાધારણ કાવ્યો પ્રત્યેક ભાષામાં કેટલાંએ પ્રસિદ્ધ થાય છે; પણ ત્હેમાંથી સાહિત્યમાં કાયમનું સ્થાન મેળવે એવી કવિતા ઘણી થોડી હોય છે. શ્રીમતી ગિરીન્દ્રમોહિનીનું ‘અશ્રુકણા’ કાવ્ય બંગાળી સાહિત્યમાંજ નહિ પણ વિશ્વસાહિત્યમાં શ્રેષ્ઠપદ ઉપર બિરાજમાન થવા યોગ્ય છે. ‘અશ્રુકણા’ કાવ્યનો શોક બીજાં શોકકાવ્યો જેવો સંકીર્ણ પ્રકારનો નથી પણ અત્યંત ઉદાત્ત–દિવ્ય છે. નિષ્ઠુર કાળે કવયિત્રીના લલાટમાંથી કુંકુમનો ચાંલ્લો ભુંસી નાંખીને ત્હેના ઉપર દુર્દૈવની આગ વરસાવી એ પરમદુઃખની વાત છે; પણ તેજ કુંકુમહીન લલાટને કવિયશના તેજોમય મુકુટમણિની સુંદર દીપ્તિથી ભરપુર જોઇને કાવ્યદેવીના ભક્તોને કવયિત્રીના દુઃખમાંજ મ્હોટું સુખ લાગે છે. અશ્રુકણા કાવ્યમાં કવયિત્રીના હૃદયનો શોક જાણે કોઇ મૂર્તિની માફક ઉછળી રહ્યો છે. એટલા માટે એ કાવ્ય એટલું મર્મભેદી થયું છે. ગિરીન્દ્રમોહિનીના આગલાં કાવ્યોમાં અને આ કાવ્યમાં જમીન આસમાનનો ફરક દેખાય છે. આ કાવ્યમાં કવયિત્રીનું દષ્ટિબિન્દુ

બદલાઈ ગયું છે. ત્હેની દૃષ્ટિમાં જગત્ પહેલાં કરતાં અધિક ગૂઢ, વિશાળ, અને પવિત્ર બન્યું છે. ઉદારચરિત હિંદુ સ્ત્રીની મનોમય પ્રતિમા આ કાવ્યમાં આલેખાઈ છે. આ કાવ્યમાં માર્દવનો ગુણ પ્રધાન હોવા છતાં પણ ત્હેમાંથી ઓજસ્ ઓછું થયું નથી. આ કાવ્ય સર્વત્ર મૃદુ, અત્યંત ઉદાત્ત અને અત્યંત પ્રેમમય છે. જાણે કોઇ જગન્મોહિનીએજ તે ગાયું છે. પ્રસ્તુત કાવ્યમાં સ્વર્ગ અને પૃથ્વીનો સુંદર સુયોગ કરવામાં આવ્યો છે. ત્હેમાં કૃત્રિમતા કે આડંબર કંઈ જોવામાં નથી આવતો. 'અશ્રુકણા' કાવ્યમાં મુખપૃષ્ઠ ઉપર આપેલી કવયિત્રીની ઉક્તિ આ કાવ્યનું મૂળ સૂત્ર છે.

'યથા અગ્નિ હોમ દ્વિજ
દીપ્ત રાખે અગ્નિ નિજ
ચિર દીપ્ત રખે હુતાશન!

'અશ્રુકણા' કાવ્ય વાંચીને પ્રખ્યાત બંગકવિ શ્રીયુત્ અક્ષયચંદ્ર ચૌધરી બીલકુલ મોહિત થઇ ગયા. ત્હેમણે એ કાવ્યનું સુંદર અવલોકન કરીને ત્હેની લેખિકાને ઉદ્દેશીને એક કવિતા પણ લખી છે. અક્ષયચન્દ્ર કહે છેઃ—

આ કાવ્ય વાંચતાં, ખાસ કવિતા લખવાજ બેસીને કવયિત્રીએ આ કાવ્ય લખ્યું હોય, એવું કોઈ જગ્યાએ જણાતું નથી. જે પ્રમાણે ઝાકળનું એક બિંદુ ઘાસ ઉપર પડતાંજ મુકતારૂપ બને છે તેવીજ રીતે ગિરીન્દ્રમોહિનીના કાવ્યમાં ત્હેની કલ્પનાનો ઉચ્છ્વાસ જાણે અક્ષરરૂપે અવતીર્ણ થયો છે.

સુપ્રસિદ્ધ બંગીય ટીકાકાર શ્રીયુત્ ચંદ્રનાથ બસુ કહે છેઃ—

This is poetry in life and as expression of

that poetry, અશ્રુકણા is the history of the soul of a noble Hindu woman.

આ અશ્રુકણા કાવ્યની આજ પર્યન્ત ચાર આવૃત્તિ પ્રસિદ્ધ થઇ ગઇ છે. થોડા સમયમાં એક કાવ્યગ્રન્થની ચાર આવૃત્તિ પ્રસિદ્ધ થાય એ સામાન્ય લોકપ્રિયતાનું લક્ષણ નથી.

'અશ્રુકણા' કાવ્ય પછી શ્રીમતી ગિરીન્દ્રમોહિનીના 'આભાસ' 'શિખા' 'અર્ધ્ય' અને 'સિંધુ ગાથા' એ કાવ્ય-ગ્રન્થ અનુક્રમે પ્રકટ થયા. એ સર્વ કાવ્યોમાં 'અશ્રુકણા' માં-થીજ શોકનો પ્રવાહ વહ્યો છે. એમાં કહીં હૃદયરૂપી તીરના ચુરેચુરા કરનાર શોકના જોશદાર પ્રવાહ, તો કહીં અન્તર્વાહિની ફલ્ગુ નદી પ્રમાણે ત્હેની બારીક રેખા મળી આવે છે. ગિરીન્દ્રમોહિનીના કાવ્ય જીવનનું મુખ્ય વ્રત એકજ છે. અને તે પતિનું ધ્યાન-પૂજન એજ છે. ત્હેની 'શિખા' પતિયજ્ઞના ઉજ્જવલ હોમાગ્નિની 'શિખા' ત્હેમનો 'અર્ધ્ય' પતિ દેવની પૂજા માટે છે! ત્હેની 'સિંધુ ગાથા' એટલે પતિના સ્મરણમાં નીકળેલો હૃદય સિંધુનો ગંભીર ધ્વનિ! શ્રીમતી ગિરીન્દ્રમોહિનીનું બીલકુલ આધુનિક કાવ્ય છે. 'સ્વદેશિની' એમાં કવયિત્રીનો ઉજ્જવલ સ્વદેશપ્રેમ દેખાય છે.

શ્રીમતી ગિરીન્દ્રમોહિનીનો સ્વભાવ ખરેખર કવયિત્રીને સર્વથા ઉચિત છે. એમાં આડંબર, દ્વેષ કે ગર્વનો લવલેશ પણ જોવામાં નથી આવતો. છેક ન્હાનપણથીજ ગિરીન્દ્રમોહિનીનો સ્વભાવ અત્યંત દયાળુ છે. પારકાના દુઃખથી ત્હેમનું હૃદય કકળી ઉઠે છે. ન્હાનપણમાં તે પોતાનાં વસ્ત્ર વગર સંકોચે અનાથ અપંગોને આપી દેતી.

બાળપણમાં જ્યહારે ગિરીન્દ્રમોહિની નિશાળમાં ભણતી ત્યહારે એક સહાધ્યાયી અતિશય ગરીબ છોકરી સાથે એને બહેનપણાં હતાં. એક દિવસે તે કાન વિંધાવીને એમાં 'માંકડી' (એ એક કાનનું બંગાળી ઘરેણું છે.) ને બદલે દોરો ઘાલીને નિશાળે આવી. સરલહૃદય ગિરીન્દ્રમોહિનીનું ધ્યાન જ્યહારે એ તરફ ગયું ત્યહારે ત્હેમણે પોતાની બ્હેનપણીના કાનમાં દોરો ઘાલીને આવવાનું કારણ પૂછ્યું. એ બિચારી ગરીબ છોકરી ગિરીન્દ્રમોહિનીને બીજો શો ઉત્તર આપે? નીચે મ્હોંએ ત્હેણે કહ્યુ 'ગિરી! હમે ગરીબ માણસ છીએ. ત્હારા જેવી સોના મોતીની માંકડી મ્હને કયાંથી મળે બાઇ?' આ ઉત્તર આપતાં એ બાળકીની આંખમાં આવેલાં અશ્રુબિંદુ જોઇને પરદુઃખકાતર ગિરીન્દ્રમોહિનીનું હૃદય એટલું પીગળી ગયું કે ત્હેણે તરતજ પોતાના કાનની માકડી ક્હાડીને એ છોકરીના કાનમાં પહેરાવી! આ પ્રમાણે પોતાની જણસવસ ગિરિન્દ્રમોહિની કાંઇ પણ વિચાર કર્યા વગર બીજાઓને આપી દેતી; એવી વાતમાં એ મુરબ્બીઓની રજાની પણ વાટ જોતી નહોતી. ત્હેની મા જ્યહારે ત્હેની આ વિલક્ષણ દાનશીલતા માટે ઠપકો આપતી, ત્યહારે એ માને કરૂણસ્વરે કહેતી કે 'મા એમ શું કરે છે? એ બિચારી છોકરીને મા બાપ કોઈ નથી, હો.'

શ્રીમતી ગિરીન્દ્રમોહિનીની અસામાન્ય બુદ્ધિમત્તા કેવળ કાવ્યમાંજ પ્રકટ થઇને રહી નથી. ગૃહકર્મોમાં ત્હેમની અલૌકિક ગતિ છે. એ ઉપર કહી ગયા છીએ.

લલિતકળા—ખાસ કરીને—ચિત્રકળામાં એમને સારી માહિતી છે. ત્હેમણે ચિતરેલાં ઉત્કૃષ્ટ ચિત્રોને બંગાળા પ્રાંતમાં અનેક

પ્રદર્શનોમાં ચાંદ મળ્યા છે અને ત્હેમનાં સારાં વખાણ થયાં છે. આ થોડી પ્રશંસાની વાત નથી. આ કળાઓનો અભ્યાસ પણ એમણે કેવળ ખાનગી રીતે કર્યો છે.

શ્રીમતી ગિરીન્દ્રમોહિનીનું જીવન દુઃખનું જીવન છે. દેવી સરસ્વતીનું કમલવન સદા કંટકોથી પરિપૂર્ણ છે. ત્હેમના પતિ નરેશચન્દ્રની પ્રકૃતિ કદી સારી રહેતી નહોતી. પ્રવાસમાં અને હવાફેરમાં ત્હેમનું ઘણું આયુષ્ય ગયું હતું. ગિરીન્દ્રમોહિની એ બધો સમય પોતાના પતિની છાયા સ્વરૂપ રહેતી, એમ કહેવામાં અતિશયોક્તિ ગણાશે નહિ. કેવળ પતિ એજ પ્રાણ છે, એ ભાવનાવાળી આર્ય સહધર્મિણીઓના આદર્શસ્થાને ગિરીન્દ્ર-મોહિની ખાસ શોભવા જેવી છે. કેવળ પતિને માટેજ આપણું આયુષ્ય છે. પોતાને કાંઇ સ્વાતંત્ર્ય નથી, એવીજ ત્હેમની સદા-સર્વદા ભાવના હતી. આજ ભાવનાથી એમણે પોતાનાં કાવ્ય લખ્યાં છે અને એજ ભાવથી રસિક તે કાવ્યોનો સ્વાદ ચાખે છે.

પતિદેવના પ્રેમની કામના માટેજ શ્રીમતી ગિરીન્દ્રમોહિ-નીએ કાવ્યરચના કરી. અશ્રુકણા કાવ્યની છેવટની કવિતામાં કવયિત્રી કહે છે.

> 'તબે કિલિખિબ 'શેષ' ગાન સમાપન !
> હાયરે ! હબેકિ કભુથાકિ બેજીવન !
> લિખિ બકિતબે શેષહલ અશ્રુકણા !
> તાહલે મુહુર્ત તરે આરખાંચિબના !

છેવટે બંગભગિની શ્રીમતી ગિરીન્દ્રમોહિની જેવી કવ-યિત્રી અને ચિત્રકાર ગુજરાતમાં જલ્દી નીપજો એવી પરમેશ્વર પ્રતિ પ્રાર્થના કરીને આ અલ્પ લેખ સમાપ્ત કરીએ છીએ.

૨૪—જાનકીબાઈ.

આ પરોપકારી બાઇ ધોલપુર રાજ્યનાં વતની હોઈ સનાઢ્ય બ્રાહ્મણ જાતિનાં છે. ત્હેમનો જન્મ સંવત્ ૧૯૧૭માં ગ્વાલિયર રાજ્યના ધનેરા ગામમાં થયો હતો. સંવત્ ૧૯૨૮ માં ધોલપુરના એક જમીનદાર તેજપાલ તિવારીના પુત્ર સાથે ત્હેમનું લગ્ન થયું હતું. પરંતુ ઈશ્વિરકોપથી પાંચ વર્ષ સુધી પતિનું સુખ જોઇને એ સંવત્ ૧૯૩૩માં વિધવા થયાં.

જ્યહાં સુધી એમના સસરા જીવતા રહ્યા ત્યહાં સુધી એ એમની સેવામાં રહ્યાં, પરન્તુ એ પણ થોડા વખતમાંજ મરણ પામ્યા અને જાનકીબાઇ એકલાં પડયાં; એ વખતે લોકોએ જાનકીબાઈને પોતાના કાકા સસરા સાથે લ્હડાવી મારવાને ઘણીએ યુક્તિ કરી, પણ એ સ્હમજુ બાઇ ત્હેમની શિખવણી પ્રમાણે ચાલ્યાં નહિ. પોતાના ભાગમાં જે કાંઇ ધન આવ્યું હતું તેટલામાંથી એ પોતાનો નિર્વાહ કરવા લાગ્યાં. એ ધનમાંથી એ દીન દુઃખીઓને દાન આપતાં હતાં. એમની ઉદારતા એટલી બધી હતી કે ગરીબ ખેડુતો પાસેથી વિઘોટી વસુલ કર્યા વગરજ તેઓ પહોંચ લખી આપતાં અને એક ચટાઇ ઉપર સૂઇ રહીને જીંદગી ગાળતાં હતાં. પોતાનું ગુજરાન ચલાવતાં જે કાંઇ બચતું તે ગરીબો ને આપી દેતાં.

આ પ્રકારના પરોપકાર ઉપરાંત એમનો બધો સમય લાલજીની સેવા કરવામાં વ્યતીત થતો હતો. ત્હેમનું બંધાવેલું મંદિર

હજુ પણ ધોલપુરમાં મૌજુદ છે અને 'જાનકીબાઇ કે લાલજી'ના નામથી પ્રસિદ્ધ છે. ઈશ્વરભક્તિ અને પરોપકારમાં એ વૈધવ્ય દુઃખને વિસરી ગયાં. વિધવા થયા પછી ત્હેમણે અનેક તીર્થોની યાત્રા કરી. સંવત્ ૧૯૫૨ સુધીનો ત્હેમનો સમય એજ પ્રમાણે ઈશ્વરભક્તિ, તીર્થાટન અનેપરોપકારમાં વ્યતીત થયો.

જ્યહાંસુધી ધોલપુરમાં રહ્યાં હતાં ત્ય્હાંસુધી રાજાસાહેબે, રાણીઓએ, તથા સરકારી અમલદારોએ ત્હેમનું ઘણું સન્માન કર્યું. એટલુંજ નહિ પણ ધોલપુરના પોલિટિકલ એજંટ સાહેબે ત્હેમની ચાલચલગત તથા પરોપકાર વૃત્તિની ઘણી પ્રશંસા કરી છે.

સંવત્ ૧૯૫૪ માં દ્વારિકાની યાત્રા નિમિત્તે જાનકીબાઈ મુંબઇ આવ્યાં. એ વખતે ત્ય્હાં પ્લેગની શરૂઆત થઈ હતી. મુંબઈ નગરીની એ વખતે એવી ભયંકર દશા થઇ રહી હતી કે લોકો ઘરબાર છોડીને ચાલ્યા જતા હતા, ચારે દિશામાં હાહાકાર વર્તી રહ્યો હતો; અને કોઈ કોઈની ખબર નહોતું પૂછતું. એટલે સુધી કે ધર્મશાળાઓ પણ બંધ થઇ ગઈ હતી અને ગરીબ લોકોની ઘણી દુર્દશા થઇ રહી હતી.

આ કષ્ટ, કોમળહૃદયા જાનકીબાઇથી જોઇ શકાયું નહિ. એમણે દ્વારિકા જવાનું બંધ રાખ્યું અને દુઃખીઓનું દુઃખ દૂર કરવાને કમર કસીને યત્ન કરવા લાગ્યાં. ધર્મશાળાના માલિકોને રૂબરૂ મળીને ત્હેમણે તાળાંઓ ઉઘડાવ્યાં; શેઠ સાહુકારોને વિનંતિ કરીને થોડાઘણા ખર્ચનો બંદોબસ્ત કર્યો અને ત્હેમની સંભાળ રાખવાનો પ્રબંધ સરકારી અમલદારો પાસે કરાવ્યો. મુંબાઇમાં ધર્મશાળાઓ તો ઘણી છે, પણ એમાં વગવસીલાવાળા લોકો તથા મ્હોટા માણસો સિવાય ગરીબ આદ-

મીઓને રહેવાનું સ્થાન નથી મળતું. ભૂલેશ્વર મહાદેવ પાસે એક ધર્મશાળા છે ત્હેમાં જાનકીબાઇ દીનદુઃખી ભિખારીઓને અને યાત્રાળુઓને સ્થાન અપાવતાં હતાં, અને ગમે તેમ કરીને બધાનો પ્રબંધ કરાવતાં હતાં.

આ તો સાધારણ વાત થઇ, પરંતુ એના કરતાં પણ વધારે પરોપકારનું કામ એમણે આ જીવનમાં કર્યું છે. દ્વારિકા આદિ તીર્થ સ્થાનોમાં જનારા ગરીબ યાત્રાળુઓ પાસે એ પોતે જાય છે તથા એમને વહાણમાં બેસાડે છે; તથા પાછાં આવતી વખતે દેશમાં જવાને રેલગાડીમાં બેસાડી આવે છે. ઉપલા વર્ગના મુસાફરોને જેટલો આરામ અને સગવડ મળે છે તેટલીજ સગવડ ત્રીજા વર્ગના ગરીબ મુસાફરોને અપાવવા એ યત્ન કરે છે.

જાનકીબાઇની દયાવૃત્તિ સંકુચિત નથી. કેવળ હિન્દુઓ ઉપરજ એમની આટલી દયા નથી પરન્તુ મુસલમાનો ઉપર પણ એ મ્હોટો ઉપકાર કરે છે. મક્કા શરીફની હજ્જ કરવા જતા મુસલમાન યાત્રાળુઓને પણ એ એટલીજ સગવડ કરી આપે છે. પોતાથી બને છે ત્હાંસુધી આગબોટ અને આગગાડીના ભાડામાં પણ એ ગરીબોને માટે બચત કરાવે છે. જહેમની પાસે કંઇ નથી હોતું ત્હેમને ખોરાકી, વસ્ત્ર તથા લોટો આપે છે. જે યાત્રાળુઓ માંદા પડે છે ત્હેમને હોસ્પિટલમાં મોકલી આપીને દવા કરાવે છે, અને જાતે ત્હેમની ખબર કહાડવા રોજ જાય છે. જે કોઇ વગવસીલા વગરના લોકો ત્હેમની પાસે રોજગાર મેળવવા આવે છે ત્હેમને સારૂ એવો પણ પ્રબંધ કરાવી આપે છે.

આગબોટોના બંદર ઉપર અને રેલવેનાં સ્ટેશનો ઉપર અમલદારો ત્હેમનો ઘણો આદરસત્કાર કરે છે. એટલે સુધી કે

એકઠા થયેલા યાત્રાળુઓને એ ઉધાર ટિકીટ અપાવી દે છે અને પછી ઘેર જઈને બિલ મૂજબ સામટાં નાણાં ચૂકવી આપે છે. રેલવે સુપ્રિન્ટેન્ડન્ટની આજ્ઞા છે કે જ્‍હાં જાનકીબાઇ જાય ત્‍હાંના સ્ટેશનમાસ્તરોએ એમનો સારી પેઠે સત્કાર કરવો.

એક દિવસ મક્કાથી પાછા ફરીને કેટલાક હાજી આવ્યા હતા. ત્‍હેમને રેલમાં બેસાડવા સારૂ જાનકીબાઇ બોરી બંદરના સ્ટેશન ઉપર ગયાં હતાં. ત્‍હાં આગળ મુસાફરોની સગવડનો પ્રબંધ કરવા સારૂ એ આમ તેમ ફરી રહ્યાં હતાં એટલામાં કેટલાક હાજીઓએ ત્‍હેમને ઉપાડી લઇને પોતાના ખભા ઉપર બેસાડી દીધાં અને માઇ માઇ કહીને હર્ષપૂર્વક નાચવા લાગ્યા. એટલુંજ નહિ પરંતુ ત્‍હેમની દયા અને પ્રેમથી એ લોકો એટલા બધા ગળગળા થઇ ગયા હતા કે મુસલમાન હોવા છતાં પણ એ યાત્રાળુઓ હિન્દુ જાનકીબાઈથી વિખુટા પડતી વખતે ઘણું રોતા હતા. એ ઉપરથીજ એમની ઉત્કૃષ્ટ પરોપકારવૃત્તિની ખાત્રી થઇ શકે છે.

એ જેટલું કામ કરે છે તેટલું પ્રશંસા કરાવવા ખાતર નથી કરતાં, પણ શુદ્ધ પરોપકારની ખાતરજ કરે છે. એજ ઉદ્દેશથી એ પોતાના દાનનો હિસાબ પણ નથી રાખતાં તેમજ પોતાની દ્વારા કેટલા ગરીબ યાત્રાળુઓને મદદ પહોંચી ત્‍હેની નોંધ પણ નથી રાખતાં. છતાં પણ આખા મુંબઈ શહેરમાં એમની દયા અને પરોપકારની કીર્તિ ફેલાઇ ગઇ છે. બહારગામથી પણ અનેક યાત્રાળુઓના તાર અને કાગળ ત્‍હેમની પાસે આવે છે અને એ ત્‍હેમને માટે યોગ્ય પ્રબંધ કરે છે.

એમનાં કામોથી પ્રસન્ન થઇને મુંબઇના પોલિસ કમિશનર સાહેબે એકવાર ત્હેમને ચાંદીની બંગડીઓ ઇનામમાં આપી હતી અને બીજી વાર સોનાની બંગડીઓ ભેટ આપી હતી. આપણી ન્યાયશીલ સરકારે પણ ઇ. સ. ૧૯૦૬ માં ત્હેમને 'કૈસરે–હિન્દ'ના સોનાના ચાંદથી વિભૂષિત કર્યાં છે. જાનકીબાઇને જાણનાર હરકોઈ કબૂલ કરશે કે એ એવા માનને યોગ્યજ છે. સ્ત્રી હોવા છતાં પણ એ એવાં એવાં પરોપકારનાં કામો કરે છે કે જે પુરૂષો પણ ભાગ્યેજ સ્હેલાઇથી કરી શકે છે.

ત્હેમનો બહારનો દેખાવ જોતાં એ ધનાઢ્ય હોય એવો ભાસ થતો નથી; પરન્તુ કોણ જાણે કય્હાંથી હજારો દીનદુઃખીઓ અને યાત્રાળુઓને સહાયતા આપવા જોગ ધન એમની પાસે આવી જાય છે. કેટલાક દ્વેષીઓએ એવી પણ વાત ઉડાવી છે કે મુંબઇના શેઠસાહુકારો પાસેથી ત્હેમને દ્રવ્ય મળે છે, પરન્તુ એ વાત સાચી નથી. એ વાત સાબિત કરી આપવા સારૂ જાનકીબાઇએ એકવાર મ્હોટી સભા બોલાવીને, શ્રોતાજનોને શપથ ખવરાવીને પૂછ્યું હતું કે 'કહો ત્હમારામાંથી કોણે કોણે મ્હને રૂપિયા આપ્યા છે?' પરન્તુ બધા શેઠસાહુકારો તરફથી એજ ઉત્તર મળ્યો કે 'હમે ત્હમને એક કોડી પણ આપી નથી.'

તે દિવસથી લોકોના હૃદયમાં ત્હેમના ગુણો વધારે મજબૂત રીતે ઠસી ગયા છે. ગુજરાતી, મરાઠી, અંગ્રેજી અને હિન્દી સમાચારપત્રો મુકત કંઠે ત્હેમના ગુણાનુવાદ ગાય છે. લોકોને ત્હેમના ઉપર કેટલી શ્રદ્ધા છે, ત્હેનું અનુમાન એટલા ઉપરથી થઇ શકશે કે ભારતધર્મ મહાપરિષદ્‌ની એક બેઠકમાં પ્રયાગના સુપ્રસિદ્ધ વકીલ પંડિત મદનમોહન માલવિયાએ ત્હેમના

ચરણને સ્પર્શ કર્યો હતો. પ્રજાભક્તિનો એથી વધારે સારો નમૂનો ક્ય્હાં મળી શકશે ? !

મુંબઈના લોકોએ નજરો નજર જોયું છે કે જાનકીબાઇ બહાર નીકળે છે ત્ય્હારે પચીસ પચાસ ગરીબો ત્હેમની આસપાસ વીંટળાઈને 'માઇ માઇ,' કહેતા ત્હેમની સાથે ચાલે છે.

દેખાવમાં તેઓ સુંદર, સુડોળ, કૃશ અને ઠીંગણા કદનાં છે. હમેશાં શ્વેત સાડી પહેરે છે. ચટાઇ ઉપર સૂએ છે અને કેવળ એક વાર પોતાને હાથે રાંધીને ભોજન કરે છે. તે પણ નિયમિત વખતે નહિ, પરંતુ ગરીબોને મદદ કરતાં જ્ય્હારે ફુરસદ મળે ત્ય્હારે ખાઇ લે છે; ઠંડીના દિવસોમાં પણ એક સાધારણ ઓઢણી સિવાય બીજું કાંઇ ઓઢતાં નથી.

પ્રાતઃકાળમાં પાંચ વાગ્યે ઉઠીને ફરવા નીકળે છે; તે આખો દહાડો ફર્યા કરે છે. ગરીબોના રક્ષણ સારૂ કોઇની સાથે લ્હડે છે, કોઇની સાથે વઢે છે, કોઇને ધમકાવે છે, કોઇને સ્હમજાવે છે અને કોઇની આજીજી કરે છે. પણ પોતાને શરણે આવેલા નિરાધાર ગરીબોને કદી કષ્ટ પડવા દેતાં નથી. હિન્દુ અને મુસલમાન બન્ને ઉપર ત્હેમની સરખી કૃપા છે, ગરીબોજ ત્હેમના કુટુંબીઓ છે, અને ત્હેમનું રક્ષણ કરવું એજ ત્હેમના જીવનનું મહા વ્રત છે.

૨૫—બેગમ શમસુજ જહાન.

બંગાળા, બિહાર અને ઉડિસ્યાના છેવટના નવાબ નાઝિમ સ્વર્ગવાસી મહામાન્ય સૈયદ મનસુર અલ્લીખાન બહાદુરની સહધર્મિણી નવાબ શમસુજ-જહાન બેગમનો જન્મ ઇ. સ. ૧૮૩૪માં મુર્શિદાબાદ નગરમાં થયો હતો. ૧૩ વર્ષની ઉમરે નવાબ બહાદુર સાથે ત્હેમનું લગ્ન થયું હતું. લગ્ન પછી મુર્શિદાબાદના નવાબના કુટુંબની દેખરેખ રાખવાનું અને બધો વહિવટ ચલાવવાનું ત્હેમને માથે આવી પડયું અને ત્હેમને બંગાળાની નવાબ બેગમની ઉપાધિથી વિભૂષિત કરવામાં આવ્યાં. એ લગ્નના પરિણામે ત્હેમને ૧૮ પુત્રપુત્રી પ્રાપ્ત થયાં હતાં; પરન્તુ દુઃખની વાત એ છે કે ત્હેમાંથી ફક્ત ત્રણજ સંતાન જીવતાં રહ્યાં હતાં; બાકીનાં બધાં માતપિતાના હ્રદયને દારૂણ શોકશલ્યથી વિંધી નાંખીને બાલ્યાવસ્થામાંજ કાળના મુખમાં સપડાઇ ગયાં હતાં.

ઇ. સ. ૧૮૮૪ માં મુસલમાનોના પ્રીતિપાત્ર નવાબ માનનીય નાઝિમ બહાદુરે પરલોકગમન કર્યું. પતિવિયોગથી બેગમ સાહિબાના શોકનો પાર રહ્યો નહિ. શોકસંતપ્ત હ્રદયને શાંત કરવાના ઉદ્દેશથી પુત્ર અને મ્હોટા રસાલા સાથે બેગમ સાહિબા કરબલાની યાત્રા કરવા નીકળ્યાં. એ ધર્મક્ષેત્રમાં જઇને ત્હેમણે અનેક ધર્મકાર્યમાં બે લાખ રૂપિયા ખર્ચ કર્યા. આથી ત્યહાંના લોકોને ત્હેમની દયાનો પરિચય મળ્યો. અને બેગમ સાહિબા

ઉપર ત્હેમને શ્રદ્ધા અને ભક્તિ ઉત્પન્ન થઈ. કરબલામાં ભારતીય મુસલમાન વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા સારૂ એક મદરેસા (નિશાળ) સ્થાપવાને ત્હેમણે પાંચહજાર રૂપિયાનું દાન કર્યું. સાત મહિના સુધી કરબલામાં વાસ કર્યા પછી બેગમ સાહિબા ભારતવર્ષમાં પાછાં ફર્યાં અને મુંબઈ નગરીમાં વાસ કરવા લાગ્યાં. ત્ય્હાં એક વર્ષ સુધી રહ્યા પછી એ પોતાની રાજધાની મુર્શિદાબાદમાં પાછાં ફર્યાં, તે વખતે મુર્શિદાબાદવાસીઓએ ઘણા હર્ષપૂર્વક ત્હેમનો સત્કાર કર્યો. મુર્શિદાબાદમાં થોડો સમય રહીને એ પાછાં મુબઇ ગયાં.

ઇ. સ. ૧૮૮૭ માં સ્વર્ગવાસી મહારાણી વિક્ટોરિયાની સુવર્ણ જ્યુબિલીને પ્રસંગે માનનીયા બેગમ સાહિબાએ ત્હેમને એક અભિનંદનપત્ર આપવા સારૂ ખાનબહાદુર મિરઝા સુજાત-અલીને ઇંગ્લેંડ મોકલ્યા. એ ખાનબહાદુર સાહેબને ઈંગ્લેંડમાં કેળવણી અપાવવાનું ખર્ચ પણ બેગમ સાહિબાએજ કર્યું હતું.

ઇ. સ. ૧૮૮૮ માં પુત્ર અને નોકરો ચાકરો સાથે બેગમે ફરીથી અરબસ્તાનમાં મક્કા અને મદિના તીર્થની યાત્રા કરી. સુવેઝની નહેરમાં એ પહોંચ્યાં ત્ય્હારે મિસરના માનવંતા ખેદિવ બહાદૂરના નૌકાખાતાના અમલદાર અબદુલ રેહમાન બેગ સાહેબે ત્હેમને ઘણો આવકાર આપ્યો. ત્ય્હાંથી બેગમ સાહિબા જિદ્દાની યાત્રા કરવા ગયાં. જિદ્દાથી મક્કા અને મદિનાની યાત્રા કરીને ધર્મ કર્મ સંપાદનપૂર્વક એ પાછાં મુંબઇ આવ્યાં અને ત્ય્હાં ઈ. સ. ૧૮૯૩ સુધી રહ્યાં. એ સમયમાં ત્હેમના એકના એક પુત્ર સુલતાન સાહેબે કલકત્તા શહેરમાં પ્રાણત્યાગ કર્યો. ત્ય્હાર પછી બીજો ભરથાર નહિ કરવાની શર્તે બ્રિટિશ સરકારે બેગમ સાહિ-

આને એક લાખ રૂપિયાનું વર્ષાસન આપવાનું ઠરાવ્યું.

નવાબ બેગમ સાહિબા અતિશય દાનશીલ રમણી હતાં. ઈ. સ. ૧૮૯૩ માં એકના એક પુત્રના મૃત્યુને લીધે શોકગ્રસ્ત થવાથી ત્હેમની દાનશીલતામાં વધારો થયો હતો; આજ દિન સુધીમાં ત્હેમણે આઠ લાખ રૂપિયા દાન કર્યું છે. દાન કરવામાં ત્હેમનો હાથ છુટો હતો એટલુંજ નહિ પણ જનસમાજના કલ્યાણને લગતાં દરેક કામ તરફ ત્હેમની ઉંડી સહાનુભૂતિ હતી. એવાં કાર્યોની ઉન્નતિ માટે એ પુષ્કળ ઉત્સાહ બતાવતાં, લોકોપયોગી ઘણાં કામોને ત્હેમના તરફથી ઉત્તેજન મળતું હતું. કાઉન્ટેસ ઓફ ડફરીન ફન્ડનાં એ પેટ્રન હતાં. સ્ત્રી કેળવણીનો પ્રચાર કરવાને ત્હેમણે ઘણો પ્રયત્ન કર્યો હતો. એ કામ તરફ પોતાની દિલસોજી બતાવવા સારૂ ત્હેમણે પોતાને ખર્ચે કલકત્તામાં એક કન્યાશાળા સ્થાપી હતી. ઇ. સ. ૧૮૯૮ માં નવાબ બેગમ સાહિબાએ ધર્મકાર્યમાં ખર્ચ કરવા સારૂ ઘણી મ્હોટી મિલ્કત 'વકફ' કરી હતી.

ઇ. સ. ૧૮૯૮ માં સ્વર્ગવાસી મહારાણી વિકટોરિયાએ નવાબ બેગમ સાહિબાને સિ. આઈ. ની ઉપાધિ બક્ષીને સન્માનિત કર્યાં. એ પ્રમાણે બંગાળા, બિહાર અને ઉડિસ્યાના છેલ્લા નવાબ નાઝિમ બહાદુરનાં સહધર્મિણી સાહિબા સિ. આઇ. ૮૦ વર્ષ સુધી પોતાના ગૌરવરૂપી પ્રભાથી ગૌડ દેશને પ્રભાસિત રાખીને, બંગાળી સંવત્ ૧૩૧૨ ની ૮ મી વૈશાખ ને શુક્રવારને દિને કલકત્તામાં પોતાના મહેલમાં આ ક્ષણભંગુર સંસારનો ત્યાગ કરીને અનંતધામમાં સીધાવ્યાં.

નવાબ બેગમ સાહિબા મુસલમાન સમાજમાં આદર્શ મહિલા

હતાં. ત્હેમની દાનશીલતા પ્રશંસાપાત્ર હતી. પોતાને દરવર્ષે એક લાખ રૂપિયાનું પેન્શન મળતું હતું, ત્હેમાંનો મ્હોટો ભાગ પરોપકારી કાર્યમાં ખર્ચતાં હતાં. લેડી ઇલિયટ હોસ્ટેલ ટ્રસ્ટફંડ, મુસલમાનોની અલિગઢ ખાતેની કૉલેજ, મેકેન્ઝી વૉર્ડ, માર્કીસ, સ્કવેર, મેટ્રોપોલિટન કલબ, બાલિકા મદરેસા ઈત્યાદિ સંસ્થાઓ ત્હેમની દયાશીલતાનો પરિચય હમેશાં આપ્યા કરશે. એ દયાની મૂર્તિ સમાન હતાં. ત્હેમની પાસે મદદ માગવા જનાર કોઇ પણ માણસ ખાલી હાથે પાછો આવતો નહિ. ત્હેમના મૃત્યુથી મુસલમાન સમાજે જનનીસ્વરૂપ એક સન્નારીને ગુમાવ્યાં છે. ત્હેમના અભાવથી ઘણા ગરીબ અનાથો આશ્રયશૂન્ય થઇ ગયા છે. ઈશ્વર ત્હેમના આત્માને શાંતિ આપો.

૨૬—સતી કમળા.

મથુરાથી થોડે દૂર એક ગામમાં એક ધનાઢ્ય વાણિયો રહેતો હતો. એ વાણિયા પાસે લક્ષ્મી તો અઢળક હતી, પણ ત્હેને ભોગવવાનું ત્હેના ભાગ્યમાં નહોતું. શ્વાસનો રોગ ત્હેને બાવીસ વર્ષની ઉમરમાંજ લાગુ પડયો હતો; પરન્તુ એવી દશામાં પણ પૈસાના પ્રતાપે ત્હેણે પંચાવન વર્ષની વય સુધીમાં પાંચ લગ્ન કરી નાંખ્યાં હતાં. એ ધનાઢ્યનું નામ કૂઢેમલ હતું. ત્હેની પાંચમી વારની ગૃહિણીનું મૃત્યુ થયું એટલે ચાર દિવસની અંદરજ એને લગ્ન

કરવાનું સૂઝયું. પછી શું જોઇએ? શેઠજીને સારૂ કન્યા આણી આપવા દલાલો ચારે તરફ જવા લાગ્યા, આખરે એક મહા મકખીચુસ વાણિયાએ પોતાની બાર વર્ષની સુંદર કન્યા કમળાનું સગપણ બુઢ્ઢા કૂઢેમલ સાથે કરી દીધું. ત્હેના બદલામાં એ કન્યાના પિતાએ અઢી હજાર રૂપિયા લેવા ઠરાવ્યા હતા.

કૂઢેમલનું સગપણ તો થઇ ગયું, પણ ત્હેના શરીરની અવસ્થા એવી હતી કે, લાકડીના ટેકા વગર એનાથી હરાતું ફરાતું નહિ. આંખોનું તેજ નાશ પામ્યું હતું. શરીરમાં બળ રહ્યું નહોતું. મ્હોંમાંથી એકે એક દાંત પડી ગયો હતો, એમ છતાં પણ કૂઢેમલને લગ્નનો લ્હાવો લેવાની ઇચ્છા થઈ. કમળાનો બાપ પણ ઘણો કંજૂસ હતો એણે એવાં એવાં નીચ કામો કરીનેજ વીસ હજાર રૂપિયા એકઠા કર્યા હતા. કમળાનું સગપણ કૂઢેમલની સાથે થઇ જવાથી એ ઘણો પ્રસન્ન થયો. એના મનમાં એવો વિચાર સદા આવ્યા કરતો કે મ્હારી પુત્રી કૂઢેમલની બધી માલમિલ્કતની માલિક થશે, એટલે ત્હેના બધા ધનનો મરજીમાં આવે તેમ ઉપયોગ કરવાનો મ્હને સારો લાગ મળશે. એ પોતાની સ્ત્રીને પણ વારંવાર સ્હમજાવ્યા કરતો કે જો આપણી દિકરી કેવી ભાગ્યશાળી છે. ધનસંપત્તિવાળું સારૂં ઘર ઘણાં પુણ્ય હોય તોજ મળે છે. કમળા પોતાની પડોશમાં એક કન્યાશાળામાં ભણ્યા કરતી હતી, અને ૧૨ વર્ષની વય થયા છતાં પણ સાંસારિક વિષયોથી અનભિજ્ઞ હતી. ત્હેની પોળમાં જ્યહારે ત્હેના પિતાની નિંદા થવા લાગી ત્યહારે ત્હેને બાપના કાળા કૃત્યનું ભાન થયું. કમળા રામાયણને ઘણા પ્રેમથી વાંચ્યા કરતી હતી અને જ્ઞાનની વાતો ઘણા ધ્યાનથી

સાંભળ્યા કરતી હતી. એ ઘણી સરલહૃદયા અને હસમુખી બાલિકા હતી. એ સદા પ્રસન્નચિત્ત રહેતી હતી. ત્હેની માતાએ ત્હેને ઘરનું કામકાજ પણ સારી પેઠે શિખવ્યું હતું.

સગાઇ થયા પછી થોડે દિવસે કમળાનું લગ્ન કૂઢેમલની સાથે થઇ ગયું. કમળાની ઉમર જ્યહારે પંદર વર્ષની થઇ ત્યહારે કૂઢેમલને સાઠ પૂરાં થયાં. કમળા બિચારીએ યૌવનના દ્વારમાં પ્રવેશ કર્યો તે વખતે વૃદ્ધાવસ્થાએ કૂઢેમલ ઉપર પૂરેપૂરૂં આક્રમણ કર્યું. એક તો ત્હેની ઉમર સાઠ વર્ષની હતી ત્હેમાં વળી દમનો અસાધ્ય રોગ હતો, તેથી ત્હેને આખો દિવસ ખાટલાવશ પડયા રહેવું પડતું. કમળા સાસરે ગઈ ત્યહારે પતિની બધી દુર્દશા ત્હેના જાણ્યામાં આવી તથા પિતાની ક્રૂરતા અને નીચતા ઉપર ત્હેને ઘણો તિરસ્કાર છુટયો. પરન્તુ કમળાનું ચિત્ત ઉચ્ચ પ્રકારના શિક્ષણથી પવિત્ર બન્યું હતું. ત્હેના પોતાના ચિત્ત ઉપર સદાચારની છાપ મજબૂત રીતે અંકિત થઈ ગઇ હતી. ત્હેણે સ્ત્રીઓના પરમ આરાધ્ય સતીત્વ-મંત્રની સાધના કરી અને વૃદ્ધ પતિની સેવામાં રાતદિન દત્તચિત્ત રહેવા લાગી. પતિ રોગી હોવા છતાં પણ એણે એની શુશ્રૂષા કરવામાં જરાએ કચાશ રાખી નહિ. કૂઢેમલને દમ ઉપડી આવતો ત્યહારે કમળા આખી રાત ત્હેની પાસે બેસીને ઓસડવેસડ કર્યા કરતી. પતિસેવા અને પવિત્ર આચરણથી એ પતિની પ્યારી બની ગઇ. કૂઢેમલ વારંવાર કહ્યા કરતો હતો કે 'વ્હાલી તું ન હોત તો આ ઘડપણમાં મ્હારી શી દશા થાત?'

કમળાએ સાસરે આવ્યા પછી પતિનું કાંઇ પણ સુખ ભોગવ્યું નહોતું, તોપણ વૃદ્ધપતિની સેવાને એ પોતાનું મુખ્ય

કર્તવ્ય ગણતી હતી અને એમાંજ પરમ સંતોષ માનતી હતી. સ્વપ્નમાં પણ એ પરપુરૂષનો વિચાર કરતી નહોતી. ઘરમાંથી ત્હેણે જવાન નોકર ચાકરોને રજા આપી દીધી હતી. ફક્ત એક વૃદ્ધ સ્ત્રી નોકર હતી. એ સ્ત્રી અતિ વૃદ્ધાવસ્થાને લીધે વારે ઘડીએ માંદી પડી જતી હોવાથી બહારનું કામ ત્હેનાથી થઇ શકતું નહિ. પતિને વાસ્તે દવા લાવવા સારૂ કમળાને ઘણી વખત જાતે વૈદ્યને ઘેર જવું પડતું. પરન્તુ એ હમેશાં નીચું જોઇને વૈદ્યની સાથે વાત કરતી અને પોતાનું કામ થઈ રહે એટલે નીચે મ્હોંએ પાછી આવતી.

કૂઢેમલના કુટુંબમાં એક યુવક ઘણો તોફાની, દુરાચારી અને લંપટ હતો. નવયૌવના કમળા સાથે અનુચિત પ્રેમ બાંધવાને અને ત્હેની મારફતે કૂઢેમલના મૃત્યુ પછી ત્હેની મિલ્કતનો ઉપભોગ કરવાને એ યુવક ઘણો ઉત્કંઠિત રહેતો હતો.

એક સમય, યમદ્વિતીયાને દિવસે કમળા પડોશની બે સ્ત્રીઓને લઇને યમુનાસ્નાન કરવા ગઇ. યમુના નદી ત્હેના ઘરથી એક માઇલ દૂર હતી એટલે એ દુષ્ટે જાણ્યું કે પોતાની નીચ અભિલાષા પૂર્ણ થવાનો આ સારો લાગ છે. એ પણ ચૂપચાપ એની પાછળ ગયો. એ દુષ્ટે કમળાની સાથે જનારી બે પડોશણોને પહેલેથી જ રૂપિયા આપીને સાધી રાખી હતી, અને ખરૂં પુછાવો તો એ બે કુલટાઓએજ લોભને વશ થઇને, કમળાનું પાતિવ્રત્ય ભંગ કરાવવાના ઉદ્દેશથીજ ત્હેને સ્નાન કરવા જવાની સલાહ આપી હતી. અસ્તુ ! રસ્તામાં એક નાળું આવ્યું એટલે એ દુરાચારી નવયુવકે ઇસારો કર્યાથી પેલી બે કુલટા સ્ત્રીઓ કાંઇ ને કાંઇ બહાનું કહાડીને ત્ય્હાંથી દૂર ચાલી ગઇ.

એટલામાં એ યુવક એકદમ કમળાની સન્મુખ આવ્યો અને એ નિરાધાર સુંદરીના બે હાથ પકડીને, બળાત્કારપૂર્વક ચુંબન લઇને કહેવા લાગ્યો "પ્યારી! તું ત્હારા જીવનને શું કામ વ્યર્થ ગુમાવે છે? મ્હારી સાથે પ્રેમ બાંધ અને સતીત્વના ખોટા મમત્વમાં એ બૂઢ્ઢાની પાસે બેસી રહેવાનું છોડી દે. વિષયભોગ એજ જીવનમાં ખરૂં સુખ છે. હું ત્હને સંસારનું ખરૂં સુખ ભોગવાવીશ. 'હું તન, મન, ધનથી ત્હારા ઉપર આસક્ત છું અને ખરીદી લીધેલા દાસની માફક ત્હારી સેવા કરવા આતુર છું.'

આ બધી વાતોથી સદાચારી કમળાના હૃદયને અસહ્ય ઘા લાગ્યો. ત્હેણે ઘણા ક્રોધપૂર્વક કહ્યું "અરે દુષ્ટ! દુરાચારી! લમ્પટ! મ્હારી આગળથી ચાલ્યો જા! ત્હારા જેવા કુતરાઓના ભસ્યાથી સતી પોતાના શિયળનો કદી નાશ કરવાની નથી. અરે દુષ્ટ! ત્હને આ શું સુઝયું છે! ત્હારી ઘણી દુર્દશા થનાર છે!"

ત્હેના મ્હોંમાંથી આ વચનો નીકળી રહ્યાં હતાં એટલામાં જ કેટલાક આદમીઓ એ રસ્તે આવી મ્હુછ્યા અને એ નરપિશાચ યુવક, કમળાને છોડી દઇને ત્મ્હાંથી ન્હાશી ગયો.

આ બનાવથી કમળાને અત્યંત મર્મભેદી વેદના થઇ. ત્હેણે મનમાં વિચાર કર્યો, 'હાય! આજ મ્હને પરપુરૂષે સ્પર્શ કર્યો! આજ હું પિતા અને પતિના કુળને કલંક લગાડનારી બની! બહારના માણુસો મ્હારી આ વિપત્તિની વાત સાંભળીને શું કહેશે! હું મ્હારા વૃદ્ધ પતિને શું કહીશ! મ્હારૂં જીવન હવે કલંકિત થઇ ગયું!' એવા એવા અનેક વિચારોને લીધે કમળાએ પોતાના પતિના પહેલાંજ દેવલોકમાં જવાનો સંકલ્પ કર્યો.

એ સંકલ્પ ત્હેણે પોતાના મનમાંજ રાખ્યો, અને પડોશણ સ્રીઓની સાથે સ્નાન કરવા યમુનાતટ ઉપર જઇ પહોંચી.

ત્હેની સાથેની બે સ્રીઓ સ્નાન કરવા ગઇ તે વખતે કમળા ત્હેમનાં વસ્રો સાચવવા ઘાટ ઉપર બેઠી. જ્યહારે એ બે જણીઓ સ્નાન કરીને આવી ત્યહારે કમળા યમુનામાં સ્નાન કરવા ગઈ અને ધીમે ધીમે ખૂબ ઉંડા પાણીમાં જવા લાગી. ત્હેની આ દશા જોઇને ત્હેની પડોશણો બોલી 'કમળા, તું નદીની વચમાં ન જઈશ ત્યહાં આગળ પાણી ઘણું ઉંડું છે. તું ડુબી જઇશ.' કમળા ભરનદીમાં જઇને કહેવા લાગી 'પ્યારી બ્હેનો! આજ પરપુરૂષનો સ્પર્શ થવાથી હું અપવિત્ર થઇ ગઇ છું. હમણાં યમુનાજીમાં પવિત્ર થઇને મ્હારા પતિના ચરણોનું ધ્યાન ધરતી ધરતી હું સતીલોકમાં જઉં છું. ત્યહાં આગળ હું પતિની રાહ જોતી બેસીશ. મ્હારા પતિને કહી દેજો કે મ્હારો અપરાધ ક્ષમા કરે. ત્હમારી કમળા દેવલોકમાં ત્હમારી સેવા કરશે. હે જમનામૈયા! તું પતિતપાવની છે! મ્હને ત્હારા ખોળામાં લઇ લે.' એટલું કહેતાં કહેતાં કમળાનું ચન્દ્રવદન યમુનાના જળમાં અસ્ત પામી ગયું! ધન્ય છે કમળા! ત્હારા પતિવ્રત ધર્મને!

કમળા સદૈવને માટે આ પાપી સંસારમાંથી વિદાય થઈ ગઈ પણ ત્હેનો વિમળ યશ ચારે તરફ પ્રસરી ગયો.

૨૭–કમળકુમારી.

પટના નગરમાં અમૃતલાલ નામનો એક મનુષ્ય ઘણો ધાર્મિક અને પુણ્યવાન હતો. રોજ પ્રાતઃ-કાળમાં ઉઠીને સ્નાનસંધ્યા તથા પૂજાપાઠ કરી નવ વાગ્યે નિવૃત્ત થઇને ધર્મપુસ્તકો વાંચતો. ત્યહાર પછી ભોજન કરતો અને પાછો આખો દહાડો ભગવદ્ભક્તિમાં લીન રહેતો. એનો સ્વભાવ ઘણો સાદો અને દયાળુ હતો. ત્હેની સ્ત્રી કમળકુમારી ઉપર તેનો ઘણોજ પ્રેમ હતો. બન્ને સ્ત્રીપુરૂષ સુખમાં દિવસ ગાળતાં હતાં. અમૃતલાલમાં એક દોષ એ હતો કે એ અફીણનો બંધાણી હતો. શરૂમાં તો એણે ઘણું થોડું અફીણ ખાવાની ટેવ પાડી હતી, પણ પાછળથી એણે માત્રા વધારવી શરૂ કરી, અને એક વખતને બદલે બે વાર અફીણ ખાવા લાગ્યો. ધીમે ધીમે એનાં બધાં કામકાજ છુટવા લાગ્યાં, એની ઇશ્વરભક્તિ પણ ઓછી થવા માંડી, જે સ્નાનસંધ્યાદિ કર્મ કરવામાં એને પહેલાં અમૃતના જેવો રસ લાગતો હતો, તે સર્વ કામ હવે કડવાં ઝેર જેવાં લાગવા માંડયાં. હવે તો અફીણ ખાઇને સૂઇ રહેવામાંજ ત્હેને મજાહ પડતી હતી. રળવા કમાવાની અને કુટુંબીઓનું પોષણ કરવાની ફિકર પણ એણે હવે છોડી દીધી. ધીમે ધીમે અફીણીઓના બધા દોષ એનામાં આવવા લાગ્યા. પહેલાં તો એને દાળભાત અને રોટલી અમૃત જેવાં લાગતાં હતાં, પણ હવે તો એની દાઢ સળકવા

માંડી. મીઠાઇ વગર એને ભોજન લુખું લાગતું. આવક તો બંધ થઇ અને ખર્ચ વધતું ગયું એટલે થોડા દિવસમાં હાથ ભીડમાં આવી પડયો અને અન્નને અને દાંતને વેર થવા વારો આવ્યો. ત્હેની સ્ત્રી કમળકુમારી પતિની આ દશા જોઇને ઘણી દુઃખી થવા લાગી. ઘરની બધી પુંજી ખૂટી ગઈ ત્યહારે એણે પોતાનાં ઘરેણાં વેચીને પતિ અને પુત્રોનું પાલન કર્યું, પરન્તુ જ્યહારે ઘરેણાં પણ ખૂટી ગયાં, ત્યહારે એની ઉદાસીનો પાર રહ્યો નહિ. રાત દિવસ ચિંતામાં રહેવાથી એ ઘણી દુર્બળ થવા લાગી. પોતાના પતિવ્રતનું રક્ષણ કરવાના વિચારથી એ બિચારી કદી ઘરની બહાર જતી નહિ, પણ ઘરમાંજ રેંટિયો કાંતીને કુટુંબનું પોષણ કરતી. જ્યહારે પેટ ભરીને અન્નજ મળવું કઠિન થઈ ગયું તો પછી પતિને માટે અફીણ અને મિષ્ટાન્ન કયહાંથી લાવે? બિચારી કમળકુમારી પેટે પાટો બાંધીને, જાતે કેટલાક દિવસ ભૂખી રહીને, પણ પતિની ઇચ્છા પૂરી કરતી. પરન્તુ અફીણને લીધે અમૃતલાલનો તો સ્વભાવજ બિલકુલ બદલાઇ ગયો હતો. જે દિવસે અફીણ અને ભોજનમાં વિલંબ થતો તે દિવસે એ બિચારીની ખાસડાંઓથી ખબર લેવાતી. પહેલાં એ પોતાની પત્ની ઉપર જેટલો પ્રેમ રાખતો હતો, તથા ત્હેનું મન જરા પણ દુભાવા નહોતો દેતો, તેટલોજ હવે એ એનો શત્રુ બની ગયો અને ત્હેના ઉપર જુલ્મ કરવા લાગ્યો. પરન્તુ કમળ-કુમારી ઘણી સતી અને પતિભક્ત હતી. પતિના અત્યાચારથી અસંતુષ્ટ થઇને એ પતિને કદી કડવાં વેણ કહેતી નહિ. જ્યહાં સુધી એનાથી બનતું ત્યહાં સુધી એ એની સેવામાં તત્પર અને આજ્ઞાપાલનમાં હાજર રહેતી અને એને સુધારવા પોતાનાથી

બનતો યત્ન કરતી. પરન્તુ પતિની આવી શોચનીય દશા જોઇને એ મનમાં ને મનમાં ઘણીજ ચિંતા કરતી હતી. પતિને ડહાપણને રસ્તે આણવા માટે એ સદા પરમેશ્વરની પ્રાર્થના કર્યા કરતી.

મનુષ્ય ઉપર આપત્તિ આવવા માંડે છે ત્‍હારે સામટી આવી પડે છે. અમૃતલાલ માંદો પડયો અને ત્‍હેના બચવાની આશા છોડી દેવામાં આવી. આ મંદવાડમાં કમળકુમારીએ જરા પણ ઘૃણા કર્યા વગર પતિનાં મળમૂત્ર ઉપાડયાં અને ત્‍હેની દવાદારૂ કરવામાં જરાપણ કચાશ રાખી નહિ. ઈશ્વરની કૃપાથી એને થોડોક આરામ થવા લાગ્યો અને થોડા દિવસમાં એ બિલકુલ સાજો તાજો થઇ ગયો. હવે એની આંખ ઉઘડી અને પોતાની મૂર્ખતા ઉપર પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એણે કહ્યું 'પ્રિયે ! મ્હેં ત્‍હારો ઘણો અનાદર કર્યો છે, અને ત્‍હને ઘણું દુઃખ દીધું છે. હવે મ્હારી શી ગતિ થશે? હું મ્હારા અપરાધ માટે ત્‍હારી ક્ષમા માગું છું.'

પતિનાં એવાં મૃદુ વચન સાંભળીને કમળકુમારી હાથ જોડીને બોલી 'પ્રાણેશ ! આપ એટલા બધા પસ્તાઓ છો શા માટે? આપ તો મ્હારા પ્રભુ છો અને હું આપની દાસી છું. આપે કોઈ અનુચિત કર્મ કર્યું નથી, આપ ચિન્તા ન કરશો. ઈશ્વર સૌ સારાં વાનાં કરશે.' અમૃતલાલે કહ્યું 'આ મંદવાડમાં મ્હારા બચવાની જરાપણ આશા નહોતી પરંતુ ત્‍હારા ખરા પાતિવ્રત્ય અને ભગવદ્દભક્તિને લીધે હું કાળના મ્હોંમાંથી બચી ગયો છું. હું ત્‍હારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.'

કમળકુમારીએ કહ્યું 'સ્ત્રી તો પતિની દાસી છે. મ્હેં જે કાંઇ કર્યું છે તે મ્હારો ધર્મ સ્હમજીને કર્યું છે. આપ મ્હારી સાથે આવાં નમ્રતાનાં વચનો બોલીને મ્હને પાપમાં ન નાંખશો.'

બસ, એજ દિવસથી પતિ પત્ની ઘણા સુખપૂર્વક દિવસ ગાળવા લાગ્યાં. પતિને એક દિવસ ઘણા પ્રસન્ન જોઇને કમળકુમારીએ કહ્યું ‘ પ્રાણનાથ ! આપ અફીણ વધારે ખાઓ છો. એથી આપનું શરીર છેકજ લેવાઇ ગયું છે. આપ રજા આપો તો હું એવો યત્ન કરૂં કે જેથી આપની અફીણની ટેવ ઓછી થઇ જાય અને આપનું કષ્ટ પણ રહે નહિ.’

અમૃતલાલે પત્નીની ઇચ્છા પ્રમાણે વર્તવાનું કબૂલ કર્યું. કમળકુમારીએ અફીણની માત્રાને એક ખડીના ટુકડાથી તોળી જોઈ અને પછી રોજ એ ખડીના માપ પ્રમાણે આપવું શરૂ કર્યું, પણ એ રોજ સ્હવારસ્હાંજ ખડીને એક લીસોટા જેટલી ઘસીને ઓછી કરતી હતી, જેમ જેમ ખડી ઘસાતી ગઇ તેમ તેમ અફીણની માત્રા પણ ઓછી થતી ગઈ. આખરે અમૃતલાલની અફીણની ટેવ બિલકુલ છુટી ગઇ અને એ નિરોગી બન્યો.

આ પ્રમાણે કમળકુમારીએ નિઃસ્વાર્થ પતિપ્રેમને લીધે પતિને સત્ય માર્ગ ઉપર આણ્યો.

૨૮—ચન્દ્રપ્રભા.

જે ન્યાતોમાં કુલીનત્વનો રિવાજ પ્રચલિત હોય છે, ત્ય્હાં માતપિતાઓ કન્યાના સુખ દુઃખનો વિચાર કર્યા વગર ત્હેને કુળવાન ગણાતા ગમે તેવા પુરૂષ સાથે પરણાવી દેવામાં પોતાનું સદ્‌ભાગ્ય સ્હમજે છે. એ રિવાજને લીધે કેવાં પરિણામ આવે છે ત્હેનું આ એક ઉદાહરણ છે.

કાનપુરમાં દેવદત્ત નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. ત્હેને એક પુત્ર હતો. ત્હેનું નામ શિવદત્ત હતું. દેવદત્ત ઘણીજ સાધારણ સ્થિતિનો બ્રાહ્મણ હતો અને મહા મુશ્કેલીએ પોતાનું ભરણ-પોષણ કરતો. પરન્તુ એ પોતાની ન્યાતમાં કુળવાન ગણાતો હતો એટલે એના છોકરા માટે કન્યાઓની ખોટ નહોતી. આઠ વર્ષની બાળ વયમાં ત્હેના છોકરા શિવદત્તનું લગ્ન એક ધનવાન બ્રાહ્મણની ચન્દ્રપ્રભા નામની પંદર વર્ષની કન્યા સાથે થઇ ગયું. આઠ વર્ષનો વર અને પંદર વર્ષની કન્યા. 'વાંચક ! આ તે કેવું કજોડું કહેવાય !' કન્યા નામ પ્રમાણેજ રૂપવતી હતી. ત્હેની કાન્તિ ચન્દ્રમાના જેવી હતી. એ ઘણીજ બુદ્ધિશાળી અને પરમ સતી હતી. પતિવ્રતા સ્ત્રીના બધા ઉત્તમ ગુણો ત્હેનામાં હતા. એણે વિદ્યાભ્યાસ પણ સારો કર્યો હતો. તે ઉપરાંત ભરવા શીવવાનું તથા ગુંથવાનું કામ પણ એ સારી પેઠે જાણતી હતી. પરન્તુ ત્હેના પતિ શિવદત્તના ગુણ એથી બિલકુલ ઉલટા હતા. એ રંગે કાળો મેશ હતો; જાણે મ્હોં ઉપર કલેડું ઘસ્યું હોયને ! આંખ પણ ત્હેને એક હતી અને ભણવામાં તો એ કાળા અક્ષરને કુટી મારે એવો હતો. દુર્ભાગ્યે ત્હેના લગ્ન પછી થોડાજ દિવસોમાં ત્હેનો પિતા મરી ગયો. સસરાના મૃત્યુથી ચન્દ્રપ્રભાને તો ઘણું દુઃખ થયું. તે બિચારી તો સ્હમજી ગઇ કે મુરબ્બીના જવાથી હવે ઘર સંસારની બધી ચિન્તા હમારા ઉપર આવી પડી. પણ ત્હેનો પતિ શિવદત્ત તો પિતાના મૃત્યુથી ઘણો પ્રસન્ન થયો. એ તો સ્હમજ્યો કે પિતાના મરી ગયાથી સાલ ગયું. શિવદત્ત બચપણથીજ ઘણો ઉદ્ધત હતો અને ભણવા-ગણવાને બદલે ચોરી કરવાનો અને જુગાર રમવાનો એણે

સારો અભ્યાસ કર્યો હતો. દેવદત્ત જીવતો રહ્યો ત્ય્હાં સુધી તો એણે પુત્રને એવાં દુષ્ટ કામોમાંથી રોકવાને બનતો પ્રયત્ન કર્યો હતો, પરન્તુ એના મરી ગયા પછી શિવદત્ત ઉપર કોઈની ધાક રહી નહિ. હવે એ તો નિર્ભય થઈને પોતાનાં દુષ્ટ કામો કરવા લાગ્યો અને થોડા સમયમાં એમાં પ્રવીણ થઈ ગયો. ગાંજા અને ચડસનો દમ લેવો, ચોરી કરવી અને જુગાર રમવું, એ ત્હેનાં રોજનાં નિયમિત કામ હતાં. એની સાથે અસત્ય, અન્યાય, અને નિર્દયતા આદિ દોષોમાં પણ તે ઉસ્તાદ બની ચૂકયો હતો. પિતાના મરી ગયા પછી એ સ્વતંત્રપણે જ્ય્હાં મરજીમાં આવે ત્ય્હાં જતો અને મરજીમાં આવે તે કામ કરતો. બિચારી ચન્દ્રપ્રભા પોતાના બાળક પતિની આ દશા જોઈને મનમાં ને મનમાં ઘણીજ દુઃખી થતી. એ બિચારી ત્હેને ઘણીએ શિખામણ આપતી પણ એનું સાંભળે કોણ? એ જરા બોલવા જતી તો શિવદત્ત ગાળો અને દંડાથી ત્હેની ખબર લઈ લેતો, એટલે ચન્દ્રપ્રભા બિચારી પોતાની લાજ સાચવીને ઘરના ખુણામાંજ બેસી રહેતી.

શિવદત્ત જેમ જેમ મ્હોટો થતો ગયો તેમ તેમ ત્હેના દુર્ગુણો પણ વધતા ગયા. **समान शील व्यसनेषु मैत्री** એ નિયમ પ્રમાણે ત્હેને પોતાના જેવા દુષ્ટ મિત્રો પણ મળી આવ્યા. સ્હવારથી તે રાતના બાર વાગ્યા સુધી શિવદત્તને ત્ય્હાં દોસ્તોની મિજલસ જામતી અને ત્ય્હાં ભાંગ, ગાંજો, ચડસ વગેરે ખૂબ ઉડતાં. તે ઉપરાંત એમને મીઠાઈ અને માલમશાલા પણ ખૂબ ઉડાવવા મળતા. આ પ્રમાણે એકબે નહિ પણ લગભગ વીસેક બદમાશો રાતદિવસ શિવદત્તને ત્ય્હાં પડયા ને પાથર્યા રહેતા અને ખૂબ મોજમઝા મારતા.

ચન્દ્રપ્રભાના પિતાને ત્ય્હાંથી પહેરામણીમાં મળેલું ધન પહોચ્યું ત્ય્હાં સુધી આ બધું ખર્ચ એમાંથી થયા કરતું. પણ આવા અંધાધુન ખર્ચ આગળ એને ખુટી જતાં કેટલી વાર લાગે ? રોકડ પુંજી ખુટી ગઈ એટલે ઘરેણાં ગાંઠાનો વારો આવ્યો. બિચારી ચન્દ્રપ્રભા એને ઘરેણાં વેચતાં રોકતી તો એ દુષ્ટ ત્હેના હાથ પગ બાંધી લઇને ખૂબ મારતો. જ્ય્હારે ઘરેણાંનું પણ પાણી થઇ ચૂકયું ત્ય્હારે વાસણોનો વારો આવ્યો. પણ વાસણોને ખુટતાં કેટલી વાર લાગે. થોડા દિવસમાં શિવદત્તની પાસે વેચવા યોગ્ય કાંઇ પણ મિલ્કત રહી નહિ, હવે તો ભૂખે મરવાનો સમય આવ્યો. પણ **बुभुक्षितः किन्न करोति पापम्** (ભૂખ્યો આદમી કયું પાપ નથી કરતો ?) એ નિયમ પ્રમાણે ત્હેણે ચોરી કરવાનો આરંભ કર્યો. ત્હેના લફંગા મિત્રોની સોબત હજુ સુધી પણ છુટી નહોતી. ત્હેના બધા મિત્રો, ચોરી, જુગાર, અસત્ય, વ્યભિચાર અને દગાબાજી વગેરેમાં પૂરા હતા એટલે શિવદત્તનું ઘર તો એ બધા અનાચાર અને પાપોના ભંડારરૂપ બન્યું.

ચન્દ્રપ્રભા ઘણી સતી હતી. પતિ તરફથી આટલું દુઃખ પડતું હતું તોપણ એ કોઇ દિવસ પતિની નિંદા કરતી નહિ. એ ભણીગણી અને ભરવાગુંથવાના કામમાં પ્રવીણ હતી. પણ એની સામગ્રી ખરીદવા જેટલું દ્રવ્ય પણ ક્ય્હાંથી લાવવું ? જ્ય્હારે એને બે દિવસનો ઉપવાસ કરવો પડયો ત્ય્હારે એણે એક પડોશણ પાસેથી બે આના ઉધાર લઇને રૂ મંગાવ્યું અને એને કાંતીને બજારમાં વેચ્યું. એનો જે નફો આવ્યો ત્હેનું બીજું રૂ મંગાવ્યું અને તે કાંતીને નફા સાથે વેચ્યું. એના નફામાંથી એક આનાનો લોટ મંગાવીને પતિને ખવરાવતી અને

પોતે એક પૈસાના ચણા ખાઇને ગુજરાન કરતી. આ પ્રમાણે કરીને થોડાં દિવસમાં એણે એક રૂપિયો એકઠો કર્યો અને એ રૂપિયામાંથી ટોપી ભરવાનો સામાન મંગાવ્યો. આ ટોપી ઉપર એણે રેશમનું એવું સરસ ભરતકામ કર્યું કે બજારમાં એ ટોપી બે રૂપિયે વેચાઇ. આ પ્રમાણે એ પોતાના પરિશ્રમથી પતિનું ને પોતાનું પેટ ભરતી. થોડા દિવસ તો શિવદત્ત ઠેકાણે રહ્યો પણ ખરાબ સોબતને લીધે પાછો એ પોતાનાં દુષ્ટ આચરણો કરવા લાગ્યો. ચન્દ્રપ્રભા રાતના બાર બાર વાગ્યા સુધી જાગીને તથા પેટે પાટો બાંધીને કમાતી, પણ આ દુષ્ટ એના બધા પૈસા પડાવી લઇને ખરાબ માર્ગે ઉડાવી દેતો.

ચન્દ્રપ્રભા ઘણીજ પતિવ્રતા હતી. પતિ તરફથી આટલું બધું દુઃખ પડતું હતું પણ એ કદી પરાયા પુરૂષ તરફ જોતી નહોતી. એ પોતાના પતિના દુરાચારી લંગોટીઆ દોસ્તદારોથી ઘણું બ્હીતી હતી. એ દુષ્ટ બદમાશોમાંથી કોઇની નજર એના ઉપર પડશે તો એનું સતીત્વ ભ્રષ્ટ થશે, એવી ત્હેને શંકા રહેતી. એટલા માટે એ પોતાના ઓરડામાં કમાડ બંધ કરીને બેસી રહેતી અને કદી એમના દેખતાં બહાર નહોતી આવતી. પરન્તુ દુષ્ટ માણસોથી બચવું ઘણું મુશ્કિલ છે. શિવદત્તના મિત્રોમાં તેજુ નામનો એક સોની હતો. એ ઘણોજ લંપટ, વ્યભિચારી અને પ્રપંચી હતો. એક દિવસ કાંઇ કામનું બહાનું કહાડીને એ ઘરની અંદર ચાલ્યો ગયો અને ચન્દ્રપ્રભાના ઓરડામાં પેસી ગયો. ત્હાં શરદ્પૂર્ણિમાના ચન્દ્ર જેવી ચન્દ્રપ્રભાનું સૌન્દર્ય જોઇને એ સ્તબ્ધ થઇ ગયો અને પ્રેમની વાતો કહીને એને લલચાવવા લાગ્યો, પણ ચન્દ્રપ્રભાએ ત્હેને ઉત્તર આપવાને

બદલે એક એવો તો જબરો ધક્કો માર્યો કે તેજુ બહાર જઇને પડયો. ચન્દ્રપ્રભાએ તરત જ કમાડ બંધ કરી દીધાં. આથી તો એ સોનીને ઘણી શરમ આવી અને ક્રોધને લીધે લાલચોળ આંખો કરીને બબડવા લાગ્યો. થોડી વારમાં એણે ચન્દ્રપ્રભા ઉપર વૈર લેવા માટે કોઈ બીજા પુરૂષની તરફથી ચન્દ્રપ્રભાના નામનો એક બનાવટી કાગળ લખાવ્યો અને એ પત્ર શિવદત્તના હાથમાં મૂકીને કહ્યું ‘ હું હમણાં ઘેરથી આવતો હતો એટલામાં રસ્તામાંથી આ પત્ર મળ્યો.’

બસ પછી શું જોઇતું હતું? શિવદત્તમાં એટલી અક્કલ ક્યહાં હતી કે એ લાંબો ટુંકો વિચાર કરે. પત્ર વાંચતાં વારજ એ ક્રોધથી ગાંડા જેવો થઈ ગયો અને ચન્દ્રપ્રભાના ઓરડા તરફ ગયો. ચન્દ્રપ્રભા બેઠી બેઠી એક મોજાંની જોડ ગુંથી રહી હતી. એકાએક પતિએ કમાડ ઠોક્યાં એટલે એણે ઉઠીને બારણાં ઉઘાડયાં અને ભયથી કાંપતે કાંપતે કહ્યું ‘ પ્રાણનાથ! આજ આપ........’ બસ, એ બિચારી પોતાનું વાકય પૂરૂં પણ ન કરી શકી એટલામાં તો દુષ્ટ શિવદત્તે એક તલવાર ત્હેની ગરદન ઉપર એવી મારી કે એ તરત જ મરણતોલ થઇ ગઈ. ત્હેના ઘામાંથી લોહીની નદી વહેવા લાગી. દુષ્ટ શિવદત્ત તો લોહીથી ખરડાયેલી તલવારને ત્યહાં જ ફેંકી દઇને ઓરડાનું બારણું બંધ કરીને પોતાની બેઠકમાં જઇ બેઠો, અને જાણે કે કાંઇ પણ બન્યું ન હોય તેમ પોતાના સોબતીઓની સાથે બેસીને ગપ્પાં મારવા લાગ્યો.

પરન્તુ પાપ કોઇ દહાડો છાનું રહેતું નથી. ચન્દ્રપ્રભાના ઘામાંથી નીકળતું લોહી મોરીમાં થઇને બહાર નીકળ્યું ત્યહારે

પાડોશીઓને શક પડયો અને ત્હેમણે પોલીસને ખબર આપી. તરત જ કોટવાલે આવીને ઘરની ઝડતી લીધી અને શિવદત્તને ત્હેના બધા મિત્રો સાથે પકડી લીધો. ચન્દ્રપ્રભાના દેહમાં એ વખતે પ્રાણ હતો. મરવામાં એને હજુ બેચાર મિનિટનો વિલંબ હતો. પોલીસે ત્હેની પાસે જઇને ત્હેને મારનારનું નામ પૂછ્યું, તો એણે કહ્યું ' હું અહિંયા સૂઇ રહી હતી અને ખીંટી ઉપર તલવાર લટકી રહી હતી. અકસ્માત્ એ મ્હારા ઉપર પડી અને............' એટલું બોલતાં બોલતાંમાં તો એનો પ્રાણ જતો રહ્યો. એણે મરતે મરતે પણ પોતાના દુષ્ટ પતિને બચાવવાનો યત્ન કર્યો. હિન્દુ અબળા ! ધન્ય છે ત્હારી પતિભક્તિને ! !

૨૯—જામિની.

બંગાળા પ્રાંતમાં આવેલા બાઘેરચર નામના ગામમાં રહેનાર નામશુદ્ર જાતિની આ એક કુલાંગના છે. ત્હેનો પતિ કોઇ કારણથી ઘરબાર છોડીને ન્હાસી ગયેલો હોવાથી એ પોતાના બે વર્ષના બાળકને લઇને ઘરમાં એકલી રહેતી હતી. એક દિવસ રાતના બે વાગ્યે કોઇ બદમાશે આવીને ત્હેનું બારણું ખખડાવ્યું. ત્હેણે, પૂછ્યું કે ' કોણ છે ? ' કાંઇ પણ પ્રત્યુત્તર મળ્યો નહિ. જામિની સ્હમજી ગઇ કે આવી અંધારી રાતે ગુપચુપ આવનાર મનુષ્ય પાશવ

વૃત્તિધારી કોઈ બદમાશ જ હોવો જોઇએ. આ વખતે તે એકદમ ભયભીત થઇ ગઇ નહિ. ત્હેણે પોતાનું શિયળ જીવસટ્રે સાચવવાનો મનમાં ને મનમાં સંકલ્પ કર્યો અને બારણું ઉઘાડ્યા વગર ઘરમાં જ દૃઢતાથી બેસી રહી. પરન્તુ ગામડાના ઘરના તકલેદી કમાડને તોડતાં કેટલી વાર? એ કામવિહ્વળ પિશાચે બારણું તોડી નાખીને જામિનીના ઘરમાં પ્રવેશ કર્યો, અને નિરાધાર અબળા જામિનીના ઉપર બળાત્કાર કરવા યત્ન કર્યો. પરંતુ સતીત્વના અદ્‌ભુત બળથી પ્રેરાયેલી જામિનીમાં આ વખતે કાંઈક અપૂર્વ સાહસ આવ્યું હતું. અત્યારે તે અબળા જેવી દીસતી નહોતી પણ અસુરનો સંહાર કરવા તૈયાર થયેલી મહા કાળી સમાન પ્રચંડ દીસતી હતી. ત્હેણે હિમ્મત અને સાહસથી એવા તો જોરથી એક મુકકો માર્યો કે એ દુષ્ટને ઝટપટ ત્ર્હાંથી અગિયારા ગણવા પડ્યા. એ વખતે તો એ દુષ્ટ એના પંજામાંથી સટકી જઇ શકયો, પણ સતીએ મારેલો મુકકો એટલો બધો સખ્ત હતો કે એની જ વેદનાથી એ સભાર ગામમાં આઠ દિવસની અંદર મરણ પામ્યો. પોલિસને તપાસ કરતાં માલૂમ પડયું કે જામિનીના મારને લીધે જ એનું મૃત્યુ થયું છે. પોલિસે જામિનીને પકડીને મેજીસ્ટ્રેટ પાસે મોકલી આપી, પણ સાથે ભલામણ કરી કે એને જામીન ઉપર છોડવી જોઇએ. મેજીસ્ટ્રેટે પણ દયા લાવીને ત્હેને જામીન ઉપર છોડી. યોગ્ય સમયે મુકદ્દમો ચલાવવામાં આવ્યો અને મેજીસ્ટ્રેટે પૂરી તપાસ કર્યા પછી જામિનીને કેવળ નિર્દોષ ગણીને છોડી મૂકી.

બંગાળા પ્રાંતમાં નામશુદ્ર જાતિ ઘણી જ નીચ ગણાય છે. હમે ભૂલતા ન હોઇએ તો અત્યંજની પંક્તિમાં આવે છે.

પરન્તુ એક બ્રાહ્મણ લલનાને પણ શોભા આપે એવી દૃઢતાથી પતિની ગેરહાજરીમાં પોતાના શિયળનું રક્ષણ કરીને જામિનીએ મનુષ્ય જન્મનું સાર્થક કર્યું છે. ધન્ય છે સતી જામિનીને !

૩૦—પીરોજબાઈ શાપુરજી બાટલીવાળા.

આ સન્નારીનો જન્મ મુંબઇના એક સુપ્રસિદ્ધ પારસી કુટુંબમાં, સુવિખ્યાત પરોપકારી નર, પહેલા બેરોનેટ, સર જમશેદજી જીજીભાઇની એકની એક દિકરી તરીકે ઇ. સ. ૧૮૩૪ માં થયો હતો. ત્હેમના સરળ સ્વભાવ, ઉંચા પ્રકારના વિચાર અને સખાવતી સ્વભાવને લીધે પારસી જાતિમાં ત્હેમનું નામ સરનાં પીરોજબાઈ તરિકે ઘરગથ્થુ અને લોકપ્રિય થઇ પડયું છે. શ્રીમતી પીરોજબાઇના જન્મ સમયે, જે છુટ પારસી રમણીઓ હાલ ભોગવે છે ત્હેનું તો નામનિશાન પણ નહોતું. સરસ્વતીના દર્શનથી તો ત્હેમને દોઢ ગાઉ દૂર રાખવામાં આવતી અને ઘણી બાળ વયમાંજ કોઈ એક બાળક સાથે ત્હેમનું લગ્ન કરી દેવામાં આવતું. એ વખતે પારસી દંપતીઓ હાલની માફક હાથમાં હાથ ઝાલીને સજોડે એન્ડસ્ટેન્ડ કે ચોપાટી ઉપર ફરવા જતાં નહિ, અરે, ઘરમાં પણ વડિલોનાં દેખતાં પતિની સ્હામે જોવું એ ત્હેમને માટે મર્યાદાનો ભંગ કર્યા સમાન ગણાતું.

બાઇ પીરોજબાઈનો જન્મ એક અતિ શ્રીમંત કુટુંબમાં થયો હતો. સદ્‌ભાગ્યે હેમના પિતા સર જમશેદજી જીજીભાઇ બીજી બાબતમાં જૂના વિચારના ધર્મિષ્ઠ પારસી હોવા છતાં પણ 'સ્ત્રી કેળવણી'ના પક્ષપાતી હતા. હેમણે લોકનિંદાની જરા પણ પરવા નહિ કરતાં પોતાની એકની એક કન્યાને ગુજરાતી ભાષાનો સારો અભ્યાસ કરાવ્યા પછી ખપ જોગું અંગ્રેજી શિક્ષણ પણ આપ્યું હતું. સર જમશેદજીએ હેમનું લગ્ન પણ ઘણી બાળવયે ન કરતાં તેર વર્ષની ઉમરે કર્યું હતું. જે કોમમાં હાલ ચાલીસ વર્ષની બુચી માયોનો અભાવ નથી, તે કોમમાં તેર વર્ષની વયે થયેલું એ લગ્ન ઘણી મ્હોટી વયનું ગણાયું હતું; અને સર જમશેદજીની લોકોએ નિંદા કરી હતી. પીરોજબાઇએ પતિને સંતોષ આપવામાં કોઇ રીતની મણા રાખી નહોતી. ઘણાં વર્ષ સુધી સુખી દાંપત્ય જીવન ગાળ્યા પછી ઇ. ૧૮૯૬ માં પીરોજબાઇ વિધવા થયાં હતાં.

હેમના પિતા સર જમશેદજીનું નામ મુંબઇ ઇલાકામાં પરોપકારી અને પરગજુ નરરત્ન તરિકે સુપ્રસિદ્ધ છે. પિતાના એ સર્વ સદ્‌ગુણો પીરોજબાઇને વારસામાં મળ્યા હતા. ગરીબો અને અનાથોને મદદ આપવા એ સદા તૈયાર રહેતાં. ખરેખરી આપત્તિમાં આવી પડનાર મનુષ્ય હેમની આગળ પોતાનું દુઃખ નિવેદન કર્યા પછી ખાલી હાથે પાછો ફરતો નહિ. અનેક ગરીબ પારસીઓને પોતાના છોકરાઓની નવજોત (જનોઇ પહેરાવવાનો સંસ્કાર) કરવામાં અથવા પુત્રીનાં લગ્ન કરવાના કાર્યમાં પીરોજબાઇ મદદ આપતાં.

'સર જમશેદજી જીજીભાઇ હુન્નરશાળા' સ્થાપવા સારૂ હે-

મના ભાઈ શેઠ રૂસ્તમજીએ ઘણી મ્હોટી રકમ આપવાનું વચન આપ્યું હતું. એમાંની અડધી રકમ આપ્યા પછી વેપારમાં એકાએક મ્હોટી ખોટ આવી પડયાથી બાકીનો અડધો ભાગ આપવા જેટલી શક્તિ ત્હેમનામાં રહી નહિ. એવી અણીને વખતે બાઈ પીરોજબાઈએ પોતાના સંચયમાંથી સરકારને ૭૫૦૦૦ પંચોતેર હજાર રૂપિયા આપીને ભાઈનો ટેક સાચવ્યો.

પીરોજબાઈ જુના અને નવા યુગની વચમાં એક સાંકળરૂપ હતાં. ઇ. સ. ૧૯૦૬ માં ૭૨ વર્ષની પાકી વયે ત્હેમનું મૃત્યુ થવાથી એ સાંકળ તૂટી ગઈ છે.

ત્હેમનો એક ફોટોગ્રાફ જોવાનું સદ્ભાગ્ય હમને પ્રાપ્ત થયું છે. જે ઉપરથી જણાય છે કે ફેશનના જમાનામાં પણ એમણે પોતાની રહેણીકરણી તદ્દન સાદીજ રાખી હતી.

૩૧—આવાંબાઈ તારાપોરવાળાં.*

દેશી સ્ત્રીઓમાં જેઓએ હુન્નર કેળવણી અને ધંધાની જુદી જુદી શાખાઓમાં પડવાની પહેલ કરીને પોતાની બહેનપણીઓ માટે ઉમદા અને ઉપયોગી માર્ગો ખુલ્લા કીધા છે, તેમનાંમાંના આવાંબાઈ તારાપોરવાળાં એક છે. આવાંબાઈ એક જાણીતા પારસી ખાનદાનનાં કુટુંબી હતાં.

* "સ્ત્રીબોધ" ના ડીસેમ્બર ૧૯૦૪ ના અંકને આધારે.

" મિડ વાઈફ્રી " ની પહેલા વર્ગની " ડિપ્લોમા " મેળવનાર તેઓ પહેલવહેલાંજ દેશી બાનુ હતાં. મર્હુમ બાઈ નાનપણથીજ દરદીઓની માવજત કરવાની ઉલટ ધરાવતાં હતાં. મુખ્ય કરીને પોતાની બ્હેનપણીઓને તેમની પ્રસૂતિની ચિંતાતુર વેળાએ સહાય થવાને તેઓ પ્રથમથી જ કાળજી બતાવતાં હતાં. તેઓ એક " મિડ વાઈફ " તરીકે પસાર થયાં તેની લાંબો વખત અગાઉથી, જ્યાં કુશળ તબીબીઓની મદદ મળી શકતી ન હોય, એવાં દુર દરાજ ગામડાંઓમાં તેઓએ કંઈક દેશી સ્ત્રીઓની સુવાવડ સમયે પોતાની જાતી હુશિયારીનો લાભ આપ્યો હતો. અને કેટલીક વેળાએ તો એક બાહોશ " સરજ્યન " ની પેઠે હથિયારનો ઉપયોગ કરી અનેક જોખમમાં પડેલા જીવોને કમોતે મરતા બચાવ્યા હતા. સને ૧૮૮૮ માં તેઓને વૈધવ્ય પ્રાપ્ત થયું હતું. આ પછી આવાંબાઇએ પોતાની જીંદગી તારાપોરના પોતાના જન્મના ઘરમાં કંઈ પણ ઉદ્યોગ વગર ગુજારવાને બદલે પોતાની સ્વદેશી બહેનપણીઓની સેવામાં પસાર કરવાનું વધારે પસંદ કીધું. આ વખત પહેલાં દેશી બાનુઓને " મિડ વાઈફ્રી " નું કામ શીખ્યા પછી દાઈ તરીકેનો ધંધો ચલાવવાને માટે મુંબઈના સરકારી સુવાવડખાતા તરફથી ફક્ત એક સાધારણ વર્ગનું " સર્ટિફિકેટ " આપવામાં આવતું હતું, જ્યારે અંગ્રેજ દાઇઓ " મિડ વાઈફ્રી "ની ચડતા વર્ગની " ડિપ્લોમા " મેળવી શકતી હતી. બાઇ આવાંબાઈ તારાપુરવાળાંએ આ સ્થિતિમાં ફેરફાર કરાવીને દેશી સ્ત્રીઓને માટે એક ઉપયોગી હક્ક મેળવવાનો ઠરાવ કીધો. તેઓએ મુંબઈની સરકારી " ઑબ્સ ટેટ્રિક. " હોસ્પીટલના મુખ્ય ડૉકટર સરજ્યન

મેજર આરનટની ખાસ મુલાકાત લીધી અને દેશી દાઇઓને અપાતા સાધારણ "સર્ટિફીકેટ" ને બદલે ઉંચા વર્ગની "ડિપ્લોમા" ને માટે ઉમેદવારી કરવાની પોતાની ઇચ્છા જણાવી. ડૉ. આરનટે પ્રથમ તો દેશી સ્ત્રીઓને આગળ કદી પણ નહિ અપાયલો એ લાભ બાઇ આવાંબાઇને આપવાને આનાકાની દર્શાવી. પરન્તુ એ બાઇની દાઈના કામની રૂડી લાયકાતની પૂર્ણ ખાત્રી કરીને તેણે આખરે એવી કબુલાત આપી કે બાઇ આવાંબાઇ જો "મિડ વાઈફરી" ની પરીક્ષામાં એક "ડિપ્લોમા" મેળવવાની પોતાની યોગ્યતા સાબિત કરે તો તેમને એ અસાધારણ હક્ક આપવામાં આવશે.

"મીડ વાઈફરી" ની હવે પછીની પરીક્ષા એપ્રીલ ૧૮૮૯ માં લેવાનાર હતી, જે અગાઉ સુવાવડની હોસ્પિટલમાં મહુંન બાઈને ફક્ત ચાર જ મહિના સુધી દાઈનું કામ શીખવાની તક મળી. આ મુદ્દત દરમીયાન પણ તેઓએ પોતાની કાબેલિયતનો એક અચૂક પૂરાવો આપ્યો હતો.

એક વેળા હોસ્પિટલમાં એક દેશી સ્ત્રીએ ઘણી કષ્ટી પછી એક અતિ નબળા બાળકને જન્મ આપ્યો. જેને મુવેલું સમજીને બાજુએ ફેંકી દેવામાં આવ્યું. પરંતુ આવાંબાઇને હજુ તેના નાજુક શરીરમાં તેનો પ્રાણ રહેલો લાગ્યો. તેઓએ તે બાળકને તત્કાળ પોતાના તાબામાં લીધું અને તેને હોંશિયારીમાં લાવવાને માટે કલાકો સુધી મહેનત કરીને આખરે તે ખીલતા કુસુમને તેની નિરાશ બનેલી શોકાતુર માતાના ખોળામાં જીવતું મેલ્યું. સરકારી સુવાવડ ખાતામાં કીધેલા ફક્ત ચાર જ મહિ-

નાના આ ટુંક અભ્યાસ પછી બાઈ આવાંબાઇએ એપ્રિલ ૧૮૮૯ માં "મિડ વાઈફ્રી" ની પરીક્ષા આપી. બીજી અંગ્રેજ સ્ત્રી ઉમેદવારો ઉપર સરસાઈ મેળવીને ફક્ત પહેલાજ વર્ગમાં નહિ પણ પહેલા નંબરે પસાર થઇ, ઇચ્છિત "ડિપ્લોમા" જીતી લીધી. એક મીડ વાઇફ તરીકે આવાંબાઈ મુંબઇમાં બહુ વિખ્યાત થયાં હતાં. તેઓની સેવા ડૉ. આરનટ, ડૉ. બેકર, ડૉ. ડિમક વિગેરે સુવાવડની સરકારી હોસ્પીટલના વડા તબીબો તરફથી વારંવાર મેળવવામાં આવતી હતી. તેમને ૧૮૯૦ માં ડૉ. બેકરની ભલામણ ઉપરથી માંગરોળના નવાબનાં બેગમ સાહેબની તબીબી સારવાર માટે નીમવામાં આવ્યાં હતાં, જે પછી એજ બાબત માટે તેમને માંગરોળ જવું પડયું હતું. ત્યાં પણ તેમણે પોતાની યોગ્યતા બહુ સારી રીતે દર્શાવી આપી હતી. તે સંસ્થાનના સ્ત્રીવર્ગ તર્ફથી એક ડેપ્યુટેશનદ્વારા તેમની સેવાઓની સ્તુતિ કરવામાં આવી હતી. એમનું અવસાન તા. ૨૪ સપટેમ્બર ૧૯૦૪ માં ચોપન વર્ષની વયે મુંબઈમાં થયું હતું. મર્હુમની એક "મીડવાઈફ" તરીકેની ઉંચી ફતેહની ચાવી, ડૉ. ડીમકે એમના સંબંધમાં નોંધેલી બીનામાં સમાયેલી છે, તે એ કે, તેઓ પોતાના લાંબા અનુભવ અને ખાસ લાયકાતની સાથે સાથે એક સુયાણીના કામની નવામાં નવી અને છેલ્લી રીતિઓથી પોતાને વાકેફ રાખતાં હતાં અને તેનો લાભ પોતાના ગ્રાહકોને આપતાં હતાં.

૩૨—મલ્લીબાઈ.*

મારવાડમાં મલ્લીબાઈ નામની એક પંડિતા થઈ ગઇ છે. એ બાઇ જાતે શ્રીમાળી બ્રાહ્મણ હતી અને તેનો નિવાસ સોજતમાં હતો. મારવાડનાં શહેરોમાં જે ભાગમાં શ્રીમાળી બ્રાહ્મણો રહેતા હોય તે ભાગને બ્રહ્મપુરી કહેવામાં આવે છે. સોજતમાં એવી બે બ્રહ્મપુરી છે; જેમાંની મોટી બ્રહ્મપુરીમાં આ બાઇના પિતા જેઠમલજીનું ઘર હતું. આ બ્રહ્મપુરીમાં બસેં યજુર્વેદી શ્રીમાળીઓનાં ઘર છે. એ લોકો ઋગ્વેદી કે સામવેદી શ્રીમાળીઓને પોતાની પાસે રહેવા દેતા નથી.

જેઠમલજી મોટા વેદપાઠી અને પંડિત હતા, તેમના પુત્ર રામલાલ પણ તેવાજ હતા. હાલમાં તો એ બંને જણ આ અસાર સંસારને છોડી ગયા છે. સાંપ્રતમાં રામલાલનો દત્તક પુત્ર નરોત્તમ હયાત છે. જોકે તે એમના બાપદાદાના જેવા, કે એમની ફોઇ મલ્લીબાઇના જેવા, સમર્થ પણ્ડિત તો નથી; પરન્તુ જ્યોતિષ અને વ્યાકરણનું સામાન્ય જ્ઞાન ધરાવે છે.

મલ્લીબાઇનો વિવાહ પાલીનગરના એક કુટુમ્બમાં થયો હતો; પરન્તુ દુર્ભાગ્યથી લગ્ન થયું તેજ વર્ષમાં એ બાઈ વિધવા થઇ. વૈધવ્ય પ્રાપ્ત થયા પછી તે પિતાને ઘેર આવી અને ફરીથી સાસરે ગઇ નહિ. પિતાને ત્યાં આવી તેમની પાસે વિદ્યાભ્યાસ કરવા

* "વેંકટેશ્વર સમાચાર" માંથી જોધપુર રાજ્યના એક અધિકારી મુન્શી દેવીપ્રસાદજીના લેખનો અનુવાદ.

લાગી અને થોડા વખતમાં સારૂં જ્ઞાન સંપાદન કરી કથા વાંચવા લાગી. કથા વાંચતી હતી પરન્તુ કદિ તે ગાદીપર બેસતી નહોતી. તે કહેતી કે એ તો વ્યાસની ગાદી છે, તો તેનાપર હું કેમ બેસું? જો કે શ્રીમાળી બ્રાહ્મણો, એ ગાદીને વ્યાસની ગાદી માનતા નથી, પણ સરસ્વતીની ગાદી માને છે; અને તેથી તે લોકો તેને આગ્રહ કરતા, તોપણ આ બાઈ ગાદીપર બેસતી નહિ. વળી કથામાં જે કંઈ ભેટ આવતી તે પણ પુણ્ય કાર્યમાં ખર્ચી નાંખતી.

સંવત્ ૧૯૪૪માં હું જ્યારે જોધપુર તાબાનાં બહારનાં ગામોની કચેરીઓની તપાસ કરતો કરતો સોજત પહોંચ્યો, ત્યારે ત્યાંના પંડિતો વિષે પડપૂછ કરતાં માલમ પડયું કે, અહીં એક સ્ત્રી પણ સંસ્કૃત ભણેલી છે. મેં તેમને મળવાને બોલાવ્યાં ત્યારે તે મલ્લીબાઇ પોતાના ભાઈની સાથે જુદાજ વેશમાં આવ્યાં. ધોતીઉં પહેર્યું હતું અને નીચું અંગરખું પહેરેલું હતું. વળી માથાપર લાલ કસુંબી પાઘડી પહેરેલી અને બગલમાં એક પોથી હતી. મેં ઉઠીને પ્રણામ કર્યા અને આસન આપ્યું. એ બાઇએ પ્રથમ તો કેટલાક શ્લોકોથી મને આશીર્વાદ દીધો અને પછી પેલી પોથી ભેટ આપી. પોથી ભેટ આપતાં કહ્યું કે આને છપાવી દો. સ્ત્રીઓને વાંચવાને આ પુસ્તક કરેલું છે. મેં જોયું તો પુસ્તક સંસ્કૃતમાં લખેલું હતું, અને તેથી તેમાં-નાં કેટલાંક પ્રકરણ તેમની પાસે વંચાવ્યાં તો તેમાં સ્મૃતિઓ અને પુરાણોના શ્લોકોના પ્રમાણથી બાળપણથી આરંભીને સતી થવા સુધીનાં, સ્ત્રીધર્મનાં અનેક કર્તવ્યો ઉપદેશેલાં હતાં. ઠેકાણે ઠેકાણે સ્ત્રીઓના ગુણ દોષ દર્શાવતા શ્લોકો પણ હતા. શ્લોકો સરલ અને શીખવા જેવા હતા. એક શ્લોક એવા આશયનો હતો કે

સ્ત્રીનાં સર્વ અંગ કોમળ છે પણ હૃદય તો પથ્થરને પણ ટકોર મારે એવું છે. બીજા એક શ્લોકમાં એવું હતું કે સ્ત્રીની બુદ્ધિ પથ્થર જેવી સ્થૂળ અને જીભ તરવાર કરતાં પણ તીક્ષ્ણ હોય છે.

મલ્લીબાઇનું બોલવું રૂચિકર હતું. મેં તેમની વિદ્યા અને પુસ્તકની પ્રશંસા કરી આ પરિશ્રમ માટે ધન્યવાદ દીધો. પછી કહ્યું કે અંગ્રેજી રાજ્યમાં સતી થવાનો ચાલ બંધ પડેલો છે, માટે જો એ પ્રકરણ બાદ કરીએ તો આને છપાવવામાં કંઇ અડચણ નથી. તેમના ભાઇએ પણ એ વાતને અનુમોદન આપ્યું; ત્યાંતો બાઇએ પુસ્તક ઉઠાવી લીધું અને કહ્યું કે 'સુધારીને મોકલીશ.'

સંશય છે કે વખતે બાઇને સતી–ધર્મને કાઢી નાખવાનું ઉચિત નહિ ભાસ્યું હોય.

હાલ મલ્લીબાઇ સ્વર્ગવાસી થઇ છે. તેનું નાશવાન શરીર આ દુનિયામાં નથી. જેથી તેનું નામ સાહિત્ય સંસારમાં રહેવા માટે આ વૃત્તાંત પ્રકટ કર્યું છે.

૩૩—કુમારી તરૂદત્ત.

સર્વ કોઇ જાણે છે કે બંગાળાની સ્ત્રીઓને વાંચવા લખવા ઉપર ઘણો અનુરાગ હોય છે. તેઓ પોતાની માતૃભાષા ઉપરાંત પરાઇ ભાષાઓ પણ શીખે છે, અને એ ભાષાઓમાં ખાસ પ્રવીણતા પણ પ્રાપ્ત કરે છે. એમ તો એમનામાં ભણી ગણી સુબોધ સ્ત્રીઓ ઘણીએ છે; પરંતુ તરૂદત્તના જેવી વિચિત્ર ભાગ્યેજ કોઇ થઇ હશે. એ ફક્ત

આ સંસારમાં એકવીસ વર્ષ અને છ મહીના જીવીત રહી, પરંતુ એટલાજ વખતમાં તેણીએ ઇંગ્રેજી, ફ્રેન્ચ, અને સંસ્કૃત ભાષા ઘણી સારી રીતે શીખી લીધી હતી. આ ત્રણ ભાષાઓ ઉપરાંત તેનામાં કવિત્વશક્તિ પણ ઘણી અદ્દભુત હતી, અને ત્હેની વિખ્યાતિનું કારણ પણ એ શક્તિજ થઇ છે.

બંગાળામાં બાબુ ગોવિન્દચંદ્ર દત્ત એક પ્રખ્યાત પુરૂષ થયા છે. એ ઘણા બુદ્ધિમાન અને સાહસિક મનુષ્ય હતા. તેમને એક પુત્ર અને બે કન્યા હતી. પુત્રનું નામ અજ, તેની ન્હાની બ્હેનનું નામ અરૂ અને સૌથી ન્હાનીનું નામ તરૂ હતું. અજનો દેહાન્ત ઈ.સ. ૧૮૬૫ માં ચૌદ વર્ષની ઉમ્મરે થઈ ચૂકયો હતો. પિતાના સંતોષને માટે ફક્ત અરૂ અને તરૂદત્ત રહી ગઇ હતી. મોટી બ્હેન અરૂનો જન્મ ઇ. સ. ૧૮૫૪ માં થયો હતો. તરૂદત્ત કરતાં તે અઢાર મહિને મોટી હતી. ઇ. સ. ૧૮૫૬ ના માર્ચ મહિનાની ચોથી તારીખે તરૂદત્તનો જન્મ કલકત્તામાં થયો હતો. બાબુ ગોવિન્દચંદ્રદત્તે એક સુંદર બગીચો બનાવ્યો હતો. આ બગીચામાં એક ઘર પણ ઘણું સુંદર બનાવ્યું હતું. ત્યાં એકાંતમાં તરૂદત્તની બાલ્યાવસ્થા વિદ્યા શીખવામાં વીતી. બાલ્યાવસ્થામાં એકાન્તમાં વિદ્યા શીખવી સાધ્ય છે, એ વાતનો યુરોપિયન સભ્યતા સ્વીકાર નહિ કરે, પરંતુ તરૂદત્ત જેવી વિલક્ષણ બાળિકા માટે આ વાત સર્વથા સાધ્ય હતી.

બાલ્યાવસ્થાથીજ તરૂદત્તની પ્રવૃત્તિ નિરાળી હતી. એકાન્તમાં બેશીને તરૂદત્ત વિદ્યા વિષયક વાતોપર ધ્યાન આપ્યા કરતી હતી. તેનો સમય એમાંજ વધારે જતો હતો. ન્હાનપણમાં તરૂદત્તની માતા કન્યાઓને અનેક પૌરાણિક કથાઓ

સંભળાવ્યા કરતી હતી. કન્યાઓના વિચાર પણ માતાના ઉપદેશથી ઘણા સારા થયા હતા. જ્યહારે તરૂદત્ત તેર વર્ષની થઈ ત્યહારે બાબુ ગોપાલચન્દ્રદત્ત કન્યાઓને લઈને પોતે યુરોપ જવા તત્પર થયા, દત્ત મહાશય કન્યાઓને લઈને ઇ. સ. ૧૮૬૯ ના અંતમાં યુરોપ પહોંચ્યા. ત્યાં એ બન્ને બ્હેનોનો ભણવાનો પ્રબંધ કોઈ ફ્રેંચ સહાયતાપ્રાપ્ત નિશાળમાં કર્યો. ત્યાર પછી કન્યાઓને લઈ દત્ત મહાશય પ્રથમ ઇટાલિ અને પછી ઈંગ્લાંડ ગયા. બન્ને બ્હેનોએ કેટલોક વખત સુધી કેંબ્રીજ વિદ્યાલયમાં સ્ત્રીઓના વિષયપર સારાં સારાં વ્યાખ્યાનો ધ્યાનપૂર્વક સાંભળ્યાં અને તે ઉપર મનન કર્યું. પોતાના જીવનના અન્તિમ દિવસ સુધી તરૂદત્ત ફ્રેંચ ભાષાની ઉત્તમ જ્ઞાતા થઇ ચુકી હતી. એ ઇંગ્રેજી કરતાં ફ્રેંચ ભાષા ઉપર વધારે પ્રેમ રાખતી હતી તેથીજ ઇંગ્રેજી કરતાં પણ તેને ફ્રેંચ ભાષાનું વધારે જ્ઞાન હતું. એ ભાષાને તે ઘણી યોગ્યતાપૂર્વક લખી વાંચી શકતી હતી. ઈ. સ. ૧૮૭૩ના નવેમ્બર માસમાં દત્તમહાશય કન્યાઓને લઇને બંગાળામાં પાછા આવ્યા. અહીંઆં તરૂદત્તનાં બાકીનાં ચાર વર્ષ માનસિક ચેષ્ટા અને કલ્પનાઓના સ્વાદ દેખવામાં વીત્યાં. ત્હેની કલ્પના નિઃસંદેહ ઘણી મધુર હતી. પોતાની લેખિનીદ્વારા પ્રાયઃ એ કલ્પના મૂર્તિમાન કરીને ત્હેનો આનંદ અનુભવતી હતી. યુરોપથી તે એટલી બધી વિદ્યા પ્રાપ્ત કરી લાવી હતી કે જેટલી વિદ્યાથી ઇંગ્રેજી અને ફ્રેંચ બાલિકાઓ સુશિક્ષિત ગણાય છે; પરંતુ તરૂદત્તને માટે તો તે પણ વાત કાંઈ વિચિત્ર નહોતી. યુરોપથી આવીને તરૂદત્તની રૂચિ સંસ્કૃત શીખવાની થઇ. સંસ્કૃત ભાષા પણ ત્હેણે જલ્દી શીખી લીધી, અને એ ભાષાના સાહિત્ય

ઉપવનની કલ્પનાલતાથી ઈંગ્રેજી ભાષાને શણગારવા લાગી. તરૂદત્ત ધારત તો પોતાનીજ ભાષામાં લખીને ઘણું નામ કહાડત. પરંતુ ખેદ છે કે માતૃભાષાના સાહિત્ય પ્રેમીઓને નિરાશ કરીને ત્હેણે પોતાના વિચારોને પ્રકટ કરવા માટે ઈંગ્રેજી ભાષાનો આશ્રય લીધો. ત્હેનો પહેલો લેખ જ્યારે તે અઢાર વર્ષની હતી ત્યારે બંગાળ મેગેઝીનમાં Leconte-be-Listle નામે ફ્રેંચ લેખકના સંબંધમાં પ્રકાશિત થયો. તરૂદત્ત એ લેખકની સાથે ઘણી સહાનુભુતિ રાખતી હતી. કેટલાક દિવસો પછી ત્હેણે "સિન્ધુ" નામક એક સુંદર કવિતા લખી. આ કવિતા વાંચીને ઈંગ્લાંડના કેટલાએક સારા કવિઓ પણ મુગ્ધ થઈ ગયા અને આ વિદેશી બાળાની બુદ્ધિની પ્રશંસા કરવા લાગ્યા.

પોતાના અલ્પકાલિક જીવનમાં તરૂદત્તે બે ઘોર માનસિક કષ્ટો પણ સહન કર્યાં. ભાઇનો વિયોગ તો થયોજ હતો એટલામાં ઇ. સ. ૧૮૭૪ માં વીશ વર્ષની વયે અરૂનું પ્રાણ પંખીડું પણ તરૂને છોડીને પરલોક જતું રહ્યું. હવે સંસારયાત્રામાં તરૂદત્ત એકલીજ રહી, એ હવે રાત્રિ દિવસ એકાન્તમાં રહેવા લાગી. અરૂ તરૂદત્ત કરતાં ઓછું ભણેલી નહોતી. જો કે તેની આકાંક્ષાઓ તરૂદત્તના જેવી ઉંચ નહોતી તોપણ યોગ્યતામાં એ એના કરતાં કોઇ પ્રકારે ઓછી નહોતી. બન્ને બ્હેનો સંગીત વિદ્યાનો સારો અભ્યાસ ધરાવતી હતી, પરંતુ અરૂનો સંકલ્પ તરૂના જેવો પાકો નહોતો. મૈમોઈસિલ ડી. અરવર્સ mlle-de-Aruersનો વૃત્તાન્ત ખાસ અરૂના ચિત્રાદિકોથી સુસજ્જિત કરવાના હેતુથી બનાવવામાં આવ્યો હતો. પરંતુ અરૂએ કવસે પણ એકદી પુસ્તકનું એક પાનું પણ ઉઘાડીને ન વાંચ્યું.

ઈ. સ. ૧૮૭૬ માં તરૂદત્તનું રચેલું A sheal gleaned in French fields નામનો ગ્રંથ ભવાનીપુરના સાપ્તાહિક પત્રવાળા પ્રેસમાંથી પ્રકાશ પામ્યો. આ પુસ્તકની સમાલોચના પણ ઘણા સમાલોચકોએ કરી. એમાંના એકનો મત છે કે આ ગ્રંથમાં શક્તિ અને નિર્બળતાનો વિચિત્ર મેળ છે. કંઈ કંઈ પ્રતિભાને મોટી મોટી મુશ્કેલીઓના સ્હામા થવું પડયું છે. કોઇ કોઈ જગ્યાએ પદ ઘણાંજ વિચિત્ર બની ગયાં છે. અને કંઇ કંઇ અંગ્રેજી છંદઃશાસ્ત્રના નિયમો બરોબર પાળી શકાયા નથી, કોઇ કોઇ જગોપર લેખકની અસાવધાની ઝળકે છે પરંતુ સાથે ને સાથેજ બુદ્ધિમત્તાનો પરિચય મળવાથી આનંદ પણ ઘણો પ્રાપ્ત થાય છે. આ પુસ્તકમાં ફ્રેંચ ભાષાના સો ચુનંદા કવિઓની કવિતાના અનુવાદ છે.

તરૂદત્ત પુરા તત્વના વિષયમાં પણ ઘણો શોધ કર્યા કરતી હતી. ત્હેની સમાલોચનાશક્તિ પણ ઘણીજ સારી હતી.

તરૂદત્તના આ પુસ્તકની ચર્ચા ઈંગ્લાંડ કરતાં પણ ફ્રાન્સ દેશમાંજ વધારે થવા લાગી. મોસ્યૂ ગાર્સિ–ડ–તાસી Garcin–de–Tassy એક પ્રસિદ્ધ પાશ્ચાત્ય વિદ્વાન લેખક હતી. તે તરૂદત્ત કરતાં ભાગ્યેજ બાર મહીને મ્હોટી હશે. કલેરિસા બ્લેડરની તરૂની મુસાફરીમાંની એકની એક બ્હેનપણી હતી. એ એની પાસે ફ્રેન્ચ ભાષામાં પોતાનો અન્તિમપત્ર મોકલી શકી. 'A sheaf gleaned in French fields.' વિલાયતમાં સમાલોચના માટે મોકલવામાં આવ્યું હતું. ત્યાં એક પત્ર ઘણુંજ પ્રસિદ્ધ છે. ઇ. સ. ૧૮૭૬ ના ઑગસ્ટ માસમાં સમાલોચક મી. એડમન્ડગોસી કહીંથી એ પત્રના કાર્યાલયમાં જઇ પહોંચ્યા.

એ વખતે એ મહાશય સમાલોચનાયોગ્ય ઉત્તમ પુસ્તકો નહિ મળવાથી અને એવાં ઉત્તમ પુસ્તકોની સમાલોચના નહિ થવાથી, સમાલોચકોની નિંદા કરી રહ્યા હતા. એટલામાં ટપાલવાળાએ હાથમાં એક પેકેટ આપ્યું. ત્હેની અંદર બસો પાનાની એક ન્હાનકડી ચોપડી હતી. ત્હેમાં પ્રસ્તાવના કે સમર્પણ કાંઇ પણ નહોતું. એ રદ્દીખાનામાં નાખી દેવા જેવી હતી. પરંતુ એકઝામીનરના સંપાદક ડબલ્યુ મિન્ટોએ મી. એડમન્ડગોસીના અનિચ્છિત હાથમાં આ પુસ્તક પરાણે આપીને કહ્યું કે જુવો તો, આમાં કાંઇ વિચિત્રતા માલુમ પડી આવે છે? મિ. ગોસી આ પુસ્તકની સુરત જોઈને જ નિરાશ થઈ ગયા હતા. પરંતુ ત્હેને ઉઘાડતાં જ એમની દૃષ્ટિ નીચે લખેલા પદ ઉપર પડી ત્યારે તેમના આશ્ચર્ય અને આનંદનો પાર રહ્યો નહિ.

વાંચકોને જોવાને માટે એ પદ અમે નીચે ઉતારીએ છીએ.

Still barred the doors ! The far East glows
The morning wind blows fresh and free
Should not the hour that wakes the rose
Awaken also thee ?
All look for thee, Love, Light and song
Light in the sky, deep red above
Song in the lark of pinious strong
And in my heart true love
A hart we miss our nature's goal
Why strive to cheat our destenies ?
Was not my love made for thy soul ?
Thy beauty for mine eyes ?

No longer sleep
Oh, listen now !
I wait and weep
But where art thou ?

હજુ સુધી ત્હારાં કમાડ બંધ છે; દૂર પૂર્વ દિશા ચમકી રહી છે. પ્રાતઃકાલીન સમીર નવીન અને સ્વચ્છરૂપથી વહી રહ્યો છે. શું જે સમય ગુલાબને જગાડે છે તે ત્હને પણ નહિ જગાડે ?

પ્રેમ, પ્રકાશ, અને સંગીત એ સઘળાં ત્હારી પ્રતીક્ષા કરી રહ્યાં છે. પ્રકાશ તો ઉપર લાલ આકાશમાં; સંગીત, સુંદર ચણ્ડોળ પક્ષીમાં અને સાચો પ્રેમ મ્હારા હૃદયમાં.

અમે બન્ને વિયોગી હોવાથી પ્રકૃતિના ઉદ્દેશને પ્રાપ્ત નથી કરી શકતાં તો પછી પોતપોતાના આત્માને છેતરવાને હમે યત્ન કરીએ શું ? મ્હારા પ્રેમની ઉત્પત્તિ ત્હારા આત્માને માટે અને ત્હારી સુંદરતા મ્હારી આંખોને માટે નહોતી ?

હવે વધારે ન સૂવો. હા. સાંભળો તો હું ત્હમારી રાહ જોઉં છું અને રડું છું પણ તું ક્યાં છે ?

તરૂદત્તના અન્તિમ દિવસો અંધકારમય હતા. હવે એ લખવાનું છોડી દઇને કેવળ પુસ્તકાવલોકનમાં દિવસ વીતાવવા લાગી. ત્હેના મૃત્યુ પછી ત્હેનું બનાવેલું ancient Ballads and legendas of Hindustan મી. એડમન્ડ ગોસીદ્વારા પ્રકાશિત થયું. ઇંગ્રેજી કવિતામાં તરૂદત્તે પૌરાણિક કથાઓનાં જે વર્ણન કર્યા છે તે પ્રશંસનીય છે. એકવીસ વર્ષ, છ મહિના સંસારમાં રહીને એણે જે કામ કર્યું છે એ જોઇને આશ્ચર્ય તો જરૂર થાય છે. પરંતુ ઈશ્વરની સૃષ્ટિમાં સર્વે વાતો સંભવિત

અને આશ્ચર્યમય છે. ઉક્ત પુસ્તકમાં સાવિત્રી, લક્ષ્મણ, સીતા, ધ્રુવ, પ્રલ્હાદ, સિન્ધુ, ઇત્યાદિ કવિતાઓ ઘણી સુંદરતા અને સરળતાની સાથે લખાઇ છે.

૩૦ મી જુલાઇનો દિવસ તરૂદત્તને માટે શોકમય હતો. ત્હેણે ફ્રેંચ ભાષામાં એક ઘણો કરૂણાપૂર્ણ પત્ર લેડી કલેરીસાને લખ્યો. ત્હેના એક મહિના પછી એટલે ઈ. સ. ૧૮૭૭ ના ઓગસ્ટની ૩૦મી તારીખે તરૂદત્ત પોતાની અચલ કીર્તિ છોડીને આ સંસારમાંથી પ્રયાણ કરી ગઇ.

૩૪—શ્રીમતી સ્વર્ણકુમારી દેવી.

કુલકત્તામાં ઠાકુર (ટાગોર) કુટુંબ સૌંદર્ય, ધનવૈભવ, વિદ્વત્તા અને સ્વદેશપ્રીતિ આદિ ગુણોને માટે સુપ્રસિદ્ધ છે. એજ કુટુંબમાં સ્વર્ણકુમારીનો જન્મ ઈ. સ. ૧૮૫૭ ના ભાદ્રમાસમાં કલકત્તા ખાતે થયો હતો. એમના પિતા દેવેન્દ્રનાથે ઉત્તમ ચારિત્ર્ય અને અસાધારણ ઈશ્વરભક્તિને લીધે લોકો તરફથી મહર્ષિની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. પોતે બ્રાહ્મસમાજના આગેવાન હોવા છતાં પણ ત્હેમની સરળતા અને સત્યનિષ્ઠાને લીધે અન્ય સંપ્રદાયના હિન્દુઓ પણ ત્હેમને ઘણુંજ માન આપતા હતા. મહર્ષિ દેવેન્દ્રનાથનાં બધાં સંતાનો સુવિખ્યાત નીવડયાં છે. ત્હેમના જ્યેષ્ઠ પુત્ર દ્વિજેન્દ્રનાથ ઠાકુરે દર્શન શાસ્ત્રમાં અસાધારણ નિપુણતા દર્શાવી

છે. બીજા પુત્ર સત્યેન્દ્રનાથ ઠાકુર ઘણા જુના હિન્દુ સિવિલિયન છે; અને સંસ્કૃત તથા બંગાળી ભાષાના સારા વિદ્વાન છે. આપણા અમદાવાદમાં સેશન્સ જજ તરિકે કામ કરીને ત્હેમણે ઘણી સારી ખ્યાતિ મેળવી હતી. મહર્ષિના સૌથી ન્હાના પુત્ર રવીન્દ્રનાથ, બંગાળાના વિદ્યમાન લેખકો અને કવિઓમાં સૌથી અગ્રગણ્ય પદ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી નીવડયા છે. ત્હેમની કવિતાના અનુવાદ અંગ્રેજીમાં પ્રકટ થયા છે અને ત્હેણે અંગ્રેજી વાંચક વર્ગની અસાધારણ પ્રીતિ સંપાદન કરી છે. હમણાં થોડાં વર્ષ ઉપર આપણા વાઇસરોય લૉર્ડ હાર્ડિંજે એક અંગ્રેજ વિદ્વાનને રવીન્દ્રનાથનું ચરિત્ર સંભળાવવા આમંત્રણ કર્યું હતું અને એમની જીવનકથા સાંભળી રહ્યા પછી રવીન્દ્રનાથને એશિયા ખંડના કવિશિરોમણિ કહ્યા હતા. આવા કુટુંબમાં જન્મ પામેલાં સ્વર્ણકુમારી પણ પરમ વિદુષી અને સ્વદેશભક્ત નીવડે ત્હેમાં શું આશ્ચર્ય !

સ્વર્ણકુમારીએ પિતાના ઘરમાંજ શિક્ષક પાસે બંગાળી અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો હતો. પણ ઘણી ન્હાની વયમાંજ એ અભ્યાસ બંધ થઈ ગયો. ૧૧ વર્ષની વયે શ્રીયુક્ત જાનકીનાથ ઘોશાલ સાથે તેમનું લગ્ન થઇ ગયું. જાનકીનાથ ઘોશાલ સ્વદેશપ્રેમી પુરૂષ હતા. હમણાં થોડાક માસ ઉપર ત્હેમનું મૃત્યુ થયું છે. ભારતીય રાષ્ટ્રીય કોન્ગ્રેસ–ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસ ઉપર એમને ઘણોજ પ્રેમ હતો, અને ઘણાં વર્ષો સુધી ત્હેમણે એ સંસ્થાના સેક્રેટરી તરિકે લોકમાન્ય મિસ્ટર વાચ્છા સાથે કામ કર્યું હતું. કોન્ગ્રેસની શરૂઆતથી દરેક બેઠકમાં એ હાજર રહેતા હતા. કેવળ છેલ્લી કોન્ગ્રેસમાં અસ્વસ્થ પ્રકૃતિને લીધે એ હાજર

થઇ શકયા નહોતા. જાનકીનાથ જુવાનીના સમયમાં સંસાર સુધારાના ઘણામ્હોટા હિમાયતી હતા અને સ્ત્રી કેળવણીનો પ્રચાર કરવાને ત્હેમણે ઘણો યત્ન કર્યો હતો. ત્હેમણે પોતાની સ્ત્રીને પણ અંગ્રેજી ભણાવવાનું શરૂ કર્યું. પતિની મદદથી સ્વર્ણકુમારીએ અંગ્રેજી ભાષા અને સાહિત્યનું સારૂં જ્ઞાન મેળવ્યું. ત્હેમનામાં રહેલી પ્રતિભા પતિના ઉત્તેજનથી સ્ફુરી નીકળી અને ૧૮ વર્ષની વયે ત્હેમણે '**દીપનિર્વાણ**' નામની નવલકથા બંગાળી ભાષામાં લખી. બંગાળી ભાષામાં સ્ત્રીને હાથે રચાયલી એ પ્રથમ નવલકથા છે. પરન્તુ એનું ગૌરવ ફક્ત પહેલા હોવામાં જ નથી. એમાં પૃથ્વીરાજ ચોહાણના મૃત્યુથી ભારતની સ્વતંત્રતાનો દીપ કેવી રીતે નિર્વાણને પામી ગયો એ સારી અસરકારક ભાષામાં વર્ણવ્યું છે. હિન્દી, ગુજરાતી, મરાઠી વગેરે ભાષામાં એનો તરજુમો થયો છે અને વાંચકોને એ પુસ્તક ઘણું પસંદ પડયું છે. એ વખતના બંગાળી સમાચાર પત્રોએ ત્હેની પુષ્કળ પ્રશંસા કરી હતી. કેટલાક લોકો તો માની નહોતા શકતા કે એ પુસ્તક સ્ત્રીનું રચેલું છે. પરન્તુ ત્યહાર પછી સ્વર્ણકુમારી દેવીની પ્રતિભામયી લેખિનીથી ઉપરાઉપરી જે અનેક ગ્રન્થો અને લેખો નીકળ્યા છે તે ઉપરથી સર્વ વિદ્વાનોની ખાત્રી થઇ ગઇ છે કે એ પુસ્તક એમની જ રચના હતી. ત્યહાર પછી ત્હેમણે બીજાં પણ નવલકથાનાં પુસ્તકો લખ્યાં છે. તે ઉપરાંત કવિતા, ગીતિનાટય, કૌતુકનાટય, વિજ્ઞાનશાસ્ત્ર વગેરે વિષયો ઉપર અનેક પુસ્તકો લખીને ત્હેમણે બંગાળી સાહિત્યની સમૃદ્ધિમાં વધારો કર્યો છે. ત્હેમણે ન્હાનાં મ્હોટાં મળી ૧૯ પુસ્તક લખ્યાં છે.

ઘણાં વર્ષો સુધી ત્હેમણે 'ભારતી' નામના ઉત્તમ માસિ-

કના સંપાદકનું કામ કર્યું છે. વચમાં થોડા વખત સુધી એ પત્રના સંપાદકનું કામ ત્હેમણે પોતાની સુયોગ્ય પુત્રી સરલાદેવીને સોંપ્યું હતું. પરન્તુ સરલાદેવી લગ્ન કરીને પંજાબમાં જઇ વસ્યાં ત્હારથી પાછો એ ભાર એમને માથે આવી પડયો છે અને ત્હેને એ ઘણી યોગ્ય રીતે ચલાવે છે. ભારતીમાં ત્હેમણે જે લેખો લખ્યા છે તે પણ વાંચવા લાયક અને પુસ્તકાકારમાં છપાવવા લાયક છે.

સાહિત્યસેવા ઉપરાંત બીજાં પણ દેશહિતનાં કામોમાં એ આગળ પડતો ભાગ લે છે. પતિની સાથે અનેક કોન્ગ્રેસમાં ત્હેમણે બંગાળાના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી, અને હમે ભૂલતા ન હોઇએ તો કોન્ગ્રેસના પ્રથમ સ્ત્રી પ્રતિનિધિઓમાંનાં એ એક હતાં.

બંગાળી સંવત્ ૧૨૯૩ માં ત્હેમણે 'સખી સમિતિ' નામની એક મંડળી સ્થાપી. એ મંડળીના ઉદ્દેશ આ પ્રમાણે હતા (૧) આબરૂદાર મહિલાઓને એકઠી કરીને ત્હેમનામાં પરસ્પર સદ્ભાવ વધારવો તથા સાથે સાથે દેશહિતકર કાર્યો કરવાં. (૨) પિતાની શક્તિ ન હોય તો બાલિકા કન્યાને વિદ્યાભ્યાસ કરવામાં મદદ આપવી, અનાથ નિરાધાર વિધવાને પૈસાની મદદ આપવી અને કોઇ વિધવાની ઇચ્છા હોય તો ત્હેને આશ્રય આપીને ત્હેની મારફતે દેશના કલ્યાણનાં કામો કરાવવાં.

'મહિલા શિલ્પમેલો' એ ત્હેમનું બીજું અનુષ્ઠાન છે. ઘેર બેસીને સ્ત્રીઓ ભરત ગુંથણનું કામ કરતાં શીખે અને વરસ દિવસે ત્હેમણે તૈયાર કરેલા માલનું એક ન્હાનું સરખું પ્રદર્શન ભરીને માલ વેચાય, એ ત્હેનો હેતુ છે. એમાં સારી

વસ્તુઓ મોકલનારી સ્ત્રીઓને ઇનામ પણ મળે છે.

સ્વર્ણકુમારી કેવળ પ્રતિષ્ઠિત લેખિકા જ છે, એમ નહિ પણ બીજા પણ અનેક સદ્‌ગુણથી તેઓ વિભૂષિત છે. ત્હેમના સદ્‌ગુણનું વર્ણન કરતાં ત્હેમની કન્યા હિરણ્યમયી દેવી લખે છે કે “મ્હારાં માતુશ્રી બધાની પ્રશંસાપાત્ર છે. કેવળ બુદ્ધિ અને વિદ્યાને માટે જ હમે એમને મ્હોટાં ગણીએ છીએ એમ નથી; ત્હેમનું સ્નેહાળ સુકોમળ હૃદય, ત્હેમની ઉદાર કરૂણા, ત્હેમનું અતુલનીય ધૈર્ય, એ બધાંને લીધે એ હમારે માટે આદર્શ રમણી છે.”

શ્રીમતી સ્વર્ણકુમારીને બે કન્યા છે. શ્રીમતી સરલાદેવી બી. એ. પંડિત રામભજદત્ત ચૌધરીનાં પત્ની; તેઓ અનેક દેશહિતૈષી કાર્યોને લીધે સુપ્રસિદ્ધ છે. અને બીજાં શ્રીમતી હિરણ્યમયી દેવી જેઓ ઘણા ઉત્સાહપૂર્વક મહિલાશિલ્પ આશ્રમનું કાર્ય ચલાવે છે.

શ્રીમતી સ્વર્ણકુમારી દેવીના પુત્ર મિસ્ટર ઘોશાલ આપણા ગુજરાત પ્રાન્તમાં આસિસ્ટંટ કલેકટરનો મ્હોટો અધિકાર ભોગવે છે.

૩૪—પુતળીબાઈ.*

આ સન્નારી જાણીતા સરકારી અમલદાર મી. જહાંગીર કે. ન. કાબરાજીનાં પત્ની અને આ ટાપુના એક શહેરી મી. ધનજીભાઈ હો. વાડીયાનાં બેટી થાય છે. તેમણે ઈ. સ. ૧૮૯૦ " મેટ્રીકયુલેશન " ની પરીક્ષા આપી હતી.

એ પછી બીજા વર્ષથી ' સ્ત્રીબોધ ' નામે માસિક પત્રમાં તેમણે લેખો લખવાનું શરૂ કર્યું હતું. તેમણે ના. મહારાણીની હાયલેન્ડમાં ગુજરેલી જીંદગીને લગતા પુસ્તકનો તરજુમો કરી શાહજાદી અલેકઝાન્ડ્રાને અર્પણ કરી ઇ. સ. ૧૮૮૬ માં પુસ્તકરૂપે પ્રસિદ્ધ કર્યો હતો. એજ વરસમાં કેપટન ટેમ્પલવાળા "ઇંડીયન એન્ટીકવરી" નામના એક અંગ્રેજી ચોપાનીયામાં પણ એમણે અંગ્રેજી લખાણ કરવાનું શરૂ કર્યું. આ લખાણની શુભ શરૂઆત કેમ થઇ તેની વાત જાણવાજોગ છે. ચેમ્બર્સની "ટુંકી વાર્તાઓ "ના બીજા ભાગનો સૌથી શ્રેષ્ઠ તરજુમો કરવામાં રાવસાહેબ મહીપતરામ રૂપરામનું એમને ઇનામ મળ્યાની વાત લંડનના " ઇંડિયન મેગેજીન "માં કેપ્ટન ટેમ્પલના વાંચવામાં આવ્યાથી તેણે પોતાના મિત્ર સર જ્યોર્જ કોટનને એમની સાથે મુલાકાત કરી આપવાની ઇચ્છા જણાવી. સર જ્યોર્જ કોટન આ

* " સ્ત્રીબોધ " ના સપ્ટેમ્બર ૧૮૯૭ ના અંકમાંના ભીખાઇજી લી. પાલમકોટના લેખને આધારે.

બાઈના પિતાને ઓળખતા હતા. તેમણે પોતાના બંગલામાં બાઇ પુતળીબાઇની અપાવેલી મુલાકાત દરમ્યાન કેપ્ટન ટેમ્પલે (જેઓ તે સમયે મેજર ટેમ્પલને નામે એન્ડેમેનના ટાપુના કમીશનર હતા) પોતાના અધિપતિપણા નીચે ચાલતા એક અંગ્રેજી ચોપાનીયામાં લખાણો કરવાની સૂચના કરી. જેને પરિણામે સગાં–સ્નેહી અને મિત્રોદ્વારા સાંભળેલી આશરે વીશેક જુની દેશી વાર્તાઓ એમણે લખી મોકલી હતી. તે સિવાય તે ચોપાનીયામાં " ગુજરીનો ગરબો " " નરસિંહ મહેતાનું મામેરૂં " તથા હિંદુ અને ગુજરાતી લગ્નનાં ગાયનોના સટીક તરજુમાઓ પણ અંગ્રેજીમાં લખ્યા હતા. આ લખાણ એક જાણીતા ઇટાલિયન કવિ અને પ્રોફેસર માર્કોએન્ટોન્યો કેનીનીના વાંચવામાં આવ્યાથી તેણે પોતાના પુસ્તકમાં પારસી, ગુજરાતી તથા હિંદુસ્તાની પ્રેમનાં તથા લગ્નનાં ગીતો અંગ્રેજીમાં લખવા બાઇ પુતળીબાઇને આગ્રહપૂર્વક અરજ કરી. આ લખાણ અને તરજુમા બાઇ પુતળીબાઇએ ખુશીથી મોકલ્યા, જેથી પ્રોફેસર કેનીની એટલો બધો ખુશ થયો કે તેણે પોતાના એક પછી એક પાંચ પુસ્તકોમાં આ ગાયનોને પોતાના જંગી સંગ્રહમાંના સૌથી સુંદર ઝવેરાત તરીકે લેખ્યા છે. આ મોટા સંગ્રહનો માત્ર આટલાથી જ ખ્યાલ આવશે કે પોણોસો વરસના આ ઉસ્તાદે આશરે એકસોચાળીશ જુદી જુદી ભાષામાંથી તરજુમો કરાવેલાં ત્રણહજાર ગીત તેમાં એકઠાં કર્યાં છે. આ જંગી ગ્રંથમાં બાઈ પુતળીબાઇનાં લખાણ પ્રસિદ્ધ થવા પામ્યાં એ એમને માટે ઘણું માન ભર્યું છે.

સ્ત્રીકેળવણીના વિષયપર બાઇ પુતળીબાઇએ પોતાનો મત

નીચે પ્રમાણે એક પત્રમાં જણાવ્યો હતો:—

"દુનિયામાં પુરૂષોથી અલાહેદાં એવાં ઘણાંક કામો સોંપીને ઈશ્વરે સ્ત્રીઓને મોકલી છે અને તે કામોમાં જે જે વિદ્યાઓની જરૂર છે તે વિદ્યાઓ જો બધી નહિ તો થોડી પણ સ્ત્રીઓ શીખે અને તે વિદ્યાઓના બળથી પોતાના જ ખાસ કામોમાં સુધારા દાખલ કરે તો દુનિયાને કેટલો ફાયદો થાય ?"

"હવે ઘણા લોકનું કહેવું છે કે શીવવું, રાંધવું, સાંધવું, ખવાડવું ને છોકરાંઓની સંભાળ રાખવી એ જ માત્ર સ્ત્રીનો ધંધો છે તો તેણીને ઉંચી કેળવણીની શી જરૂર ? હવે કબુલ કરીએ કે હા સ્ત્રીનો કુદરતી ધંધો તો એ જ, પણ તે જ ધંધો સારી રીતે ચલાવવામાં શું વિદ્યાની મદદની જરૂર નથી ? શું ગણિતનો અભ્યાસ ઘરસંસારમાં નકામો છે ? શું ઇતિહાસ કે ભૂગોળનું પુખ્ત જ્ઞાન તેણીને એક વધારે ખબરદાર સ્ત્રી બનાવતું નથી ? શું ભૂમિતિનું જ્ઞાન તેણીને ઘરબારમાં કાંઈ જ કામ આવતું નથી ? શું રસાયણશાસ્ત્ર જાણનારી સ્ત્રી વધારે સારી રાંધનારી નહિ બની શકે ? અને વધારે પુષ્ટિકારક ને વધારે તંદુરસ્તી આપનારાં પકવાનો નહિ બનાવી શકે ? બાળકોના ખોરાકમાં સારૂં શું અને ખરાબ શું તે સમજવાથી શું એક માતા તરીકે વધારે ફતેહમંદ નહિ થાય ? નિશાળ અને કૉલેજ છોડ્યા પછી એ બધી વિદ્યાઓને સાધારણ જીંદગીના ઉપયોગમાં કેમ લેવી તે છોડીઓને શીખવેલું હોય તો એ બધું જ્ઞાન તેણીઓને વધારે બાહોશ ઘરધણીઆણીઓ, વધારે સમજુ માતાઓ અને માંદાની વધારે માવજત કરનારીઓ બનાવી શકે.

બાઈ પુતળીબાઇએ કોઈ હુન્નરની પાઠશાળામાં નિયમિત

કાયદા પ્રમાણે ચિત્રકળાનો હુન્નર સંપાદન કર્યો નહતો, છતાં ખાનગી અભ્યાસના લાભથી ચિત્રકળામાં એમની સ્વાભાવિક યોગ્યતા કાયદાસરની "ડીગ્રી"ઓ મેળવનારા કરતાં પણ વધુ સાબીત થઇ હતી. મુંબઇનાં અનેક હુન્નરપ્રદર્શનોમાં કેટલાંક વર્ષ સુધી તેમણે અનેક ચિત્રો રજુ કર્યાં હતાં, જે બદલ વર્ષોવર્ષ તેમને ઈનામો મળ્યાં હતાં. ચિત્રકળામાં તેમની આ કંઇ જેવી તેવી કુશળતા ગણાય નહિ.

પોતાના પતિના ઉત્તેજનથી આ બાઇએ નાસિકમાં દુકાળીયાંઓ માટે કપડાંઓની સારી મદદ મેળવી આપી હતી. દૂધમલ બાળકો, અનાથ અબળાઓ અને દુકાળના સંકટથી પીડાતા લાચાર–નાઇલાજ પુરૂષોને ઠંડીથી અકડાઇ જતા બચાવવા માટે પણ ત્હેમણે બનતો પ્રયાસ કર્યો હતો. ગોલ્ફની રમત અને ઘોડેસ્વારીમાં પણ તેઓ જાણીતાં છે. ગૃહવ્યવસ્થા, પાકશાસ્ત્ર, અને ભરતગુંથણના કામમાં પણ તેઓ પ્રવીણ છે. સ્ત્રીનું ખરૂં મહત્વ, પોતાના પતિનો સંસાર દરેક પ્રકારે સુખી કરવામાં રહેલું છે, અને તે વિષયમાં પણ તેઓ આદર્શરૂપ છે. અને ઉત્તમ સ્ત્રીકેળવણીનું તે એક શુભ પરિણામજ કહેવાય.

ફ્રાન્સમાં નીકળતા એક સ્ત્રીઉપયોગી પ્રસિદ્ધ ચોપાનિયામાં તેમનું ચિત્ર અને ચરિત્ર છપાયેલું હતું. આ વાત પુતળીબાઇ માટે થોડી માન ભરેલી ન ગણાય.

૩૬—ડૉકટર આઈમાય.*

બાઈ આઈમાયનો જન્મ ૨૦ મી અકટોમ્બર ૧૮૬૨ ના દિને થયો હતો. શરૂઆતમાં સ્કુલમાં ગુજરાતી કેળવણી લીધા પછી ઘરના અભ્યાસથી થોડા સમયમાં અંગ્રેજીનું જ્ઞાન તેમણે મેળવ્યું હતું. તે પછી ડોકટરી જ્ઞાન મેળવવાને તેઓ મેડીકલ કોલેજમાં ઇ. સ. ૧૮૮૪ માં મુશ્કેલીથી દાખલ થયાં હતાં. સ્ત્રીઓને ડોકટર બનાવવી એ તો ઘણાઓને મનથી એ સમયે મર્યાદા બહારની વાર્તા લાગતી. વળી એ વિષયમાં બીજી પણ અનેક પ્રતિકૂળતાઓ હતી, પરંતુ સ્વર્ગસ્થ શેઠ સોરાબજી શાહપુરજી બંગાળીએ મુખ્ય મહેનત લઇને સ્ત્રીઓને મેડીકલ કૉલેજમાં દાખલ થવાનો દરવાજો ખોલાવ્યો હતો. મેડીકલ કૉલેજમાં ચપળતાથી અભ્યાસ કર્યા પછી આઈમાયે ઇ. સ. ૧૮૮૮ માં પરીક્ષામાં પાસ થઇ વાઇસરૉયનો ચાંદીનો ચાંદ મેળવ્યો હતો. તે પછી કામા હોસ્પીટલમાં વધુ અભ્યાસ કરી ફતેહમંદી સાથે પોતાનો ડોકટરી ધંધો તેમણે ચાલુ કર્યો હતો અને તે ધંધામાં સારી નામના મેળવી હતી. ગરીબોની દાઝ હૈયે ધરી તેઓ અનેકોની મુફત દવા કરતાં. તેઓ આવીને ઉભાં રહેતાં કે તરતજ દરદીનું અર્ધું દુઃખ વિસારે પડી જતું; કારણ કે તેમની મુખાકૃતિ અને શાન્ત સ્વભાવ એવો ઉત્તમ

---

* "સ્ત્રીબોધ"ના ઈ. સ. ૧૯૦૪ ના અંકને આધારે સારાંશ રૂપે.

તથા સ્નેહાળ હતો. નિશાળની કેળવણી લીધેલાઓમાં મોટે ભાગે જે અભિમાન અને તોછડાપણું આવે છે તે તેમનામાં લેશમાત્ર પણ નહોતું. એમનો પહેરવેશ પણ સાદોજ હતો.

પોતાનાં માતપિતા તરફની તેમજ ભાઇ બ્હેનો અને સગાં સ્નેહીઓ તરફની ફરજ બજાવવામાં તેઓ એટલાં તો ચોકકસ હતાં કે જેથી તેમને ઓળખનાર દરેક મનુષ્યને તેઓ માટે બહુ સારો વિચાર બેસી જતો. તેમનામાં એકલપેટાપણું અને આપસ્વાર્થીપણું તો જરાએ નહોતું. પહેરવું, ખાવું, પીવું યાને એવી કોઇ પણ નજીવી બાબતથી લઇને મોટી બાબતમાં પણ તેઓ પોતાના ઘરનાં અન્ય માણસોને દરેક ચીજનો લાભ આપી સંતોષ્યા પછી સર્વની પછીથીજ તે ચીજનો લાભ પોતે લેતાં.

હાલના ફીશીયારીખોર જમાનામાં કેટલીક અણસમજુ બાઇયો, પોતાનાં બાળબચ્ચાં ઈ૦નું જતન સ્વહસ્તે કરવાનું શરમ ભરેલું ગણે છે. ત્યારે બાઇ આઇમાય અને ધનબાયજી, બંને સંપેલી બ્હેનો પોતાનાં ન્હાનાં ભાઈ બ્હેનોનું જતન કરવામાં પોતાનાં માતા પિતાને આનંદપૂર્વક મદદ આપતાં હતાં અને પોતાના અભ્યાસના સમયમાંથી થોડોક વખત ફાજલ પાડીને પોતાનું એ ઉત્તમ કર્તવ્ય પાલન કરતાં હતાં.

ડોકટર આઇમાય તા. ૨ જી ડીસેમ્બર ૧૮૯૯ એ પોતાનો ડૉકટરી અભ્યાસ આગળ વધારવા માટે આયર્લાંડ જવા ઉપડયાં અને ત્યાં રોયલ કૉલેજ આવ સર્જન એન્ડ ફિઝિશિયનની એલ. આર. સી. પી., એલ. આર. સી. એસ. ની પદવી માનસહિત મેળવી તેમાં પહેલા નંબરે આવ્યાં. ત્યાર પછી એક બે મહિનામાં કોમબસ હોસ્પીટલની એલ. એમ. (મિડવાઇફરી) ની

પદવી મેળવી, અને તા. ૧૬ મી નવેમ્બર ૧૯૦૦ માં બ્રસલ્સની એમ. ડી. ની પદવી માનસહિત મેળવી અને પોતાની ચપળતા તથા નમ્રતાભરી વર્તણુકથી પોતાના શિક્ષકોનાં તેઓ માનીતાં થઇ પડયાં. અભ્યાસનો આ પ્રકારનો ભાર છતાં ત્યાં વિદેશમાં પણ તેઓ મળસ્કામાં જાગૃત થઇ સમય કહાડીને પ્રભુપ્રાર્થનામાં નિમગ્ન થતાં હતાં. ઇ. સ. ૧૯૦૦ ના ડીસેમ્બરમાં તેઓ મુંબઇ પાછાં ફર્યાં હતાં, પરંતુ પોતાના ઉત્તમ જ્ઞાનનો લાભ પોતાનાં દર્દીઓને દીર્ઘ કાળ પર્યંત તેઓ આપી શકે તે અગાઉજ ઇ. સ. ૧૯૦૩ ના મે માસમાં ભર યુવાન વયે તેઓ સ્વર્ગવાસી થયાં.

એક નામાંકિત માણુસ કહી ગયો છે કે:—“ અધુરૂં ભણુનારમાં મિથ્યા મોટાઇ આવી જાય છે. માટે હે મનુષ્ય! જો તને વિદ્યારૂપી અમૃતની તૃષાજ હોય તો તેનું તૃપ્તિ પર્યંત પાન કરજે અને નહિંતો એ અમૃતના સરોવરથી છેક દૂરજ રહેજે.”

ડાકટર આઈમાયે વિદ્યાની વાવમાંથી ઘણું પાણી પીધેલું હોવાથી તોછડાઈ, મિથ્યાભિમાન ઇ૦ અવગુણોથી તેઓ અલિપ્ત રહ્યાં હતાં.

૩૭—ડૉકટર ફ્રેનીબાઈ.*

મુંબઇમાં સ્ત્રીઓને વૈદક શીખવવાની શરૂઆતને કાંઈ ઘણાં વરસ થયાં નથી. હિંદુસ્તાનની દેશી સ્ત્રીઓને સુધરેલા વૈદક શાસ્ત્રની મદદ મળવા માટે એ એક અતિ અગત્યના સુધારાનું પગલું ગણાતું આવ્યું છે. બિચારી આપણી દેશી બ્હેનપણીઓ દુઃખ દર્દોને આધીન થતી વેળા ઘણું ખમતી હતી. સંસારી રીવાજના વ્હેમોએ તે બિચારીઓને એટલી તો પડદેપોષ રાખેલી કે પરપુરૂષને પોતાનો ચહેરો તો શું, પણ પોતાનો હાથ કે પગ દેખાડવાની પણ બંધી હતી. તે બિચારીઓ પોતાની બીમારીના વખતમાં અને તે પણ પોતાની સ્ત્રીજાતિને લગતાં ખાસ દર્દોના વખતમાં પુરૂષ ડૉકટરને પોતાની આગળ આવવા દે અને તેને પોતાના જુદા જુદા અંગભાગ બતાવીને તેની દવાદારૂની માવજતનો લાભ મેળવે એતો અશક્યજ હતું, અને તેથી કરીને આપણી ઘણીક બ્હેનપણીઓ કમોતે મરણ પામવાના જોખમમાં જતી હતી. એટલા માટે સ્ત્રી-ડૉકટરોની મદદ ઇંગ્લાંડમાં તથા યુરોપ અને અમેરીકાના સુધરેલા દેશોની સુધરેલી સ્ત્રીઓને માટે પણ અવશ્યની થઇ પડી હતી; તો આપણા દેશની પડદેનશીન અબળા જાતિને તો સ્ત્રી-ડૉકટરની મદદ એથી પણ વધારે જરૂરની ગણાવી જોઇએ. તે જરૂરીઆત

* 'સ્ત્રીબોધ'ના ૧૮૯૭ ના ઓગષ્ટના અંકમાંથી સારાંશરૂપે ઉપકાર સાથે ઉદ્ધૃત.

પૂરી પાડવાને સન ૧૮૮૩માં મરહુમ શેઠ સોરાબજી શાપુરજી બંગાલીની આગેવાની તળે એક મોટી હીલચાલ ઉભી થઇ. એક મોટું ફંડ થયું; અને કામા હૉસ્પિટલની સ્થાપના તેજ હીલચાલના એક પરિણામ દાખલ, શેઠ પેસ્તનજી હોરમસજી સી. આઈ. ઇ., ની સખાવતથી કરવામાં આવી. વળી તે આગમચ એજ હીલચાલનું બીજું શુભ પરિણામ એ આવ્યું કે, મુંબઇની ગ્રાંટ મેડીકલ કોલેજે પોતાની કેળવણી દેશી સ્ત્રીઓને માટે ખુલ્લી મૂકી હતી.

ડૉક્ટર ફ્રેનીનો જન્મ સને ૧૮૬૬ માં થયો હતો. સ્કુલોમાં પુખ્ત અંગ્રેજી કેળવણી લીધા પછી ગ્રાન્ટ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરી યુનીવર્સીટીમાંથી એલ. એમ. એન્ડ એસ., ની તબીબી પદવી પારસી બાનુઓમાં તેમણેજ સૌથી પહેલવહેલી મેળવી હતી. આ પછી તેઓ વૈદકશાસ્ત્રનો વધુ અનુભવ મેળવવાને ઈંગ્લંડ ગયાં. ત્યાં લંડનની એક મોટી હૉસ્પિટલમાં સર્ટિફિકેટ મેળવ્યા પછી તેમણે એડીનબરોની "રૉયલ ઇનફર્મરી હૉસ્પિટલ" માં એલ. આર. સી. પી., તથા એલ. આર. સી. એસ., અને એલ. એફ. પી. એસ., ની ત્રણ ડીગ્રીઓ એકઠી મેળવી હતી. ઇંગ્લાંડના વૈદકખાતાની આ ઉંચી પદવીઓ ઉપરાંત ડૉક્ટર ફ્રેની બ્રસલ્સના એમ.ડી. તથા ડબ્લીનની "રોહનડા" હૉસ્પિટલની એલ. એમ., એટલે કે સુવાવડનાં વૈદકની પણ ડીગ્રી ધરાવે છે.

મુંબઇ આવ્યા પછી બાઈ ફ્રેનીને કામા હોસ્પિટલના હાઉસ સરજ્યનની જગા મળી એટલુંજ નહિ પણ ત્યાંની વડી ડાક્ટરની ગેરહાજરીમાં "ફીઝીશિયન" તરીકે પણ તેમણે કામ ચલાવ્યું હતું. ૧૮૯૬ માં પરણ્યા પછી હૉસ્પિટલની નોકરી

છોડી પોતાના પતિ સાથે તેઓ બીજી વાર યુરોપ ગયાં હતાં; અને પારિસની મોટી પાસ્ચ્યુઅર ઈન્સ્ટીટ્યુટ કે જે હડખાયાં કુતરાં કરડવાથી નીપજતાં ખરાબ દુઃખના ઇલાજની મોટી અને આખી દુનિયામાં એકજ હૉસ્પિટલ એ સમયે હતી. તે ઇલાજની હરેક પ્રકારની માહિતી આ બાઇએ મેળવી હતી. ઇનસ્ટી-ટ્યુટના વડા મોં. વાયેલાએ બાઈ ફ્રેનીને પાસ્ચ્યુઅરના ઇલાજની ખાસ માહિતી આપવા માટે ખાસ વ્યાખ્યાન આપ્યાં હતાં. જે વેળા બાઈ ફ્રેનીના પતિ મિ. મર્ઝબાન પણ હાજર હતા. એ ચપળ બાઇએ બે સોનાના ચાંદ તથા સ્કૉલરશીપનાં ઈનામો મેળવ્યાં છે. તેઓ એડીનબરો ગયાં ત્યારે ત્યાંની "રૉયલ ઇનફ્રર્મરી હૉસ્પિટલ" સ્ત્રી-વિદ્યાર્થીઓ માટે બંધ હતી. તે મ્હોટી હૉસ્પિટલના દરવાજા પણ સ્ત્રી-ડૉકટરો માટે પહેલ વહેલા બાઇ ફ્રેનીએજ ખુલ્લા મૂકાવ્યા હતા. અને એ રીતે એક યુરોપિયન હૉસ્પિટલમાં કેળવણીને માટે દાખલ થનાર અને ત્યાંની યુરોપિયન સ્ત્રી-ડૉકટરો માટે રસ્તો કરી આપનાર પણ તેઓજ હતાં.

૩૮—મંગળાબાઈ.*

લલિતકળાનો આપણે ત્હાં આદર નથી; પણ આપણો પુરાણો ઈતિહાસ કહે છે કે આપણી રાજ-કન્યાઓ અને કુલ-સ્ત્રીઓ, સંગીત, નૃત્ય, ચિત્રકલા વગેરે જાણતી હતી. નારીકુળ નાજુક છે અને નાજુક કળાઓ-પર તેઓ સહજમાં કાબુ ધરાવી શકે છે. આપણી સ્ત્રી-કેળવણી માટે આ તત્ત્વ ધ્યાનમાં રાખવામાં આવે તો અવશ્ય ઘણો લાભ થાય તેમ છે.

મદ્રાસના છેલ્લા ચિત્રકળા-હુન્નરના પ્રદર્શનમાં એક બાઇ ધ્યાન ખેંચે છે. વાચકો જાણીને અજબ થશે કે, એ બાઇ તે મર્હુમ જગવિખ્યાત હિંદુ ચિત્રકાર રાજા રવિવર્માનાં બ્હેન થાય છે, અને પ્રદર્શનમાં રજુ કરેલું ચિત્ર તે ત્હેમના મર્હુમ ભાઈ રાજા રવિવર્માનુંજ છે. છબી આબેહુબ છે, અને જ્હેની-પણ તે પર નજર પડેછે ત્હેને તે તસ્વીર જાગતી જીવતી હોય તે-વીજ લાગે છે. ચારે તરફથી ત્હેનાં એકે અવાજે વખાણ થવા માંડયાં છે; અને માનવામાં આવેછે કે, તે બાઈ ત્હેમના ભાઇની માફક પુરાણ અને ઈતિહાસનાં ચિત્રો પણ તૈયાર કરે તો ઘણાં ફતેહમંદ નીવડે. એકદમ પહેલેજ સપાટે આટલી બધી લોક-

* 'સ્ત્રીબોધ' પુ. પર અંક ૧. લેખક રા. રા. નરસિંહરાવ હરિલાલ ધ્રુવ.

પ્રીતિ મેળવી જનાર બાઈમાં આવા ગુણો ક્યહાંથી આવ્યા તે જોવા માટે આપણે ત્હેમની જીવનકથાનો ટુંકો ઇતિહાસ મેળવીશું.

આપણી ચરિત્રનાયિકાનું નામ મંગળાબાઈ છે. તાંજોરમાં આવેલા કિલિમનૌરનાજ રાજમહેલમાં, કે જ્યહાં મશહૂર ચિત્રકાર રાજા રવિવર્માનો જન્મ થયો હતો ત્યહાંજ, આ ત્હેમની બ્હેન મંગળાબાઈનો જન્મ પણ ઇ. સ. ૧૮૬૬ ના માર્ચ માસની તા. ૯ મી ના રોજે થયો હતો. ત્હેમની માતાનું નામ ઉમાબાઈ હતું. ઉમાબાઈ પોતે સંગીતવિદ્યામાં ઉત્સાહી હતાં અને સંસ્કૃત તથા મલયાલમ ભાષામાં જાણીતાં ગ્રંથકાર હતાં. આવી રીતે સાહિત્યપ્રીતિ અને નાજુક હુન્નર તરફની લાગણી ત્હેમને પોતાની મા તરફથી મળી હતી.

મંગળાબાઇના પિતા નીલકંઠ ભત્તાતિરી ઉત્તર ત્રાવણકોરના કુનાતુનાડ તાલુકામાં આવેલા ઇલુમા વુ ઇલમ ગામના નંબુરી બ્રાહ્મણ હતા. લોકોમાં તેઓને ઘણું માન હતું. વૈદક વિદ્યા તથા વેદશાસ્ત્રના તેઓ પંડિત ગણાતા હતા.

માતા તથા પિતા બંનેએ પોતાનાં બચ્ચાંની કેળવણીનો ભાર ઘણી સારી રીતે ઉપાડી લીધો હતો. ઉમાબાઈને સાત બચ્ચાં હતાં. ત્હેમાંથી સૌથી ન્હાનાં મંગળાબાઇ હતાં. ત્હેમની બીજી ત્રણ બ્હેનો રાજા રવિવર્માની હયાતિમાંજ મરણ પામી હતી, અને ભાઇઓ, શ્રીરાજા રાજવર્મા તથા રાજા રવિવર્મા છેલ્લા વર્ષમાંજ મોતના ભોગ થઇ પડયા હતા. ત્હેમના દરેક ભાઇને સંગીતાદિ કળાનો શોખ તેમની માતા પાસેથી મળેલો હતો.

મંગળાબાઈની ઉમર પાંચ વર્ષની થઈ ત્યહારે કુટુંબનો શિક્ષક ગોવિંદ પિલ્લઇ આસન, જહેને સંસ્કૃત ભાષા તથા જ્યોતિષ વિદ્યાનું ઘણું સારૂં જ્ઞાન હતું, ત્હેની પાસેથી ત્હેમણે મલાયી ભાષાનું સારૂં શિક્ષણ મેળવ્યું. એજ અરસામાં સંગીતનો કાબુ, સંગીતના ઉસ્તાદ સુબ્રહ્મણ્ય ભાગવત પાસેથી મેળવ્યો. ત્યહાર પછીનાં થોડાં વર્ષો સુધી સંગીતનો વધુ અભ્યાસ મહારાજાના ગવૈયા ઉસ્તાદ રઘુપતિ ભાગવતાવતાર પાસે કર્યો હતો. તે સિવાય તે એક મીઠી, હલકે ગાનાર કિન્નરકંઠી તરીકે વિખ્યાત છે. તેઓ ઘણું ખરૂં સ્વામી તિરૂનલ મહારાજા, ત્યાગરાજા વિગેરેનાં પદો ઘણી અચ્છી રીતે ગાઇ જાણે છે. ત્રિવેન્દ્રમનાં મોટાં મહારાણી સંગીત માટે ઘણી વખત ત્હેમને બોલાવે છે અને ઉમદા ભેટો આપે છે. મર્હુમ મહારાણી શ્રી લક્ષ્મીબાઈ સાહેબ સી. આઇ. જેઓ પોતે પણ એક અચ્છાં ગાનાર અને ગાનવિદ્યાનાં પીછાનદાર હતાં તેઓ મંગળાબાઇનાં ગાણાં વિષે ઘણીવાર કહેતાં કે "I am particularly pleased with the sweet music of my dear Mangala."

"મ્હારી વ્હાલી મંગળાનાં મીઠાં ગાયનથી મ્હને ખાસ કરી ઘણોજ આનંદ થાય છે."

સંગીત અને ચિત્રકળાનો શોખ લાગ્યા પછી મંગળાબાઈ પોતાનો સંસ્કૃત ભાષાનો અભ્યાસ વધારી શકી નહિ. તે વખતે ઈંગ્રેજી ભાષા પણ ત્યહાં શીખવવામાં આવતી નહોતી એટલે મંગળાબાઈને ઈંગ્રેજી ભાષાનું જ્ઞાન નથી.

મર્હુમ રાજા રવિવર્માને ચિત્રવિદ્યામાં આગળ વધારનાર અને ખાસ ઉત્તેજન આપનાર ત્હેના મામા રાજા રાજવર્મા

હતા. કિલિમનૅારમાં તેઓ એક પ્રખ્યાત ચિતારા હતા.

મંગળાબાઇને પણ તેજ મામાએ ભાણુજીનું વલણ ચિત્રો તરફ વધારે જોઇને તે બાબતનું શિક્ષણ આપવા માંડયું, અને મંગળાબાઇએ ત્હેમાં અસાધારણ ચાલાકી થોડાજ વખતમાં બતાવવા માંડી. એક વખત એવું બન્યું કે રાજવર્માના ઉંચા ક્લાસના વિદ્યાર્થી હાથીદાંત ઉપર વિષ્ણુમાયા દડે રમતાં હોય એવું ચિત્ર કરતા હતા. સાંજને વખતે જ્યહારે બધા વિદ્યાર્થિઓની પાટી તપાસવા માંડી ત્યહારે એકના ચિત્રમાંની પેલી દેવતાઇ મૂર્તિના કપડાની ફડકમાં રાજવર્માને કંઇક ખામી જણાઇ, તેથી ત્હેણે બધા છોકરાઓને તે ખામી શોધી કાઢવાનું કહ્યું. ઉપરના ક્લાસમાંથી કોઇ ખરી ભૂલ બતાવી શકયું નહિ. જ્યહારે નીચલા કલાસમાંની આપણી ન્હાની મંગળાબાઈ ત્હેનો જવાબ તુરત આપી ખરી ખામી કહી શકી. એવી ત્હેમની મૂળથીજ ચિત્ર માટે કુદરતી ઝીણી નજર હતી.

મંગળાબાઈનું લગ્ન અગીઆર વર્ષની ઉમરે થયું હતું, છતાં પણ ત્યાર પછી બે વર્ષ સુધી ત્હેમણે પોતાનો ચિત્રકળાનો અભ્યાસ મામાના હાથ નીચે જારી રાખ્યો હતો. પછી સાસરે જતાં અભ્યાસ મૂકવો પડયો. ઇ. સ. ૧૮૮૩ માં મામાનું મરણ થયું અને તે પછી ત્હેમનો ખાનગી અભ્યાસ ત્હેમના ભાઈ રાજા રવિવર્માનાં ચિત્રોની નકલસર ચાલુ રહ્યો. ત્હેમનું દરેક ચિત્ર જે કોઈ જોતા તે વખાણ્યા વિના રહેતા નહિ. રવિવર્મા પોતે પણ ઘણીવાર કહેતા કે—

Had my sister been a man, or even had the opportunity of studying painting systematically,

she would have become of the first class artists of the day.

'જો મ્હારી બ્હેનને પદ્ધતિસર ચિત્રના હુન્નરની કેળવણી આપવામાં આવી હોત તો આજ તે ખરેખર એક ઉમદા ચિત્રકાર થઇ પડત.'

મંગળાબાઈએ હિંદુઓનાં કેટલાંક દેવ–દેવીઓનાં તથા મલબાર તરફના નામચીન પુરૂષોનાં ચિત્રો કરેલાં છે. હમણાં છેલ્લાં ત્રણ વર્ષમાં લગભગ વર્ષ વર્ષને આંતરે ગુજરી ગયેલા ત્હેના ત્રણ ભાઇઓના મોતથી ત્હેના જીગર અને મન ઉપર માઠી અસર થઇ છે, અને હવે ત્હેણી સાત ભાંડુઓમાંથી ફક્ત એકજ રહી છે. હમણાં ત્હેમના મનમાં ત્હેમની યાદ જ્યારે તાજીજ છે તેવા વખતમાં ત્હેમણે ત્હેમની તસ્વીરો તૈયાર કરવાનું મનપર લીધું છે, અને પહેલ વહેલી સૌથી મ્હોટા ભાઈ પ્રખ્યાત ચિત્રકાર રાજા રવિવર્માની આબેહૂબ તસ્વીર તૈયાર કરી મદ્રાસના પ્રદર્શનમાં મોકલી છે. જે ઉપર ધ્યાન ખેંચવાથી આજે આપણે મંગળાબાઈની કારકીર્દી જાણવાને ઉમંગી થયા છીએ.

મંગળાબાઈને ફરજંદોમાં બે દીકરા અને એક દીકરી, ૧૯, ૧૪, અને ૭ વર્ષનાં અનુક્રમે છે. તેઓ પણ ચિત્ર અને સંગીતનો શોખ ધરાવે છે. ત્હેમનાં નામ ત્હેમના મામાની યાદમાં રવિવર્મા અને રાજવર્મા પાડવામાં આવ્યાં છે.

મોટા રવિવર્માએ હમણાં બે ચિત્રો તૈયાર કરીને ત્રાવણકોરના મહારાજા ઉપર મોકલાવ્યાં છે, જે માટે મહારાજાએ ઘણી પસંદગી બતાવી છે.

મંગળાબાઈ સ્વભાવે ઘણાં સાદાં સીધાં, માયાળુ તથા

દયાળુ છે. હમેશાં ગરીબ અને દુઃખીને મદદ કરવા તેઓ તત્પર રહે છે. ખાસ કરીને સ્ત્રીકેળવણી માટે તેઓ ઘણો ઉત્સાહ ધરાવે છે.

આ પ્રદર્શનમાં હેમના એકજ ચિત્રપરથી એટલી બધી આશા બાંધવામાં આવે છે કે તેઓ પોતાની કોશેશ ચાલુ રાખે તો જતે દિવસે રાજા રવિવર્માની લગભગ તેઓ સહજમાં આવી શકે. ઇશ્વિર હેમને લાંબી જીંદગી આપો અને હેમને હાથે દુનિયાને વધારે ઉન્નત કરનાર ચિત્રો બહાર પડાવો અને હેમના બેટાઓને, મા અને મામાની શક્તિના વધારે ને વધારે દીપાવનારાઓ કરો એવી આપણે પ્રાર્થના કરીશું.

૩૯—શ્રીમતી નિર્મળાબાળા સોમ—એમ. એ.

નિર્મળા બાળાનો જન્મ ઇ. સ. ૧૮૬૬ના એપ્રિલ માસની ત્રેવીસમી તારિખે થયો હતો. હેના પિતાનું નામ ઉમેશચન્દ્ર મુખોપાધ્યાય છે. જ્યહારે નિર્મળા બાળા એક વર્ષની થઇ ત્યહારે હેને કોલેરાનો ભયંકર રોગ થયો, પરંતુ ઇશ્વિરે તે દુઃખમાંથી હેને બચાવી. સુશિક્ષિત વર્ગમાં હેને પ્રસિદ્ધ કરી સન્માનપાત્ર બનાવવાનોજ પ્રભુનો હેતુ હશે તેથી મંદવાડમાંથી હેમને ઉગાર્યા વગર કેમ ચાલે? નિર્મળા બાળાની બુદ્ધિ તીક્ષ્ણ, આશ્ચર્યકારક હતી. તે સાત મહિનાની થઇ ત્યહારે ભાગ્યુંતુટયું બોલવા લાગી હતી. અને એક

વર્ષની થતાંમાં તો દરેક શબ્દ ચોકખી રીતે બોલી શકતી હતી. ત્હેના બાપના ઘરની પાસે ન્હાનાં છોકરાંઓને ભણવાની એક નિશાળ હતી. એક દિવસ તે નિશાળના મહેતાજીની સ્ત્રી, નિર્મળાબાળાની મા પાસે આવી, અને કહ્યું કે, “મ્હારા પતિ નિર્મળાને પાસે બેસાડી મૂકશે અને ત્હેને દેખીને બીજાં છોકરાંઓ પણ ખુશ થઇને ત્ય્હાં આવશે. ત્હમારી પાસે રજા માગવાનું પણ મુખ્ય કારણ આ છે. મ્હારા પતિ ત્હેને કાંઇ ભણાવશે નહિ, અને નિશાળમાં રહેશે તેટલો વખત બહુ સારી રીતે રાખશે.” નિર્મળાનાં માબાપે આ વાત કબૂલ કરી, અને તે દિવસથીજ ત્હેને દરરોજ નિશાળે મોકલવા માંડી.

જે છોકરી એક વર્ષની ઉમ્મરે શબ્દો બોલવા લાગી હતી તે નિશાળમાં ચૂપ કેવી રીતે બેશી રહે? ત્હેણે નિશાળના માસ્તરને વિનંતિ કરીને બંગાળીની પહેલી ચોપડી માગી લીધી, અને તે ત્હેણે ઘણી જલ્દીથી પૂરી કરી. પરન્તુ આ વાત ત્હેણે પોતાનાં માબાપને ન કહી. ચોપડીઓ પણ ઘેર લઇ જતી નહિ. તે છતાં આ વાત ઘણા દિવસ સુધી છાની ન રહી. ત્હેનાં માતા પિતા જ્ય્યારે ત્હેને ઘરમાં વાંચવા દેવા ન લાગ્યાં અને ચોપડીઓ પણ પડાવી લેવા લાગ્યાં, ત્ય્હારે તે બાલિકા છાપરા ઉપરની વળીઓ અને નળીઆં વગેરે ઉપર પાઠ લખી શિખવા લાગી. વિદ્યાભિરૂચિ, ભણવાની ખરી હોંશ તે આનું નામ.

તા. ૫ મી જુન ૧૮૭૩ માં બાબુ ઉમેશચન્દ્રનો સ્વર્ગવાસ થયો. તે વખતે નિર્મળાબાળાનું વય ફક્ત સાત વર્ષનું હતું. હવે ત્હેના પાલનપોષણનો ભાર ત્હેની મા ઉપર આવી પડયો અત્યાર

સુધીમાં વાંચવા લખવાના લાભ ત્હેની માતાના સ્હમજવામાં સારી પેઠે આવ્યા હતા. તેથી હવે ત્હેણે નિર્મળાના અભ્યાસમાં હરકત કરવાનું બંધ કર્યું. ત્હેની મરજી પ્રમાણે હવે તે નિર્મળાને ભણવા દેતી હતી. પિતાના મરી ગયા પછી દોઢ વર્ષ સુધી નિર્મળા, છોકરીઓની બીજી નિશાળમાં જતી. ત્ય્હાંજ ત્હેણે પહેલી પરીક્ષા આપી, અને ઘણી સારી રીતે પાસ થઇ. પાસ થયેલી છોકરીઓમાં ત્હેનો ઘણો ઉંચો નંબર આવ્યો, અને મહિને બે રૂપિયાની શિષ્યવૃત્તિ (સ્કૉલરશિપ) પણ ત્હેને મળવા લાગી. ત્ય્હાર પછી તે એફ. સી. નોર્મલ સ્કુલમાં દાખલ થઈ. ત્હેના ખાવા પીવાની તથા કપડાં લતાં વગેરેની ગોઠવણ પણ ત્ય્હાંજ થઇ ગઇ. તે નિશાળમાં બોર્ડિંગ હાઉસમાં માતાપિતા વગરની અનાથ બાલિકાઓ માફક રહેવા લાગી. ત્ય્હાં તે દશ વર્ષ સુધી રહી, અને વિવાહ થવાના માત્ર વીસ દિવસ પહેલાંજ ત્ય્હાંથી ઉઠી. આ નોર્મલ સ્કુલમાં નિર્મળા બાળાને અનેક કષ્ટ સહન કરવાં પડયાં. જન્મથીજ તે બહુ અશક્ત અને સુકુમાર હતી. ઘણી વખત માંદી પણ પડતી હતી. અનાથ બાલિકાઓને જે ભોજન આપવામાં આવતું તેથી ત્હેને સંતોષ નહોતો વળતો. તે ખોરાક ત્હેને ભાવતો નહોતો. તેમ છતાં ત્હેની વિધવા માતા રોજના ખાવા પીવાની પણ ગોઠવણ કરે એવી સ્થિતિમાં નહોતી. આ કારણોથી ત્હેને કોઇ કોઇ વખત ભૂખ્યાં પણ રહેવું પડતું, પણ એ સર્વ ત્હેણે ઘણા ધૈર્યથી સહન કર્યું.

એક સુકુમાર બાલિકાએ સંકટ સમયે રાખેલી ધીરજનો વિચાર કરતાં આપણે આશ્ચર્ય પામીએ છીએ. આવી કંગાલ

અવસ્થામાં પણ નિર્મળા બાળા તેજ નિશાળમાં રહીને દરરોજ પોતાના વર્ગમાં ઉંચો નંબર રાખતી હતી. પરીક્ષામાં પહેલે નંબરે તે પાસ થતી હતી એટલુંજ નહીં પરન્તુ દરેક જૂદા જૂદા વિષયોમાં પણ ત્હેનો નંબર ઉંચો આવતો હતો. દરેક સાલ બધા વિષયોમાં પહેલું ઈનામ ત્હેણે મેળવ્યું હતું. આવી રીતે ત્હેને ઇનામો ઉપરા ઉપરી મળતાં જોઈને લોકોને આશ્ચર્ય, આનંદ અને કુતૂહલ એકે સાથે થતાં.

પંદર વર્ષની ઉમરે નિર્મળા બાળાએ, ઇ. સ. ૧૮૮૧ માં મેટ્રીકયુલેશનની પરીક્ષા પાસ કરી, અને દસ રૂપિયાની માસિક સ્કૉલરશિપ પણ મેળવી. ત્હેની આ સફળતા અને વિજયથી પ્રસન્ન થઈને વારાણસી (કાશી)ના મહારાજાએ એક સુંદર સાડી ત્હેને ઇનામમાં આપી. ઈ. સ. ૧૮૮૩ માં ત્હેણે એફ. એ. ની પરીક્ષા પાસ કરી. આ પરીક્ષામાં ત્હેણે વળી વધારે માન મેળવ્યું અને દર મહિને પચીસ રૂપિયાની સરકાર તરફથી, તથા દસ રૂપિયાની કૉલેજ તરફથી, સ્કોલરશિપો મળી. આ રીતે ત્હેને માસિક પાંત્રીસ રૂપિયા મળવા લાગ્યા. ઇ. સ. ૧૮૮૫ માં તે બી. એ. ની પરીક્ષા માટે સર્વ પ્રકારે તૈયાર હતી. પરન્તુ પોતાના ભવિષ્યના પતિને પરીક્ષામાં સાથે લેવાની ઈચ્છાથી તે એ વર્ષે પરીક્ષામાં બેઠી નહિ. બાબુ જે. એન. સોમની સાથે ત્હેનો વિવાહ થવાનો હતો. તે પણ બી. એ. કલાસમાંજ હતો. પરન્તુ પરીક્ષાને માટે ત્હેની તે વર્ષે તૈયારી નહોતી, તેથી નિર્મળા બાળાએ પતિના પહેલાં બી. એ. થવાનું યોગ્ય ન ધાર્યું.

ઇ. સ. ૧૮૮૫ માં નિર્મળા બાળાનું લગ્ન બાબુ જે. એન. સોમની સાથે થયું. ત્ય્હારથી ત્હેમના વિદ્યાભ્યાસમાં વિઘ્ન આવવા

લાગ્યું. આ સમયે ત્હેણે છોકરીઓની એક ન્હાની નિશાળ ઉઘાડી હતી. ત્હેમાં ત્હેનો ઘણો વખત જતો હતો. પણ ત્હેને વિદ્યાનો એટલો બધો શોખ લાગ્યો હતો કે નિશાળનું અને ઘરનું બધું કામકાજ આટોપી લઈને વાંચવાને માટે થોડો ઘણો વખત તે કહાડતી હતી.

ઇ. સ. ૧૮૮૭ માં નિર્મળાબાળાએ પોતાના પાતની સાથે બી. એ. ની પરીક્ષા આપી, અને બન્ને જણાં સાથે પાસ થયાં. પતિ પત્નીએ સાથેજ વિશ્વવિદ્યાલયની ઉંચી પરીક્ષા પાસ કરીને ડીગ્રી મેળવી હોય એવા બનાવો આપણા દેશમાં ક્વચિત્‌જ બને છે. એમ. એ. અને બી. એ. વગેરેમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને સનદ (ડિપ્લોમા) આપવાને માટે કલકત્તા વિશ્વવિદ્યાલયમાં સભા મળી ત્યહારે શ્રીમતી નિર્મળાબાળા પોતાના પતિની સાથે પદવી લેવા ઉભી હતી. તે વખતે સર્વ કોઈની દૃષ્ટિ ત્હેના તરફ ખેંચાઇ રહે એ સ્વાભાવિકજ છે. ક્રિયા પૂરી થયા પછી વૉઈસરોય સાહેબ પોતાની ખુરશી ઉપરથી ઉઠીને શ્રીમતી નિર્મળાની પાસે આવ્યા. અને ત્હેને અભિનંદન આપી માનની લાગણીથી ત્હેને 'શેક હેન્ડ' કરી.

ઈ. સ. ૧૮૯૧ માં અંગ્રેજી સાહિત્યમાં તે એમ. એ. ની પરીક્ષામાં પાસ થઇ. તેજ વર્ષમાં હિન્દી રાષ્ટ્રીય મહાસભા (ઇંડિયન નેશનલ કોન્ગ્રેસ) માં ત્હેને પ્રતિનિધિ તરીકે પસંદ કરવામાં આવી. ત્યહાર પછી ત્રણ વર્ષે ત્હેણે દર્શનશાસ્ત્રમાં પણ એમ. એ. ની પરીક્ષા પાસ કરી. આજથી નિર્મળાબાળા અંગ્રેજી સાહિત્ય તેમ દર્શનશાસ્ત્રની આચાર્યા (માસ્ટર) બની. આ વાત ફક્ત ત્હેને માટેજ નહિ પરન્તુ સમગ્ર સ્ત્રી જાતિને માટે ગૌરવનું

કારણ છે. અને આ દેશની સ્ત્રીઓએ તો ખાસ કરીને ત્હેને માટે અભિમાન રાખવાનું છે. ઇ. સ. ૧૮૯૬માં કલકત્તા વિશ્વ-વિદ્યાલયના ઉપાધ્યક્ષ (વાઇસ ચેન્સેલર) સર આલફ્રેડ ક્રોફ્ટ સાહેબે પોતાના ભાષણમાં શ્રીમતી નિર્મળાબાળાનાં વખાણ કરતાં કહ્યું હતું કે "ભારતવર્ષમાં આ પહેલી સ્ત્રી છે કે જ્હેણે બે વિષયોમાં એમ. એ. પાસ કરી હોય." વિશ્વવિદ્યાલયના અધિ-કારીઓ તરફથી સર આલફ્રેડે ઘણો સંતોષ પ્રકટ કર્યો અને ઉત્સાહવર્ધક અનેક વાકયોથી ત્હેની વિદ્યાભિરૂચિ, યોગ્યતા, તેમજ પરિશ્રમની સ્તુતિ કરી.

શ્રીમતી નિર્મળાબાળાને હજુ સુધી નિશાળ અને ઘરનાં કામોમાંથી ઘણો થોડો અવકાશ છે. તોપણ ત્હેમને વિદ્યાનું એવું વ્યસન લાગ્યું છે કે ત્હેને માટે થોડો ઘણો વખત ગમે તેમ કરીને એ કહાડે છે. પ્રોફેસર એસ. સી. મુકરજી એમ. એ., એલ. એલ. બી., ની સાથે મળીને ત્હેમણે કવીશ્વર સ્કૉટની 'લેડી ઓફ્ ધી લેક' અને કવિવર લોર્ડ ટેનિસનના 'પસંદ કરેલાં કાવ્યો' (સીલેકટેડ પોએમ્સ) ઉપર ટીકા લખી છે. તે પુસ્તકોને વિદ્વાનોએ બહુ પસંદ કર્યાં છે. અને ત્હેમની નકલો પણ ઘણી ખપી છે.

ઇ. સ. ૧૮૯૯ માં કલકત્તા વિશ્વવિદ્યાલયે શ્રીમતી નિર્મળા-બાળાની વિદ્વત્તા ઉપર ખુશ થઇને ત્હેમને પ્રવેશક (એન્ટ્રન્સ અથવા મેટ્રીકયુલેશન) પરીક્ષામાં અંગ્રેજીનાં પરીક્ષક નીમ્યાં હતાં. તે કામ ત્હેમણે એટલી યોગ્યતાપૂર્વક કર્યું કે ત્યહારથી નિયમિત રીતે એ પરીક્ષામાં એ પરીક્ષક નીમાય છે. છેલ્લાં થોડાં વર્ષથી એ ઇન્ટર મિજીયટની પરીક્ષામાં પણ અંગ્રેજી સાહિત્યનાં પરી-ક્ષક નીમાય છે.

અમેરિકાનિવાસી કુમારી ગાર્ડનર નામની એક વિદ્વાન સ્ત્રીની સહાયતાથી ઇ. સ. ૧૮૮૭ માં શ્રીમતી નિર્મળાબાળાએ કેવળ પાંચ છોકરીઓને એકઠી કરીને એક હાઇસ્કૂલ ઉઘાડી હતી. તે નિશાળને ત્હેમણે એવી સારી રીતે ચલાવી કે ઇ. સ. ૧૮૯૧ માં મેટ્રીકયુલેશન સુધી ત્ય્હાં ભણાવા માંડ્યું. ઇ. સ. ૧૯૦૨ માં એ નિશાળ મટીને કોલેજ થઇ છે, અને શ્રીમતી નિર્મળાબાળા ત્હેની ઉન્નતિને માટે પરિશ્રમપૂર્વક પ્રયત્ન કર્યા કરે છે.

શ્રીમતી નિર્મળાબાળાની વિદ્યાભ્યાસ ઉપરની પ્રીતિ આ દેશની સ્ત્રીઓને માટે નમૂનારૂપ છે. જે દશામાં રહીને ત્હેણે વિદ્યા અને જ્ઞાન મેળવ્યાં છે તે દશામાં સ્ત્રીઓ તો શું પણ પુરૂષો પણ ત્હેના જેવી ઉંચી પરીક્ષા પાસ કરી શકશે? ખરેખર ઘણા થોડા વીર નરોજ તેમ કરવા શક્તિમાન થશે. આપણા દેશમાં સ્ત્રીઓને શિક્ષણ આપવાની જરૂર છે. ઉંચા પ્રકારની કેળવણી આપી ત્હેમની શારીરિક, અને માનસિક શક્તિ સુધારવી એ દેશના હિતૈષીઓનો પરમ ધર્મ છે.

ઇંડિયન લેડીઝ મેગેઝિન અને હિન્દી સરસ્વતી માસિકોને આધારે આ સન્નારીનું સંક્ષિપ્ત ચરિત્ર ઇ. સ. ૧૯૦૩ માં હમે 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં લખ્યું હતું તેજ અત્રે ઉતારી લેવામાં આવ્યું છે, ત્ય્હાર પછીનું ત્હેમનું ચરિત્ર હમારા જાણ્યામાં આવ્યું નથી; પરન્તુ એ સન્નારીનું આ ટુંકું જીવનચરિત્ર એટલું તો સાબિત કરી આપે છે કે, આપણા દેશની સ્ત્રીઓની શિક્ષણ લેવાની લાયકાત બીજા કોઇ દેશની સ્ત્રીઓ કરતાં ઓછી તો નથીજ.

૪૦—મહારાજા ચન્દ્રશમશેર જંગ રાણા બહાદુરની પત્ની.

ભારતવર્ષમાં જે બે રાજ્યો હજી સુધી સ્વતંત્રતાનું ગૌરવમય ઉજ્વલ તિલક લલાટમાં ધારણ કરી રહ્યાં છે ત્હેમાંનું એક નેપાળનું હિન્દુ રાજ્ય છે. હિમાલયના ખોળામાં આવેલો એ વિસ્તીર્ણ પ્રદેશ, પ્રકૃતિનો રમણીય બગીચો છે. વિવિધ નૈસર્ગિક શોભા અને સંપત્તિથી તે દીપી રહ્યો છે. ત્હેની ઉત્તરમાં સદા બરફથી ઢંકાયલા પર્વતરાજ હિમાલયની શિખરમાલા છે અને ચરણમાં જંગલી પશુઓથી વસાયલું ઘોર અરણ્ય છે. હિમાલય મનુષ્યોને માટે અગમ્ય છે; પુરાણોમાં ત્હેને દેવતાઓના નિવાસરૂપે વર્ણવ્યો છે. વિધાતાએ નેપાળ રાજ્યને દુર્ભેદ્ય પ્રાકારદ્વારા સંરક્ષિત કર્યું છે ત્હેને લીધેજ નેપાળ આજ પણ સ્વતંત્ર છે. જગતવાસીની વાત તો દૂર રહી, પરન્તુ આ દેશના લોકોમાંથી પણ ઘણાખરાને એ દેશ અજાણ્યો છે. એ રાજ્ય ઘણું વિચિત્ર છે, ત્હેનો પ્રાચીન ઇતિહાસ અપૂર્વ નવલકથા જેવો રસમય છે. એ રાજ્યમાં ભારતવર્ષની પ્રાચીન કીર્તિ અને પ્રાચીન ઇતિહાસનાં અનેક અવશેષો સચવાઈ રહેલાં જોવામાં આવે છે. મુસલમાનોના રાજ્યકાળમાં કેટલાએ ધર્મનિષ્ઠ હિન્દુઓએ અત્યાચારમાંથી બચવાની ખાતર નેપાળ રાજ્યમાં આશ્રય લીધો હતો. ભારતવર્ષ બૌદ્ધ અને

હિન્દુ ધર્મનું જન્મસ્થાન છે. એ બન્ને ધર્મોએ નેપાળમાં આશ્રય મેળવ્યો છે.

એ વિસ્તીર્ણ રાજ્યનું ભાગ્યચક્ર ત્હેના મુખ્ય મંત્રીદ્વારા ચાલે છે. એક સમયે મરાઠાઓના પ્રધાન મંત્રી પેશ્વા, જેવા પ્રકારની સત્તા ધરાવતા હતા, તેવીજ સત્તા અને તેવીજ પ્રતિષ્ઠા વર્તમાન સમયમાં નેપાળ રાજ્યમાં ત્યહાંના મંત્રી ધરાવે છે. રાજમંત્રી ચન્દ્રશમશેર જંગ રાણા બહાદુર વર્તમાન સમયમાં નેપાળનું ભાગ્યચક્ર ચલાવી રહ્યા છે. એ પદનું ગૌરવ તેમજ જવાબદારી ઘણાં મ્હોટાં છે. રાજમંત્રી ચંદ્રશમશેર જંગ ખરેખર એક ભાગ્યશાળી મનુષ્ય છે; કારણ કે રાજવૈભવ ભોગવવા ઉપરાંત અપૂર્વ ગૃહ–સુખ પણ ત્હેમના ભાગ્યમાં લખાયું છે. વિધાતાએ અત્યંત ગુણવતી લક્ષ્મી જેવી ભાગ્યવતી પત્ની આપીને ત્હેમના જીવનને કૃતાર્થ કર્યું હતું. જો કે એ સુખ, તેઓ ઘણા થોડા સમયમાં ગુમાવી બેઠા છે તોપણ જેટલા સમય સુધી એ સુખ ત્હેમના ભાગ્યમાં રહ્યું હતું, તેટલો સમય ત્હેમને મનથી સ્વર્ગસુખ કરતાં પણ અધિક આનંદમાં ગયો હતો, એમાં સંશય નથી.

ભારતેશ્વરી સ્વર્ગસ્થ સમ્રાજ્ઞી વિકટોરિયાના અપૂર્વ દાંપત્ય જીવનનું વર્ણન કરતાં એક લેખકે એક સ્થળે લખ્યું છે કે એવી સદ્‌ગુણસંપન્ન પત્ની કોઇ દીનદરિદ્રને મળી હોત તો તે પણ ભાગ્યશાળી ગણાત. વિકટોરિયાપતિ ઑલબર્ટ કેવા ભાગ્યશાળી પુરૂષ કે એવું પત્નીરત્ન પ્રાપ્ત કર્યું ! હમે મહારાજા ચન્દ્રશમશેર જંગની ગુણવતી પત્નીના સંબંધમાં પણ એજ વાત કહીએ શકીએ એમ છે. એમના જેવી પતિવ્રતા સાધ્વી પત્ની દરિદ્રની કુટીરમાં પણ અતુલનીય શોભા પ્રસરાવી રહે

તો પછી રાજકુટુંબમાં ત્હેમના જેવાં સન્નારીથી કેટલો બધો પ્રકાશ થઇ રહે ત્હેનું તો પૂછવુંજ શું?

ત્હેમના પતિ મહારાજ ચન્દ્રશમશેર રાણા બહાદુર, સુવિખ્યાત જંગ રાણા બહાદુરના ભત્રીજા અને ટિબેટ યુદ્ધના પ્રસિદ્ધ વીર શમશેરના પુત્ર થાય. વર્તમાન સમયમાં એમનું કુટુંબ નેપાળમાં સૌથી ઉંચો દરજ્જો ભોગવે છે. હમે જે સન્નારીનું ચરિત્ર અત્રે લખવા માગીએ છીએ, તે મહારાજ શમશેર રાણા બહાદુરનાં એકનાં એક પત્ની હતાં. નેપાળમાં ઘણી સ્ત્રીઓ પરણવાનો રિવાજ ચાલે છે, પણ હમે ભૂલતા ન હોઇએ, તો મહારાજ શમશેર રાણા બહાદુર પોતાના કુટુંબમાંથી એકલાજ નર છે કે જ્હેમણે એ પ્રથાનું ઉલ્લંઘન કર્યું હોય. ત્હેમની ગુણવતી પત્નીએ ત્હેમના હૃદયરાજ્ય ઉપર સંપૂર્ણ અધિકાર મેળવ્યો હતો. આખા નેપાળમાં સૌથી વધારે ભાગ્યવતી રમણી તરીકે ત્હેમની મુલાકાત લેતાં એક બંગાળી સન્નારીને ત્હેમણે કહ્યું હતું કે, “ હું આખા નેપાળ રાજ્યમાં સૌથી વધારે ભાગ્યશાળી રમણી છું એમાં સંદેહ નથી; કારણ કે વિધાતાએ મ્હને ફક્ત આવા સુપ્રસિદ્ધ પતિ આપ્યા છે એટલુંજ નહિ, પણ હું મ્હારા પતિની એકની એક રાણી છું. એ સૌભાગ્ય મ્હારી બીજી સ્વદેશી બ્હેનોને નથી. કન્યા કરતાં પુત્રનોજ આ દેશમાં વધારે આદર છે. વિધાતાએ મ્હને પાંચ પુત્ર અને એક કન્યા આપી છે. શોક સંતાપ મ્હને બિલકુલ નથી. દેહ નબળો પડી ગયો છે એ વાત ખરી પરન્તુ સંપૂર્ણ સુખ પરમેશ્વરે મનુષ્યના ભાગ્યમાં લખ્યું નથી. હું આટલાથીજ અત્યંત સુખી છું.” કેવી સુંદર વાત! કેવો સંતોષ!

આ ભાગ્યવતી નારીનો જન્મ કાઠમૂંડુ શહેરથી ૧૫૦ ગાઉ દૂર, પુટાન નામક સ્થાનમાં ઈ. સ. ૧૮૬૭ ના માર્ચ માસની ૧૦ મી તારિખે રવિવારે થયો હતો. એ ઘણા સારા કુટુંબમાં જન્મેલાં છે. બાલ્યાવસ્થામાંજ ત્હેમનું લગ્ન થઈ ગયું હતું. ઈ. સ. ૧૮૮૨ ની ૩૧ મી જુલાઈએ એમની પ્રથમ કન્યાનો જન્મ થયો હતો. જ્યેષ્ઠ પુત્ર મોહનશમશેર જંગ બહાદુરનો જન્મ ઈ. સ. ૧૮૮૫ ની ૨૬ મી ડિસેમ્બરે થયો હતો. ત્ય્હાર પછી અનુક્રમે ત્હેમને ચાર પુત્ર જન્મ્યા હતા. ઇ. સ. ૧૯૦૦ માં સૌથી ન્હાના પુત્રના જન્મ પછી ત્હેમને દમનો સખ્ત વ્યાધિ લાગુ પડ્યો અને ત્રણ વર્ષ સુધી ધીરજ અને સહિષ્ણુતાપૂર્વક ત્હેમણે એ વેદના ભોગવીને બંગાળી સંવત્ ૧૩૧૨ ના ફાલ્ગુન માસમાં દેહ ત્યાગ કર્યો. હિન્દુરમણીના જીવનમાં ઉલ્લેખ યોગ્ય વિશેષ બનાવ પ્રાયઃ હોતા નથી, તેજ પ્રમાણે એમના પ્રસંગમાં બન્યું છે. એ અતિ ધર્મનિષ્ઠ, અને સદાચારી સ્ત્રી હતાં. પોતાના પતિની સાથે હરિદ્વાર, બદરિકાશ્રમ, મથુરા, કુરૂક્ષેત્ર, પ્રયાગ વગેરે ઘણાં તીર્થમાં ભ્રમણ કરી આવ્યાં હતાં. અનેક યાગ, યજ્ઞ, હોમ, આદિનાં અનુષ્ઠાન કરાવ્યાં હતાં. દૈનિક જીવન ઘણીજ ધર્મનિષ્ઠાપૂર્વક વ્યતીત કર્યું હતું. રોગશય્યામાં પડ્યાં હતાં તે વખતે પણ ધર્મ કર્મ અને આચાર વિચારનું ઉલ્લંઘન કદી કર્યું નહોતું. જીવનના છેલ્લા દિવસ સુધી સ્હવારના પહોરમાં ચાર વાગ્યે ઉઠીને, સ્નાન વગેરે કર્મ કરીને પૂજન કર્યા પછી ઔષધસેવન કરતાં.

મહારાણી બધી બાબતોમાં આદર્શ પત્ની હતાં. ત્હેમની પતિભક્તિ અને પતિસેવા જોઈને ત્હેમના સમાગમમાં આવ-

નારાં સર્વ સ્ત્રી પુરૂષો મુગ્ધ થઈ જતાં હતાં. એમનો નિત્ય નિયમ એવો હતો કે પતિનું ચરણોદક પીધા વગર પોતે પાણી પણ પીતાં નહિ. જેટલા દિવસ પોતે સાજાં રહ્યાં તેટલા દિવસ નિરંતર પતિસેવા કરતાં રહ્યાં. રોગશય્યામાં પડયે પડયે પણ એ કેવી રીતે સ્વામીની સેવા–શુશ્રૂષાની વ્યવસ્થા કર્યા કરતાં હતાં તે સાંભળીને વિસ્મય પમાય છે. સ્વામીના ખાવા પીવામાં કોઇ જાતની ગડબડ કે વિલંબ ન થાય એ બાબત બારીક ખરેખ રાખતાં. સ્વામી યથાસમયે સૂઇ ગયા છે કે નહિ ત્હેની દાસીને મોકલીને ખબર પૂછાવતાં. પોતે મંદવાડના બિછાનામાં પડયે પડયે પણ સ્વામીના ભોજન ઉપર દેખરેખ રાખતાં. પતિને આરામ અને પતિના કલ્યાણ સંબંધી ચિન્તા રાત દિવસ ત્હેમના હૃદયમાં જાગૃત રહેતી. હિન્દુ રમણી સાધારણ રીતેજ પતિપ્રાણા હોય છે, પરન્તુ એમણે આ બાબતમાં પરાકાષ્ઠા બતાવી હતી.

મહારાણી જે પ્રમાણે સાધ્વી અને પતિવ્રતા હતાં તેજ પ્રમાણે ત્હેમના સુયોગ્ય પતિ પણ સર્વ પ્રકારે ત્હેમનું માન સાચવતા હતા. ત્હેમણે પત્નીની જેવી સેવા–શુશ્રૂષા કરી છે તેવી ઘણાજ થોડા પતિ કરે છે. વિધાતાએ ત્હેમનાં ગુણવતી પત્નીને ઘણો સારો સ્વભાવ અને પ્રખર બુદ્ધિ આપીને જગત્માં મોકલ્યાં હતાં એ વાત ખરી, પરન્તુ મહારાજાએ યત્નપૂર્વક સારૂં શિક્ષણ આપીને ત્હેમના સ્વભાવ અને ચરિત્રને વધારે સુંદર બનાવ્યાં હતાં. મહારાજાએ ત્રણ વર્ષ સુધી મહારાણીની જે સેવા તથા ચિકિત્સા કરી છે તે ઉપરથી પત્ની ઉપરનો ત્હેમનો પ્રેમ જણાઇ આવે છે. મહારાજાએ લાંબો વખત

પત્નીની ખાતર સર્વ પ્રકારના સુખને તિલાંજલિ દઇને, રાત દિવસ ચિન્તામાં ગાળ્યો હતો. અસાધ્ય રોગ પત્નીના દેહને ક્ષીણ કરી નાંખતો હતો એ જોઇને મહારાજા આકુળવ્યાકુળ થઈ જતા હતા. મનુષ્યના હાથમાં જેટલા ઉપાયો છે તેટલા બધા ઉપાયો પત્નીની ખાતર અજમાવી જોવામાં ત્હેમણે જરા પણ ન્યૂનતા રાખી નહોતી. જે દિવસે મહારાણીની તબિયત જરા ખરાબ થતી તે દિવસે ચિકિત્સકોનો જીવ ઉડી જતો, કે રખેને મહારાજાના મનમાં એવું આવશે કે પૂરતી કાળજીથી ઈલાજ નહિ થતો હોય. મહારાજા પત્નીની વેદના અને શીર્ણ દેહ જોઇને શોકથી કાતર થઇ જતા, જે મહારાજા નેપાળ જેવા વિશાળ રાજ્યનો ભાર વહન કરી શકતા હતા, જે ભલભલી વિપત્તિને સમયે પણ અટલ રહેતા હતા, તે પત્નીની રોગશય્યા આગળ ઉભા રહીને મનને સ્થિર રાખી શકતા નહિ.

એમનું દાંપત્યજીવન અત્યંત સુખમય હતું. ઉભયનો એક બીજા ઉપર ઉંડો પ્રેમ હતો. પરન્તુ વિધાતાની ઇચ્છાને કોણ રોકી શકે છે? એ સુદૃઢ પ્રેમના બંધનને છિન્ન કરીને મૃત્યુએ રાજભવનને શોકથી આચ્છાદિત કરી દીધું. મૃત્યુના ત્રણ દિવસ પહેલાં રાણીને પશુપતિનાથના મંદિરમાં લઈ જવામાં આવ્યાં હતાં. જે દિવસે ત્હેમનું મૃત્યુ થવાનું હતું તે દિવસે રાત્રે ૧૦ વાગ્યાને સમયે ત્હેમણે આગ્રહ કરીને મહારાજાને ઘેર પાછા મોકલ્યા, રાતના બાર વાગ્યે ત્હેમનો અન્ત સમય આવી પહોંચ્યો. પતિની છબી લાવી આપવાનો પોતાની બ્હેનને આગ્રહ કર્યો. ભગિનીએ છબી આણી આપી એટલે એકી ટસે ત્હેના સ્હામું જોઈને પછી મસ્તક ઉપર ધારણ કરી; ત્યહાર પછી આંખ મીં-

ચીને ઇષ્ટ દેવતાનું સ્મરણ કરતાં કરતાં નશ્વર દેહનો ત્યાગ કર્યો. ત્હેમની ચિતાભસ્મ વાઘમતી નદીના જળમાં વહેવરાવવામાં આવી. એ દિવસે આખા નેપાળ રાજ્યમાં શોક પ્રવર્તી રહ્યો.

એક ઘટના ઉપરથી વાંચકો મહારાણીની પતિભક્તિનું અનુમાન કરી શકશે. મૃત્યુ પહેલાં મહારાણીએ પતિને બીજી પત્ની કરવાનો વારંવાર આગ્રહ કર્યો હતો, એ કહેતાં કે "આપ ફરીથી લગ્ન કરો. હું મ્હારી આંખે જોઇને જાઉં, આપની સેવા કરવાની વ્યવસ્થા બધી હું તેને શીખવી જઇશ. હું બધો બંદોબસ્ત કરીને નિશ્ચિન્ત મને મરણ પામીશ." છેલ્લી ઘડી સુધી ત્હેમણે એ બાબતનો પતિને ઘણોજ આગ્રહ કર્યો હતો. વળી તે ઉપરાંત પતિને જણાવ્યું હતું કે "ત્હમે જો મ્હારે માટે શોકાતુર થઇને જીંદગી દિલગીરીમાં ગાળશો તો મ્હારો આત્મા નરકગામી થશે, અને હું પરલોકના સુખથી વંચિત થઇશ. આ સંસારમાં આપને અનેક પ્રકારનું કષ્ટ દીધું છે, મૃત્યુ પછી કોઈ જાતનું કષ્ટ ન આપું." આ વચનો સ્ત્રીને માટે કેટલાં કઠિન છે, કેટલો ઉંડો પતિપ્રેમ હોય તોજ પત્ની પતિને આવો આગ્રહ કરી શકે તે વાતનું અનુમાન કરી શકાય એમ છે. કેટલીએક સ્ત્રીઓ સપત્નીના ભયથી બ્હી જઇને મૃત્યુશય્યામાંથી પતિને ફરીથી પરણવાનો નિષેધ કરે છે; ત્ય્હારે નેપાળનાં મહારાણીની માફક જીવનની છેલ્લી ઘડીએ પણ પતિનાજ કલ્યાણની વાંછના રાખી, ત્હેમને ફરીથી લગ્ન કરવાનો આગ્રહ કરનાર પત્નીઓ પણ ભારતભૂમિમાં જોવામાં આવે છે. મૃત્યુના એક દિવસ પૂર્વે ત્હેમણે પોતાની પુત્રીને કહ્યું હતું "મ્હેં ત્હારા પિતાને ઘણું કષ્ટ આપ્યું છે. જો ત્હારા પિતા ફરીથી લગ્ન કરે તો

તું ત્હારી નવી માતાનું સન્માન કરજે, આદર કરજે, તે ત્હારી ગુણવતી માતા થશે; એ ત્હમારા શૂન્ય ઘરને પૂર્ણ કરશે; ત્હારા શોકાર્ત પિતાના હૃદયને શાન્તિ આપશે.” કન્યાને આવો ઉપદેશ આપનારી માતાઓ થોડી હોય છે. મહારાણી એક આદર્શ-માતા કરતાં સંતાનોને સારૂં શિક્ષણ આપવા ઉપર હમેશાં ધ્યાન રાખતાં. એક દિવસ ત્હેમના બાળક પુત્રે કાંઇ અન્યાય-યુક્ત કાર્ય કર્યું તે સાંભળીને ત્હેમની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં અને ઘણી દીલગીરી સાથે એ બોલી ઉઠયાં. “હું શું પાપી છું કે મ્હારા ગર્ભમાં જન્મેલા સંતાને આવું કામ કર્યું ?” બાળકોના અપરાધને બધા તુચ્છ ગણી કહાડે છે પણ એમની આગળ બાળકના અપરાધ પણ ગંભીર જણાતા. સંતાનો ત્હેમના ઉપર જેટલી શ્રદ્ધા રાખતા તેટલો જ ત્હેમનો ભય પણ રાખતા. એ ચરિત્રવતી મહારાણીના હૃદયમાં આશ્ચર્યજનક સાહસ અને તેજસ્વિતા હતાં, કોઇ પણ પ્રકારના અન્યાયને એ ઉત્તેજન આપી શકતાં નહિ.

મહારાણીએ જે પુષ્કળ પુણ્યદાન કર્યું હતું ત્હેની ગણત્રી થાય એમ નથી. તુલાદાન, હજારો ગોદાન, સુસજ્જિત ઘર અને ઉદ્યાનો આદિ બ્રાહ્મણોને આપ્યાં હતાં. પતિના નામથી ધર્માદા દવાખાનું સ્થાપીને અનેક મનુષ્યોનો આશીર્વાદ લીધો હતો. કેટલાએ કેદીઓને કેદખાનામાંથી છોડાવ્યા હતા; અને એવાં બીજાં અનેક કાર્યો, કે જે દ્વારા પુણ્ય પ્રાપ્ત થવાનું હિંદુ શાસ્ત્રોમાં લખ્યું છે, તે બધાં કાર્યો કરવામાં ત્હેમણે કચાશ રાખી નહોતી. રોગશય્યામાં પડયાં પડયાં પણ એ શાસ્ત્ર-કથાનું શ્રવણ કરતાં હતાં. એમના જેવી પુણ્યવતી નારી નેપાળમાં થોડી થઇ

છે. વિશાળ નેપાળ રાજ્યમાં એ એક અગ્રગણ્ય રમણી હતાં. ત્હેમના સમાગમમાં આવનારાં ત્હેમનાં સગાં સંબંધીઓ તેમજ પરદેશી બન્ધુઓ ત્હેમના સૌજન્ય, દયા, મિષ્ટભાષિતા આદિ ગુણોથી મોહિત થઇ ગયા હતા. એ ઘણાં દૂરદર્શી અને બુદ્ધિમતી હતાં. ત્હેમના પ્રત્યેક કાર્યમાંથી ત્હેમની સુબુદ્ધિ અને સદ્વિવેચનનો પરિચય મળી આવે છે. ત્હેમણે પોતાના ઉંચા દરજ્જાનો માનમરતબો સારી રીતે સાચવ્યો હતો, એટલું જ નહિ પણ ત્હેનું ગૌરવ વધાર્યું હતું. ત્હેમના ઉદાહરણ ઉપરથી સ્ત્રીઓ પતિભક્તિ, પતિસેવા, ગુરૂભક્તિ, સંતાનોનું શિક્ષણ, પ્રજાપાલન આદિ ગુણો શિખી શકશે.

૪૧—લીલાવતી સિંહ.

શ્રીમતી લીલાવતીએ ઈ. સ. ૧૮૬૮ ના ડિસેમ્બર માસમાં ગોરખપુર જિલ્લામાં એક દેશી ખ્રિસ્તી દંપતીને ઘેર જન્મ લીધો હતો. ત્હેના પિતા અતિશય બળવાન, સ્વતંત્ર સ્વભાવના અને સત્યપ્રિય માણસ હતા. પિતાની તરફથી લીલાવતીને જન્મથીજ સારી તંદુરસ્તી, માનસિક સ્વાધીનતા અને સત્યપ્રિયતાના ગુણ વારસામાં મળ્યા હતા. વળી ધાર્મિક અને નૈતિક કેળવણીને પ્રતાપે એ ત્રણે ગુણો ભાવી જીવનમાં ઘણા ખીલી નીકળ્યા હતા. એ સર્વે ગુણોને લીધે

લીલાવતીએ વિશ્વવિદ્યાલયની ઉંચામાં ઉંચી પરીક્ષા પાસ કરીને તથા પુષ્કળ પાંડિત્ય મેળવીને સ્વદેશ તથા પરદેશમાં સર્વત્ર યશ પ્રાપ્ત કર્યો હતો.

સાત વર્ષની વયે લીલાવતીને માતાનો વિયોગ થયો હતો. માતા ઉપર ત્હેમને અત્યંત પ્રેમ હતો; એટલી ન્હાની વયમાં માતૃવિયોગ થવા છતાં પણ જીંદગીની છેલ્લી ઘડી સુધી ત્હેમને માતાનું સ્મરણ થયા કરતું હતું. સંગીત અને કવિતા ઉપરનો શોખ માતાની તરફથી પોતાને મળ્યો છે એમ એ માનતાં હતાં. લીલાવતીના પિતાએ માતૃહીન બાલિકાને મિસ થોબર્નની બોર્ડિંગ સ્કૂલમાં મોકલાવી દીધી.

મંદવાડના સમયમાં લીલાવતીની માતાએ ત્હેને ઘણી લડાવી મૂકી હતી. ત્હેની મરજી માફક કામ કરતાં કોઇ રોકી શકતું નહિ. આથી લીલાવતી ઘણી તોફાની છોકરી થઇ હતી. ત્હેને લીધે લખનૌ બોર્ડીંગ સ્કૂલમાં આવ્યા પછી ત્હેને ઘણું વસમું લાગ્યું. ત્હાં તો છાત્રનિવાસના કાયદાઓ પ્રમાણે ચાલવું પડતું. પોતાની મરજી માફક કરવા જતાં તરતજ રોકાણ થતું. પરન્તુ મિસ થોબર્ન બાળકોને ઉછેરવાના અને ભણાવવાના કામમાં ઘણાં નિપુણ હતાં; ત્હેમણે થોડા દિવસમાં જ લીલાવતીને પોતાના કાબૂમાં લીધી. લીલાવતી ઉપર ત્હેમના સ્નેહની એટલી બધી અસર થઇ કે એ ત્હેમને બીજી માતા તરિકે ગણતી. મિસ થોબર્નના મંગળમય પ્રભાવને લીધે લીલાવતીનું જીવન ઘણું રસમય બન્યું. બોર્ડિંગ હાઉસ ઉપર ત્હેને ઘણો જ પ્રેમ ઉત્પન્ન થયો. કુમારી થોબર્નને મુખે અમેરિકાની બાલિકાઓની વિદ્યાની પ્રશંસા સાંભળીને ત્હેણે પણ મનમાં ને મનમાં

એમના જેવી ઉંચી કેળવણી લેવાનો સંકલ્પ કર્યો. લીલાવતીના મનમાં કેટલીક વખત ધર્મવિષયક શંકાઓ ઉભી થતી, પરન્તુ થોબર્નના સહવાસથી તથા ત્હેમના ઉચ્ચ જીવનના પ્રભાવથી એ બધી શંકાઓનું નિવારણ થઇ જતું. વધારે આશ્ચર્યની વાત તો એ છે કે મિસ થોબર્ન જેવી વિદેશી રમણીના સંસર્ગથી અને ત્હેમનાજ ઉદાહરણથી લીલાવતીના મનમાં ખરેખરી સ્વદેશભક્તિ ઉત્પન્ન થઈ હતી. ત્હેમણે વિદેશી પોશાકનો ત્યાગ કરીને સ્વદેશી પોશાક ધારણ કર્યો હતો, તથા ભારતની સ્ત્રીઓને કેળવવા માટે ખરા અંતઃકરણથી પ્રયાસ કરીને સ્વદેશપ્રેમની સાબિતી આપી હતી.

લીલાવતીએ લખનૌની નિશાળમાં ઘણી કાળજીપૂર્વક અભ્યાસ કરવા માંડયો, પરન્તુ એ હાઇસ્કુલમાંજ ભણતી હતી એવામાં ત્હેના પિતાની આર્થિક સ્થિતિ બગડી ગઇ અને ત્હેને અભ્યાસ બંધ કરવા વારો આવ્યો. એવી અવસ્થામાં લીલાવતીને મિશન તરફની એક સ્કૉલરશિપ આપવાની સૂચના કરવામાં આવી, પરન્તુ આપબળ ઉપર આધાર રાખનારી લીલાવતીએ તે સૂચના નામંજૂર કરી તથા બીજી છોકરીઓને ભણાવીને મહા મુશ્કેલીએ પોતાનું ગુજરાન ચલાવવા લાગી. છેવટે ત્હેણે મેટ્રિકયુલેશનની પરીક્ષા ઘણી ખ્યાતિપૂર્વક પાસ કરી અને સરકાર તરફથી એક સ્કૉલરશિપ મેળવી. એ સમયમાં ત્હેનાં સગાંવહાલાંઓએ ત્હેને પરણાવી દેવાનો મનસુબો કર્યો, પરન્તુ લીલાવતીએ એ વખતે પરણવાની ના કહી અને વિશેષ જ્ઞાન મેળવવાની આશાથી કૉલેજમાં પ્રવેશ કર્યો.

એ પ્રમાણે આપબળથી પરિશ્રમપૂર્વક વિદ્યાભ્યાસ કરીને

ઇન્ટરમિજીયેટની પરીક્ષામાં પાસ થઇને લીલાવતી કલકત્તાની બેથ્યૂન કૉલેજમાં દાખલ થયાં, અને ત્ય્હાં ભણીને બી. એ. ની ડીગ્રી પ્રાપ્ત કરી. એ વર્ષમાં ત્હેમને ઢાકાની એક સરકારી નિશાળમાં શિક્ષકની જગ્યા મળી. લીલાવતી પોતાની ડાયરીમાં લખે છે કેઃ—બેથ્યૂન કૉલેજમાં અને ઢાકામાં વસતી વખતે મ્હારો ધર્માનુરાગ શિથિલ થઇ ગયો હતો અને વિષયસુખ-સ્વચ્છંદતા તરફ મન આકર્ષાયું હતું. ઢાકાના ઘણા કેળવાયલા પુરૂષો સાથે ઘાડો સંબંધ થવાથી એ સમયમાં મ્હારૂં જીવન ઘણું પ્રલોભનપૂર્ણ થયું હતું. પરન્તુ એ અવસ્થામાં પણ કુમારી થોબર્નની સ્મૃતિ મ્હારા હૃદયમાં જાગૃત હતી અને એક દિવસે પ્રલોભનને વખતે થોબર્નની સ્મૃતિએજ મ્હને પ્રલોભનમાંથી બચાવી લીધી હતી. તે દિવસથી હું પ્રભુ ઇશુ ખ્રિસ્તને માટે કાંઈ કામ કરવા વ્યગ્ર થઇ ગઇ અને મિશનને લગતું કોઇ કામ શોધી આપવા કુમારી થોબર્નને પત્ર લખ્યો હતો.

એ સમયમાં લખનૌ મિશનરી કૉલેજમાં શિક્ષકની જગ્યા ખાલી હોવાથી કુમારી થોબર્ને પોતાની જુની શિષ્યાને ત્ય્હાં બોલાવી મંગાવી. લીલાવતીએ ત્યાં જઇને અધ્યાપકનું કામ કરવા માંડયું. અમેરિકન પાદરીઓએ ત્હેમને સમાનશ્રેણીનાં ગણીને આદરપૂર્વક સ્વીકાર્યાં. લીલાવતીએ અધ્યાપક તરિકે ઘણી નામના મેળવી. ત્હેમની શિખવવાની પદ્ધતિથી તથા ત્હેમના સ્નેહથી અંગ્રેજ અને યુરેઝિયન કન્યાઓ ઘણી વિસ્મય પામી ગઇ. અધ્યાપકનું કાર્ય કરતી વખતે ત્હેમણે સાથે સાથે એમ. એ. નો અભ્યાસ કર્યો અને અલ્હાબાદ વિશ્વવિદ્યાલયમાં સુખ્યાતિસહિત એમ. એ. ની પરીક્ષા પાસ કરી. ઇ. સ. ૧૮૯૯ માં

લખનૌ કૉલેજને માટે નાણાં એકઠાં કરવા સારૂ મિસ થોબર્ન અમેરિકા ગયાં ત્ય્હારે લીલાવતીને પોતાની સાથે લઈ ગયાં. અમેરિકામાં જાહેર સભાઓમાં ભાષણો આપીને તથા અન્ય રીતે પોતાના અંગ્રેજી ભાષાના જ્ઞાન અને પાંડિત્યથી ત્ય્હાંની પ્રજાને ત્હેમણે સ્તબ્ધ કરી દીધી. ત્હેમની સારી વર્તણુકથી અમેરિકાવાસીઓ ઘણા પ્રસન્ન થયા હતા. ભારતની નારી આટલી બધી ઉન્નતિ કરી શકી છે, એ જોઇને બધા વિસ્મય પામી ગયા. અમેરિકાથી લીલાવતી અને મિસ થોબર્ન પાછાં ફર્યાં તે પછી એક વર્ષે મિસ થોબર્નનું મૃત્યુ થયું. ત્હેમની જગ્યાએ જે નવી અધ્યક્ષ નીમાઈ તે, તે કામમાં અનુભવી નહિ હોવાથી લીલાવતીને તેની સહકારી અધ્યક્ષ નીમવામાં આવ્યાં, અને કોલેજના વહિવટનો બધો ભાર ત્હેમના ઉપર આવી પડયો. ત્હેમણે એ કામ ઘણી યોગ્યતાપૂર્વક ચલાવ્યું હતું. તે ઉપરાંત એમણે બોર્ડિંગ હાઉસની વિદ્યાર્થીનીઓને ઘર સંસારનું તથા ભરત ગુંથણનું કામ જાતે આપવા માંડયું. દરેક પ્રકારે કોલેજની ઉન્નતિ કરવા સારૂ એ ઘણોજ યત્ન કરતાં હતાં. એ જગ્યા ઉપર લીલાવતી નોકર હતાં એવામાં જાપાનમાં ખ્રિસ્તી વિદ્યાર્થીઓની પરિષદમાં હાજરી આપવાનું ત્હેમને નિમંત્રણ મળ્યું અને તેઓ ઈ. સ. ૧૯૦૭ માં જાપાન ગયાં. ત્ય્હાં આગળ ત્હેમણે પોતાના ભાષણથી જાપાની, અંગ્રેજ, વલંદા વગેરે શ્રોતા જનોને ઘણાજ પ્રસન્ન કર્યા. આખી પરિષદમાં સૌથી વધારે અસર ત્હેમનાં ભાષણોની થઇ હતી. એ પછી લીલાવતીને ત્યાંની સ્ત્રીઓની કો–ઓપરેટિવ સોસાઇટીનાં પ્રમુખ બનાવવામાં આવ્યાં. જાપાનમાં અનેક અંગ્રેજ અને ફીરંગી વિદુષી સ્ત્રીઓ સાથે લીલાવતીને ઓળખાણ થઇ. જાપાનથી

પાછાં ફર્યાં પછી થોડે દિવસે લીલાવતીએ યુરોપ ગમન કર્યું અને ત્ય્હાંનાં વિદ્યાર્થિમંડળોને પોતાનાં ભાષણોથી મુગ્ધ કરી દીધાં. ત્ય્હાર પછી ભારતમાં સ્ત્રી કેળવણીના પ્રચાર માટે ફંડ ઉઘરાવવા સારૂ એ ફરીથી અમેરિકા સીધાવ્યાં ને ત્ય્હાં આગળ અનેક શહેરોમાં ભ્રમણ કરીને અતિશય પરિશ્રમ કરવાથી ત્હેમનું શરીર બગડી આવ્યું; અને ચિકાગો શહેરમાં ઇ. સ. ૧૯૦૯ ના મે માસમાં ત્હેમણે દેહ ત્યાગ કર્યો. મૃત્યુના થોડા સમય અગાઉ ત્હેમણે કહ્યું હતું કે "જીવનમાં મ્હારે હજુ એક કામ કરવાનું બાકી હતું અને ત્હેની ખાતર થોડા દિવસ જીવવાની ઇચ્છા હતી."

વિલાયત યાત્રા કરનાર પ્રથમ બંગાળી નારી.

૪૨–રાજકુમારી બંદોપાધ્યાય.

પાશ્ચાત્ય શિક્ષણના અભ્યુદય સાથે હિંદુ સમાજે સુધારાનું કલ્યાણકારી વ્રત ગ્રહણ કર્યું છે. ધીમે ધીમે વાદળાંઓમાંથી નીકળી આવતા સૂર્યકિરણોની પેઠે ભારતના સામાજીક જીવનમાં સામ્ય, સ્વાધીનતા, મૈત્રી; અને આધ્યાત્મિક જીવનમાં ઋષિધર્મ, તથા બ્રહ્મજ્ઞાનનો સંચાર થતો જાય છે. એ નવીન સ્રોત, નવીન સંસ્કાર, અને નવા આંદોલનના માર્ગમાં હવે અડચણ નાખી શકાય એમ નથી. કાળની ગતિ એવી છે કે જેઓ સુધારો પસંદ નહોતા કરતા, ડગલે

ડગલે સુધારાના પગ ઉપર કુવાડો મારવા તૈયાર હતા, તેઓજ ધીમે ધીમે સુધારાના પ્રવાહમાં તણાતા આવે છે.

થોડા સમયપૂર્વે એવી સ્થિતિ હતી કે, ઘરના ખુણામાં બેસી રહેલી ભારત મહિલાના સ્વપ્નામાં પણ દેશની બહાર જવાનો વિચાર આવતો નહિ. પરંતુ એ વખતે જે કલ્પનામાં પણ નહોતું આવી શકતું તે હવે સાધ્ય થઈ ગયું છે. ભારતમાં સ્ત્રીશિક્ષણ, અને સ્ત્રીઓની વ્યાજબી સ્વતંત્રતાનાં દ્વાર ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે. મહિલા જગતમાં મંગળ ધ્વનિ ગાજી રહ્યો છે. ભારતના રાજાઓ પોતાની રાણીઓ અને કુમારિકાઓ સાથે પૃથ્વીના ભિન્નભિન્ન પ્રદેશમાં ભ્રમણ કરવા લાગ્યા છે. ગ્વાલિયર, વડોદરા, ગોંડળ, 'કુચબિહાર વગેરે હિંદુ રાજા મહારાજાઓ સપરિવાર યુરોપ યાત્રા કરી આવ્યા છે. પાંચમા જ્યોર્જના રાજ્યાભિષેક સમયે મુસલમાન મહારાણી ભોપાળનાં બેગમ સાહેબ સુદ્ધાંત યુરોપ પધાર્યાં છે. વિદ્યાભ્યાસ અથવા તો હવાફેર સારૂ દરવર્ષે અનેક ભારત મહિલાઓ વિદેશ જાય છે. સમુદ્રયાત્રાનો નિષેધ આ પ્રમાણે હવે શિથિલ થઈ ગયો છે. ત્હેમનો ખોટો મલાજો તૂટી ગયો છે. જાતિભેદની સાંકળ ઢીલી પડી ગઇ છે. પરંતુ સૌથી પ્રથમ જે સ્ત્રીઓએ સદાના ચાલતા આવેલા સંસ્કાર અને વિઘ્નોને અતિક્રમ કરીને સમાજમાં સમાનતા અને સ્વાધીનતાનું બીજ રોપ્યું છે, તેઓ કેટલી વીર અને સાહસિક હશે ત્હેની કલ્પના આજ ત્હેમણે વાવેલા બીનાં મીઠાં ફળ ચાખનારાઓને આવી શકે એમ નથી. જે સન્નારી સૌથી પ્રથમ સાહસ કરીને વિલાયત પધાર્યા હતાં, ત્હેમની આગળ બંગદેશની સ્ત્રીઓ અનેક પ્રકારે ઋણી છે. બંગાળી પુરૂષોમાં જેમ રાજા રામમોહનરાય

સૌથી પહેલા વિલાયત જનાર હતા, તે પ્રમાણે સ્ત્રીઓમાં સૌથી પ્રથમ વિલાયત જનાર સ્વર્ગસ્થ રાજકુમારી બંદોપાધ્યાય હતાં. રાજકુમારી વરાહનગરના પ્રખ્યાત સુધારક શ્રીયુક્ત શશિપદ બંદો-પાધ્યાયનાં પત્ની, અને કોચિન રાજ્યના દીવાન, ઇંડિયન સિવિ-લિયન શ્રીયુક્ત રાજકુમાર બેનરજી એમ. એ. નાં માતૃદેવી હતાં.

યૌવનની સાથે સાથે–બ્રાહ્મ ધર્મ ગ્રહણની સાથે સાથે, શશિ-પદ બાબુના મનમાં એવો ભાવ ઉત્પન્ન થયો હતો કે, સ્ત્રી-કેળવણી, સ્ત્રીઓની સ્વાધીનતા અને મજુરવર્ગના શિક્ષણ તથા ઉન્નતિ વગર ભારતનું ભવિષ્ય સુધરશે નહિ. એ મહાન ઉદ્દેશ સાથે એમણે કર્મક્ષેત્રમાં પ્રવેશ કર્યો. અને બાલિકા પત્નીને એ કામમાં પોતાની સાથી બનાવી.

રાજકુમારીની વય એ વખતે બાર તેર વર્ષની હતી. એ વખતથી એમણે પતિ પાસે શિક્ષણ મેળવવા માંડયું. એક તર-ફથી પોતે ભણવા માંડયું અને બીજી તરફથી કુટુંબનાં ન્હાનાં ન્હાનાં છોકરાં છોકરીઓને શિખવવું શરૂ કર્યું. આ પ્રમાણે એમનું કાર્યક્ષેત્ર ધીમે ધીમે વિસ્તાર પામતું ગયું. નિશાળ કહાડીને બાલિકાઓને ભણાવવાની જરૂર પડી. ઘણા વિરોધી સંયોગોમાં પણ બાબુ શશિપદ, પોતાનું લક્ષ સદા હૃદયમાં સર્વોપરી રાખીને, આગળ વધવા લાગ્યા. બ્રાહ્મ ધર્મ સ્વીકારેલો હોવાથી એ ન્યાત બહાર થયા હતા, ઘરમાંથી પણ એમને કહાડી મૂકવામાં આવ્યા હતા, અને લોકો પણ એમને અનેક રીતે તરછોડી નાંખતા હતા. એ વખતે ત્હેમની આર્થિક સ્થિતિ પણ શોચનીય હતી. પણ પતિ–પત્ની બન્નેનો ઉદ્દેશ એકજ હતો. તેઓ સાથે મળીને તપ:પરાયણ સાધકની પેઠે સ્ત્રીકેળવણીના કામમાં ગુંથાએલાં

રહ્યાં. બંદોપાધ્યાયનાં ધર્મપત્નીએ પોતાના મનમાં ઠસાવી મૂક્યું હતું કે 'પ્રાણ બ્રહ્મના ચરણારવિંદમાં છે, અને હાથ ત્હેના કામ સારૂ છે. આ પ્રમાણેજ આખી જીંદગી ગાળવાની છે.'

એ અરસામાં પ્રાતઃસ્મરણીય પુણ્યવતી નારી મેરી કાર્પેન્ટરનું વિલાયતથી ભારતમાં પધારવું થયું. કલકત્તા આવ્યા પછી શશિપદ બાબુનું કામ જોવા એ વરાહનગર ગયાં. એ વખતે શશિપદ બાબુનું કુટુંબ એક સાધારણ કુટીરમાં વાસ કરતું હતું. ઘણી સાદાઇથી તેઓ પોતાનો નિર્વાહ ચલાવતાં હતાં. મેરી કાર્પેન્ટર જેવી પ્રખ્યાત, મ્હોટા ઘરની વિદુષી સન્નારીનો યથોચિત આદરસત્કાર કરવાનું ત્હેમનું ગજું નહોતું; પણ મેરી કાર્પેન્ટર, બંદોપાધ્યાય દંપતીનો વિવેક, આદર, આગ્રહ, અને મમતા જોઇને ઘણાંજ ખુશ થઈ ગયાં હતાં. ત્હેમની બગી બારણા આગળ આવીને ઉભી રહેતાંવારજ એક હિંદુ સ્ત્રી ખુલ્લે મ્હોંએ બહાર આવી અને આદરપૂર્વક વાતચીત કરીને ત્હેમને ઘરની અંદર લઇ ગઇ. એ દૃશ્ય જોઇને એ અંગ્રેજ મહિલા મુગ્ધ થઇ ગયાં હતાં. ભારતવર્ષમાં આવ્યા પછી હિંદુ કુટુંબમાં ત્હેમણે આવું દૃશ્ય જોયું નહોતું. એ જોઇને તે એટલાં બધાં મોહિત થઈ ગયાં કે, ગવર્નમેન્ટ હાઉસના પોતાના ઉતારામાં ગયા પછી એમણે કહ્યું હતું કે 'આજ મ્હેં વરાહનગરમાં જઇને જે કાંઇ જોયું છે, તેવું ભારતમાં બીજે કહીં દીઠું નથી.'

વરાહનગરનું દૃશ્ય ત્હેમના હૃદયમાં છબીની માફક અંકિત થઈ ગયું હતું. એટલા માટે, ઈંગ્લેન્ડ ગયા પછી જ્યહારે એમને ખબર પડી કે, શશિપદ બાબુએ વિલાયત આવવાનો સંકલ્પ કર્યો છે ત્યહારે એમણે તરતજ એક પત્ર લખીને એમને જણાવ્યું

કે ' ત્હમે પત્ની સાથે અહિંયાં આવજો. ખર્ચ મ્હારે માથે છે.'

બંદોપાધ્યાય દંપતી વ્યાવહારિક સુધારક હતાં. કહ્યા પ્રમાણે કરી બતાવવું એ ત્હેમની નીતિ હતી. એક તરફ તેઓ કન્યાઓને શિક્ષણ આપવા લાગ્યાં અને બીજી તરફ બંગાળામાં ચાલતો આવેલો પડદાનો રિવાજ છોડી દઇને ખુલ્લી રીતે બંને જણાં બહાર ફરવા લાગ્યાં. અને એજ ઉદ્દેશથી મેરી કાર્પેન્ટરનો આગ્રહ સ્વીકારીને ઈ. સ. ૧૮૭૧ માં અલગા નામક સ્ટીમરમાં બંને જણાં કલકત્તાથી ઇંગ્લેન્ડ સિધાવ્યાં. લગભગ દોઢ મહિને તેઓ વિલાયત પહોંચ્યાં.

એ દિવસથી ભારત નારીઓને માટે વિલાયત–પ્રવાસનાં દ્વાર ખુલ્લાં મૂકાયાં.

પતિની સહાયતાથી રાજકુમારીએ બંગાળી સ્ત્રીઓને જે દાખલો બેસાડયો છે ત્હેનું ધીમે ધીમે અનુકરણ થતું જાય છે.

બંદોપાધ્યાય દંપતી આઠ મહિના સુધી ઈંગ્લેન્ડમાં રહ્યાં. ત્હાં આગળ ઘણાં પ્રતિષ્ઠિત સ્ત્રી પુરૂષોના સમાગમમાં તેઓ આવ્યાં હતાં. ત્હાર પછી હિંદુસ્તાનમાં પાછા આવ્યા બાદ, મજુરોની કેળવણી, વિધવાઓનો આશ્રમ તથા બાલિકા વિદ્યાલયની સ્થાપના વગેરે કામમાં બન્ને જણાં ગુંથાયાં. પરન્તુ રાજકુમારી આ પવિત્ર સેવા–કાર્ય લાંબા કાળ સુધી કરી શક્યાં નહિ. ૨૮ વર્ષની કુમળી વયે, ત્હેમણે પરલોકગમન કર્યું. કામ કરત કરતાં કાચી ઉમરે ત્હેમનું મૃત્યુ થયું છે, છતાં પણ નવ ભારતના ઇતિહાસ લખનારાઓ ત્હેમના તરફ અકૃતજ્ઞ થશે નહિ. સામાજીક ઇતિહાસમાં સ્ત્રીઓને સ્વાધીનતા અપાવવાના પ્રકરણમાં રાજકુમારીનું નામ સોનાના અક્ષરે લખાઇ રહેશે.

૪૩—નગેન્દ્રબાલા મુસ્તફી સરસ્વતી.

આ વિદુષી સન્નારીનો જન્મ ઈ. સ. ૧૮૭૮, બંગીય સંવત્ ૧૨૮૪ માં હુગલી જીલ્લામાં ભદ્રેશ્વર સ્ટેશનની પશ્ચિમમાં પાલાડા નામક ગામમાં પોતાના મોસાળમાં થયો હતો.

નગેન્દ્રબાલાના પિતા શ્રીયુક્ત નૃત્યગોપાળ મહાશયે, દક્ષિણ રાઢીય કાયસ્થ જાતિમાં જન્મ લીધો હતો. તારકેશ્વર રેલવેના સિંગુર નામક સ્ટેશનની પાસે દલુઇગાછા નામક ગામમાં ત્હેમનો વાસ હતો. હાલમાં એમણે હુગલી શહેરમાં ઘર બંધાવીને ત્ય્હાંજ વાસ કર્યો છે. નૃત્યગોપાળ બાબુ મુન્સિફનું કામ કરતા હતા.

અઢી વર્ષથી તેર વર્ષની વય સુધી નગેન્દ્રબાલા, ઘણુંખરૂં પિતાની પાસે ચટ્ટ ગામમાં રહી હતી. બાલ્યાવસ્થામાં એક સાધારણ પ્રાથમિક શાળામાં ત્હેણે થોડાકજ દિવસ વિદ્યાભ્યાસ કર્યો હતો. પણ પાછળથી પોતાની મેળેજ, અંતઃપુરમાં રહેવા છતાં પણ બંગાળી, ઉત્કલ, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાનો થોડો ઘણો અભ્યાસ કર્યો હતો.

દશ વર્ષની વયે નગેન્દ્રબાલાનો વિવાહ, હુગલી જીલ્લાના બાબુ ખગેન્દ્રનાથ મિત્ર મુસ્તફી સાથે થયો હતો. ખગેન્દ્ર બાબુ વર્ધમાન જીલ્લામાં સબરજીસ્ટ્રારનું કામ કરે છે, તેર વર્ષની વયે નગેન્દ્રબાલા સાસરે આવી હતી. ત્ય્હાં ગયા પછી એ પાંચ

વર્ષ સુધી માંદી રહી હતી. એ મંદવાડમાં હવા ફેરબદલ કરવા સારૂ તે પિતાની પાસે મુર્શિદાબાદ, થાજપુર વગેરે સ્થળે તથા બોલપુરમાં રહી હતી.

હાલિ શહેરનિવાસી શ્રીયુક્ત નૃત્યસખા મુખોપાધ્યાયને હાથે વૈષ્ણવ ધર્મમાં સ્ત્રી સાથે દીક્ષા લઈને, બાબુ ખગેન્દ્રનાથ મુસ્તફી પત્ની સાથે ઉડીસા અને પશ્ચિમાચલમાં ઘણાં તીર્થોની યાત્રા કરી આવ્યા હતા.

નગેન્દ્રબાલાએ પિતાની પાસેથી સાહિત્ય તરફ પ્રબળ અનુરાગ પ્રાપ્ત કર્યો હતો. બાલ્યાવસ્થાથીજ એ સાહિત્યસેવામાં નિમગ્ન રહેતી હતી. બાર વર્ષની વયે ત્હેણે કવિતા રચવાનો આરંભ કર્યો હતો. ત્યહાર પછી રોજ માંદી રહેવા છતાં પણ ત્હેણે ઘણા ગ્રંથો રચ્યા છે. ત્હેણે ‘દાનવનિર્વાણ’ ‘ઉષાપરિણય’ ‘મર્મગાથા’ ‘ચામેલી’ ‘ગીતાવલી’ ‘પ્રેમગાથા’ ‘વ્રજ ગાથા’ ‘નારીધર્મ’ ‘ગાર્હસ્થ્યધર્મ’ ‘અમિયગાથા’ ‘શિશુમંગલ’ ‘કુસુમગાથા’ (અસંપૂર્ણ) અને ‘ધવલેશ્વર’ એ નામનાં તેર પુસ્તકો લખ્યાં છે. એમાંથી ‘મર્મગાથા’ ‘પ્રેમગાથા’ ‘વ્રજગાથા’ ‘નારીધર્મ’ ‘અમિયગાથા’ અને ‘ધવલેશ્વર’ એટલાં છપાયાં છે. બાકીનાં અપ્રકાશિત છે.

‘મર્મગાથા’ અને ‘પ્રેમગાથા’ નામના પુસ્તકમાં વિવિધ વિષયક ન્હાની ન્હાની કવિતાઓનો સંગ્રહ છે. ‘પ્રેમગાથા’ના કવિત્વથી મુગ્ધ થઈને ‘હેર પ્રાઇઝ એસે ફંડ’ ના પ્રમુખે નગેન્દ્રબાલાને ઈનામ આપ્યું હતું. ‘વ્રજગાથા’ અને ‘નારીધર્મ’ એ બે પુસ્તક નગેદ્રબાલાએ પોતાના દીક્ષાગુરૂ શ્રીયુક્ત નૃત્ય-

સખા મુખોપાધ્યાયની આજ્ઞા મુજબ રચ્યાં છે. 'વ્રજગાથા' ગ્રન્થ શ્રીકૃષ્ણનો પૂર્વરાગ, દાણલીલા, નૌકાવિલાસ, અભિસાર, વગેરે બાવીસ તરંગોમાં વિભક્ત છે. દરેક તરંગમાં વ્રજભાષાનાં પદો પણ ત્હેણે રચીને મૂક્યાં છે. શ્રીરાધાજીનો પ્રેમ પ્રકટ કરવો એ 'વ્રજગાથા' પુસ્તકનો ઉદ્દેશ છે. એ પુસ્તક એણે પોતાના પતિને અર્પણ કર્યું છે. 'નારીધર્મ' ગ્રન્થ ગદ્યમાં છે. સ્ત્રીઓ કેવી રીતે પોતાનું કર્તવ્યપાલન કરીને, નારીધર્મનું રક્ષણ કરીને સંસારમાં અમૃતસ્રોત પ્રવાહિત કરી શકે, કેવી રીતે નારી–ચરિત્રમાં ખરેખરૂં દૈવી ચરિત્ર ઝળકી ઉઠે, એ વિષયનું 'નારીધર્મ' માં વિવેચન કરવામાં આવ્યું છે.

નગેન્દ્રબાલાની કવિતા બંગાળામાં આદરપૂર્વક વંચાય છે. કવિતા રચવામાં ત્હેની પારદર્શિતા હોવાથી ત્હેને 'સરસ્વતી'ની ઉપાધિ મળી છે.

નગેન્દ્રબાલા બંગાળી ભાષાનાં વિવિધ માસિકપત્રોમાં લેખ લખતી હતી.

ઘરવ્યવસ્થાના કામમાં નગેન્દ્રબાલા ઘણી પ્રવીણ હતી. ઉત્તમ રસોઇ બનાવવામાં, શીવણ તથા ભરતકામમાં, અને માંદાની માવજત કરવાના કામમાં એ બહુ સારી રીતે પ્રવીણ હતી. અતિથિનો સત્કાર, દુઃખી અને ગરીબોની સેવા, એ તો એના સ્વાભાવિક ગુણ હતા.

બંગાળી સંવત્ ૧૩૧૩ માં વૈશાખ માસમાં ઓગણત્રીસ વર્ષની જુવાન વયે ત્હેણે સ્વર્ગવાસ કર્યો.

૪૪—શ્રીમતી પંડિતાબાઈ જીવન્મુક્ત.

આ બાઇ મૂળ કાશ્મીર રાજ્યમાં જમુ શહેરનાં વતની હતાં. વૈધવ્ય પ્રાપ્ત થયા પછી એ સંન્યાસ લઇને સાધ્વી થયાં હતાં. એમણે સંસ્કૃત ભાષાનો સારો અભ્યાસ કર્યો હતો, અને હિંદી તથા પંજાબી સાહિત્યથી પણ સારી રીતે માહિતગાર હતાં. કેળવણીનાં મીઠાં ફળ પોતે ચાખેલાં હોવાથી જનસમાજમાં ત્હેનો પ્રચાર કરવા માટે ઘણો ઉત્સાહ ધરાવતાં હતાં. સ્ત્રી કેળવણીનો પ્રચાર કરવાના ઉદ્દેશથી ત્હેમણે પોતાના મૂળ વતનમાં ગાંઠના પૈસા ખરચીને એક કન્યા-શાળા સ્થાપી હતી. નિવૃત્તિ આશ્રમ સ્વીકાર્યા છતાં પણ સ્ત્રી કેળવણીના લાભ લોકોને સમજાવવા માટે ત્હેમને જાહેરમાં વક્તા તરીકે દેખાવ દેવાની ફરજ પડતી, અને ત્હેમના કુટુંબકબીલાની અને ખાસ કરીને ત્હેમના સ્વર્ગસ્થ પતિનાં સગાંવ્હાલાંઓની સખ્ત વિરૂદ્ધતા છતાં પણ, નિર્ભયપણે એ પવિત્ર કર્તવ્ય બજાવવા તે તત્પર થયાં હતાં. ત્હેમનું કહેવું એ હતું કે હવે હું સાધ્વી થઇ છું, મ્હેં સંસારનો ત્યાગ કર્યો છે એટલે ત્હમે માની લીધેલા બંધનકારક રિવાજો પાળવાની મ્હારી ફરજ નથી. ત્હેમણે એક ઘરના વિશાળ ચોગાનમાં પોતાનું પ્રથમ જાહેર ભાષણ આપ્યું હતું અને ત્હેમના નામ તથા વિદ્વત્તાથી ખેંચાઇને તેમજ એક સાધ્વી વક્તાનું વ્યાખ્યાન સાંભળવાની ઉત્સુકતાથી મ્હોટી સંખ્યામાં લોકો એ ભાષણ સાંભળવા આવ્યા હતા. ઘણી ઉંચ વર્ણની સ્ત્રીઓ પણ પોતાનાં બાળકો સાથે એ ભાષણ સાંભળવા

આવી હતી અને સાધ્વીને મ્હોંડેથી ડહાપણના શબ્દો સાંભળવાની ઇંતેજારી ત્હેમના સર્વના ચહેરા ઉપર છવાઇ રહેલી જણાતી હતી. પ્રથમ તો આ ઉચ્ચ કુળની સ્ત્રીઓ શ્રોતાઓ સાથે નહિ મળતાં એક અલાહેદી જગ્યાએ બેઠી હતી, પણ ત્હેમની સંખ્યા વધી પડતાં અને ભાષણના વિષયમાં રસ પડતાં તેઓ ધીરે ધીરે ઘણી સાદી જગ્યાઓ શોધીને ત્હ્યાં ગોઠવાવા લાગી હતી. એ લોકોમાં પડદાનો રિવાજ હોવા છતાં આ વખતે ત્હેમણે પડદો નામનોજ પાળ્યો હતો. વ્યાખ્યાન કરનાર સાધ્વી બાઇએ જરા પણ પડદો પાળ્યા વગર ખુલ્લે ચહેરે પોતાનું ભાષણ આપવું પસંદ કર્યું હતું, એટલે ત્હેમના આ જાહેર દેખાવની અસર બીજી સ્ત્રીઓ ઉપર પણ થઈ હોય તો તે બનવા જોગ છે. સાધ્વીનું ઓળખાણ, ત્હેમના ગુરૂએ શ્રોતાજનોને કરાવ્યું હતું. તે ઉપરથી જણાતું હતું કે એ કોઇ ધનવાન કુટુંબનાં સ્ત્રી હતાં. ગુરૂએ પોતાની આ ચેલીની વિદ્વત્તા વિષે પ્રસંગોપાત કેટલુંક વિવેચન કરીને પોતાની બેઠક લીધી હતી. ત્હ્યાર પછી બાઇ જીવન્મુક્તે તખ્તા ઉપર પધારીને સ્ત્રીઓનાં કર્તવ્યો સંબંધી પોતાનું વ્યાખ્યાન ચલાવ્યું હતું. આ વ્યાખ્યાન ત્હેમણે અગાઉથી લખી રાખ્યું નહોતું. ત્હેમણે ફક્ત પોતે રચેલાં કેટલાંક પદો તથા શ્લોકો એક કાગળ ઉપર નોંધી રાખ્યાં હતાં, અને એક પછી એક એ શ્લોકો અને પદોને લગતી બાબતો ઉપર વિવેચન કરતાં વેદ અને પુરાણોમાંથી બંધ બેસતી વાર્તાઓથી પોતાના એ વ્યાખ્યાનને ત્હેમણે સારી રીતે શણગાર્યું હતું; અને શ્રોતાઓ ત્હેમની અજબ છટાથી મોહિત થઇને એકચિત્તે સઘળો વખત ઉલટથી ભાષણ સાંભળતા હતા. આ

પ્રમાણે ત્હેમણે કાશ્મીરની સ્ત્રીઓમાં વિદ્યાનો શોખ ઉત્પન્ન કર્યો હતો. પ્રભુ આપણા દેશમાં એવી અનેક સાધ્વીઓ ઉત્પન્ન કરો!!

૪૫–શ્રીમતી કાદમ્બિની ગાંગુલી.

બંગાળી સ્ત્રીઓમાં સૌથી પ્રથમ બી. એ. ની પરીક્ષા પાસ કરનાર બે સન્નારીઓમાંથી એક શ્રીમતી કાદમ્બિની ગાંગુલી હતાં અને બીજાં સન્નારી, શ્રીમતી ચન્દ્રમુખી વસુ હતાં.

મિસિઝ કાદમ્બિની ગાંગુલીનો પૈતૃક નિવાસ પૂર્વ બંગાળામાં એક ગામડામાં હતો. ત્હેમના પિતા બહરમપુરમાં નોકરી કરતા હતા. ત્હેમણે જાના મત પ્રમાણેનો હિન્દુ ધર્મ છોડી દઇને બ્રાહ્મ ધર્મ ગ્રહણ કર્યો હતો. ધર્મની ખાતર ત્હેમને ન્યાતજાતની બહાર રહેવું પડયું હતું. ધર્મના કારણસર પોતાના વતનના નિવાસીઓ સાથે પણ એમને ઝાઝો સંબંધ રહ્યો નહોતો. કાદમ્બિનીએ બાલ્યાવસ્થાથીજ પશ્ચિમ બંગાળામાં વાસ કર્યો હતો. બેથ્યૂન કૉલેજમાં અભ્યાસ કરીને ત્હેમણે બી. એ. ની પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી. ત્યહાર પછી સ્વદેશહિતૈષી સુલેખક અને તેજસ્વી પુરૂષ દ્વારકાનાથ ગાંગુલી સાથે ત્હેમનું લગ્ન થયું હતું. દ્વારકાનાથ ગાંગુલીએ વિક્રમપુરના એક ઘણા સારા કુલીન કુટુંબમાં જન્મ ધારણ કર્યો હતો. ત્હેમના અંતઃકરણમાં પુરૂષોચિત તેજ અને નારીઓના જેવી કોમળતા હતી. તરૂણ વયમાંજ,

કુલીન કુમારિકાઓનાં દુઃખ જોઇને એ અશ્રુ વિસર્જન કરતા હતા. પાછળથી મ્હોટી ઉમરે સ્ત્રીજાતિનાં દુઃખ દૂર કરવાં એ, ત્હેમના જીવનનું એક વ્રત થયું હતું. સ્ત્રીઓને ઉંચા પ્રકારનું શિક્ષણ તથા યોગ્ય સ્વતંત્રતા આપવાના એ ઘણા પક્ષપાતી હતા. ત્હેમનાં પત્ની શ્રીમતી કાદમ્બિનીએ સ્વામીના ઉત્સાહથી ઉત્સાહિત થઇને વધારે ઉચ્ચ અને ઉપયોગી શિક્ષણ મેળવવાના હેતુથી મેડિકલ કૉલેજમાં પ્રવેશ કર્યો. એમના પહેલાં કોઇ બંગાળી મહિલાએ મેડિકલ કૉલેજમાં દાખલ થવાની હિંમત કરી નહોતી. એક સમય એવો પણ હતો કે ઉંચી ન્યાતના બંગાળી યુવકોને માટે મેડિકલ કૉલેજમાં દાખલ થવું એ વીરતાનું કાર્ય ગણાતું, તો પછી એક અબળાને માટે એવી કૉલેજમાં દાખલ થવું એ ઓછા સાહસની વાત હતી ? શ્રીમતી કાદમ્બિનીએ લોકનિન્દા ઉપર જરા પણ ધ્યાન ન આપ્યું અને અનેક અગવડો વેઠીને પણ પાંચ વર્ષ સુધી દૃઢતાથી મેડિકલ કૉલેજમાં શિક્ષણ મેળવ્યું. એ ઉપરથી ત્હેમના ચિત્તની દૃઢતાનો પરિચય મળી આવે છે. એ પણ એમના સ્વામીના જેવાં તેજસ્વી રમણી હતાં.

મિસિઝ ગાંગુલી મેડિકલ કૉલેજની છેવટની પરીક્ષા પાસ કરી શક્યાં નહિ; પરન્તુ એટલેથી નિરાશ ન થતાં ત્હેમણે વિલાયત જવાનો સંકલ્પ કર્યો. અને વિલાયતમાં થોડાક વખત સુધી ચિકિત્સાશાસ્ત્રનો અભ્યાસ કરીને એલ. આર. સી. પી. ની ઉપાધિ પ્રાપ્ત કરી. એમના પહેલાં કોઇ બંગાળી સ્ત્રીએ ડાકટરનો ધંધો કર્યો નહોતો. બંગાળી સ્ત્રીઓમાં પડદાનો રિવાજ ઘણોજ વધારે હોવાથી શ્રીમતી કાદમ્બિનીના ડાકટર બનવાથી સ્ત્રીઓને ઘણી મ્હોટી સગવડ થઇ. બંગાળી સ્ત્રીઓ એટલા

માટે ત્હેમના ઘણા આભાર તળે છે. મિસિઝ ગાંગુલીને પોતાની માતૃભાષા બંગાળી ઉપર ઘણી પ્રીતિ છે. એ ભાષાનો ત્હેમણે સારી રીતે અભ્યાસ કર્યો છે, અને સારા લેખ લખવાની શક્તિ એમનામાં છે, પરન્તુ અવકાશને અભાવે તેઓ સાહિત્યસેવા કરી શકતાં નથી. વિલાયત જઇ આવ્યા પછી સુંદર ભાષામાં ત્હેમણે પોતાનો ભ્રમણ વૃત્તાંત લખ્યો છે. એ વૃત્તાંત "સંજીવની" પત્રમાં પ્રકટ થયો હતો. ત્હેમણે એક વખત 'ભારત મહિલા સમિતિ' ના ઉત્સવમાં એક સારો પ્રબંધ વાંચ્યો હતો. એ પ્રબંધ "તત્ત્વ કૌમુદી" પત્રિકામાં છપાયો હતો. હમે એમાંથી થોડોક ભાગ અત્રે ઉતારીશું.

"આજ અત્ર આપણે આપણા કર્તવ્ય સંબંધી થોડું વિવેચન કરીશું. એ સંબંધમાં અનેક મત હોઇ શકે. મ્હારા મત મુજબ આપણાં ચાર પ્રકારનાં કર્તવ્ય છે. એ બધાં કર્તવ્યનું પાલન કરી શકાય તો પછી આપણો સમય વૃથા ગયો નથી અને આપણે પોતપોતાની શક્તિ અનુસાર જીવનને સુંદર અને ખરે રસ્તે ચલાવવાને યત્ન કર્યો છે એમ ખાત્રીપૂર્વક કહી શકાય. એ ચાર કર્તવ્ય કયાં છે? (૧) આપણી પોતાની પ્રત્યેનું કર્તવ્ય, (૨) પરિવાર પ્રતિ કર્તવ્ય, (૩) સમાજ પ્રતિ કર્તવ્ય, (૪) જગતના પતિ ઈશ્વરની પ્રતિ કર્તવ્ય.

* * * *

સ્ત્રીઓને પરિવારની તરફ જે કર્તવ્ય બજાવવાનું છે તે અત્યંત સુંદર અને મહાન છે. નારી સ્વભાવથીજ કોમળ–હૃદયા અને કરૂણ–પ્રાણા હોય છે. ઘરમાં વ્યવસ્થા અને શાન્તિ સ્થા-

પિત થાય એવો યત્ન સ્ત્રીએ કરવો જોઇએ. જુદા જુદા દેશોની વચ્ચે ચાલતા યુદ્ધના સમાચાર સાંભળીને આપણે પીગળી જઇએ છીએ, રક્તપાત અને માનવ જીવનના નાશના સમાચાર સાંભળી આપણે દુઃખી થઇએ છીએ, છતાં પણ ઘરમાં જે અશાન્તિનો અગ્નિ સળગી રહ્યો છે, તે તરફ તો આપણે ધ્યાનજ નથી આપતાં. જે જે કારણોથી જૂદા જૂદા દેશોની વચ્ચે યુદ્ધ, જૂદી જૂદી પ્રજાઓ વચ્ચે કલહ ઉપસ્થિત થાય છે, ત્હેમાંનાંજ ઘણાં કારણોને લીધે ગૃહમાં પણ શાંતિનો ભંગ થાય છે. સામાન્ય બનાવ, સામાન્ય વાત ઉપરથી આપણે આખી જીંદગી સુધી એ અશાન્તિનો ભાર વહન કરીએ છીએ. આપણે પોતાનો દોષ નહિ જોતાં બીજાઓનો દોષ જોઇએ છીએ. અને તે સંબંધી ચિંતા કરીને ધીમે ધીમે એ બાબતને વધારી મૂકીએ છીએ. એનું મૂળ શું છે? મ્હારા વિચાર પ્રમાણે એનું મૂળ કારણ અપ્રેમ છે. જો પ્રેમ હોય તો કદી આપણે પ્રિય જનનો વાંક કહાડવાનો યત્ન કરીશું નહિ અને અશાન્તિનો અગ્નિ કદી સળગશે નહિ.

* * *

આપણા ધર્મબન્ધુઓ અને ભગિનીઓ પ્રતિ આપણે આંતરિક પ્રેમ રાખવો જોઇએ. કોઇનો દોષ જોવામાં આવે અથવા કોઈનામાં દુર્બળતા દીઠામાં આવે તો વ્યથિત ચિત્તે ત્હેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા આપણને સ્વતઃ થવી જોઇએ અને એવાજ વિચારથી પ્રેરાઇને કોઇ આપણી દુર્બળતા આપણને દેખાડી આપે તો અંતઃકરણના સદ્‌ભાવપૂર્વક ત્હેનો ઉપકાર માનીને એ ભૂલ સુધારવા યત્ન કરવો જોઇએ. એ દુર્બળતા બતાવવા સારૂ સ્હામા માણસ ઉપર કદી ગુસ્સો કે દ્વેષ કરવો ન જોઇએ. સ્ત્રીની

મદદ વગર આજ સુધી કોઇ પણ સમાજની ઉન્નતિ થઈ શકી નથી અને થઇ શકવાની નથી. બ્રાહ્મસમાજનું મુખ ઉજ્વળ થાય એવાં કૃત્ય કરવાની આપણી ફરજ છે. જેમણે આપણને સ્વતંત્રતા આપી છે, શિક્ષણ અને ધર્મલાભની સગવડ કરી આપી છે અને કરી આપે છે, તે બધા સ્નેહાળ ભાઇઓ, આપણું જીવન, આપણી વર્તણુંક અને સારાં કામો કરવાની આપણી અંતઃકરણની ઇચ્છા જોઇને, પ્રસન્ન થાય તથા એમને એમ લાગે કે આપણો શ્રમ સફળ થયો છે, એવા પ્રયત્ન આપણે બધાંએ કરવો જોઇએ. ”

મિસિઝ ગાંગુલીએ એ પ્રબંધના અન્તમાં કહ્યું હતું કે “વિશ્વ-જગત્ અને સમાજ આપણા દ્વારા ધન્ય થાય અને કુટુંબમાં આપણે કલ્યાણી કન્યા, પ્રીતિમયી ભગિની, પરમ સ્નેહમયી માતા અને લક્ષ્મીરૂપી ગૃહિણી તથા કોમળહૃદયા સાન્ત્વનાદાયી બન્ધુરૂપે જગતમાં જીવન ગાળી શકીએ; એજ મહાન પરમેશ્વરના ચરણમાં પ્રાર્થના છે.”

એ વિદુષી સ્ત્રીના વિચારોનો પરિચય ઉપરના શબ્દોથી વાંચક બ્હેનોને મળી શકશે. ત્હેમણે પોતે એ શબ્દો ઉપર બનતો અમલ કર્યો છે. એમનો સંસાર સુખી છે. એમનાં સંતાન પણ સુશિક્ષિત છે. એમની બીજી કન્યા મિસ જ્યોતર્મયી ગાંગુલીએ બી. એ. ની પરીક્ષા પાસ કરી છે.

૪૬–શ્રીમતી મહાદેવી.*

શ્રીમતી મહાદેવી, બંગાળાના લોઅર પ્રોવિન્સીસ નામે ઓળખાતા પ્રાન્તના રાજ્યમાં સરકારી માજી ભાષાન્તરકાર તથા પૂર્વદેશની ભાષાઓના પ્રવીણ અભ્યાસક રાય સોહનલાલનાં બીજાં પુત્રી થાય છે. તેમનો જન્મ ૧૮૭૮માં થયો હતો. તેમને સર્વ કેળવણી ગૃહમાંજ અપાયેલી હતી. પિતાની સહાયતાથી ભાઇઓની સાથે સાથે અભ્યાસ કરતાં, તે ૧૮૮૯ માં, ૧૧ વર્ષની વયે કલકત્તા યુનિવર્સિટીની એન્ટ્રન્સની (આપણી મેટ્રીકયુલેશન જેવી) પરીક્ષામાં બેઠાં, પણ નિષ્ફળ નીવડયાં હતાં.

તેમનું લગ્ન બાળવયે થયેલું હોવાથી આ વખતે તે પોતાના પતિ બાબુ જ્યોતિસ્વરૂપ સાહેબ, જેમણે આવામાંજ દેહરાદુનમાં વકીલાતનો ધંધો આરંભ્યો હતો, તેમને ત્યાં રહેવા ગયાં. ગૃહકાર્યમાં રોકાયેલાં રહેવા છતાં પણ તે પોતાનો–ખાસ કરીને અંગ્રેજી અને સંસ્કૃતનો–અભ્યાસ વધાર્યે ગયાં, અને આગળ જતાં તેમણે તે ભાષાઓના, વિશેષે કરીને સંસ્કૃત ભાષાના જ્ઞાનમાં ઘણી પ્રવીણતા અને વિખ્યાતિ મેળવી. પતિગૃહે આવ્યા પછી ફરીથી એમણે એન્ટ્રન્સમાં બેસવાની અરજી કરી, પણ કલકત્તાની યુનિવર્સિટીએ કેટલાંક કારણથી તેમને પરવાનગી

* સુંદરી સુબોધ પૃ. ૪, અંક ૧૧ માંથી રા. રા. પાન્થે લખેલો લેખ અત્ર ઉપકાર સાથે અક્ષરશ: ઉતારી લેવામાં આવ્યો છે. શિ. દ. પંડિત.

આપી નહિ, તે પછી તેમણે તે લોભ ત્યાગી દીધો. ત્યાર પછી પ્રથમથીજ તેમની સર્વ વૃત્તિ સાહિત્ય તરફ વળેલી હોવાથી, તેમણે 'બારહ માસ' નામનું એક કાવ્ય "માતૃભાષા"–'હિન્દી' માં લખી જાતિભાઇઓને ગ્રંથકર્ત્રી તરીકે પ્રથમ દર્શન દીધું. આ પ્રયત્નમાં તે વિજયી થયાં, અને તેમનું કાવ્ય પ્રખ્યાત તથા પ્રશંસાપાત્ર થયું છે.

શ્રીમતી મહાદેવીના પિતા, જે તેના દેહરાદુનમાં પતિગૃહે આવ્યાને થોડોક સમય થયા પછી પેન્શન લઇ ત્યાંજ આવી રહ્યા હતા તે, તથા તેમના ભાઇઓ, અને પતિ, સર્વ, દેશની કેળવણીના કાર્યમાં ઘણો ઉમંગ ધરાવતા હતા; અને મહાદેવીએ પણ તેમના નિરંતર સહવાસને લીધે તેમના વિચાર ગ્રહણ કર્યા હતા. હિન્દુ પત્નીઓ અને માતાઓની કેળવણીના દોષ અને અલ્પ જ્ઞાનના વિષયે તે હમેશાં પરસ્પર વાતચિત કરતાં હતાં. "જે હાથ પારણું હિંચોળે છે તેજ હાથ દુનિયા ઉપર રાજ્ય ચલાવે છે" એ કહેણીમાં રહેલું સત્ય શ્રીમતી મહાદેવી સ્વીકારવા લાગ્યાં હતાં, અને તેની અસર એ થઇ કે તેમને સ્ત્રી કેળવણી માટે પોતેજ કાંઇક ઉચ્ચ પ્રયત્ન કરવા પ્રબળ ઇચ્છા થઇ આવી, અને તે ઇચ્છાના પરિણામ રૂપે પોતાના જ ગામમાં એક 'કન્યા પાઠશાળા'ની, ૧૯૦૨ ના સપ્ટેમ્બર માસમાં, તેમના હસ્તક સ્થાપના થઇ. અન્ય સંસ્થાઓની પેઠે આનો આરંભ પણ અલ્પ,–માત્ર ૭ કન્યાઓ, અને તે પણ વિશેષે કરીને કુટુંબનીથીજ થયો હતો. હાલ તે શાળામાં ૮૦ કન્યાઓ અભ્યાસ કરે છે, અને તેમાંની ૨૧ તો શાળા સાથે રાખેલા વિદ્યાર્થીભવન (બોર્ડીંગ હાઉસ)માં રાત દિવસ રહે છે. તે શાળા

સ્થપાયે દોઢ વર્ષ તો થયું નહોતું એટલામાં શાળાઓ તપાસનાર સરકારી અમલદારે તેને તપાસીને અભિપ્રાય આપ્યો હતો કે, "આ પાઠશાળા સરકારી નિશાળોને પણ હિંદમાં સ્ત્રી કેળવણીનો યોગ્ય માર્ગ દર્શાવે એવી અસાધારણ અને રસિક અજમાયશરૂપ છે." બંગાળા અને મદ્રાસની અન્ય સુશિક્ષિત સન્નારીઓ આ સંસ્થાની અધિષ્ઠાત્રી શ્રીમતી મહાદેવીની સાથે વિદ્યાદાનના કાર્યમાં ભળી છે, અને તેમના વિદ્યાર્થીભવનમાં હિન્દના જુદા જુદા ભાગોમાંથી વિદ્યાર્થીઓ આવી વસે છે.

"હિન્દી કુટુંબમાં માતા જો સુશિક્ષિત અને જ્ઞાની હોય, તો તેને યોગે સંતાનોમાં સુધારો થઈ તેઓ જનસમાજના વધારે સારા અંગભૂત નીવડ્યા વિના રહેજ નહિ, અને તેમ થવાને માટે આવી, સરકારી તેમજ ખાનગી, સંસ્થાઓ આખા હિન્દમાં પથરાયેલી હોય, તો હવેના અર્ધા સૈકાની અંદરજ હિન્દી ગૃહોમાં ઘણો સુધારો થાય, ત્યારેજ પડદા અને અન્ય વ્હેમો દૂર થાય, અને હિંદી બાલિકાઓ અંગ્રેજોના કુટુંબોમાં, અને અંગ્રેજ બાલિકાઓ હિંદી ગૃહોમાં, ભળેલી જોવામાં આવે; અને લાંબા કાળ સુધી ચાલેલા સારા રાજ્યકારભારના કરતાં, આ રીતે ઉદ્‌ભવેલો બે જાતો વચ્ચેનો પરસ્પર સામાજીક વ્યવહાર જ રાજ્યકર્તા અને પ્રજાને, વિચારો, ઉમેદો, અને પ્રવૃત્તિઓમાં વધારે અંશે એક મતના બનાવી શકે. દેહરાદુનની આ પાઠશાળા હિન્દી સ્ત્રીઓના અને તે માર્ગે હિન્દી પ્રજાના, એક અવનવા—સુખ, પ્રવૃત્તિ અને સ્વતંત્રતાથી ભરેલા, જીવનપ્રભાતનાં દર્શન કરાવે છે. આપણે ઇચ્છીશું કે શ્રીમતી મહાદેવી પોતાની કલ્યાણકારી શક્તિના બળે સ્વદેશજનોનું શ્રેય કરે;

અને તેમ કરતાં 'સન્નારીનો જીવનમાર્ગ પુષ્પોથી આચ્છાદિત થયેલો છે, પરંતુ તે પુષ્પો તેના ચાલી ગયા પછી સુવાસ પ્રસારે છે' એરસ્કિનના શબ્દો સ્મરણમાં રાખી સ્વદેશજનની ઉન્નતિના કાર્યમાં આ લોક તરફથી બદલાની અપેક્ષા રાખે નહિ.

શ્રીમતી મહાદેવીના ધાર્મિક વિચારો સંપૂર્ણ રીતે વૈદિક સિદ્ધાન્ત પ્રમાણે છે. તેમના મતનું મધ્ય બિન્દુ, ધર્મ અથવા જાતિના ભેદભાવ વિના મનુષ્ય માત્રની સેવા કરવી એ છે. પોતે રચેલા 'બારહમાસ' કાવ્યમાં તેમણે મનુષ્ય જીવનનું સ્વરૂપ વેદાન્તવાદને અનુસાર દર્શાવ્યું છે. તેમનો ધર્મપંથ અદ્વૈતવાદનો છે.

આ વિદુષી બાઈને હિન્દુ સ્ત્રીઓનાં શરીર તેમજ મનને ઢાંકી રાખતા પડદા ખસેડી નાંખી તેમને જ્ઞાન-તેજનો લાભ આ-પવાની મ્હોટી આકાંક્ષા છે, અને ઈશ્વરકૃપાએ તેમને તે માટે યોગ્ય સાધનો પણ પૂરાં પાડ્યાં છે પત્નીને માટે અભિમાન ધરાવનાર પ્રેમી પતિ, સર્વદા સમીપ રહી સલાહ આપનાર વિદ્વાન પિતા, અને મન ઉપર લીધેલા કાર્યને આગળ વધારવામાં સદા તત્પર રહે એવું પતિનું દ્રવ્ય—આવી મનોવાંચ્છિત સગવ-ડોથી પ્રફુલ્લિત થઈ શ્રીમતી મહાદેવી પોતાના ગૃહમંદિરમાં તેમજ સ્વસ્થાપિત પાઠશાળામાં એક સાધ્વીના જેવું ઉત્કૃષ્ટ જીવન ગાળે છે.

સરકારે, હિંદી સ્ત્રીઓની આ અગ્રણી સન્નારીની યોગ્યતા સ્વીકારીને, તેમને 'કયસરે હિન્દ' ના રૂપાના ચાંદથી વિભૂષિત કર્યાં છે; અને આપણાં હાલનાં શહેનશાહબાનુ, પ્રિન્સેસ ઑફ વેલ્સ તરીકે જ્યહારે દેશમાં પધાર્યાં હતાં, ત્યહારે ત્હેમણે શ્રીમતી મહાદેવીના ગુણ તથા ખ્યાતિ સાંભળીને ત્હેમની પાઠશાળાની મુલાકાત લીધી હતી.

૪૭–શ્રીમતી પાર્વતીદેવી.*

સર્વ સંસ્થાઓને સ્થાપક અને કાર્યવાહક હોય છે. અને ત્હેમને ચલાવવામાં શક્તિનો જેટલો ઉપયોગ કરવામાં આવે છે તેના પ્રમાણમાં તે આબાદ થાય છે. આ આશ્ચર્યજનક સંસ્થાના સ્થાપક બે વીર આત્માઓ છે: મિ. એ. કે. શર્મા અને શાળાની અધ્યાપિકા શ્રીમતી પાર્વતી-દેવી. આ સ્થળે શ્રીમતી દેવીનું જીવન આલેખવાનો હું પ્રયત્ન કરૂં છું, કારણ કે સંસ્થાની આબાદીનો મોટો ભાગ ત્હેમનાપર અવલંબેલો છે. તે શાળામાં તથા ત્હેની બહાર કૉન્જેવરમની સામાન્ય સ્ત્રીઓમાં તથા પોતાની શિષ્યાઓમાં શું શું કામ તેઓ કરે છે તે જ બતાવવામાં આવશે.

ત્હેની બાલ્યાવસ્થા અને કેળવણી.

ત્હેનો બાપ **તીરૂ ચિત્રામ્બલ જ્ઞાનીઅરના** નામથી ઓળ-ખાતો હતો. તેમાં તીરૂ એટલે શ્રી, ચિત્રામ્બલ–જ્ઞાનરૂપી આનંદ અને જ્ઞાનીઅર–જાણનાર; એટલે આનંદરૂપી જ્ઞાનનો માનનીય જ્ઞાતા એવો અર્થ સમાયલો છે. વેદથી માહિતગાર હોવા ઉપ-રાંત, તે વેદનો તામિલ ભાષામાં ટીકાકાર હતો અને અર્થપૂર્ણ કાવ્ય અને નિબંધોનો લેખક હતો. તે શૈવધર્મનો પ્રચારક હતો. જીવનના અવસાનમાં તે વાનપ્રસ્થાશ્રમ પાળતો હતો અને ધ્યા-

---

* "સુંદરી સુબોધ" પુ. ૧૦ અંક ૧૧ માંથી ઉપકાર સાથે અક્ષરશઃ ઉતારી લેવામાં આવ્યું છે.

નમાંજ નિમગ્ન રહેતો હતો. દેવીની ચૌદ વર્ષની વય સુધી તામિલ સાહિત્ય, હિન્દુશાસ્ત્ર અને સંસ્કૃત ત્હેણે શિખ્યું હતું. જોકે લૌકિક રિવાજ પ્રમાણે ત્હેને બાર વર્ષે પરણાવવામાં આવી હતી તોપણ લગ્ન ત્હેના અભ્યાસમાં આડે આવ્યું નહિ. મદ્રાસમાં ત્હેના કેટલાક મિત્રો ત્હેની બુદ્ધિ અને વિદ્વત્તાથી ચકિત થયા અને મદ્રાસ ઇલાકાની સ્ત્રીશિક્ષણપદ્ધતિ–શાળામાં મોકલવાની ત્હેને સલાહ આપી. ત્યાં ત્હેણે સ્હાડાચાર વર્ષ અભ્યાસ કર્યો અને છેવટની પરીક્ષામાં તે પહેલે નંબરે પાસ થઇ.

શિક્ષિકા તરીકે ત્હેનું જીવન.

પહેલી તે મદ્રાસમાં વિજયનગરના મહારાજાની કન્યાશાળામાં મુખ્ય અધ્યાપિકા (હેડ મિસ્ટ્રેસ) નીમાઇ. પછીથી ત્હેણે કાંચીપુરની વાલિકાવિદ્યાલયની મુખ્ય અધ્યાપિકાની નોકરી કરી. દરમિયાન ત્હેનો પતિ સ્વર્ગસ્થ થયો. તે સમયે તેને ફક્ત ત્રીસ વર્ષ થયાં હતાં. બાકીનું જીવન પોતાની માતા સાથે ગાળવાની ત્હેને ઇચ્છા થઈ. ત્રણ વર્ષ ત્હેણે ગામડામાં અજ્ઞાત જીવન ગાળ્યું. પણ કૉન્જેવરમની હિન્દુ કન્યાશાળાના સ્થાપકોએ ત્હેને તે શાળાનો કાર્યભાર ચલાવવાનો આગ્રહ કર્યો. ત્હેણે હા પાડી અને ઇ. સ. ૧૯૦૪ માં તે આશ્રમમાં દાખલ થઇ. તે વખતે તે આશ્રમને એક વર્ષ પણ પૂર્ણ થયું નહોતું.

શાળાના કાર્યમાં ત્હેણીનો ભોગ.

ત્હેને દર માસે ફક્ત પચીશ રૂપિયાનો નામનો પગાર આપવામાં આવશે, એમ જણાવવામાં આવ્યું હતું, પણ ફંડના અભાવે ભૂતકાળમાં નિયમિત રીતે ત્હેને આ રકમ આપવામાં આવી નથી. વળી શાળામાં ચાલતા ખર્ચમાં જોઈતા પૈસા મેળ-

વવાને ત્હેણે પોતાનાં ઘરેણાં ગીરો મૂક્યાં છે. મિશન શાળાઓમાં નોકરી કરવાને ત્હેને સારો પગાર આપવાની માગણી થતી. અને આ માગણીઓ અત્યારે પણ વધારે લલચાવે તેવી છે, પણ ત્હેણે બે કારણથી તે માગણીઓ દૃઢતાથી પાછી કાઢી છે; (૧) શાળાનું કાર્ય પોતે સ્વેચ્છાથી માથે લીધું છે અને તેથી તેની સેવામાં તે પોતાને બંધાયલી માને છે, અને (૨) આપણી બાળાઓને ખ્રિસ્તિ ધર્મ મારફતે યોગ્ય કેળવણી આપી શકાય નહિ એમ ત્હેનું માનવું છે. આથી તે લોકોને મિશન શાળામાં કન્યાઓને મોકલતાં અટકાવે છે. કૉન્જેવરમમાં જેમને ન્હાની બાલાઓ છે, તે સર્વ લોકોની તે વિશ્વાસુ મિત્ર બની છે. તે કન્યાઓની માતા પાસે જાય છે અને સ્ત્રી કેળવણીની કેટલી જરૂર છે તે સારી રીતે સમજાવે છે. શાળામાં સાહિત્ય અને શિક્ષણનું કામ એ તો ફક્ત ત્હેનું એક ખાતું છે. ત્હેનું ખરૂં કાર્ય ત્હેની શિષ્યાઓના ગૃહમાં રહેલું છે. તે ત્હેમના માનસિક અને નૈતિક વિકાસની કાળજી કરે છે, એટલુંજ નહિ પરન્તુ પોતાની શિષ્યાઓની મંદવાડમાં માવજત કરે છે. ગરીબ કન્યાઓને માટે માંદગીમાં જોઇતા ભોજનનો કેટલોક ખર્ચ પોતાના ખાનગી પૈસામાંથી કરે છે અને બાકીનો ભાગ પૈસાદાર સ્ત્રીઓ પાસેથી ફંડ ઉઘરાવી મેળવી લે છે. આ જ પ્રમાણે દવા અને દાક્તરની મદદ પણ ત્હેમને માટે તે મેળવે છે. તે કન્યાઓને પોતાની દેખરેખ નીચે રાખે છે અને દાક્તરનું તથા સેવિકાનું કાર્ય પોતાની જાતે ઉઠાવે છે. તે ત્હેમનાં કપડાં ધુવે છે અને પથારી પણ પોતેજ તૈયાર કરે છે. કમનસીબે શાળાને અંગે એક પણ વસતિગૃહ સ્થપાયેલું નથી. આ સર્વ કાર્ય તે શિષ્યાઓના ઘરમાં કરે છે. થોડાજ

સમય પર બનેલા એક બનાવમાં એક શિષ્યાને જોવા ત્હેને દિવસમાં છ છ વાર જવું પડતું. આખરે તે તે કન્યાને મૃત્યુના પંઝામાંથી બચાવી શકી અને જ્યારે તે સાજી થઇ ત્યારે ત્હેનાં સગાંસંબંધી કહેતાં કે 'આ કન્યાને આપેજ મૃત્યુમાંથી બચાવી અમને આપી છે.'

પોતાની શિષ્યાઓ સાથે શાળાનો સંબંધ છુટયા પછી પણ તે, પત્રો મારફતે ગાઢો સંબંધ જાળવી રાખે છે. વધુ અભ્યાસને માટે તે તે પુસ્તકોનાં નામ સૂચવે છે, ત્હેમની સાથે પુસ્તકોમાં આવેલા વિષય સંબંધી ચર્ચા ચલાવે છે, ત્હેમણે વાંચેલાં પુસ્તકો પર અભિપ્રાય, ટીકા અને ત્હેમનો સારાંશ લખી મોકલવા તે ત્હેમને આગ્રહ કરે છે. ઘર આગળથી લખી મોકલેલા નિબંધો તે સુધારે છે અને આ બધું તે એવી સારી રીતે કરે છે કે શિષ્યાઓ ત્હેની પાસે રહેવાનું ઘણું પસંદ કરે છે. પુદુકોટા રાજ્યના ઇન્સ્પેકટરની કન્યા ત્હેની પહેલાંની શિષ્યા હતી. તે કન્યાના આગ્રહથી ઇન્સ્પેકટરે ત્હેને રાજ્યની શાળામાં ત્રણગણો પગાર આપવા જણાવ્યું. પણ ત્હેણે સાફ ના પાડી. તે કન્યાએ ત્હેણીના નકાર પત્રના જવાબમાં જણાવ્યું:—

"જો કે મ્હારા પિતા આપને મેળવવાને નિષ્ફળ નિવડ્યા તેથી નિરાશ થયા છે, તોપણ જે ભાવથી કૉન્જેવરમની શાળામાં આપ કામ કરો છો તેનાં તે વખાણ કરે છે."

કૉન્જેવરમની સ્ત્રીઓમાં ત્હેનું કામ.

કૉન્જેવરમની મ્હોટી વયની સ્ત્રીઓમાં ત્હેનું કામ ત્રણ પ્રકારનું છે; શિક્ષણ સંબંધી, નૈતિક અને સુધારકનું. કૉન્જેવરમની મ્હોટી વયની સ્ત્રીઓમાં સામાન્ય રીતે અને પોતાની

શિષ્યાઓનાં સગાંમાં ખાસ કરીને ત્હેમના વિચાર ઉદાર બનાવવાને અને ત્હેમનાં મન જ્ઞાનથી પ્રકાશિત બનાવવાને તે ઘણી મહેનત કરે છે. ત્હેની એક ઘણી સાદી પણ, ઘણી ચોક્કસ રીત એવી છે કે ત્હેમને ઘણીવાર તે મળે છે અને સામાન્ય વિષયો સંબંધી ત્હેમની સાથે વાતો કરે છે. પોતાનું કાર્ય કરવાને ત્હેની પાસે નિયમસર અને વ્યવસ્થિત પદ્ધતિ પણ છે. પહેલાં તે પોતાની શિષ્યાઓની માતાઓને એકી વખતે, વા પૃથક્ પૃથક્, શાળા અને ત્હેમની પુત્રીઓનું કાર્ય બતાવવાના શુદ્ધ હેતુથી આમંત્રણ કરતી, ત્યાં તે ત્હેમની સાથે ઐતિહાસિક પાત્રો સંબંધી વાતો કરતી અને રામાયણ અને મહાભારતમાં રસ પડે તેવી રીતે કથા કરતી. ક્રમે ક્રમે શાળાઓ, અને તેવીજ રાષ્ટ્રીય સંસ્થાઓ તથા સ્રીમંડળોની અગત્ય ત્હેમના મનમાં ઠસાવતી. પછીથી તે, તે સ્રીઓને બીજા દેશોની સ્રીઓ પોતાની જાતિ માટે શું શું કરે છે તથા પોતાનો સમય કેવી રીતે ગાળે છે તે કહી સંભળાવતી. પરિણામ એ આવ્યું કે ત્રણ વર્ષમાં આ પદ્ધતિથી તે **કાંચી મહિલા પરિષદ્** સ્થાપવા શક્તિમાન બની છે અને આ પરિષદ્‌ને હિન્દુ કન્યાશાળાના એક ભાગ તરીકે ૧૮૬૦ ના કાયદાની એકવીસમી કલમ પ્રમાણે રજીસ્ટર કરવામાં આવી છે. તે પરિષદ્‌નો હેતુ એવો છે કે “ કાંચીમાં વસતી સ્રીઓને રાષ્ટ્રીય વિષયો સંબંધી જાહેર મત કેળવવાને સામાન્ય જ્ઞાન આપવું.” તે પરિષદ્‌ની માસિક સભા ભરવામાં આવે છે. અને ત્હેમાં બસેં સ્રીઓની સરાસરી હાજરી પડે છે. તથા ત્હેમાં સ્રીઓ પોતેજ જૂદા જૂદા વિષયો પર નિબંધ વાંચે છે અને ચર્ચા કરે છે. ગયા માર્ચ માસમાં છસેં સ્રીઓ

એકઠી થઇ હતી. ત્હેમાંથી એકને પ્રમુખ નીમવામાં આવી હતી. અને તે સમયે કન્યાશાળાનો રિપોર્ટ વાંચી સંભળાવવામાં આવ્યો હતો. તે ત્હેમને ત્હેમના ખાનગી શિક્ષણમાં પણ મદદ કરે છે.

કૉન્જેવરમની સામાન્ય અભણ સ્ત્રીઓની વાતોને ઉન્નત બનાવવામાં ત્હેણે ઘણા પ્રયત્ન કર્યા છે. ત્હેણે ત્હેમના શોખ સુધાર્યા છે અને હલકી મોજમઝાઓમાંથી ત્હેમને વિમુખ બનાવી છે. સંસાર સુધારક તરીકે ત્હેનું કાર્ય ધીમું, અદૃશ્ય, અને પરિણામે દૂર પહોંચે તેવું, પણ મજબુત છે. ત્હેની શિષ્યાઓનાં સગાંવ્હાલાંનો ત્હેના પર એટલો બધો વિશ્વાસ છે કે તેઓ પોતાની કન્યાઓને ક્યારે અને કોની સાથે પરણાવવી તેમાં ત્હેની સલાહ લે છે. આ વિશ્વાસનો તે લાભ લે છે અને ત્હેની સયુક્તિક પદ્ધતિથી પોતાની ઘણી શિષ્યાઓને દશ વર્ષની વય પછી પરણવા દે છે. આવા કાર્યમાં તે કેવી યુક્તિ વાપરે છે તે નીચે પ્રમાણે છે:—જો તે પોતાની કોઇ શિષ્યાની મા ત્હેને ઘણી ન્હાની વયે પરણાવા ઇચ્છે છે એમ જાણે છે તો ત્હેને તે એમ કહે છે કે "આપ આપની કન્યાને અમુક છોકરા સાથે પરણાવવા ધારો છો પણ તે સારો નીકળશે ત્હેનું શું પ્રમાણ? તે કેવો નીકળશે તે જોવા એક બે વર્ષ રાહ જુઓ, ત્હેની કેળવણી પૂર્ણ થવા ધો." કેટલીક વાર તે એમ કહેતી કે 'ત્હમે ઉતાવળ કેમ કરો છો? એક બે સારા છોકરાઓ મ્હારી આંખ નીચે છે પણ તેઓ હજુ ભણે છે. થોડી વાર રાહ જુઓ. હું ત્હમારી કન્યા માટે સારો વર મેળવી આપીશ." તે કન્યાનું લગ્ન દશથી ઓછાં વર્ષનું કદી સહન કરી શકતી નથી. આથી પણ વધારે

વર્ષ કરવા ત્હેની ઇચ્છા છે. પણ મદ્રાસ ઇલાકાની ઉચ્ચ કોમોમાં રજોદર્શન પછીનાં લગ્ન વિધવાવિવાહ કરતાં વધારે ખરાબ ગણાય છે! તેથી આટલો સુધારો પણ ઘણો થયો કહેવાય. વળી વ્યવહારિક રીતે આ શાળામાં ૧૨ અને ૧૩ વર્ષની કન્યાઓ અવિવાહિત નજરે પડે છે.

વિશેષમાં, આ શાળામાં બ્રાહ્મણ અને શૂદ્રની, ઉચ્ચ વર્ણની અને ઉતરતી કોમોની કન્યાઓ સાથે ભણતી જોવામાં આવે છે.

જે લોકોને, કૃત્રિમ ભેદો કે જે એક હિન્દુને બીજાથી જુદો પાડે છે, અને માણસને મનુષ્યત્વ અને ભ્રાતૃભાવવિનાના બનાવી મૂકતી સંસ્થાઓ તરફ અણગમાની લાગણી હશે, ત્હેમને આ સંસ્થામાં કેવી જાતનું ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે તે જાણવાની સ્વાભાવિક જિજ્ઞાસા થશે. આ શાળા સ્ત્રીઓને માટે કરવું જોઇતું સર્વ કરવાનું શીખવે છે. આ રીતે તે કન્યાઓને રાષ્ટ્રીયત્વ અને બુદ્ધિસ્વાતંત્ર્ય શીખવે છે. આઠસેં કન્યાઓ હાલ આ શાળામાં શ્રીમતી દેવીની દેખરેખ નીચે અભ્યાસ કરે છે.

ત્હેની વિદ્વત્તા.

તામિલ સાહિત્ય પર સારો કાબુ ધરાવવા ઉપરાંત તે સારી રીતે જાહેરમાં બોલી શકે છે. તામિલ સાહિત્ય સંબંધી શિક્ષકોની શાળામાં ગ્રેજ્યુએટ સમક્ષ ત્હેણે ભાષણ આપ્યાં છે. શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે ઘણીવાર ત્હેણે મોટી મોટી સભાઓ સન્મુખ ભાષણ કર્યાં છે.

તામિલ ભાષામાં જુદા જુદા વિષયો પર તે સારા લેખ લખી શકે છે. પરસ્પર સહાયક મંડળીઓ અને જર્મન શિક્ષણશાસ્ત્રી ફ્રૉબેલ અને પૅાસ્ટેલૉસી પરની લેખમાળા તામિલ વર્ત-

માન પત્રોમાં ઘણી વખણાયેલી છે. હવે ભૂગોળશાસ્ત્રવેત્તા લક્ષ્મણ આયર તરફથી મળેલી હકીકતો પરથી તે ભૂગોળને લગતી વાંચન-માલા તૈયાર કરનાર છે.

શાળા સંબંધી સામાન્ય અભિપ્રાય.

એ તો ઘણું શોચનીય છે કે મદ્રાસ ઇલાકાના લોકો આ શાળાની મહત્તા, અગત્ય અને શક્તિ સંબંધી બહુ જાણી શકયા નથી, પણ હવે કેટલાક જાહેર જુસ્સાવાળા અને લાગ-વગવાળા માણસો આ સંસ્થામાં રસ લેતા થયા છે.

પહેલાંના કેળવણીખાતાના અમલદારોએ શાળાને કશા લેખામાં લીધી નહોતી. પણ હાલ કેટલાક શાળાના ઇન્સ્પેક્ટ-રોએ અને બીજા કેટલાક કેળવણીખાતાના અધિકારીઓએ શાળાના કામથી સંતોષ અને અજાયબી બતાવ્યાં છે. મિ. આર્થર મેહ્યુ, શાળાઓનો એક પ્રખ્યાત ઇન્સ્પેકટર લખે છે કે 'તે છોકરાઓની શાળાઓને પણ પછાડી પાડે છે.' આવાં ઘણાં પ્રમાણ-પત્રો મળેલાં છે પણ ત્હેમની આ સ્થળે નોંધ લેવાની ખાસ આવશ્યકતા નથી. શાળાએ કન્યાઓના કામને માટે શ્રેષ્ઠ ઇનામો પ્રાપ્ત કર્યાં છે. તેમાંનું એક નીચે પ્રમાણે છેઃ—

શિંગલપટ તાલુકાનું કેળવણીખાતાનું પ્રદર્શન ૧૯૦૮.

૧૯૦૮ ના ઑકટોબરની ૨૨, ૨૩, અને ૨૪ તારીખે ભરા-યલા ઉપલા પ્રદર્શન વખતે કૉન્જેવરમની હિન્દુ કન્યાશાળાએ કન્યાઓના અક્ષર, નિબંધ, ગણિત, શિવણ, ગુંથણ અને કિન્ડર-ગાર્ટનની બક્ષિસોને માટે જે ઇનામ પ્રાપ્ત કર્યાં છે ત્હેમને માટે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

અમેરિકાનો શિક્ષણશાસ્ત્રી મિ. માઇરન ફ્રેલ્પ્સ જે અત્રેની

કેળવણીની સંસ્થાઓનો અભ્યાસ કરવા આવ્યો છે અને જે આપણી રાષ્ટ્રીય સંસ્થાઓ તરફ સહાનુભૂતિ ધરાવે છે ત્હેણે આ સંસ્થાને લોકપ્રિય બનાવવાને પોતાના લેખથી અને પોતાની લાગવગથી ઘણા પ્રત્યન કર્યા છે. ત્હેણે આ શાળાની સારી તપાસ લીધી છે. ૧૯૧૧ માં ત્હેણે આ શાળામાં સત્તર દિવસ ગાળ્યા હતા અને ત્હેના સંબંધમાં મદ્રાસના હિન્દુ પત્રમાં ઘણા પત્રો લખ્યા હતા. ત્હેના પત્રમાંથી કેટલાક ઉતારા નીચે આપવામાં આવે છેઃ—

અહીંઆં સઘળા વર્ગનાં બાળકો મળે છે.......બ્રાહ્મણની અને અબ્રાહ્મણની કન્યાઓ વચ્ચે કશો તફાવત નથી. હલકા વર્ણની કન્યાઓ પોતાની સ્થિતિ વિસરી જાય છે અને ઉચ્ચ-વર્ણના રીતિરિવાજો શીખે છે..........નામ સિવાય અન્ય કોઇ પણ પ્રકારનો તફાવત નથી. ટેવ, સ્વચ્છતા, ભાષા અને શિષ્ટાચારમાં તેઓ સરખાં જ હોય છે. અત્યાર સુધી આ બાબતોમાં જે તફાવત હતા, તે સર્વ આ બાળકો વિસરી ગયાં છે અને ભવિષ્યમાં સમાજ ઘડનાર પણ તેજ બનનાર છે. સાહચર્યનો ભાવ આખા જીવનમાં કદી પણ ભૂલાવાનો સંભવ જણાતો નથી...."

"એટલું તો કહ્યા સિવાય ચાલશે, કે આવી સંસ્થા સારા શિક્ષકમંડળ સિવાય હયાતિમાં આવી શકે નહિ. આ અધ્યાપિકાઓ પોતાની શક્તિ શિક્ષણપદ્ધતિશાળામાં શિક્ષણ શાસ્ત્રો-પર દર શનિવારે અપાતાં ભાષણ સાંભળીને સતેજ રાખે છે. આ શાળાની મુલાકાત લેનારને સ્પષ્ટ જણાશે કે ત્યાં જે શિક્ષણ આપવામાં આવે છે તે તેટલી જ વયની બીજી કન્યાઓને જે શિખવવામાં આવે છે તેના કરતાં ઘણું ઉચ્ચતર છે."

ત્હેની જરૂરીઆતના સંબંધમાં તે નીચે પ્રમાણે લખે છે;

" મ્હારા બન્ધુઓ, એટલું તો ખરૂં જ છે કે, કૉન્જેવરમની કન્યાશાળા ચલાવવા જે પ્રયત્ન કરવામાં આવ્યા છે તેવા પ્રયત્નોથી જ આર્યાવર્તની ઉન્નતિ થવાની છે અથવા તો તે કદી ઉન્નત થવાનો જ નથી. આવા વીર પ્રયત્નો વિસરશો, અને તેમને અજ્ઞાત અવસ્થામાં નાશ પામવા દેશો, તો હિન્દીઓ પ્રજા બનવાને યોગ્ય થશે નહિ, અને કદી બનશે પણ નહિ, હિન્દુસ્થાન અધોગતિને પામશે. હાલ જે રસ્તે જાય છે તે રસ્તે એટલે બધે નીચે પડશે, દારિદ્રના ખાડામાં ઉંડે અને ઉંડે ગોથાં ખાશે અને છેવટે શબવત્ આ વિશ્વમાંથી નાશ પામશે. જ્યાં સુધી ઇશ્વરી પ્રકાશ જેમની મારફતે આવે છે તે આપણી સહાનુભૂતિ, આપણો આધાર અને ઉત્સાહ પ્રાપ્ત કરશે નહિ ત્યાં સુધી આ જ સ્થિતિ થવાની.*"

કૉલેજીયન.

---

* મૉડર્ન રિવ્યુના ચાલતા વર્ષના ફેબ્રુઆરી માસના અંકમાં મિ. મુકન્દીલાલના લેખપરથી ભાષાન્તર.

૪૮—કુમારી માલવેરી.

કુમારી માલવેરી એક ભારત લલના છે; પરન્તુ સ્વદેશ કરતાં યુરોપ અને અમેરિકામાં તેઓ આજકાલ ઘણાં પ્રખ્યાત છે. આ પ્રતિભાશાળી મહિલાનું જન્મસ્થાન લાહોર છે. બાલ્યાવસ્થાથીજ ત્હેમનું કુદરતી રીતે કલ્પના–પ્રિય મન કલ્પનાના રાજ્યમાં ભ્રમણ કરવામાં ખુશ રહેતું. બચપણમાં સાથે રમનારી સખીઓથી વિખુટાં પડીને કુમારી માલવેરી એકલાં નિર્જન વનમાં ભ્રમણ કરતાં. તે બાલિકાનું કોમળ હૃદય, પોતાની અદ્ભૂત તીક્ષ્ણ બુદ્ધિ અને કલ્પનાબળને લીધે એક અપૂર્વ માનસિક સૃષ્ટિ રચીને ત્હેમાંજ વાસ કરતું. ૭ વર્ષની વયે પુગતામાં તો તેઓ આશ્ચર્ય પમાડે એવું લખતાં વાંચતાં શિખ્યાં હતાં.

શિશુપણામાંથી કુદરતના સુંદર બગિચારૂપ કાશ્મીર દેશમાં ફરવાનો ત્હેમને સુયોગ પ્રાપ્ત થયો હતો. વને વનમાં ભમવું, જંગલની ખુબસુરતી જોવી અને ત્હેનો ઉપયોગ કરવો, એ સર્વથી ત્હેમના હૃદયની સુકુમાર વૃત્તિઓને કુમળી વયમાંજ આશ્ચર્યકારક પુષ્ટિ મળી હતી. આ માનવી પુત્રીને, પ્રકૃતિ દેવીએ પોતાના વનભવનમાં એકલી જોઇને, દેહ તથા મનનાં સૌન્દર્યથી વિભૂષિત કરી.

કુમારી માલવેરીએ બાલ્યકાળથીજ સારી કેળવણી મેળવી છે. ત્હેમનો સુમધુર કંઠ અને સંગીત પ્રત્યે અનુરાગ દેખીને

ત્હેમના મિત્રો તથા સંબંધીઓએ, ઇંગ્લાંડ જઇને સંગીતશાસ્ત્રનો અભ્યાસ કરવાની સલાહ આપી. એ સલાહ મુજબ કેટલાક સજ્જનો ઉપર ભલામણ પત્રો લઇને તેઓ એકલાં ઇંગ્લાંડ ગયાં, અને ત્ય્હાંના બાદશાહી સંગીત મહાવિદ્યાલયમાં દાખલ થયાં. બે વર્ષ સુધી ત્હેમણે એ વિદ્યાલયમાં અધ્યયન કર્યું. એજ સમયમાં એમણે ‘ વકતૃત્વ શિક્ષા વિદ્યાલય ’ અર્થાત્ ભાષણ કરતાં શિખવાડનાર વિદ્યાલયમાં શિક્ષણ મેળવવા માંડયું. કઠોર પરિશ્રમથી આ બે વર્ષના અરસામાં તેઓ એક સારાં ગાનારાં અને સારાં વકતા નીવડયાં. ત્હેમની સ્મરણશક્તિ પણ ઘણી તીવ્ર છે. આ સઘળી ચિત્તાકર્ષક અને મનોરંજક શક્તિઓને લીધે તે ઇંગ્લાંડમાં સર્વત્ર આદરનું પાત્ર થઇ પડયાં.

કુમારી માલવેરી ઘણાં ઉન્નત ચરિત્રવાળાં રમણી છે. પરદેશમાં વાસ કરવા છતાં પણ સ્વદેશના હિતની ચિન્તા હમેશ ત્હેમના હ્રદયમાં જાગૃત રહે છે. માનવજાતિનું કલ્યાણ સાધવામાં પોતાની શકિતનો ઉપયોગ કરવાનો કોઇ પણ પ્રસંગ મળતાં તેઓ ઉત્સાહપૂર્વક ત્હેમાં સામિલ થાય છે.

ઇંગ્લાંડમાં ‘ઇસ્ટ એન્ડ વેસ્ટ’ વિભાગમાં વસનારા મૂર્ખ, અભણ, અને દારૂડીયા, મજૂર વર્ગ આગળ તેઓ ઘણી વખત પોતાના સુલલિત કંઠથી મદ્યપાનની વિરૂદ્ધ ભાષણો આપે છે. આવા દુષ્ટ સ્વભાવના લોકો પણ ત્હેમનાં વ્યાખ્યાનો સાંભળીને મુગ્ધ થઇ જાય છે, ત્હેમનાં પથ્થર જેવાં હ્રદય પણ આ કુમારીનાં અસરકારક નિવેદનથી પીગળી જાય છે. વ્યાખ્યાન સાંભળતાં સાંભળતાં પ્રફુલ્લ થઇ જઇને તેઓ કેટલીકવાર મિસ માલવેરીના નામનો જયઘોષ કરે છે, અર્થાત્ ત્હેમના નામથી ‘ ચિયર્સ ’

પાડે છે. દાખલા દલિલો અને ઉપદેશ, એ દુરાચારમાં ફસી ગયેલા મનુષ્યો માટે ઘણેભાગે નકામા જાય છે, પણ કોમળ અંતઃકરણની, સહૃદય નારી માલવેરીના સુમધુર કંઠના આગ્રહ-થી ત્હેમના કઠણ ચિત્તને પણ અસર થાય છે. ત્હેમના વ્યા-ખ્યાનોની અસરથી કેટલાએ મદ્ય પીનારાઓએ મદ્યનો ત્યાગ કર્યો છે, કેટલાંએ અશાન્તિમય કુંટુંબોમાં ફરીથી શાન્તિની સ્થાપના થઇ છે. સ્વામી છતાં પણ વિધવાની માફક જે સ્ત્રીઓ ક્લેશમાંજ પોતાનું જીવન ગાળતી હતી ત્હેમને સ્વામી પુનઃ પ્રાપ્ત થાય છે. પિતા છતાં પણ અનાથ બનેલા જે બાળકો ભૂખમરાને લીધે મૃત્યુદેવનું પેટ ભરતાં હતાં, તેઓ હવે પિ-તાના સ્નેહના પાત્ર બની સુખ ભોગવે છે. કારણ કે હવે ત્હે-મના પિતાની કમાઇનું ધન દારૂના પીઠાવાળાની તીજોરીમાં જતું નથી, તે ધનનો ઉપયોગ હવે બાળકોનાં કપડાલતાં, ખાનપાનની વસ્તુઓ ખરીદ કરવામાં થાય છે. આ પરોપકારી સન્નારી સ્વ-ર્ગની દેવકન્યાની માફક એ દુરાચારી મજુર વર્ગમાં ચારે દિશામાં સુખ, આનંદ અને શાન્તિ ફેલાવે છે.

ઇંગ્લાંડ, સ્કોટલેંડ, અને આયરલેંડમાં કુમારી માલવેરીએ અનેક ભાષણો આપ્યાં છે. કેળવાયલા અને સુધરેલા શ્રોતાઓ આગળ ઉમદા વિષયો ઉપર ત્હેમનાં વ્યાખ્યાનો જે પ્રશંસા પામ્યાં છે તે ઉપરથીજ ત્હેમની પંડિતાઇનો યથેષ્ટ પરિચય મળે છે. "ભારતવર્ષમાં નવી ચિન્તા" "નવો અને પુરાણો ધર્મ" 'ભારતનું પ્રેમ તત્વ' 'સુખ તત્ત્વ' આદિ અનેક તત્ત્વજ્ઞાની વિષયો ઉપર પણ ત્હેમણે ભાષણો આપ્યાં છે.

તેઓ અમેરિકામાં પણ જઇ આવ્યાં છે. અમેરિકા વાસીઓ

ઘણું ખર્ચ કરીને ત્હેમનું સંગીત સાંભળે છે. સંગીતને લીધે ત્હેમણે એ દેશમાં ઘણું દ્રવ્ય પેદા કર્યું છે. એ દેશના લોકો એક રાણીના જેટલો ત્હેમનો આદરસત્કાર કરે છે. અમેરિકાની અનેક મહિલા–સમાજોમાં ત્હેમણે ભારતવર્ષની સ્ત્રીઓની અવસ્થા સંબંધી વ્યાખ્યાન આપ્યાં છે; અને મ્હોટી મ્હોટી સભાઓમાં 'જાતીય અર્થનીતિ' આદિ ગંભીર વિષય ઉપર પણ ત્હેમણે ભાષણો કર્યાં છે. જે સમયે ત્હેમણે અમેરિકા છોડયું તે સમયે હારગોટા અને વિવિધ ભેટ સોગાદથી આગબોટપરની ત્હેમની ઓરડી ભરાઇ ગઇ હતી.

કુમારી માલવેરી ખ્રિસ્તી ધર્મ પાળનારાં સ્ત્રી છે. આ દેશમાં રહેવાથી ત્હેમની શક્તિઓના વિકાસનો આવો સુયોગ કદાચ પ્રાપ્ત થાત નહિ, કારણ કે સારા ઘરની કન્યાઓ ઉંચા પ્રકારના સંગીતનું શિક્ષણ લે એવી સંસ્થાઓ આપણે ત્યહાં ઘણી થોડી છે. સદ્‌ભાગ્યે મુંબઇમાં શ્રીયુક્ત વિષ્ણુ દિગમ્બર પલુસકરના ગાન્ધર્વ મહા વિદ્યાલયમાં કેટલીક ભારતીય સન્નારીઓએ ઉચ્ચ પ્રકારના સંગીતનું શાસ્ત્રીય શિક્ષણ પ્રાપ્ત કરવાનું આરંભ્યું છે. મિસ માલવેરી જો હવે સ્વદેશમાં પોતાની વિકસિત શક્તિઓ સાથે પાછાં ફરીને દેશબંધુઓની ઉન્નતિના કાર્યમાં મન લગાડે તો તેથી દેશને અવશ્ય ઘણો લાભ થશે.

આ પ્રસંગે એ પણ જણાવવું જોઇએ કે, શ્રીમતી માલવેરી જે પ્રકારનું કાર્ય વિલાયતના મજુર વર્ગમાં કરીને યશ અને પુણ્યના ભાગી બન્યાં છે, તેવાજ પ્રકારનું કાર્ય આપણા દેશમાં થવાની પણ ઘણી જરૂર છે. આપણા દેશમાં મજુર વર્ગમાં દારૂનું વ્યસન ઘણું દીઠામાં આવે છે અને ત્હેને લીધે ત્હેમ-

નામાં વ્યભિચાર આદિ બીજા પણ અનેક દુર્ગુણોએ પ્રવેશ કર્યો છે. મૂળ તો દેશમાં ગરીબાઈ ઘર ઘાલીને બેઠી છે, ત્હેમાં આ અભણ મજુરોના ખરા પરસેવાની કમાઇનો ઉપયોગ દારૂના પીઠાવાળાને ધનવાન બનાવવામાં થાય તો પછી ત્હેમનાં નિર્દોષ બાળકો અને સ્ત્રીઓની શી દશા થતી હશે ત્હેની કલ્પના સહજ થઈ શકે એમ છે. આપણા ઇલાકામાં ઊંચા પ્રકારનું શિક્ષણ મેળવેલી, તથા સંગીતનું સારૂં જ્ઞાન ધરાવનારી સન્નારીઓનો છેકજ અભાવ નથી. નીતિને વધારે, તથા ખરાબ પ્રલોભનોમાં પડતાં એ અજ્ઞાન વર્ગને બચાવે એવાં ગીતો દેશી ભાષામાં જોડી, સુમધુર કંઠથી એ લોકો આગળ ગાવાથી, તથા નમ્રતા અને સ્નેહપૂર્વક ત્હેમને સદુપદેશ આપ્યાથી ત્હેમના જીવનને અપૂર્વ શાન્તિમય બનાવી શકાશે.

૪૯—શ્રીમતી માલતી સરસ્વતી.

શ્રીમતી માલતી એક વીર નારી છે. પાણીમાં ડુબી જઇને મરી જતા એક બાળકને બચાવીને ત્હેણે આશ્ચર્યકારક વીરત્વનો પરિચય આપ્યો હતો એનું નિવાસસ્થાન ઇટાવા ગામમાં છે. આજથી ચારેક વર્ષ પૂર્વે એક દિવસ અક્ષય તૃતીયાને દિવસે એ યમુના નદીમાં સ્નાન કરવા ગઈ હતી. ત્હેની સાથે ચાર બાળક સંતાનોને લઇને એક બીજી સ્ત્રી પણ સ્નાન કરવા ગઇ હતી. ચાર બાળકોમાંથી

સૌથી મ્હોટા રામચન્દ્રની વય આઠ વર્ષની હતી. સ્નાન કર્યા પછી બધાં કિનારા આગળ ખેલ તમાસા જોઇ રહ્યાં હતાં એટલામાં કોઇએ બૂમ પાડી કે રામચન્દ્ર ડુબી ગયો, રામચન્દ્ર ડુબી ગયો ! ! અસંખ્ય સ્ત્રી પુરૂષો ત્ય્હાં આગળ ઉભેલાં હતાં, પણ એ બાળકનો જીવ બચાવવા સારૂ કોઇએ નદીમાં ઝંપલાવ્યું નહીં. પરંતુ એક બાળકને ડુબીને મરી જતો જોઇને કરૂણહૃદયા માલતીદેવીથી સ્થિર બેસી રહેવાયું નહિ. એને તરતાં આવડતું નહોતું છતાં પણ પોતાના જીવને જોખમમાં નાંખીને એ નદીના ઊંડા જળમાં કુદી પડી, બાળક રામચન્દ્રને હાથમાં પકડીને એ નદીના પ્રવાહમાં તણાવા લાગી. થોડે દૂર ગઈ એટલે તરવાની કળામાં કુશળતા ધરાવનાર કેટલાક પુરૂષોએ ત્હેમને ખેંચી કહાડીને કિનારા ઉપર આણ્યાં. એ વખતે માલતી દેવી બેહોશ અવસ્થામાં હતી, તોપણ તેણે તે બાળકને દૃઢતાપૂર્વક પકડી રાખ્યો હતો. પારકા સંતાનની ખાતર પોતાના જાનને જોખમમાં નાખનાર આ વીર નારીને ધન્ય છે ! !

૫૦—સુરવંદિની દેવી.*

કલકત્તાના "અહેરીટોલા" માં એક બાબુ રહે છે. તેમનું નામ નગેન્દ્રનાથ ઉર્ફે હરિચરણ, આડનામ ખગેન્દ્રનાથ મુકેરજી છે. તેમના ઉપર તેમની ૨૦ વરસની વિધવા દીકરી જેનું નામ "સુરવંદિની દેવી" છે,

* "વડોદરા વર્તમાન" તા. ૨૯—૧—૧૩ ના અંકપરથી ઉપકાર સાથે ઉદ્ધૃત.

તેણીએ કલકત્તાની ચીફ પોલીસ કોર્ટમાં એક ફરીયાદ, ગયા અઠવાડીયામાં નોંધાવી હતી. તેણીએ પોતાની જુબાનીમાં લખાવ્યું છે કે, મારી સાત વરસની ઉમ્મરે મારો વિવાહ થયો હતો અને ૧૧ મે વરસે હું રંડાઇ–વિધવા થઇ હતી. મારા પતિ–ધણીનું નામ પ્રવાસચંદ્ર ચેટરજી હતું. તે ચંદ્રનગરનો રહીશ હતો. તેના મરણ પછી કોઇ વખત બાપને ત્યાં, તો કોઈ વખત સાસરાને ઘેર રહેતી હતી. મારો બાપ મારૂં ફરીથી લગ્ન કરવાને માટે લાગ જોતો હતો અને હાલ પણ જુવે છે. ધનનીજ માત્ર લાલચને લીધે તે તેમ કરવા ચાહે છે. તે માટે તે જુદી જુદી જાતના છળ–છિદ્રતાના ઉપાયોથી મને ખુશી રાખવાને પ્રયત્ન કરી રહ્યો છે; પરંતુ હું હિંદુ વિધવા ને જાતે બ્રાહ્મણી છું. મારો સતી–પતિવ્રતાનો ધર્મ છોડવાને હું ચાહતી નથી. એ મારા સતી ધર્મને હું મારા પ્રાણથી પણ અધિક વ્હાલો અને મૂલ્યવાન ગણું છું. મારો મોટો ભાઇ બ્રહ્મોસમાજનો ઉપાસક છે. તે પણ મારૂં પુનર્લગ્ન કરવામાં મારા બાપનો મદદગાર છે.

વળી વધુ આ યુવતીએ લખાવ્યું છે કે, જ્યારે મારા ભાઇ તથા બાપની જબરાઇથી હું બહુ દુઃખી થઇ ત્યારે નાસી છુટીને મારા ગુરૂના ઘરમાં ભરાઇ બેઠી, ને ઘણા મહિના સુધી ત્યાં રહી, પરંતુ ગત તા. ૧૬ મી જુનના રોજે મારા બાપે ઘણા માણસો સાથે આવીને જબરાઇ વાપરીને મને મારા ગુરૂને ઘેરથી પોતાને ઘેર “અહેરી ટોલા”માં આણી. હવે મારો બાપ ફરીથી મારો વિવાહ રામબાગનના પ્રબોધચંદ્ર રખિત નામના બાબુ સાથે કરવા ચાહે છે. જેથી બાપના ઘરમાં મને શાંતિપૂર્વક રહેવા માટે બહુ અસંભવ અને અઘરૂં લાગે છે. જેથી હું ફરીથી

નાસી છુટીને મારા કોઇ એક કુટુંબીના આશરામાં આવી રહી છું, જેથી હું કોર્ટને અરજ કરૂં છું કે મારા બાપ તથા પ્રબોધચંદ્રને તાકીદથી મનાઇ હુકમ આપવો, કે તેઓ મને કોઈ પણ પ્રકારે હવે પછી દુઃખ દેવાનો પ્રયત્ન ન કરે.

મેજી—ત્યારે તું તારા બાપની આજ્ઞા કેમ માનતી નથી?

સુરવંદિની—હું હિન્દુ બ્રાહ્મણી વિધવા છું મારો ફરીથી વિવાહ થઇ શકતો નથી. હું સતી ધર્મ પાળનારી છું.

મેજીસ્ટ્રેટે આ યુવતીની પ્રાર્થનાનો સ્વીકાર કરી પોલીસને આજ્ઞા કરી કે યુવતીના પિતા ખગેન્દ્રનાથને તથા પ્રબોધચંદ્રને તાકીદ આપો, કે બેમાંથી કોઈ આ યુવતીને સંતાપે નહિ.

ઉપર કહેલા પ્રબોધચંદ્રે કલકત્તાના રોજીંદા પત્રમાં એક ખબર પ્રસિદ્ધ કરી પોતાના વિવાહની વાતનું ખંડન કર્યું છે. તેણે જણાવ્યું છે કે હું પરણેલો છું. યુવતીની સાથે વિવાહ કરવાની વાત તદ્દન જૂઠી છે. ભા. વે. સ.

ઉપરની બીનાથી એટલું તો સ્પષ્ટ થાય છે કે હજુ હિંદમાંથી શિયલ–સતી ધર્મનો તદ્દન લોપ થયો નથી. આ સુરવંદિની તેનું એક તાજું દૃષ્ટાંત છે. આજે એવી લાખો પતિવ્રતા ધર્મ પાળનારી વિધવાઓ સુધારાના પડદામાં છુપાયેલી છે, તોપણ જે રંડાઓ સધવા કે વિધવા પોતાના શિયળ સતીધર્મનો સ્વચ્છંદે નાશ કરે છે, તેવી વિધવા કે સધવાને માટે આ બહેનનું દૃષ્ટાંત અનુકરણીય છે.

૫૧–શ્રીમતી સત્યબાલા દેવી.

ઈંગ્લેંડ, અમેરિકા આદિ દૂર દેશાવરમાં હિન્દુ સંગીતની સર્વોત્તમતા સાબિત કરી આપનાર સત્યબાલા દેવીનું ચરિત્ર પણ ગુજરાતી બ્હેનો અને બંધુઓને જાણવા લાયક છે. આ બાઇ એક બંગાળી કુટુંબમાં જન્મ્યા છતાં એક ગુજરાતી સદ્‌ગૃહસ્થનું પાણિગ્રહણ કરીને હવે ગુજરાતીઓમાં ભળ્યાં છે.

શ્રીમતી સત્યબાલા દેવીનો જન્મ ઇ. સ. ૧૮૯૨ માં કલકત્તાની પાસેના બેલુડ ગામમાં થયો હતો. ઇસ્ટઇંડિયા રેલ્વેમાં લિલુયા અને બાલિની વચ્ચે બેલુડ સ્ટેશન આવેલું છે. સ્વર્ગસ્થ કામાખ્યનાથ ચટ્ટોપાધ્યાય મહાશય બેલુડના એક આબરૂદાર જમીનદાર હતા. ત્હેમના પુત્ર સ્વર્ગસ્થ શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય, શ્રીમતી સત્યબાલાદેવીના પિતા થાય. બેલુડમાં ત્હેમની હવેલી અને પૂજાનો મ્હોટો ચોક જોવાથી જણાઇ આવે છે કે, એ લોકોનું કુળ ઘણું પ્રાચીન અને આબરૂદાર હશે. સત્યબાલાદેવી ઘણી ન્હાની વયમાંજ વિધવા થયાં હતાં. તેના જેવી બુદ્ધિમાન અને સુલક્ષણા કન્યાને બાલ્યાવસ્થામાં વિધવા થયેલી જોઇ ત્હેમના પિતા શરચ્ચંદ્ર ઘણાજ ઊંડા શોકસાગરમાં ડુબી ગયા. એમણે વિચાર કર્યો કે ઊંચા પ્રકારનું શિક્ષણ આપીને કન્યાના મગજમાં ધાર્મિક સંસ્કારો દાખલ કરવા, એજ ત્હેના કલ્યાણનો માત્ર એક ઉપાય છે. આ વિચારથી શરચ્ચંદ્ર, કન્યાને

સારૂ કોઇ સારી હિન્દુ કન્યાશાળા શોધવા લાગ્યા, પરંતુ હિંદુ ધર્મનું શિક્ષણ આપનારી કોઈ મનપસંદ કન્યાશાળા નહિ મળવાથી ત્હેમણે સત્યબાલા દેવીને કલકત્તાની બેથ્યુન કોલેજમાં બેસાડયાં. બેથ્યુન કોલેજ ફક્ત સ્ત્રીઓનેજ માટે છે. ચિત્ર અને સંગીત આદિ લલિત કળાઓ ઉપર બાલિકા સત્યબાલાને મૂળથીજ ઘણો શોખ હતો. ૧૪ વર્ષની વયે સત્યબાલાદેવીનું અંગ્રેજી શિક્ષણ સમાપ્ત થયું. એમણે ફક્ત એન્ટ્રન્સ (મેટ્રીકયુલેશનના જેવી પરીક્ષા)ની પરીક્ષાજ પસાર કરી છે. પરન્તુ એમનું અંગ્રેજી સાહિત્યનું જ્ઞાન એફ. એ. અને બી. એ. સુધી શીખેલા વિદ્યાર્થીઓ કરતાં પણ અધિક છે. સંસ્કૃત ભાષામાં પણ એ પ્રવીણ છે.

સંગીત અને ધર્મશાસ્ત્રની ચર્ચા કરવાનો બાલિકા સત્યબાલાને ઘણો શોખ હતો. સંગીતનો અભ્યાસ વધારવામાં કલકત્તાના સુપ્રસિદ્ધ રાજા સૌરીન્દ્રમોહન ઠાકુર અને મહારાજા યતીન્દ્રમોહન ઠાકુર તરફથી એમને ઘણી સારી મદદ મળી હતી. સંસ્કૃત ભાષા અને તેના કેટલાક ઉત્તમ ગ્રંથો ભણવા માટે પણ ત્હેમણે બાલ્યાવસ્થાથીજ ઘણી ખંત બતાવી હતી. સંસ્કૃત સંગીતનું શિક્ષણ મેળવવા સારૂ પણ ત્હેમણે કોઇ યોગ્ય શિક્ષક શોધી કહાડયો હતો. કોઇ વિખ્યાત દક્ષિણી પંડિત પાસે ત્હેમણે "સંગીત રત્નાકર" અને "સંગીત પારિજાત" નામક સંગીત શાસ્ત્રના બે ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. કાશીના પ્રસિદ્ધ પંડિત હરિદેવ શાસ્ત્રીની પાસે સત્યબાલાએ સામવેદના ગાયનનું શિક્ષણ મેળવ્યું હતું.

આ પ્રમાણે સંગીતનો અભ્યાસ કર્યા પછી ત્હેની કીર્તિનો

પ્રસાર કરવા સારૂં સત્યબાલા દેવીએ ઇંગ્લેંડ અને અમેરિકા જેવા દૂર દેશાવરમાં ગમન કર્યું: પાશ્ચાત્ય દેશમાં જવાથી સત્યબાલાદેવીની સ્વદેશપ્રીતિ બિલકુલ ઓછી થઇ નથી. ત્હેમના પોશાકમાં કે રહેણીકહેણીમાં લેશ માત્ર પણ ફેરફાર થયો નથી. હિન્દુ ધર્મ ઉપરની ત્હેમની પ્રીતિ અચલ રહી છે. નૈષ્ઠિક હિંદુ લલનાની માફક આજ પણ એ પ્રાતઃસ્નાન કર્યા પછી નિત્ય નૈમિત્તિક પૂજા પાઠ કરે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા ત્હેમને ઘણી પ્રિય છે. હરિદ્વારના અદ્વિતીય વેદાન્તી મહાત્મા કેશવાનંદ સ્વામી અને પંડિત હરિદેવ શાસ્ત્રી પાસે સત્યબાલાદેવીએ વેદાન્તશાસ્ત્રનું અધ્યયન કર્યું છે. સંસ્કૃત વ્યાકરણ અને ન્યાય શાસ્ત્રમાં પણ સત્યબાલાએ સારો અધિકાર પ્રાપ્ત કર્યો છે.

સત્યબાલાના પિતાની એવી ઇચ્છા હતી કે, પૂજ્ય વિદ્યાસાગર મહાશયે પ્રવર્તાવેલી વિધવા વિવાહ પદ્ધતિ અનુસાર કોઇ સુપાત્ર બ્રાહ્મણ સાથે સત્યબાલાનું પુનર્લગ્ન કરી દેવું. ત્હેમની એ ઇચ્છા સફળ થઇ છે. ડાકટર ઉમેદરામ દેસાઇ નામના એક સામવેદી ગુજરાતી બ્રાહ્મણ સાથે એમનું લગ્ન થયું છે. ડૉકટર દેસાઇ સત્યબાલા કરતાં વયમાં ઘણા મ્હોટા છે પરન્તુ વિદ્વાન અને સ્વદેશપ્રેમી છે. ડાકટર દેસાઇએ ચરક–સુશ્રુત આદિ હિન્દુ વૈદક ગ્રન્થોનો પણ સારો અભ્યાસ કર્યો છે. ડૉકટર દેસાઇએ ફરીથી અમેરિકા ગમન કર્યું હતું અને ત્હાંથી પાછા આવતી વખતે સત્યબાલાદેવીરૂપ રત્ન ગુજરાતમાં લેતા આવ્યા છે.

સત્યબાલાદેવીએ પોતાના સંગીતના જલસાઓથી મુંબાઇ શહેરમાં ઘણી ખ્યાતિ મેળવી છે. હમણાં ૧૯૧૩ ના ફેબ્રુઆરીમાં એ કલકત્તે પધાર્યાં હતાં. ત્હાં સુપ્રસિદ્ધ ‘ વસુમતી ’

પત્રની ઓફિસમાં ત્હેમના સત્કાર સારૂ ઘણી મ્હોટી સભા ભરવામાં આવી હતી. એ સભામાં કલકત્તાના સુપ્રસિદ્ધ રાજા-મહારાજાઓ, વકીલો, ડાકટરો, સાક્ષરો અને પ્રોફેસરોએ હાજરી આપી હતી. એ સભામાં સત્યબાલાદેવીને માનપત્ર આપવામાં આવ્યું હતું અને ત્હેમના ગુણોની ઘણી પ્રશંસા કરવામાં આવી હતી. માન્યવર શ્રીયુત્ સુલતાનસિંહે સત્યબાલાદેવીને દિલ્હી પધારવાનું તથા શ્રીયુત્ યોગેન્દ્રનાથ મુખોપાધ્યાયે ત્હેમને મહાકાલી પાઠશાળા જોવા પધારવાનું આમંત્રણ કર્યું હતું.

આપણી ગુજરાતી બ્હેનોને સત્યબાલાદેવી પાસે આર્ય સંગીતનું શિક્ષણ મેળવવાની ભલામણ કરીને આ લેખને હમે સમાપ્ત કરીશું.

૫૨—પંડિત નાન્હૂરામજીની દુહિતા.

સ્વર્ગવાસી પંડિત નાન્હૂરામજી હાલમાંજ એક પ્રસિદ્ધ અને યોગ્ય વિદ્વાન થઇ ગયા છે. મારવાડ પ્રાન્તના રત્નગઢ ગામમાં પંડિતજીનો નિવાસ હતો.

મારવાડી વૈશ્ય લોકોએ સેંકડો વર્ષોથી યજ્ઞોપવીત પહેરવાનું છોડી દીધું હતું. જે લોકોની ઇચ્છા દ્વિજોને માટેના એ આવશ્યક સંસ્કાર કરાવવાની થતી, તે લોકો પણ ખર્ચના ભયથી ચૂપ થઈ જતા, કારણ કે મારવાડના બ્રાહ્મણોએ ત્હાંના વૈશ્યો ઉપર એટલો બધો પ્રભાવ જમાવ્યો હતો કે, જો ત્હેમને હાથે મારવાડી

વૈશ્યો યજ્ઞોપવીત સંસ્કાર કરાવતા તો તેઓ ઘણા રૂપિયા દક્ષિણાને બ્હાને લઇ જતા. પંડિત નાન્હૂરામજીએ સાબિત કરી આપ્યું કે એટલું બધું ખર્ચ કરવું મિથ્યા છે. એમણે થોડા ખર્ચમાં યજ્ઞોપવીત આપવાની વિધિ મારવાડી વૈશ્યોને બતાવી દીધી.

એ ઉપકારથી મારવાડમાં પંડિતજીની ખ્યાતિ ઘણી થઇ. ત્હાંથી એ મુંબાઈ આવ્યા. ત્હેમના મુંબાઈ આવ્યાથી લોકોને ગૌડ બ્રાહ્મણો માટે સારો અભિપ્રાય બંધાયો. પંડિત નાન્હૂરામજી મુંબાઇની એલફિન્સ્ટન કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક નિમાયા. એ યોગ્યતાને લીધે વિદ્વાનોની સમાજમાં પણ ત્હેમનું સારૂ માન હતું. વિદ્વાનોએ ત્હેમને 'વેદમૂર્તિ'ની ઉપાધિથી વિભૂષિત કર્યા હતા.

એજ વેદમૂર્તિ સ્વર્ગવાસી પંડિત નાન્હૂરામજીની ન્હાની છોકરી સતી થયાના સમાચાર થોડાક માસ ઉપર મળ્યા છે. મારવાડ રાજ્યના મલસીતર ગામમાં એ કન્યાનું લગ્ન થયું હતું. ત્હેની ઉમર અઢાર ઓગણીસ વર્ષની હતી. એ છોકરીનો પતિ લગભગ એક વર્ષથી માંદો હતો. ઘણા ઇલાજ કર્યા છતાં પણ એ સાજો ન થયો અને આખરે સં. ૧૯૬૮ ના અધિક આષાઢ વદી પાંચમને દિને મરણ પામ્યો.

પતિનું મૃત્યુ થયા પછી પંડિત નાન્હૂરામજીની પુત્રીએ પતિની સાથે સતી થવાની ઇચ્છા પ્રકટ કરી. પણ આજકાલ સતી થવું એ કાયદાવિરૂદ્ધ ગણાય છે એટલે લોકોએ ત્હેને સતી થતાં રોકી. લોકોના અટકાવ્યાથી એ અટકી ગઇ. પરન્તુ જે વાસ્તવમાં સતી થવા માંગે છે ત્હેના હૃદય ઉપર એવી અડચણોની ઘણી થોડી અસર થાય છે. બધાનું કહેવું માનીને

બાહ્ય આડંબરો છોડી દઇને પતિદેવનું સ્મરણ કરતી એ એકા-
ન્તમાં જઇને બેઠી.

એકાન્તમાં બેસીને, આગ, પાણી, શસ્ત્ર વગેરે કોઈ પણ પ્રકારના આત્મહત્યાના સાધનની મદદ લીધા વગર, એ સતી સાધ્વીએ યોગિરાજની પેઠે આખા શરીરનો પ્રાણવાયુ ખેંચીને બ્રહ્મરન્ધ્રદ્વારા પ્રાણત્યાગ કર્યો. આ પ્રમાણે એ સતી પતિની અનુગામિની થઇ. એ સમાચાર સાંભળીને આખા ગામમાં હાહા-કાર મચી ગયો. આ ઘોર કલિયુગમાં પતિવ્રત ધર્મના માહા-ત્મ્યનું લોકોને ફરીથી એકવાર સ્મરણ થયું. પતિપત્ની બન્નેને એકજ ચિતા ઉપર અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. રત્નગઢના એક વિદ્વાન પંડિત ચતુર્થીલાલજીના પત્રદ્વારા આ સમાચાર વર્તમાનપત્રોને મળ્યા હતા. એમાં સંદેહ નહિ કે, એવી પતિવ્રતા સ્ત્રીઓ હિન્દુઓને માટે ગૌરવરૂપ છે. નાન્હૂરામજીની એ પતિવ્રતા પુત્રી એક પાંચ વર્ષનો પુત્ર મૂકતી ગઈ છે. ભગવાન એ બાળકને દીર્ઘાયુ કરે અને એની દ્વારા માતપિતાની કીર્તિ-માં વધારો થાય !

૫૭--પંડિતા સત્યવતીદેવી (શાસ્ત્રી).

આ સન્નારીનો જન્મ પંજાબમાં થયો છે. ત્હેમના જી-વનચરિત્ર સંબંધી વિશેષ હકિકત હમને મળી નથી, કેવળ એટલું જણાયું છે કે, ત્હેમના પિતાનું નામ લાલા પ્રતાપસિંહ છે. પંજાબમાં જાલંધર શહે-

રમાં સ્ત્રીઓને કેળવણી આપવા સારૂ એક ઉત્તમ સંસ્થા આર્યસમાજદ્વારા સ્થાપવામાં આવી છે. એ સંસ્થાનું નામ જાલંધર કન્યામહાવિદ્યાલય છે. એમાં હિન્દી ભાષાદ્વારા ઉચ્ચ પ્રકારનું શિક્ષણ અપાય છે. સંસ્કૃત ભાષા ઉત્તમ રીતે શિખવી તે દ્વારા આર્ય ધર્મશાસ્ત્રના ગ્રંથો મૂળ સ્વરૂપમાં સ્ત્રીઓ વાંચી શકે એવું કરવા પણ બનતો પ્રયાસ કરવામાં આવે છે. એ કન્યા-મહાવિદ્યાલયના સ્થાપક, નેતા—પ્રાણુલાલા દેવરાજ નામના પરોપકારી અને નિઃસ્વાર્થી ગૃહસ્થ છે. એમણે એ કાર્યને પોતાનું જીવનવ્રત બનાવ્યું છે, એમ કહી શકાશે.

પંડિતા સત્યવતીદેવીએ એજ કન્યા મહા વિદ્યાલયમાં લાલા દેવરાજ અને પ્રોફેસર વ્રિજભૂષણજીના હાથ નીચે શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. હિન્દી ભાષાનો પૂરતો અભ્યાસ કર્યા ઉપરાંત ત્હેમણે સંસ્કૃત ભાષાનો ઘણો સારો અભ્યાસ કરીને હમણાંજ પંજાબ યુનિવર્સિટીની “ શાસ્ત્રી ”ની માનવંતી ઉપાધિ પ્રાપ્ત કરી છે. આ પરીક્ષા સંસ્કૃત ભાષાની સૌથી ઉંચી પરીક્ષા ગણાય છે. એ પરીક્ષા પંજાબમાં એવી અઘરી ગણાય છે કે, કેટલાએ ઉમેદવારો દર વર્ષે એમાં નિષ્ફળ નીવડે છે. આ વર્ષે કુલ ૧૧૦ ઉમેદવાર પરીક્ષામાં બેઠા હતા ત્હેમાંથી ફક્ત ૧૮ વિદ્યાર્થી પાસ થયા છે. પંડિતા સત્યવતીદેવી, એ અઢાર વિજયવંત ઉમેદવારોમાંની એક છે. વળી વધારે શાબાશીની વાત તો એ છે કે પંડિતા એ પરીક્ષામાં પહેલેજ પ્રયાસે ફત્તેહમંદ નીવડ્યાં છે. શાસ્ત્રીની પરીક્ષા પાસ કરનાર પંજાબમાં એ પહેલાંજ આર્ય સન્નારી છે. કુમારી સત્યવતી આજકાલ પોતાનાજ વિદ્યામંદિર—જાલંધર કન્યા મહાવિદ્યાલય—માં વગર પગારે શિક્ષક તરીકે કામ કરે છે.

ઇશ્વર ત્હેમને સત્કાર્યમાં ઉત્સાહ આપો અને ત્હેમની દ્વારા દેશસેવાનાં કાર્યો કરાવો.

સંસ્કૃત જેવી અઘરી ગણાતી ભાષામાં પણ આર્ય સ્ત્રીઓ પુરૂષ વિદ્યાર્થીઓ સાથે કેવી સફળતાપૂર્વક સ્પર્ધા કરી શકે છે. તે બતાવવા હમે શ્રીમતી સત્યવતીનો સંક્ષિપ્ત પરિચય અહિં કરાવ્યો છે.

૫૪—સરલાસુંદરી અને ચપલાસુંદરી.*

સંસારની સમસ્ત સ્ત્રીજાતિનું એક અમૂલ્ય રત્ન સતીત્વ છે, અને તેમાં પણ વિશેષતઃ હિન્દુ અબળાઓનો તો પાતિવ્રત્ય એક માત્ર જીવન-આધાર છે અને તેથી એ પાતિવ્રત્ય કિંવા સતીત્વના સંરક્ષણ માટે આજે યુગોના યુગોથી આર્ય સન્નારીઓ અસીમ સાહસ અને આત્મત્યાગનો પરિચય આપતી આવી છે.

જે બે અબળાઓનાં ચરિત્ર અહિં આપવામાં આવ્યાં છે, તે બન્ને યુવતીઓએ પોતાના પાતિવ્રત્યના રક્ષણ માટે જે અદ્ભૂત સાહસ કર્યું છે, તે એ સિદ્ધાન્તનું સજીવન ઉદાહરણ છે. ભારતવર્ષની વીર લલનાઓ ભારતવર્ષ-આપણી પ્રિય જન્મભૂમિની હાલ અવનત દશા હોવા છતાં પણ કાંઇક કરી શકે એમ છે,

* ભારતજીવન પુ-૮. અંક-૧ માંથી રા. રા. નારાયણદાસ વસનજી ઠક્કુર લિખિત.

એ એપરથી સ્પષ્ટ થાય છે. એમાંની એકનું નામ સરલાસુંદરી છે, અને બીજીનું નામ ચપલાસુંદરી છે.

શ્રીયુત્ કુંજમોહન ભટ્ટાચાર્ય અને શ્રીયુત્ પ્યારીમોહન ભટ્ટાચાર્ય એ બે ભ્રાતાઓ છે. સરલા કુંજમોહન બાબૂની અર્ધાગના છે અને ચપલા પ્યારીમોહન બાબૂની ધર્મપત્ની છે. સરલાની અવસ્થા અત્યારે ૧૯ વર્ષની અને ચપલાની અવસ્થા ૧૮ વર્ષની છે. અર્થાત્ તેઓ યૌવનના વસન્તમાં વિહરે છે. કુંજમોહન અને પ્યારીમોહનને એક વસન્ત કુમાર નામનો પિત્રાઇ ભાઇ છે, અને તે વૃદ્ધ હોવા છતાં અદ્યાપિ સંતાનહીન છે. આર્યપદ્ધતિ પ્રમાણે તેણે એક બાળકને દત્તક કરી લીધો હતો. અને તેનું નામ વિનોદવિહારી રાખવામાં આવ્યું હતું. આ લેખમાં લખેલો બનાવ બન્યો તે વેળાએ તેનું વય ૨૦ વર્ષનું હતું. એ કાંઈ ભણ્યો ગણ્યો નહોતો અને સ્વભાવદોષથી એને દારૂ તથા ગાંજો પીવાનું વ્યસન વળગી ગયું હતું. સાંભળવામાં આવે છે કે, તેમના ગામમાં એના જેવા બીજા પણ ઘણા લુચ્ચાઓ વિદ્યમાન છે અને તેમની ચંડાળચોકડી ઘણીજ બલવાન છે, લોકો એમ પણ કહે છે કે, એ બદમાશોએ છેલ્લાં કેટલાંક વર્ષમાં ઘણાક આબરૂદાર ઘરોનું સત્યાનાશ વાળી નાંખ્યું છે.

બહુધા છેલ્લાં બે વર્ષથી એ ‘મુક્તમંડળ’ના કેટલાક મહાત્માઓ (?) સરલા અને ચપલાની પૂંઠે પડ્યા હતા અને તેમનાં સતીત્વને નષ્ટ કરવા માટે તેમણે નાના પ્રકારના લોભો પણ બતાવ્યા હતા, એમના આવા ઉત્પાતથી કંટાળી જઇને અને દુઃખી થઇને એ બન્ને યુવતીએ, પોતાના પતિઓ, સ્વજનો અને વિનોદનાં માતપિતાને પણ એ વિષેનો બધો વૃત્તાંત

કહી સંભળાવ્યો હતો. ગત ચૈત્ર માસના એક શુકવારને દિવસે સરલાસુંદરીનો સ્વામી કોઈ કાર્ય માટે ઢાકા ગયો હતો, અને સરલા તથા ચપલા એકજ ઓરડામાં સૂતેલી હતી. રાત્રિના લગભગ ૧૨ વાગ્યાને વખતે બન્ને યુવતીઓ બહાર ગઈ અને તે સમયે ઉપર્યુક્ત મંડળના બે મહાત્માઓને પાસે ઉભેલા જોઈ તેમણે ઉતાવળથી ઘરમાં જઈ તરત બારણાં અંદરથી વાસી દીધાં. પરંતુ અંદર ગયા પછી તેમના જાણવામાં આવ્યું કે, વિનોદ તો પ્રથમથીજ કોઈ ઉપાયે ઘરમાં ઘુસી આવ્યો હતો; કારણ કે અત્યારે તે, તેમની શય્યા ઉપર બેઠો હતો; અંદર અને બહાર બદમાશોને વિસ્તરેલા જોઈને તે બાળાઓ થોડી વારને માટે તો કિંકર્તવ્ય—વિમૂઢ જેવી બની ગઈ; પરંતુ તરત સુઝી આવેલી મતિના પ્રભાવથી શીઘ્રજ તેમણે પોતાના કર્તવ્યનો હૃદયમાં નેત્રસંકેતથી નિર્ધાર કરી લીધો. સરલાએ આગળ વધીને વિનોદને ઘણીએ પ્રાર્થનાઓ કરી અને વિનોદે એ સમયે પોતાની આશાની સફળતાને પાસે આવેલી જોઇને શય્યાપરથી ઉઠી અર્ધ-શાયિત ભાવોથી અશ્લીલ અભિપ્રાયને વ્યકત કરતાં સરલાનો હાથ પકડીને તેને પોતાના તરફ ખેંચવા માંડી. સતીત્વના વિનાશના સમયને પાસે આવી લાગેલો જોઇને પાસે ઉભેલી ચપલાએ ચપલાની ગતિથી દોડી એક તેજ ધારવાળી છરી લાવીને તત્કાળ વિનોદ જોઈ ન શકે તેવી રીતે વિનોદના ગળામાં ભોંકી દીધી ! વિનોદે એ વેળાએ સરલાના હાથને છોડીને ચપલાનો હાથ પકડી લીધો અને ગળામાંથી તે છરી કાઢવા લાગ્યો. એટલામાં સરલાએ એક દંડા વડે ઉપરથી પ્રહાર કરવા માંડયો. અર્થાત્ તે વધારે લડી ન શકયો, ત્યાંજ અવસન્ન થઇને

પડી ગયો અને ચપલાએ તેજ ક્ષણે ભીષણ છુરીના બીજા ઘાથી અનિવાર્ય પાપતૃષ્ણાની ચિર નિવૃત્તિ કરી નાંખી. ડૉકટરે પોતાના પૂરાવામાં એમ જણાવ્યું હતું કે ' વિનોદ ચપલાની છરીના ઘાવથીજ મરી જાત. બીજા પ્રયત્નની આવશ્યકતા નહોતી.'

પરંતુ મહાખેદનો વિષય એ છે કે, દુરાચારી અને વ્યભિચારી વિનોદ પોતાની પરમ સુંદરી ૧૪ કે ૧૫ વર્ષની વયની પત્નીને વિધવા કરી ગયો છે. અસ્તુ. આપણે આપણી મૂળ વાર્તા ઉપર આવીએ. દુષ્ટનો ઘાત કર્યા પછી સરલા અને ચપલાએ જોયું તો બહાર ઉભા રહેલા બીજા બે બદમાશો દરવાજાપર મુષ્ટિઓનો આઘાત કર્યા કરતા હતા. પરંતુ તેમને ટાળવાનો કાંઇ પણ ઉપાય ન યોજતાં સરલા અને ચપલાએ આખી રાત નિર્વાક્ અને નિઃસ્પન્દભાવથી રક્તથી ખરડાયલાં વસ્ત્રો જેમનાં તેમ શરીરપર રહેવા દઇ શત્રુના મૃત શરીર પાસે બેસી જાગરણમાંજ વીતાડી દીધી, દિવસ થતાં તે બે યુવતીઓએ ગામના વૃદ્ધ અને પ્રતિષ્ઠિત જનોને બોલાવીને બધો અથેતિ વૃત્તાંત કહી સંભળાવ્યો અને કેટલાક સમય પછી પંચાયતના સભાપતિનું આગમન થતાં તેમણે પોતાની જબાની લખાવી યોગ્ય સમયે દારોગા નાજિરૂદ્દીન અહમ્મદ, એ શોકપર્યવસાયી ઘટનાના જન્મસ્થાનમાં આવી લાગ્યા અને ત્હેમણે ત્હેની તપાસ કરી. બન્ને યુવતીઓના કથનથી સંતોષ પામીને તેઓ ચાલ્યા ગયા. ડિસ્ટ્રિકટ મેજીસ્ટ્રેટે જામીન લેવાની ના પાડી ને અપરાધિની અબળાઓને પ્રતિબંધમાં રાખવાની આજ્ઞા કરી, પરંતુ સદભાગ્યે તેજ દિવસે ઢાકાના જજ્જ સાહેબે જામીનનો સ્વીકાર કરી લીધો અને સતીઓને અકારણ પ્રતિબંધમાં રહેવું ન પડયું.

એ મુકદ્દમો નારાયણ ગંજના ડિવિઝનલ મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરવામાં આવ્યો અને તેમણે આરોપી બાઇઓને પોલીસને હવાલે કરી દીધી, પરંતુ અંતે જામીનપર તેમને છોડવાની તેમણે સંમતિ આપી, એ વિષે વાદી પક્ષે વિરોધ દર્શાવ્યાથી મેજીસ્ટ્રેટે કહ્યું કે 'આરોપી અબળાઓને જામીનપર છોડવી કઠિન છે અને તેથી તેમ કરવાની હું ના પાડુંછું.' પરંતુ ઇશ્વિરકૃપાએ પૂર્વોક્ત ઢાકાના જજ્જ સાહેબે બીજીવાર પણ જામીનપર તેમને છોડવાની ઉદારતા દર્શાવી અને સતીઓપરનું વિઘ્ન–વાદળ વિખરાઇ ગયું.

સન ૧૯૧૦ ના જુન માસમાં સેશન્સ જજ્જની કોર્ટમાં એ મુકર્દમો ચલાવવામાં આવ્યો; પરંતુ પ્રારંભમાંજ સરકારી વકીલે ઉભા થઇને કહ્યું કે 'આરોપી અબળાઓની વિરૂદ્ધના પૂરાવા જોઇએ તેવા અને તેટલા પ્રબળ નહિ હોવાથી હું ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટના આદેશને અનુસરીને આ મુકર્દમાને પાછો ખેંચી લેવા માગુંછું' એ પછી મુકર્દમો સરકારે પાછો ખેંચી લેવાથી સરલા અને ચપલાને નિષ્કલંક અને નિરપરાધીના રૂપમાં બંધનમુક્ત કરવામાં આવી અને અત્યારે તેઓ પોતાનાં ઉભય કુલનાં નામોને ઉજ્વલ કરતી પતિવિહારના સ્વર્ગીય આનંદનો ઉપભોગ કરતી જોવામાં આવે છે. શું એમને, પોતાની લજ્જાના રક્ષણ માટે સિદ્ધપુરપાટણમાં દુષ્ટ લાલરાજનો વધ કરનારી જગદેવ પરમારની વીર નારી, વીરમતી ચાવડીનો આધુનિક અવતાર ન કહી શકાય? અવશ્ય તે બન્ને વીરમતીજ ભારતવર્ષમાં આર્ય નારીના ગૌરવને વધારવા માટે અવતરી છે એમ કહેવામાં અતિશયોક્તિનો લેશમાત્ર પણ સંભવ નથી.

તેમને નિર્દોષ સિદ્ધ કરી બંધનમુક્ત કરવા માટે અમે ત્યાંના ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટ અને સેશન્સ જજ તથા બ્રિટિશ ગવર્નમેન્ટનો અત્યંત આભાર માનીએ છીએ. આ ઉદારતા અને બ્રિટિશ ન્યાયની શુદ્ધતા માટે ન્યાયપરાયણ બ્રિટિશ સરકારને ભારતવર્ષની પ્રજા, જેટલો ધન્યવાદ આપે તેટલો ઓછોજ છે. ભારતગગનમાં બ્રિટિશ-ગૌરવરવિનો ન્યાયરૂપ પ્રકાશ વિશેષ વિસ્તરો, એજ પ્રભુચરણમાં અનન્ય ભાવયુક્ત પ્રાર્થના છે.

૫૫-કુમારી ગોદાવરીબાઈ.*

મહારાષ્ટ્ર જન-સમાજમાં એક બીજી પંડિતાનો પ્રાદુર્ભાવ થયો છે. પંડિતા રમાબાઇની પેઠે કુમારી ગોદાવરી પણ સંસ્કૃત ભાષામાં ઘણી પ્રવીણતા મેળવી ચૂક્યાં છે. એ કુમારિકાએ સંસ્કૃતમાં એક ચમ્પૂ-કાવ્ય પણ લખ્યું છે. હાલમાં તેમની વય લગભગ અઢાર વર્ષની છે; પણ એ કાવ્ય રચ્યું તે વખતે તેમની વય કેવળ ચૌદ વર્ષની હતી. એટલે કે ચૌદ વર્ષની સકુમાર વયમાં જ એ ‘પંડિતા’ની પદવીનાં અધિકારી બની ચૂક્યાં હતાં. જો તેમનો વિદ્યાભ્યાસ નિર્વિઘ્ન ચાલ્યો જશે તો આગળ ઉપર એમની સંસ્કૃત ભાષાની વિદ્વત્તા પંડિતા રમાબાઇ કરતાં પણ વધી જશે.

* હિન્દી સરસ્વતી ભાગ ૧૪ સંખ્યા ૪ ઉપરથી.

ગોદાવરીના પિતાનું નામ શ્રીયુત્ રામચન્દ્ર શાસ્ત્રી ભડકમકર છે. એ મધ્ય હિંદુસ્થાનમાં સાગરના રહેવાશી છે. આજકાલ હુશંગાબાદમાં એન્જીનિયરીંગ ખાતામાં નોકરી કરે છે. શાસ્ત્રીજી સંસ્કૃતના સારા વિદ્વાન છે. ગોદાવરીને ઘણી ન્હાની વયમાંથી જ ત્હેમણે સંસ્કૃત ભણાવવાનું શરૂ કર્યું હતું. વ્યાકરણનું થોડું ઘણું જ્ઞાન આપ્યા પછી ત્હેમણે ગોદાવરીને અધ્યાત્મ રામાયણ અને મહાભારતના વનપર્વમાંનો કેટલોક ભાગ શીખવ્યો; એમ કરવામાં શાસ્ત્રીજીનો ઉદ્દેશ બાલિકાના હૃદયમાં પોતાના ધર્મ ઉપર શ્રદ્ધા ઉત્પન્ન કરવાનો હતો.

એ ગ્રંથો ભણાવીને રામચન્દ્ર શાસ્ત્રીએ ગોદાવરીને વ્યાકરણની વ્યુત્પત્તિનું સારૂં જ્ઞાન આપ્યું. આટલો અભ્યાસ આઠ વર્ષની વયમાંજ ગોદાવરીએ કર્યો. ત્યહાર પછી ત્હેમણે રામાયણ અને મહાભારતને કેટલીએક વાર પહેલેથી છેવટ સુધી વાંચી નાખ્યાં. દશ અગિયાર વર્ષમાં ત્હેમણે શ્રીમદ્ ભાગવત પણ સંસ્કૃતમાં વાંચ્યું. ત્યહાર પછી શાસ્ત્રીજીએ ત્હેમને સંસ્કૃતનાં પ્રસિદ્ધ પ્રસિદ્ધ કાવ્યોનો અભ્યાસ કરાવ્યો. રઘુવંશ, કુમાર સંભવ, કિરાત, માઘ, નૈષધ આદિ કાવ્યો, તથા કેટલાંક નાટકો, ગોદાવરીબાઈએ પિતાની આજ્ઞાથી વાંચ્યાં. એથી કરીને એમનું સંસ્કૃત ભાષાનું જ્ઞાન ઘણું વધી ગયું; અને સાથે સાથે એમના હૃદયમાં કવિત્વનું બીજ પણ અંકુરિત થયું.

ઇ. સ. ૧૯૦૮ સુધી ગોદાવરીએ ભણવા ઉપરજ વિશેષ ધ્યાન આપ્યું. ભણતાં ભણતાં ત્હેમના મનમાં કાંઇક લખવાની પણ ઇચ્છા ઉત્પન્ન થઇ. પરિણામ એ આવ્યું કે ૧૪ વર્ષની ન્હાની વયમાંજ ત્હેમણે માધવાચાર્ય અને આનંદગિરિ વગેરેએ

રચેલા ગ્રન્થોને આધારે "શ્રી શંકરાચાર્ય-ચમ્પૂ" નામનું એક ન્હાનું ગદ્યપદ્યાત્મક કાવ્ય લખ્યું. એ ચમ્પૂકાવ્યમાં પાંચ સ્તબક છે. ગોદાવરીની બાલ વય જોતાં એ કાવ્ય ઘણુંજ વખાણવા લાયક છે. એ ચમ્પૂ વાંચીને ઘણા વિદ્વાનોએ પ્રસન્નતા દર્શાવી છે. સુપ્રસિદ્ધ વિદ્વાન ડોકટર ગંગાનાથ ઝાએ એ સંબંધમાં ગોદાવરીના પિતાને લખ્યું છે કેઃ—આ અધોગતિના જમાનામાં કન્યાને આવી સરસ રીતે ઉછેરવા માટે ત્હમને ધન્યવાદ ઘટે છે. મ્હેં એનું પુસ્તક વાંચ્યું છે. કવિતા સુંદર અને કુદરતી છે. વાસ્તવિક રીતે જોતાં, કવિતાનું પ્રાકૃતિકપણું, એને રચનારની સુકુમારતાનો પરિચય આપે છે. મ્હને આશા છે કે સંસ્કૃત વાંચનારો વાચક વર્ગ એ પુસ્તકને પોતાનાથી બનતું ઉત્તેજન આપશે.

હોશંગાબાદના સબજજ શ્રીયુત્ ત્રિલોકીનાથ ગૌર એક સર્ટીફિકેટ દ્વારા ખાત્રી આપે છે કે એ પુસ્તક ગોદાવરીબાઇએજ ચૌદ વર્ષની સુકુમાર વયે રચેલું છે.

ગોદાવરીએ ત્રણ વર્ષથી અંગ્રેજી ભણવાનું પણ શરૂ કર્યું છે. ત્હેની બુદ્ધિ એટલી બધી તીવ્ર છે કે, થોડા સમયમાં એ ભાષાનો પણ એમને સારો અભ્યાસ કર્યો છે. હવે એ શેક્સપિયર, મિલ્ટન અને ટેનિસન આદિનાં કાવ્ય પણ સારી રીતે સ્હમજી શકે છે.

ગોદાવરીબાઈમાં ભાષણ આપવાની શક્તિ પણ છે. અકોલા શહેરમાં થોડા સમય અગાઉ, મહારાષ્ટ્ર ભાષા સંબંધી જે સાહિત્યસંમેલન મળ્યું હતું ત્હેમાં ત્હેમણે બે ભાષણો સંસ્કૃત ભાષામાં આપ્યાં હતાં. એક સ્ત્રીકેળવણી ઉપર હતું અને બીજું સંસ્કૃત ભાષાના પ્રચાર સંબંધી હતું. એમના ભાષણની ભાષા સરળ પણ જોશદાર છે.

ભડકમકર શાસ્ત્રીએ હજુ સુધી ગોદાવરીબાઈનું લગ્ન નથી કર્યું. હજુ બે વર્ષ સુધી ત્હેમને કુમારી રાખીને અંગ્રેજી ભાષાનું સારૂં જ્ઞાન આપવાની ત્હેમની ઇચ્છા છે. શાસ્ત્રીજીએ ગોદાવરીના શિક્ષણનો ક્રમ દેશમાન્ય બાલગંગાધર તિલક મહાશયની સલાહથી નક્કી કર્યો હતો.

૫૬—રાણી ભવાની.

રાણી ભવાનીનું નામ ભારતવર્ષમાં ઘણું પ્રસિદ્ધ છે. બંગાળામાં તો એનું નામ ન જાણનાર અથવા તો વાતચીતના પ્રસંગમાં રાણી ભવાનીનું નામ સ્મરણ ન કરનાર લોકો ઘણાજ થોડા હશે.

લગભગ દોઢસો વર્ષ પૂર્વે સિરાજ—ઉદ—દૌલા બંગાળાનો નવાબ હતો. પ્લાસીના યુદ્ધમાં સિરાજના પરાજયની સાથે બંગાળામાં મુસલમાન શક્તિનું પતન થયું. અને ત્યહારથી બંગાળામાં અંગ્રેજી રાજ્યનો સૂત્રપાત થયો.

એ સમયમાં રાણી ભવાની નાટોર જીલ્લાની વિશાળ જમીનદારીની માલિક હતી. એ જમીનદારીની માલિક તરીકે, એણે પોતાની પુષ્કળ આવકને દેવસેવા અને લોકોપકારના કામોમાં છુટે હાથે ખર્ચ કરવામાં જરા પણ સંકોચ કર્યો નહોતો; અને ત્હેને લીધે ત્હેનો યશ બંગાળામાં ઘેરે ઘેર વ્યાપી રહ્યો છે. એટલુંજ નહિ પણ પુણ્યતીર્થ કાશી સુધી પણ એ સ્હવારના પહોરનું નામ ગણાઇ ગઈ છે.

રાણી ભવાનીનું જીવન અને ત્હેનાં કૃત્યો સ્હમજવા માટે મુસલમાનોના અમલમાં બંગાળાની અવસ્થા કેવી હતી, તથા ખાસ કરીને બંગાળાના જમીનદારો કેવી દશામાં હતા એ જાણવું વિશેષ અગત્યનું છે.

મુસલમાનોના અમલમાં બંગાળા દેશ ઘણાં પરગણાંઓમાં વ્હેંચાઇ ગયો હતો. એ પરગણાંઓ એકેએક, જમીનદારોના હાથમાં હતાં. હાલના વખતમાં જમીનદારો પ્રજા પાસેથી મુકરર કરેલો કર વસુલ કરે છે અને એમાંથી કેટલોક રાજ સરકારમાં ભરીને બાકીનો પોતે રાખે છે. કર વસુલ કરવા ઉપરાંત બીજી કોઇ બાબતમાં પોતાની પ્રજા ઉપર જમીનદારોનો અધિકાર હોતો નથી. જમીનદારોની પ્રજા બીજી સર્વ બાબતોમાં સંપૂર્ણ રૂપે અંગ્રેજ સરકારને તાબે છે. પણ મુસલમાનોના સમયમાં એ પ્રમાણે નહોતું. જમીનદારો પણ પોતાની જમીનદારીમાં તો રાજાની પેઠેજ રાજ્ય કરતા. નવાબને તેઓ નક્કી કરી રાખેલી અમુક ખંડણી ભરતા એટલે નવાબ ત્હેમના રાજ્ય અમલમાં કોઇ પણ જાતનો હસ્તાક્ષેપ કરતા નહિ. જમીનદારો અને પ્રજા વચ્ચે પરસ્પર રાજા પ્રજાનો સંબંધ હતો. જમીનદારો પણ સ્વતંત્ર રાજાઓની પેઠે ફોજ રાખતા. રાજાની પેઠે તેઓ પણ પ્રજા ઉપર રાજ્ય ચલાવતા. દિવાની ફોજદારી મુકર્દમાઓ સાંભળીને ફેંસલા આપતા. ત્હેમને 'રાજા' નો ખિતાબ હતો; પ્રજા પણ ત્હેમને રાજા તરીકે માન આપતી, ટુંકામાં એ કે દિલ્હીના શહેનશાહ સાથે જેમ નવાબોનો ખંડીયા રાજા જેવો સંબંધ હતો, લગભગ તેવોજ સંબંધ બંગાળાના નવાબ સાથે એ વખતના જમીનદારોનો હતો.

આ પ્રસંગે એક બાજી વાત પણ સ્મરણમાં રાખવા યોગ્ય છે. મુસલમાનો પ્રથમ આ દેશમાં વિજેતારૂપે આવ્યા હતા એ વાત ખરી, પણ બંગાળા સર કર્યા પછી ત્હેમણે બંગાળામાંજ પોતાનો વસવાટ શરૂ કર્યો હતો. બંગાળામાં વાસો કરવાથી બંગવિજેતા મુસલમાનો બંગાળાનેજ પોતાના સ્વદેશ જેવો ગણવા લાગ્યા. તેઓ ખરેખાત બંગાળી બન્યા. બંગાળાના મુસલમાન નવાબો પણ બંગાળી બન્યા; મુસલમાન જાગીરદાર, જમીનદાર, અમલદારો, વેપારીઓ બધા પોતાને બંગાળી ગણવા લાગ્યા. ધીમે ધીમે એક દેશમાં વસનારી પ્રજા તરીકે તેઓ હિંદુઓ સાથે મિત્રતા અને સદ્ભાવથી રહેવા લાગ્યા. રાજનૈતિક બાબતમાં હિન્દુ અને મુસલમાનોમાં કાંઇ ભેદભાવ રહ્યો નહિ.

નવાબોના રાજ્યમાં, ન્યાય ખાતામાં, વસુલાતી ખાતામાં, અને સૈનિક ખાતા સુદ્ધાંતમાં ઘણા મુખ્ય અમલદારો હિન્દુઓ હતા. નવાબી અમલના પાછલા ભાગમાં બંગાળાના શાસનમાં જાનકીરામ, માણેકચંદ, રાજવલ્લભ, કૃષ્ણચંદ્ર, જગતશેઠ, મોહનલાલ, નંદકુમાર વગેરે હિન્દુઓ મ્હોટા મ્હોટા હોદ્દા ઉપર હતા. આપણા આ ચરિત્રની નાયિકા રાણી ભવાની પણ ઘણા અંશમાં એ સર્વની સહયોગિની હતી.

(૨)

રાણી ભવાનીના સસરા રાજા રામજીવન અને ત્હેમના ભાઇ રઘુનંદન બંગાળામાં આવેલા નાટોર નામે સ્થળના જમીનદાર હતા. નાટોરના જમીનદારોના વંશના સ્થાપક એજ બે ભાઇઓ ગણાય છે. ત્હેમના પિતા કામદેવ પુંટિયાના જમીનદારને ત્યહાં

વહીવટદારનું કામ કરતા હતા. બાલ્યાવસ્થાથીજ રામજીવન અને રઘુનંદન એ જમીનદારને ત્ય્હાં ઉછર્યા હતા. પુંટિયાનો જમીનદાર દર્પનારાયણ બંગાળાના રાજ્યમાં એક મુખ્ય અમલદાર હતો. રઘુનંદન એક પ્રતિભાશાળી યુવક હતો. ત્હેના ગુણોથી પ્રસન્ન થઇને દર્પનારાયણે ત્હેને નવાબના દરબારમાં પોતાના સહકારી અને પ્રતિનિધિ તરીકે નોકરી અપાવી. કોઈ ખાસ રાજકાજમાં નવાબ મુરશિદ કુલિખાંને રઘુનંદન તરફથી ઘણી સારી મદદ મળી અને તે દિવસથી એ ત્હેના ઉપર વિશેષ સંતુષ્ટ થયો. ત્ય્હારથી એ નવાબ સાહેબનો માનીતો થઈ ગયો.

તે પહેલાંથીજ રઘુનંદન થોડી થોડી જમીનદારી એકઠી કરતો હતો.

રાજસાહીના બળવાખોર જમીનદાર ઉદયનારાયણનો પરાજય થયા પછી આખા રાજસાહીની જમીનદારી નવાબ સાહેબે ખુશ થઇ જઇને રઘુનંદને બક્ષિસ આપી. પૂર્વાવસ્થામાં પોતાને આશ્રય આપનાર માલિક દર્પનારાયણના કુટુંબને માટે લંકરપુર નામનું પરગણું રાખીને રાજસાહીના બાકીના ભાગની જમીનદારી રઘુનંદને પોતે સ્વીકારી તથા પોતાના વડા ભાઇ રામજીવનના નામે ત્હેનો પટો કરાવ્યો. ભુષણાના પ્રખ્યાત રાજા સીતારામની પડતી આવ્યા પછી ભુષણાની જમીનદારીનો ઘણો ભાગ રઘુનંદન અને રામજીવનને મળ્યો. ધીમે ધીમે બીજી પણ ઘણી જમીનદારી ત્હેમના હાથમાં આવી. આખું રાજસાહી પરગણું અને મયમનસિંહ, ઢાકા, ફરિદપુર અને યશોહરનાં અનેક સ્થાનો એકઠાં થવાથી એ જમીનદારી ઘણી વિસ્તીર્ણ બની હતી. એ વખતમાં એમના જેવો મ્હોટો જમીન-

દાર બંગાળામાં બીજો કોઇ નહોતો. એ જમીનદારી કેવા મ્હોટા રાજ્ય જેવી હતી, ત્હેનો ખ્યાલ વાંચકોને એટલા ઉપરથી આવી શકશે કે દર વરસે બાવન લાખ રૂપિયા કરતાં વધારે રકમ તેઓ નવાબના ખજાનામાં ખંડણી તરીકે ભરતા હતા.

એ બધી જમીનદારીનો પટ્ટો રઘુનંદને પોતાના મ્હોટા ભાઇ રામજીવનના નામે કરાવ્યો હતો; એટલે એ વિસ્તીર્ણ જમીનદારીના અધીશ્વર રામજીવનને નવાબ સાહેબે 'રાજા' નો ખિતાબ બક્ષ્યો હતો. અને એ રામજીવનજ નાટોરના પહેલા રાજા હતા.

રઘુનંદન નિઃસંતાન હતો. રામજીવનનો મ્હોટો દિકરો કાલિકાપ્રસાદ ન્હાની વયમાં મરી ગયો હતો. રામજીવને રામકાન્ત નામના એક બાળકને દત્તક લીધો હતો તથા રામજીવન અને રઘુનંદનના સૌથી ન્હાના ભાઇ વિષ્ણુરામનો પુત્ર દેવીપ્રસાદ જીવતો હતો. દત્તક પુત્ર રામકાન્ત અને દેવીપ્રસાદ અડધી અડધી જમીનદારીના માલિક હતા. પરન્તુ દેવીપ્રસાદનો લોભ ઘણો વધી ગયો હતો. ત્હેણે રામકાન્તના દત્તકવિધાનને ગેરકાયદેસરનું ઠરાવીને આખી જમીનદારી પોતે પચાવી પાડવાનો યત્ન કર્યો. રામજીવન ત્હેને છ આના ભાગ આપવા માગતો હતો. પણ દેવીપ્રસાદે તે મંજૂર કર્યું નહિ. આખરે રામજીવન સ્હમજી ગયો કે દેવીપ્રસાદને જમીનદારીમાંથી ભાગ મળશે તો ઘરમાં મ્હોટો કુસંપ ઉભો થશે. એટલે એ રામકાન્તનેજ આખી જમીનદારીનો વારસ બનાવતો ગયો. જમીનદારી મૂળથીજ મ્હોટા ભાઇ તરીકે ત્હેના નામ ઉપર હોવાથી ત્હેને એમ કરવામાં જરા પણ અડચણ નડી નહિ.

ત્યાર પછી રાજસાહી જીલ્લામાં છાતીમ ગામના બ્રાહ્મણ

જમીનદાર આત્મારામ ચૌધરીની અત્યંત સુંદર અને સુલક્ષણા કન્યા સાથે રાજા રામજીવને પુત્ર રામકાન્તનો વિવાહ કર્યો. એ કન્યા આપણા ચરિત્રની નાયિકા 'રાણી ભવાની' છે. રાજવધૂ થઈને ભવાની સાસરે આવી. ત્ય્હાર પછી થોડે સમયે ત્હેમના સસરા રામજીવનનું મૃત્યુ થયું, અને ત્હેની પાછળ રામકાન્ત રાજા બન્યો; એ દિવસથી ભવાની 'રાણી ભવાની' બની.

રામજીવનને ત્ય્હાં દયારામ નામનો એક ઘણો ચતુર અને વિચક્ષણ કારભારી હતો. જમીનદારને ખુશ કર્યા પછી ત્હેની મારફતે એ ધીમે ધીમે નવાબ સરકારને પણ પોતાની બુદ્ધિ અને પરાક્રમથી પ્રસન્ન કરી શક્યો હતો. અને નવાબ સાહેબની મહેરબાનીથી પોતે પણ જમીનદાર બની ગયો હતો. હાલના દીઘા પાતિયાના રાજવંશનો સ્થાપક, એ દયારામ હતો.

રામજીવન મરતી વખતે રાજા રામકાન્તને ઉપદેશ આપતો ગયો હતો કે ત્હારે જમીનદારીના કામમાં દયારામની સલાહ પ્રમાણે ચાલવું જોઈએ. પરન્તુ રામકાન્તે મ્હોટો થયા પછી દયારામને કાંઈ હિસાબમાં લેખ્યો નહિ. જુવાનીના જોશને લીધે પ્રારંભમાં રામકાન્ત પોતાની જમીનદારીના કામમાં ઘણો બેપરવા રહેતો હતો, માટે દયારામ નિઃસ્વાર્થ વૃત્તિથી એક વખત ત્હેને શિખામણ આપવા ગયો. રામકાન્તે એ વખતે દયારામને અપમાન કરીને ઘર બહાર કહડાવી મૂક્યો. રામજીવનના વખતથીજ દયારામ ત્હેમના ઘરનું ઘણું કામકાજ કરતો આવ્યો હતો. રાજા રામજીવન અને ત્હેના ભાઈ રઘુનંદન પણ ત્હેનું ઘણું માન રાખતા હતા. આજે યુવક રામકાન્તે ત્હેનું અપમાન કર્યું, એથી દયારામ ઘણોજ ખ્હીડાયો; અવિચારી, અને

ઉદ્ધત રામકાન્તને યોગ્ય શિક્ષા અપાવવા સારૂ એ મુરશિદાબાદના નવાબ સરકાર પાસે ગયો.

એ વખતે અલિવર્દીખાં બંગાળાનો નવાબ હતો. એ અગાઉથીજ દયારામને જાણતો હતો. રાજા સીતારામની સાથેના યુદ્ધ વખતે દયારામની બુદ્ધિકુશળતાથીજ સીતારામનો પ્રસિદ્ધ સેનાપતિ મહાવીર મેનાહાતી માર્યો ગયો હતો. એ કારણને લીધે નવાબના દરબારમાં પણ, દયારામનો ઘણો સારો મોભો હતો.

એ સમયે નવાબના દરબારમાં રામકાન્તની ઘણી ખંડણી બાકી હતી. દયારામે એક દિવસે લાગ જોઇને નવાબને કહ્યું રામકાન્ત રાજાના ઘરમાં તો અઢળક ધન દાટી રાખ્યું છે. એતો જાણી જોઈને નવાબ સાહેબને ખંડણી ભરતો નથી; અને ખાલી ઠાઠ માઠમાં મ્હોટા રાજાની પેઠે પુષ્કળ ધન ઉડાવે છે.

આ સમાચાર સાંભળીને નવાબ ઘણો ગુસ્સે થયો. આગલા વખતમાં ઉદય નારાયણ, સીતારામ વગેરે કોઇ કોઇ જમીનદારોએ એ પ્રમાણે નવાબની ખંડણી દબાવી રાખીને સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની ચેષ્ટા કરી હતી. એટલે રામકાન્તના ઉપર પણ નવાબને એવોજ સંદેહ ઉપજ્યો. ત્હેમણે હુકમ આપ્યો કે, રામકાન્તની બધી દૌલત સરકારી ખજાનામાં જપ્ત કરી લ્યો અને ત્હેની જમીનદારી ત્હેના કાકાના છોકરા દેવીપ્રસાદને સોંપી દો.

આ પ્રમાણે હુકમ આપ્યા પછી રામકાન્તની ધનસંપત્તિ છિનવી લાવવા માટે નવાબે, નાટોરમાં એક સૈન્ય મોકલ્યું. નવાબના સૈન્યે નાટોર પહોંચીને રાજમહેલમાં પ્રવેશ કર્યો. આ વખતે પોતાનો બચાવ કરવો એ અસાધ્ય છે, એમ ધારીને રાજા રામકાન્ત રાણી ભવાનીને લઇને ત્યહાંથી છાનોમાનો

પલાયન કરી ગયો. આ વખતે રાણી ભવાની સીમાન્તની હતી.

ધન-સંપત્તિ બધી નવાબના ખજાનામાં ગઈ; જમીનદારી દેવીપ્રસાદને મળી. રામકાન્ત મુરશિદાબાદમાં જઈને એક સાધારણ ઘર ભાડે રાખીને સ્ત્રીની સાથે રહ્યો. રાણી ભવાનીના અલંકાર સિવાય બીજી કાંઇ માલમતા એમની પાસે હતી નહિ. એ ઘરેણાં થોડે થોડે વેચીને ત્હેમાંથી પતિ-પત્ની પોતાનું ગુજરાન ચલાવતાં હતાં.

(૩)

એક દિવસ દયારામ પાલખીમાં બેસીને મુરશિદાબાદના એક રસ્તાપર જતો હતો તે વખતે ઉપરથી કોઇ સાધારણ ઘરની અગાશીમાંથી કોઇએ બૂમ પાડી 'મ્હોટા ભાઈ! દયારામ ભાઈ! હવે કેટલા દિવસ મ્હને આવી કંગાળ હાલતમાં રાખશો?'

દયારામે ઉંચું જોયું તો, એ સાધારણ ઘરની અગાશી ઉપર દીન વેશમાં, રામકાન્ત ઉભો હતો. દુઃખને લીધે ત્હેનો ચ્હેરો ઉતરી ગયો હતો, ત્હેની આંખોમાંથી આંસુ ખરતાં હતાં. પોતાના માલિક રાજા રામજીવનનો એકનો એક પુત્ર, અતુલ ઐશ્વર્યનો સ્વામી, બાલ્યાવસ્થાથીજ રાજાના જેવા ભોગ-વિલાસમાં ઉછરેલો, પોતાનેજ હાથે ઘણાં લાડ લડાવાયલો રામકાન્ત આજે આવી દયાજનક દશામાં હતો. રાજપુત્ર, રાજેશ્વર રામકાન્ત આજે પોતે લીધેલા વેરના પરિણામે આવા દીન વેશે, આ કંગાળ ઘરમાં ઉભો રહીને નમ્રતાપૂર્વક, આંસુભરી આંખે પોતાની આગળ દયાની ભિક્ષા માગી રહ્યો છે! દયારામના હૃદયમાં દયાનો સંચાર થયો. એના મનમાં વિચાર આવ્યો કે, હાય! મ્હેં કેવી નિષ્ઠુરતાપૂર્વક એની સાથે ખરાબ વર્તણુંક

ચલાવી. પશ્ચાત્તાપની તીવ્ર જ્વાળા એકદમ દયારામના મર્મસ્થાનમાં પ્રવેશ કરી ગઇ. તે તરતજ પાલખીમાંથી ઉતરીને રામકાન્તની પાસે ગયો.

રામકાન્તને આશ્વાસન આપીને દયારામે કહ્યું 'ભાઇ, દુઃખી થઇશ નહિ, રોઇશ નહિ, મ્હારી ભૂલ થઈ. ગઇ ગુજરી ભૂલીજઇને મ્હને માફ કર. મ્હેંજ ત્હને ભિખારી કર્યો છે અને હવે હુંજ ત્હને રાજેશ્વર બનાવીશ.'

રામકાન્તને આ શબ્દોથી ઘણું આશ્વાસન મળ્યું. દયારામે જરા વિચાર કરીને કહ્યું 'પણ એમાં થોડુંક ખરચ કરવું પડશે. ત્હારી પાસે કાંઈ છે?'

રામકાન્તે કહ્યું 'પૈસા ક્ય્હાંથી લાવવા? મ્હારી સાથે તો હું કાંઈ ધન લાવ્યો નથી. બૈરીના અંગ ઉપર જે ઘરેણાં હતાં ત્હેને વેચીને મહા મુસિબતે ગુજરાન ચલાવું છું.'

દયારામે કહ્યું 'ઓછામાં ઓછા પચાસ હજાર રૂપિયા વગર ત્હમારી જમીનદારી ત્હમને પાછી મળવાનો સંભવ નથી. મ્હારી પોતાની પાસે એટલા પૈસા નથી. વહુજી ક્ય્હાં છે? હું એમને મળી જોઉં.'

દયારામે રાણી ભવાનીને મળીને ત્હેને બધી હકિકત જણાવી. રાણી ભવાનીએ પતિના કલ્યાણને સારૂ પોતાના અંગનાં કિંમતી ઘરેણાંઓ ઉતારીને દયારામને સોંપ્યાં.

ઘરેણાં વેચીને દયારામે રૂપિયા એકઠા કર્યા. એ વખતે દેવીપ્રસાદ મુરશિદાબાદમાં હતો અને દરરોજ નવાબના દરબારમાં જતો હતો. નવાબના મહેલમાં જવાના રસ્તામાં જેટલા દુકાનદારો હતા ત્હેમને દયારામે પૈસા આપીને વશીભૂત કરી દીધા.

દેવીપ્રસાદ જ્યહારે નવાબના દરબારમાં જતો ત્યહારે ત્હેને જોઈને લોકો એવું કહેતા કે 'આ કમબખ્ત ચાલ્યો.'

દેવીપ્રસાદ આથી ઘણો ગુસ્સે થયો. ત્હેણે નવાબ સાહેબ આગળ જઈને આ બાબતની ફરિયાદી કરી. છતાં પણ દરરોજ લોકો એજ પ્રમાણે કહીને એને ચ્હીડવવા લાગ્યા. દરરોજ દેવીપ્રસાદની ફરિયાદ સાંભળીને નવાબ સાહેબ પણ કંટાળી ગયા. એક દિવસ એમણે ગુસ્સે થઈને કહ્યું 'જ્યહારે બધાએ ત્હને કમ્બખ્ત કહે છે, તો તું ખરેખર કમબખ્તજ છે. આટલી મ્હોટી જમીનદારીનો માલીક થવાને તું લાયક નથી.'

આ લાગ જોઈને દયારામે પણ દેવીપ્રસાદની વિરૂદ્ધ નવાબ સાહેબના ઘણા કાન ભંભેર્યા, અને જણાવ્યું કે રામકાન્ત હવે ઘણો સુધરી ગયો છે માટે એને પોતાની બાપીકી જમીનદારી પાછી મળવી જોઈએ. આથી દેવીપ્રસાદના ઉપર ગુસ્સે થઈને નવાબ સાહેબે ત્હેની પાસેથી જમીનદારી છીનવી લઈને રામકાન્તને સોંપી દીધી.

રામકાન્તને પોતાની જમીનદારી કેવી રીતે પાછી મળી તે સંબંધી ઉપર જણાવેલી દંતકથા લોકોમાં ચાલતી આવે છે. નવાબ અલીવર્દીખાં કાંઈ મૂર્ખ મનુષ્ય નહોતો. એ ઘણો બુદ્ધિમાન, વિચક્ષણ અને સમજુ રાજા હતો. ભોળા બાળકની પેઠે આવા ગંભીર મામલામાં વખતો વખત તે પોતાના વિચારો બદલે અને જોતજોતામાં કોઈને નિહાલ કરી નાંખે અને કોઈને પાયમાલ કરી નાંખે એ બનવા જોગ નથી લાગતું. છતાં એટલી વાત તો નક્કી છે કે રામકાન્તને પોતાની જમીનદારી પાછી મળી તે દયારામના બુદ્ધિચાતુર્યને લીધેજ.

(૪)

૩૪ વર્ષની યુવાન વયે રાજા રામકાન્તનું મૃત્યુ થયું. રાણી ભવાનીને બે પુત્ર જન્મ્યા હતા. પરન્તુ મ્હોટો પુત્ર કાશીકાન્ત અગિયાર મહિનાનો થઇને અને ન્હાનો પુત્ર તો અન્નપ્રાશન સંસ્કાર થતાં પહેલાંજ ગુજરી ગયો હતો. ત્ય્હાર પછી રાણી ભવાનીને કોઇ પુત્ર સંતાન થયું નહોતું; અને એક કન્યા અવતરી હતી. પતિના મૃત્યુ વખતે એ કન્યા જીવતી હતી. ત્હેનું નામ તારા હતું.

સ્વામીના મૃત્યુ પછી એ વિસ્તીર્ણ જમીનદારીનો વહીવટ કરવાની જવાબદારી રાણી ભવાનીને માથે આવી પડી. ૩૨ વર્ષની વયે વિધવા થઇને ૮૦ વર્ષ સુધી રાણી ભવાની જીવી હતી. એ લાંબા સમયમાં ત્હેણે પોતાના જીવનમાં કઠોર વૈધવ્ય વ્રત પાળ્યું હતું. અને બ્રહ્મચર્યપૂર્વક પોતાનું જીવન ગાળીને એક તરફ રાજકાર્યમાં પૂર્ણ દક્ષતા બતાવી હતી, ત્ય્હારે બીજી તરફ દેવસેવા, ધર્મસેવા અને લોકોપકારમાં પુષ્કળ પૈસો ખરચીને દેવી તરીકે ખ્યાતી મેળવી હતી. પ્રતિભા અને ધાર્મિક ભાવની બાબતમાં રાણી ભવાની જેવી કોઈ સ્ત્રી બંગાળામાં થઈ નથી. એ રાણી ભવાનીના નામથી બંગાળા પ્રાન્ત પોતાને ગૌરવાન્વિત માને છે.

યથા સમયે રાણી ભવાનીએ રઘુનંદન ભાદુડી નામના કોઇ કુળવાન બ્રાહ્મણ યુવક સાથે કન્યાનો વિવાહ કરી દીધો. સાસુના કારભારી તરીકે જમાઇ ત્હેની જમીનદારીનો ઘણોખરો વહિવટ કરવા લાગ્યો.

દયારામ એ વખતે પણ નાટોરના રાજદરબારમાં મુખ્ય

કર્તાહર્તા હતો. દયારામના ઉપકારનું સ્મરણ કરીને રાણી ભવાની ત્હેનું વિશેષ સન્માન રાખતી હતી. બધા કામમાં તે દયારામના ઉપદેશ પ્રમાણે ચાલતી; પરંતુ રાણી ભવાનીની જમીનદારી ઉપર જમાઇનો વહીવટ હતો, એ વાત દયારામને રૂચી નહિ. આખરે તો એ જમાઇ હતો. નાટોરના રાજવંશ સાથે એને કાંઇ લાગતું વળગતું નહોતું. જે રાજગાદી ઉપર રાજા રામજીવન અને રાજા રામકાન્ત ગૌરવપૂર્વક રાજ્ય કરી ગયા હતા, તે ગાદી ઉપર દરિદ્ર બ્રાહ્મણનો પુત્ર રઘુનંદન કારભાર ચલાવે, એ દૃશ્ય જોઇને દયારામને હસવું આવતું. પ્રભુભક્ત દયારામ, પોતાના માલીકના રાજ્ય ઉપર બીજાનો વહિવટ રહે એ જોઇને ઘણો અસંતુષ્ટ થયો. એક દિવસ રાણી ભવાનીએ કોઈ ખાસ કામ માટે દયારામને તેડાવ્યો પણ દયારામ આવ્યો નહિ, અને કહેવરાવી મોકલાવ્યું કે હું ગમે ત્હેના કહ્યાથી રાજકાજ છોડી દઇને આવી શકતો નથી.'

રાણી ભવાની ઘણું વિસ્મય પામી. ત્હેણે ફરીથી બોલાવવા મોકલ્યું, એ વખતે દયારામ પોતે આવ્યા.

રાણી ભવાનીએ કહ્યું 'દયારામભાઈ! મ્હેં ત્હમને બોલાવ્યા હતા, પણ ત્હમે આવ્યા નહિ અને એવો ઉત્તર શા માટે મોકલાવ્યો?'

દયારામે કહ્યું 'મ્હેં કાંઇ ખોટું કામ કર્યું નથી. હું રાજકાર્યમાં ગુંથાયલો હતો. ગમે ત્હેના કહ્યાથી હું કામ પડતું મૂકીને આવી શકીશ નહિ, એવો વ્યાજબી જવાબ મ્હેં કહેવરાવ્યો હતો.'

રાણી ભવાનીએ કહ્યું 'પણ દયારામ ભાઇ, મ્હારી વાત પણ ગમે તેની વાત ગણાય કે?'

દયારામે ઉત્તર આપ્યો 'હાસ્તો વળી, ત્હમે કોણ? ત્હમે રાણી નથી, રાજમાતા નથી, ફક્ત રાજાની સાસુ છો. રાજાની સાસુને હું કાંઇ એવી મ્હોટી ગણુતો નથી કે ત્હેના કહેવરાવવાથી રાજ્યનું કામકાજ પડતું મૂકીને ચાલ્યો આવું! ત્હમે જ્યહારે રાજમાતા થશો ત્યહારે હું ત્હમારૂં યોગ્ય સન્માન કરીશ.' દયારામ શાથી અસંતુષ્ટ થયો હતો એ વાત ત્હેના આ કટાક્ષ ઉપરથી રાણી ભવાનીના સ્હમજ્યામાં આવી. ત્હેણે જરા હસીને કહ્યું 'દયારામભાઇ! રાજમાતા થઇને આ રાજવંશની રક્ષા, સસરાજી અને સ્વામીના નામની રક્ષા, તથા ત્હેમને પિંડદાન કરાવવાની વ્યવસ્થા કરવાની મ્હારી ઈચ્છા નથી એમ નથી. હજુ એને માટે પુરતો સમય છે, માટે જ મ્હેં આટલા દિવસ સુધી એ માટે ખાસ પ્રયત્ન કર્યો નહોતો, અને હાલને માટે જમાઇના હાથમાં કારભાર સોંપ્યો છે. એટલા માટે ત્હમને આટલું બધું ખોટું શેનું લાગ્યું? ત્હમે આટલા બધા રીસાયા શા સારૂ? જાઓ, ત્હમે કોઇ સદ્‌ગુણી અને હોંશિયાર બાળકને ખોળી લાવો, હું તેને દત્તક લઇશ. આથી સંતુષ્ટ થઇને રાણીને પ્રણામ કરી દયારામ બહાર આવ્યો.

પરન્તુ થોડાજ દિવસમાં રઘુનન્દનનું મૃત્યુ થયું. અસામાન્ય રૂપવતી રાજકન્યા તારા, યુવાવસ્થામાં પ્રવેશ કરતાં વારજ વિધવા થઈ. સાંસારિક સુખનો એક આધાર અને માતૃજીવનના સ્નેહના ખાસ પાત્ર–તારાના વિધવા થવાથી રાણી ભવાનીના હૃદયને કેવી સખ્ત વેદના થઇ હશે, તે હિન્દુ માતાઓને સ્હમજાવવું પડે તેમ નથી. એ દારૂણ વેદના હિંદુસ્થાનમાં ઘેરે ઘેર જોવામાં આવે છે.

પણ જે સ્ત્રીઓમાં રાણી ભવાનીની પેઠે અસાધારણ માનસિક શકિત હોય છે, જેઓ ધર્મની ખાતર, પરમેશ્વરને પ્રસન્ન રાખવા ખાતર, આવતો ભવ સુધારવા ખાતર, આ જીવનનું સઘળું સુખ, સઘળી ભોગલાલસાનો ત્યાગ કરીને શાન્તિમય જીવન ગાળે છે ત્હેમને કોઇ પણ પ્રકારનું દુઃખ, કોઈ પણ જાતનો શોક, કે ગમે તેવી મ્હોટી વિપત્તિ કર્તવ્યના માર્ગમાંથી વિચલિત કરી શકતી નથી. તારા પણ રાણી ભવાનીની યોગ્ય કન્યા હતી. સાક્ષાત્ દેવી સ્વરૂપ માતાના ઉપદેશથી તથા ત્હેના પોતાના જીવનના ઉદાહરણ ઉપરથી તારાનું ચારિત્ર્ય બંધાયું હતું. માતાની પેઠે કઠોર બ્રહ્મચર્ય અને ધર્મસેવામાં જીવન સમર્પણ કરીને તેણે પણ શાન્તિ મેળવી હતી. કન્યાનું ચિત્ત શાન્ત થવાથી માતાના મનને પણ ધીમે ધીમે શાન્તિ વળી.

બીજી તરફ દયારામ કોઇ સુયોગ્ય દત્તક પુત્રને માટે પહેલેથીજ શોધમાં હતો. જમાઇના મૃત્યુ પછી રાણી ભવાની પણ દત્તક પુત્રને માટે વિશેષ આગ્રહ કરવા લાગી.

દયારામે ઢંઢેરો પીટાવ્યો કે જે જે કુળવાન બ્રાહ્મણોના ઘરમાં જનોઇ દીધા વગરના સુંદર અને સુલક્ષણ બાળક પુત્ર હોય ત્હેમણે અમુક દિવસે એ બાળકોને લઇને રાજમહેલમાં આવવું. પોતાનો પુત્ર રાજગાદીનો અધિકારી થાય એ આશામાં માબાપો પોતાના સદ્‌ગુણી-દુર્ગુણી-ખુબસુરત અને બદસુરત બાળકોને લઇને રાજમહેલમાં એકઠાં થયાં. કારણ કે પોતાના બાળકને કદરૂપું અને અટકચાળું કોણ ગણે ? એક વિશાળ સુસજ્જિત મકાનમાં બાળકોને બેસાડવામાં આવ્યા. રાજમહેલનો

ઝગઝગાટ, ત્ય્હાંના લોકોનો ઠાઠ, અને ત્યાંની સજાવટ વગેરે જોઇને ઘણા બાળકો તો જડસડ જેવા થઇ ગયા. ફક્ત એકજ બાળકે પાર વગરની હિંમત બતાવીને મહેલમાં પેસતાં વારજ દયારામને પોતાના જોડા ખોલવા માટે કહ્યું. દયારામે હસીને બાળકના પગમાંથી જોડા કહાડી લીધા. બાળક સીધો જઇને આસન ઉપર બેસી ગયો. દયારામે વિચાર્યું કે આજ બાળક ખરો રાજા છે.

રાણી ભવાની પડદામાં બેસીને એ બધી ઘટના જોઇ રહી હતી. ત્હેણે દયારામને બોલાવીને પૂછ્યું 'દયારામભાઈ! ત્હમે કયા બાળકને રાજગાદી માટે પસંદ કર્યો?' દયારામે હસીને કહ્યું 'માજી! હમારા રાજા પોતે પોતાની મેળે મ્હારે હાથે પગરખાં કહડાવાને રાજ્યાસન ઉપર જઈ બેઠા છે. આપણી કોઇની પસંદગીની ત્હેણે પરવા રાખી નથી. રાજા રામજીવન અને રાજા રામકાન્ત, જેની સલાહ લઇને કામ કરતા હતા એવા શખ્સ પાસે જે બાળકે જુતાં ખોલાવ્યાં ત્હેના કરતાં આ રાજ્યને માટે વધારે લાયક બાળક બીજો કોણ હોઈ શકે? એ બાળકજ હમારો ખરો રાજા છે; આપ એમનેજ દત્તક લ્યો.

એ બાળકને યથાવિધિ દત્તક લઇને રાણી ભવાનીએ ત્હેનું નામ રામકૃષ્ણ રાખ્યું.

(૫)

બંગાળાના છેલ્લા સ્વતંત્ર નવાબ દુર્ભાગી સિરાજ–ઉદ્–દૌલાનું નામ આ દેશમાં સૌ કોઇ જાણે છે. ઇતિહાસ અને લોકવાયકાએ ત્હેના નામને અનેક રીતે કલંકિત કર્યું છે. ત્હેની ક્રૂરતા અને સુસ્તી સંબંધી જે જે લોકવાયકાઓ છે તે પ્રમાણ-

વગરની છે એમ પણ કોઇ કોઇ ઐતિહાસિકોએ અનેક પ્રમાણ સાથે સાબિત કર્યું છે. પરંતુ એ હદપાર ઉચ્છૃંખલ અને વિષયી હતો એ વાતનો બધા સ્વીકાર કરે છે. યૌવનના આરંભકાળથી જ ત્હેની ઉચ્છૃંખલતા અને વિષયલાલસા એવી સ્પષ્ટ રીતે જણાઇ આવી હતી કે એ વખતના બંગાળાના મુખ્ય મુખ્ય જમીનદારો અને અમલદારો ત્હેના ઉપર ઘણા ગુસ્સે થયા હતા.

સ્નેહપરાયણ વૃદ્ધ નવાબ અલીવર્દીખાં પોતે ધર્મશીલ અને સંયમી હોવા છતાં પણ આ યુવરાજને ખરાબ કૃત્યો કરતાં રોકતો નહિ. આ પ્રમાણે કોઇની પણ ધાક વગર, વયોવૃદ્ધિની સાથે સિરાજની ભોગલાલસા અને ઉચ્છૃંખલતા પણ વધતી ગઈ. અનેક કુલીન લલનાઓનું અમૂલ્ય સતીત્વ ધન એ લાલસાના અગ્નિમાં વિસર્જિત થવા લાગ્યું; અનેક વિશુદ્ધ કુળને કલંકની મેશ લાગી. બધી રૈયત અત્યંત ભયભીત થઇ ગઇ.

મુર્શિદાબાદની પાસે 'બડનગર'ની પાસે ગંગા કિનારે રાણી ભવાનીનું એક ઘર હતું. ગંગાકિનારે વાસ કરવાના ઉદ્દેશથી એ ઘણી વખત તે ઘરમાં રહેતી હતી. ત્હેની જુવાન વિધવા કન્યા તારા અત્યંત રૂપવતી હતી. બ્રહ્મચર્ય અને ધર્મ-સેવાને લીધે ત્હેના સૌન્દર્ય ઉપર અપૂર્વ સ્વર્ગીય જ્યોતિ દીપી રહી હતી. એ ઉજ્વળ રૂપને લીધે વિધવા તારા કોઇ દેવ-બાળાના જેવી સુંદર લાવણ્યમયી દેખાતી હતી.

એક દિવસ સંધ્યાકાળની થોડીક અગાઉ પોતાના ઉજ્વળ રૂપથી ચારે તરફ પ્રકાશ નાખતી તારા ગંગાના કિનારે એ ઘરની અગાશી ઉપર ઉભી હતી. એ સમયે સિરાજ અને

તેના વિલાસી સોબતીઓ મછવામાં બેસીને ગંગા નદીમાં સહેલ કરવા નીકળ્યા હતા. ત્હેમની નજર તારાના ઉપર પડી. વિષયી સિરાજ તારાનું અપૂર્વ મનમોહક સૌન્દર્ય જોઈને મુગ્ધ થઈ ગયો. ત્હેના હૃદયમાં વિષયલાલસા જાગી ઉઠી. આવેશને કેમ રોકવો એતો સિરાજ કોઇ દહાડો શિખ્યો જ નહોતો, એટલે તારાને પ્રાપ્ત કરવા માટે ત્હેના મનમાં અદમનીય આકાંક્ષા ઉત્પન્ન થઇ. બળ, છળ, યુક્તિ, પ્રપંચ ગમે તે પ્રકારે કરીને તારાને પકડી લાવવાનો એણે સંકલ્પ કર્યો અને એજ દિવસથી એ સંકલ્પ પાર પાડવાના યત્ન પણ આરંભ્યા.

એ સમાચાર રાણી ભવાનીના કાને પણ પહોંચ્યાં. ત્હેના ભયનો પાર રહ્યો નહિ. રાણી ભવાની એ વખતે લગભગ અડધા બંગાળાની અધીશ્વરી હતી. ચરિત્રની દૃઢતા, તેજસ્વિતા, રાજ્ય ચલાવવાની શક્તિ અને અસંખ્ય પરોપકારી કામોને લીધે બંગાળાના જમીનદારો અને જનસમાજ ત્હેના તરફ અત્યંત ભક્તિ અને શ્રદ્ધા ધરાવતાં હતાં. સિરાજ ત્હેની કન્યાનું હરણ કરવાનો યત્ન કરશે તો બંગાળામાં ક્રોધ અને અસંતોષની પ્રબળ આગ સળગી ઉઠશે, એ વાત રાણી ભવાની સારી પેઠે જાણતી હતી, પરન્તુ એ છતાં પણ તે ભયભીત થઈ, એનું કારણ એ હતું કે, પોતાની સ્હામેના વિરોધની પક્કી ખાત્રી હોવા છતાં પણ ઈન્દ્રિયલાલસાથી ઉન્મત્ત બનેલો સિરાજ પોતાનો દુષ્ટ સંકલ્પ છોડી દેશે નહિ એ વાતની ત્હેને ખાત્રી હતી. સિરાજનો બાપ અલીવર્દીખાં પણ પુત્રસ્નેહને લીધે એટલો બધો દુર્બળ થઈ ગયો હતો કે પુત્રને આવું દુષ્કૃત્ય કરતાં રોકે એવો જરાપણ સંભવ નહોતો.

બીજી તરફ તારાનું બળપૂર્વક હરણ કરવા સારૂ સિરાજના સૈન્યે આવીને, બડનગર ઉપર હુમલો કર્યો. નગરની પાસે જ સંન્યાસીઓનો એક આશ્રમ હતો. એ સંન્યાસીઓનું પોષણ રાણી ભવાનીદ્વારાજ થતું હતું. ભવાનીએ આ આપત્તિને વખતે ત્હેમનો આશ્રય માગ્યો. પોતાનું પોષણ કરનાર રાણી ભવાનીના રક્ષણ સારૂ એ સંસારત્યાગી સંન્યાસીઓ પણ વીર રાજપુતોની પેઠે ઢાલ તલવાર બાંધીને હાજર થયા. સિરાજના સૈન્ય સાથે એ સંન્યાસીઓના લશ્કરને ભયંકર યુદ્ધ થયું. સંન્યાસીઓનો જય થયો. સિરાજનું સૈન્ય હાર ખાઇને ન્હાસી ગયું.

પરન્તુ આટલાથી પણ સિરાજ ઠંડો પડીને બેસી રહે એવી આશા નહોતી. સિરાજને છેતરવા માટે અને એટલા અવસરમાં પોતાના બચાવની પુરતી તૈયારી કરવા માટે બુદ્ધિમાન રાણી ભવાનીએ એક યુક્તિ શોધી કહાડી. એણે ગંગા નદીના કિનારે એક ખોટી ચિતા બનાવીને સળગાવી મૂકી અને ચારે તરફ ખબર ફેલાવી દીધી કે, તારાનું એકાએક મૃત્યુ થયું છે અને ત્હેનું અપૂર્વ સૌંદર્ય ચિતામાં ભસ્મીભૂત થઇ ગયું છે.

પણ આ પ્રપંચ ઘણા દહાડા સુધી ટકી શકયો નહિ. રાણી ભવાનીએ હવે ઘણો વખત બડનગરમાં રહેવું વ્યાજબી ધાર્યું નહિ. હથિયારબંધ પહેરેગીરોને તથા પોતાની કન્યા તારાને લઇને તે નાટોર પાછી ગઇ. નાટોરના રાજમહેલની આસપાસ એ વખતે ત્રણ કોટ બાંધેલા હતા. રાણી ભવાનીએ એ સુરક્ષિત ગઢમાં તારા સાથે આશ્રય લીધો, અને આત્મરક્ષણ માટે લશ્કર એકઠું કરવા માંડયું.

એ અરસામાં પોતાના અધમ કૃત્યનું ફલાફલ વિચારવાનો થોડોક અવસર સિરાજને મળ્યો. કાંઇક તો પોતાની અક્કલની અને કાંઇક દોસ્તોની સલાહથી એની ખાત્રી થઇ કે, રાણી ભવાની જેવી શક્તિમતી અને પ્રભાવશાલી, તથા બધા લોકોની શ્રદ્ધા અને ભક્તિ ધરાવનારી જમીનદાર રાણીના કુળને કલંક લગાડવાનો પ્રયત્ન કરવાથી પોતાના આખા રાજ્યમાં અસંતોષ અને ફિતુરની મ્હોટી આગ સળગી ઉઠશે; અને એ આગમાં પોતાનું સિંહાસન તથા જીવન સુદ્ધાન્ત ભસ્મીભૂત થઇ જશે. લાંબો વિચાર કરીને સિરાજ ખામોશ રહ્યો.

થોડા સમય પછી નવાબ અલીવર્દીખાંનું મૃત્યુ થયું. સિરાજ બંગાળાનો નવાબ થયો. ત્હેના ગાદીએ બેઠા પછી થોડાજ વખતમાં કલકત્તાની ઇસ્ટ ઇંડિયા કંપની સાથે સિરાજને ટંટો ઉભો થયો.

સત્તરમી સદીના મધ્ય ભાગમાં એટલે કે અલીવર્દીખાં અને સિરાજના રાજ્યની લગભગ સો વર્ષ અગાઉ, અંગ્રેજ વેપારીઓએ બંગાળામાં ઠેકાણે ઠેકાણે વેપારી પેઢીઓ સ્થાપી હતી. આ પેઢીઓ ‘ કોઠી ’ ના નામથી પ્રસિદ્ધ હતી. પાછળથી બાદશાહ પાસેથી ત્હેમણે કલકત્તા અને પાસેના કેટલાંક ગામોની જમીનદારી લીધી અને વેપાર વણજ સંબંધી બીજા પણ કેટલાક અધિકાર મેળવ્યા. એ વખતે દેશમાં વખતો વખત વિદ્રોહ, અંધાધુની અને બીજી અનેક પ્રકારની અડચણો ઉભી થતી. એ બધી આપત્તિઓને વખતે પોતાનું રક્ષણ કરવા સારૂ અંગ્રેજ વેપારીઓની કંપનીએ કલકત્તામાં એક કિલ્લો બાંધ્યો અને થોડુંક સૈન્ય રાખ્યું. ધીમે ધીમે બંગાળામાં ત્હે-

મની શક્તિ વધારે પ્રબળ થતી ગઈ.

પરદેશી વેપારી અંગ્રેજોની પોતાના દેશમાં આ પ્રમાણે શક્તિ વધતી જતી જોઈને વિચક્ષણ અલીવર્દીખાં કાંઈક ભયભીત અને ચિંતાતુર થયો હતો. મૃત્યુસમયે તેણે સિરાજ ઉદ્દૌલાને એ વિષયમાં ઘણા જ સાવધાન રહેવાનો ઉપદેશ આપ્યો હતો.

આ બધાં કારણોને લીધે અંગ્રેજો ઉપર સિરાજનો સદ્ભાવ નહોતો. વળી શક્તિ વધતી ગઈ તેમ તેમ અંગ્રેજોની વર્તણુંકમાં પણ અભિમાનનો ભાવ દેખાવા લાગ્યો. સિરાજે કલકત્તા ઉપર હુમલો કરીને અંગ્રેજોના કિલ્લાને પોતાના કબજામાં લીધો; પણ એટલામાં મદ્રાસથી અંગ્રેજ સેનાપતિ કલાઈવ ઘણા મ્હોટા સૈન્ય સાથે આવી પહોંચ્યો, અને નવાબના લશ્કરને હરાવીને તેણે કિલ્લાને પાછો પોતાના તાબામાં લીધો. ત્યહાર પછી કલકત્તામાં અંગ્રેજોની સાથે સિરાજને સંધિ થઈ. એ સંધિથી અંગ્રેજોની શક્તિ અને સત્તા પણ ઘણે દરજ્જે વધી પડયાં.

આ બનાવ બન્યા પછી થોડે સમયે જગત શેઠ, મહારાજા કૃષ્ણચન્દ્ર, રાજા રાજવલ્લભ વગેરે બંગાળાના કેટલાક આગેવાન અમલદારો અને જમીનદારો સિરાજને પદભ્રષ્ટ કરીને ત્હેની જગ્યાએ ત્હેના સેનાપતિ મિરજાફરને ગાદી ઉપર બેસાડવાને માટે મ્હોટી ખટપટ કરવા લાગ્યા.

બધા દેશોમાં રાજાની નીચે જમીનદારો અને મુખ્ય અમલદારોનું સ્થાન હોય છે. વ્યક્તિગત સ્વાર્થનું કે જાતીય સ્વાર્થનું રક્ષણ કરવા સારૂ એક રાજાને પદભ્રષ્ટ કરીને બીજા રાજાને

ગાદીએ બેસાડવા એકઠા મળીને યત્ન કરવો એ ન્યાયપુરઃસર હશે કે નહિ, એ જુદો સવાલ છે; પરંતુ એવા બનાવો દુનિયાના ઇતિહાસમાં ઘણીવાર બનતા રહ્યા છે અને રહેશે. આગલા વખતમાં બંગાળાના જમીનદારોના પ્રયત્નથી ઉચ્છૃંખલ અને વિષયી નવાબ સરફરાજખાં રાજ્યભ્રષ્ટ થયો હતો અને અલીવર્દીખાંએ ગાદી મેળવી હતી. આ વખતે પણ એમની ઇચ્છા સિરાજને પદભ્રષ્ટ કરીને મિરજાફરને ગાદી આપવાની હતી, પરંતુ પહેલી વાર જમીનદારો અને અમલદારોએ પોતાનાજ બળ ઉપર આધાર રાખીને કામ કર્યું હતું. અને આ પ્રસંગમાં ત્હેમણે ભૂલ એ કરી કે મિરજાફરને ગાદી અપાવવા સારૂ ત્હેમણે અંગ્રેજોની મદદ માગી. અંગ્રેજો એ વખતે દેશના રાજા નહોતા. ફક્ત પરદેશી વેપારી હતા. વેપારી તરીકે હિંદુસ્થાનમાં આવીને એ વખત સુધીમાં ત્હેમણે પોતાની સત્તા સારી પેઠે જમાવી હતી. આવે અણીને વખતે અંગ્રેજોની મદદ માગવાથી અંગ્રેજોની શક્તિ દેશમાં વધારે પ્રબળ થઈ પડશે, ભવિષ્યના નવાબને ત્હેમની આગળ માથું નમાવીને રહેવું પડશે, એ બધી વાત એ વખતે ટુંકી નજરના જમીનદારો અને અમલદારોના ધ્યાનમાં ઉતરી નહિ.

પરન્તુ સ્વાર્થના મોહની ખાતર કહો, કે બુદ્ધિના દોષને લીધે કહો, જે વાત દેશના પુરૂષ આગેવાનોના સ્હમજ્યામાં ન આવી તે વાત એક અબળા રમણી જમીનદાર સારી પેઠે સ્હમજી ગઇ હતી. એ દૂરઅંદેશ બુદ્ધિમાન સ્ત્રી તે આપણા ચરિત્રની નાયિકા રાણી ભવાની હતી. ખરૂં પૂછાવો તો સિરાજની સાથે ખરેખરી દુશ્મની રાખવાનું, અને લાગ મળે તો

વેર લેવાનું સચોટ કારણ રાણી ભવાનીને મળ્યું હતું. કામાંધ થઇને સિરાજે ત્હેની એકની એક કન્યાનું શિયળ ભંગ કરવાને પ્રયાસ કર્યો હતો, પણ રાણી ભવાની ઘણીજ ઉદાર પ્રકૃતિવાળી સ્ત્રી હતી. જ્યહાં આગળ આખા દેશના કલ્યાણનો સવાલ હોય ત્યહાં આગળ શું પોતાના અંગત દ્વેષનો વિચાર કરવો જોઈએ ? પોતાને થયેલા અન્યાયનો ઘુંટડો એ શાંતિથી ગળી ગઈ હતી. આવે વખતે ત્હેણે સિરાજનો બદલો લેવાનો સ્વપ્નમાં પણ વિચાર ન કર્યો. અંગ્રેજોની મદદથી સિરાજને પદભ્રષ્ટ કરીને મિરજાફરને ગાદીએ બેસાડવાથી ભવિષ્યમાં શું પરિણામ આવશે તે રાણી ભવાની સ્પષ્ટ રીતે સ્હમજી શકી હતી. એટલા માટે સિરાજના વિરૂદ્ધ પક્ષના પ્રપંચી જમીનદારો અને અમલદારોએ જ્યહારે ત્હેનો મત પૂછાવ્યો ત્યહારે ત્હેણે સ્પષ્ટ રીતે વિરૂદ્ધ મત આપ્યો. જમીનદારોના હિચકારા યત્નને લીધે એ એટલી બધી ગુસ્સે થઈ હતી કે એમાંના એક મુખ્ય પુરૂષને, ત્હેણે એક જોડી ચુડીઓ અને સિંદુર ભેટ મોકલ્યાં હતાં. એમ કરીને તેણે કટાક્ષમાં સૂચવ્યું હતું કે ત્હમે પુરૂષ થઇને સ્ત્રીઓ જેવું ટુંકી બુદ્ધિનું અને નામર્દાઇનું કામ કરી રહ્યા છો.

પરંતુ રાણી ભવાનીના ઉપદેશ અને કટાક્ષની એ દેશદ્રોહીઓ ઉપર કાંઈ પણ અસર થઈ નહિ. ત્હેમણે પોતાનો સંકલ્પ છોડી દીધો નહિ. પ્રપંચીઓની ઇચ્છા અને પ્રયત્ન સફળ થયા. ભાગીરથીને કિનારે પ્લાસીના રણક્ષેત્રમાં કલાઇવની સાથે સિરાજને યુદ્ધ કરવું પડયું. એ યુદ્ધમાં સેનાપતિ મિરજાફર વિશ્વાસઘાતક નિવડયો અને સિરાજનો પરાજય થયો. સિરાજ

ત્યાંથી પલાયન કરી ગયો; પણ પાછળથી તે પકડાયો અને મિરજાફરના પુત્ર મીરનના હાથે માર્યો ગયો. પછી અંગ્રેજોનો આશ્રિત મિરજાફર બંગાળાનો નવાબ બન્યો.

દશબાર વર્ષમાં આખું બંગાળા અંગ્રેજોના હાથમાં આવ્યું. મિરજાફરના વંશજ નવાબો અંગ્રેજોની પાસેથી વૃત્તિ મેળવીને મુર્શિદાબાદમાં રહેતા હતા. બંગાળાની રાજધાની એ વખતથી અંગ્રેજોની સત્તાના કેન્દ્રસ્થળ કલકત્તામાં સ્થાપન થઇ.

(૬)

રાણી ભવાનીની પૂર્વાવસ્થા, ત્હેની રાજ્ય ચલાવવાની શક્તિ, ત્હેની ઉદાર નીતિ, તથા બંગાલાના ઇતિહાસમાં ત્હેણે બતાવેલી દીર્ઘદર્શિતા આદિનો પરિચય આપ્યા પછી, હવે ત્હેના જીવનના બીજા ગુણોનો પરિચય આપીશું. કઠોર કર્તવ્ય–વ્રત-પરાયણ જીવનથી દેવસેવા, લોકસેવા, દાન–ધર્મ વગેરે અસંખ્ય સત્કૃત્યોથી; છુટે હાથે પુષ્કળ દાન કરવાથી તથા એવાં જે અનેક કાર્યોથી રાણી ભવાની ચિર યશસ્વિની થઇ ગઇ છે ત્હેનો હવે ઉલ્લેખ કરીશું. જે કારણોને લીધે રાણી ભવાનીનું નામ આ દેશમાં આજ દિન સુધી પૂજાય છે તે ગુણોનું સંક્ષિપ્તમાં વિવેચન કરીશું.

બચપણથી જ દેવતા અને ધર્મ ઉપર રાણી ભવાનીને વિશેષ શ્રદ્ધા હતી, ભક્તિ અને લોકસેવા તરફ ત્હેનું ચિત્ત મૂળથીજ વધારે આકર્ષિત હતું. તે સધવા હતી ત્યહાંસુધી જમીનદારીનો વહિવટ ત્હેના સ્વામીના હાથમાં હતો; ત્હેના હાથમાં પૈસો છુટથી આવતો નહિ, છતાં પણ જેટલું ધન ત્હેને મળતું ત્હેનો ઉપયોગ એ છુટે હાથે ધર્મકાર્યમાં અને લોકસેવામાં

કરતી. એ વખતે પણ ત્હેણે અનેક સ્થળોએ મંદિરો બંધાવ્યાં હતાં. જે સ્થળોએ માણસોને પાણીની તંગી પડતી હતી ત્યહાં જળાશયો ખોદાવ્યાં હતાં. અન્ન–વસ્ત્ર આપીને અનેક દુઃખીઓનાં દુઃખ નિવારણ કર્યાં હતાં. ગરીબ બ્રાહ્મણો અને બીજા લોકોની કન્યાઓનાં કન્યાદાન પોતાને ખર્ચે કરાવી આપ્યાં હતાં. આ પ્રમાણે ત્હેણે સ્વામીની હયાતીમાં પણ સેંકડો પુણ્ય કાર્ય કર્યાં હતાં, પરન્તુ સ્વામીના મૃત્યુ પછી જ્યહારે આખી જમીનદારીનો વહિવટ ત્હેના હાથમાં આવ્યો ત્યહારે તો ત્હેણે એવાં સત્કાર્યોમાં લાખો રૂપિયા ખરચ્યા હતા. પ્રથમથીજ દેવસેવા ઉપર ત્હેને કેવી ઉંડી ભક્તિ હતી. તે સંબંધી એક ઉત્તમ દંતકથા પ્રચલિત છે.

એક વખતે ત્હેમના પતિ રાજા રામકાન્તે મોતીના બે હાર ખરીદ કર્યા અને બે હાર રાણી ભવાનીના હાથમાં મૂકીને કહ્યું 'આમાંનો એક ત્હારો છે, અને એક કાળી માતાને માટે છે.' રાણી ભવાનીએ જોયું તો એમાંનો એક હાર તો ઘણોજ સરસ હતો અને બીજો કાંઇક હલકો હતો. ત્હેણે પતિને પૂછ્યું કે 'આમાંનો કયો હાર દેવીને ચ્હડાવવા ધારો છો?' રામકાન્તે હસીને કહ્યું 'આ હલકો હાર! અને આ કિંમતી હાર ત્હારે પોતાને સારૂ આણ્યો છે.'

રાણી ભવાનીએ કહ્યું 'મ્હેં વિચાર કર્યો હતો કે સારો હાર છે તે દેવીને ચ્હડાવીશ, પણ કાંઇ હવે આપણી બન્નેની ઇચ્છા પૂર્ણ થાય એવું કરવું જોઇએ. બન્ને હાર દેવીને ચ્હડાવી દો.' રાણીની દેવી પ્રત્યેની ભક્તિથી વિસ્મિત અને મુગ્ધ થઇ જઇને રાજા બોલ્યા 'ઠીક, ત્હારી એવી ઇચ્છા છે તો હું એમજ કરીશ.'

મોતીના બન્ને હાર દેવીને સમર્પણ થયા.

વિધવા થયા પછી તે જીંદગીના છેલ્લા દિવસ રાણી ભવાનીએ કઠોર બ્રહ્મચર્ય પાળીને ધર્મ અને કર્મમય જીવન ગાળ્યું હતું. નાટોરમાં ન રહેતાં એ ઘણુંખરૂં ગંગાકિનારે બડનગરમાંજ રહેતી. ચાર ઘડી રાત રહે ત્યહારે એ ઉઠતી, અને બે કલાક સુધી જપ કરતી. ત્યહાર પછી અંધારામાંજ પોતાને હાથે ફુલ તોડીને, પ્રાતઃસ્નાન કરીને, ઘાટ ઉપર બેસીને બે કલાક સુધી શિવપૂજા અને ગંગાપૂજન કરતી, ત્યહાર પછી સઘળાં દેવાલયોમાં ફરીને દર્શન કરી આવીને ઘેર પાછી આવતી, ઘેર આવ્યા પછી થોડો વખત સુધી પુરાણ સાંભળતી અને પછી ઇષ્ટ દેવતાની પૂજા કરતી, ત્યહાર પછી સાધારણ ફળાહાર કરીને ઘરનાં સઘળાં આદમીઓનાં ભોજન ઉપર દેખરેખ રાખતી. ત્યહાર પછી પોતાને હાથે રસોઇ કરીને દશ બ્રાહ્મણોને જમાડીને પોતે ભોજન કરતી. ભોજન કરી રહ્યા પછી આચમન કરીને દીવાનખાનામાં જઇને કુશાસન ઉપર બેસતી. ત્યહાં આગળ અમલદારોની પાસેથી રાજ્યનું કામકાજ સાંભળતી, અને કાગળ પત્ર વાંચીને યોગ્ય હુકમો આપતી.

એ બધું કામ થઇ રહ્યા પછી પાછી અંદર જઈને પુરાણ સાંભળવા બેસતી. બે ત્રણ કલાક પછી અમલદારો કાગળો ઉપર ત્હેની આજ્ઞા મૂજબ શેરા લખીને આવતા એટલે એ ત્હેમના ઉપર વાંચીને સહી કરી આપતી.

સંધ્યાકાળે પાછી ગંગાકિનારે જઇ સંધ્યાનું આહ્નિક કરતી તથા ગંગાજીમાં ઘીનો દીવો મૂકી આવતી. સંધ્યાકાળ પછી ઘેર પાછી આવીને મોડી રાત સુધી જપ કરતી. જપ

કરી રહ્યા પછી થોડુંક જળ પીને દીવાનખાનામાં બેસીને રાજ્ય સંબંધી કામકાજ કરતી, રૈયતની અરજીઓ સાંભળતી અને ઇનસાફ આપતી. ત્યહાર પછી મળવા આવનાર લોકો સાથે મેળાપ કરતી. આ પ્રમાણે આખો દિવસ કામકાજમાં વ્યતીત થતો. ઘરમાં ગયા પછી તે જાતે તપાસ કરતી. સૌ કોઈ ક્ષેમકુશળ છે કે નહિ અને કોઇને કોઈ જાતની અડચણ તો નથી પડતી. આટલી બધી ચોકસી કર્યા પછી એ પોતે સૂઈ જતી.

પોતાની ગંજાવર જમીનદારીમાંથી ત્હેને લાખો રૂપિયાની આવક થતી. બ્રહ્મચારિણી, કઠોર વ્રતપરાયણ વિધવા ભવાની પોતાના શણગારમાં અને ભોગવિલાસમાં કાંઇ પણ ખર્ચ કરતી નહિ. કુટુંબીઓનું પાલનપોષણ કરવામાં તથા પોતાના દરરોજના વ્રતનિયમમાં જે કાંઇ ખર્ચ થતું તે ઉપરાંતની બધી આવક દાનમાં અને લોકોપયોગી કામોમાં ખર્ચ કરતી. એ ધનનો તે ખજાનામાં સંચય કરતી નહિ.

તેણે બ્રાહ્મણ, અતિથિ, તીર્થવાસી અને ભિન્ન ભિન્ન પ્રકારના સંન્યાસીઓને માટે દર વર્ષે એક લાખ એંશી હજાર રૂપિયાની તો રોકડ વૃત્તિઓ બાંધી આપી હતી. કેળવણીના પ્રચારને સારૂ ઠેકાણે ઠેકાણે પાઠશાળાઓ સ્થાપી હતી. એ પાઠશાળાઓમાં વિદ્યાર્થીઓને ભણાવવાનો તથા ભરણપોષણનો પૂરતો બંદોબસ્ત હતો. ત્હેમને માટે ત્હેણે અનેક છાત્રવૃત્તિઓ સ્થાપી હતી, અને પોતાના ઉત્તરાધિકારીઓ રખે એ છાત્રવૃત્તિઓને કાયમ ન રાખે એમ ધારીને અંગ્રેજ રાજ્યની સ્થાપના થયા પછી, પોતાની ઠરાવેલી ખંડણી ઉપરાંત છાત્રવૃત્તિની

અમુક રકમ તે જમા કરાવતી હતી. જેથી અધ્યાપકો અંગ્રેજ સરકાર પાસેથી વખતસર વૃત્તિ લઈને પાઠશાળાનું ખર્ચ ચલાવતા હતા.

રાણી ભવાની પોતાની જમીનદારીમાં તથા બીજાઓની જમીનદારીમાં ઘણા દરિદ્ર લોકોને કરની માફીવાળી જમીન દાન આપતી અને એમ કરીને સેંકડો ગરીબોની સદાને માટે આશિષ મેળવતી.

રોગીઓની ચિકિત્સા સારૂ તેણે આઠ વૈદ્યોને પગાર આપીને રાખ્યા હતા. તે લોકો આખા રાજ્યમાં ઠેકાણે ઠેકાણે ફરીને ગરીબોને મફત દવા પ્હોંચતા હતા. એમની સાથે દવાઓ, જુના ચોખા, મગની દાળ, સાકર વગેરે રોગીઓને ખાવાની સામગ્રી લઈને ભોઈ લોકો જતા. દરેક વૈદ્યની સાથે બે નોકર રહેતા. તેઓ ગરીબ રોગીઓને ઔષધ અને ખોરાક તૈયાર કરીને ખવરાવતા. એ વખતે દેશમાં સ્થાયી ધર્માદા દવાખાનાં નહોતાં, પણ રાણી ભવાનીની અપૂર્વ વ્યવસ્થાને લીધે દરરોજ ફરતાં આઠ દવાખાનાં ત્હેની જમીનદારીમાં કામ કરતાં હતાં.

તે ઉપરાંત નાટોર શહેરમાં રાજશાહી નગરમાં અને બીજી ઘણી જગ્યાએ ત્હેણે દેવાલયો અને જળાશયો બંધાવ્યાં છે. દેવાલયોમાં નાટોરની પાસે કરતોયાના કિનારે આવેલા ભવાનીપુર તીર્થમાં અન્નપૂર્ણાનું મંદિર વિશેષ પ્રખ્યાત છે. એ મંદિરની સ્થાપના સંબંધી એક ઘણી સુંદર દંતકથા પ્રચલિત છે.

એક દેશમાં હળી મળીને સાથે રહેવાથી હિંદુ અને મુસલમાન ભાઈઓમાં ધર્મ સંબંધી ઝગડા ઘણા ઓછા થતા જાય છે. હિન્દુઓ, મુસલમાનોના પીર પેગમ્બરને મીઠાઈ ચ્હડાવે

છે; મુસલમાનો ઘણીવાર હિંદુ દેવતાઓની માનતા માને છે. ભવાનીપુરના તીર્થસ્થાનની માનતા માન્યાથી કોઇ એક ધનવાન મુસલમાન દિલ્હીના દરબારમાં એક મુકદ્દમો જીત્યો હતો. કૃતજ્ઞ હૃદયે એ મુસલમાને એ દેવીને માટે એક સુંદર મંદિર બંધાવી આપ્યું. પરંતુ એ મંદિરનું બહારનું સૌન્દર્ય એટલું બધું વધારે હતું કે લોકો મુગ્ધ થઈ જઇને ત્હેનેજ ઘણા લાંબા વખત સુધી જોયા કરતા. અંદર જઇને દેવીનાં દર્શન કરવાની વધારે દરકાર રાખતા નહિ. એવી દંતકથા ચાલે છે કે રાણી ભવાનીએ એક દિવસ સ્વપ્નામાં દેવીને જોયાં. દેવીએ ત્હેમને કહ્યું કે લોકો મ્હારા મંદિરનાં બહારથીજ દર્શન કરીને ચાલ્યા જાય છે. અંદર આવીને મ્હારાં દર્શન કરવા કોઇ વધારે વાર સુધી થોભતું નથી. તું મ્હારા મંદિરને અંદરથી સુંદર બનાવી દે.

દેવીની આજ્ઞા માનીને રાણી ભવાનીએ દેવીના મંદિરને અંદરથી એવી સરસ રીતે સજાવી દીધું કે ત્હેની આગળ મંદિરનું બાહ્ય સૌંદર્ય બિલકુલ ઝાંખું પડી ગયું. લોકોને અંદર ગયા પછી બહાર આવવાનું મન થતું નહિ.

ભવાનીપુરના તીર્થમાં જવા સારૂ ત્હેણે નાટોરથી ભવાનીપુર સુધી એક વિશાળ સડક બંધાવી હતી. એ સડક લગભગ પચાસ માઇલ લાંબી છે. એ બધા રસ્તા ઉપર ઠેકાણે ઠેકાણે વિસામા બનાવ્યા છે. ત્ર્હાં આગળ મુસાફરોને ખાવા પીવાને માટે બધી જાતની સગવડ રાખવામાં આવી હતી. એ રસ્તાને લોકો ‘ભવાની જાંગાલ’ કહે છે.

રાણી ભવાની દરેક દુર્ગોત્સવને પ્રસંગે જે દાન કરતી

હતી ત્હેની કથા સાંભળીને આપણે અવાક્ થઇ જઈએ છીએ. દર વર્ષે બે હજાર કુમારીઓ અને સધવાઓને, તે ઉંચી જાતની સાડી, ચૂડીઓ, અને સોનાની નથ, એટલાં વાનાં આપતી. પડવાથી નવમીના દિવસ સુધી દરરોજ એક સો કુમારિકાઓને સોનાનાં ઘરેણાં આપી દઈને તેમની પૂજા કરતી. બ્રાહ્મણ પંડિતોને પચાસ હજાર રૂપિયા દાન કરતી. તે ઉપરાંત હજારો દીન–દુઃખી અને કંગાલોને ભોજન કરાવીને તથા દાન આપીને તૃપ્ત કરતી.

બધાં દીન દુઃખી મનુષ્યો હમેશાં ત્હેની આગળ પહોંચી શકતાં નહિ, એટલા સારૂ રાણી ભવાનીએ પોતાના વિશ્વાસુ અમલદારોને ત્હેમના હોદ્દા અનુસાર એકથી તે સો રૂપિયા સુધી, વગર રજાએ દાન કરવાની સત્તા આપી રાખી હતી.

કોઇ પણ બાબતમાં અમુક રકમ દાન કરવાનો સંકલ્પ કર્યા પછી, ગમે તેટલી અડચણ આવી પડે તોપણ તે પોતાનો સંકલ્પ બદલતી નહિ. અતિશય દાનને લીધે ત્હેના ખજાનામાં ઘણું ધન એકઠું થતું નહિ. એક વખત રાજ્યની આવક સારી ન થઇ તેથી સંકલ્પાનુસાર દાન કરવામાં ઘટાડો પડયો, એ વખતે ત્હેણે ખેતરોમાંનું અનાજ વેચી દેવાનો હુકમ આપ્યો; એમાંથી ત્રણ લાખ રૂપિયા વસૂલ થયા; પણ એટલાથી પણ એને સંતોષ થયો નહિ; પોતાનાં ઘરેણાં વેચીને ત્હેણે બાકીના રૂપિયા એકઠા કર્યા; અને દાન ધર્મની પોતાની વાંછના પૂર્ણ કરી.

દાન ધર્મ વગેરે માટે કાશીમાં રાણી ભવાનીની આજ દિન સુધી અત્યંત કીર્તિ છે. કાશીના લોકો રાણી ભવાનીને સાક્ષાત્ અન્નપૂર્ણા દેવીરૂપે પૂજતા. હજુ પણ કાશીવાસીઓ

પ્રાતઃકાળમાં વિશ્વેશ્વર અને અન્નપૂર્ણા દેવીના નામની સાથે રાણી ભવાનીના નામનું પણ ઉચ્ચારણ કરે છે.

પહેલી વાર જ્યહારે એ કાશીની યાત્રાએ ગઇ હતી, ત્યહારે ત્હેની સાથે ૧૭૦૦ નૌકાઓ હતી. ત્યહાર પછી એ દર વર્ષે પોતે આરંભ કરેલા દાન ધર્મને ચાલુ રાખવા માટે એક હજાર નૌકા ભરીને સામગ્રી કાશી મોકલતી.

તીર્થક્ષેત્રમાં અનેક મંદિરો બંધાવીને તથા અનેક મૂર્તિઓની સ્થાપના કરીને ત્હેમના નિભાવને માટે તે વર્ષાસન બાંધી આપતી, અન્નપૂર્ણાના મંદિરમાં દરરોજ પચીસ મણ ચોખા વ્હેંચાતા. બીજાં મંદિરોમાં ત્હેની તરફથી જે અન્ન વ્હેંચવામાં આવતું ત્હેમાંથી ચાર પાંચ હજાર માણસો ભોજન કરી શકતાં. અન્નસત્રમાં દરરોજ ૧૦૮ સધવાઓ અને કુમારિકાઓને જમાડવામાં આવતી; તથા એ દરેકને એકેક રૂપિયો દક્ષિણા મળતી. એક મ્હોટા ચરૂમાં દરરોજ આઠ મણ ચણા પલાળી રાખવામાં આવતા હતા જેમાંથી લોકોને ઇચ્છાનુસાર ચણા લઇ જવાની રજા હતી. દરિદ્ર, વૃદ્ધ, અને અશક્ત તીર્થવાસીઓને રાણી ભવાની તરફથી રહેવાને ઘર અને ખોરાકીને માટે નાણાં મળતાં. એમનું મૃત્યુ થતું ત્યહારે ત્હેમના અગ્નિસંસ્કાર તથા શ્રાદ્ધનો ખર્ચ પણ રાણીસાહેબ તરફથી થતો હતો.

હિન્દુઓમાં એક એવી માન્યતા છે કે, શિવજીના ત્રિશૂળ ઉપર સ્થાપિત થયેલા મૂળ કાશી નગરનો આકાર ત્રિશૂળના જેવો છે. અને એની સરહદનું પારમાણુ પાંચ ગાઉ છે. એટલા માટે કાશી પંચકોશી કહેવાય છે. પરન્તુ પંચકોશીની હદ ક્યહાંથી ક્યહાં સુધી છે તે કોઇ નક્કી કરી શક્યું નથી. રાણી

ભવાનીને ઇચ્છા થઇ કે, આ પંચકોશીની અંદર વર્ષના દિવસના હિસાબે ૩૬૫ ઘર બંધાવવાં, અને એ ઘરોને તીર્થવાસીઓના ઉપયોગને માટે દાન કરી દેવાં. આ ઉપરથી રાણી ભવાનીની ઇચ્છા મૂજબ કાશીના પ્રસિદ્ધ બ્રાહ્મણોએ અટકળ કરીને પંચ-કોશીની એક સીમા બાંધી આપી, રાણી ભવાનીએ એ હદની અંદર એક મ્હોટો રસ્તો બનાવરાવ્યો અને ૩૬૫ ઘર બંધાવી આપીને તીર્થવાસીઓને માટે અર્પણ કરી દીધાં. એ રસ્તાની બાજુમાં થોડે થોડે અંતરે અકેક વિસામો તથા કવો બંધાવી આપ્યો તથા છાયાને માટે એક એક ઝાડ વવરાવ્યું. થાકેલા પાકેલા મજુર લોકો એ વિસામા ઉપર પોતાનો ભાર ઉતારતા તથા કૂવામાંથી પાણી પીને, વૃક્ષની છાયામાં બેસી તાજા થઇને પાછા પોતાનો બોજો માથે ચ્હડાવીને ચાલ્યા જતા. 'ધર્મ ઢોકા' નામે એ જગ્યાઓ હજી પણ વર્તમાન છે.

એ ઉપરાંત રાણી ભવાનીએ એક એક ગાઉને અંતરે તળાવ કે મ્હોટા કૂવાઓ ખોદાવ્યા હતા. તીર્થવાસીઓને એ પંચકોશીના માર્ગમાં યાત્રા કરતાં તથા વચમાંનાં દેવાલયોની પૂજા કરતાં બે ચાર દિવસ લાગે છે, એ માટે પ્રવાસીઓને સારૂ ચોખા, દાળ, શાકભાજી, ફળમૂળ, વસ્ત્ર, વાસણકુસણ વગેરેની પણ ગોઠવણ કરવામાં આવતી.

રાણી ભવાનીની દયાનો લાભ કેવળ મનુષ્યોનેજ મળતો એમ નહિ, પરંતુ પક્ષીઓને માટે પણ એ પંચકોશીની અંદર ઠેકાણે ઠેકાણે દાણો નખાતો અને કીડીઓના દરમાં ખાંડ અને ગોળની ગોળીઓ બનાવી નખાતી.

કાશીવાસીઓ રાણી ભવાનીના ઉપર એટલી બધી શ્રદ્ધા

અને ભક્તિ રાખતા કે રાણી ભવાનીએ નક્કી કરેલી પંચકોશીની સીમા, 'પંચકોશી કાશી' એવા નામથી ઓળખાવા લાગી.

(૭)

મનુષ્ય માત્ર વિશ્વદેવતાનો અંશ છે; મનુષ્યનો આત્મા વિશ્વદેવતાના વિશ્વ આત્માનો અંશ છે; મનુષ્યનો પ્રાણ વિશ્વપ્રાણનો અંશ છે; મનુષ્યની મૂર્તિ વિશ્વદેવતાની વિશ્વમૂર્તિનો અંશ છે. એ વાત ઉપર જ્ઞાની હિંદુઓનો વિશ્વાસ છે. એટલા માટે કોઈ મનુષ્યના ધર્મ કે કર્મ–જીવનમાં અસાધારણ શક્તિ જોવામાં આવતાં વારજ તેઓ વિચાર કરે છે કે, એનામાં વિશ્વદેવતાનો પ્રકાશ વિશેષ રૂપે છે. જ્ઞાનીઓના ઉચ્ચ તત્વજ્ઞાનને સાધારણ લોકો સ્પષ્ટ રીતે સ્હમજી શકતા નથી; પરંતુ ત્હેમની અસર સાધારણ વર્ગ ઉપર પણ ઘણી પડે છે. એટલા માટે કોઇ મનુષ્યમાં અસાધારણ શક્તિ અને સાધના દીઠામાં આવે તો એ મનુષ્યરૂપે સાક્ષાત્ દેવતા અવતર્યો છે, એમ ભાવિક હિન્દુઓ માને છે. અને એવો વિશ્વાસ હોવાથી તેઓ ત્હેના જીવન સાથે અનેક અલૌકિક ઘટનાઓને જોડી દે છે.

શિવાજી અને અહલ્યાબાઇના સંબંધમાં પણ એવી અનેક અલૌકિક ઘટનાઓ સાંભળવામાં આવી છે. ધર્મ અને કર્મજીવનમાં અસાધારણ મહિમાથી મહિમાન્વિત થયેલી રાણી ભવાનીને પણ ત્હેના સમયના લોકો માનવીરૂપે દેવી ભગવતી માનતા. અને તેથી ત્હેના જીવનમાં પણ અનેક અલૌકિક ઘટનાઓનો ઉલ્લેખ છે. અત્ર ત્હેનું કાંઈક વર્ણન કર્યા વગર રાણી ભવાનીના જીવનનું વર્ણન અપૂર્ણ ગણાશે.

કાશીના બ્રાહ્મણો, તીર્થવાસીઓ અને દીન દુઃખીઓ,

એટલુંજ નહિ પણ બીજાં પ્રાણીઓ પણ મુક્ત હસ્તે અન્નદાન કરવા માટે, કાશીની અન્નપૂર્ણા દેવીના જેટલી ભક્તિ રાણી ભવાનીની કરતા હતા, એ વાત અમે ઉપર જણાવી ગયા છીએ. એક વખત દાન કરવા બેઠા પછી રાણી ભવાની ઘણી વખત અડસટ્ટા કરતાં પણ વધારે ખરચ કરી બેસતી. એક વખત એવું બન્યું કે પાસેના રૂપિયા ખુટી ગયા પછી પણ એક લાખ રૂપિયાની તેને જરૂર પડી. રાજસાહીમાંથી એ રૂપિયા આવતાં વાર લાગી, એટલે તેણે કાશીના કોઇ એક શાહુકાર પાસે એક લાખ રૂપિયા ઉધાર માગ્યા. એ શાહુકારે જણાવ્યું કે બંગાળામાંથી એવાં ઘણાંએ રાજા રાણીઓ આવે છે. રાણી ભવાનીના ઘરબારની મ્હને ખબર નથી, માટે હું તો નાણાં નહિ ધીરૂં.

એજ રાત્રે શાહુકારે સ્વપ્ન દીઠું કે, સાક્ષાત્ અન્નપૂર્ણા દેવી ત્હેની પાસે આવીને કહી રહ્યાં છે કે 'હે મૂર્ખ ત્હેં મ્હારી પ્રાર્થના સ્વીકારી નથી ? હું નાણાં ઉધાર માગવા આવી, ને ત્હેં આપ્યાં નહિ ? હું અને રાણી ભવાની એક છીએ. હમારામાં કાંઇ ભેદભાવ નથી. હું જે અન્નદાન કરી રહી છું ત્હેમાં તું અડચણ નાખવા માગે છે ?

શાહુકાર જાગી ઉઠયા પછી ભયથી કાંપવા લાગ્યો અને વ્હાણું વાતાં વારજ રૂપિયા લઇને રાણી ભવાનીને ઘેર ગયો અને ત્હેનાં દર્શન કરવાની પ્રાર્થના કરી.

રાણી ભવાનીએ કહેવરાવી મોકલ્યું કે 'અહીં નહિ; અન્નપૂર્ણાના મંદિરમાં દર્શન થશે.'

વાણિયો પાછો ગયો. રાણી ભવાની જ્યહારે અન્નપૂર્ણાના

મંદિરમાં જઇને અન્નપૂર્ણાની પૂજા કરી રહી હતી એવે વખતે વણિકે ત્ય્હાં જઇને પ્રણામ કરીને રાણી ભવાનીની તરફ નજર કરી. ત્હેણે જોયું કે રાણી ભવાની અને દેવી અન્નપૂર્ણા એક જ હતાં.

મ્હોંએ મ્હોંએ એ વાત આખા શહેરમાં પ્રસરી ગઇ. ત્ય્હારથી કાશીવાસીઓ રાણી ભવાનીને સાક્ષાત્ અન્નપૂર્ણા માતા તરીકે પૂજવા લાગ્યા, અને પ્રાતઃકાળમાં કાશી વિશ્વેશ્વર અને અન્નપૂર્ણાના નામની સાથે રાણી ભવાનીના નામનું પણ ઉચ્ચારણ થવા લાગ્યું.

પાછલી અવસ્થામાં રાણી ભવાનીનું દાન સંબંધી ખર્ચ એટલું બધું વધી ગયું હતું કે, કોઇ કોઇ વખત સરકારી ખંડણીમાં પણ ખોટ પડતી. રાજસાહીના કલેકટર શોર સાહેબ એટલા માટે ત્હેની જમીનદારીના ન્હાના ન્હાના ભાગ કરી નાખવા તૈયાર થયા હતા, પરંતુ એટલામાં એક દિવસ રાત્રે શોર સાહેબે સ્વપ્ન જોયું કે, ખડ્ગધારી શ્યામમૂર્તિ ત્હેની સ્હામે આવીને કહી રહી છે કે ‘ખબરદાર! રાણી ભવાનીની જમીનદારીમાંથી જો એક વીઘું પણ બીજા કોઇને આપીશ તો આ તલવાર વડે ત્હારા માથાના બે કકડા કરી નાખીશ.’

દરેક દેશના લોકોમાં વ્હેમનો થોડો ઘણો પ્રચાર હોય છે. વળી એ વખતમાં ઇસ્ટ ઇંડિયા કંપનીના નોકરો પણ આ દેશના અનેક રીત રિવાજો પાળતા હતા. આ દેશના રીતરિવાજ મુજબ કંપની તરફથી પુણ્યદાન પણ થતું અને એવું સાંભળવામાં આવ્યું છે કે, કંપની સરકાર તરફથી કાલીઘાટની પણ પૂજા થતી હતી. એ ખરૂં હોય કે ખોટું તેતો પ્રભુ જાણે, પરન્તુ

૨ સાહેબે એ સ્વપ્ન જોયા પછી રાણી ભવાનીની જમીનદારી તોડી નાખવાનો સંકલ્પ તજી દીધો; એવી લોકવાયકા છે.

રાણી ભવાનીના પુત્ર રાજા રામકૃષ્ણનું પણ ધર્મસાધના તરફ વિશેષ ધ્યાન હતું. રાજકર્મ અને સંસાર ધર્મનો ત્યાગ કરીને એ કરતોયાના કિનારે પીઠસ્થાન ભવાનીપુરમાં અપર્ણા દેવીના મંદિરમાં બેસીને તપસ્યા કરતો. રાણી ભવાની ત્હેને સંસારમાં પાછો ફરીને કામકાજ ઉપર ધ્યાન આપવા સારૂ ઘણો આગ્રહ કરતી અને કહેતી કે ‘ ત્હારા હાથમાં આટલી મ્હોટી જમીનદારીનો વહિવટ છે; ઘણા લોકોનું કલ્યાણ ત્હારા ઉપર આધાર રાખે છે; ઘરમાં રહીને રાજ્યના કામકાજ ઉપર દેખરેખ રાખવાથી, ઈશ્વરભજન અને લોકસેવા બંને થઇ શકશે. લોકસેવા કરવાની શક્તિ અને અધિકાર ઈશ્વરે જહેને આપ્યા છે, ત્હેને માટે તો લોકસેવાજ મુખ્ય ધર્મ છે. એ ધર્મની અવગણના કરવાથી દેવતાઓની આંખમાં તે પાપી ગણાય છે. હું હવે વૃદ્ધ થઇ છું; હવે મ્હારાથી આટલી મ્હોટી જમીનદારીની દેખરેખ રાખી શકાતી નથી. એ જમીનદારી હવે ત્હારી છે, ત્હારી દેખરેખ વગર એ ખેદાન મેદાન થઈ જશે. ત્હેની આવકમાંથી જે દેવસેવા અને લોકસેવા થાય છે ત્હેનાથી અનેક બ્રાહ્મણો અને ગરીબગુરબાઓનું પોષણ થાય છે. જમીનદારીનો નાશ થશે તો એમનું પોષણ થશે નહિ. વિષયકર્મને તરછોડી દઇને, માલમિલ્કત નષ્ટ કરીને લોકહિતને હાનિ પ્હોંચાડીશ નહિ; આ વખતે કામકાજ ઉપર ધ્યાન આપવાથી તું પાપનો ભાગી નહિ થાય. ઉલટું જે દેવતાની તું આરાધના કરે છે તે દેવતા ત્હારા ઉપર વધારે પ્રસન્ન થશે. ત્હારી

સાધના અને જપ તપ કરતાં લોકહિત; અને પુણ્યદાનથી દેવતા વધારે પ્રસન્ન થશે. દાન ધર્મ માટેજ ત્હેણે ત્હને આટલી બધી માલમિલ્કત આપી છે. ત્હેની ઇચ્છાની વિરૂદ્ધ ચાલ્યાથી એ ગુસ્સે થશે અને ત્હારા આ લોક અને પરલોક સુધરશે નહિ.'

રામકૃષ્ણે માતાની વાતને ધ્યાનમાં લીધી નહિ. મંદિરમાં રહીને એતો સાધનાજ કરવા લાગ્યો. ભોળાનાથ નામનો એક પુરૂષ ત્હેની સાધનાનો ઉત્તર-સાધક હતો. (શક્તિ સાધનમાં જે મનુષ્ય સાધકની મદદે રહે છે, તે ઉત્તર સાધક કહેવાય છે) એ ઉત્તર સાધકે અને રામકૃષ્ણે, બન્નેએ ઘણા ભયંકર દેખાવો જોયા અને એક ગંભીર વાણી સાંભળી કે 'ઘેર જા! ત્હારી માની સેવા કર, માની શિખામણ પ્રમાણે ચાલ, તેથીજ હું સંતુષ્ટ થઇશ. ત્હારી મા અને હું એકજ છીએ.'

પરન્તુ આટલાથી પણ રામકૃષ્ણ અને ભોળાનાથ ભયભીત થયા નહિ, તેઓએ જરાપણ ચંચળતા બતાવી નહિ. ત્હેમણે પોતાની સાધનાનો ત્યાગ કર્યો નહિ. છેવટે ત્હેમણે એક દિવસ જોયું કે રાણી ભવાની મહા તેજસ્વી, ઉગ્ર ચંડિકાની મૂર્તિ ધારણ કરીને હાથમાં ખડ્ગ લઇ ત્હેમની તરફ ધસી આવી રહી છે. ઉત્તર સાધક ભોળાનાથે ભયભીત થઇને આસન છોડી દીધું. કોઈ અદૃશ્ય અલૌકિક શક્તિએ રામકૃષ્ણને કોણ જાણે ક્યહાંનો ક્યહાંનો ફેંકી દીધો. ત્હેનાં હાડકાં ખોખરાં થયાં. તે બેશુદ્ધ થઇને એની એ જગ્યાએજ પડયો રહ્યો.

મંદિરના લોકો મહા મહેનતે ત્હેને નાટોરના રાજમહેલમાં પ્હોંચાડી આવ્યા. એ વખતે રામકૃષ્ણની મરણતોલ અવસ્થા હતી.

આવી સ્થિતિમાં ત્હેણે દેવવાણી સાંભળી કે 'ત્હારી માની

દયા અને આશીર્વાદ વગર ત્હારા દેહની મુક્તિ અને સદ્દગતિ થવાની નથી.'

રામકૃષ્ણે માતાના ચરણોદકને માટે વિનતિ કરી, રાણી ભવાનીએ ત્હેને ચરણોદક આપ્યું નહિ. રામકૃષ્ણ કાતર સ્વરે બોલી ઉઠયો 'મા, મ્હેં ત્હમારૂં અપમાન કર્યું છે ત્હેનો ગુસ્સો શું હજી સુધી શમ્યો નથી? હજુ પણ સન્તાન ઉપર દયા નહિ કરો?'

આટલા શબ્દો નીકળતાં વારજ રાણી ભવાની અંતઃપુરમાંથી નીકળીને બહાર આવી.

માતાએ આવીને મરણપથારીએ પડેલા રામકૃષ્ણના મસ્તક ઉપર પોતાના ચરણ રાખ્યા.

આટલા દિવસ સુધી જે માના હજારો ઉપદેશને રામકૃષ્ણે પાછા ઠેલ્યા હતા, જે માને ભૂલીને સિદ્ધિ મેળવવાની આશામાં એ વૃથા સાધના કરી રહ્યો હતો, તેજ માતા ભવાનીના સ્વરૂપમાં આજે રામકૃષ્ણે પોતાની ઈષ્ટદેવીનાં દર્શન કર્યાં. આજ ત્હેની સાધના સિદ્ધ થઇ. આજ ત્હેના ચહેરા ઉપર અપૂર્વ પ્રસન્નતા જણાઇ આવી, આનંદ, પ્રેમ અને ભક્તિથી તે ગદગદ થઈ ગયો અને આકુળ સ્વરથી મા, માનો શબ્દ પુકારવા લાગ્યો. નયનોમાંથી અવિરલ અશ્રુધારાઓ વહેવા લાગી અને એ પ્રમાણે પ્રફુલ્લ હૃદયની પૂર્ણતાનાં અશ્રુ વહેવરાવતાં વહેવરાવતાં પરમસિદ્ધ સાધક રામકૃષ્ણનો આત્મા અમર ધામમાં ચાલ્યો ગયો.

રાજા રામકૃષ્ણની સાધના અને સિદ્ધિ સંબંધે આ દંતકથા રાજસાહીના બ્રાહ્મણોમાં ઘણી પ્રચલિત છે.

(૮)

આ પ્રમાણે આખી જીંદગી સુધી કઠોર વ્રત પાળીને ધર્મ-સેવા અને લોકસેવામાં મિલ્કતનો છુટે હાથે ઉપયોગ કરીને, કરૂણામયી દેવી ભગવતી રૂપે લોકોથી પૂજાઇને, રાણી ભવાનીએ જીંદગીનું સાર્થક કરીને ૭૯ વર્ષની વયે ગંગાકિનારે દેહત્યાગ કર્યો.

આજ દિવસ સુધી બંગાળામાં ત્હેનું પવિત્ર નામ ઘણીજ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ગવાય છે.

૫૭—પંડિતા લક્ષ્મીબાઈ.

એ દક્ષિણ દેશની રહેવાશી એક વિદુષી સન્નારી હતી. માંગલોરના એક પંડિત અનંત શાસ્ત્રીની સાથે ત્હેનું લગ્ન થયું હતું. અનંત શાસ્ત્રી ઘણો વિદ્વાન બ્રાહ્મણ હતો. એ સમયમાં હિન્દુઓમાં સ્ત્રીઓને રીતસર શિક્ષણ આપવાનો પ્રચાર બંધ પડી ગયો હતો પણ અનન્ત શાસ્ત્રીએ મિત્રોના આગ્રહથી બાલિકા પત્નીને સુશિક્ષિત કરવાનો સંકલ્પ કર્યો. એ ઉદ્દેશથી એ ઘરબાર છોડીને પરદેશ ગયો અને ત્યહાં તેને સંસ્કૃતનું ઘણું સારૂં શિક્ષણ આપ્યું. થોડા સમયમાં લક્ષ્મીબાઇ સારી પંડિતા બની ગઈ. ઇ. સ. ૧૮૫૮ માં લક્ષ્મીબાઇને પેટે પૂનાના શારદાસદનની સ્થાપક, પંડિતા રમા-

બાઈનો જન્મ થયો. રમાબાઈને પ્રારંભમાં ત્હેની માતા લક્ષ્મીબાઈએજ શિક્ષણ આપ્યું હતું. રમાબાઈ વર્તમાન યુગની સંસ્કૃતની એક ધુરંધર પંડિતા છે. યુવાવસ્થામાં જ્યહારે એ કાશી ક્ષેત્રમાં સંસ્કૃતમાં વ્યાખ્યાન આપતી હતી ત્યહારે ભાવિક હિંદુઓ ત્હેને સરસ્વતીનો સાક્ષાત્ અવતાર ગણીને પૂજતા હતા, પરન્તુ અફસોસ કે પાછળથી ત્હેણે ખ્રિસ્તી મતનું અવલંબન કર્યું.

પંડિતા લક્ષ્મીબાઈનું મૃત્યુ ઇ. સ. ૧૮૭૬ માં થયું.

૫૮—પંડિતાણી તીજાંજી.

જયપુર શહેરની ઉત્તરમાં ૧૨ ગાઉ છેટે 'મહાર' નામનું એક ગામ છે. ત્યહાં આદિગૌડ ન્યાતના એક બ્રાહ્મણ જીવનરામ ઘણા પ્રખ્યાત જોશી હતા. ત્હેમના પુત્ર પંડિત મન્નાલાલજીની સાથે તીજાંજીનું લગ્ન થયું છે. એ ઘણાં વિદ્વાન છે અને સંસ્કૃત શ્લોક તથા હિંદી ભાષામાં કવિતા રચવામાં ઘણાં નિપુણ છે. એમણે સંવત્ ૧૯૫૩માં જયપુર નિવાસી પંડિત લક્ષ્મીનારાયણ શર્માના કહેવાથી લઘુ પારાશરી જેવા અઘરા ગ્રન્થની ભાષા ટીકા ઘણીજ સુંદર અને સરળ બનાવી છે.

૫૯—ચન્દ્રકલાબાઈ.

એ બૂંદીરાજના કવિરાજ ગુલાબસિંહની દાસીપુત્રી છે; પરન્તુ કવિરાજજીના સહવાસથી હિન્દી ભાષાની કવિતામાં સારી રીતે પ્રવીણ થઇ ગઇ છે. એ પોતે પણ નવીન નવીન ઉક્તિઓથી હિન્દુસ્થાનની પ્રસિદ્ધ કવિ-સમાજોની સમસ્યાપૂર્તિ કરે છે; એ સમસ્યાપૂર્તિ માટે એને ઘણી સમાજો તરફથી માનપત્ર પણ મળ્યાં છે. તા. ૩૦ મી જુન સન ૯૮ ને દિવસે અવધ પ્રાન્તમાં સીતાપુર જીલ્લામાંની એક કવિમંડળી તરફથી એને 'વસુંધરા રત્ન' ની ઉપાધિ મળી છે.

કરૂણાશતક, રામચરિત્ર, પદવીપ્રકાશ અને મહોત્સવપ્રકાશ—એ નામના ચાર ગ્રન્થ એણે રચ્યા છે.

૬૦—હરીજી રાણી.

આ સન્નારી જોધપુરના મહારાજા શ્રી માનસિંહજીની બીજી રાણી હતી. ત્હેનો જન્મ ચાવડા વંશમાં આપણા ગુજરાત પ્રાન્તમાં આવેલા માણસાના ઠાકોરને ઘેર થયો હતો. એ ઘણી સુઘડ અને ભણીગણી રાણી

હતી. મહારાજા માનસિંહ ત્હેના ઉપર ઘણો પ્રેમ રાખતા હતા. વળી માનસિંહના ફક્ત એકમાત્ર પુત્ર મહારાજકુમાર છત્ર-સિંહજીનો જન્મ ત્હેને પેટે થયેલો હોવાથી ત્હેનું માન ઘણું વધી ગયું હતું, અને ખુદ મહારાજા પણ ત્હેને પ્રસન્ન કરવા સદા તત્પર રહેતા હતા.

મહારાજા માનસિંહ વિદ્યાવિલાસી રાજા હતા, અને એવા પતિના સત્સંગથી રાણી હરીજીને પણ કવિતા રચવાનો શોખ લાગ્યો હતો. ધીમે ધીમે એ કવિતા રચવાની કળામાં વિશેષ કુશળ થઇ ગઈ હતી; અને એ ચિત્તાકર્ષક ગુણને લીધે એ બીજી રાણીઓ કરતાં રાજાને વધારે રીઝવી શકતી હતી. કદી કદી એ મહારાજાથી રીસાઈ પણ જતી અને એવા પ્રેમકલહના પ્રસંગમાં એ ઘણી મીઠી કવિતાઓ મહારાજાને સંબોધીને રચતી. વાંચકોના વિનોદ અર્થે એમાંની એક કવિતા અમે અહીં ઉતારીએ છીએ.

સાલૂડો મંગાદે સાંગાનેરરો,
રંગ ભીના રાજાજી;
અંગન કટારી ભાત અનોખી,
લાગ્યો છે લપ્પો ચારો મેરરો. સાલૂડો૦
હરો રંગ કલિયારો ઘાગરો,
આગરે રો ઘેર ઘુમેરરો;
રસીલે રાજ મ્હેં જિણુરી ખાતર,
રૂસણો કિયો છે બીજી બેરરો. સાલૂડો૦

કોઇ કોઇ વખત મહારાજા પણ રાણીથી રીસાઇ જતા હતા. એક વખત એવું બન્યું કે રાણી હરીજી પોતાના મહેલમાં

સ્નાન કરી રહી હતી એવામાં મહારાજા મહેલને બારણે જઈ પહોંચ્યા. રાણી હરીજીએ પતિને ખોજાની મારફતે કહેવરાવ્યું કે હું અત્યારે નગ્ન છું, ત્હમે પધારો તો શ્રીનાથજીની આણ છે. મહારાજા તરત પાછા ગયા. પછી ન્હાઇ ધોઇને સોળે શણગાર સજીને રાણીએ મહારાજાને બોલાવ્યા; તો મહારાજાએ રીસાઇને કહ્યું કે 'ત્હમે મ્હને શ્રીનાથજીની આણ દીધી છે માટે હું નથી આવવાનો.' રાજા ન ગયા તે ન ગયાજ. રાણી ચાવડીજી ત્હેમને છ મહિના સુધી મનાવતી રહી, પરન્તુ ટેકીલા મહારાજા મનાયા નહિ. એમ કરતાં કરતાં આખરે શ્રાવણની ત્રીજનો ઉત્સવ આવી પહોંચ્યો. રાજસ્થાનમાં એ ત્રીજનો ઉત્સવ સૌભાગ્યવતી સ્ત્રીઓ ઘણી સારી રીતે મનાવે છે. દંપતીનો એ મ્હોટામાં મ્હોટો ઉત્સવ ગણાય છે. પતિ ગમે તેટલો દૂર દેશાવર ગયો હોય તો પણ એ ત્રીજનો ઉત્સવ કરવા પત્નીની પાસે પહોંચી જાય છે. શ્રાવણ માસનો સમય પણ દાંપત્ય સુખવિલાસને માટે અનુકૂળ છે. કાળી કાળી ઘટાઓ છવાઇ ગઈ અને વિજળીઓ ચમકવા લાગી. એ વખતે રાણી ચાવડીજીએ હજાજ રાગણીમાં એક ખ્યાલ બનાવીને મહરાજાને સંભળાવ્યો. એ મધુર સંગીત સાંભળીને મહારાજાનો ગુસ્સો એકદમ ઉતરી ગયો., અને એ પાછા પ્રસન્ન વદને ચાવડી રાણી હરીજીને મહેલ જવા લાગ્યા.

મહારાજાએ રાણી હરીજીની હયાતીમાં બીજાં પણ અનેક લગ્ન કર્યાં હતાં. જ્યહારે મહારાજા વરરાજા બનીને એક વખત વિવાહ કરવા જવા મંડયા ત્યહારે રાણીએ એક રમુજી ગીત રચ્યું હતું. વાંચક ભગિનીઓના વિનોદ સારૂ અને મરૂ

ભાષાનો સ્વાદ ચખાડવા સારૂ અમે એ ગીત નીચે ઉતારીએ છીએ.

ચાલો મૃગા નૈણિયાંજી ચમ્પા બાડિયાં,
જઠે લાલ તંબૂડા તાણિયાં;
પનો સુમેર સંગરા સાથી
જ્યું માલારા મણિયાં.
રસીલો રાજબીંદ મદમાતો,
સુખ સમાજ રગ વણિયાં;
ફેર બધાવણ ચાલો સખિયાં
પિવ કેસરિયા બણિયાં.

સંવત્ ૧૮૯૩માં સરદારો અને મુત્સદ્દીઓની નિમકહરામીને લીધે રાજ્યમાં એક એવી ખટપટ ઉભી થઇ કે મહારાજા રાજ્ય છોડીને દૂર જઇ બેઠા, અને મહારાજકુમારને યુવરાજ પદવી આપીને રાજ્ય સોંપી દીધું. કુંવરે નિમકહરામ નોકરોની ઉશ્કેરણીમાં આવી જઇને મહારાજાને મારવાના અનેક ઉપાય કર્યા, પરન્તુ આયુષ્યના બળવાન મહારાજા મરણ પામ્યા નહિ. ઉલટું મહારાજકુમાર પોતેજ દુર્વ્યસનોમાં પડીને ચૈત્ર વદી ૯ સંવત્ ૧૮૯૪ને દિવસે પ્રભુશરણ થયા. એ પ્રસંગે પુત્રપ્રેમમાં અંધ થઇને રાણી ચાવડીજીએ પણ પતિની વિરૂદ્ધ પક્ષ લીધો હતો. અન્ય સર્વ પ્રકારે પાતવ્રતા અને પતિપરાયણ હોવા છતાં પણ એકના એક પુત્ર તરફના મોહને વશ થઇને સ્હમજુ રાણીએ સ્વામીદ્રોહ કર્યો; આ સ્વામીદ્રોહને માટે સજા પણ ત્હેને સખ્ત ભોગવવી પડી. સંવત્ ૧૮૯૬ માં મહારાજાએ રાજ્યની લગામ પાછી પોતાના હાથમાં લીધી ત્યહારે ત્હેમણે બધા નિમકહરામ વિશ્વાસઘાતીઓને મારી

નાખ્યા. એ પ્રસંગે રાણી હરીજીને પણ એક ઓરડીમાં પૂરી રાખી હતી. રાણીએ ગુસ્સે થઇને ખાવું પીવું છોડી દીધું. એ કષ્ટને લીધે થોડાજ દિવસોમાં ત્હેનું મૃત્યુ થયું.

૬૧. શ્રીમતી ભગવતી દેવી.

પ્રાતઃસ્મરણીય મહાત્મા ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરનાં જનની દરિદ્ર કુટુંબમાં જન્મેલાં એક રત્નરૂપ રમણી હતાં. ત્હેમના પિતા શ્રીયુક્ત રામકાન્ત તર્કવાગીશ, જહાનાબાદ જિલ્લામાં સુપ્રસિદ્ધ ગોઘાટ ગામમાં વાસ કરતા હતા. એ સંસ્કૃત ભાષાના સારા પંડિત હતા.

પંડિત ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર મહાશયે, પોતે રચેલા આત્મ-ચરિત ગ્રન્થમાં પોતાના મોસાળનું જે ઉજ્વળ અને હૃદયસ્પર્શી ચિત્ર આંકયું છે, તે વાંચ્યાથી વાંચકોને જણાશે કે, ભગવતી દેવી કેવા ઉત્તમ વાતાવરણમાં ઉછર્યાં હતાં અને ત્હેની અસર ત્હેમના પોતાના ઉપર તથા ત્હેમના સંતાનો ઉપર કેવી ઉત્તમ થઇ હતી.

એવા મોસાળમાં ભગવતી દેવી બાલ્યાવસ્થામાં લાડપૂર્વક ઉછર્યાં હતાં. એ વખતમાં સ્ત્રીકેળવણીનો રિવાજ નહોતો. છોકરીઓ રીતસર વિદ્યાભ્યાસ કરે ત્હેની વિરૂદ્ધ લોકમત હતો. પરન્તુ મોસાળમાં રાત દિવસ ધર્મ કર્મનાં જે અનુષ્ઠાન થતાં તે જોતાં ત્હેમની સન્મુખ અનેક પ્રકારના સદ્‌ગુણોનો જે જ્વલંત

આદર્શ વિદ્યમાન હતો ત્હેને લીધે ત્હેમણે કેળવણી લીધી નહોતી, એમ પણ અમે કહી શકતા નથી. કારણ કે હમારા અભિપ્રાય પ્રમાણે લખતાં વાંચતાં આવડવું, એજ કાંઇ કેળવણી નથી; ઇન્દ્રિયો, મસ્તિષ્ક અને હૃદયનો પૂર્ણ વિકાસ કરવો ત્હેનું નામજ કેળવણી છે; આંખ, કાન, જીભ વગેરે ઇન્દ્રિયોનો યોગ્ય વ્યવહાર કરતાં આવડે, સારૂં ખોટું પારખતાં આવડે, મન અને બુદ્ધિ વિકસિત થાય, ચિત્તમાં ઉદારતા આવે, એ બધાં શિક્ષણનાં લક્ષણો છે.

ભગવતીદેવીના મોસાળના ગામમાં ક્ષત્રિય, કાયસ્થ, રાજપુત, હજામ, વગેરે અનેક જાતો રહેતી હતી. ત્હેમના મોસાળની પાસે કેટલાક દરિદ્ર અસ્પૃશ્ય જાતિના લોકો પણ રહેતા હતા. બાલ્યાવસ્થામાં ભગવતીદેવી એ બધી જાતની સરખી વયની છોકરીઓ સાથે રમતાં હતાં. ત્હેમનામાં એવી આશ્ચર્યકારક શક્તિ હતી કે ગામની બધી છોકરીઓ ત્હેમની સાથે ગાઢી મૈત્રીના સૂત્રથી બંધાઈ જતી. ભગવતીદેવી એ બધી છોકરીઓને પોતાને ઘેર બોલાવતાં અને ધૂળમાં રમવાને બદલે, ત્હેમની આગળ પોતે માતામહીને મ્હોંડેથી સાંભળેલી વાતો, પૌરાણિક આખ્યાયિકાઓ, તથા વ્રતકથાઓ કહી સંભળાવતાં. તે પોતાની સહીઓનાં દુ:ખ સાંભળતાં, અને તેમને પોતાથી બનતી મદદ આપતાં. ત્હેમનો ચોટલો વાળતાં. એ વખતે એ ન્યાતજાતનો વિચાર કરતાં નહિ. કોઇ કોઇ વખત રમવા આવેલી બ્હેનપણીઓને સ્વાદિષ્ટ ભોજન જમાડી ઘણાં ખુશ થતાં. પોતાની સખીઓના દુ:ખની કહાણી સાંભળીને પોતે રોઈ જતાં. ‘ રોનારાંની સાથે રોવા’માં એ સુખ અને આનંદ અનુભવતાં હતાં. ત્હેમનાં બાલ્યા-

વસ્થાનાં આચરણો ઉપરથી માલૂમ પડે છે કે, શૈશવાવસ્થામાંથી જ એ સેવાધર્મનું મહત્વ સ્હમજ્યાં હતાં. એ જાણતાં હતાં કે હિન્દુ ધર્મ એ 'સેવા'નો જ ધર્મ છે; મનુષ્ય માત્ર પરમાત્માની મૂર્તિ સ્વરૂપ છે; એ મનુષ્યની સેવા હિન્દુનો પરમ ધર્મ છે. વેદાન્તીઓ પ્રત્યેક વસ્તુમાં બ્રહ્મનું દર્શન કરે છે; એ બ્રહ્મસેવાને નિમિત્તે નરસેવામાં જોડાઇએ, પ્રત્યેક મનુષ્યને બ્રહ્મનું સ્વરૂપ માનીને એની સેવા કરવા માંડીએ, તો પછી હિન્દુ, મુસલમાન, બૌદ્ધ કે પારસીનો ભેદ શું કામ રહે?

ભગવતીદેવીના બાલ્ય-જીવનમાં તેજસ્વિતાનો પણ વિશેષ પરિચય મળે છે. દીનતાની સાથે તેજસ્વિતાનું સંમેલન થવાથી મણિકાંચનના યોગની પેઠે ત્હેમના હૃદયે પરમ રમણીય ભાવ ધારણ કર્યો હતો. અમે ઉપર જણાવી ગયા છીએ કે ભગવતી દેવી હલકી મનાતી ન્યાતની બાલિકાઓની સાથે પણ રમતાં; ત્હેમને કોઈ દિવસ ખાવાનું તથા વસ્ત્ર વગેરે પણ આપતાં હતાં. એવા લોકોની સાથે ભળવાથી રખે કુટુંબના વડિલો ગુસ્સે થશે એમ ધારીને એમની માતાએ એક વખત એવી છોકરીઓ સાથે રમવાનો નિષેધ કર્યો. તે ઉપરથી ભગવતીદેવીએ ઉત્તર આપ્યો:-"મામા કદી ગુસ્સે થશે નહિ, અને કદી ગુસ્સે થાય તો એમને કહેજો કે મ્હને એક રેંટિયો લાવી આપે. હું રેંટિયા ઉપર રૂ કાંતીશ અને એના જે પૈસા આવશે તેમાંથી ચોખા અને વસ્ત્ર વગેરે લઇ, તે એ છોકરીઓને વ્હેંચીશ." આ વાત ધીમે ધીમે રાધામોહનને કાને પહોંચી. ત્હેમને એ વાત સાંભળ્યાથી ઘણોજ આનંદ થયો. એ ન્હાની ભાણેજના ઉત્તરમાં ત્હેમણે એક સ્વર્ગીય ભાવ જોયો. એમણે ભગવતીને

બોલાવીને સ્નેહપૂર્વક ખોળામાં બેસાડીને ચુંબન કર્યું તથા કહ્યું "બેટા ! તું સાક્ષાત્ અન્નપૂર્ણાનો અવતાર છે. તું ત્હારી મરજીમાં આવે તેટલું દાન ગરીબોને આપજે. જો ત્હને કોઇ વઢે કે રોકે તો કહેજે કે દાન કરવાનું મ્હારે માટેજ નિર્માણ કરી રાખ્યું છે. ગરીબને એકગણું આપ્યાથી ભગવાન દશગણું આપે છે. ગરીબને આપેલું દાન કદી નકામા ખર્ચમાં ગણાય કે ?"

આવા ઉચ્ચ આશયવાળા કુટુંબમાં ઉછરનાર બાલિકાને પેટે ભવિષ્યમાં દયાસાગર ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગર જેવાં સંતાન ઉત્પન્ન થાય એમાં શું આશ્ચર્ય ?

શકે ૧૭૩૫ માં હુગલી જીલ્લામાં વનમાલિપુર ગામમાં વસતા ભુવનેશ્વર બંદોપાધ્યાય મહાશયના પૌત્ર અને રામજય બંદોપાધ્યાયના જ્યેષ્ઠ પુત્ર ઠાકુરદાસ બંદોપાધ્યાય સાથે ભગવતીદેવીનું શુભ લગ્ન થઇ ગયું.

પતિની સ્થિતિ ઘણીજ ગરીબ હોવા છતાં પણ, ભગવતી દેવી યૌવનની સીમામાં પ્રવેશ કરતાં પહેલાંજ સાસરે ગયાં. મોસાળની પુષ્કળ સાહેબી કે લાડની ત્હેમણે પરવા કરી નહિ. સાસરામાં એ દરેક વાતમાં પતિની ઇચ્છાને અનુસરીને ચાલતાં, દરરોજ સ્હવારના પહોરમાં વ્હેલાં ઉઠીને પોતાને હાથે વાશીદું વાળતાં, ઘર લીંપતાં, વાસણ માંજતાં અને રસોઈ વગેરે કાર્ય કરતાં. સાસરામાં કોઇની પણ સાથે ઉંચે સાદે બોલતાં નહિ, કે મુરબ્બીઓના દેખતાં ઉંચે આસને બેસતાં નહિ.

ભગવતી દેવીના વધૂજીવનના સેવાધર્મનું એક ઉજ્વળ દૃષ્ટાન્ત ખાસ જાણવા યોગ્ય છે.

એક દિવસ સ્હાંજને વખતે, એક ભૂખ્યો તરશ્યો વૃદ્ધ બ્રાહ્મણ ત્હેમના ઘર આગળ આવીને અભ્યાગત તરિકે ઉભો રહ્યો. એ દિવસે એમના ઘરની અવસ્થા ઘણીજ દરિદ્ર હતી. રાતે છોકરાંઓને અડધાં ભૂખ્યાં અને બીજે દિવસે તદ્દન ભૂખ્યાં રાખવાવારો આવ્યો હતો. એવા સમયમાં ઘેર ભૂખ્યો-તરશ્યો બ્રાહ્મણ અતિથિ રૂપે આવ્યો એટલે શું કરવું? થોડીવાર પછી ભગવતી દેવીનાં સાસુએ આંખમાં આંસુ આણીને, બે હાથ જોડીને એ બ્રાહ્મણને કહ્યું "મહારાજ! અમે ઘણાં અભાગિયાં છીએ. ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં હમે એ આશ્રમનો ધર્મ પાળી શકતાં નથી; અને અભ્યાગતને સેવા-શુશ્રૂષા કર્યા વગર જ પાછો મોકલવા વારો આવ્યો છે. આવી સ્થિતિ કરતાં તો જંગલમાં જઇને વસવું એજ વધારે સારૂં, મ્હારાં છોકરાંઓ આજે તદ્દન ભૂખ્યાં સૂશે એવી અવસ્થા છે, તો પછી હું મેમાનનો સત્કાર ક્ય્હાંથી કરૂં? મ્હારા ઉપર દયા આણીને મ્હારો અપરાધ ક્ષમા કરશો." ભગવતી દેવી ઘરની અંદર બેઠાં બેઠાં સાસુજીનાં આ વચનો સાંભળી રહ્યાં હતાં. ત્હેમની આંખોમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં. સાસુની પાસે જઇને ત્હેમણે મૃદુ સ્વરે કહ્યું "મા! આવા ભૂખ્યા તરશ્યા અતિથિને કદી પણ પાછા કહાડી શકાય નહિ. ગમે તે પ્રકારે એમની મેમાનગત તો કરવી જ જોઇએ. ત્હમે એમને બેસાડો અને અર્ધ્યપાદ્ય કરો. હું હમણાં આવું છું" એટલું કહીને એ પોતાના હાથમાંની પીતળની ચૂડી કહાડીને એક પાડોશીને ઘેર ગયાં. અને એ ગીરવી મૂકીને ત્હેની પાસેથી એક શેર ચોખા લીધા. એ શેર ચોખામાંથી એક ખોબો ચોખા કોઇ મોદીને ત્ય્હાં

મોકલાવીને ત્હેના બદલામાં એક ખોબો દાળ મંગાવી, અને એમાંથી દાળભાત રાંધીને એ અતિથિને જમાડયો. વૃદ્ધ બ્રાહ્મણ ભગવતીદેવીની શ્રદ્ધા, ભક્તિ અને સેવા જોઇને કેટલો બધો સંતુષ્ટ થયો હશે ? ત્હેની કલ્પના વાંચકોજ કરી શકશે. જમાડયા પછી ભગવતી દેવીએ સાસુને કહ્યું "બા ! આપણું ઘર તો કેવળ ઝુંપડું છે, માટે આ અતિથિને સૂવાને માટે કોઇ પાડોશીને ઘેર બંદોબસ્ત કરી આપો." સાસુએ તે પ્રમાણે ગોઠવણ કરી. બીજે દિવસે સ્હવારે એ બ્રાહ્મણ ભગવતીદેવીને આંગણે આવીને ત્હેમને ખરા અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપીને ચાલ્યો ગયો.

ખરેખર ! સામાન્ય દરિદ્ર ઝુંપડાના આ અતિથિસત્કાર, ઉદારતા અને સહાનુભૂતિની સરખામણીમાં અતુલ વૈભવશાળી મહેલ પણ કાંઇજ વિસાતમાં નથી.

ભગવતી દેવીને પેટે ચાર પુત્ર અને ત્રણ કન્યા સંતાન જન્મ્યાં હતાં. પંડિત ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગર એ બધાંમાં સૌથી વડા હતા. પ્રત્યેક સંતાનને ભગવતી દેવીએ ઘણા યત્નપૂર્વક ઉછેર્યાં હતાં. ત્હેમનામાં સારા સંસ્કાર આણવાને સારૂ એ પોતાનાથી બનતો યત્ન કરતાં. એમનામાં એક મુખ્ય ગુણ એ હતો કે અસત્ય વાત ઉપર ત્હેમને પુષ્કળ તિરસ્કાર હતો.

છોકરાઓ કોઇ સારૂં કામ કરીને આવતા તો ત્હેને ઉત્તેજન આપતાં. બાળક વિદ્યાસાગર એક દિવસ પોતાની સાથે રમતા એક છોકરાને ફાટેલું વસ્ત્ર પહેરેલ જોઈને દયાવશ થયા અને પોતાનું આખું વસ્ત્ર ત્હેને પહેરાવી, ત્હેનું ફાટેલું વસ્ત્ર પોતે પહેરી આવ્યા. ઘેર ગયા પછી માતાએ

ત્હેનું કારણ પૂછયું, એટલે એમણે સાચી વાત કહી દીધી. ભગવતીદેવીએ એથી સંતુષ્ટ થઇને કહ્યું "એતો ડાહ્યા છોકરાનું કામ! હું રેંટિયો કાંતીને ત્હારે સારૂ એક બીજું કપડું બનાવરાવીશ." આવી રીતે ઉત્તેજન મળવાથી છોકરાઓમાં રહેલા સદ્ગુણો વિકાસ પામતા હતા.

ભગવતી દેવીની બીજી ખુબી એ હતી કે પુત્રીઓ અને વહુઓ ઉપર એકજ સરખું હેત રાખતાં. કોઈ વખત છોકરીઓ, નવી આવેલી ભોજાઇની ખોડખાંપણ કાઢીને ત્હેની સાથે વઢે તો ભગવતી દેવી પુત્રીને શિખામણ આપતાં કે "સંસારની નજીવી બાબતો ઉપર આટલું બધું ધ્યાન શું આપવું? અહા! ન્હાની ન્હાની વહુઓ માબાપના ખોળામાંથી આપણે ઘેર આવી છે. હુંજ એમના મ્હોં સ્હામું નહિ જોઉં તો કોણ જોશે? મ્હારી નજરમાં તો જેવી ત્હમે તેવીજ એ. ત્હમારા રોજ સેંકડો ગુનાહ માફ કરૂં છું, તો શું એમના દોષ હું માફ નહિ કરૂં? જુઓ, વહુઓ તો ત્હમારી સ્હામે કાંઈ પણ બોલતી નથી. ત્હમારાં કેટલાં વખાણ કર્યા કરે છે. ત્હમારે પણ એમના ઉપર હેત રાખવું જોઇએ. આનું પરિણામ એ થતું કે વહુઓ એમની સાથે એટલી બધી હળી જતી કે સાસરામાં ત્હેમને એક દિવસ પણ માતાની ખોટ જણાઈ આવતી નહિ, અને તેઓ પિયેર કરતાં સાસરામાં રહેવાનું વધારે પસંદ કરતી.

ભગવતીદેવી, પુત્ર-પુત્રીઓને તથા વહુઓને વિલાસિતા અને આત્મસુખનો ત્યાગ કરવાની હમેશાં સલાહ આપતાં હતાં. કન્યાઓને કહેતાં કે "પરણ્યા પછી ત્હમે ત્હમારા

સ્વામી પાસે ઘરેણાં અને કિંમતી કપડાં માગશો નહિ, પરન્તુ એ પૈસાનો ઉપયોગ ગરીબોનું દુઃખ નિવારણ કરવાના કામમાં થાય એવો યત્ન કરજો." ભગવતી દેવી અને ત્હેમના પતિ ઠાકુરદાસને સુવર્ણના અલંકારો ઉપર વિલક્ષણ દ્વેષ હતો. એ ઘણી વાર કહેતાં કે "ઘરમાં સ્ત્રીઓને અલંકાર અપાવીએ તો ઘરમાં ધાડપાડુઓ અને ચોરનો ભય રહેશે. સ્ત્રીઓના મનમાં અહંકાર ઉત્પન્ન થશે અને ઘરધંધા ઉપર તેઓ જોઇતું ધ્યાન આપશે નહિ. ગરીબ લોકોને તેઓ તરછોડી નાખશે. અલંકાર બનાવવાને બદલે એ પૈસામાંથી પુષ્કળ અન્ન ખરીદ કરીએ તો અનેક દરિદ્ર બાળકો આપણા ઘરમાં રહીને ભોજન કરીને ભણતાં ગણતાં શીખી શકે." ઘરમાંની સ્ત્રીઓને એ બારીક વસ્ત્ર પણ પહેરવા દેતાં નહિ. કોઇ કોઇ વખત છોકરાઓ કલકત્તાથી ઝીણાં વસ્ત્ર મોકલાવતા તો એ ઘણાં ગુસ્સે થતાં. ઘરની વહુ દિકરીઓ સારૂ પોતે જાડા પોતનાં દેશી વસ્ત્ર ખરીદ કરતાં તેમજ ઘરનું બધું કામકાજ કરવાને ત્હેમને સલાહ આપતાં.

હવે ભગવતીદેવીના હૃદયની વિશાળતા અને ત્હેમની પરમાર્થપરાયણતા વિષે થોડુંક કહીશું.

ભગવતી દેવીના મ્હોટા દિકરા વિદ્યાસાગર મહાશયને જે વખતે સંસ્કૃત કોલેજના પ્રિન્સિપાલ તરીકે ત્રણસેં રૂપિયાનો પગાર મળતો હતો તથા પોતે રચેલાં પુસ્તકો વગેરેની પણ પુષ્કળ આવક હતી તે વખતે તે પોતાને સ્વદેશ વીરસિંહ ગયા હતા. એક દિવસ વાતચીતના પ્રસંગમાં ત્હેમણે માતુશ્રીને પૂછ્યું "મા! ત્હમને ક્યાં ઘરેણાં પહેરવાની ઈચ્છા છે?" ત્હેના

ઉત્તરમાં ભગવતીદેવી બોલ્યાં "બેટા ! ઘણા દિવસથી ત્રણ ઘરેણાં પહેરવાની મ્હને બહુ જ ઇચ્છા હતી; પરન્તુ કોઇ સારો પ્રસંગ નહિ આવ્યાથી મ્હેં ત્હને એ ઇચ્છાઓ આજ સુધી જણાવી નહોતી. આજે ત્હેં પોતેજ એ સંબંધી પૂછ્યું એ ઠીક થયું. જો ભાઇ, દેશના છોકરાઓ મૂર્ખ બનતા જાય છે. એમને ભણવા સારૂ તું ધર્માદા નિશાળ કહાડ, એ મ્હારી એક ઇચ્છા છે. બીજું તું જો કે દેશના ગરીબ લોકો, ધનના અભાવને લીધે દવાદારૂ કરાવી શકતા નથી અને એમનામાંના ઘણા લોકો અકાળ મોતના ભોગ થઇ પડે છે; માટે એમના પ્રાણ બચાવવા સારૂ એક ધર્માદા દવાખાનું સ્થાપન કર. વળી, ગરીબોના છોકરાઓ ક્યહાં રહેશે તથા ક્યહાં આગળ ખાઇ પીને વિદ્યાલયમાં ભણવા જશે ? માટે એમને રહેવા તથા ખાવા પીવા સારૂ એક અન્નસત્ર સ્થાપન કર.. બેટા ! ઘણા દિવસથી આ ત્રણ ઘરેણાં પહેરવાની મ્હને ઘણી જ ઇચ્છા હતી. માની ઇચ્છા પૂર્ણ કરવી એ યોગ્ય પુત્રનું કામ છે, તું મ્હારો યોગ્ય પુત્ર છે, માટે આ ત્રણ ઘરેણાં પહેરાવીને મ્હારી ઘણા દિવસની અભિલાષા પૂર્ણ કર !"

વિદ્યાસાગર મહાશયના મનમાં પણ એવી પરોપકારી સંસ્થાઓ સ્થાપવાની ઇચ્છા હતી. આજે પોતાની વાસનાને માતા તરફથી ઉત્તેજન મળ્યાથી ત્હેમણે થોડા સમયમાં એ ત્રણે સંસ્થાઓ સ્થાપીને માતાની અભિલાષા પૂર્ણ કરી.

ત્યહાર પછી વિદ્યાસાગર મહાશયને ૫૦૦ રૂપિયાનો મહિનો થયો ત્યહારે ત્હેમણે ફરીથી દેશમાં જઇને માતુશ્રીને પૂછ્યું કે "મા ! હવે ત્હમારી શી ઇચ્છા છે ?" તે ઉપરથી ભગ-

વતી દેવીએ કહ્યું કે, " આપણાં સગાંઓમાં જ્હેમની હીન અવસ્થા છે ત્હેમને ગુજરાનને વાસ્તે મહિનો બાંધી આપ." વિદ્યાસાગરે માતાની ઇચ્છા પણ પૂર્ણ કરી.

૫૩ની સાલમાં બંગાળામાં ભયંકર દુકાળ પડયો હતો. એ દુકાળમાં જે લોકોએ અન્નસત્રનો આશ્રય લીધો હતો તે લોકો પાછળથી કેવી રીતે ગુજરાન ચલાવે છે ત્હેની તપાસ કરવા સારૂ વિદ્યાસાગર મહાશય એક વખત પોતાને ગામ ગયા હતા. તપાસ કરતાં ત્હેમને જણાયું કે, એમાંના અનેક લોકો મહા કષ્ટે એક વખત ભોજન કરવા પામે છે. એ સાંભળીને વિદ્યાસાગરે એક વખત ભગવતી દેવીને પૂછયું-" વર્ષમાં એક દિવસ જગદ્ધાત્રી દેવીની પૂજા કરીને છસેં સાતસેં રૂપિઆ ખર્ચવા એ સારૂં છે કે ગામના અનાથ મનુષ્યોને એ પૈસામાંથી અવસ્થા પ્રમાણે મહિને મહિને થોડી થોડી મદદ કરવી એ સારૂં છે ? " એ વાતના ઉત્તરમાં ભગવતીદેવી બોલ્યાં " ગામના દરિદ્ર લોકો રોજ ભોજન મેળવી શકે તો પછી પૂજા કરવાની આવશ્યક્તા નથી. તું ગામના ગરીબ લોકોને દર મહિને થોડું થોડું આપીશ તો હું ઘણી રાજી થઇશ. " એક અંગ્રેજ કવિ કહી ગયો છે કે " જે કોઇ, માનવ જાતિની પશુની અને પક્ષીની યોગ્ય રીતે સેવા કરે છે, તે જ મનુષ્યની ખરી પ્રાર્થના કરે છે-" ભગવતીદેવીનો ઉત્તર એવાજ ઉદાર અને મહાન ભાવથી પ્રેરાયેલો હતો. જૂના સંસ્કારમાં ઉછરેલી એક હિન્દુ મહિલાને માટે ઇશ્વરભક્તિનો આવો ઉચ્ચ આદર્શ રાખવો એ ખરેખર પ્રશંસનીય છે. ભગવતીદેવીની એ ઉદારતા આપણી સ્ત્રીઓને માટે અનુકરણ કરવા યોગ્ય છે.

બંગાળી સંવત્ ૧૨૭૨ માં બંગાળામાં ઘણો મ્હોટો દુકાળ પડયો હતો. એ સમયમાં ઘણા આબરૂદાર લોકો પણ પણ ધનના અભાવે ભૂખે મરતા હતા. એ સમયમાં વિદ્યાસાગર મહાશયે છુટે હાથે પુષ્કળ દાન કર્યું હતું. વીરસિંહ ગામના ઘણા ખરા લોકો સ્હવારથી તે રાતના દશ વાગ્યા સુધી ત્હેમને બારણે ઉભા રહેતા. ત્હેમને જમાડયા વગર ઘરમાંથી કોઇ જમવા પામતું નહિ. ધીમે ધીમે આસપાસનાં ગામોના દુકાળથી પીડાતા લોકો પણ વિદ્યાસાગરને બારણે ભિક્ષા માગવા આવવા લાગ્યા. કરૂણામયી, દીનજનની સાક્ષાત્ અન્નપૂર્ણા સમાન ભગવતી દેવી એ બધાંનાં દુઃખ જોઇને સ્થિર બેસી શકયાં નહિ. ત્હેમની મર્મભેદી ચીસોથી ત્હેમનું કોમળ હૃદય ચીરાઇ જવા લાગ્યું. ત્હેમણે તરતજ એ લોકોને સારૂ એક અન્નસત્ર સ્થાપ્યું. શરૂઆતમાં તો તે પોતાને હાથે રાંધીને દરિદ્ર લોકોને જમાડવા લાગ્યાં. એ લોકો જમવા બેસતા તે વખતે પોતે પાસે ઉભાં રહેતાં; અને ત્હેમનું દુઃખ જોઈ આંખમાંથી આંસુ વર્ષાવતાં. આ દૃશ્ય કેવું મધુર કેટલું હૃદયસ્પર્શી છે! ભગવતી દેવીની આ જીવન-કહાણી સાંભળીને કોણ એવું કહેવાનું સાહસ કરશે કે, સેવાધર્મનું શિક્ષણ આપણને અંગ્રેજો પાસેથી મળ્યું છે? ભગવતીદેવીએ એક દિવસ પોતાના પતિને કહ્યું હતું " આ જ મ્હારૂં કાશી છે, અને આ સ્થળ તે મ્હારૂં વિશ્વેશ્વરનું મંદિર છે " મનુષ્ય માત્રમાં પરમાત્માનું દર્શન કરવું તે આનુંજ નામ. ભગવતીદેવી ગરીબ-નિરાધાર મનુષ્યોને કેવળ અન્નદાન કરીને સંતોષ પામતાં નહિ. ત્હેમને જમાડયા પછી ભગવતીદેવી ગરીબોની છોકરીઓને પોતાની પાસે બોલાવતાં અને ત્હેમને વાળ

ધોઇને પોતાને હાથે તેલ ઘાલીને ચોટલો વાળતાં. ઉંચી જાતનાં બ્રાહ્મણ રમણી હોવા છતાં આવે વખતે એ ન્યાત જાતનો તફાવત રાખતાં નહિ. હાડિ, ડોમ, તિવર, બાગ્દી વગેરે હલકી મનાતી ન્યાતોના બાળકોના માથામાં ભગવતીદેવી પોતાને હાથે નાળિયેરનું તેલ નાંખતાં તથા ત્હેમના કપાળમાં સિંદુરનો ચાંલ્લો કરતાં. ધન્ય ભગવતી ! ધન્ય છે ત્હમારા જીવનને ! ત્હમેજ આડંબરશૂન્ય સાચાં સેવિકા હતાં. પુણ્યની લીલાભૂમિ ભારતવર્ષ ત્હને પણ એવી આદર્શ–સેવિકાઓ ઉત્પન્ન કરવા માટે હજારો વાર ધન્ય છે !

હિન્દુ પેટ્રિયટ પેપરનો ખબરપત્રી ૧૨૭૩ ની ૧૫ મી શ્રાવણના અંકમાં એ હૃદયસ્પર્શી સેવાવ્રતનો ઉલ્લેખ કરતાં લખે છે કેઃ–" વીરસિંહ ગામમાં વિદ્યાસાગર મહાશયનાં માતુશ્રી દરરોજ ચારસો પાંચસો માણસોને, મુક્ત હસ્તે અન્નદાન કરતાં હતાં. "

હવે ભગવતીદેવીના સૌજન્ય અને સદ્વ્યવહાર સંબંધી કાંઇક કહીશું.

ઇ. સ. ૧૮૬૮ માં બંગાળાના એક મ્હોટા અમલદાર હેરિસન સાહેબ ઈનકમ ટેક્સ (આવક વેરો) કમિશ્નર નીમાયા હતા. વિદ્યાસાગર સાથે ત્હેમને સ્નેહ હતો. એટલે ત્હેમણે સાહેબને પોતાને ઘેર વીરસિંહ પધારવાનું આમંત્રણ આપ્યું. હેરિસન સાહેબે જણાવ્યું કે " હિન્દુઓના રિવાજ પ્રમાણે ઘરનો વડિલ પુરૂષ અથવા સ્ત્રી આમંત્રણ ન કરે ત્ય્હાં સુધી જવાય નહિ. " એ ઉપરથી ભગવતીદેવીએ હેરિસન સાહેબને નિમંત્રણ મોકલ્યું. સાહેબ ત્હેમના આમંત્રણને માન આપીને

વીરસિંહ ગયા અને હિન્દુઓના રિવાજ પ્રમાણે ભગવતીદેવીને પ્રણામ કર્યો, તથા હિન્દુઓના રિવાજ પ્રમાણે પલાંઠી વાળીને ભોજન કર્યું. ભગવતીદેવીએ પાસે ઉભાં રહીને ત્હેમને ભોજન કરાવ્યું હતું. ત્હેમના વિવેકથી સાહેબ આશ્ચર્યચકિત થયા હતા. ભગવતીદેવી ઘણાં જૂના વિચારનાં હિન્દુ સ્ત્રી હતાં, છતાં પણ એમનો સ્વભાવ ઘણો ઉદાર હતો અને મન અતિશય ઉન્નત હતું. ન્હાના મ્હોટા, ધનવાન કે ગરીબ, સાહેબ, કે દેશી, સર્વ ત્હેમની નજરમાં સરખા હતા.

ભોજન થઇ રહ્યા પછી હેરિસન સાહેબે ભગવતીદેવીને પૂછયું "આપની પાસે કેટલું ધન છે?" ભગવતીદેવીએ સ્મિતપૂર્વક ઉત્તર આપ્યો-"બેટા! ચાર ઘડા ધન છે." સાહેબે કહ્યું "અહો! ત્હમારી પાસે એટલું બધું ધન છે? ત્હેના ઉત્તરમાં ભગવતીદેવીએ હસતે ચહેરે વિદ્યાસાગર મહાશય તથા બીજા ત્રણ પુત્રો તરફ આંગળીનો ઈશારો કરીને કહ્યું "આ મ્હારૂં ચાર ઘડા ધન" સાહેબે વિસ્મય પામીને વિદ્યાસાગરને તથા ત્યહાં બેઠેલા બીજા પુરૂષોને કહ્યું "આતો ખરેખર બીજી રોમન સ્ત્રી કોર્નેલિયા છે."

ત્યહારપછી ભગવતીદેવીએ સાહેબને કહ્યું "જુઓ બેટા! ત્હમે ઘણી જવાબદારીનું કામ લઇને આ જિલ્લામાં આવ્યા છો. ગરીબોને કોઇપણ જાતનું નુકસાન ન પ્હોંચે ત્હેની કાળજી રાખજો. ત્હમે એવી રીતે કામ કરજો કે આ જીલ્લો છોડી ગયા પછી પણ લોકો ત્હમને સંભારીને રૂવે." સાહેબ ભગવતીદેવીની સલાહ સાંભળીને અત્યંત સંતુષ્ટ થયા, અને વિદ્યાસાગર મહાશયને કહેતા ગયા કે "આવી માતા વગર ત્હમે આવા

થઇ શકત નહિ. માતાના ગુણને લીધે જ ત્હમે સ્વભાવથી ઉન્નત વિચારના બન્યા છો." ત્ય્હાર પછી ઘરનો બધો વાહ-વટ જોઇને સાહેબ બોલ્યા " હું ઘણાં ઘરમાં ગયો છું, પણ આવી સફાઇ મ્હેં કદી પણ જોઈ નથી. હવે ખાત્રી થઇ કે, આપનાં માતુશ્રી ઘણાં જ ગુણવાન છે. એમની સરખામણી કોઇની સાથે થઇ શકે એમ નથી.

ત્ય્હાર પછી ઘણે દિવસે કોઇ કામસર વિદ્યાસાગર મહા-શયને પત્ર લખતાં હેરિસન સાહેબે લખ્યું હતુ કે " આપનાં માતુશ્રીના ઉપદેશ પ્રમાણે કામ કરવાને હું યત્ન કરૂં છું. ત્હેમને જણાવજો કે, એમના મુખમાંથી નીકળેલાં અમૃતમય ઉપદેશ-વચનો હમેશાં મ્હારા કાનમાં ગાજી રહે છે અને મ્હને સત્કાર્ય કરવામાં ઉત્તેજીત કરે છે." ત્હેમના સૌજન્ય અને સદ્વ્યવહારથી એક પરદેશી, પરધર્મી અને ઉંચા દરજ્જાના અમલદાર ઉપર કેવી સારી અસર થઈ હશે ? તે આ ઉદાહરણ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે.

હવે શ્રીમતી ભગવતીદેવીની કર્તવ્ય-બુદ્ધિ કેટલી બધી સતેજ હતી તે દર્શાવવા એકાદ ઉદાહરણ આપીશું.

બાળ વિધવાઓનું દુઃખ જોઇને દયાળુ વિદ્યાસાગર મહા-શયનું હૃદય પીગળી ગયું હતું. ત્હેને સારૂ ત્હેમણે અથાગ પરિશ્રમ કરીને શાસ્ત્રનાં પ્રમાણ પણ શોધી કહાડયાં હતાં, પરન્તુ એમનો વિચાર એવો હતો કે જ્ય્હાંસુધી માતાપિતાની મંજુરી ન મળે ત્ય્હાંસુધી એ કાર્યમાં પ્રવૃત્ત ન થવું. એ ઉદ્દે-શથી એ વીરસિંહ ગયા અને ભગવતીદેવી આગળ પોતાનો વિચાર જણાવ્યો. ભગવતીદેવીએ સંતુષ્ટ ચિત્તે જવાબ આપ્યો કે,

" બેટા ! તું કાંઈ જેવો તેવો છોકરો છે. ત્હેં જ્યહારે સાબિત કરી આપ્યું છે કે વિધવાવિવાહ શાસ્ત્રસંમત છે, ત્યહારે હું પ્રસન્ન થઈને ત્હને આશીર્વાદ આપું છું. જો એ જન્મ-દુઃખી સ્ત્રીઓને સુખી કરવાનો કોઈ ઉપાય હોય, તો બેટા હમણુંજ એ કામ કર; પરન્તુ બેટા, એકવાર કામને હાથમાં લીધા પછી સમાજના ભયથી અથવા તો મ્હારા કે ત્હારા પિતાજીના વાર્યાથી પણ તું કોઈ રીતે એ કામ છોડી દઈશ નહિ." ત્યહાર પછી વિદ્યાસાગરે પિતાની રજા માગી અને ત્હેમણે પણ એ બાબતની રજા આપી, અને વિદ્યાસાગરે તન, મન, ધનથી એ કાર્યને હાથમાં લીધું. વિધવાવિવાહનું કાર્ય ઉપાડયાથી ગામના લોકોએ વિદ્યાસાગરને અને ત્હેમના કુટુંબને અનેક પ્રકારનો ત્રાસ દીધો હતો. ' ત્હેમના ત્રાસને લીધે દયાળુ ભગવતીદેવીને પણ અત્યંત દુઃખ સહન કરવું પડયું હતું, પણ એ બધું દુઃખ એમણે શાંત ચિત્તે સહન કર્યું હતું. એટલે સુધી કે એક વખત કોઈ સરકારી અમલદારને ખબર પડી કે ગામના લોકો વિદ્યાસાગર મહાશયનાં માતપિતાને પજવવામાં બાકી રાખતા નથી, એટલે તેઓ એ ગામમાં તપાસ કરવા આવ્યા. એમણે આવીને પૂછ્યું કે, ' આપને કયા લોકો હેરાન કરે છે? ત્હેનાં નામ આપો, એટલે હું ત્હેમને ઘટતી સજા કરીશ.' પરન્તુ ઉદાર ચિત્તનાં ભગવતીદેવી અને ઠાકુરદાસે કોઈનાં પણ નામ આપ્યાં નહિ અને એ અમલદારને સ્હમજાવીને પાછો મોકલી દીધો. એ લોકોએ ભગવતીદેવી અને ઠાકુરદાસ ઉપર જે જે અત્યાચારો કર્યા હતા ત્હેને ધ્યાનમાં લીધા પછી ત્હેમની આ ક્ષમાવૃત્તિનો વિચાર કરીએ છીએ ત્યારે લાગે છે કે

ત્હેમની ક્ષમાવૃત્તિ ઇસુખ્રિસ્તની ક્ષમા કરતાં કોઇ રીતે ઉતરે એવી નહોતી. વાંચકોની જાણ સારૂ એ અત્યાચારના બે એક નમૂના રજુ કરીશું. એક વખતે ગામના લોકોએ પુષ્કળ કાંટા એકઠા કરી, ભગવતીદેવીના બારણા આગળ તેનો ઘણો મ્હોટો ઢગલો કરીને બહાર જવાનો રસ્તો બંધ કરી દીધો હતો. મહા મહેનતે તેઓ બહાર જવાનો રસ્તો કરી શકયાં હતાં. એજ રીતે એક દિવસે ગામના લોકોએ મરી ગયેલા જીવજંતુઓનો ઢગલો એમના આંગણામાં કર્યો હતો. વળી એક વખત ઠાકુરદાસ નવું ઘર બંધાવતા હતા ત્હેનો એકઠો કરેલો સામાન ઉપાડી લઈ ગયા હતા. આવો આવો અત્યાચાર ઘણા દિવસ સુધી ચાલ્યો હતો. ભગવતીદેવીના પુત્ર ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરનું એ વખતે સરકારમાં એટલું બધું માન હતું કે ગવર્નર સાહેબ એમને પુષ્કળ માન આપતા તથા અનેક બાબતમાં એમની સલાહ લેતા. એવે વખતે ભગવતીદેવીએ ધાર્યું હોત તો ગમે તે પ્રકારે ગામના લોકોને સજા કરી શકત, પરન્તુ એ ક્ષમાની અવતાર દેવીએ ત્હેમના દોષ ઉપર જરા પણ ધ્યાન આપ્યું નહિ. ધન્ય ભગવતીદેવી! ધન્ય ત્હમને! ત્હમારા ઉદરમાં ઈશ્વરચંદ્ર જેવા દયાસાગર જન્મે એમાં શું આશ્ચર્ય!!

ભગવતીદેવી અત્યંત પતિવ્રતા હતાં. ઠાકુરદાસની આજ્ઞા પાળવામાં કે એમની સેવા કરવામાં એમણે કદી પણ કોઈ જાતની ત્રુટિ રાખી નથી. બંગાળી સંવત્ ૧૨૭૭ માં ઠાકુરદાસ કાશી ધામમાં માંદા પડયા એટલે ભગવતીદેવી પોતાના પુત્રને લઇને તરતજ કાશી પહોંચ્યાં અને સેવા ચાકરી કરીને ત્હેમને જલ્દી સાજા કરી દીધા. ત્ય્હાં આગળ બે મહિના

સુધી રહીને પતિની આજ્ઞાથી દીન અનાથોની સેવા કરવા તથા ઘરનો વહીવટ કરવા વીરસિંહ પાછાં આવ્યાં; ત્યાં બેએક મહિના રહ્યા પછી ચૈત્રસંક્રાંતિને દિવસે ભગવતીદેવીની તબિયત બગડી આવી, આ વખતે ત્હેમના જીવવાની આશા વૈદ્યોએ તથા ડાકટરોએ મૂકી દીધી. ભગવતીદેવીએ મંદ સ્વરે મીઠી વાણીથી બધાને ધીરજ આપી અને છેવટે પતિના ચરણની રજ માગી. શાંત, ધૈર્યશીલ ઠાકુરદાસ હવે હૃદયના આવેશને રોકી શકયા નહિ. ત્હેમની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં. ગદ્‌ગદ્‌ સ્વરે એ બોલ્યા "તું સાધ્વી સતી છે. ત્હને હું બીજો શો આશીર્વાદ આપું ? તું ત્હારા પોતાના પુણ્યબળવડે આગળ ચાલી. આખરે ત્હારો જ જય થયો. તું સર્વદા કહેતી હતી કે, 'જપ, તપ કરવું એ બધું ખરૂં, પણ મરતાં આવડવું જોઇએ.' કેવી રીતે મરવું જોઇએ એ ખરેખર તું જાણી શકી છે. ત્હને અક્ષય સ્વર્ગસુખ મળજો !"

આ પ્રમાણે પતિનો આશીર્વાદ મેળવીને પુત્ર-પુત્રી, પૌત્ર-પૌત્રી વગેરેનો મ્હોટો સંસાર મૂકીને ભગવતીદેવી અપૂર્વ શાંતિપૂર્વક નાશવંત દેહ છોડીને અમર ધામમાં સીધાવ્યાં. ત્હેમના મૃત્યુથી અનેક દરિદ્ર અનાથોએ દારૂણ શોક કર્યો, હમે પણ શોકવિહ્વળ ચિત્તે ઈશ્વરપ્રાર્થના કરીશું કે હે ઈશ્વર ભારતભૂમિમાં ભગવતીદેવી જેવી સરળ, નિરાભિમાની સેવિકાઓ ઘેરે ઘેર ઉત્પન્ન કરો !

૬૨—ભગિની નિવેદિતા.

ભગિની નિવેદિતાનો જન્મ યુરોપ ખંડમાં એક પાદરીના કુટુંબમાં થયો હતો. ત્હેમનું મૂળ નામ માર્ગરેટ નોબલ હતું. ત્હેમના પિતા સારા વકતા અને ધર્મશાસ્ત્રમાં નિપુણ પાદરી હતા. ત્હેમણે પોતાના એશઆરામ છોડી દઇને મેંચેસ્ટર શહેરના ગરીબ અને દુઃખી લોકોની સ્થિતિ સુધારવાના કામમાં જીવન સમર્પણ કર્યું હતું. એવા યોગ્ય પિતાની યોગ્ય કન્યા માર્ગરેટ બાલ્યાવસ્થાથીજ ધર્મના માર્ગ તરફ ખેંચાઇ હતી. ત્હેમના પિતાના એક પાદરી મિત્ર હિન્દુસ્થાનથી પાછા આવ્યા હતા તે બાલિકા માર્ગરેટની ધર્મજિજ્ઞાસા જોઇને ઘણા આશ્ચર્યચકિત થઇ ગયા હતા, અને ત્હેમણે કહ્યું હતું કે એક દિવસ આ કન્યા ઉપર ભારત વર્ષની સેવા કરવાની જવાબદારી આવશે. એ કથન એક પ્રકારે ભવિષ્યવાણી સમાન થઇ પડયું છે. પાદરી સાહેબે તો કદાચ એમ ધાર્યું હશે કે માર્ગરેટ કોઇ ખ્રિસ્તી મિશનમાં જોડાઇ ભારતવાસીઓને ખ્રિસ્તી બનાવવામાં સફળ થશે; પરન્તુ માર્ગરેટ નોબલે એથી જૂદીજ રીતે ભારતવર્ષની સેવા બજાવી છે; ત્હેમણે સ્વધર્મનો ત્યાગ કરી; પોતાને ભારતવાસી અને ભારતધર્મી બનાવી, ભારતવાસીઓની પોતાના (ભારતવાસીઓના) ધર્મ ઉપરની શ્રદ્ધાને વધારે દૃઢ બનાવી છે. માર્ગરેટના પિતાએ પણ ત્હેના ભાવિ જીવનને માટે ઘણી સારી આશા બાંધી હતી અને મૃત્યુ સમયે પોતાની સ્ત્રીને કહી ગયા

હતા કે, એક દિવસ આ છોકરી ઉપર કોઈ મ્હોટી જવાબદારી આવી પડશે; એ સમયે તું માતા તરિકે એને મદદ આપજે.

કુમારી માર્ગરેટે ઘણું સારૂં શિક્ષણ મેળવ્યું અને ત્યહાર પછી લંડન શહેરમાં કેળવણીનો પ્રચાર કરવાની હિલચાલમાં આગળ પડતો ભાગ લેવા માંડયો. જે વખતે લંડનમાં ત્હેમના એ નૂતન જીવનનો આરંભ થયો હતો તેજ સમયમાં (ઇ. સ. ૧૮૯૫) સ્વદેશપ્રેમી ભારતવાસી મહાન સંન્યાસી વિવેકાનંદજી હિન્દુ ધર્મના પ્રચારાર્થે વિલાયત પધાર્યા હતા. લંડન શહેરમાં ત્હેમનાં ઓજસ્વિ ભાષણો સાંભળીને માર્ગરેટ મુગ્ધ થઇ ગયાં. ભારતવર્ષના ધર્મ અને ભારતવર્ષના લોકો ઉપર ત્હેમને સ્નેહ અને શ્રદ્ધા ઉત્પન્ન થયાં. તેમણે સ્વામી વિવેકાનંદજીનાં શિષ્યા બનીને ભારતવર્ષની યાત્રા કરી; અને પોતાનું નામ નિવેદિતા રાખ્યું.

કલકત્તા શહેરમાં આવીને હિન્દુ રમણીઓની દુરવસ્થા જોઇને ત્હેમના પ્રાણને ઘણી વેદના થઇ. નિવેદિતાએ ત્હેમને શિક્ષણ આપવાના કાર્યને પોતાનું જીવન-વ્રત બનાવ્યું. કેવળ ભાષણો આપીને કે વર્તમાન પત્રોમાં લેખ લખીને ત્હેમણે પોતાની લાગણીને પૂરી થયેલી માની નહિ; પરંતુ ત્હેમણે નિશ્ચય કર્યો કે જહેમને સારૂ કંઇ પણ કામ કરવું હોય ત્હેમના જેવાં બનવું જોઇએ, ત્હેમની સાથે હળીમળી જવું જોઇએ, અને ત્હેમનો વિશ્વાસ સંપાદન કરવો જોઇએ; એટલા માટે ત્હેમણે એક હિન્દુ બ્રહ્મચારિણીના જેવું જીવન ગાળવા માંડયું, પોતાના બધી જાતના સુખ-વૈભવનો એકદમ ત્યાગ કર્યો અને કલકત્તાના ઉત્તર ભાગમાં બોસપાડા નામના હિંદુઓના મહોલ્લામાં

એક ન્હાનું સરખું ઘર ભાડે રાખીને વસવા લાગ્યાં. એક અંગ્રેજ રમણી પોતાના મહોલ્લામાં આવીને રહી છે, એ જાણીને હિંદુઓએ ત્હેમને દુઃખ દેવામાં બાકી રાખી નથી. પ્રારંભમાં કોઇ હિન્દુ ત્હેમને ત્ય્હાં નોકર રહેવા તૈયાર થયો નહિ. ત્હેમને કોઇ રસોઇઓ પણ મળ્યો નહિ. ઘણા દિવસ સુધી તો ત્હેમને કેવળ ફળફળાદિ ખાઇનેજ રહેવું પડયું. એમણે પાડાપાડોશની સ્ત્રીઓ સાથે ઘણા સ્નેહપૂર્વક નમ્રતાથી મળવાનું શરૂ કર્યું, પરન્તુ પ્રથમ તો એમના કાર્ય તરફ ઘણા ઓળખીતા માણસોને પણ શક ગયો. હિન્દુ છોકરીઓ ત્હેમની સાથે ભળતાં શરૂઆતમાં સંકોચ આણવા લાગી, તો પણ તે જરા પણ નિરાશ થયાં નહિ. થોડા વખતમાંજ લોકો જોઇ શક્યા કે નિવેદિતામાં કેવી અદ્ભૂત આકર્ષણ શક્તિ હતી. ત્હેમની સેવા અને મમતાથી આકર્ષાઈને ધીમે ધીમે બાલિકાથી માંડીને વૃદ્ધ ડોશીઓ સુદ્ધાંત ત્હેમના પ્રેમપાશમાં મુગ્ધ થઇ ગઈ. પ્રથમ તો કોમળ બાલિકાઓ ત્હેમની પાસે આવજા કરવા લાગી. ત્હેમણે એ બાલિકાઓ સારૂ એક કિન્ડરગાર્ટન સ્કૂલ ઉઘાડી. પાછળથી એ બાલિકાઓની માતાઓ પણ ત્હેમની તરફ આકર્ષાઇ. અનાથ અને વિધવાઓ પણ ત્હેમની પાસે શિક્ષણ મેળવવા લાગી. આ પ્રમાણે જૂના વિચારના હિન્દુઓના મહોલ્લામાં ત્હેમણે (House of the sisters) ભગિનીઓનો આશ્રમ સ્થાપ્યો.

જે મહોલ્લામાં એ વસતાં હતાં તે મહોલ્લો ઘણોજ ગંદો હતો. ત્ય્હાંના રહેવાસીઓનું તે તરફ જરાપણ ધ્યાન ખેંચાયું નહોતું. નિવેદિતાને એથી ઘણું લાગી આવ્યું અને ત્હેમણે

દરેક ઘરના માલિકને પોતપોતાની નીક સાફ કરવાનું સૂચવ્યું. પરન્તુ હિન્દુઓએ પોતાને હાથે નીક સાફ કરવાનું પસંદ ન કર્યું. એ ઉપરથી નિવેદિતાએ જાતે ઝાડુ હાથમાં લઇને નીક સાફ કરવાનું શરૂ કર્યું. ત્હેમનો દાખલો લઇને બીજા બધાઓએ પણ એ પ્રમાણે કરવા માંડયું. એવામાં કલકત્તા શહેરમાં પ્લેગનો ઉપદ્રવ થયો. કલકત્તાવાસીઓમાં એ વખતે ઘણોજ ભય ઉત્પન્ન થયો. લોકો ઘરબાર છોડી દઈને બહાર ગામ વસવા ચાલી જવા લાગ્યાં. એવે વખતે નિવેદિતાએ સ્વયંસેવકોનું એક દળ લઇને કલકત્તાના સૌથી ગંદા લતામાં જઈને ગંદી જગ્યાઓને સાફ કરાવવાનું શરૂ કર્યું. એ સમયમાં એમણે જાતે પ્લેગથી પીડાતાં અનેક સ્ત્રી પુરૂષોની સેવા કરી હતી, પ્લેગથી પીડાતાં કેટલાંએ બાળકોને માતાની માફક ખોળામાં લઈને માવજત કરી હતી. જે લોકોએ ત્હેમની એ સેવા-શુશ્રૂષા જોઇ તે લોકો એમનો આત્મત્યાગ જોઇને દિઙ્મૂઢ થઇ ગયા. જ્હેમને અડકવાથીજ મરણ પામવાનો સંભવ હોય ત્હેમને હાથમાં લઇને ત્હેમની સેવા-શુશ્રૂષા કરવાનું સાહસ નિવેદિતા કરી રહ્યાં હતાં. જ્હેમનું હૃદય પ્રભુપ્રેમથી પૂર્ણ હોય છે, જે જનસેવાનેજ પોતાનો ધર્મ ગણે છે ત્હેમને રોગ કે વ્યાધિની શી પરવા ! આવી રીતે સેવાકાર્યમાં આત્મ-નિવેદન કરીને ત્હેમણે નિવેદિતા નામનું સાર્થકય કર્યું હતું.

નિવેદિતામાં એટલી બધી દયા હતી કે બીજાઓનું જરા પણ કષ્ટ ત્હેમનાથી સહન થઇ શકતું નહિ. એક દિવસ પોતાના એક નોકરને ટ્હાડમાં કાંપતો જોઇને તરતજ પોતાનો ઓવરકોટ કહાડીને ત્હેને આપી દીધો અને પોતે ટ્હાડ ભોગ-

વવા લાગ્યાં. જે સમયમાં બારિસાલ જીલ્લામાં સખ્ત દુકાળ પડયો હતો, તે વખતે નિવેદિતાએ ત્હેમને માટે ફક્ત નાણાં ઉઘરાવીને સંતોષ માન્યો નહોતો, પરંતુ દુકાળથી પીડાતાં મનુષ્યોની તપાસ કરવા અને ત્હેમની સેવા કરવા જાતે બારિસાલ ગયાં હતાં. એ સમયમાં ગરીબોને ઘેર જઇને ત્હેમણે તન–મન–ધનથી ખડે પગે ત્હેમની સેવા કરી હતી. એવે વખતે કોઈ પણ જાતના દુઃખ કે અગવડનો ત્હેમણે વિચાર કર્યો નથી.

ભારતવર્ષ ઉપર ભગિની નિવેદિતાની અસાધારણ પ્રીતિ હતી. તેઓ ભારતવર્ષને પોતાનોજ દેશ ગણતાં; વાતચીતમાં, લખાણમાં કે ભાષણમાં, એ 'ભારતવર્ષની જરૂરિયાતો.' "ભારતવર્ષની સ્ત્રીઓ" વગેરે સંબંધી ઉલ્લેખ કરતાં our need આપણી જરૂરિયાતો, our women આપણી સ્ત્રીઓ, એવા પ્રકારના શબ્દોનો ઉપયોગ કરતાં. કલકત્તામાં જે પોળમાં પોતે વાસ કરતાં હતાં, તે પોળ એમને એટલી બધી પ્રિય થઈ ગઇ હતી કે, બારિસાલમાં ઉઘાડે પગે કાદવ કીચડમાં ચાલ્યાથી એમનું શરીર બગડી આવ્યું અને એ કલકત્તે પાછાં ફર્યાં, ત્યહારે એમનાં ઘણાં હિતૈષીઓએ એવી ગંદી ગલી છોડી દઇને બીજે જઇ વસવાનો આગ્રહ કર્યો; પરંતુ તે વખતે એમણે કહ્યું હતું કે "એ ગલીએ મ્હને પોતાની છોકરી તરિકે ઉછેરી છે, હું ત્હેને છોડી જઇ શકીશ નહિ."

સદ્‌ભાગ્યે એ વર્ષે મેલેરિયાની પીડામાંથી એ બચી ગયાં અને ન્યુયોર્ક તથા લંડનના પુસ્તક–પ્રકાશકોના આગ્રહથી હિન્દુસ્થાનને લગતાં બે પુસ્તકો લખવાનો આરંભ કર્યો. એ પુસ્તકોના તથા પોતે સ્થાપેલા કન્યાવિદ્યાલયના કાર્યના પરિશ્રમને લીધે

ત્હેમની તબિયત ફરીથી લથડી અને મિત્રોના આગ્રહથી ત્હેમને તંદુરસ્તી સુધારવા સારૂ દાર્જિલિંગ જવું પડયું, પરન્તુ ત્હાં આગળ અનેક સારા ડાકટરોની દવા કરાવ્યા છતાં પણ કાંઇ ફાયદો ન થયો અને ૧૩ મી અકટોબર ૧૯૧૧ ને દિને ત્હેમણે આ અસાર સંસારનો ત્યાગ કર્યો. દાર્જિલિંગ જતાં અગાઉ થોડા દિવસ પૂર્વે ત્હેમણે બૌદ્ધ ધર્મના એક પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કરીને તે પુસ્તક મિત્રોમાં વ્હેંચવા સારૂ પ્રગટ કર્યું હતું. એ ત્હેમની છેલ્લી વિદાયની ભેટ હતી. મંદવાડના સમયમાં પોતે વારંવાર એ પુસ્તકનો પાઠ કરતાં હતાં. ત્હેમનું હૃદય ઈશ્વરભક્તિથી કેટલું બધું પૂર્ણ હતું, એ એટલા ઉપરથી સ્હમજી શકાય છે.

અનેક અંગ્રેજી માસિકોમાં ભગિની નિવેદિતા લેખ લખતાં. ત્હેમના લેખો જે પત્રમાં છપાય તે પત્રના અધિપતિઓ પોતાને ભાગ્યશાળી ગણતા. ભાષણ આપવામાં પણ નિવેદિતા ઘણાં નિપુણ હતાં. ત્હેમની વાણી ઓજસ્વિની અને અસરકારક હતી, ભાષણ કરતી વખતે, અને વાર્તાલાપ કરતી વખતે હૃદયની શુદ્ધતા અને સરલતા ત્હેમના મુખારવિન્દ ઉપર સ્પષ્ટ ઝળકી ઉઠતાં.

ભારતવર્ષની સ્રીઓમાં કેળવણીનો પ્રચાર કરવો એ ત્હેમનું મુખ્ય વ્રત હતું.

બૌદ્ધધર્મ ઉપર ત્હેમની અસાધારણ પ્રીતિ હતી. બૌદ્ધ ગયામાં વાસ કરતી વખતે ત્હેમણે પોતાના સાથીઓને કહ્યું હતું કે "ચાલો આપણે સુજાતાનું ઘર જોઇ આવીએ. એ જગ્યાએ હવે કોઈ ખંડેર કે બીજું ચિહ્ન તો નહિ હોય, પણ એ સ્થાનનું લીલું ઘાસ પણ પવિત્ર છે." એજ પ્રમાણે તેઓ જ્યહારે

બાંકીપુરમાં ખોદાબક્ષ લાયબ્રેરી જોવા ગયાં. ત્યહારે કોઇએ ત્હેમને શાહજહાં બાદશાહના હસ્તાક્ષર બતાવ્યા. ત્હેમને એ જોઇને એટલો બધો આનંદ થયો કે ત્હેમણે એ હસ્તાક્ષરને સ્પર્શ કરવાની રજા માગી અને રજા મળતાં એના ઉપર હાથ મૂકીને ઘણી વાર સુધી આંખ મીંચીને ઉભાં રહ્યાં. એવીજ રીતે નાલન્દા અને સારનાથ તીર્થોમાંથી જૂના લાકડાના અને પથ્થરના કકડા લઇ આવીને પોતાના વાંચનગૃહમાં સંઘરી રાખ્યા હતા. ટુંકામાં ભારતવર્ષના પ્રાચીન ગૌરવની બધી વસ્તુઓ ત્હેમને મનથી અત્યંત પવિત્ર હતી.

ભારતવાસીઓ દરેક બાબતમાં યુરોપિયનોનું અનુકરણ કરે, એ વાત ત્હેમને બિલકુલ પસંદ નહોતી. અને તેજ પ્રમાણે આપણા દેશના બાળકોને યુરોપિયન ઢંગનું શિક્ષણ આપવાની પણ તેઓ વિરૂદ્ધ હતાં. આ દેશના રીતરિવાજને અનુકૂળ હૃદયની, મગજની અને આધ્યાત્મિક વિષયની કેળવણી ભારતવાસીઓને મળે એ ત્હેમને ઇષ્ટ હતું.

ભગિની નિવેદિતાએ My Master; The Web of Indian Life; Kali the Mother; વગેરે અમૂલ્ય પુસ્તકો લખ્યાં છે.

મૃત્યુ પહેલાં થોડા સમય અગાઉ ત્હેમણે શ્રી બદરિકાશ્રમની યાત્રા નિષ્ઠાપૂર્વક કરી હતી અને એ યાત્રાનું રસીલું વર્ણન અંગ્રેજી માસિકમાં પ્રકટ કર્યું હતું.

પરદેશી હોવા છતાં પણ ભારતવર્ષને સ્વદેશ કરી લેનાર ભગિની નિવેદિતા એકલાંજ અંગ્રેજ રમણી હતાં.

૬૩-ગં. સ્વ. બાજીગૌરી.

આ સન્નારીનો જન્મ સુરત નગરમાં ઇ. સ. ૧૮૫૬ માં થયો છે. જ્ઞાતિએ તેઓ વડનગરા નાગર છે. ત્હેમના જન્મ સમયે ત્હેમના કુટુંબની સ્થિતિ સારી હતી. ત્હેમના પિતા સ્વર્ગસ્થ દોલતરાય મુનશી ખેડા જીલ્લાના જજ (ન્યાયાધીશ) હતા. ત્હેમનાં માતુશ્રીનું નામ મહિમ્નગૌરી હતું. બાજીગૌરીએ અમદાવાદની કન્યાશાળામાં ગુજરાતી અભ્યાસ કર્યો હતો. ચૌદ વર્ષની ઉમરે ત્હેમનું લગ્ન થયું. ત્હેમના પતિનું નામ હરમુખરાય હતું. તે બી. એ. ની પરીક્ષામાં પાસ થઇને વડોદરા રાજ્યમાં નોકરી કરતા હતા. તે સમયે બાજીગૌરીએ એક પુત્રીને જન્મ આપ્યો હતો. હરસુખરાય એવામાં બિમાર થઈ સ્વર્ગસ્થ થઈ ગયા અને પરિણામમાં બાજીગૌરીની બધી વૃત્તિઓ ધર્મપરાયણ થઇ ગઈ. સંવત્ ૧૯૪૯ ની સાલથી ત્હેમણે રા. કૌશિકરામ મહેતાની મદદથી લેખો લખવા માંડયા છે. વળી નાની બ્હેન ગજજર સાથે ત્હેમનો પરિચય થવાથી એ બાબતમાં વધારે સરળતા થઇ આવી અને તે બન્ને બ્હેનોએ સંવત્ ૧૯૬૩ માં સુરત વિષે સ્ત્રીઓનો ઉત્કર્ષ કરવા સારૂ વનિતા વિશ્રામની સ્થાપના કરી. જેમાં અત્યારે એંશીથી સો આર્ય મહિલાઓ લાભ લે છે. જેમાંની લગભગ સાઠ તો ત્હાં આગળજ બોર્ડીંગમાં વાસ કરે છે.

બોધમાળા, પતિવ્રતા ધર્મ, પ્રશ્નોત્તરમાળા, સુબોધ કહાણી વગેરે પુસ્તકો, તથા આ સિવાય ભક્તિ પદ્ય તરંગિણીમાંનાં કેટલાંક ભજનો પણ ત્હેમણે રચેલાં છે.

૬૪-ગંગાસ્વરૂપ શિવગૌરી ઉર્ફે નાની બેન ગજ્જર.

આ પરોપકારી સેવાપરાયણ ગુર્જર ભગિનીનો જન્મ સુરત શહેર વિષે ઈ. સ. ૧૮૫૮ માં થયો છે. ત્હેમના પિતાનું નામ કલ્યાણદાસ અને માતાનું નામ ફુલકોર છે. વિજ્ઞાનશાસ્ત્રના અસાધારણ જ્ઞાનને માટે અસાધારણ કીર્તિ પ્રાપ્ત કરનાર સુપ્રસિદ્ધ વિદ્વાન પ્રોફેસર ગજ્જર ત્હેમના ભાઇ થાય છે. શિવગૌરી બીજાં ભાઇ બ્હેનોથી ન્હાનાં હોવાને લીધે ત્હેમને નાની બ્હેનના ઉપનામથીજ બધાં ઓળખે છે. ત્હેમણે ગુજરાતી અભ્યાસ સારો કર્યો છે. ત્હેમણે એક પુત્રને જન્મ આપ્યો એવામાં સત્તર વર્ષની ઉમરમાં ત્હેમના પતિ ગુજરી ગયા; તેથી વડોદરામાં ત્હેમના ભાઇ પ્રોફેસર ત્રિભુવનદાસ ગજ્જર પાસે જઇ રહ્યાં. ત્ય્હાર પછી સુરત જઇ ગં. સ્વ. બાજીગૌરીના માયાળુ સહવાસમાં રહેવા લાગ્યાં. તે બન્નેના સદ્વિચારને પરિણામે સંવત્ ૧૯૬૩ માં વનિતા વિશ્રામ નામની સ્ત્રીઓનો ઉત્કર્ષ સાધનારી સંસ્થા સ્થપાઇ.

ત્હેને માટે ગામેગામ ફરી લોકોને સ્હમજાવી આશ્રમ માટે ફંડ ઉઘરાવવાની યોજના પોતે કરી રહ્યાં છે. એ વનિતા-વિશ્રામની શાખા અમદાવાદમાં પણ ત્રણ વર્ષ થયાં કાઢી છે. અને એમના વનિતા વિશ્રામના અનુકરણ રૂપે ગુજરાતના ન્હાનાં મ્હોટાં અનેક ગામોમાં વનિતા વિશ્રામ સ્થપાયા છે. બ્હેન શિવગૌરી ઘણા સારા લેખો લખી શકે છે. તથા મધુર અને અસરકારક વાણીથી ભાષણો પણ આપી શકે છે; સાહિત્ય-પરિષદ્ જેવી વિદ્વાનોની સભાઓમાં પણ એમણે વ્યાખ્યાન આપ્યાં છે.

ગં. સ્વ. નાની બ્હેન, શ્રીમન્ નૃસિંહાચાર્યે સ્થાપેલા શ્રેયઃ-સાધક વર્ગનાં અનુયાયી છે, અને એ વર્ગદ્વારા પ્રગટ થતાં પુસ્તકોમાં કેટલીક સારી કવિતા એમણે લખી છે.

ગયે વર્ષે ગુજરાતમાં દુકાળ પડયો તે વખતે નાની બ્હેને, સૌ. જમના બ્હેન સક્કઇની સાથે દુકાળથી પીડાતાં ગામડાંઓની જાતે મુલાકાત લઈ, ગરીબોનાં દુઃખ નિવારણ કરવા ઘણો શ્રમ લીધો હતો.

નાની બ્હેનનો પોશાક ઘણો સાદો–સ્વચ્છ અને શ્વેત હોય છે. અને તે આર્ય વિધવાઓએ ભોગવિલાસનો ત્યાગ કરીને કેવું જીવન ગાળવું જોઇએ ત્હેનું ઉત્તમ ઉદાહરણ બતાવે છે.

સુરતમાં ત્હેમનો વનિતા વિશ્રામ ઘણી સારી રીતે ચાલે છે. ત્હેમાં બાળ વિધવાઓ અને કુમારિકાઓને બીજા સાધારણ જ્ઞાન ઉપરાંત ધર્મ અને નીતિનું જ્ઞાન પણ આપવામાં આવે છે. એવા પરોપકારી કાર્યોની હજુ જોઇએ એટલી કદર

ગુજરાતી પ્રજાએ કરી નથી. સ્ત્રીઓની ઉન્નતિ કરવાના પ્રયાસમાં પ્રારંભમાં અનેક વિઘ્નો નડવાનો સંભવ છે, પરન્તુ એ વિઘ્નોની કે દ્વેષીઓની નિંદાની જરા પણ પરવા કર્યા વગર પોતાના સુપ્રયાસને ખંતથી આગળ વધારવા અમે નાની બ્હેનને અને ત્હેમની સાથે કામ કરનાર અન્ય ભગિની ગં. સ્વ. બાજીગૌરીને ભલામણ કરીએ છીએ. ગુર્જર ભગિનીઓ ઘણા સમયથી અજ્ઞાન રૂપી અંધકારમાં પડી રહી જીવન ગાળે છેઃ એમને જ્ઞાન-જ્યોતિ બતાવવાના અત્યાર સુધીના પ્રયાસો જોઇએ તેટલા સંતોષકારક નીવડયા નથી. ગં. સ્વ. નાની બ્હેનને નમ્ર વિનંતિ છે કે પોતાની સંસ્થામાં સરકારી કેળવણીખાતાની કે પાશ્ચાત્ય સંસ્થાની નકલ નહિ કરતાં આર્યધર્મ અને નીતિના પાયા ઉપર ત્હેનું બંધારણ રચીને વનિતા વિશ્રામને ભારતનું ભાવિ કન્યા મહાવિદ્યાલય બનાવવા યત્ન કરે !

૬૫—અ. સૌ. મહારાણી શ્રી નંદકુંવરબા.

એઓ નામદારનો જન્મ ઇ. સ. ૧૮૬૭ માં ધર્મપુરના મહારાજા નારણ દેવજીનાં બીજાં રાજકુંવરી રૂપે થયો છે. બાળ વયમાંથી તેમનામાં ગંભીરતા, બુદ્ધિ તથા મૃદુતાનાં ચિહ્નો દેખાતાં હતાં. પિતાશ્રીના ઘરમ તેઓ નામદાર માત્ર વાંચવું લખવું શીખેલાં, પરન્તુ પંદર વર્ષ-ની વયે તેમનાં લગ્ન ગોંડળના નામદાર ઠાકોર સાહેબ શ્રી

ભગવતસિંહજી સાથે થતાં તેઓશ્રીની બુદ્ધિ અધિકાધિક વિકસવા લાગી. સાંસારિક વિષયોમાં સંરક્ષક બુદ્ધિ ધરાવનાર પિતૃગૃહમાંથી નીકળી અધિક વિશાળ દૃષ્ટિથી વિલોકનાર પતિગૃહમાં પ્રવેશ કરતાં ત્હેમના વિચાર–આચારમાં મ્હોટું પરિવર્તન થવાનો પ્રસંગ પ્રાપ્ત થઇ આવ્યો; અને તેને અનુકૂળ તેમનું જીવન–ભવન રચાવા લાગ્યું. પોતાના બુદ્ધિશાળી પતિની મનોવૃત્તિને અનુસરી તેમણે પડદાનો ત્યાગ કરી, વિદેશગમન કરી, પૃથ્વીના વિવિધ દેશોમાં પ્રવાસ પણ કરેલો છે. સત્યને માર્ગે વિચરતાં તેઓ અચકાતાં નથી. તેઓ અવકાશનો સમય શુદ્ધ સાહિત્યનાં પુસ્તકો વાંચવામાં તથા અંગ્રેજી ભાષાનો અભ્યાસ વધારવામાં પસાર કરે છે. પુરાણો તેમને પ્રિય છે અને ગૃહવ્યવસ્થા તેમનો ઇષ્ટ વિષય છે. ઇ. સ. ૧૮૯૦ માં ભયંકર બિમારી થઇ આવતાં તેઓ ઇંગ્લંડ જઇ બે વર્ષ ત્યાં નિવાસ કરી રહેલાં અને ઇ. સ. ૧૮૯૨ માં કૈલાસવાસી મહારાણી વિક્ટોરિયાએ તેમને ઓર્ડર ઑફ ધી ક્રાઉન ઑફ ઇન્ડિયાનો ઇલ્કાબ બક્ષ્યો હતો. સ્ત્રી કેળવણીનાં તેઓ નામદાર ચુસ્ત હિમાયતી છે; અને વિદ્યા સાથે સદ્‌ગુણોને તેઓ ‘સોના સાથે સુગંધ’ બરાબર ગણે છે. કન્યા કેળવણી વિષયે ત્હેમણે અનેક ભાષણો પ્રસંગોપાત આપેલાં છે, તે સર્વે મનન કરવા યોગ્ય છે. રાજકોટની ફીમેલ ટ્રેનિંગ કૉલેજમાં તેમણે આપેલું ભાષણ વાંચવાથી તેમની ઉન્નત ભાવનાઓ તુરત સમજી શકાય તેમ છે. ઇ. સ. ૧૮૯૫ માં તેઓ પોતાના ગાદીવારસ રાજકુમારને ઇટનની શાળામાં મૂકવા નિમિત્તે બીજીવાર ઇંગ્લંડ પધાર્યાં હતાં, અને રૂશિયાના ઝારના રાજ્યારોહણ પ્રસંગે તેમણે મોસ્કોમાં

હાજરી આપી હતી. વહેમાદિ વિષયોમાં જોકે તેમને લેશ માત્ર પણ શ્રદ્ધા નથી, તથાપિ તેમની ધર્મબુદ્ધિ ઘણીજ પ્રબળ છે. તેમણે લક્ષ ચંડીયજ્ઞ કરેલો છે. તેમણે "ગોમંડળ પરિક્રમ" નામક દળદાર પુસ્તક લખી, તથા ત્રીજી સાહિત્ય પરિષદ્‌ના સત્કાર મંડળના પ્રમુખ તરીકે વિદ્વત્તા ભરેલો લેખ રચી, વાંચી, સંભળાવી, સાહિત્યની સેવા પણ કરેલી છે. તેમને ત્રણ પુત્રીઓ તથા ચાર પુત્રો છે, અને તે સર્વે વિદ્યાવિભૂષિત થયલાં છે.

ત્રીજી સાહિત્ય પરિષદના સ્વાગત મંડળના પ્રમુખ તરીકે ત્હેમણે જે ભાષણ આપ્યું હતું ત્હેના અંતભાગમાંથી કેટલાંક વચનો ઉતારી અમે આ સંક્ષિપ્ત ચરિત્ર સમાપ્ત કરીશું.

"હિંદી, મરાઠી, બંગાળી એવી બીજી પ્રાકૃત ભાષા કરતાં આપણું ભાષાસાહિત્ય ઉતરતું છે. માટે આપણી ગુજરાતીનો ઉત્કર્ષ કરવાને દરેક સાક્ષરે ઉમંગથી તૈયાર થવું જોઇએ; અને જેનાથી જેટલું બને તે કરી તેના સાહિત્યમાં ઉપયોગી વધારો કરવો જોઇએ. પશ્ચિમ હિંદુસ્થાનના લોકો ઉપર 'પ્રારંભ શૂરા'નો અપવાદ મૂકાતો આવ્યો છે. તેને ખોટો ઠરાવવો એ આપણું કર્તવ્ય છે. જ્યારે થવાનું હશે ત્યારે થશે, એમ કાળ ઉપર આધાર રાખી સ્વભાષા તરફ બેદરકાર રહેવાથી આપણે ઘણા પાછળ પડી ગયા છીએ. કાળ ફક્ત પોતાના ઉત્સાહની સ્થિતિ છે. સાક્ષર લોક આળસમાં ઉંઘે એ કલિયુગ છે. ઉંઘમાંથી જાગે એ દ્વાપર છે; જાગીને ઉભા થાય એ ત્રેતા છે, ને ઉઠીને ચાલતા થાય એ સત્યયુગ છે." શું ગુજરાતી સાક્ષરો ખરેખર જાગૃત થઇને મહારાણી સાહેબે સૂચવેલો સત્યયુગ પ્રવર્તાવશે ?

૬૬—શ્રીમતી હેમન્તકુમારી ચૌધરી.

શ્રીમતી હેમન્તકુમારી દેવી બંગાળી રમણી હોવા છતાં પણ પંજાબમાં વિશેષ જાણીતાં છે. પંજાબ ત્હેમનું કાર્યક્ષેત્ર છે. ત્હેમના પિતા સ્વર્ગસ્થ બાબુ નવીનચન્દ્ર-રાયે પોતાના પરોપકારી જીવનનો ઘણો ભાગ પંજાબની સેવામાં અને પંજાબી નરનારીઓમાં જ્ઞાન અને ધર્મની ઉન્નતિ કરવાના પ્રયાસમાં ગાળ્યો હતો. આપણે ગુજરાતીઓ પણ એક પ્રકારે—આડકતરી રીતે, બાબુ નવીનચંદ્રરાયના ઉપકૃત છીએ. કારણ કે બંગાળી અને હિન્દી આદિ ભાષાઓના ભાષાંતર રૂપે લગભગ બસેં કરતાં પણ અધિક, સુંદર અને બોધજનક પુસ્તકોથી ગુજ રાતી ભાષાના સાહિત્યને સમૃદ્ધ કરનાર સ્વર્ગસ્થ 'સાધુ ચરિત' નારાયણ હેમચંદ્રને ત્હેમણેજ આશ્રય આપ્યો હતો; ત્હેમણેજ ત્હેમને બંગાળી ભાષાનો પરિચય કરાવ્યો હતો તથા સ્વદેશ-સેવાનાં ઉત્તમ બીજ ત્હેમના હૃદયમાં રોપ્યાં હતાં. નારાયણ જે કાંઈ અમૂલ્ય દેશસેવા કરી ગયા છે, ત્હેનો યશ ઘણે ભાગે બાબુ નવીનચંદ્રરાયને ઘટે છે, એમ કહેવું અતિશયોક્તિ ભરેલું નહિ ગણાય. શ્રીમતી હેમન્તકુમારી, એ પરમ ગુણવાન પિતાનાં સૌથી મ્હોટાં પુત્રી છે. ત્હેમનો જન્મ ઇ. સ. ૧૮૬૮ માં લાહોર નગરમાં થયો હતો. એમની વય સાત વર્ષની હતી એવામાં ત્હેમનાં સ્નેહશીલ માતુશ્રીનું મૃત્યુ નીપજ્યું. બાબુ નવીનચન્દ્રે ત્હેમને સારૂં શિક્ષણ આપવાને પોતાથી બનતો

યત્ન કર્યો, પરન્તુ એ સમયમાં પંજાબમાં હિન્દુ છોકરીઓને ભણાવવાને માટે સારી નિશાળો નહોતી. હમણાં જે વિકટોરિયા ગર્લ્સ સ્કુલ અને નોર્મલ ટ્રેનિંગ સ્કુલ નામની સંસ્થાઓ સ્ત્રીઓને માટે લાહોરમાં છે, તે પણ બાબુ નવીનચંદ્રરાયના પ્રયાસનુંજ પરિણામ છે. બંગાળી હોવા છતાં પણ નવીનચંદ્ર-રાય હિન્દી ભાષાના ઘણા પ્રેમી હતા. ત્હેમણે પોતાની કન્યાને બંગાળી, અંગ્રેજી અને સંસ્કૃતની સાથે સાથે હિન્દીનું પણ સારૂં જ્ઞાન આપ્યું હતું. પિતાએ રચેલા હિન્દી ગ્રંથો વાંચવાની લાલસાએ હેમન્તકુમારીનો હિન્દી ભાષા ઉપરનો પ્રેમ વધાર્યો. પિતાના પરોપકારી ધર્મશીલ જીવનની અસર કન્યાના હૃદય ઉપર પણ થઇ. બાલ્યાવસ્થામાંથી માતૃહીન થવાને લીધે હેમન્તકુમારી પિતાના સહવાસમાં ઘણું રહેતાં હતાં.

બાબુ નવીનચન્દ્રે પોતાની કન્યાને સ્વદેશની સ્ત્રીઓની સેવામાં જીવન ગાળવાનો ઉપદેશ આપ્યો હતો. એ ઉપદેશનું હજુ સુધી હેમન્તકુમારી પાલન કરી રહ્યાં છે. પંજાબ ઉપરનો અટલ પ્રેમ ત્હેમને માતપિતા તરફથી વારસામાં મળ્યો છે. ૧૭ વર્ષની વયે પૂર્વ બંગાળામાં સિલહટ નગરના રહેવાશી શ્રીયુત્ બાબુ રાજચંદ્ર ચૌધરીની સાથે ત્હેમનું લગ્ન, લાહોર શહેરમાં થયું. લગ્ન પછી એ આસામની રાજધાની શિલાંગમાં ગયાં. ત્હારથી એમના જીવનનો વિકાસ થવા લાગ્યો. બાલ્યાવસ્થામાં હેમન્તકુમારીએ પોતાની ન્હાની બ્હેનો અને શહેરનાં બીજાં બાલક બાલિકાઓને ધર્મનું શિક્ષણ આપવા સારૂ એક ન્હાની સભા સ્થાપન કરી હતી.

બાલ્યાવસ્થાથીજ દરરોજ સ્હવારના પહોરમાં ઈશ્વરપ્રાર્થના

કર્યાં પછી કામકાજમાં ગુંથાવું, એવો હેમન્તકુમારીને ત્હેમના પિતા તરફથી ઉપદેશ મળ્યો હતો; અને હજુ સુધી એ ઉપદેશ પ્રમાણે એ ચાલે છે.

કલકત્તાની બેથ્યુન કોલેજમાં બે વર્ષ સુધી શિક્ષણ મેળવીને લાહોર પાછાં આવ્યા પછી હેમન્તકુમારીએ શ્રીમતી હરદેવીની સાથે મળીને, કાયસ્થ સ્ત્રીઓની ઉન્નતિ સારૂ એક 'વનિતાબુદ્ધિ વિનાશિની' સભા પણ સ્થાપી હતી. હેમન્તકુમારીએ પંજાબ છોડયું ત્હેની સાથે એ બન્ને સભાઓ પણ બંધ થઇ ગઈ.

શિલાંગમાં ગયા પછી સુયોગ્ય પતિની સહાયતાથી હેમન્તકુમારી ત્ય્હાં પણ સ્ત્રીજાતિની સેવાનાં કાર્ય કરવા લાગ્યાં. સાસરે જતાં પહેલાં એમના મનમાં એ ચિન્તા ઉત્પન્ન થઇ હતી કે દેશવાસીઓના કલ્યાણને સારૂ જીવન ગાળવા જતાં મ્હને વિઘ્ન અને દુઃખ તો નહિ નડે ? ત્હેમણે પોતાની એ શંકા પિતાજીને પણ જણાવી હતી. એમણે છોકરીને ઉત્તેજન આપીને કહ્યું " બ્હેન ! તું પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખીશ તો ત્હારાં બધાં વિઘ્ન દૂર થઈ જશે; અને ઈશ્વર ત્હને મદદ કરશે. " પિતાના આ ઉપદેશે ત્હેમના ઉપર દેવવાણી જેટલી અસર કરી.

હેમન્તકુમારી છડાં નથી. ત્હેમના ઉપર ઘરસંસારનો પુષ્કળ બોજો છે. ઈશ્વરની કૃપાથી એ અગિયાર સંતાનનાં જનેતા છે. પરન્તુ એટલા બધા કામમાંથી પણ જનસેવા સારૂ વખત કહાડી શકે છે. અમે ત્હેમનાં પરોપકારી કામોમાંથી થોડાંકનોજ અહિં ઉલ્લેખ કરીશું.

શિલાંગમાં ત્હેમણે ઈ. સ. ૧૮૮૯ મ એક ભગિની સમાજ

સ્થાપી હતી, જે હજુ સુધી ચાલે છે. દર બુધવારે સ્ત્રીઓ એકઠી થઇને ભજન અને પાઠ કરે છે. હેમન્તકુમારીએ શિલાંગમાં એક પુસ્તકાલય પણ સ્થાપન કર્યું છે. બાલક–બાલિકાઓને ધર્મ અને નીતિનું જ્ઞાન આપવા સારૂ ત્હેમણે એક નીતિ વિદ્યાલય પણ સ્થાપ્યું હતું.

શિલાંગમાં સ્ત્રીઓની ચિકિત્સા સારૂ પહેલાં કોઈ જાતની સગવડ નહોતી, અને એને લીધે ઘણી સ્ત્રીઓ દવા દારૂ વગરજ રોગની ભોગ થઇને મરણ પામતી હતી. એ સ્ત્રીઓ ઉપર દયા આણીને હેમન્તકુમારી જાતે ચીફ કમિશ્નરની પત્નીપાસે ગયાં અને ત્હેમને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, અને મદદને માટે વિનતિ કરી. એ વખતે ત્હાંના ડાકટરો એમની વિરૂદ્ધ પડયા હતા; પરન્તુ 'જહેનો ઉદ્દેશ શુભ છે ત્હેને પરમેશ્વર મદદ કરે છે' એ પિતાજીનો ઉપદેશ હેમન્તકુમારીના હૃદયમાં દૃઢ રીતે ઠસી ગયો હતો. ત્હેમણે સ્તુતિ કે નિંદાની પરવા કર્યા વગર પોતાની હીલચાલ ચાલુ રાખી, અને પરિણામ એ આવ્યું કે આસામના લોકપ્રિય કમિશ્નર સર હેનરીકોટન સાહેબે ત્હેમની પ્રાર્થના પૂર્ણ કરી. એ દિવસથી શિલાંગમાં એક લેડી ડૉકટરની નીમણુક થઇ અને સ્ત્રીઓને સારૂ જૂદું દવાખાનું પણ ઉઘડયું.

સિલહટમાં ત્હેમણે સરકારની મદદથી એક હિન્દુ કન્યાશાળા સ્થાપી છે, જે હજુસુધી ચાલે છે.

હેમન્તકુમારી રતલામમાં પિતાની પાસે રહેતાં હતાં એ વખતે હિન્દુસ્થાનની સ્ત્રીઓ માટે હિન્દી ભાષામાં 'સુગૃહિણી' નામનું માસિક પત્ર કહાડતાં હતાં. હાલ તો હિન્દી ભાષામાં સ્ત્રીઓને હાથે ઘણાં માસિક નીકળે છે, પરન્તુ એ સમયે (ઈ. સ. ૧૮૮૭માં)

બીજું એક પણ સ્ત્રી ઉપયોગી માસિક નીકળતું નહોતું. એ પત્ર ત્રણ ચાર વર્ષ સુધી ચાલીને બંધ રહ્યું હતું.

સિલહટ નગરમાંથી ત્હેમણે બંગાળી સ્ત્રીઓમાં જ્ઞાન ફેલાવવા સારૂ 'અંતઃપુર' નામનું એક માસિક પત્ર ત્રણ વર્ષ સુધી ચલાવ્યું હતું. હમણાં સાત વર્ષ થયાં હેમન્તકુમારી પંજાબમાં આવેલાં પતિયાલા રાજ્યમાં વિક્ટોરિયા કન્યાશાળાનાં મુખ્ય શિક્ષક તરીકે કામ કરે છે.

પતિયાલાની કન્યાશાળાની ઉન્નતિ કરવાને હેમન્તકુમારી તન-મન-ધનથી યત્ન કરી રહ્યાં છે. આપણા હાલના વાઇસૉયનાં પત્ની લેડી હારડિંજ અને પંજાબનાં લેફ્ટેનન્ટ ગવર્નરનાં પત્ની લેડી ડેન એમની કન્યાશાળામાં ભણતી છોકરીઓનો વિદ્યાભ્યાસ અને ભરતકામ જોઈને ઘણાં ખુશ થઈ ગયાં હતાં; હેમન્તકુમારીનો યત્ન, એ નિશાળને ઉંચા પ્રકારનું શિક્ષણ આપનારૂં વિદ્યાલય બનાવવાનો છે.

પતિયાલાની સ્ત્રીઓની ઉન્નતિસારૂ તેઓ દર અઠવાડીયે 'માતૃસભા' મેળવે છે, અને ત્હેમાં સંતાનપાલન, સંતાન તરફની માતાની ફરજો અને રોગીઓની માવજત વગેરે વિષયો ઉપર ભાષણો આપે છે. દર રવિવારે જૂદા જૂદા મહોલ્લામાં જઈને સ્ત્રીઓને એકઠી કરે છે તથા ત્હેમની આગળ ધર્મશીલ અને પરોપકારી નારીઓનાં જીવન-વૃત્તાન્ત વાંચી સંભળાવે છે તથા સદાચારનું શિક્ષણ આપે છે. એમના પ્રયાસથી ત્યહાંની સ્ત્રીઓમાં ભણવાનો ઉત્સાહ ઘણો વધી ગયો છે.

હેમન્તકુમારીએ હિન્દી ભાષામાં કેટલાંક ઉત્તમ સ્ત્રી ઉપયોગી પુસ્તકો લખ્યાં છે.

ત્હેમને પાંચ પુત્ર અને છ કન્યાઓ છે. મ્હોટો પુત્ર પ્રભાતચંદ્ર ઈંગ્લંડ, ફ્રાન્સ અને ઇટાલિ વગેરે દેશોમાં રેશમનું કામ સારી રીતે શીખીને આ દેશમાં પાછા આવ્યા છે. હુન્નર ઉદ્યોગ ઉપરની પ્રીતિ ત્હેમને માતા તરફથીજ વારસામાં મળી છે. હેમન્તકુમારીની બધી કન્યાઓ સુશિક્ષિત અને શિલ્પકળામાં નિપુણ છે. એમની સૌથી મ્હોટી છોકરી, જ્હેનું લગ્ન હમણાં થોડા સમય પૂર્વે થઈ ચૂક્યું છે, ત્હેમણે આ વર્ષે કલકત્તા યુનિવર્સિટીમાં બી. એ. ની પરીક્ષા આપી છે.

હેમન્તકુમારી અને ત્હેમના પતિ બ્રાહ્મ ધર્મ પાળે છે.

तस्मिन् प्रीतिस्तस्य प्रियकार्यसाधनञ्च।

પ્રભુની પ્રીતિ સારૂ ત્હેને પ્રિય હોય એવાં કાર્યો કરવાં, એ બ્રાહ્મ ધર્મે ગ્રહણ કરેલું સૂત્ર, એમના જીવનનો મૂળ મંત્ર છે. ઘરસંસારના કામમાં પણ હેમન્તકુમારી ઘણાં ચતુર છે. સાસરે ગયા પછી આખા કુટુંબની રસોઇ તેઓ પોતાને હાથે કરતાં હતાં. રોગીઓની માવજત કરવાનું ત્હેમને ઘણું ગમે છે. માંદાઓની માવજત કરવાનું પરોપકારી કાર્ય શિખવાને એ પોતાની દેશી બ્હેનોને વારંવાર ઉપદેશ આપે છે. એમનું કહેવું એ છે કે "પ્રેમ અને સેવા, એ સ્ત્રી જાતિનાં સૌથી અમૂલ્ય આભૂષણ છે."

૬૭—ગં. સ્વ. પાર્વતીબાઈ આથવલે.

પ્રોફેસર કર્વે મહાશયે સ્થાપેલા પૂનાના વિધવાશ્રમના નામથી તો વાંચક વર્ગ જાણીતો હશેજ. એ વિધવાશ્રમની વ્યવસ્થા સારી રીતે ચલાવવામાં અને એને લોકપ્રિય બનાવવામાં તથા ત્હેને માટે ગામેગામ ફરીને નાણાં એકઠાં કરવામાં, જે સ્ત્રી પુરૂષોએ પ્રોફેસર કર્વેને મદદ કરી છે, ત્હેમાં પાર્વતીબાઈ આથવલેનું નામ અગ્રગણ્ય પદ ભોગવે છે. પૂનાના વિધવાશ્રમને ત્હેની હાલની ઉન્નત સ્થિતિએ પહોંચાડવાનો કેટલોક યશ એમને ઘટે છે, એમ કહેવું અતિશયોક્તિ ભરેલું નહિ ગણાય.

શ્રીમતી પાર્વતીબાઈનો જન્મવૃત્તાંત ટુંકો છે. ત્હેમનો જન્મ દક્ષિણમાં રત્નાગિરિ જીલ્લામાં દેવનખી ગામમાં ઘણાં ગરીબ માબાપને ઘેર ઇ. સ. ૧૮૭૦ માં થયો હતો. અગિયાર વર્ષની વયે ત્હેમનું લગ્ન, મુંબઈના જકાત ખાતામાં કારકુનની નોકરી કરનાર એક ગરીબ યુવક સાથે કરવામાં આવ્યું. બે વર્ષ પછી પાર્વતીબાઈ પતિની પાસે ગયાં. પતિ પત્નીનો અન્યોન્ય ઘણો પ્રેમ હતો. ત્હેમનો ગરીબડો સંસાર ઘણા સુખમાં ચાલતો હતો. પરન્તુ નવ વર્ષ સુધી એ દાંપત્ય સુખ ભોગવ્યા પછી પાર્વતીબાઈના જીવન ઉપર વજ્રાઘાત થયો. ત્હેમના પ્રિય પતિ બાળક સંતાન મૂકીને મરણ પામ્યા, અને નિર્ધન પાર્વતીબાઈ તદ્દન નિરાધાર બન્યાં. ત્હેમના દુઃખનો પાર રહ્યો નહિ.

ત્હેમનું જીવન તદ્દન નીરસ હતું. એ વખતે એમને લખતાં વાંચતાં આવડતું નહોતું. અને જાહેર જીંદગીનું, દેશ પ્રત્યેના કર્તવ્યનું, અને જીવનના મહાન આદર્શોનું તો સ્વપ્ન પણ નહોતું આવ્યું. એવામાં પ્રોફેસર કર્વેનાં પત્નીનો ત્હેમને સમાગમ થયો. ત્હેમની સલાહ માનીને પાર્વતીબાઈ પૂના આવ્યાં, અને પ્રોફેસર કર્વેના કુટુંબમાંજ પોતાના પુત્ર સાથે રહેવા લાગ્યાં. ત્હેમણે પાર્વતીબાઈના પુત્રને નિશાળે મોકલ્યો અને પાર્વતીબાઈને પોતાને પણ ભણાવવાનું શરૂ કર્યું. પ્રોફેસર કર્વે અને ત્હેમનાં પત્નીએ પાર્વતીબાઈને નિશાળે જવાની સલાહ આપી, પણ ત્હેમણે એ સૂચના તરફ પ્રથમ તો ઘણીજ નાપસંદગી બતાવી. પરંતુ પ્રોફેસર કર્વે અને ત્હેમનાં પત્ની બન્ને દૃઢ ચિત્તનાં મનુષ્ય છે. ત્હેમણે પાર્વતીબાઈના હૃદયમાં વિદ્યાના લાભ દાખલા દલીલો સાથે સ્હમજાવ્યા અને નિશાળે ગયાથી પદ્ધતિસર શિક્ષણ મળી શકશે એવી ખાત્રી કરી આપી એટલે પાર્વતીબાઈએ નિશાળે જવાનું મહાપરાણે કબૂલ કર્યું. આ પ્રમાણે ત્હેમને પૂનાની ફીમેલ ટ્રેનિંગ કોલેજમાં મૂકવામાં આવ્યાં. પાર્વતીબાઈએ ત્ય્હાં આગળ વિદ્યાભ્યાસમાં સારી રીતે ચિત્ત પરોવ્યું અને ત્ય્હાંનો અભ્યાસક્રમ પૂરો કરીને પહેલા વર્ગનું સર્ટીફીકેટ પ્રાપ્ત કર્યું.

એ અરસામાં પ્રોફેસર કર્વેએ પૂનામાં વિધવાશ્રમની સ્થાપના કરી. એ આશ્રમની યોજના ઘડી કહાડવામાં તથા ત્હેની વ્યવસ્થાની પદ્ધતિનો નિર્ણય કરવામાં શ્રીમતી પાર્વતીબાઈ તરફથી એમને ઘણી મદદ મળી હતી. પ્રોફેસર કર્વેના સમાગમથી સ્વાર્થત્યાગ, સ્વદેશસેવા આદિ સદ્ગુણોના અંકુરો

ધીમે ધીમે પાર્વતીબાઈના હૃદયમાં ફુટી નીકળ્યા હતા. હવે તો અંકુરોએ મ્હોટા વૃક્ષનું રૂપ ધારણ કર્યું છે અને ત્હેનાં સુમધુર ફળ અનેક મહારાષ્ટ્રીય વિધવાઓ ચાખવા ભાગ્યશાળી થઇ છે. શ્રીમતી પાર્વતીબાઈએ વિધવાશ્રમના કાર્યને સારૂ પોતાનું સમસ્ત જીવન અર્પણ કરવાનો સંકલ્પ કર્યો અને પ્રોફેસર કર્વેએ ત્હેમને વિધવાશ્રમનાં લેડી સુપરિન્ટેન્ડન્ટ બનાવ્યાં. ત્ય્હારથી તે આજ સુધી તેઓ વિધવાશ્રમની સેવા અસ્ખલિત કરતાં આવે છે. બાલિકાઓ ઉપર ત્હેમનો ઘણો સ્નેહ છે; આશ્રમની વ્યવસ્થા ઉત્તમ પ્રકારે રાખતાં એમને સારૂં આવડે છે. આશ્રમના ઉદ્દેશનો પ્રચાર કરવા અને ત્હેને સારૂ નાણું ઉઘરાવવા સારૂ શ્રીમતી પાર્વતીબાઈએ દક્ષિણ, સંયુક્ત પ્રાન્તો, મધ્યપ્રાન્ત અને વરાડ આદિ સ્થળોમાં ઘણું ભ્રમણ કર્યું છે. સ્ત્રીઓની તથા પુરૂષોની સભામાં અનેક વ્યાખ્યાન આપ્યાં છે તથા પૂના વિધવાશ્રમને માટે સારી રકમ એકઠી કરી શકયાં છે. ઈશ્વર પાર્વતીબાઈને દીર્ઘાયુષી કરે અને ત્હેમની દ્વારા હિન્દની વિધવાઓની ઉત્તમ સેવા કરાવે !

૬૮—શ્રીમતી જુબેઈદા-અલિ-અકબર.

વર્તમાન સમયમાં જે થોડી ઘણી ભારતમહિલાઓ પ્રતિભા અને સુશિક્ષાને બળે દેશ વિદેશમાં ખ્યાતિ મેળવવાને સમર્થ નીવડી છે, ત્હેમાં શ્રીમતી અલિ-અકબર પણ એક છે. એમનો જન્મ મુંબઈ શહેરમાં એક આબરૂ-

દાર મુસલમાન કુટુંબમાં થયો હતો. ત્હેમના સ્વામી મિસ્ટર અલિઅકબર મુંબઇ શહેરમાં ઊંચા દરજ્જાના અમલદાર છે, અને વિદ્વાન પુરૂષ છે. શ્રીમતી અલિઅકબરે દેશ વિદેશમાં ભ્રમણ કરીને મનની ઉદારતા, જ્ઞાનની વિશાળતા અને અનુભવની જે વિસ્તીર્ણતા પ્રાપ્ત કરી છે, તે હાલની પડદામાં વસનારી બીજી મુસલમાન રમણીઓને માટે તો સ્વપ્નના સુખ સમાન છે. જ્યહાંસુધી તેઓ ઝનાનામાં પડી રહેશે ત્યહાંસુધી મન અને આત્માને ઉન્નત કરનારાં, એ સર્વ સાધનોનો લાભ ત્હેમને મળવાનો સંભવ નથી.

મિસિસ અલિઅકબર મુસલમાન રમણી હોવા છતાં પણ ઝનાનામાં રહેતાં નથી અને તેઓ એ રિવાજની સખ્ત વિરૂદ્ધ છે. ત્હેમણે એક કરતાં વધારે વાર ઇંગ્લંડ ગમન કર્યું છે અને ત્યહાંની પ્રખ્યાત સન્નારીઓના સમાગમમાં આવ્યાં છે. સ્વર્ગસ્થ મહારાણી વિક્ટોરિયાએ પરમ આદરપૂર્વક ત્હેમનો સત્કાર કર્યો હતો.

જુબેઇદા પરમ રૂપવતી રમણી છે. ઈ. સ. ૧૮૯૪ માં એ ઇંગ્લંડ ગયાં હતાં, તે વર્ષે સૌથી સુંદર પોશાક પહેરનાર મહિલાને એક ઇનામ આપવાની જાહેર ખબર આપવામાં આવી હતી. દેશ વિદેશની સન્માનિત અને મ્હોટા ઘરની સ્ત્રીઓ એ પોશાકપ્રદર્શનમાં હરિફાઇ કરવા શામિલ થઇ હતી. શ્રીમતી જુબેઈદા-અલિઅકબર એ પ્રદર્શનમાં ભારતીય પોશાક ધારણ કરીને ગયાં હતાં. તે પોશાક ત્હેમણે એવી છટાથી પહેર્યો હતો કે પ્રદર્શનની પરીક્ષક કમિટીએ ત્હેમનેજ ઇનામને લાયક ગણ્યાં. ત્હેમને ઇનામમાં પંદરસો રૂપિયાની કિંમતનો ચ્હા પીવાનો એક

સેટ અર્પણ કરવામાં આવ્યો.

સ્ત્રીઓની ઉન્નતિને લગતી દરેક હીલચાલમાં શ્રીમતી અલિઅકબર ઘણો આગળ પડતો ભાગ લે છે. અનેક સભાઓમાં ત્હેમણે સારગર્ભ નિબંધો વાંચ્યા છે, તથા ભાષણો આપ્યાં છે; એક ભાષણમાં ત્હેમણે સ્ત્રીઓને વર્તમાન પત્રો વાંચવાની આગ્રહપૂર્વક સલાહ આપી હતી; અને વર્તમાનપત્રો સસ્તી કિંમતે નીકળે તથા થોડું ભણેલી સ્ત્રીઓના હાથમાં પહોંચી શકે એવી વ્યવસ્થા કરવાની દેશહિતૈષીઓને ભલામણ કરી હતી.

એક બીજા ભાષણમાં ત્હેમણે જણાવ્યું હતું કે, પ્રેમ, સહાનુભૂતિ, પરસેવા અને આત્મત્યાગ, એજ સ્ત્રીઓના વિશેષ ગુણ છે. એ ગુણોનો વિકાસ કરવાની ત્હેમણે ભારત લલનાઓને સલાહ આપી છે. જ્ઞાનની મહત્તા દર્શાવતાં એ કહે છેઃ- "બ્હેનો! જ્ઞાનબળનું મહત્ત્વ એજ ખરૂં મહત્ત્વ છે. વયોવૃદ્ધિમાં મહત્ત્વ નથી. હૃદયની સંપત્તિ એ ખરી સંપત્તિ છે, ધન વૈભવ ત્હેની આગળ તુચ્છ છે. × × શરીરનું સૌન્દર્ય એ વિધાતાની એક મ્હોટી બક્ષિસ છે, એમાં સંદેહ નથી. પરન્તુ એ સૌન્દર્ય જો આત્માના સૌન્દર્યના પ્રતિબિંબરૂપ ન હોય તો એની કિંમત ઘણી થતી નથી. × × હૃદયનું સૌન્દર્ય વધારવા તરફ આપણું સમસ્ત ધ્યાન ખેંચાવું જોઇએ, અને આપણા સર્વ પ્રયત્ન થવા જોઇએ."

અંગ્રેજી ભાષા અને સાહિત્યનું શ્રીમતી અલિઅકબર, ઘણું સારૂં જ્ઞાન ધરાવે છે, એ ત્હેમનાં ભાષણોમાં સ્થળે સ્થળે પાશ્ચાત્ય કવિઓ તથા તત્ત્વવેત્તાઓનાં વચનોથી દષ્ટિગોચર થાય છે.

૬૯—અ. સૌ. સુમતિબ્હેન.

સ્વર્ગસ્થ અ. સૌ. બ્હેન સુમતિએ ભાવનગરના એક સુપ્રસિદ્ધ નાગર કુટુંબમાં જન્મ લીધો હતો. ત્હેમના પૂર્વજો ભાવનગર રાજ્યના દીવાન હતા. ત્હેમના પિતા ઑનરેબલ લલ્લુભાઇ શામળદાસ અર્થશાસ્ત્ર અને રાજનીતિનું ઉંચા પ્રકારનું જ્ઞાન ધરાવનારા વિદ્વાન છે અને મુંબઇના ગવર્નર સાહેબની ધારાસભાના સભાસદ છે. સૌ. સુમતિનાં માતાનું નામ સત્યવતી હતું. બ્હેન સુમતિને સાહિત્યાભિરૂચિ માતૃપક્ષ તરફથી વારસામાં મળી હોય એમ લાગે છે. ત્હેમનાં માતુશ્રી સત્યવતી સ્વર્ગસ્થ ભક્તકવિ સરદાર બહાદુર ભોળાનાથ સારાભાઇનાં પુત્રી થાય. ભોળાનાથભાઇના કુટુંબે ગુજરાતને ઘણા સાહિત્યસેવકો પૂરા પાડયા છે. સાહિત્યની કોઇ પણ પ્રકારે સેવા કરનારાં સ્ત્રી પુરૂષો જેટલાં એમના કુટુંબમાં ઉત્પન થયાં છે તેટલાં હાલના સમયમાં બીજા કોઇ ગુજરાતી કુટુંબમાં થયાં નથી, એમ કહીએ તો કાંઇ અતિશયોક્તિ ગણાશે નહિ. શ્રીમતી સુમતિના માતુલ, સ્વર્ગસ્થ ભીમરાવ ભોળાનાથ પણ એક સારા કવિ હતા. ત્હેમણે ‘મેઘદૂત’નું ભાષાંતર કર્યું હતું. ‘દેવળદેવી’ નામનું નાટક રચ્યું હતું. ‘પૃથુરાજ રાસા’ નામનો અપૂર્ણ કાવ્ય ગ્રન્થ લખ્યો હતો, તથા છુટીછવાઇ સારી કવિતા લખી હતી. બ્હેન સુમતિનાં માતુશ્રી સત્યવતી પણ ઉંચી કેળવણી પામેલાં, સંસ્કારી સન્નારી હતાં.

બ્હેન સુમતિ વિષે 'સાક્ષરમાળા' ગ્રન્થમાં નીચે પ્રમાણે લખ્યું છેઃ-

"સંસ્કારી માતા પિતાથી શુભ વિદ્યાસંસ્કાર પામી તેમણે પોતાની બાળવયમાંથીજ બુદ્ધિ–ઐશ્વર્ય પ્રદર્શિત કરવા માંડેલું. તેમનાં લગ્ન ભાવનગરમાંજ રા. ભૂપતરાય ઈ. મહેતા નામના નાગર યુવક સાથે કરવામાં આવેલાં. માંગરોળવાળા સુવિખ્યાત કથાકાર અનંતપ્રસાદ વૈષ્ણવની શિષ્યારૂપે રહી તેમણે જ્ઞાનપ્રાપ્તિ કરેલી હતી. જન્મથીજ તેમને શારીરિક સંપત્તિનું સુખ નહોતું. તેમણે ઈ. સ. ૧૯૧૧ માં ઉગતી અવસ્થામાં અકાળ સ્વર્ગવાસ કરેલો છે. તેમણે એક પણ સંતાન પોતાની પાછળ મૂક્યું નથી. તથાપિ "સુમતિની સુપ્રજા ઘણી, ગ્રન્થો કાવ્યો લેખ" રૂપી હોવાથી ત્હેમનું નામ "સાક્ષર જન" માં રહીજવા પામેલું છે. આનન્દ, સુંદરી સુબોધ, વસંતાદિ માસિકોમાં તેમના લેખો પ્રસિદ્ધ થતા હતા અને ગુજરાતમાં વિદુષી તરીકે તેમનું નામ ગવાઇ રહ્યું હતું. તેમણે કમળ કુમાર, તથા શાન્તિદાની નવલ કથાઓ, મધુરી તથા અરવિન્દ કુમાર નાટકો, અને દિવ્ય મેષપાલ બાલકાવ્ય, દક્ષિણ યાત્રા, સુરેશ ને યશોધરા, સદ્ગુણી સ્ત્રીઓ, શ્રીગુણરત્ન કોશ, પરમાર્થ પ્રતિમા, ગીતાર્થ સંગ્રહ, પ્રભુ પ્રસાદીના બે ભાગ, વગેરે સંપૂર્ણ ગ્રંથો પ્રસિદ્ધિમાં મૂકેલા છે. વળી રામાનુજ સ્વામીનું ચરિત્ર પણ અર્ધ ઉપરાંત લખી અપૂર્ણ મૂકેલું છે. તે શિવાય અનેક પત્રોમાં ત્હેમણે પોતાના લેખો પ્રગટ કરી સાહિત્યસેવા કરેલી છે. તેમનામાં ઉંચા પ્રકારનું કવિત્વ રહેલું હતું. તેમની ભાષા સંસ્કાર પામેલી તથા વિચારો અને ભાવો પણ ઉન્નત–"દિવ્ય" છે. તેમનું પિંગળ જ્ઞાન પણ સારૂં હતું."

આવી વિદુષી સન્નારીના અકાળમૃત્યુથી ગુજરાતી સાહિત્યને ઘણી મ્હોટી ખોટ પડી છે.

૭૦–શ્રીમતી ભંડારૂ અચમંબા.

આ સન્નારીનો જન્મ ઇ. સ. ૧૮૭૪ માં મદ્રાસ પ્રાન્તમાં કૃષ્ણા જીલ્લામાં કંચેલા ગામમાં થયો હતો. ત્હેમના પિતા કોમારા વુવેન્કતપ્પીયા ગુરૂ મુનગલા સંસ્થાનના દિવાન હતા. શ્રીમતી અચમંબાનું વય પાંચ વર્ષનું હતું તે સમયે ત્હેમના પિતાનું મૃત્યુ થયું. દશ વર્ષની વય સુધી ત્હેમણે પોતાના ઓરમાન ભાઇની સાથે નિવાસ કર્યો. એજ બાળવયે ત્હેમનું લગ્ન કરવામાં આવ્યું. ત્હેમના લગ્ન પછી ત્હેમના ઓરમાન ભાઈ પણ મરણ પામ્યા. અને શ્રીમતી અચમંબા, ત્હેમના ન્હાના ભાઇ, તથા ત્હેમનાં માતુશ્રી, ત્રણે જણાં ત્હેમના પતિની પાસે આવી રહ્યાં. શ્રીમતી અચમંબાના પતિ, એ સમયે મધ્ય પ્રાન્તમાં નોકરી કરતા હતા. અચમંબાને એ વખત સુધીમાં લખતાં વાંચતાં આવડતું નહોતું. પતિને ઘેર આવ્યા પછી ત્હેમણે પોતાના ભાઇની સાથે માતૃભાષા તેલુગુનો તથા હિન્દીનો અભ્યાસ શરૂ કર્યો. ભાઇ કરતાં ત્હેનામાં વધારે બુદ્ધિ અને સ્હમજશક્તિ દૃષ્ટિગોચર થતાં હતાં. પરન્તુ થોડા સમયમાં એમને ભાઇથી

છુટાં પડવું પડયું. કારણ કે ભાઈને કૉલેજના શિક્ષણને માટે નાગપુમાં રહેવું પડતું અને અચમંબાને પતિની સાથે બહાર ગામ રહેવું પડતું. એથી કરીને ત્હેમના શિક્ષણમાં ઘણી મ્હોટી અડચણ આવી; ત્હેમનાથી નિશાળે જવાય એમ નહોતું, તેમજ એમને માટે પતિએ કોઇ જૂદો શિક્ષક રાખ્યો નહોતો. પરન્તુ ત્હેમની જ્ઞાનપિપાસા ઘણી વધી પડી હતી. પતિએ પણ ત્હેમની એ તૃષ્ણા તૃપ્ત કરવામાં મદદ કરી. પતિની મદદથી ત્હેમણે તેલુગુ અને મરાઠી ભાષાનાં સારાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. ઘરનાં કામકાજમાંથી જે થોડો ઘણો અવકાશ મળતો ત્હેનો ઉપયોગ, નવરાં બેસી રહેવામાં કે કજિયા ટંટામાં અને મિથ્યા કાથાકુથલીમાં નહિ કરતાં, પુસ્તકોના અધ્યયનમાંજ કરતાં. ત્હેમના ન્હાના ભાઈ જ્ય્હારે રજાઓમાં એમને ઘેર જતા ત્ય્હારે એમની પાસે પણ અચમંબા શિક્ષણ મેળવતાં. એણે અચમંબાને સારાં સારાં અંગ્રેજી પુસ્તકોનો સાર તેલુગુ ભાષામાં કહી સંભળાવ્યો અને આધુનિક સમયમાં દેશમાં વિવિધ વિષયના જે મહાન પ્રશ્ન ચર્ચાય છે, તે સંબંધી વાદવિવાદ કરવા માંડયો. એ કામમાં અચમંબાને ઘણો રસ પડવા માંડયો. ધીમે ધીમે ત્હેમણે તેલુગુ અને મરાઠી ભાષા ઉપર ઘણો સારો કાબુ મેળવ્યો અને હિન્દી મરાઠી, ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનું પણ થોડું થોડું જ્ઞાન મેળવ્યું. ઇતિહાસ, જીવન ચરિત્ર અને વિજ્ઞાનશાસ્ત્રનાં પુસ્તકો વાંચવામાં ત્હેમને ઘણો રસ પડતો હતો. મનની વૃત્તિઓને ખાલી ઉશ્કેરનારાં, નવલકથા આદિનાં પુસ્તકો વાંચવા તરફ ત્હેમની અભિરૂચિ નહોતી.

ત્હેમના વિચાર ઘણા ઉન્નત હતા. સંસાર સુધારાના કાર્ય

તરફ ત્હેમને ઘણી દીલસોજી હતી. ત્હેમના દિયરે એક બાળ વિધવા સાથે લગ્ન કર્યું ત્ય્હારે ત્હેમણે એ જોડાને દરેક પ્રકારની મદદ આપી હતી અને ખુલ્લી રીતે ત્હેમની સાથે પ્રથમના જેવોજ ઘાડો સંબંધ રાખ્યો હતો. એ વખતે જ્ઞાતિ બંધુઓના ત્રાસની ત્હેમણે જરાપણ પરવા કરી નહોતી.

શ્રીમતી અચમંબા એકેશ્વરવાદી હતાં અને ત્હેમના ધાર્મિક વિચારો આર્ય સમાજના સિદ્ધાન્તોને અનુકૂળ હતા. પોતાના મૃત્યુનાં બે ત્રણ વર્ષ પહેલાં ત્હેમણે **સ્વદેશી વ્રત** અંગીકાર કર્યું હતું. એ દિવસથી એ કેવળ સ્વદેશમાં બનેલી વસ્તુઓજ વાપરતાં હતાં.

યુવાવસ્થામાં ત્હેમના એકના એક પુત્ર તથા એકની એક કન્યાનું મૃત્યુ નીપજ્યું. માતાને સંતાનવિયોગથી ઉત્પન્ન થતું સ્વાભાવિક દુઃખ ત્હેમને પણ ઉપજ્યું, પરન્તુ ત્હેમના ભાઇએ આશ્વાસન આપતી વખતે નાગોજી ભટ્ટના એક સંસ્કૃત શ્લોકનું સ્મરણ કરાવીને કહ્યું કે, ચિરસ્થાયી પુસ્તકો, એ મનુષ્યનાં ખરાં સંતાન છે. એ દિવસથી શ્રીમતી અચમંબાએ પુસ્તકોના અભ્યાસમાં ચિત્તને વિશેષ પરોવ્યું અને લોકોપયોગી પુસ્તકો રચવાનો પણ સંકલ્પ કર્યો. એમણે તેલુગુ ભાષામાં સ્ત્રીઓને સારૂ પ્રગટ થતાં માસિકોમાં નિયમિત રીતે લેખ લખવા શરૂ કર્યા. ઉન્નત વિચારો, સરળ ભાષા, તથા ઉત્તમ શૈલીને લીધે ત્હેમના લેખ વાંચકવર્ગમાં ઘણા પ્રિય થઈ પડતા હતા. ત્ય્હાર પછી ત્હેમણે તેલુગુ ભાષામાં “ અબળા સચ્ચરિત્ર રત્નમાલા ” નામનું એક પુસ્તક પ્રગટ કર્યું. એ પુસ્તકના ત્રણ ભાગ છે. પ્રથમ ભાગમાં ઐતિહાસિક હિન્દુ સ્ત્રીઓનાં

ચરિત્ર છે. બીજા ભાગમાં વૈદિકયુગની સન્નારીઓનાં ચરિત્ર છે અને ત્રીજા ભાગમાં વિદેશી રમણીઓનાં ચરિત્ર આલેખ્યાં છે.

શ્રીમતી અચમંબા જણાવે છે કે 'આ પુસ્તક લખવામાં મ્હારો ઉદ્દેશ એ છે કે, જે લોકો એમ કહે છે કે સ્ત્રીઓ બુદ્ધિ, નૈતિક બળ, વિશ્વાસપાત્રતા અને રાજ્યદ્વારી ગુણોમાં પુરૂષોથી સ્વાભાવિક રીતે ઉતરતી છે; ત્હેમના કથનને જુઠું પાડવું; અને બતાવવું કે, જો યોગ્ય શિક્ષણ અને સગવડ આપવામાં આવે તો સ્ત્રીઓ પણ દરેક વિષયમાં ઉત્તમ પુરૂષની બરોબરી કરી શકે.' એમનાં એ પુસ્તકો કદમાં પણ ઘણાં મ્હોટાં છે અને આધુનિક સમયની સ્ત્રીઓની દશાનું તથા ત્હેમની ઉન્નતિને લગતા પ્રશ્નોનું પણ એમાં પ્રસંગોપાત સારૂં વિવેચન કર્યું છે.

મૃત્યુનાં બેએક વર્ષ પહેલાં પોતાના પતિની સાથે શ્રીમતી અચમંબા સ્વદેશમાં ગયાં હતાં અને ત્યહાંનાં વિવિધ શહેરોના સ્ત્રી સમાજમાં ઉપદેશપ્રદ વ્યાખ્યાન આપ્યાં હતાં.

તેઓ વારંવાર કહ્યા કરતાં કે, કેળવાયલી સ્ત્રીઓને માથે એક ગંભીર ફરજ રહેલી છે અને તે એ છે કે, ત્હેમણે પોતાનાં આચરણ એવાં શુદ્ધ, સાદાં અને પવિત્ર રાખવાં જોઇએ કે એમનું જીવન બીજી સ્ત્રીઓને નમૂનારૂપ થઈ પડે. શ્રીમતી અચમંબાએ પોતાના એ સિદ્ધાન્તનું અક્ષરશઃ પાલન કર્યું હતું. એ એક ઉત્તમ ગૃહિણી હતાં. રસોઇના કામમાં એ ઘણાંજ કુશળ હતાં. વિનયી તો એટલાં બધાં હતાં કે એમને જોનાર માણસ એકદમ એમ ન કહી શકે કે આ સન્નારીએ ઉંચા પ્રકારનું શિક્ષણ મેળવ્યું હશે. ત્હેમની પતિભક્તિ તથા કુટુંબ-

વત્સલતા પણ અનુકરણીય અને પ્રશંસાપાત્ર હતાં. પોતાનું પુસ્તક 'અબલા સચ્ચરિત્ર રત્નમાલા' ત્હેમણે પતિનેજ સમર્પણ કર્યું છે.

એક વખત ત્હેમણે દશ વર્ષના એક હિન્દુસ્થાની બાળકને નિરાધાર અવસ્થામાં દીઠો; ત્હેમને એ બાળક ઉપર ઘણી દયા ઉપજી, તેથી ત્હેને પોતાને ઘેર લઇ ગયાં અને પોતાના સંતાનની પેઠે ઉછેરીને મ્હોટો કર્યો તથા કેળવ્યો. એવીજ રીતે દુકાળની છાવણીમાંથી માતપિતાએ ત્યજી દીધેલા એક ત્રણ મહિનાના બાળકને ઉપાડી લાવીને ત્હેનું પોતાનાજ પુત્રની પેઠે લાલન પાલન કર્યું હતું. એ ઉપરથી ત્હેમના દયાળુ સ્વભાવનો પરિચય મળી આવે છે.

મુંબઇમાં ભરાયેલી સંસાર સુધારા પરિષદ્ તથા મહિલા-પરિષદ્‌માં ત્હેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્ય્હાંથી આવ્યા પછી ત્હેમને તાવ લાગુ પડયો અને એજ વ્યાધિથી ૧૮ મી જાનેવારી ૧૯૦૫ ને દિને ૩૧ વર્ષની જુવાન વયે ત્હેમનું અકાળ મૃત્યુ નીપજ્યું. શ્રીમતી અચમંબા લાંબુ આયુષ્ય ભોગવી શકયાં હોત તો પુસ્તકો તથા વ્યાખ્યાન આદિ દ્વારા હિન્દની સન્નારીઓની સારી સેવા કરી શકત. ઈશ્વર એવી સ્વદેશપ્રેમી સન્નારીના આત્માને શાન્તિ આપો ! !

૭૧—અ. સૌ. વિદ્યાગૌરી.

ત્હેમનો જન્મ અમદાવાદમાં ઇ. સ. ૧૮૭૬ માં થયો છે. તેઓ વડનગરા નાગર ગૃહસ્થ છે. ત્હેમના પિતાનું નામ રા. રા. ગોપીલાલ મણીલાલ ધ્રુવ તથા માતાનું નામ સૌ. બાળાબ્હેન છે. સૌ. બાળાબ્હેન ગુજરાતના સુપ્રસિદ્ધ સુધારક ભકત કવિ રા. બા. ભોળાનાથ સારાભાઈનાં પુત્રી થાય. સંસાર-સુધારાના ઉન્નત વિચારો વિદ્યાગૌરીને જન્મથીજ માતૃપક્ષ તરફથી વારસામાં મળેલા છે. બાલ્યાવસ્થાથી જ ત્હેમને ઉંચા પ્રકારનું શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઈ. સ. ૧૮૮૯ માં ત્હેમનું લગ્ન સુવિખ્યાત સુધારક રા. બા. મહીપતરામ રૂપરામ, સી. આઈ. ઇ. ના સત્પુત્ર સાક્ષરશ્રી રમણભાઇ સાથે કરવામાં આવ્યું છે. આ લગ્નથી સુવર્ણ અને સુગંધનો યોગ થયો છે. સાધારણ રીતે બને છે તેમ વિદ્યા-ગૌરીએ લગ્ન પછી વિદ્યાભ્યાસ છોડી દીધો નહોતો. પરન્તુ કોલેજમાં જવાનું ચાલુ રાખ્યું હતું. યુરોપ અમેરિકા જેવા પશ્ચિમના દેશોમાં તથા આપણે ત્હાં પારસીઓમાં કોલેજનું ઉંચું શિક્ષણ લેનારી સ્ત્રીઓ કુંવારી હોય છે. પરન્તુ સૌ. વિદ્યાગૌરીએ ગૃહિણી તરીકેનું કર્તવ્ય ઉત્તમ રીતે બજાવ્યા ઉપરાંત કોલેજનો ઉંચા પ્રકારનો અભ્યાસ કર્યો છે. ઇ. સ. ૧૯૦૧ માં ત્હેમણે બીજા વર્ગમાં બી. એ. ની પદવી પ્રાપ્ત કરી છે. ગુજરાતી સ્ત્રીઓમાં બી. એ. ની પરીક્ષા

પ્રથમ પાસ કરનાર, એ તથા એમનાં ન્હાનાં બ્હેન સૌ. શારદા-ગૌરી હતાં.

એ પ્રમાણે ત્હેમણે ગુજરાતી બ્હેનો આગળ ઉચ્ચ શિક્ષણનું સારૂં ઉદાહરણ રજુ કર્યું છે.

સૌ. વિદ્યાગૌરી પતિનાં યોગ્ય સહધર્મિણી છે. ત્હેમને સાહિત્ય–પ્રવૃત્તિમાં પોતે ઘણી મદદ આપે છે. પ્રાર્થના સમાજ તરફથી જે સ્ત્રીસમાજ ચાલે છે ત્હેમાં બ્હેન વિદ્યાગૌરીએ અનેક ધર્મોપદેશ આપ્યા છે અને 'જ્ઞાન સુધા' માસિકમાં પ્રગટ થયેલાં એ વ્યાખ્યાનોમાંનાં કેટલાંક તો ખરેખર ઘણાં બોધપ્રદ છે.

તે ઉપરાંત સંસાર સુધારા પરિષદ્ (ઈંડિયન સોશિયલ કોન્ફરન્સ) ભારતીય મહિલા પરિષદ્, વનિતા વિશ્રામ આદિ સંસ્થાઓમાં ત્હેમણે ઘણાં સારાં વ્યાખ્યાનો આપ્યાં છે. આ વર્ષમાં અમદાવાદમાં આર્ય સમાજ તરફથી આર્ય મહિલા પરિષદ્ મળી હતી. ત્હેનું પ્રમુખસ્થાન એમણે વિભૂષિત કર્યું હતું. રાજ્યદ્વારી બાબતો ચર્ચાવાને માટે દર વર્ષે જે પ્રજાકીય હિન્દી પરિષદ્–ઈંડિયન નેશનલ કોન્ગ્રેસ મળે છે ત્હેમાં પણ ત્હેમણે ઘણી વખત પોતાના પતિ સાથે પ્રતિનિધિ તરિકે હાજરી આપી છે.

ઈ. સ. ૧૮૯૪ થી ત્હેમણે છુટક લેખો લખવાનો આરંભ કર્યો હતો. અને ઈ. સ. ૧૯૦૭ માં પોતાનાં બ્હેનની સાથે મળીને સ્વર્ગસ્થ રમેશચંદ્રની 'સંસાર' નામની બંગાળી નવલકથાનું 'સુધાહાસિની' નામથી ભાષાંતર પ્રગટ કર્યું છે. ગયા વર્ષમાં ત્હેમણે નામદાર ગાયકવાડ સરકારનાં મહારાણી સાહિબાએ રચેલા The Position of Women in Indian life.

'હિંદુસ્થાનના સંસારમાં સ્ત્રીનો દરજ્જો' એ પુસ્તકનું ભાષાંતર કર્યું છે.

બ્હેન વિદ્યાગૌરીનો સ્વભાવ સરળ અને નિરભિમાની છે. હાલના ઝમાનામાં ગુજરાતનાં સંરક્ષક કુટુંબોમાં પણ ફેશનની જે ફિશિયારી વધતી જતી જોવામાં આવે છે, તે સાથે સરખાવતાં બ્હેન વિદ્યાગૌરીનું જીવન ઘણું સાદું લાગે છે.

ઈશ્વર પાસે એજ માગીએ છીએ કે બ્હેન સૌ. વિદ્યાગૌરી પોતાના જ્ઞાન અને અનુભવનો ગુજરાતી બ્હેનોને લાંબા વખત સુધી લાભ આપતાં રહે! અસ્તુ!

૭૨—સરલા દાસ.

જે સરલ હૃદયા બાલિકા સરલાનું ચરિત્ર અમે ટુંકમાં અત્રે આલેખવા માગીએ છીએ. ત્હેણે આ સંસારમાં ત્રેવીસ વર્ષ અને છ માસનું અલ્પ જીવન ગાળીને આ સંસારનો ત્યાગ કર્યો છે. છતાં પણ એ અલ્પ જીવનની જે હકીકત મળી આવે છે તે જોતાં ખાત્રી થાય છે કે સરલા બંગાળાની એક વિદુષી મહિલા હતી.

સરલા—રંગુનના સુપ્રસિદ્ધ બૅરિસ્ટર શ્રીયુક્ત પૂર્ણચંદ્ર સેન મહાશયની કન્યા હતી. શ્રીયુક્ત પૂર્ણચંદ્રનું નિવાસસ્થાન ચટ્ટગ્રામ હતું. સરલાની વય જ્યહારે માત્ર છ માસની હતી ત્યહારે ત્હેની માતા ત્હેને લઇને રંગુન ગઇ હતી. ત્હેણે રંગુન

વિભાગની પ્રાયમરી પરીક્ષા પસાર કરીને સૌથી ઉંચો નંબર મેળવ્યો અને માસિક આઠ રૂપિયાની છાત્રવૃત્તિ પ્રાપ્ત કરી.

સરલામાં એક પ્રકારની પ્રતિભા પણ રહેલી હતી. ત્હેના પિતા શ્રીયુક્ત પૂર્ણચંદ્રે ત્હેની એ પ્રતિભા તથા વિદ્યાનુરાગથી પ્રસન્ન થઇને ત્હેને વિદ્યાભ્યાસ સારૂ રંગુનથી કલકત્તા મોકલી આપી. અગિયાર વર્ષની વયે સરલા બેથ્યુન બોર્ડિંગ હાઉસમાં દાખલ થઇને ભણવા લાગી.

એ સમયે બંગાળાના એક વિદ્વાન લેખક શ્રીયુક્ત અમૃતલાલ બસુ સાથે સરલાનો મેળાપ થયો હતો.

શ્રીયુક્ત બસુ મહાશય લખે છેઃ—એ સમયે સરલાની વય તેર વર્ષની હતી, એ વાત ખરી પણ ત્હેની સરળતા અને હસમુખો ચ્હેરો જોતાં ત્હેને બાળક કહેવાનું મન થતું. સરલા કોઇ કોઇ વખત એવા એક બે પ્રશ્ન પૂછી બેસતી કે એ સાંભળીને હું તો અવાક્ થઈ જતો. એક દિવસ અમારા ઘરની એક વડીલ સ્ત્રીએ ત્હેને કહ્યું હતું કે "સરલા ! તું હવે મ્હોટી થઇ છે; ત્હારે હવે બધાની સાથે ભેળાવું એ વ્યાજબી નથી."

સરલાએ કહ્યું: "કેમ ? એથી શું થાય ? બાબુને હું ચાહું છું. તો પછી એમને મળું નહિ ?"

સરલાનો જવાબ સાંભળીને એ સ્ત્રી હસવા લાગી.

સરલામાં એટલી બધી સરલતા હોવાનું એક ખાસ કારણ હતું. બાલ્યાવસ્થાથીજ એ ધર્મશીલા અંગ્રેજ મહિલાઓના સહવાસમાં ઉછરી હતી. રંગુનમાં એ કેટલોક સમય કોનવેન્ટમાં ભણી હતી. બાલ્યાવસ્થામાં તો એ બંગાળીની છોકરી છે એવું ઓળખી કહાડવું પણ અઘરૂં થઇ પડતું. ત્હેના

માથા ઉપર ઝુલફાદાર વાળ હતા. ત્હેના મુખમાંથી ચોખ્ખી અંગ્રેજી ભાષા નીકળતી હતી. ત્હેનો હાવભાવ, ચાલ, રહેણી કરણી બધું લગભગ અંગ્રેજ બાલિકાના જેવું હતું. સરલા પાંચ વર્ષની ઉમરથીજ અંગ્રેજી ભાષામાં વાતચીત કરતી હતી. એટલે કલકત્તામાં આવી તે વખતે એ બંગાળી ભાષા શુદ્ધ રીતે બોલી શકતી નહોતી. દાર્જિલિંગમાં ત્હેને બંગાળી ભાષા શિખવાનો ઘણો શોખ થયો હતો.

ઘણી ન્હાની વયમાં સરળ સ્વભાવની અંગ્રેજ બાલિકાઓની સંગાથે રહેવાથી સરલામાં અપૂર્વ સરલતા આવી હતી એટલુંજ નહિ, પરન્તુ બંગાળીઓના અનેક રીત રિવાજથી પણ એ અજાણી હતી. એક તેર વર્ષની બંગાળી છોકરીને બંગાળી સંસારનું જેટલું જ્ઞાન હોય તેટલું જ્ઞાન સરલાને કોઇ પણ સંસારનું નહોતું. પરન્તુ એ અજ્ઞાનતાથી ત્હેને હાનિને બદલે લાભ થયો હતો. દુનિયાનું કોઇ મલિન ચિત્ર ત્હેની નજરે પડયું નહોતું. સંસારની કોઇ પણ રેખા ત્હેના ચિત્ત ઉપર અંકાઇ નહોતી. બાલકના મનની પેઠે ત્હેનું હૃદય એટલું સરલ અને નિર્મળ હતું કે ત્હેની સાથે એકવાર મેળાપ થયાથી ત્હેના તરફ ચિત્તનું આકર્ષણ થતું.

સરલા બેથ્યુન કૉલેજની બીજી શ્રેણીમાં દાખલ થઇ ત્ય્હારે ત્હેણે બીજી ભાષા તરીકે ફારસી છોડી દઇને બંગાળી લીધું અને એન્ટ્રન્સની પરીક્ષા બંગાળી ભાષામાં આપવા તૈયાર થઇ. બધા લોકો જાણતા હતા કે સરલા બીજા સઘળા વિષયોમાં પાસ થશે, પણ બંગાળી ભાષાને લીધે ત્હેને એન્ ન્સમાં નાપાસ થવું પડશે. પરન્તુ જ્ય્હારે પરીક્ષાનું પરિણામ બહાર પડયું

ત્ય્હારે બધાએ આશ્ચર્ય સાથે જોયું કે સરલા પહેલા વર્ગમાં પાસ થઈ હતી અને પરીક્ષામાં બેઠેલી છોકરીઓમાંથી સૌથી પહેલે નંબરે આવી હતી, ને માસિક વીસ રૂપિયાની સ્કૉલરશીપ મેળવી હતી. એટલુંજ નહિ પણ બંગાળી ભાષામાં સૌથી પહેલે નંબરે પાસ થવા માટે ત્હેને "કેશવચંદ્ર પ્રાઈઝ" નામનું ઇનામ મળ્યું હતું. બંગાળી ભાષાનું આટલું બધું સારૂં જ્ઞાન સરલાએ ફક્ત બે વર્ષ પ્રયાસ કરીને સંપાદન કર્યું હતું. આગળ અમે જણાવી ગયા છીએ કે સરલામાં ઉંચા પ્રકારની પ્રતિભા હતી. એ પ્રતિભાને બળે એ બંગાળાના નવયુગના શ્રેષ્ઠ કવિ રવીન્દ્રનાથનાં ઉંચા પ્રકારનાં કાવ્યોનું સૌન્દર્ય ગ્રહણ કરી શકતી. પરણ્યા પછી સરલા વારંવાર શ્રીયુક્ત અમૃતલાલ બસુ સાથે સાહિત્યચર્ચા કરતી. રવીન્દ્રનાથની રસભરી, મીઠી કવિતા ત્હેને ઘણી પ્રિય હતી. સરલાના પત્રોમાં સાહિત્ય અને બ્રહ્મસમાજ સંબંધી વાતો વિશેષ દીઠામાં આવતી. નમૂના દાખલ એક પત્રમાંનો થોડોક ભાગ અત્ર ઉતારીશું.

"**પ્રદીપ** વાંચ્યું છે. રવિ બાબુની કવિતા ઘણી સરસ લાગી છે. "ભારતી" પણ આવે છે. રવિ બાબુએ લખવા યોગ્ય લગભગ બધું એમાં લખી દીધું છે * * * Lecture પણ ઘણુંજ સરસ છે."

સોળ વર્ષની વયે સરલાએ એફ. એ. ની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કરીને આખી કલકત્તા યુનિવર્સિટીમાં નવમો નંબર મેળવ્યો. સરલાની પહેલાં એફ. એ. ની પરીક્ષા જેવું ઉંચું સ્થાન ઘણું ખરૂં કોઇ બંગાળી કન્યાએ મેળવ્યું નહોતું. ત્ય્હાર પછી બે વર્ષે સરલાએ બી. એ. ની પરીક્ષા અંગ્રેજીમાં બીજા

વર્ગના "ઓનર" સાથે પાસ કરી, અને આખી કલકત્તા યુનિવર્સિટીમાં હેનો નંબર દસમો આવ્યો.

ત્યહાર પછી સરલાએ એમ. એ. ને માટે તૈયારી કરી નહિ. એ સંબંધી હેણે નીચે પ્રમાણે ખુલાસો કર્યો છે. "કોઇ કોઇ મ્હને પ્રેસિડેન્સિ કૉલેજમાં દાખલ થઇને એમ. એ. નું ભણવાનો આગ્રહ કરે છે. પણ પુરૂષોની સાથે બેસીને ભણતાં મ્હને ઘણી શરમ આવે છે, તે ઉપરાંત મ્હારો ભાઇ સુરેન એ વાતની વિરૂદ્ધ છે. એ કહે છે કે "મ્હોટી બ્હેન, તું જો પ્રેસિડેન્સિ કૉલેજમાં દાખલ થઇશ તો હું કૉલેજ છોડી દઇશ."

ઈ. સ. ૧૮૯૭ ની ૧૧ મી ઓકટોબરે સ્વર્ગસ્થ દુર્ગામોહન દાસના પુત્ર શ્રીયુકત સતીશરંજન દાસ બૅરિસ્ટરની સાથે સરલાનું લગ્ન થયું. સાધારણ રીતે એવું દીઠામાં આવ્યું છે કે આપણા દેશના યુવક વિદ્યાર્થીઓ પરણ્યા પછી સંસાર માંડીને વિદ્યાદેવી પાસેથી છેવટની વિદાય ગ્રહણ કરે છે; તો પછી ઘર સંસારની અનેક જંજાળોમાં પડયા પછી સ્ત્રીઓ વિદ્યાદેવીને વિસરી જાય તો એમાં કાંઈ આશ્ચર્યની વાત નથી. સરલાની જ્ઞાનસ્પૃહાનો ઉલ્લેખ અમે આ ચરિત્રમાં વારંવાર કરતા આવ્યા છીએ. એ જ્ઞાનસ્પૃહાને લીધે સરલાએ લગ્ન કર્યા પછી પણ વિદ્યાભ્યાસ છોડી દીધો નહિ. તે હમેશાં નવાં નવાં પુસ્તકો વાંચતી અને હેના ઉપર વિચાર ચલાવતી. એ પુસ્તક વાંચવાથી પોતાને ઉપજેલા વિચારો દરરોજ એક નોંધપોથીમાં લખી રાખતી.

ત્યહાર પછી સરલાએ બંગાળી ભાષામાં લેખો લખતાં શિખવાનો યત્ન કર્યો, પરન્તુ બંગાળાના સુપ્રસિદ્ધ કવિ રવીન્દ્ર-

નાથ ઠાકુર, જ્હેમને આપણા નામદાર વાઇસરોયે એશિયાના કવીશ્વરની ઉપાધિથી સંબોધ્યા છે, ત્હેમણે સરલાને સલાહ આપી કે "ત્હમે પહેલાં સંસ્કૃત ભણો. ત્યહાર પછી બંગાળી ભાષા લખવાનો આરંભ કરો સંસ્કૃત ભણ્યા વગર બંગાળી ભાષા ઉપર પૂરતો કાબુ જામશે નહિ."

રવીન્દ્ર બાબુની આ શિખામણ માનીને સરલાએ સંસ્કૃત ભણવાનો સંકલ્પ કર્યો. રવીન્દ્ર બાબુના આગ્રહથી ત્હેમના ઘરના પંડિત શ્રીયુકત શિવધન વિદ્યાર્ણવ મહાશયે સરલાને સંસ્કૃત ભણાવવાનો આરંભ કર્યો. નવી ભાષા શીખવાની શકિત સરલામાં ઘણી તીવ્ર હતી, થોડાક મહિનામાંજ ત્હેણે સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન મેળવ્યું. પરન્તુ હાય! ક્રૂર મૃત્યુએ એટલામાંજ ત્હેના ઉપર આક્રમણ કર્યું; ત્હેની ઇચ્છાઓ મનમાં ને મનમાંજ રહી ગઈ. સંસ્કૃતનો અભ્યાસ પણ પૂર્ણ થયો નહિ. બંગાળી ભાષામાં લેખ પણ લખી શકાયા નહિ. પંડિત વિદ્યાર્ણુવ મહાશય ત્હેને થોડા દિવસ સુધી ભણાવવામાં જ ત્હેની સરલતા અને ત્હેના અનેક સદ્‌ગુણોથી આકૃષ્ટ થયા હતા. વિદ્યાર્ણુવ મહાશય વારંવાર ત્હેના ગુણોનું વર્ણન લોકો આગળ કરે છે. ત્હેનું વિસ્તૃત જીવન ચરિત્ર લખવાની સામગ્રી પણ ત્હેમણે એકઠી કરી છે. પરન્તુ આળસને લીધે હજુ એ જીવન ચરિત્ર ત્હેમનાથી લખી શકાયું નથી.

સરલા ઘણુંખરૂં અંગ્રેજી સાહિત્ય વાંચતી; તેથી કરીને અંગ્રેજી ભાષા ત્હેને મનથી માતૃભાષા જેવી થઈ ગઈ હતી. એ પોતાની રોજનીશી પણ અંગ્રેજી ભાષામાં લખી રાખતી, પરન્તુ કેવળ અંગ્રેજી ભાષા ઉપર અધિકાર મેળવ્યાથી સરલાને

તૃપ્તિ થઈ નહોતી. ત્હેણે ફ્રેન્ચ ભાષાનું પણ ઉત્તમ પ્રકારે શિક્ષણ મેળવ્યું હતું. ફ્રેન્ચ ભાષામાંથી એક સારા પુસ્તકનો ત્હેણે અંગ્રેજીમાં તરજુમો કર્યો હતો. બંગાળી ભાષામાં કાંઇક લખવાની ત્હેને ઘણી ઇચ્છા હતી. એ સંબંધી શ્રીયુક્ત અમૃતલાલ બસુ સાથે ત્હેને નીચે પ્રમાણે વાતચીત થઈ હતી.

સરલાઃ-" મ્હારા જીવનનો વિચાર કરતાં કરતાં હું નિરાશ થઇ જાઉં છું. હું શું કરૂં તે કાંઇ સ્હમજાતું નથી. ત્હમે બતાવો મારે શું કરવું ? "

અમૃત બાબુઃ—"ત્હમારામાં બુદ્ધિ છે, પ્રતિભા છે, હૃદયમાં મહત્વાકાંક્ષા છે; ત્હમે તો પ્રયત્ન કરો તો ઘણું સારૂં કામ કરી શકો."

સરલાઃ—" ત્હમે અને પંડિતજી તો હમેશાં મ્હારી પ્રશંસા જ કર્યા કરો છો. ત્હમે મ્હને સલાહ તો કાંઇ નથી આપતા."

અમૃત બાબુઃ—" બીજું કશું ન થાય તો ત્હમે સાહિત્યનું અનુશીલન કરો. વર્તમાનપત્રો અને માસિકોમાં લખવાનું શરૂ કરો. એ તો એક મનપસંદ કામ છે; એથી કરીને દેશનો પણ ઉપકાર થશે અને ત્હમારા જીવનની પણ ઉન્નતિ થશે.

સરલાઃ—" વ્યાજબી કહ્યું. સાહિત્યસેવા એ ઘણું ઉત્તમ કામ છે, પણ બંગાળી ભાષામાં મ્હારૂં જ્ઞાન કેટલું થોડું છે ! હું યત્ન કરૂં તો અંગ્રેજી ભાષામાં કાંઇક લખી શકું, પણ એ લખાણથી લાભ શો ? "

વાંચ્યાથી આપણી ઉછરતી કન્યાઓને ઉંચા પ્રકારનું શિક્ષણ મેળવવાની હોંશ થાય એ હેતુથી એનું જરા વિસ્તારથી વર્ણન કર્યું છે. હવે સરલાનું વિવાહિત જીવન, ત્હેના ખાસ

સદ્ગુણ તથા ત્હેની મહત્વાકાંક્ષા સંબંધી થોડુંક લખીશું.

સરલાના લગ્ન સંબંધી અમે આગળ લખી ગયા છીએ. લગ્નના ઘણા દિવસ પહેલાંથી ત્હેની સગાઇ સંબંધી વાત ચાલતી હતી. સરલાએ પ્રથમ એ બાબતમાં પોતાની સંમતિ આપી નહિ. ત્હેણે પોતાના પિતાને સ્પષ્ટ જણાવી દીધું કે વિશ્વવિદ્યાલયની છેવટની પરીક્ષા પસાર કર્યા વગર હું કદી પણ પરણનારી નથી."

સરલાનું હૃદય અતિશય સરલ અને કોમળ હતું એ વાત ખરી, પણ એથી એનામાં દૃઢતાનો અભાવ નહોતો. જ્યહાં સુધી બી. એ. ની પરીક્ષા પસાર ન કરી ત્યહાં સુધી એણે લગ્ન કર્યું નહિ. બી. એ. થયા પછી ત્હેણે લગ્ન કર્યું. લગ્ન પહેલાં સતીશરંજન સાથે ત્હેનો પરિચય થયો હતો. ત્યહાર પછી બે જણાં એક બીજા તરફ પ્રેમથી આકર્ષાવાં લાગ્યા અને લગ્ન નક્કી થયું. એ સંબંધી સરલા પોતાની ડાયરીમાં લખે છેઃ—

"પરન્તુ એ આશા હવે દૂર કરી. અત્યાર સુધી હું એવા વિચારો કર્યા કરતી હતી કે, ભાઇ બ્હેન પ્રત્યેની ફરજ બજાવીશ, માતપિતાની સેવા કરીશ, અને સંસારની થોડી ઘણી સેવા કરીશ. એટલામાં સતીશ આવીને મ્હારા પ્રેમાકાંક્ષી બન્યા; ત્હેમણે કહ્યું કે, આપણે બન્ને જણાં થઈને જગતની સેવા કરીશું, અને એ કાર્ય સાધવામાં હું ત્હને યંત્રરૂપ બનાવીશ."

પરણ્યા પછી સરલાનો સંસાર ઘણો સુખી નીવડયો. તે પોતાને ઘણોજ ભાગ્યશાળી ગણવા લાગી, એક દિવસ એણે શ્રીયુક્ત અમૃત બાબુને કહ્યું હતું. "એક સમયે હું એવો

વિચાર કરતી હતી કે હું કદી પરણીશ નહિ. હવે સ્હમજાયું કે લગ્નમાં કેટલું બધું સુખ છે!"

એ લગ્નથી એકલી સરલાજ સુખી થઇ હતી એમ નહોતું. સરલાના ઊંડા પ્રેમ, મધુર વ્યવહાર, સરલતા અને સદ્‌ગુણને લીધે ત્હેના સ્વામીને પણ અપરિસીમ આનંદ પ્રાપ્ત થયો હતો. એ બાબતમાં ત્હેના પતિ શ્રીયુક્ત સતીશ રંજનદાસ બેરિસ્ટરે જે અભિપ્રાય અંગ્રેજીમાં આપ્યો છે ત્હેનું ભાષાન્તર હમે નીચે આપીએ છીએ.

"સરલાએ ત્હેના સ્વામીની ખાતર શું કર્યું છે ત્હેનું વર્ણન કરવું એ ઘણું અઘરૂં કામ છે. લગ્ન પછી મ્હારી જે કાંઇ ઉન્નતિ થઇ છે, તે બધી ત્હેના પ્રયત્નના પરિણામ રૂપ છે એમ કહું તો ચાલી શકે. સરલા મ્હને ન્હાના મ્હોટા દરેક કાર્યમાં સાહાય્ય કરતી. સરલામાં સાંસારિક જ્ઞાનનો અભાવ હતો એ વાત ખરી, પરન્તુ ત્હેનામાં અંદરખાને એક એવું સ્વાભાવિક કર્તવ્ય-જ્ઞાન હતું કે પોતે શું કરવું જોઇએ અને શું કરવું ન જોઇએ એ સર્વદા સારી પેઠે સ્હમજી શકતી, સ્વામીને એ કેટલા ઊંડા પ્રેમથી ચ્હાતી અને સ્વામીનો પ્રેમ સંપાદન કરવા ત્હેનામાં કેટલી બધી વ્યાકુળતા હતી! * * સરલા સ્વામીના કલ્યાણ સારૂ કેટલી બધી ચિન્તા કરતી તે ત્હેની ડાયરીમાંનો નીચે લખેલો ભાગ વાંચ્યાથી સ્હમજી શકાય છે. "હું ચાહું છું કે મ્હારા પતિ દરેક રીતે મહાન થાય. કારણ કે મનુષ્યનું ગૌરવજ એમાં છે. મ્હારા સ્વામીને જ્યહારે વિવેકપૂર્ણ વાત બોલતાં સાંભળુ છું ત્ય્હારે મ્હને ઘણું અભિમાન ઉપજે છે. કર્તવ્ય એ ઈશ્વરી વાણીની કઠોર દીકરી છે, Duty

is the stern daughter of the voice of God. એક કર્તવ્યની આજ્ઞાનું પાલન કર્યાથી જે સુખ ઉત્પન્ન થાય એજ પૃથ્વીમાં ખરૂં સુખ છે. પરન્તુ એ આજ્ઞાનું પાલન કરવું અત્યંત કઠિન છે. હું જો કર્તવ્યપરાયણ અને મહદ્ ભાવ સંપન્ન થઇ શકું તો કેવું સારૂં ! એવું થાય તો હું મ્હારા સ્વામીને અનેક પ્રકારે મદદ કરી શકું."

સરલાના પતિ ત્હેના સંબંધી એક બીજે સ્થળે લખે છેઃ– "સંસારનો બધો કારભાર ત્હેના હાથમાં સોંપ્યો હતો. સાધારણ રીતે જે બધાં કામ પુરૂષો કરે છે તે કામો પણ એજ કરતી."

આ સ્થળે એક વાત જણાવવી યોગ્ય ધારીએ છીએ. આપણા દેશમાં ઘણાખરા લોકો ભણેલી સ્ત્રીઓ સંબંધી અનેક ભૂલભરેલા વિચારો ધરાવે છે. ત્હેમનું ધારવું એવું છે કે, છોકરીઓ ઘણું ભણશે તો ઘર સંસારના કોઇ કામકાજમાં ત્હેમનું ચિત્ત ચોંટી શકશે નહિ. કારણ કે તેઓ પોતાનો પાઠ વાંચવામાં, અને પોતાનાજ સુખ વૈભવમાં ગુંથાયલી રહેશે. પરિણામ એ આવશે કે સ્વામીની સેવા, સંતાનપાલન, રસોઇ, વગેરે કોઇ કામ ઉપર ત્હેમનું ધ્યાન ખેંચાશે નહિ. પરન્તુ સરલાએ એ ભ્રમને ખોટો પાડયો હતો. ઉંચા પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કર્યા છતાં, તથા બાલ્યાવસ્થાથીજ સુખ અને સાહેબીમાં ઉછરેલી હોવા છતાં પણ સરલાએ ઘરનું કામ ઉત્તમ પ્રકારે કર્યું હતું અને સેવા દ્વારા સ્વામીને ઘણા સુખી કર્યા હતા. ઘેર રસોઇઆ–ચાકરની ખોટ નહોતી પણ કામ પડયે સરલા સારી રસોઇ કરી શકતી. ત્હેના સ્વામીને અમુક વાનીઓ ઘણી પસંદ હતી. સરલા એ વાનીઓ રસોઇઆ પાસે ન રંધાવતાં

ઘણી વખત પોતાને હાથેજ રાંધીને પતિને જમાડતી.

સરલાના સંબંધમાં ત્હેના પતિ છેવટમાં લખે છે કેઃ– "સરલા કોઇ ઉદ્દેશ સાધવા માટે આ જગતમાં આવી હતી, એ હું જાણી શકયો નહિ. પરન્તુ સરલા ત્હેના ચાર વર્ષના વિવાહિત જીવનમાં સત્ અને ઉત્કૃષ્ટ વસ્તુ ઉપર મ્હારૂં જેટલું ધ્યાન ખેંચતી ગઇ છે, તે ઉપરથી હું એના મહત્ત્વનું અનુમાન કરી શકું છું."

અમે નથી ધારતા કે સાધ્વી સ્ત્રીને માટે આના કરતાં વધારે અભિમાન લેવા જેવી બીજી કોઈ વાત હોય. જે સ્ત્રીની હયાતીમાં અથવા મૃત્યુ પછી ત્હેનો પતિ કૃતજ્ઞ ચિત્તે ત્હેના મહાન ગુણોનું વર્ણન કરે તે સ્ત્રીનો જન્મારો સફળ થઇ ગયો છે એમ માનવું. તે ઉપરાંત, જે સ્ત્રી જ્ઞાન, ધર્મ અને કર્મમાં સ્વામીની અર્ધાંગિની થઇને સ્વામીના બધા મનોભાવ પૂર્ણ કરે છે, સ્વામીને સબળ કરે છે; અને સ્વામીની સાથે એકપ્રાણ થઇને બધાં કામ કરે છે, તે નારીનું ઉચ્ચ શિક્ષણ સાર્થક છે. એવી સ્ત્રી કદાપિ રાંધવા સીંધવામાં જરા ઓછી પ્રવીણ હોય, અને ચુલા–અબોટ કરતાં ન આવડતું હોય તો એથી એના જીવનને કાંઇ હાનિ પહોંચશે નહિ. પાંચ દસ રૂપિયા ખર્ચ કર્યાથી રસોઇઓ મળી શકશે, એક નોકર રાખ્યાથી ઘરનું હલકું કામકાજ સ્હેલાઇથી થઇ શકશે, પણ શું? ગમે તેટલું ખર્ચ કર્યાથી જીવનસંગ્રામને માટે સુયોગ્ય સહધર્મિણી મેળવી શકાશે? પુરૂષના હૃદયને સુશિક્ષિતા નારી સિવાય બીજું કોણ મહાન બનાવી શકશે? જે સ્ત્રીઓ પતિના જીવનમાં મહત્ત્વાકાંક્ષાનાં બીજ રોપી શકે ત્હેમનું જીવન ઘણું ઉચ્ચ છે. શ્રીયુત

સતીશરંજન દાસ જેવા—ઉંચા પ્રકારનું શિક્ષણ પામેલા વિદ્વાન બેરિસ્ટરના જીવનને સરલા વધારે મહત્ત્વપૂર્ણ અને ઉચ્ચાભિલાષી બનાવી શકી હોય તો ત્હેનું જીવન ખરેખર સફળ થયું છે.

હવે સરલાના કેટલાક સદ્ગુણોનો ઉલ્લેખ કરીશું. ત્હેની સરલતા સંબંધી આગળ થોડુંક કહી ગયા છીએ. સરલતા એજ ત્હેના જીવનનું વિશેષત્વ હતું. એક સુંદર વૃક્ષમાં પુષ્પ અને ફળનો સમાવેશ થયો હોય તેવી રીતે સરલાના જીવનમાં સરળતા અને જ્ઞાનનો સમાવેશ થયો હતો. ત્હેનું નામ ત્હેના હૃદયના ભાવને બરાબર બંધ બેસતું હતું. ત્હેના નિર્મળ અને હાસ્યોજ્જવલ મુખ સ્હામું જોતાંજ ત્હેને સરળતાની પ્રતિમા કહેવાનું મન થતું. સરલાના સ્વામી ત્હેની સરળતા સંબંધી લખે છેઃ—

“સંસારની ધૂર્તતા, દગો, અને હલકા વિચારો સંબંધી લગ્ન પહેલાં ત્હેને કાંઇ પણ જ્ઞાન નહોતું. પરણ્યા પછી ભિન્ન ભિન્ન સ્વભાવના લોકોના સમાગમમાં આવવું પડ્યું અને મનુષ્યોની શઠતા અને હલકા વિચારો ત્હેના જાણવામાં આવ્યા. પરન્તુ મનુષ્યની સ્વાભાવિક સાધુતા ઉપર ત્હેને એટલો બધો વિશ્વાસ હતો કે, કોઇ પણ માણસના કુકર્મની વાત નીકળે તો એ એકદમ એ વાત ઉપર વિશ્વાસ મેલવાનું કદી પસંદ કરતી નહિ. એ કહેતી કેઃ “ એવું શા સારૂ કહો છો ? એવું ખરાબ કામ તે શું મનુષ્યથી થઇ શકે ? ” એ નિર્મળ કાચની માફક પવિત્ર હતી. સંસાર ત્હેને જરા પણ મલિન બનાવી શક્યો નહોતો. * * લોકો જ્હેને સફેત જુઠાણું White lie કહે છે તેવું સફેત જુઠાણું કે કાળું જુઠાણું Black lie, કોઈ પણ પ્રકારનું અસત્ય એ જાણી જોઇને બોલતી નહિ. ”

મ્હોટી ઉમ્મરની થયા પછી પણ સરલાનો સ્વભાવ કેવો બાળક જેવો સરળ હતો તે સંબંધી બે એક વાત કહીશું. સરલાના લગ્ન પછી એક વખત અમૃતબાબુ ત્હેને મળવા ગયા. પ્રથમ તો ત્હેણે ત્હેના પતિ મિસ્ટર દાસની સાથે ત્હેમની ઓળખાણ કરાવી. ત્યહાર પછી સરલાના એક ફોટોગ્રાફ તરફ અમૃતબાબુનું ધ્યાન ખેંચાયું. ત્હેમણે કહ્યું "ફોટો ખરાબ નથી" ત્હેણે કહ્યું ત્યહારે શું સારો દેખાય છે? એમાં હું એક બોઘલા જેવી જણાઉં છું. જુઓ સાંભળો એ સંબંધી હું એક વાત ત્હમને સંભળાવું. પરણ્યા પછી હું મ્હારી બ્હેનોની સાથે —ને ઘેર ગઈ હતી. અમે ત્યહાંથી પાછાં આવ્યાં ત્યહારે એ ઘરની એક સ્ત્રી મ્હને ઉદ્દેશીને કહેવા લાગી "આ છોકરી દુર્ગામોહન દાસના પુત્ર વેરે પરણી છે? એ છોકરીને જોતાં તો એમ જણાય છે કે બોઘલું હશે. એના કરતાં તો એની બ્હેનો બુદ્ધિશાળી છે."

ત્યહાર પછી એમાંની એક સ્ત્રી બોલી "એ છોકરી તો બી. એ. પાસ થઈ છે." ત્યહારે બીજી સ્ત્રી બોલી "ખરે-ખાત! ત્યહારે એ છોકરી બોઘલું નથી."

એ સાંભળીને અમૃતબાબુ ઘણું હસ્યા. ત્યહાર પછી સરલા બોલી: "જુઓ! આજ તો મ્હને વાત સંભળાવવી પડશે. નહિ સંભળાવો ત્યહાં સુધી ત્હમને છોડીશ નહિ." અમૃત-બાબુ બોલ્યા "હવે તું દાર્જિલિંગવાળી સરલા નથી. હવે તો તું મ્હોટી થઇ છે. બી. એ. પાસ થઇ છે; આટલી મ્હોટી ઉમ્મરે તે વળી વાતો સંભળાય કે?"

સરલા બોલી: "ના, એ નહિ ચાલે. એક વાત તો સંભ-

ળાવવીજ પડશે." ત્હેના આગ્રહને લીધે અમૃતબાબુએ ત્હેને રવીન્દ્રનાથ ઠાકુરની એક ન્હાની વાર્તા કહી સંભળાવી. આ બનાવ ઉપરથી જણાય છે કે સરલામાં મ્હોટી વયે પણ બાળકના જેવી સરળતા સચવાઇ રહી હતી.

સરલાનું કોમળ હૃદય દયાથી પરિપૂર્ણ હતું. એ સંબંધી સંક્ષેપમાં બેએક વાત કહીશું. કલકત્તાની બ્રાહ્મ સમાજના સભાસદ શ્રીયુક્ત કેદારનાથ મુખોપાધ્યાય ગરીબ અને દુઃખીઓના બન્ધુ છે. સરલાની સાથે ત્હેમને વાતચીત થઇ હતી. સરલાને જે છાત્રવૃત્તિ મળતી હતી ત્હેમાંથી તે ઘણા રૂપિયા ગુપ્ત રીતે કેદારનાથ બાબુ ઉપર પુણ્ય કાર્યને સારૂ મોકલી આપતી. કેદારનાથ બાબુ એ પૈસામાંથી ગરીબ બાળકોને મદદ કરતા. સરલાના દયા–દાન સંબંધી ત્હેના પતિ લખે છેઃ–

"સરલા અતિશય શરમાળ હતી. ત્હેણે કરેલા દાનની વાત પ્રગટ થઇ જાય તો એ ઘણી શરમાઇ જતી. એટલા સારૂ એ ગુપ્ત રીતે દરિદ્રોને મદદ કરતી. પરીક્ષામાં પાસ થયાથી ત્હેને એક હજાર રૂપિયાનું ઇનામ મળ્યું હતું. પરન્તુ એ રકમમાંથી એક પણ પૈસો એણે પોતાના કામમાં વાપર્યો નથી. મ્હેં સાંભળ્યું છે કે એના એક શિક્ષકની નાણા સંબંધી મુશ્કેલી દૂર કરવા સારૂ ત્હેણે એ ઇનામની રકમમાંથી બસે રૂપિયા દાન કર્યા હતા.

સરલાના અંતરમાં કેવા પ્રકારની મહત્ત્વાકાંક્ષા હતી તે હવે જણાવીશું. બાલ્યાવસ્થામાં જ્યહારે રંગુન શહેરમાં હતી ત્યહારે કોનવેન્ટની સાધ્વી મડમો ત્હેને ઘણું ચાહતી હતી. એ મડમોએ કેવળ ધર્મની ખાતરજ જીવન સમર્પણ કર્યું હતું.

ત્હેમના જીવને સરલાના હૃદય ઉપર ઘણી ઊંડી અસર કરી હતી. એ વારંવાર મનમાં વિચારતી કે, "હું જ્યહારે ભણી ગણી છું તો મ્હારે અવશ્ય કાંઇ સારૂં કામ, કરવું જોઇએ. નહિતો મ્હારૂં જીવન નિષ્ફળ જશે." આ મહાન ભાવ સરલાના હૃદયમાં વ્યાપી રહ્યો હતો. એ બાબત એ વારંવાર ચિન્તા કર્યા કરતી, પરન્તુ કયું કામ ત્હેને માટે વધારે યોગ્ય છે, કયું કામ હાથમાં લીધાથી પોતાની આકાંક્ષા પરિપૂર્ણ થશે, તે ત્હેનાથી નક્કી કરી શકાતું નહિ. એ સંબંધમાં એ પોતાની ડાયરીમાં નીચે પ્રમાણે લખી ગઇ છે.

"૧ લી. વૈશાખ. ૧૩ મી એપ્રિલ.

જગત્માં કાંઇ ને કાંઇ ચિરસ્થાયી કામ કરવું જોઇએ. કાંઇ પણ કામ કર્યા વગર, મ્હારા અસ્તિત્વનું કાંઈ પણ ચિહ્ન રાખ્યા વગર, સંસારમાં આવી છું તેવીજ ચાલી જાઉં એ ઠીક નથી." "૧૦ મી ઓગસ્ટ. મ્હને લાગે છે કે હું હવે જલ્દી મરી જઇશ. શા સારૂ આ વિચાર મ્હારા મનમાં ઉત્પન્ન થાય છે તે હું સ્હમજી શકતી નથી. હું રોઉં છું હાય ! હું કોઇની પણ ખાતર કાંઇ પણ કરી શકી નહિ. વધારે શું ? સતીશની ખાતર પણ કાંઇ કરી શકી નહિ. ઘણી વખત મ્હને વિચાર આવતો કે હું કાંઈને કાંઇ કરી શકીશ, પરન્તુ જોઉં છું કે, મ્હારામાં શક્તિ નથી. આટલી દુર્બલ મ્હારાથી શું થઇ શકે તે સ્હમજાતું નથી. મ્હારા જીવનને હું સુખી કરી શકી નહિ અને બીજા કોઇને સારૂ પણ આ દુનિયામાં કાંઇ કરતી નથી. મ્હારૂં જીવન તદ્દન અસાર છે. બીજી જગ્યાએ તે લખે છે:—

"જોકે બાલ્યકાળથીજ જોર્જ ઇલિયટે વર્ણવેલા 'અદૃશ્ય ગાયક દલ'ની સાથે શામિલ થવાને મ્હને ઉચ્ચાભિલાષા હતી. તો પણ મ્હારા મનમાં એવું કદાપિ નથી થતું કે, મ્હારાથી કાંઇ કામ થઇ શકશે. આત્મશકિત ઉપરનો આ અવિશ્વાસ મ્હારા જીવનનો એક મ્હોટો દોષ છે. એણે મ્હારૂં ઘણું અનિષ્ટ કર્યુ છે, પરંતુ મ્હારાથી એ ભાવનો પરિત્યાગ થઇ શકતો નથી. ઇશ્વિર મ્હને એ સંબંધમાં મદદ કરો. મ્હારા આ જીવનને પૃથ્વીમાં રહેવાને યોગ્ય બનાવો."

સરલાની મહત્ત્વાકાંક્ષા સંબંધી ત્હેના પતિએ લખ્યું છે કેઃ- "સરલાની અંતઃકરણની ઇચ્છા એવી હતી કે, સ્વામી બેરિસ્ટરના ધંધામાં જામી જાય અને એ (સરલા) પોતે કોઇ કામ કરવા યોગ્ય થાય ત્હારે બ્રાહ્મ સમાજના કોઈ મહાન કાર્યમાં જોડાવાનો યત્ન કરવો."

સરલાના હૃદયમાં પવિત્ર ધર્મભાવ છુપાયલો હતો. ભક્તિપૂર્વક એ ઉપાસનામાં શામિલ થતી. દરરોજ રાત્રે ધર્મગ્રન્થમાંથી કાંઇક વાંચતી અને એકવાર પ્રાર્થના કરતી. ત્હાર પછી શયન કરવા જતી.

બ્રાહ્મ સમાજ ઉપર સરલાને ઘણોજ પ્રેમ હતો. સાધારણ બ્રાહ્મ સમાજના આચાર્ય પંડિત શિવનાથ શાસ્ત્રી મહાશય ઉપર ત્હેની ઘણી ભક્તિ હતી. એ શાન્ત મને શાસ્ત્રી મહાશયની ઉપાસનામાં ઉપસ્થિત થતી. શાસ્ત્રી મહાશય ત્હેને ઘેર જતા ત્હારે તો ત્હેના આનંદનો પાર જ રહેતો નહિ. શાસ્ત્રી મહાશયે છોકરાઓની ધર્મોન્નતિને સારૂ એક સોમવારની ધર્મસભા સ્થાપી હતી. એ ઉપરથી સરલાએ શાસ્ત્રી મહાશયને કહ્યું

હતું કે "આપે છોકરાઓની ધર્મવૃત્તિ વધારવા સારૂ એક સોમવાસરીય સભા સ્થાપી છે તો છોકરીઓને સારૂ પણ એવું કાંઈ કરોને. અમે બાલિકાઓ પણ દર અઠવાડીએ આપની પાસે આવીશું."

સરલાએ પોતાના મર્મસ્થાનમાં ધર્મભાવ કેવો છુપાવી રાખ્યો હતો તે ત્હેની અંગ્રેજી ડાયરીમાંના નીચલી મતલબના લખાણ ઉપરથી સમજી શકાય છે.

"મ્હારો (સ્વામી ઉપરનો) જે પ્રેમ છે તે સ્વાર્થપૂર્ણ છે. એ પ્રેમ ખરો પ્રેમ નથી, કારણ કે એ મ્હારી હુંપદની તંત્રીને છેદી શક્તો નથી, અને હુંપદને દૃષ્ટિની બહાર કરતો નથી; બલ્કે ત્હેને વધારે આગળ પાડે છે. મ્હને એમ લાગે છે કે પહેલાં હું આટલી સ્વાર્થી નહોતી. હવે તો હું ઇચ્છા કરૂં છું કે સતીશ કેવળ મ્હનેજ ચ્હાય, મ્હારીજ ચિન્તા કરે, અને બીજા કોઈનો પણ વિચાર ન કરે. ઘણી વખત એવો વિચાર કરતાં મ્હને બીક લાગે છે કે સતીશ ઉપરનો મ્હારો આટલો બધો પ્રેમ હોવાથી હું બીજી ઘણી વસ્તુઓને ભૂલી જઇશ. અને પછી ઈશ્વર મ્હારા ઉપર અસંતુષ્ટ થઈને ત્હેને મ્હારી પાસેથી છીનવી લેશે. અહો! ઈશ્વર! મ્હારાથી એ વાતનો વિચાર પણ કરી શકાતો નથી. લખતાં લખતાં મ્હારી આંખમાં આંસુ ભરાઈ આવે છે. હે પ્રભુ! હું આશા રાખું છું કે, તું મ્હારા પ્રેમને સંયમિત અને પવિત્ર બનાવ. આ પ્રેમને જેવો બનાવવો ત્હને યોગ્ય લાગે તેવો બનાવ. હે ઈશ્વર! ત્હને ચાહવામાં અને ત્હારૂં કોઈ કામ કરવા યોગ્ય બનવામાં મ્હને મદદ કર."

કેવો સરલ વિશ્વાસ અને કેવો અકૃત્રિમ ધર્મભાવ! સ્વામી

ઉપરના પ્રેમને પણ સંયમમાં રાખવા સારૂ ઈશ્વર પાસે પ્રાર્થના ! નારીનું સરલ ચિત્ત ભક્તિથી આર્દ્ર થયા પછી, તે હૃદયમાં નિર્મળ અને નિઃસ્વાર્થ ભાવનો કેવી રીતે વિકાશ થાય છે, તે સરલાની ડાયરી વાંચ્યાથી જાણી શકાય છે.

પરન્તુ હાય ! જહેના અનેક સદ્ગુણોનું અમે ઉપર વર્ણન કર્યું છે તે સુકુમાર સુશીલ બાલિકા ઉપર ન્હાની વયમાંજ ક્રૂર વ્યાધિએ આક્રમણ કર્યું. ઇ. સ. ૧૯૦૧ ની ૨૮ મી નવેમ્બરે સાડા દસ વાગ્યે એકદમ ત્હેના પેટમાં ભયાનક વેદના આરંભ થઈ. કલકત્તાના ડાકટરોએ આવીને દવા શરૂ કરી; પણ કાંઇ વળ્યું નહિ. ઘણીવાર સુધી ધૈર્યપૂર્વક વેદના સહન કર્યા પછી સરલા રાતના સાડાનવ વાગે આ અસાર સંસારનો ત્યાગ કરીને ચાલી ગઈ.

સરલાના મૃત્યુ માટે અનેક સ્ત્રી પુરૂષોએ શોક પ્રગટ કર્યો અને ત્હેના પતિ ઉપર દિલાસા પત્ર લખ્યા. સાધારણ બ્રાહ્મસમાજના પત્ર 'મેસેન્જર' અને તત્ત્વકૌમુદી "માં ત્હેના મૃત્યુ માટે અતિશય શોક પ્રગટ કરવામાં આવ્યો. શકે ૧૮૨૩ ની ૧ લી પોષના "તત્ત્વકૌમુદી" ના અંકમાંનાં કેટલાંક વાક્યો નીચે ઉતારીને અમે આ લેખને સમાપ્ત કરીશું.

"એ સુગૃહિણી હતી. જે લોકો ત્હેના સમાગમમાં આવ્યા હતા, તેઓ ત્હેના મધુર ચરિત્રથી મુગ્ધ થઇ ગયા હતા. સમાજ અને દેશની સેવા કરવાની ત્હેના મનમાં પ્રબળ આકાંક્ષા હતી. સમાજની પત્રિકામાં એ વારંવાર લેખો લખતી. ત્હેની પાસેથી બીજી ઘણી આશા હતી."

૭૩–અ. સૌ. શારદાગૌરી મહેતા.

ત્હેમનો જન્મ અમદાવાદમાં ઈ. સ. ૧૮૮૨ માં થયો છે. જ્ઞાતિએ તેઓ વડનગરા નાગર છે. ત્હેમના પિતાનું નામ ગોપીલાલ મણિલાલ ધ્રુવ, અને માતાનું નામ બાળાગૌરી છે. સૌ. વિદ્યાગૌરી ત્હેમનાં મ્હોટાં બ્હેન થાય છે. શારદાગૌરીને બાલ્યાવસ્થામાંથીજ ઉચ્ચ પ્રકારનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. ઇ. સ. ૧૯૦૧ માં ત્હેમણે બી. એ. ની પરીક્ષા પસાર કરેલી છે. ઇ. સ. ૧૮૯૮ માં ત્હેમનાં લગ્ન ડોકટર બટુકરામ મહેતાના પુત્ર ડોકટર સુમંત મહેતા સાથે થયેલાં છે. ઈ. સ. ૧૯૦૪ માં ત્હેમણે શ્રીમંત મહારાજા ગાયકવાડ સરકારની આજ્ઞાથી 'પુરાણોની બાળબોધક વાર્તાઓ' લખી છે. ત્યહાર બાદ પોતાનાં બ્હેનની સાથે ઇ. સ. ૧૯૦૭ માં 'સુધાહાસિની,' ૧૯૦૮ માં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી માટે ફ્લૌરેન્સ નાઇટિંગેલનું જીવનચારત્ર, અને ૧૯૦૯ માં બાળકનું ગૃહ શિક્ષણ, લખી પ્રસિદ્ધ કર્યાં છે. શ્રીમંત મહારાણી સાહેબ સૌ. ચીમનાબાઇકૃત 'ધી પોઝિશન ઑફ વીમેન ઇન ઇન્ડિયા' નામના અંગ્રેજી પુસ્તકનું ગુજરાતી ભાષાન્તર ત્હેમણે સૌ. વિદ્યાગૌરીની સાથે મળીને કર્યું છે. સુંદરીસુબોધ, ગુજરાતી પંચ, વસંત આદિ પત્રોમાં ત્હેમણે છુટા લેખો પણ લખ્યા છે. અને પ્રાર્થનાસમાજ, સ્ત્રી સમાજ, મહિલામંડળ, વનિતાવિશ્રામ વગેરે સ્થળે ભાષણો પણ આપ્યાં છે.

આશા છે કે સૌ. બ્હેન શારદા લાંબા સમય સુધી પોતાના જ્ઞાનનો લાભ ગુર્જર પ્રજાને આપતાં રહેશે ! !

૭૪–મિસ ભીખાઈજી. લી. પાલમકોટ.

આ પારસી જરથોસ્તી ધર્મ પાળનાર બાનુનો જન્મ મુંબાઇમાં થયો હતો. જન્મ સમયે કુટુંબ સ્થિતિ ઘણી સારી હતી. એમના વડવાઓ મદ્રાસના શાહ સોદાગર હતા. તેઓ અરધી સદી સુધી પાલમકોટમાં રહેલા તેથી અવટંક પાલમકોટ થઇ હતી. ત્હેમનાં માતુશ્રી આવાં–બાઈના કેળવણી સંબંધી વિચાર ડહાપણ ભર્યા તથા દૂરઅંદેશ હતા; અને ઉંચા પ્રકારની કેળવણી તરફ ઢળેલા હતા. એમને વાંચનનો શોખ સારો હતો. ત્હેમના મૃત્યુ પછી લખાણો અને કવિતાઓનો સારો સંગ્રહ નીકળ્યો હતો. આ સર્વ સંસ્કારો મિસ ભિખાઈજીને વારસામાં મળ્યા અને તે પણ સાહિત્યપ્રેમી થયાં. અને બપાવા સંગીતના રસિક હોવાથી સંગીતનો વારસો તે તરફથી મળ્યો. તેઓ સને ૧૮૯૨માં મેટ્રિકની પરીક્ષામાં ફતેહ પામ્યાં. એ અભ્યાસ દરમિયાન ભરત, ગુંથણકળા, ગાયન અને પીઆનો વગાડવા માટે સારાં ઈનામો અને સ્કૉલરશિપો મેળવી હતી. વળી ત્હેમણે સંગીતની વધુ કેળવણી ઈટાલીયન પ્રોફેસર "જી. સ્કીન્ઝી" પાસે દશ વર્ષ સુધી લીધી અને પીઆનો વગાડવાનું શાસ્ત્રનુ

સાર શિક્ષણ લીધું, તથા લંડનની ટ્રીનીટી કૉલેજ ઑફ મ્યુઝિકની જૂદી જૂદી થીયરી તથા પીઆનો વગાડવાની પરીક્ષામાં નવ સર્ટિફિકેટો મેળવ્યાં, અને એ વિષયમાં સીનિયર થનાર પહેલાં પારસી બાનુ તેજ છે. ત્હેમનું ભરત કામ ઘણું વખાણવા લાયક છે. ત્હેમને એ કામના બદલામાં કલકત્તા, ભાવનગર, નાગપુર અને અલ્હાબાદનાં પ્રદર્શનોમાંથી ચાર સોનાના ચાંદ મળ્યા છે. તેઓ સંગીતનું શિક્ષણ આપે છે અને ત્હેમના શિષ્યો, લંડનની ટ્રીનીટી કૉલેજમાં ફતેહમંદ ઉતરે છે. તેઓ મ્યુઝિક-ટીચર હોવા ઉપરાંત મુંબાઇની જૂદી જૂદી ગાયનશાળાનાં પરીક્ષક છે. ત્હેમના ભાઈ મર્હુમ સોરાબજીના અમેરિકા તથા યુરોપના પ્રયાસ વખતે ત્હેમનું "માસિક મજાહ" પત્ર પોતે સ્વતંત્ર રીતે નિર્વિઘ્ને ચલાવી પ્રશંસા પામ્યાં હતાં. એમણે પોતાની જ્ઞાતિમાં સારી સારી સખાવતો કીધી છે અને કાવ્યો તથા ગ્રન્થો લખી સાહિત્યની પણ સારી સેવા બજાવી છે.

ગ્રન્થોઃ—નિર્ણયનણંદ, ઇન્સાફની આરસી, સહનશીલ સુંદરી, વિચારી વનિતા, અજલનો ફરેસ્તો, એ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે.

અંગ્રેજી તેમજ દેશી પત્રોએ એ પુસ્તકોની ઘણી સારી તારીફ કરી છે.

૭૫–ડૉકટર નાગૂતાઈ જોશી.

એક પ્રખ્યાત અંગ્રેજ કવિએ પોતાના એક કાવ્યમાં રસિક વાંચકોને કૌતુકપૂર્વક પ્રશ્ન કર્યો છે કે "સૌમ્ય સ્વભાવની સ્ત્રીજાતિ શું કરી શકે એમ નથી?" જે સ્ત્રી-જાતિને આપણે અબળા કહીને પોકારતા આવ્યા છીએ ત્હેમાં કેટલું બળ–ખાસ કરીને મનોબળ રહેલું છે તે ઉપરના પ્રશ્નમાં ઉત્તમ રૂપે સૂચવવામાં આવ્યું છે. અબળાના અબલત્વનો ઘણી હલકી રીતે તિરસ્કાર કરવામાં પુરૂષ વર્ગ આજ સુધી પોતાને કૃતકૃત્ય માનતો આવ્યો છે. સદભાગ્યે ત્હેમની આ મનો-વૃત્તિમાં થોડો ઘણો ફેરફાર થયાનાં ચિહ્નો થોડા દિવસથી દીઠામાં આવે છે, એ ઘણા આનંદની વાત છે. સ્ત્રીજાતિ પુરૂષવર્ગ કરતાં બુદ્ધિબળ કે મનોબળમાં કોઇ પણ રીતે ઉતરતી નથી, એ સિદ્ધાન્ત વિશેષ ધામધુમ કે ગાજવીજ કર્યા વગર જે સ્ત્રીઓ પોતાનાં કૃત્યોદ્વારા સાબિત કરી આપે છે તેઓ આપણા સન્માનને પાત્ર છે.

ઈંગ્લેંડ જેવા દૂર દેશાવરમાં જઈ વૈદકશાસ્ત્રનું ઉંચા પ્રકારનું જ્ઞાન મેળવીને હિંદુસ્થાનમાં પાછાં ફરેલાં દક્ષિણી સન્નારી ડોકટર કુમારી નાગુતાઇ જોશી એલ. એમ. એન્ડ એસ. (મુંબાઇ) એલ. આર. સી. પી.; એમ. આર. સી. એસ. (લંડન)–એલ. એમ. (ડબ્લિન) એવાં સન્માનપાત્ર રમણી છે. પોતાની જાતિમાં ઉંચા પ્રકારનું મનોબળ બતાવનારી

સ્ત્રીઓ પાશ્ચિમાત્ય દેશોમાં ઘણી હશે પરન્તુ હિંદુસ્થાનમાં તો એવી વિદ્યાવિભૂષિત સ્ત્રીઓ આંગળીના વેઢા ઉપર ગણાય તેટલીજ છે. એ વાત ઉઘાડી છે. એ ઉપરાંત, ઇંગ્લેંડ જેવા દૂર દેશાવર જવાની હિંમત કરનાર તથા ત્હાં ચાર વર્ષ સુધી રહીને ધૈર્યપૂર્વક અભ્યાસ કરીને વૈદકશાસ્ત્રમાં પારંગત બનનારી સ્ત્રીઓ મહારાષ્ટ્રમાં ગણીગાંઠી છે; અને ગુજરાતી હિન્દુઓમાં તો એક પણ નથી. એ બધી વાતો ધ્યાનમાં લઈશું તો વાંચક વર્ગની ખાત્રી થશે કે બ્હેન નાગૂતાઈ જોશીના વિજયને માટે દક્ષિણીઓને કૌતુક લાગે તો ત્હેમાં કાંઈ આશ્ચર્યની વાત નથી. અમે પણ શ્રીમતી નાગૂ બ્હેનના વિજયથી પ્રફુલ્લિત થઈ ત્હેમને ખરા અંતઃકરણ પૂર્વક મુબારકબાદી આપીએ છીએ અને ત્હેમના ચરિત્રનો થોડો ઘણો પરિચય ગુજરાતી વાંચકોને કરાવીને કૃતાર્થ થઈએ છીએ. મહારાષ્ટ્ર પ્રાન્તમાં સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીઓની ઉન્નતિનું ખરૂં મહત્ત્વ સ્હમજનારા તથા તે ઉચ્ચ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને તન, મન, ધનથી કાંઈ પણ કામ કરી બતાવનારાં જે કુટુંબો છે ત્હેમાં ઉમરાવતીનું પ્રસિદ્ધ જોશી કુટુંબ મુખ્ય ગણાવું જોઈએ. ત્હાંના સુપ્રસિદ્ધ વકીલ શ્રીયુક્ત મોરો વિશ્વનાથ ઉર્ફે અણ્ણા સાહેબ જોશી-બી. એ. એલ. એલ. બી. ભારતવર્ષમાં એક આગેવાન પુરૂષ છે અણ્ણા સાહેબ અને એમનાં પત્ની શ્રીમતી સૌ. યશોદાબાઇ ઉર્ફે અક્કા સાહેબ પ્રગતિ માર્ગમાં ધૈર્યપૂર્વક આગળ વધનારાં તેમજ ઉપદેશથી તથા કૃત્યોથી સ્ત્રી-શિક્ષણનો પ્રચાર કરનારાં છે. ગમે તેવી હરકતો આવે તો પણ પ્રગતિને માર્ગે જવું એવો ત્હેમનો દૃઢ નિશ્ચય હોવાથી

સામાજિક સુધારાની સર્વ બાબતમાં અને ખાસ કરીને સ્ત્રી-શિક્ષણની બાબતમાં ત્હેમણે ત્હેનો પૂરેપૂરો અમલ કર્યો છે. એ પતિ–પત્નીએ પોતાની બધી છોકરીઓને ઉંચા પ્રકારનું શિક્ષણ આપીને સ્ત્રી–કેળવણીની બાબતમાં ખરા સુધારકોનું કર્તવ્ય શું છે? તે સ્પષ્ટપણે બતાવી આપ્યું છે, પરન્તુ વિશેષ આનંદની અને અભિમાનની વાત તો એ છે કે, કન્યાના શિક્ષણ આપવાના માર્ગમાં ત્હેને અમુક વયેજ પરણાવી દેવા સંબંધી જે મહાન કંટક આવે છે અને જે કંટકની ઘણા સુધારક વીરોને મ્હોટી બ્હીક લાગે છે તે કંટકને આ દંપતીએ અત્યંત નિર્ભય ચિત્તથી અને અતુલ ધૈર્યથી બાજુપર કાઢી નાંખીને પોતાની પુત્રીઓનો શિક્ષણમાર્ગ સ્વચ્છ કર્યો છે તથા બીજાઓને માટે સ્તુત્ય ઉદાહરણ પૂરૂં પાડયું છે. આ ત્હેમના મનોધૈર્ય માટે આપણે સર્વેએ અભિમાન લેવા જેવું છે.

શ્રીયુક્ત જોશીએ અને ત્હેમનાં સુજ્ઞ પત્નીએ પોતાનાં સર્વ બાળકોને વ્યાવહારિક અને નૈતિક શિક્ષણ ઉત્તમ રીતે આપેલું છે. બાળકને ત્હેના સ્વભાવ અનુસાર શિક્ષણ આપવું એવો એ પતિ–પત્નીનો પરિપાઠ છે. ત્હેમણે પોતાની કન્યા ડોકટર કુમારી નાગૂબ્હેનને ઉચ્ચ વૈદ્યકીય શિક્ષણ સંપાદન કરવા માટે ઈંગ્લેંડ જેવા દૂર દેશાવર મોકલવામાં જે અપૂર્વ મનોબળ બતાવ્યું છે ત્હેને માટે ત્હેમને અંતઃકરણપૂર્વક અભિનંદન આપવું ઘટે છે.

આવા જોડાને પેટે કુમારી નાગૂબ્હેનનો જન્મ ત્હેમના મોસાળમાં સતારા શહેરમાં થયો હતો. તે વખતે ત્હેમના પિતા શ્રીયુક્ત જોશીને ત્હેમના મિત્રોએ મશ્કરીમાં કહ્યું હતું કે

"કેમ છેવટે છોકરીજ અવતરીને ?" એવી મશ્કરીના જવાબમાં ત્હેમણે કહ્યું હતું કે "જોકે છોકરી થઇ છે તોપણ એ વિદ્યામાં છોકરાને પાછા હઠાવવા જેવીજ થશે." પિતાના એ ઉદ્‌ગારની સાર્થકતા નાગૂબ્હેને કરી બતાવી છે, તેથી ત્હેમને અભિમાનપૂર્વક કેટલો આનંદ થતો હશે ત્હેની કલ્પના વાંચકોએ કરી લેવી.

નાગૂબ્હેનનો સ્વભાવ બાળપણથીજ જરા તડાકદાર છે. ત્હેમને અને ત્હેમનાં ન્હાનાં બ્હેન કમળાબાઇ (હાલનાં સાંગલીનાં રાણીસાહેબ શ્રી સૌ. સરસ્વતીબાઇ પટવર્ધન) એ બન્નેને ઘેર શિક્ષક રાખીને શિક્ષણ આપવાની શ્રીયુત્ જોશીએ ગોઠવણ કરી હતી. પુત્રીને ઘેરજ શિક્ષણ આપવાથી ત્હેના ઉપર વિદ્યાભ્યાસનો વિશેષ બોજો પડતો નથી અને ઘરનાં કામકાજની પણ સારી માહિતી મળે છે, એવી ત્હેમની દૃઢ સમજ છે; અને તેજ પ્રમાણે ત્હેમણે પોતાની પુત્રી માટે ઘેર ભણાવવાની વ્યવસ્થા કરી હતી.

મેટ્રિક્યુલેશનની પરીક્ષા સુધીનો નાગૂબ્હેનનો બધો અભ્યાસ ઘેર જ થયો. એમણે બીજી ભાષા તરીકે સંસ્કૃતને રાખીને કલકત્તા યુનિવર્સિટીની મેટ્રીક્યુલેશન પરીક્ષા ઇ. સ. ૧૯૦૨ માં પાસ કરી.

વૈદ્યકીય અભ્યાસક્રમ તરફ વળવામાં ત્હેમની ઇચ્છા કે આવડજ કારણભૂત થઇ છે એમ નથી, પરન્તુ ઘરનાં બધાં માણસો 'અમારી બ્હેન ડાકટર થશે કેમ ?' અથવા 'બ્હેન ડાકટર તરીકે સારી શોભશે' એમ ત્હેને ન્હાનપણથીજ કહેતાં હતાં. તેની અસર નાગૂબ્હેનના મન ઉપર સારી થવાથી પરી-

ક્ષામાં પાસ થતાં વારજ વૈદકશાસ્ત્રમાં પારંગત થવાનો નિશ્ચય કરીને તે મુંબઈની ગ્રાન્ટમેડીકલ કોલેજમાં દાખલ થયાં.

મેડીકલ કોલેજમાં વૈદક શાસ્ત્રની ચારે પરીક્ષા સારી રીતે લાગલાગટ પસાર કરીને નાગૂબ્હેને ઇ. સ. ૧૯૦૭ ના નવેમ્બર માસમાં એલ. એમ. એન્ડ એસ. ની પરીક્ષા પસાર કરી. એ પરીક્ષામાં બીજી સ્ત્રી વિદ્યાર્થીઓ કરતાં ત્હેમનો નંબર ઉંચો આવ્યો હતો અને કોલેજમાંથી ત્હેમને અનેક ઇનામ અને સ્કોલરશીપ મળ્યાં હતાં. નાગૂબ્હેન મેડીકલ કોલેજમાં હતાં ત્ય્હારે પહેલાં ચાર વર્ષ તો અન્ય વિદ્યાર્થીઓ પ્રમાણે જ જમવા વગેરેની સવડ કરીને રહ્યાં હતાં. શ્રીમન્તની પુત્રી હોવા છતાં પણ ત્હેમના પિતાએ કાંઇ જુદી ગોઠવણ કરી આપી નહોતી. ફક્ત પાંચમા વર્ષમાં ત્હેમને સારૂ રહેવાની તથા ખાવા પીવાની સ્વતંત્ર ગોઠવણ કરવામાં આવી હતી.

ઇ. સ. ૧૯૦૭ માં એલ. એમ. એન્ડ એસ. ની પરીક્ષામાં પસાર થયા પછી ઉંચા પ્રકારનું વૈદ્યકીય શિક્ષણ મેળવવા સારૂ નાગૂબ્હેન તા. ૨૫ મી એપ્રિલ ૧૯૦૮ને દિવસે નામદાર ગોપાલકૃષ્ણ ગોખલે મહોદયની સંગાથે ઇંગ્લેંડ જવા નીકળ્યાં. એની પૂર્વે બરોબર દસ વર્ષે એટલે તા. ૨૫મી એપ્રિલ ૧૮૯૮ ને દિને ત્હેમના પિતા શ્રીયુક્ત જોશી પણ ઇંગ્લેંડ જવા નીકળ્યા હતા; એ પણ એક કૌતકકારક સંયોગ છે એમાં સંશય નથી.

ઇંગ્લેંડમાં પોતાનો અભ્યાસ પૂરો કરીને, તથા ઉંચા પ્રકારનું વૈદક જ્ઞાન સંપાદન કરીને ડૉ. નાગૂબ્હેન તા. ૧૧ મી ઓગસ્ટ ૧૯૧૨ને દિને હિન્દુસ્થાનમાં પાછાં ફર્યાં. પરદેશમાં જઇ વૈદકશાસ્ત્રનું ઉંચા દરજ્જાનું શિક્ષણ સંપાદન કરી આવેલ

હોય એવી એકપણ ગુજરાતી હિન્દુ બ્હેનનું નામ અમારી જાણમાં નથી. જ્યહારે મહારાષ્ટ્રમાંથી સાત ભગિનીઓ પરદેશમાં જઈને વૈદકશાસ્ત્રની મ્હોટી ડીગ્રીઓ મેળવી આવી છે. એ બાબતમાં પહેલ કરનાર રમણી પરલોકવાસી વિદુષી બ્હેન આનંદીબાઈ જોશી એમ. ડી. હતાં; જહેમનું ચરિત્ર જુદા પુસ્તકાકારે અગાઉ પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે.

પોતાને ઉમરાવતીમાં અપાયલા એક માનપત્રનો ઉત્તર આપતાં કુમારી નાગૂબ્હેને હૃદયદ્રાવક રીતે જણાવ્યું હતું કે:—

"આપણી સ્ત્રીઓને સુવાવડમાં અત્યંત ત્રાસ ઉપજે છે; નવીન શાસ્ત્રીય પદ્ધતિની માહિતી અને સાધનો ન હોવાથી પ્રસૂતિ એક ભયંકર ઘાત થઈ પડે છે. આ નવીન જ્ઞાન અને સાધનનો સ્ત્રી–સમાજમાં પ્રસાર કરીને સ્ત્રીઓની તથા બાળકોની મૃત્યુસંખ્યા ઓછી કરવાને હું મ્હારાથી બનતો પ્રયત્ન કરીશ."

આપણે આશા રાખીશું કે–ડો. નાગૂબ્હેનને આવા સ્તુત્ય કાર્યમાં પરમ કૃપાળુ પરમાત્મા તરફથી યશ મળે અને ત્હેમના હસ્તથી સ્ત્રીઓનાં દુઃખ દૂર થવા સારૂ ત્હેમને લાંબું આયુષ્ય આપે ! અસ્તુ ! *

---

* મરાઠી માસિક મનોરંજનના એક લેખ ઉપરથી આ અનુવાદ કરવામાં 'સુંદરી સુબોધ' માસિકમાં પ્રગટ થનારા રા. 'જયન્ત' ના લેખની અમે ઘણી મદદ લીધી છે. જે બદલ ત્હેમનો તેમજ માસિક મનોરંજનના અધિપતિનો ઉપકાર માનીએ છીએ. **લેખક:**

૭૬—શ્રીમતી વિમળા દાસ.

બંગાળામાં ઢાકા જિલ્લાના પૂર્વ ભાગમાં ભાટપાડા નામે ગામના કાલી નારાયણ ગુપ્ત નામના એક રાજર્ષિ જેવા જમીનદારનાં પુત્ર પુત્રીઓ ઘણાં સદ્‌ગુણી અને સુવિખ્યાત નીવડયાં છે. ત્હેમના જયેષ્ઠ પુત્ર ઓનરેબલ મિસ્ટર કૃષ્ણગોવિંદ ગુપ્ત ઇંગ્લેંડમાં ઇંડિયા કાઉન્સિલના સભાસદનું મહાન પદ મેળવવા ભાગ્યશાળી થયા છે. કાલી નારાયણના બીજા એક પુત્ર સીવીલ સર્જન છે, અને ત્રીજા ડેપ્યુટી મેજીસ્ટ્રેટ હતા; તે થોડા વખત ઉપર પરલોકવાસી થયા છે. ઓનરેબલ મિસ્ટર ગુપ્તના પુત્ર બેરિસ્ટર મિસ્ટર યતીન્દ્રનાથ ગુપ્ત હાલમાં કલકત્તા સ્મોલકૉઝ કોર્ટના રજીસ્ટારના પદ ઉપર બિરાજે છે.

એ ભાગ્યવાન કુટુંબમાં, કાલી નારાયણ ગુપ્ત મહાશયની પાંચમી કન્યા તરિકે શ્રીમતી વિમલા દાસ ગુપ્તાનો જન્મ શકાબ્દ ૧૭૯૦ માં પિતાના ગ્રામ્ય નિવાસમાં થયો હતો. પાછળથી ત્હેમનાં બીજાં ભાઇ-બ્હેનની સાથે ત્હેમને પણ ઢાકા શહેરમાં આણવામાં આવ્યાં.

સત્તર વર્ષની વયે વિમળાએ એન્ટ્રન્સની પરીક્ષા પાસ કરી. ત્યહાર પછી કલકત્તાની ડોબટન કોલેજમાં લાગલાગટ બે વર્ષ સુધી અભ્યાસ કરીને ત્હેમણે એફ. એ. નો અભ્યાસ પૂરો કર્યો.

તેમનું લગ્ન થયા પછી ઈ. સ. ૧૯૦૫ માં વિમળાએ સ્વામીની સાથે યુરોપનો પ્રવાસ કર્યો હતો. ત્હેમણે ઇંગ્લેંડ અને

ફ્રાન્સ દેશનાં જોવાયોગ્ય સ્થળો જોઇને ઘણું જ્ઞાન મેળવ્યું. લગ્ન પહેલાં વિમળાએ કોલેજ છોડી દીધી હતી એ વાત ખરી, પરન્તુ સાહિત્યનાં સારાં પુસ્તકો વાંચવાનો અભ્યાસ એક દિવસ પણ બંધ રાખ્યો નહોતો. વિવિધ વિષયનાં ઉત્તમ પુસ્તકો વાંચ્યાથી અંગ્રેજી ભાષા ઉપર ત્હેમણે સારો કાબુ મેળવ્યો છે. ઈ. સ. ૧૯૦૮ના સપ્ટેમ્બર માસમાં વિમળાને સ્વામી-વિયોગ થયો. પતિના અકાળ મૃત્યુથી ત્હેમના હૃદયને દારૂણ ઘા લાગ્યો. એ વિયોગવ્યથા ઓછી કરવા સારૂ એમણે સાહિત્ય-ચર્ચામાં ચિત્તને વિશેષ પરોવ્યું. ઈ. સ. ૧૯૦૯ના એપ્રિલ માસમાં ત્હેમણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા માંડયો, અને અદ્ભુત સ્મરણશક્તિ તથા આશ્ચર્યકારક પ્રતિભાને બળે થોડા સમયમાં એ ભાષાનું સારૂં જ્ઞાન પ્રાપ્ત કર્યું.

જન્મભૂમિ ઉપર વિમળાનો ઘણો પ્રેમ હતો. એક વખતે પોતાની ગામડાની જન્મ ભૂમિનાં દર્શન કરવા સારૂ એ ભાટ-પાડા ગયાં અને ત્ય્હાંની મિડલ સ્કૂલની ઉન્નતિ સારૂ પાંચસો રૂપિયાનું દાન કર્યું. બીજાં સારાં કાર્યો તરફ પણ ત્હેમની સહાનુભૂતિ દીઠામાં આવે છે.

હજુ પણ એ નિયમિત રૂપે સંસ્કૃત ભાષાનું અધ્યયન કરે છે. વ્યાકરણના ગુંચવાડા ભરેલા નિયમો ઉપર ત્હેમણે સારો કાબુ મેળવ્યો છે. મહા કાવ કાલિદાસ રચિત રઘુવંશ, કુમાર સંભવ, અભિજ્ઞાન શાકુંતલ, માલવિકાગ્નિમિત્ર, દંડીનું દશ કુમાર ચરિત્ર, અને ગંગાદાસનું છંદોમંજરી, વગેરે પુસ્તકોનો એમણે સારો અભ્યાસ કર્યો છે. હમણાં અલંકારગ્રન્થ અને મહાકાવ્ય, ખંડકાવ્ય તથા કેટલાંક નાટકોનો અભ્યાસ કરી રહ્યાં છે. ત્ય્હાર પછી ઉપનિષદ્ અને વેદાન્ત શાસ્ત્રનો

વિશેષ અભ્યાસ કરવાનો ત્હેમનો ઈરાદો છે. અઢી વર્ષના અરસામાં વિમળાએ સંસ્કૃત ભાષાનો સારો અભ્યાસ કર્યો છે. ભાષાન્તર કરવાની શક્તિ વિમળામાં સારી છે. અંગ્રેજી અને બંગાળીમાંથી સંસ્કૃતમાં અને સંસ્કૃત ગ્રન્થોને સરળ બંગાળી ભાષામાં તર્જુમો કરી શકે છે. એટલુંજ નહિ પણ સંસ્કૃત ભાષામાં સ્વતંત્રપણે રચના કરી શકે છે. ત્હેમણે ફ્રેન્ચ ભાષાની એક વાર્તાનો એવી સરસ રૂઢ સંસ્કૃત ભાષામાં ગદ્યમાં ભાષાન્તર કર્યું છે કે તે વાંચ્વાથી આપણે કોઈ જુનો સંસ્કૃત ગ્રન્થ વાંચતા હોઇએ એવો ભ્રમ થાય છે. જેટલી ખંતથી એમણે સંસ્કૃતનો અભ્યાસ આરંભ કર્યો છે, તેટલી ખંત જો ચાલુ રાખશે તો આગળ ઉપર ભારતીય વિદુષીઓમાં એ અગ્રસ્થાન ભોગવશે એમાં સંદેહ નથી.

ત્હેમની બ્હેન સુબાલા પણ ઘણી પ્રતિભાશાળી છે સુબાલા જ્યારે કોઇની સાથે વાતો કરતી હોય છે, ત્યારે જાણે બ્રાહ્મ ધર્મનો તન્મય ચિત્તે પ્રચાર કરતી હોય એવું લાગે છે; ત્હેનો સુમધુર કંઠ ખરેખર અમૃત વરસાવે છે. એક વખત કેટલાક સંસ્કૃત જાણનારા પંડિતોની વૃદ્ધ માતા ત્હેમના મ્હોંમાંથી નીકળતું સુમધુર સંગીત શ્રવણ કરીને પ્રેમવિહ્વળ ચિત્તે નયનમાંથી અશ્રુ વરસાવવા લાગ્યાં હતાં.

શ્રીમતી વિમળા દાસ ગુપ્તાએ હમણાં કવિવર કાલિદાસના માલવિકાગ્નિ મિત્ર નાટકનો બંગાળી ગદ્યમાં અનુવાદ કર્યો છે. ગદ્ય અનુવાદ હોવા છતાં એમાં કાલિદાસની ઉક્તિનો ભાવ સચવાઈ રહ્યો છે એમ બંગાળી વિદ્વાનોનો અભિપ્રાય છે. સુંદર ચિત્રો મૂકીને ત્હેમણે એ પુસ્તકને વિશેષ ચિત્તાકર્ષક બનાવ્યું છે.

૭૭–સતી જયદેવી.

ભારતનાં સ્ત્રીરત્નોનું આ ત્રીજું પુસ્તક શરૂ કર્યું એ સમયે હમને સ્વપ્ને પણ આશા નહોતી કે એ પુસ્તકની પૂર્ણાહુતિ એક 'સતી' ના પુણ્ય ચરિત્રથી કરવાનું સદ્‌ભાગ્ય હમને પ્રાપ્ત થશે. આજે હમે એ પવિત્ર ગાથા વાંચક વર્ગને સંભળાવીએ છીએ.

સંયુક્ત પ્રાન્તમાં મૈનપુરી નામનો એક જિલ્લો છે. એ જિલ્લામાં જેડોલી નામનું એક ગામ છે. એ ગામમાં રામલાલ નામનો એક બ્રાહ્મણ પોતાના કાકા રામદયાલના ઘરમાં રહેતો હતો. તા. ૨૭ જુન ૧૯૧૩ ને દિવસે રામલાલનું મૃત્યુ થયું. ત્હેની જુવાન પત્ની જયદેવીને પતિના અકાળ મૃત્યુથી અત્યંત ખેદ થયો. પતિ વગરનો સંસાર ત્હેને શૂન્ય લાગ્યો અને પતિની સાથે પોતાના દેહને પણ વિસર્જન કરવાનો ત્હેણે સંકલ્પ કર્યો. ત્હેનો સતી થવાનો વિચાર જાણીને બધાં ઘણાં આશ્ચર્ય પામ્યાં. ત્હેના કાકાજી રામદયાલ તથા બીજાં અનેક સગાં વ્હાલાંઓએ સતી થવાનો સંકલ્પ છોડી દેવાને ત્હેને ઘણુંએ સ્હમજાવી. અને જણાવ્યું કે "આજકાલ હિન્દુ રાજાઓનું રાજ્ય નથી. પ્રતાપી અંગ્રેજ સરકારના રાજ્યમાં સતી થવાની સખત મનાઈ છે. આ જમાનામાં કોઈ સ્ત્રી સતી થઇ શકતી નથી. તું સતી થઇશ તો ત્હને મદદ કરવાના આરોપસર હમને પણ સરકાર સજા કરશે. માટે તું સ્હમજી

જા અને ત્હારો આગ્રહ છોડી દે.” પરન્તુ જયદેવીએ ત્હેમના ઉપદેશ ઉપર જરા પણ ધ્યાન આપ્યું નહિ. આખરે ત્હેના કુટુંબીઓએ પોતાને કાયદાના બંધનમાંથી મુક્ત કરવાના ઇરાદાથી પોલિસના થાણામાં પણ ખબર મોકલાવી, અને પોતે મૃત રામલાલની ઠાઠડી બાંધવાની તૈયારી કરવા લાગ્યા. સતીની આજ્ઞાથી દિવસના નવ વાગ્યે ત્હેના પતિની ઠાઠડી કહાડવામાં આવી. રામદયાલ, ડોડરાજ, કાનકુંવર અને આધારસિંહ નામના ચાર સંબંધીઓ જયદેવીના પતિના શબને ઉંચકીને ચાલવા લાગ્યા. ત્હેમની પાછળ પાછળ સતી જયદેવી ચાલી. સતીના સમાચાર આસપાસનાં ગામડાંઓમાં પ્રસરી ગયા અને સેંકડો મનુષ્યો ત્હેનાં દર્શન કરવાને જેડોલી ગામમાં એકઠાં થયાં. સતીનું દર્શન ભારતવાસીઓને મનથી ઘણું પવિત્ર મનાય છે. સતીનો છેવટનો આશીર્વાદ ફળ્યા વગર રહેતો નથી એવી લાંબા સમયથી માન્યતા ચાલી આવે છે. વળી આજકાલના જમાનામાં કાયદાના બંધનને લીધે એવા બનાવ પણ અતિશય જવલ્લેજ–ઘણાં વર્ષોમાં એકાદ–બને છે, એટલે દર્શકોની ઉત્સુકતા વધી પડે એમાં આશ્ચર્ય પણ શું? લગભગ બેએક હજાર સ્ત્રી પુરૂષોનો સમૂહ સતી જયદેવીની પાછળ પાછળ ચાલી રહ્યો હતો. સતી જયદેવી બેઆનીઓ અને પાવલીઓ અને અધેલા ઉછાળીને પતિની શબવાહની ઉપર ચઢાવતી જતી હતી.

સ્મશાનમાં પહોંચ્યા પછી સતીએ બતાવેલી જગ્યાએ ચિતા ખડકવામાં આવી, અને ત્હેના ઉપર રામલાલની લાશ મૂકવામાં આવી. ત્યહાર પછી સતીએ પતિની ચિતાની પરિક્રમા કરી અને પોતે ચિતા ઉપર જઇ બેઠી. પતિનું શિર

પોતાના ખોળામાં મૂક્યું અને પોતાનાં બધાં આભૂષણ ઉતારી લઈને ડોડરાજ તથા છોટા નામના પોતાના બે સંબંધીઓને આપી દીધાં. પછી ઘી માગ્યું. ડોડરાજે ઘીનો એક લોટો ત્હેના હાથમાં આપ્યો. સતીએ થોડું ઘી પોતાના ઉપર નાંખ્યું અને બાકીનું ચિતામાં રેડયું. પાછું થોડું ઘી માગ્યું અને એમાંથી થોડું રામલાલના શરીર ઉપર નાખ્યું અને થોડું પોતાના શરીર ઉપર ચોપડયું. ત્યહાર પછી સતીએ થોડાંક ફળ માગ્યાં એ પણ આપવામાં આવ્યાં, સતીએ ફળને ચિતા ઉપર મૂક્યાં.

અન્તમાં સતીએ આગ માગી, સગાં સંબંધીઓએ આગ આપવાની ના કહી. સતીએ ઘણો આગ્રહ કર્યો ત્યહારે ત્હેમણે કહ્યું કે "તું સાચી સતી હોઇશ તો આપોઆપ આગ પ્રગટ થશે." એ સાંભળતાં વારજ સતીએ પતિની લાશના કાનમાં કાંઇક કહ્યું. પછી હાથ જોડીને આકાશની તરફ જોઇને પ્રાર્થના કરી. કહેવામાં આવે છે કે, એજ વખતે આગ સળગી ઉઠી. ચિતા બળવા લાગી. જોતજોતામાં જયદેવી અને ત્હેના પતિના દેહ સ્વાહા થઇ ગયા. દિવસના ત્રણ વાગ્યે થાણામાંથી પોલીસના નોકરો આવીને એ જગ્યાએ પહોંચ્યા તો પતિ પત્નીનાં બળી ગયેલાં હાડકાં અને રાખના ઢગલા સિવાય કાંઇ ત્હેમના દીઠામાં ન આવ્યું.

આ બાબતનો મુકર્દમો મૈનપુરીના સેશનજજ મિસ્ટર એલન સાહેબની અદાલતમાં ચાલ્યો હતો. ચિતામાં આગ કેવી રીતે સળગી એ સંબંધે જજસાહેબ પોતાના ફેંસલામાં કાંઇ પણ વિવેચન નથી કરતા. "ગમે તેમ હો, એ ચિતામાં આગ સળગવા લાગી." એટલું લખીને એ અગત્યના પ્રશ્નને તેઓએ

ઉડાવી દીધો છે. કોઇ સાક્ષીએ એનું કારણ બતાવ્યું નથી. લગભગ બધા સાક્ષીઓનું એવું કહેવું છે કે સતીની પ્રાર્થનાથી આગ સળગી ઉઠી. પરન્તુ (૧) રામદયાલ, (૨) ડોડરાજ (૩) કાનકુંવર (૪) આધારસિંહ અને (૫) છોટો, એ પાંચ માણુસોએ ચિતા ખડકીને, ચિતા અને સતી ઉપર ઘી નાખીને તથા સતીનાં ઘરેણાં લઈને સતીને મદદ આપી હતી એ આરોપસર એ પાંચે જણા ગુનેહગાર ગણાયા છે.

આરોપીઓએ સતીને રોકવાને બનતી કોશીશ કરી હતી તથા પોલીસમાં ખબર આપી હતી તેથી જજ સાહેબે ત્હેમનો ગુન્હો હલકો ગણ્યો છે. ત્હેમણે એ પણ માન્ય કર્યું છે કે સતી શાપ દેશે એવા ભયથી તેઓ ત્હેના તેજમાં અંજાઇ ગયા હતા. સાક્ષીઓની જુબાનીથી માલૂમ થાય છે કે અન્ત સમયે સતીનો ચ્હેરો લાલચોળ થઈ ગયો હતો અને ત્હેની આંખોમાંથી એક નવીન પ્રકારનુ તેજ નીકળતું હતું. એક કન્યા સતીના પતિની લાશની પાસે બેઠી હતી. સતીએ ત્હેના સ્હામું ગુસ્સાથી જોયું એટલે એ તરત બેભાન થઇ ગઇ અને હાથપગ પછાડવા લાગી. આખરે જ્યહારે એનાં માબાપે સતીની ક્ષમા માગી ત્યહારે ત્હેનામાં શુદ્ધિ આવી. ત્યહાર પછી સતીએ પોતાની હથેલીમાં કપૂર મૂકીને બાળી નાંખ્યું. સતીએ એ કપૂરની ભસ્મને પોતાની આંખોમાં લગાવી એટલે ત્હેનો ચહેરો વધારે તેજસ્વી બની ગયો.

એ મુકદ્દમામાં બે એસેસર હતા. એક મુસલમાન અને બીજો બ્રાહ્મણ. બન્નેના અભિપ્રાયમાં આરોપીઓ નિર્દોષ જણાયા. પરન્તુ ન્યાયાધીશે ત્હેમનો અભિપ્રાય માન્ય રાખ્યો નહિ. ત્હેમણે એ બધા આરોપીઓને થોડા ઘણા અપરાધી ગણીને બે જણાને

બબ્બે વર્ષની અને બીજા બેને દોઢ દોઢ વર્ષની સજા કરી. કારણ કે જજ સાહેબનો અભિપ્રાય એવો છે કે જો એ આરોપીઓને ઓછી સજા આપવામાં આવે તો રૈયતના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય કે, અંગ્રેજ સરકાર સતીને મદદ કરવાના કામને મ્હોટો અપરાધ નથી ગણતી. અસ્તુ!

આ ચરિત્ર લખીને હમે પણ સતીના રિવાજને ફરીથી પ્રચલિત થયેલો જોવા ઇચ્છીએ છીએ એમ સમજવાનું નથી. વર્તમાન સમયમાં ધાર્મિક આજ્ઞાઓ, તેમજ સરકારી ધારાઓ, જોતાં અમારા અભિપ્રાય પ્રમાણે તો પતિના મૃત્યુ પછી મન, વચન અને કર્મવડે શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરીને, રાતદિવસ પતિનું સ્મરણ કરવું તથા પતિને ઇષ્ટ હોય એવા કોઇ સારા કાર્યમાં જીંદગી સમર્પણ કરવી એજ પતિપરાયણા સાધ્વી સ્ત્રીનું પરમ કર્તવ્ય છે.

પરિશિષ્ટ.

* બૌદ્ધ યુગની સન્નારીઓ.

૧—મંડપદાયિકા.

એ બુદ્ધ સેવિકા ભગિનીનું નામ જન્મ સમયે શું હતું તે જાણવામાં નથી આવ્યું. 'અપદાન'માં હેનું નામ મંડપદાયિકા લખવામાં આવ્યું છે. દીક્ષા લીધા પછી અર્થાત્ "ઉપસંપદા" મેળવ્યા પછી હેનું એ નામ પાડવામાં આવ્યું હોય એમ લાગે છે. વૈશાલી નગરીમાં એક ધનવાન ઉમરાવના કુટુંબમાં હેનો જન્મ થયો હતો. હેનો બાંધો ઘણો હૃષ્ટપુષ્ટ હતો. હેનો વિવાહ એક નવયુવક ઉમરાવ સાથે થઈ ગયો અને

---

* સમયના અનુક્રમ પ્રમાણે જોતાં આ ચરિત્રો પ્રથમ ભાગમાં આવવાં જોઈતાં હતાં, પરન્તુ તે હમણાંજ તૈયાર થયેલાં હોવાથી અને પ્રથમ ભાગની બીજી આવૃત્તિ નીકળતાં સુધી હેમના પરિચયથી વાંચકોને વંચિત નહિ રાખવાના ઉદ્દેશથી હેમને અત્રેજ પરિશિષ્ટ રૂપે આપવામાં આવ્યાં છે. લેખક.

એ ઘણા પ્રેમપૂર્વક પતિની સેવા કરવા લાગી. એક દિવસ બુદ્ધ ભગવાન વૈશાલી નગરીમાં પધાર્યા ત્ય્હારે ત્હેમના મધુર ઉપદેશના શ્રવણથી બૌદ્ધ ધર્મ ઉપર ત્હેની શ્રદ્ધા બેઠી અને એ બુદ્ધ દેવની શિષ્યા બની. પરન્તુ એ સમયે તે ગૃહસ્થાશ્રમ ધર્મનું યથાવિધિ પાલન કરતી હતી. એક દિવસ મહા પ્રજાપતિ ગૌતમીનું ત્ય્હાં આગળ પધારવું થયું, અને ત્હેમણે ત્ય્હાંની સ્ત્રીઓને ધર્મોપદેશ આપ્યો. એ દિવસે સંસારનો ત્યાગ કરવાની ઇચ્છા એના મનમાં પ્રબળ થઇ પડી. ત્હેણે પોતાના સ્વામી આગળ એ ઇચ્છા પ્રગટ કરી, પરન્તુ ત્હેણે પોતાની સંમતિ આપી નહિ. એથી એ પતિવ્રતા સ્ત્રી પોતાના સાંસારિક કર્મો કરતી ગઇ, અને સાથે સાથેજ ધર્મના રહસ્યનું પણ એકાગ્ર ચિત્તે ચિંત્વન કરતી ગઈ. એક દિવસ એવું બન્યું કે એ સન્નારી રસોડામાં રસોઇ કરી રહી હતી, એટલામાં એક મ્હોટો ભડકો થયો અને એ તાપથી વાસણ એક મ્હોટા કડાકા સાથે ફાટી ગયું. ભોજન બધું બળીને રાખ થઈ ગયું. આ નજીવા બનાવથી પૃથ્વીમાંની સર્વ વસ્તુઓનું ક્ષણભંગુરપણું ત્હેના સ્હમજવામાં આવ્યું. એ દિવસથી એના ચિત્તમાં ખરો વૈરાગ્ય ઉત્પન્ન થયો. ત્હેણે સુંદર વસ્ત્રાભૂષણ અને રત્નાલંકારો પહેરવાનું છોડી દીધું. ત્હેના પતિએ એમ કરવાનું કારણ પૂછ્યું ત્ય્હારે ત્હેણે વિનયપૂર્વક જણાવ્યું કે, "સ્વામીનાથ ! સંસાર ઉપરથી મ્હારી આસક્તિ ઉઠી ગઇ છે. હવે વિષયવાસના અને સુખ વૈભવમાં મ્હારૂં ચિત્ત જરા પણ ચોટતું નથી." ત્હેનો પતિ પણ સંસ્કારી પુરૂષ હતો. પત્નીની અભિલાષાને અનુસરીને એ ત્હેને મહા પ્રજાપતિ ગૌતમીની પાસે લઇ

ગયો અને નમ્રતાપૂર્વક નમસ્કાર કરીને કહ્યું “આ મ્હારી ધર્મપત્ની છે. સંસાર ઉપર અરૂચિ ઉત્પન્ન થવાથી એને ભિક્ષુણી થવાનું મન થયું છે. આપ એને દીક્ષા આપો.”

ત્મ્હાર પછી તે ધનવૈભવમાં ઉછરેલી મંડપદાયિકાએ યથાવિધિ બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી અને રાતદિવસ ગુરૂની આજ્ઞા મુજબ ધર્મનું સેવન અને પાલન કરવાનું આરંભ્યું. આખરે એ ‘અર્હત્’ પદ પામીને મનુષ્ય દેહ સાર્થક કરી ગઈ.

‘થેરીગાથા’ માં એની રચેલી સુંદર કવિતા છે.

૨—મુક્તા.

શ્રાવસ્તી નગરીમાં એક સુપ્રસિદ્ધ બ્રાહ્મણના કુટુંબમાં એનો જન્મ થયો હતો. એ જન્મ પર્યંત કુમારી રહી હતી અને વીસ વર્ષની ઉમરે વૈરાગ્ય ઉત્પન્ન થવાથી પિતૃગૃહનો ત્યાગ કરીને શ્રમણી અથવા થેરી બની હતી. સ્વયં મહા પ્રજાપતિ ગૌતમીએ ત્હેને ઉપસંપદા અથવા ધર્મદીક્ષા આપી હતી. મહા પ્રજાપતિ ગૌતમી પાસે ત્હેમણે ઉંચા પ્રકારનું આધ્યાત્મિક જ્ઞાન મેળવ્યું હતું. વડિલ ભિક્ષુણીઓ તરફ એ ઘણો પૂજ્યભાવ રાખતી અને ત્હેમની સેવા શુશ્રૂષા કરતી. ત્હેના ભક્તિ અને ધ્યાન ધરવાની પદ્ધતિથી બુદ્ધદેવ ઘણા પ્રસન્ન થયા હતા. બુદ્ધ દેવની સહાયતાથી મુક્તા થોડા સમ-

યમાં અર્હંત્ પદને પામી હતી. મુક્તાએ પોતાને સંબોધન કરીને એક ગાથા રચી છે. જહેનો ભાવાર્થ એવો છે કે:–"હે મુક્તા! જ્યહારે લાગ ફાવે ત્યહારે અથવા જ્યહારે શુભ ક્ષણુ આવી મળે ત્યહારે જેવી રીતે રાહુથી ગ્રસાયલો ચન્દ્ર શુભ યોગ મળતાં પોતાને મુક્ત કરે છે તેવી રીતે તું પોતાને સંસારનાં બંધનોમાંથી મુક્ત કર. મુક્ત મન વડે, ઋણમુકત થઇને જીવન ધારણુ કર."

૩—પૂર્ણા.

એ શ્રાવસ્તી નગરીના એક વણિકની કન્યા હતી. મ્હોટી વયની થયા પછી એણે મહા પ્રજાપતિ ગૌતમીને મ્હોએ ધર્મ કથા સાંભળીને જ્ઞાન મેળવ્યું હતું અને પાછળથી દીક્ષા લઇને થેરી બની હતી. બુદ્ધ દેવે ગન્ધકુટીમાંથી ત્હેને ધર્મનુ દિવ્યજ્ઞાન સ્હમજાવ્યું હતું. હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થયા પછી ત્હેણે એક ગાથા ગાઇ છે, જહેનો ભાવાર્થ એવો છે કે, હે પૂર્ણા! પૂર્ણિમાને દિવસે ચન્દ્રમા જેવી રીતે પૂર્ણ કલાએ પહોંચે છે તેવી રીતે ધર્મથી તું પોતાના જીવનને પૂર્ણ કર! અને પરિપૂર્ણ પ્રજ્ઞાદ્વારા અજ્ઞાનરૂપી અંધકારને વિખેરી નાંખ.

પૂર્ણા પણ અર્હંત્ પદને પ્રાપ્ત થઇ હતી.

૪—તિષ્યા.

એણે કપિલવસ્તુ નગરીમાં શાકય જ્ઞાતિમાં જન્મ ગ્રહણ કર્યો હતો, અને રાજપરિવારની મહિલાઓની બ્હેનપણી હતી. ત્હેનું નામ ત્રણ નક્ષત્રયુક્ત તિષ્યા વા પુષ્યા નક્ષત્રના નામ ઉપરથી પડ્યું છે. એણે પોતાની ગાથામાં કહ્યું છે કે, " હે તિસ્સે ! શિક્ષણદ્વારા તું પોતાને શિક્ષિત બનાવ. તું શુભ અવસરને ચાલ્યો જવા દેતી નહિ. સર્વ યોગ અથવા બંધનમાંથી છૂટી થઇને પૃથ્વીમાંથી પાપશૂન્ય થઇને વિચરણ કર."

આ ગાથાનું વારંવાર ઉચ્ચારણ અને મનન કરવાથી એ અર્હત્ પદને પામી હતી.

૫—મુકતા. (૨)

એ કૌશલ દેશના ઓઘાટક નામના દરિદ્ર બ્રાહ્મણની કન્યા હતી. વય પ્રાપ્ત થયા પછી એક કુબડા બ્રાહ્મણ સાથે ત્હેનું લગ્ન થયું. સ્વાભાવિક રીતે એમનો સંસાર સુખી નીવડયો નહિ. કુબડો સ્વામી મુકતાને માર પણ મારતો. આખરે સંસારથી કંટાળીને, સ્વામીની રજા લઇને મુકતા

પ્રવ્રજ્યા બની હતી. એણે જે ગાથા રચી છે ત્હેમાં સ્વામીનો પરિત્યાગ કરીને સુખી થયાની કથા છે. એ લખે છે કે "મુક્તા ખરેખર મુક્ત થઈ છે. ત્રણ પ્રકારના કુબ્જપણાથી એ મુક્ત થઇ છે. ઉખળીમાં ડાંગેર ખાંડતી વખતે વાંકાં વળવું પડતું. એ ઉખળી વાંકી હતી. મ્હારે પોતાને વાંકાં વળવું પડતું અને પતિ તો કુબડા હતાજ. એ પ્રમાણે ખાંયણી, મુસળ અને પતિથી છુટી થઇને, વાસના ઉપર વિજય મેળવીને હું જન્મ-મરણથી મુક્ત થાઉ છું."

સંસારમાં જરા મરણના માર્ગ પણ સહજ નથી પરન્તુ વાંકાચુંકા છે. આત્મજ્ઞાનદ્વારા એ માર્ગમાંથી પસાર થઇને મુક્તા અર્હત્પદને પામી.

૬—ધર્મદિન્ના.

રાજગૃહ નગરમાં વિશાખ નામના એક ધનવાન સદ્‌ગૃહસ્થની સાથે ધર્મદિન્નાનું લગ્ન થયું હતું. એક દિવસ બુદ્ધ ભગવાન રાજગૃહમાં પધાર્યા ત્યહારે ધર્મદિન્નાનો પતિ ત્હેમનો ઉપદેશ સાંભળવા સારૂ ગયો અને ભગવાનની મધુરી વાણીથી એટલો બધો મુગ્ધ થઈ ગયો કે, સંસાર ઉપર ત્હેને એકદમ વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તે ભિક્ષુ બન્યો. ઘેર આવ્યો ત્યહારે ધર્મદિન્ના ત્હેને દાદર આગળ સ્હામી મળી. ત્હેણે પતિને કોમળ સ્વરે પૂછયું "વ્હાલા! આજે ત્હમે મ્હારી સાથે વાતચીત કેમ

ન કરી? આજ મ્હને આલિંગન કેમ ન આપ્યું? શું આજ મ્હારાથી આપનો કાંઇ અપરાધ થયો છે?"

વિશાખે ઉત્તર આપ્યો "ધર્મદિન્ના! ત્હારો કાંઇ પણ અપરાધ થયો નથી. પરન્તુ આજથી હું સ્ત્રીને સ્પર્શ કરવાને તથા સ્વાદિષ્ટ ભોજન ખાવાને યોગ્ય રહ્યો નથી. જે નવા આશ્રમમાં મ્હેં પ્રવેશ કર્યો છે, ત્હેમાં એ બધા ભોગવિલાસનો નિષેધ છે. ત્હને યોગ્ય લાગે તે પ્રમાણે કર. અહિંયાં રહીને ઘરસંસારના બધા સુખ-વૈભવ ભોગવ, કાંતો અહિંથી ત્હારી મરજીમાં આવે એટલું ધન લઇને ત્હારે પિયેર જઇને રહે." ધર્મદિન્નાએ ઉત્તર આપ્યો "વ્હાલા! મ્હારાથી એ બેમાંથી એક પણ માર્ગ ગ્રહણ થવાનો નથી. મ્હારી આપને એજ નમ્ર વિનંતિ છે કે, મ્હને પણ સંસારનો ત્યાગ કરવાની રજા આપો."

વિશાખ:—"ત્હારી ઇચ્છા વ્યાજબી છે. હું પ્રસન્ન ચિત્તે ત્હને ભિક્ષુણી બનવાની આજ્ઞા આપું છું." એ પ્રમાણે કહીને ત્હેણે સુવર્ણના મ્યાનામાં બેસાડીને ધર્મદિન્નાને ભિક્ષુણીઓની પાસે મોકલી. ત્ય્હાં આગળ ત્હેણે દીક્ષા લીધી, પરન્તુ થોડા વખતમાં ત્હેણે પોતાની ઉપદેશિકાને તથા બીજી થેરીઓને કહ્યું "બ્હેનો! આવી ભીડવાળી જગ્યામાં રહેવાથી મ્હારા આત્માને શાંતિ નથી મળતી. મ્હને એકાંતવાસ ઘણો પ્રિય છે. માટે આપ રજા આપો તો હું કોઇ ન્હાના સરખા ગામડામાં જઇને વસું." ભિક્ષુણીઓએ ત્હેને ગામડામાં મોકલી આપી; ત્ય્હાં આગળ મન, વચન અને કર્મ શુદ્ધ કર્યાથી તથા એકાન્તપણે તત્ત્વ ચિંતવન કર્યાથી ધર્મદિન્ના થોડા સમયમાંજ દુર્લભ અર્હતપદને યોગ્ય થઇ. ત્ય્હાર પછી ત્હેણે વિચાર કર્યો કે, "હવે

મ્હારે અહિંયાં એકાન્ત સ્થળમાં જીવન ગાળવું વૃથા છે. હવે હું કોઇ મ્હોટા નગરમાં જાઉં તોપણ મ્હારૂં ચિત્ત ચળે એમ નથી તથા મ્હારા સત્કાર્યમાં વિઘ્ન આવી શકે એમ નથી. બલ્કે રાજગૃહમાં ગયાથી હું બુદ્ધ ભગવાનના ચરણની સેવા કરી શકીશ અને મ્હારાં સગાંસંબંધીઓ તથા અજ્ઞાન-પાશમાં પડેલી મ્હારી ભગિનીઓને હું ઉપદેશદ્વારા લાભ પહોંચાડી શકીશ." એવા ઉદ્દેશથી બીજી ભિક્ષુણીઓને સાથે લઇને એ રાજગૃહમાં ગઇ. ત્યહાં ગયા પછી ત્હેના પતિ વિશાખને ખબર પડી કે ધર્મદિન્ના પાછી આવી છે. ત્હેના પાછા આવવાનું શું કારણ હશે તે સંબંધી એને ઘણી શંકા થવા લાગી અને ત્હેનું નિવારણ કરવા સારૂ તે પોતે ત્હેને મળવા ગયા, ધર્મદિન્નાએ ત્હેને પોતાનો વિચાર જણાવ્યો તેથી વિશાખ પ્રસન્ન થયો. ત્યહાર પછી ત્હેણે પત્નીના ધર્મજ્ઞાનની પરીક્ષા કરવા સારૂ બુદ્ધધર્મના તત્ત્વજ્ઞાન સંબંધી કેટલાક પ્રશ્ન પૂછયા. જેવી રીતે કોઇ માણસ કમળના દાંડાને છરીવડે કાપી નાંખે તેવી રીતે ધર્મદિન્નાએ પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર ઘણી સરળતાથી અને જલ્દીથી દીધો. બુદ્ધ ભગવાનની સમીપમાં આ બનાવ બન્યો હતો અને ત્હેમણે ધર્મદિન્નાની ઘણી પ્રશંસા કરી હતી તથા થેરીઓમાં ઘણું ઉચ્ચપદ આપ્યું હતું.

ધર્મદિન્નાએ પણ ગાથા રચી છે.

૭—થેરી વિશાખા.

એનું જીવન પણ થેરી ધીરાને મળતું છે. અર્હતપદ એણે પણ પ્રાપ્ત કર્યું હતું. એણે પોતાની ગાથામાં કહ્યું છે કે "બુદ્ધદેવની આજ્ઞા પ્રમાણે ચાલજો. એમના આદેશ પ્રમાણે ચાલ્યાથી ત્હમારે કદી પસ્તાવું નહિ પડે. માટે જલદીથી પગ ધોઇને નીચે દૂર એકલાં બેસો."

એણે પોતાના ઉપદેશ અને ઉદાહરણથી બીજી પણ સ્ત્રીઓને બૌદ્ધ ધર્મની અનુગામી બનાવી.

૮—સુમના. (પહેલી)

પતિના પીડનથી અને સંતાનોના કલેશથી સંસાર ઉપરથી ત્હેનું ચિત્ત ઉઠી ગયું હતું અને થેરી બની હતી. એનું જીવન થેરી તિષ્યાને મળતું આવે છે. એણે પોતાની થેરીમાં લખ્યું છે કે: "આ દુઃખમય જીવનમાં જાણી જોઇને કોણ ફરીથી જન્મ લેવાની ઈચ્છા રાખે! માટે જન્માંતરની તૃષ્ણા ત્યજી દઇને તું શાંત ચિત્તે વિચર."

૯—ઉત્તરા.

એનું જીવન ચરિત્ર પણ થેરી તિષ્યાને મળતું છે. એણે પોતાની ગાથામાં લખ્યું છે કે, મન, વચન અને કર્મને મ્હેં સાધના દ્વારા સંયમમાં રાખ્યાં છે, અને તૃષ્ણાનો સમૂળગો નાશ કરીને નિર્વાણનું સુખ પ્રાપ્ત કર્યું છે.

એણે અર્હત્ પદ પ્રાપ્ત કર્યું હતું.

૧૦—સુમના. (બીજી)

એ બુદ્ધ ભગવાનના સમયમાં શ્રાવસ્તી નગરમાં જન્મી હતી, અને કૌશલ દેશના રાજાની બ્હેન થતી હતી. પ્રસેનજિત્ રાજાને બુદ્ધદેવે જે અમૂલ્ય ધર્મોપદેશ આપ્યો હતો તે સાંભળીને ત્હેના મનમાં વૈરાગ્યના અંકુર ફુટ્યા હતા. પરન્તુ એ વખતે ત્હેની દાદી જીવતી હતી. ત્હેની સેવા ચાકરી કરવાના હેતુથી સુમનાએ સંસારનો ત્યાગ કર્યો નહિ. દાદીના મૃત્યુ પછી સુમના પોતાના ભાઇ કૌશલાધિપતિને લઇને, બુદ્ધદેવના વિહારમાં ગઇ, અને કિંમતી શેતરંજીઓ શાલદુશાલાઓ વગેરે સાધુઓને ભેટ કર્યા. ત્યહાં આગળ ત્હેણે ફરીથી બુદ્ધદેવનો ઉપદેશ સાંભળ્યો અને સંસારનો ત્યાગ કરીને થેરી બની; તથા તત્ત્વજ્ઞાનનું ચિંત્વન કરતાં આખરે નિર્વાણને પામી હતી.

૧૧—ધમ્મા.

એ શ્રાવસ્તી નગરીમાં એક પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મી હતી. ત્હેનું લગ્ન પણ યોગ્ય પતિ સાથે થયું હતું. યુવાવસ્થામાંજ ત્હેના હૃદયમાં ધર્મભાવના પ્રબળ હતી. બુદ્ધ-ધર્મના સિદ્ધાન્તોએ ત્હેના ઉપર ઘણી સારી અસર કરી હતી અને ત્હેણે સંસારનો ત્યાગ કરવાનો વિચાર ઘણી યુવાવસ્થામાં કર્યો હતો. પણ ત્હેના સ્નેહાળ પતિએ થેરી થવાની અનુમતિ આપી નહિ એટલે ત્હેની હયાતીમાં ધમ્મા પરિવ્રજા બની શકી નહિ. પરન્તુ વિધવા થયા પછી તે પતિવ્રજા બની હતી. એક દિવસ ભિક્ષા માગી આવ્યા પછી એ વિહારમાં પાછી ફરતી હતી એવામાં શરીરનું સમતોલપણું નહિ સચવાયાથી રસ્તામાં પડી ગઈ. એ બનાવથી ત્હેની અન્તર્દષ્ટિ ઉઘડી; ત્હેણે તત્ત્વજ્ઞાનનો ઉંડો અભ્યાસ કર્યો અને સાધનાદ્વારા અર્હત્ પદને પામી. એણે રચેલી ગાથામાં એ કથાનો ઉલ્લેખ છે. એ લખે છે કેઃ—ભિક્ષા માગવા સારૂ હાથમાં દંડ લઈને, દુર્બળ પગે હું રસ્તામાં ચાલતી હતી, તેવામાં હું ભૂમિ ઉપર ઢળી પડી. આ નાશંવત દેહને કેટલું બધું દુઃખ ભોગવવું પડે છે તે એક-દમ મ્હારી અન્તર્દષ્ટિને દેખાઈ આવ્યું. અને દેહનું દમન કરીને મ્હારો આત્મા મુક્ત થયો.

૧૨—નંદા.

બુદ્ધ ભગવાનના સમયમાં, કપિલવસ્તુ નગરીમાં, શાક્ય વંશી ક્ષેમકની માનીતી પત્નીના ગર્ભમાં ત્હેનો જન્મ થયો હતો. ત્હેના અસાધારણ લાવણ્ય અને સૌન્દર્યને લીધે તે **અભિરૂપ નંદા** નામથી પ્રસિદ્ધ થઇ હતી. શાક્ય વંશના એક કુમાર ચારભુત સાથે ત્હેનું લગ્ન થયું હતું, પણ દૈવયોગથી લગ્નને દિવસેજ ત્હેના પતિનું મૃત્યુ થયું અને નંદા વૈધવ્યને પ્રાપ્ત થઈ. વિધવા થયા પછી ત્હેનાં માતપિતાએ ત્હેની ઇચ્છા વિરૂદ્ધ ત્હેને સંસારનો ત્યાગ કરવાની ફરજ પાડી. પરન્તુ પરિવ્રાજિકા બન્યા છતાં પણ નંદાનું સૌન્દર્ય માટેનું અભિમાન નાશ પામ્યું નહોતું. એને રાતદિવસ બીક રહેતી કે બુદ્ધભગવાન જો પોતાનું આ અભિમાન જાણી જશે તો અવશ્ય ઠપકો આપશે. એ ઠપકાના ભયથી એ કદી બુદ્ધભગવાનની સમીપમાં જતી નહિ. બુદ્ધભગવાનને દીવ્ય જ્ઞાનદ્વારા ત્હેના અંતરની વાત ખબર પડી ગઈ. તેથી ત્હેમણે એક દિવસે બધી ભિક્ષુણીઓને ઉપદેશ લેવા સારૂ બોલાવવાનો મહા પ્રજાપતિને આદેશ કર્યો. પરન્તુ નંદા શરમને લીધે બુદ્ધદેવની આગળ ઉપસ્થિત થઇ નહિ, ત્હેણે પોતાના પ્રતિનિધિ તરીકે એક બીજી સ્ત્રીને મોકલી હતી. પરન્તુ બુદ્ધભગવાને જણાવ્યું કે, આજે પ્રત્યેક ભિક્ષુણીએ જાતે આવવું પડશે, એ આજ્ઞા સાંભળીને નંદાને આવવાની ફરજ પડી. બુદ્ધભગવાને એના દેખતાં એક અત્યંત સુંદર રમણીને

વૃદ્ધ બનાવી દીધી. એના મુખારવિંદ ઉપરનું લાવણ્ય એકદમ જતું રહ્યું અને આખું શરીર જર્જરીભૂત થઈ ગયું, એ ચમત્કાર જોઈને નંદાને પોતાના રૂપ ઉપર જે અભિમાન હતું તે એકદમ નષ્ટ થઈ ગયું. ત્હેને અત્યંત પશ્ચાત્તાપ થયો. બુદ્ધ ભગવાને એને એ સમયે અમૂલ્ય ઉપદેશ આપ્યો. એ ઉપદેશને પ્રતાપે ત્હેને અન્તર્જ્ઞાન પ્રાપ્ત થયું અને તે અર્હત્ પદને પામી ગઇ. નંદાએ પોતાનું ચરિત ગાથામાં વર્ણવ્યું છે.

૧૩—જયંતી.

વૈશાલી નગરમાં લિચ્છવિના રાજકુટુંબમાં એનો જન્મ થયો હતો. બુદ્ધ ભગવાનનો ઉપદેશ સાંભળીને ત્હેણે અર્હત્પદ પ્રાપ્ત કર્યું હતું. પોતે રચેલી ગાથામાં એ જણાવે છે કેઃ—

“ જે જે સાધનોદ્વારા, જે જે માર્ગથી મનુષ્ય ચરમ નિર્વાણને પ્રાપ્ત કરે છે, તે બધાં સાધનો અને માર્ગો મ્હેં બુદ્ધ ભગવાન આદેશથી પ્રાપ્ત કર્યાં છે. એ ઉપદેશથી હું જીવનની અસારતા સ્હમજી શકી છું. આજ જન્મ મરણનો ધ્વંસ થયો છે; હવે મ્હારો પુનર્જન્મ થશે નહિ.”

મનની એકાગ્રતા, જિજ્ઞાસા, ઉદ્યોગ, આનંદ, પ્રશાંતતા, સમાધિ અને અટળતા એ સાત ગુણની સમષ્ટિ જયંતીએ પ્રાપ્ત કરી હતી એમ એણે રચેલી ગાથા ઉપરથી સ્હમજી શકાય છે.

૧૪—સુમંગળની મા.

એ સ્ત્રીનું ખરૂં નામ સુમુત્તિકા હતું. પરન્તુ થેરી ગાથાના ટીકાકારોએ ત્હેનો ઉલ્લેખ સુમંગળની માતા તરિકેજ કર્યો છે, તેથી હમે પણ ત્હેને એજ નામથી ઓળખાવી છે. શ્રાવસ્તી નગરીમાં એક દરિદ્ર કુટુંબમાં એનો જન્મ થયો હતો; અને એક નળકાર સાથે ત્હેનું લગ્ન થયું હતું. એનો પુત્ર સુમંગળ ઘણો જ્ઞાની અને સંસારત્યાગી સુપ્રસિદ્ધ સાધુ—થેર બન્યો હતો. એનો સ્વામી એની સાથે ઘણી નિર્દયતાથી વર્તતો હતો. એ લખે છે કે મ્હારા સ્વામી પોતે બનાવેલી છત્રીના જેવી મ્હને નજીવી ગણે છે. કામ પડે તો મ્હને વેચતાં સુદ્ધાંત ખચકાય નહિ. થેરી થયાથી હું એ બધા રોગ, દોષથી બચી છું અને સ્વતંત્રપણે વિચરણ કરૂં છું. તથા વૃક્ષની છાયા તળે બેસીને ધ્યાનમગ્ન થઇ જાઉં છું. આ વૃત્તાંત ત્હેણે સ્વરચિત ગાથામાં વર્ણવ્યો છે.

૧૫—અર્ધકાશી.

એના પૂર્વ જન્મની કથા એવી છે કે, કશ્યપબુદ્ધના સમયમાં કોઈ સુપ્રતિષ્ઠિત કુલીન કુટુંબમાં ત્હેનો જન્મ થયો હતો અને ધર્મનું જ્ઞાન થયા પછી વૈરાગ્ય પ્રાપ્ત

થયાથી ભિક્ષુણી બની હતી. પરન્તુ એક વખતે પોતાનાથી એક વડિલ ભિક્ષુણીને વેશ્યા કહીને ગાળ દીધી તેથી ત્હેની અધોગતિ થઇ, અને ગૌતમબુદ્ધના સમયમાં ત્હેને કાશી નગરીના એક ધનવાન અને સમૃદ્ધિવાન ગૃહસ્થને ઘેર જન્મ લેવો પડયો. અને આગલા જન્મના દોષને લીધે ત્યાં ત્હેને પોતાને વેશ્યા થવું પડયું. વેશ્યાના ધંધામાં ત્હેણે એટલું બધું ધન પેદા કર્યું કે અડધી કાશી નગરી ઉપર ત્હેની માલિકી હતી. અને ત્હેને લીધેજ તે અર્ધકાશી નામથી ઓળખાઇ છે. પાછળથી ત્હેને પોતાના પાપી જીવન માટે પશ્ચાત્તાપ થયો, અને શ્રાવસ્તી નગરીમાં બુદ્ધભગવાનની પાસે જવાની ઇચ્છા દર્શાવી. ત્હેના પ્રેમમાં મુગ્ધ થયેલા કાશીના લફંગાઓએ ત્હેને ત્યહાં જતાં ઘણીએ રોકી, પણ ત્હેણે એમની ખરાબ સલાહ ઉપર જરાએ લક્ષ ન આપતાં બુદ્ધ ભગવાનને પોતાનો સંદેશો કહાવ્યો અને ત્હેમના સાન્નિધ્યમાં જવાની રજા માગી. બુદ્ધ ભગવાને ત્હેને પોતાની પાસે બોલાવીને ધર્મનો ઉપદેશ આપ્યો, જેથી ત્હેને અન્તર્જ્ઞાન પ્રાપ્ત થયું, અને ધર્મશાસ્ત્રનું પૂરૂં રહસ્ય જાણ્યા પછી અર્હત્પદને પામી ગઈ. એણે પોતે રચેલી ગાથામાં વર્ણવ્યું છે કેઃ—

"આખા કાશીની વિઘોટી જેટલી મ્હારી ફી હતી. કાશીવાસી લોકો એટલું ધન તો મ્હારા પગ આગળ અર્ધ્યરૂપે ધરતા. પરન્તુ એ રૂપ વેચવાનો મ્હારો ધંધો ચાલ્યો ગયો છે. મ્હને હવે ત્હેના ઉપર તિરસ્કાર ઉપજ્યો છે. હવે મ્હેં જન્મમૃત્યુના ફેરાને ટાળ્યો છે; હવે મ્હને કાંઇ પણ ડર નથી. હું બુદ્ધદેવના શાસનને માનું છું, અને મ્હેં ત્રણ વિદ્યા પ્રાપ્ત કરી છે."

મુક્તિને માટે જે જ્ઞાન આવશ્યક છે ત્હેને બૌદ્ધ ધર્મમાં

ત્રિવિદ્યા કહે છે. પાપનું મૂળ, કેવા ઉપાયથી પાપ દૂર થાય, અને કેવી રીતે સાધનાથી નિર્વાણ પ્રાપ્ત થાય, એ ત્રણ વાતનું જ્ઞાન પ્રાપ્ત કરવું ત્હેને ત્રિવિદ્યા કહે છે.

૧૬—ચિત્રા.

રાજગૃહ શહેરમાં એક કુલીન ગૃહસ્થને ઘેર એનો જન્મ થયો હતો. જ્યહારે તે પુખ્ત વયની થઇ ત્યહારે ત્હેણે એક દિવસ રાજગૃહના દરવાજા આગળ બુદ્ધદેવને ઉપદેશ આપતા જોયા. ત્હેમના મધુર ઉપદેશની ચિત્રાના ચિત્ત ઉપર ઘણી અસર થઈ. બૌદ્ધધર્મ ઉપર ત્હેને શ્રદ્ધા ઉત્પન્ન થઇ. સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થવાથી ત્હેણે મહા પ્રજાપતિ ગૌતમી પાસે દીક્ષા લીધી. ઘણાં વર્ષો સુધી ધ્યાનમગ્ન રહેવાથી એ અર્હત-પદને પામી હતી. ત્હેણે પોતાની ગાથામાં લખ્યું છે કેઃ—

હું ઘણી દુર્બળ, ગ્લાનિયુક્ત અને કૃશ હોવા છતાં પણ હાથમાં લાકડી પકડીને પર્વત ઉપર ચઢુ છું. મ્હારા ખભા ઉપર ભિક્ષાની ઝોળી લટકી રહી છે. હું ખડકોની સ્હામે થઇને જીવનને ટકાવી રહી છું અને ધ્યાનમગ્ન થઇને ઘણા સમયના અંધકારને દૂર હઠાવું છું.

૧૭—મેત્તિકા.

એનું બીજું નામ **સુમેખલા** હતું. સુમેખલાનું નામ અપદાનગ્રન્થમાં પણ મળી આવે છે. રાજગૃહ નગરમાં એક પ્રસિદ્ધ બ્રાહ્મણ કુટુંબમાં ત્હેનો જન્મ થયો હતો. વૃદ્ધ વયમાં ત્હેણે ગાથાની રચના કરી છે. ત્હેની ગાથા ચિત્રાની ગાથાને તદ્દન મળતી આવે છે. ફક્ત થોડાક શબ્દોનોજ ફરક છે.

૧૮—મિત્રા.

શાક્ય વંશમાં ત્હેનો જન્મ થયો હતો. અપદાનમાં ત્હેનું નામ નાલમાલિકા પણ લખેલું છે. પ્રજાપતિ ગૌતમીની સાથે ત્હેણે પણ સંસારનો ત્યાગ કર્યો હતો; અને ધર્મશાસ્ત્રના અધ્યયન તથા એકાંતમાં ધર્મચિંત્વન કર્યાથી ત્હેણે અર્હત્ પદ પ્રાપ્ત કર્યું હતું. એણે ગાથા રચેલી છે. એણે વ્રતવિધાન પણ ઘણાં કર્યાં હતાં.

૧૯—અભય-માતા.

એનું મૂળ નામ પદ્માવતી હતું. ઉજ્જયિની નગરીમાં ત્હેનો જન્મ થયો હતો ત્યહાં આગળ એ વારાંગનાનો ધંધો કરતી હતી. રાજા બિંબિસાર ત્હેના રૂપ લાવણ્યની વાત સાંભળીને ત્હેના ઉપર મુગ્ધ થઇ ગયો અને ત્હેને બોલાવીને પોતાની કામવાસના ચરિતાર્થ કરી. થોડા વખત પછી એણે બિંબિસાર રાજાને સંદેશો કહાવ્યો કે, "હું આપનાથી સગર્ભા થઈ છું." રાજાએ કહેવરાવ્યું કે, "જો પુત્ર અવતરે તો એને મ્હોટો થયા પછી મ્હારી પાસે મોકલી આપજે." યથાસમયે પદ્માવતીએ એક પુત્રને જન્મ આપ્યો અને ત્હેનું નામ અભય પાડવામાં આવ્યું. પુત્ર સાત વર્ષનો થયો એટલે માતાએ ત્હેને ત્હેના પિતાનું નામ કહ્યું તથા બિંબિસાર રાજા પાસે મોકલાવી આપ્યો ! રાજાને ત્હેના ઉપર ઘણો પ્રેમ ઉત્પન્ન થયો, અને ત્હેમણે એ બાળકને રાજ કુટું-બના બીજા બાળક સાથે ઉછરવા દીધો. કુમાર અભય ઘણો બુદ્ધિમાન, સદાચારી અને ધાર્મિક નીકળ્યો. પાછળથી ત્હેણે બૌદ્ધ ધર્મની દીક્ષા લઇને ધર્મપ્રચારક તરીકેનું જીવન ગાળવા માંડયું. ત્હેના ધર્મોપદેશની ત્હેની માતા પદ્માવતી ઉપર પણ ઘણી સારી અસર થઈ. ત્હેણે પોતાનાં અધમ આચરણોનો ત્યાગ કર્યો, અને સંસારની મોહમાયા છોડી દઇને ધર્માચરણમાં જીવન ગાળવા માંડયું. એ પ્રમાણે સત્કર્મોથી અને બૌદ્ધ ધર્મના આદેશ પ્રમાણે ચાલ્યાથી ત્હેનું જીવન શુદ્ધ અને પાપમુક્ત

થયું તથા ત્હેણે આખરે અર્હત્ પદ પ્રાપ્ત કર્યું. પુત્ર અભય કુમારે ત્હેને શો ઉપદેશ આપ્યો અને ત્હેની પોતાના ઉપર શી અસર થઇ એ વૃત્તાંત ત્હેણે પોતે રચેલી ગાથામાં ટુંકામાં વર્ણવ્યો છે.

૨૦—અભયા.

ઉજ્જન શહેરમાં એક કુલીન ગૃહસ્થને ઘેર ત્હેનો જન્મ થયો હતો. આગલા ચરિત્રમાં વર્ણવેલી પદ્માવતી (અભય-માતા) ત્હેની બાલ્યાવસ્થાની સખી હતી. અભય-માતાએ જ્યહારે સંસારનો ત્યાગ કરીને થેરી પદ ગ્રહણ કર્યું, ત્યહારે અભયાએ પણ ત્હેનું અનુસરણ કર્યું હતું. એ પણ થેરી બનીને સખીની સાથે રાજગૃહ નગરીમાં સાધ્વીઓના મઠમાં વસતી હતી. સ્મશાનમાં જઇને હાડકાંઓ અને ખોપરીઓના સ્હામું એકાગ્રચિત્તે જોઇને એ દેહની અને સાંસારિક સુખ વૈભવ-ની નશ્વરતા પોતાના હૃદયમાં ઠસાવતી હતી. એણે ગાથામાં પોતાને સંબોધીને કહ્યું છે કે 'હે અભયા! આ દેહ કે જેને પૃથ્વીના લોકો સુખનો ભંડાર અને સાર રૂપ ગણે છે તે ક્ષણ-ભંગુર છે. એ દેહને ફેંકી દઇને હું સ્થિર, નિત્ય અને સારરૂપ જે પદાર્થ છે ત્હેને પ્રાપ્ત કરીશ. બુદ્ધદેવના શાસનથી હું દુઃખ-ના મૂળનો નાશ કરીશ અને તૃષ્ણાનો ક્ષય થવાથી જગતનાં બધાં દુઃખ અને ત્રાસનો નાશ થશે.'

આ પ્રમાણે આત્મચિંત્વનથી ત્હેણે અર્હત્ પદ પ્રાપ્ત કર્યું હતું.

૨૧—સામા (શ્યામા).

કૌશામ્બી નગરીમાં એક ધનવાન ગૃહસ્થના ઘરમાં એનો જન્મ થયો હતો. કૌશામ્બીના રાજાની રાણી સામાવતી ત્હેની અત્યંત પ્રિય સખી હતી. રાણીના મૃત્યુથી સામાને ઘણોજ શોક થયો અને સંસાર ઉપરથી વૈરાગ્ય ઉપજવાને લીધે એણે થેરી પદનો સ્વીકાર કર્યો. પરન્તુ સાધ્વી થયા છતાં પણ તે શોકને સમાવી શકી નહિ, અને મોહનું નિવારણ થયા વગર આધ્યાત્મિક ઉન્નતિ થઇ શકતી નથી. એક દિવસ બુદ્ધ ભગવાનના મુખ્ય શિષ્ય આનંદનો ધર્મોપદેશ સાંભળ્યાથી ત્હેનો મોહ નિવૃત્ત થયો અને ત્હેને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું અને તૃષ્ણા, દુઃખજ્વાળા, અને જીવનની ચંચળતા ચાલી ગયાથી સામાએ દુર્લભ અર્હત્ પદ પ્રાપ્ત કર્યું. ત્હેણે પોતાનો એ અમૂલ્ય અનુભવ સ્વરચિત ગાથામાં વર્ણવ્યો છે.

૨૨—ઉત્તમા.

શ્રાવસ્તી નગરીમાં એક ખજાનચીની પુત્રી તરીકે ત્હેનો જન્મ થયો હતો. પુખ્ત ઉમરની થયા પછી પટાચારા નામની પરમ વિદુષી થેરીનો ઉપદેશ સાંભળ્યાથી એ

પણ સંસારનો ત્યાગ કરી થેરી બની ગઈ હતી, અને આખરે ધીમે ધીમે ચિત્તને એકાગ્ર કરીને ધર્મનું ચિંત્વન કર્યાથી અર્હત્ પદને પામી હતી. ત્હેણે પોતાનો વૃત્તાંત 'ગાથા'માં પ્રગટ કર્યો છે.

૨૩—ઉત્તમા. (બીજી)

એ કૌશલ દેશનિવાસી એક બ્રાહ્મણની કન્યા હતી. બુદ્ધ ભગવાન એક દિવસ ધર્મ પ્રચાર કરતા કરતા કૌશલ દેશમાં આવ્યા. ત્ય્હાં આગળ એમનો ધર્મોપદેશ સાંભળ્યાથી ઉત્તમાના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો; અને ત્હેણે સંસારનો ત્યાગ કરીને ભિક્ષુણી વ્રત ધારણ કર્યું. ત્ય્હાં આગળ એકાન્તમાં ધર્મચિંત્વનથી તથા બ્રહ્મચર્યપૂર્વક જીવન ગાળ્યાથી એ અર્હત્પદને પામી. એણે પોતાનો અનુભવ ગાથામાં કવિતાદ્વારા વર્ણવ્યો છે કે "બુદ્ધ ભગવાનના ઉપદેશથી નિર્વાણ મેળવવાના સાત માર્ગનું જ્ઞાન મ્હને પ્રાપ્ત થયું છે. આજ મ્હારો પ્રાણ તૃષ્ણાશૂન્ય થયો છે. દેવ અને મનુષ્યોને જે લાલસાઓ બાંધી રાખે છે, તે બધી લાલસાને મ્હેં આજે છિન્નભિન્ન કરી નાંખી છે. જન્માન્તરના ફેરામાંથી છુટીને હું એકદમ નિર્વાણને પામી છું."

૨૪—દન્તિકા.

એ શ્રાવસ્તીના રાજપુરોહિતની કન્યા હતી. મહા પ્રજાપતિ ગૌતમીએ ત્હેને દીક્ષા આપી હતી. એક દિવસ તે પોતાના મઠનીં બહાર ઉભી હતી, એવામાં ત્હેણે એક હાથીને નદીમાં સ્નાન કરીને પાછો ફરતો જોયો. ત્હેના માવતે ત્હેનો પગ નીચો વાળવાનો હુકમ આપ્યો એટલે હાથીએ તે પ્રમાણે કર્યું અને માવત ત્હેના ઉપર પગ મૂકીને હાથીની ગરદન ઉપર ચ્હડી બેઠો.

વનપશુને આવી રીતે કેળવાયલો, તથા પોતાના સ્વામીની આજ્ઞા માનતો જોઇને દન્તિકાને અન્તર્જ્ઞાન ઉત્પન્ન થયું. ત્હેણે ઘોર અરણ્યમાં એકાન્ત સ્થળમાં જઇને આત્મચિંત્વન કર્યું, અને બૌદ્ધ ધર્મની દીક્ષા લઇને આત્માનો ઉદ્ધાર કર્યો. ત્હેણે પોતાનું આ જીવન ચરિત્ર ગાથામાં સુંદર રીતે વર્ણવ્યું છે.

૨૫—ઉબ્બિરિ.

એનો જન્મ શ્રાવસ્તી નગરીમાં એક વણિકને ઘેર થયો હતો. એ ઘણી સુંદર હતી. એના સૌન્દર્યથી મુગ્ધ થઇ જઇને કૌશલ દેશના ક્ષત્રી રાજાએ ત્હેની સાથે લગ્ન કર્યું. થોડા સમય પછી ઉબ્બિરિએ જીવા નામની કન્યાને જન્મ

આપ્યો. એ કન્યા અત્યંત સૌન્દર્યવાન હતી. ત્હેના ઉપર રાજાને પણ ઘણી પ્રીતિ ઉત્પન્ન થઇ અને એવી અસાધારણ સૌન્દર્યયુક્ત અને લાવણ્યસંપન્ન કન્યાને જન્મ આપ્યાથી ઉબ્બિરિને ત્હેણે પટ્ટરાણી બનાવી. પરન્તુ માતપિતાને આનંદ આપનારી એ કન્યા ઝાઝા દિવસ જીવી નહિ. ત્હેના મૃત્યુથી ઉબ્બિરિને અત્યંત શોક થયો. એ દરરોજ સ્મશાનમાં જઇને રોદન કરવા લાગી. એક દિવસ ભગવાન બુદ્ધદેવ ત્યહાં આગળ જઈ પહોંચ્યા અને પૂછ્યું, હે સુંદરી! 'તું ઓ મ્હારી જીવા' કહીને શા સારૂ રડયા કરે છે? "ત્હારા જેવી હજારો માતાની હજારો જીવાઓ આ સ્મશાનમાં મૃત્યુશય્યામાં સૂતેલી છે. માટે સ્હમજી જા અને શાન્ત થા."

બુદ્ધ ભગવાનના એટલા આશ્વાસન વાકયથી ઉબ્બિરિની મોહ-નિદ્રા ઉડી ગઇ. ત્હેના શોકનું નિવારણ થઇ ગયું અને અન્તરમાં શાન્તિ ઉત્પન્ન થઇ. સંસાર ઉપરથી મમતા ઉઠાવી લઇને એ બુદ્ધદેવને શરણે ગઇ અને રીતસર દીક્ષા લઇને થેરી બની તથા આખરે અર્હત્ પદને પામી. થેરી ગાથામાં ત્હેનો સ્વાનુ-ભવ કવિતામાં વર્ણવેલો છે.

૨૬—શુક્કા (શુકલા)

રાજગૃહ નગરમાં એક પ્રસિદ્ધ વણિકના ઘરમાં ત્હેનો જન્મ થયો હતો. બાલ્યાવસ્થામાં ત્હેને સારૂં શિક્ષણ આપવામાં આવ્યું હતું. યૌવન પ્રાપ્ત થયા પછી બૌદ્ધ

ધર્મનું રહસ્ય ત્હેના જાણવામાં આવ્યું અને તે બુદ્ધ દેવની ગૃહસ્થ શિષ્યા થઈ. ત્યહાર પછી પ્રસિદ્ધ ઉપદેશિકા થેરી ધર્મ-દિન્નાનાં બોધજનક ધાર્મિક વ્યાખ્યાન ત્હેના સાંભળવામાં આવ્યાં અને ત્હેણે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને દીક્ષા લીધી. અસાધારણ વિદ્વત્તાને લીધે ત્હેને ૫૦૦ ભિક્ષુણીઓની ઉપરી બનાવવામાં આવી. એ ૫૦૦ ભિક્ષુણીઓના સંઘને સાથે લઇને થેરી શુક્કાએ ઘણા દિવસ સુધી બુદ્ધ ધર્મના પ્રચારનું કાર્ય કર્યું હતું. ત્હેની અમૃતમયી વાણી સાંભળીને અનેક શોકગ્રસ્ત મનુષ્યોને આશ્વાસન મળતું હતું, અનેક પાપીઓ સત્ય માર્ગના પ્રવાસી બન્યા હતા. ત્હેનો ધર્મોપદેશ થતો તે વખતે સાંભળનારાં સ્ત્રી પુરૂષો મંત્રમુગ્ધ થયાં હોય તેમ શાંત અને સ્વસ્થ થઇને એકગ્ર ચિત્તે સાંભળ્યાજ કરતાં.

અનેક મનુષ્યોના આત્માને શાંતિ આપનાર ઉપદેશિકા શુક્કાના જીવનને ધન્ય છે !

૨૭—સેલા (શૈલા અથવા શૈલજા.)

આલવીના રાજાની કન્યા તરિકે ત્હેણે જન્મ ધારણ કર્યો હતો; તેથી સંયુક્ત નિકાય ગ્રન્થમાં ત્હેનું નામ આલવિકા પણ રાખવામાં આવ્યું છે. ત્હેના પિતા બુદ્ધ-દેવના ગૃહસ્થ શિષ્ય બન્યા હતા. સેલા એ વખતે કુંવારી હતી. એ પણ પિતાની સાથે બુદ્ધ દેવની ધર્મકથા સાંભળવા

જતી. એને પણ બૌદ્ધ ધર્મ ઉપર શ્રદ્ધા ઉપજી તેથી હ્‌મ્હેણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો, ત્ય્હાર પછી ધર્મનું વધારે ઉંડુ રહસ્ય જાણવાની ઇચ્છાથી હ્‌મ્હેણે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને થેરી-વ્રત ધારણ કર્યું. સંન્યાસિની થયા પછી એના ધર્મબળની ઉત્તમ રીતે કસોટી કરવામાં આવી હતી. એક વખત એને પોતાના વ્રતમાંથી ચળાવવા સારૂ મારે હ્‌મ્હેને એકાન્તમાં કહ્યું હતું કે હે સુંદરી જંગલમાં નિવાસ કર્યાથી શું થશે? આ દુનિયામાં છે ત્ય્હાં સુધી કોઈ દિવસ ઉદ્ધાર થવાનો નથી. માટે નાહક સંસારસુખ શું કામ ગુમાવે છે? ભોગવાય એટલું સુખ ભોગવી લે. નહિ તો પાછળથી પસ્તાવું પડશે! પરન્તુ સેલાએ ઉત્તર આપ્યો કે 'હે માર! તું જ્હેને સુખ કહે છે હ્‌મ્હેને હું ભાલા અને શૂલ સમાન ગણું છું. એ બધા શૂલ ખરેખરા હથિયારની પેઠે મ્હારા દેહને વિંધી નાંખે છે. માટે એવા અસાર સુખ તરફ મ્હારૂં ચિત્ત કદી દોડવાનું નથી. મ્હારી ભોગ-વાસના નાશ પામી છે. મ્હારો અંધકાર ચાલ્યો ગયો છે. માટે હે દુષ્ટ! તું ચાલ્યો જા. મ્હારી આગળ હ્‌મ્હારૂં કાંઇ ચાલશે નહિ."

આ પ્રમાણે ધર્મમાં દૃઢ રહેવાથી સેલાએ અર્હત્ પદ પ્રાપ્ત કર્યું. થેરી ગાથામાં હ્‌મ્હેની રચના છે અને હ્‌મ્હેમાંથી હ્‌મ્હેના જીવનની આ ઘટના સંબંધી માહિતી મળી આવે છે.

૨૮—સોમા.

ત્હેનો જન્મ રાજગૃહ નગરમાં રાજા બિંબિસારના પુરોહિતની કન્યા રૂપે થયો હતો. યુવાવસ્થા પ્રાપ્ત થતાં બુદ્ધદેવનો ઉપદેશ ત્હેના સાંભળવામાં આવ્યો અને તે ગૃહસ્થ શિષ્યા બની. ત્યહાર પછી ધર્મજિજ્ઞાસા વધારે પ્રબળ થયાથી તે ભિક્ષુણીસંઘમાં દાખલ થઇ. એક દિવસ તે જેતવનમાં જઇને એક વૃક્ષ નીચે ધ્યાન ધરીને બેઠી હતી ત્યહાં આગળ માર આવીને ત્હેને ચલિત કરવા સારૂ કહેવા લાગ્યો.

'શું ઋષિઓના જેવા ફળની તું આશા રાખે છે? એ ફળ તો ઘણું દુર્લભ છે. હે રમણી! ત્હારૂં કામ તો બે આંગળીઓ વડે ભાતના દાણા ચાંપી જોવાનું છે. આ કામ ત્હારા જેવી સુકુમાર અબળાનું ન હોય.'

પરન્તુ દૃઢપ્રતિજ્ઞ સોમાએ પ્રત્યુત્તર વાળ્યો કે હે માર! સ્ત્રીજાતિમાં જન્મ પામવાથી ધર્મસાધનામાં મ્હને કેવી રીતે અડચણ પડવાની હતી. મ્હારૂં ચિત્ત જો સ્થિર અને દૃઢ હશે, જો મ્હારી ધર્મદૃષ્ટિ ઉઘડેલી હશે, જો મ્હારા ચિત્તમાં જ્ઞાનનો ઉદય થયો હશે, તો નારીજન્મ મ્હને કોઇ પણ પ્રકારે વિઘ્નરૂપ થઇ પડવાનો નથી. માટે તું મ્હને સંસાર ઉપર મોહ ઉપજાવવાનો મિથ્યા પ્રયત્ન છોડી દઇને ચાલ્યો જા.

થેરી ગાથામાં ૬૦, ૬૧ અને ૬૨ મા શ્લોકની રચના સોમાની છે.

૨૯—ભદ્રા કપિલામા.

એનો જન્મ મદ્ર દેશની રાજધાની શાકલ નગરમાં કૌશિય વંશના એક બ્રાહ્મણને ઘેર થયો હતો. કશ્યપ પિપ્પલીની સાથે ત્હેનું લગ્ન થયું હતું. ત્હેના પતિએ બૌદ્ધ ધર્મ ગ્રહણ કરીને સંન્યાસ લીધો હતો. પોતાની સર્વ માલમિલ્કત સગાં સંબંધીઓને વ્હેંચી આપીને ભદ્રાએ પણ પતિનું અનુગમન કર્યું હતું. શ્રાવસ્તી નગરીની પાસે જેતવનની નજદીકમાં તિથિયારામ નામના મઠમાં ભદ્રાએ પાંચ વર્ષ સુધી વાસ કર્યો હતો. ત્યહાર પછી મહા પ્રજાપતિ ગૌતમીએ ત્હેને દીક્ષા આપીને ભિક્ષુણી બનાવી હતી. ત્હેની આધ્યાત્મિક શક્તિ એટલી બધી પ્રબળ થઈ ગઇ હતી કે એ પૂર્વ જન્મનો વૃત્તાંત ઉત્તમ રીતે જાણી શકતી. બુદ્ધ ભગવાન ત્હેના જ્ઞાનથી પ્રસન્ન હતા અને ભિક્ષુણીઓમાં ત્હેને પ્રથમ પદ આપતા હતા.

થેરી ગાથામાં ૬૩, ૬૪, ૬૫, અને ૬૬મા શ્લોક ત્હેના રચેલા છે.

૩૦—અડ્ઢેસી.

એનું ગોત્ર નામ જાણ્યામાં આવ્યું નથી. દેવદહ નગરમાં ત્હેનો જન્મ થયો હતો અને તે મહા પ્રજાપતિ ગૌતમીની ધાત્રી હતી. જ્યહારે મહા પ્રજાપતિ ગૌતમીએ

સંસારનો ત્યાગ કર્યો ત્ય્હારે ત્હેણે પણ એમનું અનુસરણ કર્યું. પરન્તુ પચીસ વર્ષ સુધી ત્હેનું ચિત્ત એકાગ્ર થઇ શક્યું નહિ, તથા વિષયભોગની લાલસા ત્હેના હૃદયમાંથી જડમૂળમાંથી નીકળી ગઈ નહિ. આખરે ધર્મદિન્નાનો ઉપદેશ સાંભળ્યાથી ત્હેની અધમ વાસનાઓનો નાશ થયો અને ત્હેને અન્તર્દષ્ટિ પ્રાપ્ત થઇ. પોતે અન્તર્જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કર્યું ત્હેનું વર્ણન ત્હેણે થેરી ગાથામાં ૬૭થી ૭૧ સુધીના શ્લોકમાં કર્યું છે.

૩૧—વિમળા.

એક વારાંગનાને પેટે, વૈશાલી નગરમાં ત્હેનો જન્મ થયો હતો. વિમળા મ્હોટી થઇ ત્ય્હારે માતાના કુસંગની અસર ત્હેના ઉપર પણ પડી અને વિષયવાસના ચરિતાર્થ કરવાની ઇચ્છા ત્હેનામાં પ્રબળ થઈ પડી. એવામાં એક દિવસ બુદ્ધ ભગવાનના પરમ પ્રિય શિષ્યોમાંના એક, પૂજ્યપાદ મહા મોગ્ગલ્લાન ભિક્ષા માગવા સારૂ ત્ય્હાં આગળ થઇને જતા હતા. એ ભિક્ષુના સૌન્દર્યથી વિમળા મુગ્ધ થઈ ગઈ અને સ્હાંજે ત્હેમના આશ્રમમાં જઈ અનેક પ્રકારના સુખવૈભવ અને ભોગ-વિલાસની લાલચ બતાવી. પરન્તુ એ ભિક્ષુનું મન જરા પણ ચળ્યું નહિ. ત્હેણે વિમળાને ઘણોજ ઠપકો આપ્યો તથા ધર્મ સંબંધી ઉપદેશ આપીને ત્હેના મલિન હૃદયને વિમળ બનાવ્યું. વિમળાને પછી પોતાના કૃત્ય માટે ઘણોજ પસ્તાવો થવા લાગ્યો

અને તે બૌદ્ધ ધર્મની ગૃહસ્થ ઉપાસિકા થઇ. ત્યહાર પછી થોડા સમયમાં ત્હેણે સંસારનો બિલકુલ ત્યાગ કરીને ભિક્ષુણી-વ્રત ધારણ કર્યું. અને સર્વ પ્રકારની અધમ વાસનાઓ ઉપર વિજય મેળવીને આખરે દુર્લભ અર્હત્ પદ પ્રાપ્ત કર્યું. પોતાનું ચરિત્ર ત્હેણે થેરી ગાથામાં નીચે પ્રમાણે વર્ણવ્યું છેઃ—

“વર્ણ, રૂપ, ભાગ્ય, યશ, અને યૌવનના ગર્વથી હું છકી ગઇ હતી. એ વખતે સત્ય વસ્તુ મ્હારા જાણ્યામાં નહોતી આવી. અંગ ઉપર સુગંધીવાળા પદાર્થોનો લેપ કરીને, તથા સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરીને, એક પારધિની પેઠે હું મ્હારી જાળ ફેલાવીને બારણા આગળ બેસતી હતી. શરમનો ત્યાગ કરીને હું અલંકારોથી વિભૂષિત મ્હારા અંગને ખુલ્લું મૂકતી હતી. રસ્તે જનારા પુરૂષોના ધર્મનો નાશ કરવા સારૂ હું કેટલી બધી જાતના છળ પ્રપંચ કરતી હતી! પરન્તુ આજે કેશ મુડાવીને તથા ભગવાં વસ્ત્ર ધારણ કરીને હું ભિક્ષા માગી રહી છું. વૃક્ષની નીચે બેસીને શુદ્ધ ધ્યાન ધરૂ છું. મનુષ્યોને અને દેવોને બાંધી રાખનારાં બધાં બંધનોમાંથી હું હવે મુક્ત થઇ ગઇ છું. મ્હારા પ્રાણને નશો ચઢાવનારા આસવોને શરીરમાંથી કાઢી નાંખીને હું આજ નિર્વાણસુખ અનુભવુ છું.”

૩૨—સીહા (સિંહા).

લિચ્છવિ રાજાઓના સેનાપતિઓ સિંહ ઉપાધિથી ઓળખાતા હતા. સીહા એ સમયના વેસાલિના સેનાપતિની ભાણેજ થતી હતી. કુમારી દશામાંજ તે થેરી થઇ હતી. સાત વર્ષ સુધી ત્હેણે ચિત્તને કાબુમાં લાવવાનો ઘણો યત્ન કર્યો પણ સફળતા ન મળી ત્યહારે નિરાશ થઇને ત્હેણે ગળે ફાંસો ખાઈને જીવનનો અન્ત આણવાનો સંકલ્પ કર્યો. પરન્તુ ગળે ફાંસો ખાવા જતી હતી તેજ વખતે ત્હેનું ચિત્ત એકદમ સંયમમાં આવી ગયું અને ત્હેને અન્તરજ્ઞાન ઉત્પન્ન થયું. થેરી ગાથામાં ૭૭ થી ૮૧ સુધીના શ્લોક ત્હેના રચેલા છે.

૩૩—નંદા (સુંદરી નંદા).

એ સુન્દર યુવતીનો જન્મ મહાપ્રજાપતી ગૌતમીના ગર્ભમાં થયો હતો. એ કારણને લીધે એ ભગવાન બુદ્ધદેવની ઓરમાન બ્હેન થાય. જ્યહારે ત્હેના પિતા રાજા શુદ્ધોદનનું મૃત્યુ થયું, અને માતા મહા પ્રજાપતીએ ભિક્ષુણી—વ્રત ધારણ કર્યું ત્યહારે સુંદરી નંદાએ મનમાં વિચાર્યું કે 'મ્હારા મ્હોટા ભાઈ રાજ્યપાટનો ત્યાગ કરીને

બુદ્ધ થયા છે. ત્હેમના પુત્ર રોહિલે પણ સંસારનો ત્યાગ કર્યો છે. મ્હારા ભાઈ નંદ, માતા મહા પ્રજાપતી, મ્હારી બ્હેન અને રોહિલની માતા, એ બધાંએ પણ સંસારનો ત્યાગ કર્યો છે; તો હવે હું એકલી ઘર આગળ રહીને શું કરીશ? મ્હારે પણ સંસારનો ત્યાગ કરવો જોઇએ. એ પ્રમાણે અન્તરના વૈરાગ્યથી નહિ પરન્તુ સગાં સંબંધીઓ ઉપરના પ્રેમને લીધે ત્હેણે ભિક્ષુણી-વ્રત ધારણ કર્યું હતું. ત્હેને પોતાના સૌન્દર્ય માટે ઘણું અભિમાન હતું. અને રખેને એ અભિમાનની વાત જાણી જવાથી ભગવાન બુદ્ધદેવ ઠપકો દેશે એમ ધારીને એ કદી મ્હોટા ભાઈની સમીપ જતી નહિ. એક દિવસે બુદ્ધદેવે પોતાની માયાથી એક સુંદર અને તંદુરસ્ત સ્ત્રીને ક્ષીણ અને દુર્બળ થઈ જતી બતાવીને ત્હેને દેહની ક્ષણભંગુરતાનો સારી પેઠે ઉપદેશ આપ્યો. ત્હેમણે જણાવ્યું કે 'આ શરીર તે માંસ અને લોહીથી ઢંકાયેલો હાડકાંઓનો માળો છે. વખત જતાં એ ક્ષીણ થશે અને અન્તે નાશ પામશે.' ત્હેમના ઉપદેશથી નંદાને ખરો વૈરાગ્ય ઉત્પન્ન થયો અને ત્હેણે થેરીઓમાં આગેવાન પદ પ્રાપ્ત કર્યું.

૩૪—નંદુત્તરા.

બુદ્ધ ભગવાનના સમયમાં કુરૂ રાજ્યમાં કમ્માસદમ્મ નગરમાં એક બ્રાહ્મણના ઘરમાં ત્હેનો જન્મ થયો હતો. ઘણું સારૂં શિક્ષણ મેળવ્યા પછી ત્હેણે જૈનોના સંઘમાં પ્રવેશ કર્યો હતો. ત્હેનામાં વ્યાખ્યાન આપવાની શક્તિ ઘણી

ઉત્તમ હતી. જૈન ધર્મનો પ્રચાર કરવા સારૂ ત્હેણે ભારતવર્ષનાં ઘણા ખરા નગરોમાં ભ્રમણ કર્યું હતું. એક વખત પ્રસિદ્ધ બૌદ્ધ-ધર્મોપદેશક મહા મોગ્ગલ્લાન સાથે ત્હેનો મેળાપ થયો. બન્ને વચ્ચે ધર્મ શાસ્ત્ર સંબંધી ચર્ચા થઇ. શાસ્ત્રાર્થમાં નંદુત્તરાનો પરાજય થયો, અને મહા મોગ્ગલ્લાનની સલાહથી ત્હેણે બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી, બૌદ્ધ ધર્મના એક ઉત્તમ અભ્યાસી સાથે શાસ્ત્રાર્થમાં ઉતરવાનું સાહસ કરનારી સ્રીમાં તત્ત્વજ્ઞાન કેટલું બધું હશે ત્હેની કલ્પના થઇ શકે એમ છે. થેરી ગાથામાં ૮૭ થી ૯૧ સુધીની ગાથાઓ ત્હેની રચેલી છે.

૩૫-મિત્તકાલી (મિત્રકાલી).

એનો જન્મ પણ નંદુત્તરાની પેઠે કુરૂ રાજ્યમાં એક બ્રાહ્મણને ઘેર થયો હતો. એનો વિશેષ વૃત્તાંત જાણવામાં આવ્યો નથી. એટલું જણાયું છે કે ભિક્ષુણી થયા પછી પણ સાત વર્ષ સુધી તે પોતાના સ્વભાવને વશ કરી શકી નહોતી. ત્હેનો સ્વભાવ ઘણો કજીયાખોર હતો. સાથે રહેનારી ભિક્ષુણીઓ સાથે વારંવાર કલહ કર્યા કરતી પરન્તુ પાછળથી ત્હેનામાં ધર્મનું દિવ્ય જ્ઞાન ઉત્પન્ન થયું; અને ઘણી સુશીલ તથા શાંત પ્રકૃતિની બની ગઇ. થેરી ગાથામાં ૯૨ થી ૯૬ સુધીના શ્લોક ત્હેના રચેલા છે.

૩૬—સકુલા.

એ શ્રાવસ્તી નગરીની એક બ્રાહ્મણી હતી. કેટલાક બૌદ્ધ ગ્રન્થોમાં એનું નામ પકુલા પણ લખ્યું છે. ધર્મ શાસ્ત્રનું ત્હેને સારૂં જ્ઞાન હતું તથા ત્હેણે ઉત્તમ પ્રકારની અન્તર્દષ્ટિ પ્રાપ્ત કરી હતી. બુદ્ધદેવ ત્હેને ઘણું માન આપતા હતા. થેરી ગાથામાં ૯૭ થી ૧૦૧ સુધીના શ્લોક ત્હેની રચના છે.

૩૭—સોના.

શ્રાવસ્તી નગરીમાં એક ક્ષત્રીના ઘરમાં એનો જન્મ થયો હતો. અનેક સંતાનની જનની હોવાથી એને લોકો "બહુ પુત્તિકા" પણ કહેતા હતા. સ્વામીએ સંસાર ત્યાગ કર્યા પછી, પુખ્ત વયે એ ભિક્ષુણી બની હતી; અને ઘણો પ્રયત્ન કરીને બૌદ્ધ ધર્મનું ઉત્તમ જ્ઞાન મેળવીને અર્હત્ પદને પામી હતી. થેરી ગાથામાં ૧૦૨ થી ૧૦૬ સુધીના શ્લોકો ત્હેના રચેલા છે.

૩૮–ભદ્રાકુન્ડલકેશા.

એના ગુંચળાદાર સુંદર કેશને લીધે એ ભદ્રાકુન્ડલકેશા કહેવાતી હતી. એક વખત એ જૈનધર્મ પાળતી હતી તેથી એનું બીજું નામ 'પુરાણ નિગન્થી' પણ છે.

એના જીવન ચરિતમાં કાંઇક વિચિત્રતા છે. એનો જન્મ રાજગૃહ નગરમાં એક ધનવાન વણિકને ઘેર થયો હતો. યુવાવસ્થાને પ્રાપ્ત થતાં વણિક કન્યા ભદ્રા પોતાના પુરોહિતના પુત્ર સાર્થકના ઉપર મોહી પડી. પરન્તુ ત્હેના કમનસિબે બ્રાહ્મણ પુત્ર સાર્થક ખરાબ ચાલચલણનો હતો. એક દિવસે ચોરી કરવાના અપરાધ સારૂ રાજા તરફથી ત્હેને એવી સજા કરવામાં આવી કે એને સિંહના પાંજરામાં પૂરીને સિંહ પાસે ફાડી ખવરાવવો. ઘાતક સિપાહીઓ ત્હેને વધ્યભૂમિ તરફ લઇ જતા હતા એવામાં ભદ્રાની દૃષ્ટિ ત્હેના ઉપર પડી અને ત્હેણે પોતાના પ્રેમની વાત પિતાને જણાવી. ત્હેના ધનવાન પિતાએ રાજ્યના અમલદારોને પુષ્કળ લાંચ આપીને સાર્થકની સજા માફ કરાવી, અને ત્હેનું લગ્ન પોતાની પુત્રી સાથે કર્યું.

સાર્થક કુચરિત્ર હતો. ભદ્રાનાં ઘરેણાંની ચોરી કરવાના ઇરાદાથી ત્હેણે એક વખત કપટપૂર્વક કહ્યું કે, વ્હાલી ! એક વેળા મ્હારા ઉપર મ્હોટી આફત આવી પડી હતી તે વખતે મ્હેં પર્વતના શિખર ઉપર વસનારા એક દેવતાની માનતા માની

હતી કે હું સજોડે આપનાં દર્શન કરવા આવીશ. માટે તું સુંદર વસ્ત્રાલંકાર પહેરીને મ્હારી સાથે ચાલ. આપણે પર્વતના શિખર ઉપર જઇને દેવતાને પગે લાગી આવીએ. બન્ને જણાં પર્વત ઉપર ચ્હડયાં. પછી ભદ્રાને જ્યહારે ખબર પડી કે સ્વામી તો ત્હેને વસ્ત્રલોચન કરીને મારી નાંખવા માગે છે, ત્યહારે ત્હેણે કહ્યું "સ્વામીનાથ ! આ અલંકાર ત્હમારા છે. આ જીવન પણ ત્હમારૂં છે, મ્હારો વધ શું કામ કરો છો ? તથા અલંકાર લઇને ન્હાશી જવાનો ઇરાદો શું કામ રાખો છો ?" પરન્તુ દુષ્ટ સાર્થક-ના પત્થર જેવા સખ્ત હૃદય ઉપર ત્હેની કાંઈ અસર થઇ નહિ. ત્હેણે પોતાનો વિચાર બદલ્યો નહિ ત્યહારે ભદ્રાએ પોતાનો જીવ બચાવવા સારૂ બીજી એક યુક્તિ શોધી કહાડી. ત્હેણે કહ્યું " પ્રાણનાથ ! મ્હને મારીજ નાંખવી છે તો મ્હારી એક વિનતિ સ્વીકારો. મ્હને છેલ્લી વખતે પ્રેમપૂર્વક આપને આલિં-ગન આપવા દો." સાર્થકે તેનો સ્વીકાર કર્યો અને આલિંગન સારૂ હાથ પહોળા કર્યા એટલે ભદ્રાએ તે દુષ્ટને ધકકો મારીને પર્વત ઉપરથી ગબડાવી મૂકયો. સાર્થક નીચે પડયો એટલે એ પર્વતમાં વસતા દેવતાએ ભદ્રાની સમયસૂચકતાની ઘણી પ્રશંસા કરી. એ પ્રસંગને લઇને ટીકાકાર ધર્મપાલ લખે છે કે, પુરૂષ શું બધી જગ્યાએ પંડિતાઈ બતાવી શકે છે ? રમણી પણ કામ પડે વિચક્ષણ પંડિતાઈ બતાવી શકે છે.

ત્યહાર પછી ભદ્રાએ વિચાર્યું કે ' મ્હારે હવે ઘેર પાછાં જવું એ મિથ્યા છે. હું અહિંથીજ સંસારનો ત્યાગ કરીશ.' એ ઉદ્દેશથી એ જૈનોના નિગન્થ સંપ્રદાયમાં સામિલ થઇને ભિક્ષુણી બની. ત્યહાંની સાધ્વીઓએ ત્હેને પૂછયું "તું કઇ શ્રેણીમાં દીક્ષા

લેવા માગે છે ?" એણે કહ્યું "સૌથી ઉંચા પ્રકારની." ત્ય્હાર પછી ત્હેમણે કાંસકાવતી ત્હેના સુંદર વાળ કાપી નાંખીને દીક્ષા આપી. પરન્તુ પાછા જ્ય્હારે ત્હેના વાળ ઉગ્યા ત્ય્હારે ગુંચળા વાળા જણાયા તેથી તેઓએ ત્હેનું નામ કુંડલકેશા પાડયું. સાધ્વીઓના આશ્રમમાં રહીને ભદ્રાએ જૈનધર્મ શાસ્ત્રનું પૂરેપૂરૂં જ્ઞાન મેળવ્યું, પરન્તુ એથી ત્હેને સંતોષ ન થયો એટલે ત્હેમની સંગત છોડીને એ બહાર નીકળી પડી. શાસ્ત્રાર્થ કરવાની ત્હેનામાં અદ્‌ભૂત શક્તિ આવી હતી. રસ્તામાં જે જે વિદ્વાન પંડિતો મળ્યા ત્હેમની સાથે ધર્મ સંબંધી વાદવિવાદ કરવા લાગી. પરન્તુ એની શંકાઓનું સમાધાન કરે એવો કોઇ પણ પંડિત ત્હેને મળ્યો નહિ. ત્ય્હાર પછી તે એવું કરવા લાગી કે જે ગામમાં જાય તે ગામની ભાગળ આગળ રેતીનો ઢગલો કરીને એમાં એક છોડવો દાટતી અને ગામનાં છોકરાંઓને કહેતી કે "ત્હમે અહિંયા રમ્યા કરજો અને કોઈ શાસ્ત્રી, પંડિત કે સંન્યાસી મ્હારી સાથે શાસ્ત્રાર્થ કરવાની ઇચ્છા બતાવે તો એને આ છોડવાને પગતળે કચરી નાંખવાનું કહેજો." એમ કહીને એ ગામમાં ધર્મ પ્રચાર સારૂ જતી અને આઠ દહાડા પછી ગામની ભાગોળે આવીને જોતી અને પોતાના છોડને સહીસલામત દેખીને એને ઉપાડી લઇને આગળ પ્રવાસ કરવા લાગતી.

એક દિવસ ભગવાન બુદ્ધદેવનો શિષ્ય સારિપુત્ત ત્ય્હાં આગળ થઇને જતો હતો. ત્હેના દીઠામાં એ ઢગલો અને પુષ્પનો છોડ આવ્યો. ત્હેણે છોકરાઓ પાસેથી સર્વ વૃત્તાંત જાણી લઇને કહ્યું, આ છોડને ચગદી નાંખો. સ્હાંજે ભદ્રાએ આવીને જોયું તો છોડ ચગદાઇ ગયો છે. એટલે તે સારિપુત્તની પાસે જઇને

પૂછવા લાગી ' આપ મ્હારી સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર છો ? ' સારિપુત્તે હા કહી એટલે ભદ્રા શ્રાવસ્તી નગરીમાં જઇને અનેક વિદ્વાનોને પોતાનો અને બૌદ્ધ સાધુનો વાદવિવાદ સાંભળવા સારૂ તેડી આવી. ભદ્રાએ પૂછયું " મહારાજ ! પહેલાં પ્રશ્ન કોણ કરશે ? આપ કે હું ? " સારિપુત્ત ઉત્તર આપ્યો. ' સાધ્વી ! પહેલાં ત્હમેજ પ્રશ્ન કરો. પછીથી હું પ્રશ્ન કરીશ. ' ભદ્રાએ અનેક પ્રશ્નો કર્યા ત્હેના ઉત્તર સારિપુત્તે સંતોષકારક આપ્યા. એટલે ભદ્રાને શાન્ત થવું પડયું. છેવટે સારિપુત્તે કહ્યું ' ભદ્રા ! ત્હમે ઘણા પ્રશ્ન કર્યા, હવે મ્હને એકજ પ્રશ્ન પૂછવાની રજા આપશો ? ' ભદ્રાએ સંમતિ દર્શાવી એટલે સારિપુત્તે પૂછયું "**एकम् नाम किम्**" જ્હેને આપણે એક કહીએ છીએ તે શું છે? આ સાદા પરન્તુ ગહન પ્રશ્નનો ઉત્તર ભદ્રાથી દેવાઇ શકાયો નહિ. તે ગભરાઇ ગઇ અને કહેવા લાગી ' ભગવાન ! મ્હને ખબર નથી ' એ ઉપરથી બૌદ્ધ સાધુએ કહ્યું 'ત્હને આ વાતની ખબર નથી તો તું બીજું શું જાણુતી હોઇશ ?' એમ કહીને ત્હેને પોતાના ધર્મનો ઉપદેશ આપ્યો. ભદ્રા એ સાધુને ચરણે પડીને કહેવા લાગી "ભગવાનને શરણે આવું છું" સાધુ સારિપુત્તે કહ્યું " ભદ્રા ! મ્હારે શરણે ન આવશો. મનુષ્યો અને દેવતાઓમાં શ્રેષ્ઠ એવા મહાપૂજ્ય હમારા ગુરૂ ભગવાન બુદ્ધદેવ છે ત્હેને શરણે જાઓ." ભદ્રાએ ત્હેની સલાહ પ્રમાણે બુદ્ધદેવ પાસે જઇને ધર્મોપદેશ ગ્રહણ કર્યો, અને ઘણા થોડા સમયમાં ત્હેણે અર્હતપદ પ્રાપ્ત કર્યું. થેરી ગાથામાં ૧૦૭ થી ૧૧૧ સુધીના શ્લોક ત્હેના રચેલા છે.

૩૯—ચન્દા.

એક અત્યંત દરિદ્ર બ્રાહ્મણના ઘરમાં ત્હેનો જન્મ થયો હતો. એક વખત એના ગામમાં કોઈ ચેપી રોગ પ્રસર્યો અને ત્હેનાથી ત્હેનાં માતપિતા વગેરે સર્વે સગાંસંબંધી મરણ પામ્યાં. ચન્દા પાસે ઉદર-નિર્વાહનું બીજું કોઈ સાધન નહિ હોવાથી, ત્હેણે ભિક્ષાવૃત્તિનો આશ્રય લીધો. એક દિવસ પરમ સાધ્વી પટાચારા ભોજન કરીને પોતાની શિષ્યાઓ સહિત બેઠી હતી ત્યહાં ચન્દા આવીને ઉભી. ત્હેની કંગાલ અવસ્થા જોઈને પટાચારાની શિષ્યાઓને દયા ઉપજી અને ત્હેમણે પોતાના ભાગમાંથી બચેલું ભોજન ત્હેને આપ્યું. ત્હેમના આવા પરોપકારી આચરણથી ચન્દા ઘણી પ્રસન્ન થઈ અને ત્હેમને વિનયપૂર્વક નમસ્કાર કરીને ત્હેમની પાસે એક કોરાણે જઈને બેઠી. એ વખતે થેરીઓમાં શાસ્ત્ર સંબંધી ચર્ચા ચાલી રહી હતી. ચન્દાને ધર્મ શાસ્ત્રની વાતમાં ઘણો રસ પડયો. ત્હેને પણ જીવન મરણના ફેરામાંથી છુટવાની ઈચ્છા થઈ અને એ ઈચ્છા પૂર્ણ કરવાના ઈરાદાથી સંસારનો ત્યાગ કરીને થેરી બની, પટાચારા જેવી વિદુષી અને પરમ જ્ઞાની સાધ્વીના રાત દિવસના સમાગમથી તથા ત્હેના અમૃતમય ઉપદેશથી ચન્દાને થોડા સમયમાં અન્તર્જ્ઞાન પ્રાપ્ત થયું અને ત્યહાર પછી યથાર્થ સમયે તે અર્હત્ પદને પામી.

'થેરી ગાથા' ગ્રન્થમાં ૧૨૨ થી ૧૨૬ સુધીના શ્લોક ચન્દાના રચેલા છે.

૪૦—વાશિષ્ઠી.

વૈશાલી નગરમાં એક ધનાઢ્ય અને વૈભવશાલી બ્રાહ્મણ કુટુંબમાં હ્હેનો જન્મ થયો હતો. પોતાના જ જેવા ધનવાન અને પ્રતિષ્ઠાવાન કુળના એક યુવક સાથે હ્હેનું લગ્ન કરવામાં આવ્યું હતું. વાશિષ્ઠીનો પતિ ઉપર ઘણો પ્રેમ હતો. બન્નેનો સંસાર ઘણા સંપમાં સુખપૂર્વક ચાલતો હતો. થોડા સમયમાં વાશિષ્ઠીએ એક સુંદર સુકુમાર પુત્રને જન્મ આપ્યો. હવે એ દંપતીના સુખનો પાર રહ્યો નહિ. પરન્તુ વિધાતાની કળા વિચિત્ર છે. એ પ્રેમી દંપતીના નેત્રમણિ સમાન એ બાળક ચાલવા યોગ્ય થયો તે સમયે વિકરાળ કાળનો ગ્રાસ થયો. એના મૃત્યુથી માતપિતા બન્નેને દારૂણ શોક થયો. સગાં વ્હાલાંઓ વાશિષ્ઠીના પતિને આશ્વાસન આપવામાં રોકાયાં હતાં તેવામાં લાગ સાધીને વાશિષ્ઠી ઘરબારનો ત્યાગ કરીને અરણ્યમાં નીકળી પડી. ફરતી ફરતી એ મિથિલા નગરમાં આવી પહોંચી અને ત્યહાં આગળ મહા સંયમી, પૂજ્યપાદ ભગવાન બુદ્ધદેવનાં હ્હેને દર્શન થયાં. હ્હેમના દર્શન માત્રથી હ્હેનો શોક જતો રહ્યો અને અન્તઃશાન્તિને સારૂ હ્હેણે ભગવાન પાસે ઉપદેશ માગ્યો તથા ભિક્ષુણી-સંઘમાં દાખલ થવાની ઇચ્છા દર્શાવી. ભગવાન બુદ્ધદેવે હ્હેને ભિક્ષુણીસંઘમાં દાખલ કરી તથા આવશ્યક સંસ્કારપૂર્વક હ્હેને દીક્ષા આપી. સ્વયં બુદ્ધદેવને મુખેથી ધર્મનું રહસ્ય શીખ્યાથી વાશિષ્ઠી ઘણા થોડા સમયમાં અર્હતપદને પામી ગઇ. થેરી ગાથામાં ૧૩૩ થી ૧૩૮ સુધીના શ્લોકમાં હ્હેણે આત્મચરિત્ર વર્ણવ્યું છે.

૪૧—ખેમા.

મગધ દેશના સાગલ ગામમાં ત્હેનો જન્મ થયો હતો. એ રાજા બિંબિસારની પ્રિય ભાર્યા હતી. એ સમયના રાજકુટુંબોમાં સ્ત્રીઓ ઘણી સ્વતંત્રતા ભોગવતી હતી. પતિની ઇચ્છાથી ખેમા વેલૂવનમાં બુદ્ધદેવનાં દર્શન કરવા ગઇ હતી. એ વનમાં વાંસનાં વૃક્ષ ઘણાં હતાં. રાજગૃહથી છ માઇલ દૂર આવેલું એ વન રાજા બિંબિસારે બુદ્ધસંઘને અર્પણ કર્યું હતું. ખેમા પરમ સુંદરી હતી. એ ભોગ વૈભવની ઘણી શોખીન હતી તથા પોતાના સુકુમાર ચંપકવર્ણા દેહના સૌન્દર્ય માટે ત્હેને ઘણું અભિમાન હતું. બુદ્ધદેવની પાસે જતાં ત્હેને ઘણો સંકોચ થતો હતો કારણ કે ત્હેને બીક હતી કે ભગવાન ત્હેને ભોગ-વિલાસ તથા સૌન્દર્યના અભિમાન સારૂ પુષ્કળ ઠપકો આપશે. પરન્તુ પત્નીને બુદ્ધ ભગવાનનો અમૃતમય ઉપદેશ સંભળાવ-વાની રાજા બિંબિસારની દૃઢ ઇચ્છા હોવાથી ત્હેને વેલૂવનમાં જવું પડયું હતું. બુદ્ધ ભગવાને પોતાની માયાથી તથા ઉપદેશથી ત્હેના ગર્વનો નાશ કર્યો. બુદ્ધ ભગવાનને મુખેથી ધર્મનું રહસ્ય જાણ્યાથી ત્હેને સંસાર ઉપર વૈરાગ્ય ઉપજ્યો અને ત્હેણે યથાવિધિ થેરીપદ ગ્રહણ કર્યું. થેરી થયા પછી પણ અસાધારણ રૂપલાવણ્યને લીધે ત્હેને કુમાર્ગે લઈ જવાના ઘણા પ્રયત્નો પાપીઓ તરફથી થયા હતા. પરન્તુ એ કોઇ પણ પ્રકારની લાલચમાં ફસાયા વગર એણે શુદ્ધ બ્રહ્મચર્યયુક્ત સાત્વિક જીવન ગાળ્યું હતું.

થેરી ગાથામાં ૧૩૯ થી ૧૪૪ સુધીના શ્લોક ત્હેના રચેલા છે.

૪૨—સુજાતા.

એનો જન્મ સાકેત નગરમાં એક વણિક કુટુંબમાં થયો હતો. એનો પિતા રાજ્યનો કોષાધ્યક્ષ અને ઘણો ધનવાન હતો. મ્હોટી વયની થયા પછી ત્હેના પિતાએ પોતાનાજ જેવા એક કુળવાન કુટુંબના યુવક સાથે ત્હેનું લગ્ન કર્યું હતું. ત્હેમનો ગૃહસંસાર ઘણા સુખમાં ચાલતો હતો. એક દિવસ એ સુંદર વસ્ત્રાલંકાર પહેરીને, અંગ ઉપર ચંદનનો લેપ કરીને તથા દાસીઓને સાથે લઇને અંજન વનમાં ચિત્તવિનોદ કરવા સારૂ ગઈ હતી. ત્ય્હાં આગળ અનેક પ્રકારની મનોરંજક રમતો રમીને એ પાછી આવતી હતી એ વખતે બુદ્ધદેવનાં દર્શન થયાં. બુદ્ધદેવને મુખેથી મુક્તિતત્ત્વ સાંભળ્યાથી ત્હેને સંસાર ઉપર વૈરાગ્ય ઉપજ્યો અને સાકેત નગરમાંજ થેરી થઈ.

થેરી ગાથામાં ૧૪૫ થી ૧૫૦ સુધીના શ્લોક ત્હેના રચેલા છે.

૪૩—અનોપમા (અનુપમા).

એનો જન્મ પણ સાકેત નગરમાં એક શેઠને ત્ય્હાં થયો હતો. એના અનુપમ રૂપલાવણ્યને લીધે લોકો ત્હેને અનુપમા નામથી ઓળખતા હતા. ત્હેના સૌન્દર્યથી

મુગ્ધ થઇને અનેક રાજકુમારો, પ્રધાનપુત્રો તથા શેઠિયાઓ ત્હેના હાથની માગણી કરતા. અનોપમાના પિતાને તેઓ અનેક પ્રકારની લાલચો બતાવતા. અનોપમાએ એક દિવસ પિતાને કહ્યું કે "હું સર્વશ્રેષ્ઠ પાત્રને વરીશ." ત્યહાર પછી એણે બુદ્ધ ભગવાનના ચરણકમળનો આશ્રય લીધો. બુદ્ધ ભગવાને ત્હેને ધર્મનો ઉપદેશ કર્યો અને અન્તર્જ્ઞાન પ્રાપ્ત થવાને માટે જે સાધન કરવાનું હતું તે સમજાવ્યું. અનોપમાએ બુદ્ધ ભગવાનની સૂચનાઓનું આગ્રહપૂર્વક નિયમિત રીતે પાલન કર્યું. ત્યહાર પછી બુદ્ધ ભગવાનની આજ્ઞાથી ત્હેણે થેરીપદ સ્વીકાર્યું. ભિક્ષુણી થયા પછી સાતમે દિવસે ત્હેણે અર્હત્ પદ પ્રાપ્ત કર્યું.

થેરી ગાથામાં ૧૫૧ થી ૧૫૬ સુધીના શ્લોક ત્હેના રચેલા છે.

૪૪—ગુપ્તા.

એનો જન્મ શ્રાવસ્તી નગરીમાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. કુમારી અવસ્થામાંજ ત્હેણે માતપિતાની સંમતિથી સંસાર ત્યાગ કરીને થેરીવ્રત અંગીકાર કર્યું હતું. યુવાવસ્થાના પ્રભાવને લીધે એકદમ ત્હેનું મન સંયમમાં આવ્યું નહિ. સંસારના ભોગ વૈભવ જોઇને ત્હેનું ચિત્ત એ તરફ આકર્ષાતું. એવે સમયે બુદ્ધ ભગવાને ત્હેને દર્શન આપીને કહ્યું કે "હે ગુપ્તે! પુત્રપુત્રી વગેરેના સુખની આશાનો ત્યાગ કરીને કુમારી દશામાંજ ત્હેં સંન્યાસ ગ્રહણ કર્યો છે. પરમ તત્ત્વ પ્રાપ્ત

કરવાને સારૂ હવે ત્હારે સાધના કરવી જોઇએ, અને ચિત્તને વશ રાખવું જોઇએ. મનુષ્યોના પ્રલોભનમાં ફસાઇ પડયાથી ત્હારે સેંકડો વખત જન્મ મરણના ફેરામાં ફરવું પડશે. માટે કામનો નાશ કરીને, આત્મા ઉપર વિજય મેળવીને સદાચારણ પૂર્વક ચાલ. જીવનનાં અસાર કર્મોનો ત્યાગ કરીને દુઃખ ઉપર વિજય મેળવ. હે ભિક્ષુણી ! સંસારની આસક્તિનાં બધાં બંધનોને તોડી નાંખ. રાગ, દ્વેષ, માન, અપમાન, અવિદ્યા અને ઉદ્ધતાઇનો ચિત્તમાંથી સમૂળગો નાશ કર એટલે દુઃખ ત્હને પીડા આપી શકશે નહિ. જીવનનું રહસ્ય જાણીને તું પુનર્જન્મની ઉપાધિમાંથી છુટ." બુદ્ધ ભગવાનના આ સુમધુર ઉપદેશની ત્હેના ઉપર ઘણી પ્રબળ અસર થઇ. તરત જ ત્હેણે અર્હત્પદ પ્રાપ્ત કર્યું.

થેરીગાથામાં ૧૬૩ થી ૧૬૮ સુધીના શ્લોક ત્હેના રચેલા છે.

૪૫—વિજયા.

રાજગૃહ નગરમાં કોઇ ક્ષત્રીને ત્હ્યાં ત્હેનો જન્મ થયો હતો. મ્હોટી થયા પછી રાજકન્યા ખેમા સાથે ત્હેને બ્હેનપણાં બંધાયાં. ખેમાએ જ્ય્હારે સંસાર ત્યાગ કરીને થેરીપદ ગ્રહણ કર્યું. ત્ય્હારે વિજયા પણ ત્હેની સાથે થેરી બની હતી. ત્ય્હાં આગળ ધર્મનો એકાગ્ર ચિત્તે અભ્યાસ કર્યાથી એ પણ આખરે અર્હત્પદને પામી હતી.

થેરીગાથામાં ૧૬૪થી ૧૭૪ સુધીના શ્લોકની રચના ત્હેણે કરી છે.

૪૬—ઉત્તરા. (બીજી.)

એનો જન્મ શ્રાવસ્તી નગરીમાં એક ક્ષત્રીય કુટું-બમાં થયો હતો. યુવાવસ્થા પ્રાપ્ત થયા પછી પટાચારાના ઉપદેશથી ત્હેણે ભિક્ષુણી-વ્રત ધારણ કર્યું હતું. એક દિવસ પટાચારાએ શિખવેલી પદ્ધતિ પ્રમાણે ધ્યાન ધરવા સારૂ એ એકાંત સ્થળમાં જઈને આસન વાળીને બેઠી તથા સંકલ્પ કર્યો કે જ્ય્હાં સુધી મ્હારા હૃદયને બધી જાતના આસવોના અધિ-કારમાંથી મુક્ત નહિ કરૂં ત્ય્હાં સુધી હું અહિંથી ઉઠીશ નહિ. એ પ્રમાણે દૃઢ સંકલ્પ કરીને ત્હેણે ધ્યાન ધર્યું તથા ધીમે ધીમે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ વિકારો ઉપર સંપૂર્ણ વિજય મેળવ્યો અને થોડા સમયમાં અર્હત્‌પદ પ્રાપ્ત કર્યું. થેરી ગાથામાં ૧૭૫ થી ૧૮૧ સુધીના શ્લોક ત્હેના રચેલા છે.

૪૭, ૪૮, ૪૯—ચાલા, ઉપચાલા અને શિશુ-ઉપચાલા.

એ ત્રણે સન્નારીઓનો જન્મ મગધ દેશમાં નાલક ગામમાં થયો હતો. એમની માતાનું નામ **સુરૂપસારી** હતું. બ્રાહ્મણી સુરૂપસારીનો પુત્ર સારીપુત્ત હતો.

સારીપુત્તે સંસાર ત્યાગ કરીને પોતાના જ્ઞાનને લીધે થેર તરીકે ઘણીજ ખ્યાતિ મેળવી હતી. સારીપુત્તના સાધુ થયા પછી ત્હેની ત્રણે બ્હેનોએ થેરીવ્રત અંગીકાર કર્યું હતું. ત્હેમની યુવાવસ્થ અને સૌન્દર્ય જોઇને 'મારે' ત્હેમને લલચાવવા અને સંસારની જાળમાં પુનઃ ફસાવવાને ઘણોએ યત્ન કર્યો હતો, પરન્તુ કોઈ પણ પ્રકારના પ્રલોભનની ત્હેમના ઉપર અસર થઇ નહોતી. ધ્યાન ધારણા તથા બ્રહ્મચર્યદ્વારા આત્મસંયમ કરીને, તથા બુદ્ધભગવાનના આદેશ પ્રમાણે ચાલીને ત્હેમણે અર્હત્પદ પ્રાપ્ત કર્યું હતું.

થેરીગાથામાં એ ત્રણે વિદુષી બ્હેનોની રચના છે.

૫૦–વડ્ઢમાતા.

એ એક ગુર્જર ભગિની હતી. એનો જન્મ નર્મદા નદીના પવિત્ર તટ ઉપર ભરૂચ (ભૃગુકચ્છ) નગરમાં એક ક્ષત્રી કુટુંબમાં થયો હતો. ત્હેને વડ્ઢ અથવા વર્ધક નામનો એક પુત્ર હતો અને એના નામ ઉપરથી એ પણ વડ્ઢમાતા નામથી ઓળખાય છે. એક ભિક્ષુણીનો ધર્મોપદેશ સાંભળીને ત્હેને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને પોતાના એકના એક પ્રિય પુત્રને કોઈ સંબંધીને સોંપીને ત્હેણે ભિક્ષુણી–વ્રત ગ્રહણ કર્યું. ત્હેનો પુત્ર વર્ધક મ્હોટો થયા પછી માતાનાં દર્શન કરવા સારૂ એક વખત ભિક્ષુણીઓના આશ્રમમાં ગયો. માતાએ ત્યહાં

આવવા સારૂ ઠપકો આપીને નીચે પ્રમાણે ઉપદેશ આપ્યો. “હે બેટા વર્ધક! આ ભવરૂપી ઘાડા જંગલમાં તું ફાંફાં મારતો ફર્યા ન કરીશ. બેટા! ફરી ફરીને જન્મ મરણ પામવાને લીધે જે દુઃખ ઉત્પન્ન થાય છે તે તું વ્હોરી ન લઇશ. ખરા સુખી તો એજ લોકો છે કે જહેમણે જ્ઞાનવડે બધા સંશય દૂર કર્યા છે; જેઓ શાન્ત, સંયમી અને આસક્તિરહિત થઇને આ જગતમાં વાસ કરે છે. ઋષિઓ સદા એજ માર્ગે જાય છે. માટે તું પણ એજ માર્ગ ગ્રહણ કર અને ધર્મમાં ચિત્તને પરોવ.

માતાના ઉપદેશથી સંસાર ઉપરથી સઘળી આસક્તિ કહાડી નાંખીને પુત્ર વર્ધક પણ વિહારમાં ગયો અને ત્યહાં આગળ એકાન્તમાં એકાગ્ર ચિત્તે ધર્મનું ચિંત્વન કર્યાથી અર્હત્પદને પામ્યો.

માતા પુત્રનો વાદવિવાદ થેરી વડ્ઢમાતાએ ૨૦૪ થી ૨૧૨ સુધીના શ્લોકદ્વારા થેરીગાથામાં વર્ણવ્યો છે.

૫૧—કિસાગૌતમી.

બીજી ગૌતમીઓને જુદી પાડવા સારૂ એને કિસા, અથવા કૃશાગોતમી નામથી ઓળખવામાં આવે છે. એનું શરીર ઘણું સુકુમાર હતું. શ્રાવસ્તી નગરીના એક દરિદ્ર કુટુંબમાં ત્હેનો જન્મ થયો હતો. એક વખત એના પ્રિય પુત્રનું મરણ નીપજ્યું તેથી એને ઘણો શોક થયો અને એ મૃત પુત્રના દેહને ખોળામાં લઇને મૃતસંજીવની ઔષધિની શોધમાં ઘેરે ઘેર ભિક્ષા માગતી હતી. આખરે બુદ્ધ-

દેવ સાથે ત્હેનો મેળાપ થયો. બુદ્ધ ભગવાને કહ્યું કે, જે ઘરમાં કોઇ પણ મનુષ્યનું મરણ નીપજ્યું ન હોય એવા ઘરમાંથી એક મુઠી સરસવ લાવી આપે તો હું ત્હારા પુત્રને જીવતો કરૂં. ગૌતમીએ આખા ગામમાં ઘેરે ઘેર ભિક્ષા માગી, પણ એવું એક પણ ઘર મળી આવ્યું નહિ કે જ્યહાં આગળ કોઇ પણ કુટુંબીનું મૃત્યુ થયું ન હોય. એ ઉપરથી ગૌતમીને પોતાની મૂર્ખતાનું ભાન થયું અને પુત્રનો સ્મશાનમાં દાહ સંસ્કાર કરી આવીને બુદ્ધદેવની પાસે જ્ઞાન પ્રાપ્ત કરવા ગઇ. બુદ્ધ ભગવાનના ઉપદેશથી ત્હેણે થેરીપદ ગ્રહણ કર્યું અને છેવટે અર્હતપદ પ્રાપ્ત કર્યું. થેરીગાથામાં ૨૧૩ થી ૨૨૩ સુધીના શ્લોક ત્હેના રચેલા છે. એમાં ત્હેણે દર્શાવ્યું છે કે, સત્સંગ વગર જ્ઞાન પ્રાપ્ત થતું નથી. સંસારમાં સ્ત્રીઓ ઘણી મંદભાગી છે, કારણ કે એમને કેટલીક વખત શોકયનું સાલ વેઠવું પડે છે, અને પ્રસવ સમયે મૃત્યુના મુખમાં પડવાનો સંભવ રહે છે.

ત્હેની રચેલી ગાથા ઘણી મધુર અને અસરકારક છે.

૫૨—રોહિણી.

વૈશાલી નગરીમાં એક ધનાઢય બ્રાહ્મણને ઘેર એનો જન્મ થયો હતો. ધર્મનું જ્ઞાન એને બાલ્યાવસ્થામાંજ થયું હતું. સાધુ સંત ઉપર ત્હેની વિશેષ પ્રીતિ હતી. એક દિવસ ત્હેના પિતાએ ત્હેને કહ્યુંકે “ રોહિણી ! રસ્તામાં શ્રમણ (ભિક્ષુક) ચાલ્યો જતો હોય છે તો તું ત્હેને બોલાવે છે

તથા મ્હને કહે છે કે આ શ્રમણનાં દર્શન કરો. તું સદા શ્રમણના ગુણ ગાયા કરે છે. શું ત્હારો વિચાર પણ શ્રમણી થવાનો છે કે? શ્રમણ આવતાંવારજ તું ત્હેને અન્નદાન કરે છે. એ લોકો ત્હને શા સારૂ એટલા બધા પ્રિય છે? જે લોકો આળસુ અને પારકાના દાનથીજ પેટ ભરનારા, લોભી અને સારૂં સારૂં ખાવાના શોખીન હોય છે તેવાઓ ઉપર ત્હને પ્રીતિ કેમ ઉત્પન્ન થાય છે?" એના ઉત્તરમાં રોહિણીએ કહ્યું કે, "પિતાજી! આપે આનો આ પ્રશ્ન ઘણી વાર પૂછ્યો છે. આજે હું આપની આગળ એ સાધુઓના સદ્ગુણોનું, ત્હેમના ડહાપણનું તથા ત્હેમનાં સત્કાર્યોનું થોડુંક વિવેચન કરીશ:—

એ લોકો આપને નિરૂદ્યમી અને આળસુ દેખાય છે, પરંતુ ખરૂં જોતાં તેઓ દરરોજ ઉત્તમોત્તમ કર્મ કરે છે. તેઓ રાગ દ્વેષનો નાશ કરે છે, તેથી તેઓ મ્હને પ્રિય છે. પાપનાં જે ત્રણ મૂળ છે, ત્હેને તેઓ જડ મૂળથી ઉખેડી નાંખે છે, તેઓ શુદ્ધ ચિત્તવાળા અને પાપશૂન્ય છે, તેથી તેઓ મ્હને આટલા બધા પ્રિય છે. કાયા, મન અને વચન ત્હેમનાં પવિત્ર હોય છે, ત્હેમનું જીવન પુણ્ય કર્મમય છે. એવા સાધુઓ હે પિતાજી, કોને પ્રિય ન લાગે? વળી એ લોકો શાસ્ત્રમાં પ્રવીણ અને ધર્મમાં દક્ષ છે, એમનું જીવન પણ આર્યશાસ્ત્રને અનુકૂળ છે, તેઓ એકાગ્ર ચિત્ત છે, તેથી હું ત્હેમને ચાહું છું. એમનો ભ્રમ દૂર થયો છે, એમની ઇંદ્રિયો સંયમમાં આવી છે, તેઓ દુઃખનું નિદાન જાણે છે, તેથી એ શ્રમણો ઉપર મ્હને પ્રીતિ ઉપજે છે. ગામના રસ્તામાં થઇને રોજ જાય છે તો એ કોઈના સ્હામું ઉંચી નજરે જોતા નથી, ભોગ વૈભવ અને સંપત્તિ તરફ તેઓ ઉપેક્ષા રાખે છે,

પોતે કોઠારમાં ધન ધાન્યનો સંચય કરતા નથી, પરન્તુ જે સાર રૂપી ધન છે ત્હેની શોધ કર્યા કરે છે, એટલા સારૂ તેઓ મ્હને પ્રિય લાગે છે. સોના રૂપાને તેઓ કદી સ્પર્શ કરતા નથી, જે કાંઇ મળી આવે છે ત્હેનાથી ગુજરાન ચલાવે છે, જૂદા જૂદા દેશો અને જૂદાં જૂદાં કુટુંબોમાંથી આવીને તેઓ એકઠા થયા છે, અને એક બીજા ઉપર સ્નેહ રાખીને હળી-મળીને રહે છે. એ ગુણોને લીધે શ્રમણ મ્હને પ્રિય લાગે છે."

રોહિણીનો એ ઉત્તર સાંભળીને પિતા ઘણા પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા "ત્હારા જેવું કન્યારત્ન મ્હારા ઘરમાં ઉત્પન્ન થયું તેથી હું પોતાને ધન્ય ગણું છું. બુદ્ધ ભગવાનમાં, ધર્મમાં, અને સંઘમાં ત્હારી અત્યંત શ્રદ્ધા અને ભક્તિ છે. ત્હને આ ઉત્તમ વિચાર ઉત્પન્ન થયો છે એ ત્હારા આગલા જન્મના પુણ્યનો પ્રભાવ છે. હમે પણ આજથી શ્રમણોની સેવા ચાકરી કરીશું, જેથી હમે પણ પુષ્કળ પુણ્યનો સંચય કરવા પામીશું." ત્હાર પછી રોહિણીએ કહ્યું કે "પિતાજી! જો ખરેખરજ આપને દુઃખ અપ્રિય થઈ પડયું હોય, અને પાપનો ડર લાગતો હોય, તો બુદ્ધધર્મના સંઘના ચરણનો આશ્રય લો; અને ત્હેના ઉત્તમ ઉપદેશ પ્રમાણે સદાચારયુક્ત જીવન ગાળો, એટલે ત્હમારૂં જીવન સફળ થશે."

પુત્રીના ઉપદેશથી માતપિતાએ બુદ્ધધર્મના સંઘનું શરણ લીધું. સદાચરણ અને ધર્મચિંત્વનથી ત્હેમનાં પાતકનું નિવા-રણ થયું; અને તેઓ શ્રાત્રિયસ્નાતક થયાં.

રોહિણી પણ માતપિતાને ઉપદેશ આપ્યા પછી થેરી થઇ અને પોતાના જ્ઞાન અને કર્મના પ્રતાપે અર્હતપદને પામી ગઈ.

૫૩—ચાપા.

ગયા જિલ્લાની દક્ષિણમાં જે વન-ભૂમિ છે ત્હેનો એક ભાગ અતિ પ્રાચીન કાળમાં વંહાર દેશના નામથી પ્રસિદ્ધ હતો. એ દેશમાં નાલ નામના એક ગામડામાં એક પારધિના ઘરમાં ચાંપાનો જન્મ થયો હતો. ચાંપાએ જ્યહારે યૌવનમાં પ્રવેશ કર્યો, ત્યહારે ઉપક નામના એક સંસારત્યાગી ભિક્ષુએ (બૌદ્ધ અથવા જૈન ધર્મનો નહિ) ચાપાના પિતાના ઘરમાં ભિક્ષા સારૂ આશ્રય લીધો હતો. એ પ્રકારના ભિક્ષુઓને આજીવક કહેતા હતા. આજીવક ઉપક, ચાપાના ઉપર પ્રેમથી આસક્ત થઈ ગયો અને ત્હેના પિતાની રજા માંગીને ત્હેની સાથે પરણ્યો. ઉપકે સંન્યાસાશ્રમનો ત્યાગ કરીને ઘણા દિવસ સુધી મૃગ પકડનારા વ્યાધનુ કામ કર્યું. પાછળથી ઉપક બૌદ્ધધર્મ ગ્રહણ કરીને થેર-સાધુ થયો. ચાપા પણ સ્વામીના માર્ગનું અનુસરણ કરીને થેરી બની. થેરી ગાથામાં ૨૯૧થી ૩૧૧ સુધીના શ્લોક ત્હેના રચેલા છે. એમાં એણે પોતાના પતિની કથા કહી છે.

૫૪—સુન્દરી.

બનારસ નગરમાં, સુજાત નામના એક બ્રાહ્મણના ઘરમાં ત્હેનો જન્મ થયો હતો. ત્હેના અપ્રતિમ સૌન્દર્યને લીધે લોકો ત્હેને સુન્દરી કહેતા હતા. સુન્દરી મ્હોટી થઇ ત્ય્હારે ત્હેના ન્હાના ભાઇનું મૃત્યુ નીપજ્યું. એના પિતાને એથી ઘણો ઉંડો ઘા લાગ્યો અને એ શોકવિહ્વળ ચિત્તે ચારે તરફ ફરવા લાગ્યો. એવામાં એક દિવસ થેરી વાશિષ્ઠીનાં ત્હેને દર્શન થયાં. સુજાતે એમને પૂછ્યું કે "મ્હેં સાંભળ્યું છે કે આપનાં તો ઘણાં સંતાન મરણ પામ્યાં હતાં અને ત્હમે રાત્રિ દિવસ રૂદન કરતાં હતાં, પરન્તુ હવે ત્હમે એ બધા ઉંડા શોક—પરિતાપને સમાવીને શાન્ત થઇને બેઠાં છો, ત્હેનું શું કારણ?"

વાશિષ્ઠીએ ઉત્તર આપ્યો. "હા, એક બે નહિ, પાંચ સાત નહિ, પણ સેંકડો પુત્રો અને સંબંધીઓ ત્હેં અને મ્હેં આગલા જન્મોમાં ખોયા છે. પરન્તુ, હે બ્રાહ્મણ! જન્મ અને મરણને કેવી રીતે ટાળી શકાય એ હું શિખી છું, તેથી શોક અને દુઃખને લીધે હું હવે રડતી નથી." સુજાતે પૂછ્યું "દેવી! ત્હમારી વાત સાચી છે. ત્હમને એ જ્ઞાન ક્ય્હાંથી મળ્યું? કોના ધર્મોપદેશથી ત્હમે આવી સુંદર આશ્વાસનભરી વાણી બોલી રહ્યાં છો?"

વાશિષ્ઠી: "બ્રાહ્મણ! મ્હેં એ સર્વ જ્ઞાન બુદ્ધ ભગવાન પાસેથી મેળવ્યું છે. હાલમાં પોતે મિથિલા નગરમાં બિરાજે છે, અને લોકોને ધર્મદીક્ષા દઇને ત્હેમનાં દુઃખોનું નિવારણ કરે

છે. એ ભગવાનના મુખેથી 'નિરૂપધિ'* ધર્મનું રહસ્ય સાંભળ્યા પછી મ્હને ધર્મનું યથાર્થ જ્ઞાન ઉપજ્યું અને માતા તરિકેનો મ્હારો શોક વિસારે પડયો.

સુજાતને પણ એ સમયથી બુદ્ધદેવ તરફ શ્રદ્ધા ઉત્પન્ન થઈ અને ત્હેણે ત્હેમની પાસે જઇને દીક્ષા લીધી. એ સમાચાર બનારસ શહેરમાં સુજાતની પત્ની પાસે પહોંચ્યા ત્યહારે ત્હેને ઘણો શોક થયો. પરન્તુ સુન્દરીએ કહ્યું કે "પુત્રશોકને લીધે પિતાજીએ સંસારનો ત્યાગ કરીને સંન્યાસ ગ્રહણ કર્યો છે, તો હું પણ ભ્રાતૃશોકને લીધે પિતાનું અનુસરણ કરીને થેરીવ્રત ધારણ કરીશ."

સુન્દરીની માતાએ ત્હેને ધન વૈભવની ઘણી લાલચ બતાવી, પણ તે પોતાના સંકલ્પમાં દૃઢ રહી, એટલે માતાએ ત્હેને સંસાર ત્યાગ કરવાની રજા આપી. કુમારી અવસ્થામાંજ સુન્દરીએ દીક્ષા લીધી. ત્યહાં આગળ એકાગ્ર ચિત્તે ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યાથી તથા શાસ્ત્રાનુકૂળ આચરણ કરવાથી તે અર્હતપદને પામી. ત્યહાર પછી એ ગુરૂની આજ્ઞા લઇને બીજી કેટલીક ભિક્ષુણીઓની સાથે ધર્મોપદેશ કરવા નીકળી પડી. ત્હેના ઉપદેશથી ત્હેની માતા તથા બીજાં કેટલાંક સગાંસંબંધીઓએ પણ બુદ્ધદેવનું શરણ લીધું.

થેરીગાથામાં ૩૧૨ થી ૩૩૭ સુધીના શ્લોક ત્હેના રચેલા છે.

---

* "નિરૂપધિ" ધર્મ અહીં નિષ્કામ ધર્મના અર્થમાં વપરાયો છે. પુનર્જન્મનો ફેરો ટળે એવા ઉપાયો જ્હેમાં હોય ત્હેને પણ નિરૂપધિ ધર્મ કહે છે.

૫૫–સુમેધા.

મસ્તાવતી નગરીમાં કોંચ રાજાની પટ્ટરાણીના ગર્ભમાં ત્હેનો જન્મ થયો હતો. ત્હેનાં માતપિતાની ઇચ્છા ત્હેને વરણાવતીના રાજા અનિવર્તની સાથે પરણાવવાની હતી. અનિવર્ત રાજા પણ ત્હેના ઉપર પ્રેમમુગ્ધ હતો. પરન્તુ સુમેધામાં નામ પ્રમાણે ગુણ હતા. એ ઘણી બુદ્ધિશાળી અને શીલવતી હતી. ન્હાનપણથીજ પોતાની સમવયની સખીઓ સાથે ભિક્ષુણીઓના મઠમાં જવાનો ત્હેને શોખ હતો. સત્સમાગમને લીધે ત્હેનું જીવન ધાર્મિક બન્યું હતું. શાસ્ત્રનું પણ ત્હેણે સારૂં જ્ઞાન મેળવ્યું હતું, તેથી ત્હેની ઇચ્છા ગૃહસ્થાશ્રમની મોહજાળમાં પડવાની નહોતી. ત્હેણે એક દિવસ નમ્રતાપૂર્વક માતપિતાને જણાવ્યું કે “ મ્હારી વાસના નિર્વાણ પ્રાપ્ત કરવાની છે. આ જગતને અને પરલોકને હું અનિત્ય ગણુ છું. આ શરીરનાં તમામ સુખ તુચ્છ છે. ભોગવિલાસથી સુખ ઘણું થોડું મળે છે, અને અંતોષ તથા દુઃખ ઘણાં પ્રાપ્ત થાય છે. કડવા ઝેર જેવા કામભોગ ઉપર જે લોકો મોહિત થાય છે તે લોકો મૂઢ હોય છે. એ લોકો અધોગતિમાંજ પોતાનું જીવન ગાળ્યા કરે છે. એ મૂર્ખાઓને મન, વચન અને કર્મને સંયમમાં રાખતાં આવડતું નથી, એટલુંજ નહિ પરન્તુ જ્યહારે ત્હેમને મોહનિદ્રામાંથી જગાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યહારે પણ જાગતા નથી, અને શિખવાડયા છતાં પણ આર્યધર્મનાં

શાશ્વત સત્યો સ્હમજતા નથી. કેટલાક લોકો સ્વર્ગનું સુખ માગે છે, પણ તેઓ જાણતા નથી કે સ્વર્ગનું સુખ પણ શાશ્વત નથી; એ બધું અનિત્ય અને ચંચળ છે. સ્વર્ગસુખ ભોગવ્યા પછી પણ પાછા જન્મ મરણના ચક્રમાં આવવું પડે છે, એ તેઓ જાણતા નથી. વળી સંસારમાં પડયાથી અનેક પ્રકારનાં મિથ્યા બંધનો અને મોહજાળમાં પડવું પડે છે, તથા સપત્ની આદિનાં દુઃખ ભોગવવાં પડે છે; માટે મ્હારી ઇચ્છા તો સંસારનો ત્યાગ કરીને બુદ્ધદેવનો આશ્રય લેવાની અને ત્હેમની પાસેથી સાર રૂપ ધર્મનો ઉપદેશ ગ્રહણ કરીને નિર્વાણ પ્રાપ્તિનો પ્રયાસ કરવાની છે." સુમેધાના ઉપદેશની અસર ત્હેનાં માતપિતા ઉપર ઘણી સારી થઈ. તેઓએ પણ બૌદ્ધધર્મ ગ્રહણ કર્યો અને સુમેધાને ભિક્ષુણી થવાની રજા આપી. ત્હેહાર પછી સુમેધાએ કેશ કપાવી નાંખીને, અને ઇંદ્રિયોને સંયમમાં આણીને, ભિક્ષુણીવ્રત ગ્રહણ કર્યું; અને આખરે ધર્મના ચિંતવનથી અર્હતપદ પ્રાપ્ત કર્યું.

થેરીગાથામાં ૪૪૮થી ૫૨૨ સુધીના શ્લોકોની રચના ત્હેની છે, અને ત્હેમાંથી એના ઉન્નત વિચારોનો યથાર્થ પરિચય મળી આવે છે.

સમાપ્ત

રા. રા. લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પારેખના રચેલા

પુષ્ટીમાર્ગના ગ્રંથો.

૧ તત્વાર્થદીપનિબંધ, પ્રકરણ પહેલું (ભાષાંતર સાથે) રૂ. ૧

૨ શ્રીમદ્ વલ્લભાચાર્યજી (આચાર્યજી મહાપ્રભુજી)નું ઐતિહાસિક જીવન-વૃત્તાંત. કીં. રૂ. ૧

૩ શ્રી કૃષ્ણલીલામૃત, બે ભાગ. દરેકની કીં. રૂ. ૧

૪ માલાપ્રસંગ (શ્રીમ‍્ ગોસ્વામી ગોકુળનાથજીના અપ્રતિમ સ્વધર્મ રક્ષણનો ઇતિહાસ) કીં. રૂ. ૦।

૫ શ્રી હરિરાયજીકૃત કામાખ્ય દોષ વિવરણ, કીં. ૦-૨-૦

૬ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના જીવન, તત્ત્વવિદ્યા અને ઉપદેશ સંબંધી વ્યાખ્યાન. ઇંગ્રેજીમાં તથા ગુજરાતીમાં. દરેકની કીં. ૦-૨-૦

૭ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત સિદ્ધાંત. કીં. ૦ ૨ ૦

૮ પુષ્ટિમાર્ગ, અંગ્રેજી ૦-૩-૦ તથા ગુજરાતી કીં. ૦-૨-૦

૯ બ્રહ્મવાદ. કીં. ૦-૪-૦

શ્રીકૃષ્ણભવન નડિયાદ. } લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ પારેખ.

લોકપ્રિય સ્વર્ગનાં પુસ્તકો.

વીજળી અને તીજોરી.

ગૃહદેવીઓનું મંગલગીત

"અમે સ્નેહ ને સૌજન્ય કેરી દેવીઓરે લોલ;
અમે સ્વર્ગથી અવતાર ધરી ઉતર્યાંરે લોલ.
અમે શાન્તિ ને આનંદ ભરી દેવીઓરે લોલ;
અમ હાસ્યમાં તો તેજના અંબાર છે રે લોલ.
અમે વાણીથી વર્ષે સુધા દેવીઓરે લોલ;
અમ નેત્રમાંથી પ્રેમની ધારા વહેરે લોલ.
અમે ભાવીના સંસારની દેવીઓરે લોલ;
અમે શોક ને દુ:ખ ઉરમાં ભુલાવીએરે લોલ.
અમ [illegible] અમૃતની ધારા વહેરે લોલ;
અમી આપને દેવાંગીઓ ઉછેરીએરે લોલ.
અમે વિશ્વના સંસાર અર્થે [illegible] રે લોલ;
[illegible] રે લોલ.
દુઃખી [illegible] રે લોલ;
અમે ઉરમાં [illegible] રે લોલ.
અમ હાસ્ય [illegible] છેરે લોલ;
અમે વિશ્વમાં [illegible] રે લોલ.
અમે [illegible] રે લોલ;
અમે રાજ તો [illegible] રે લોલ.
અમે સ્વર્ગને સંસારમાં ઉતારીએરે લોલ;
અમે સ્નેહ ને સૌજન્ય કેરી દેવીઓરે લોલ."

([illegible])